વિદ્યાર્થીઓ માટે

ઇંગ્લંડનો ઇતિહાસ

કર્તા

વિન્સેંટ એ. સ્મિથ, એમ. એ.

નવી આવૃત્તિ સંપૂર્ણ કરનાર

આર. બી. મોવૅટ, એમ. એ.

ભાષાંતર કર્તાઓ

અ. મા. મોદી, એમ. એ.
ઍસિસ્ટંટ લેક્ચરર,
સેકન્ડરી ટ્રેનિંગ કૉલેજ,
મુંબઈ

રા. પ્રે. બક્ષી, બી. એ.
પ્રિન્સીપલ,
શેઠ આનંદીલાલ પોદાર વિદ્યાલય,
સાન્ટાક્રુઝ

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

મુંબઈ કલકત્તા મદ્રાસ

૧૯૨૮



[illegible]

વિદ્યાર્થીઓ માટે

ઇંગ્લંડનો ઇતિહાસ

કર્તા

વિન્સંટ એ. સ્મિથ, એમ. એ.

નવી આવૃત્તિ સંપૂર્ણ કરનાર

આર. બી. મોવૅટ, એમ. એ.

ભાષાંતર કર્તાઓ

અ. મા. મોદી, એમ. એ.
ઍસિસ્ટંટ લેકચરર,
સેકન્ડરી ટ્રેનિંગ કૉલેજ,
મુંબઈ

રા. પ્રે. બક્ષી, બી. એ.
પ્રિન્સીપલ,
શેઠ આનંદીલાલ પોદાર વિદ્યાલય,
સાન્ટાક્રુઝ

ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

મુંબઈ કલકત્તા મદ્રાસ

૧૯૨૮

Printed by V. P. Pendherkar at the Tutorial Press,
211a, Girgaon Back Road, Bombay
and
Published by Humphrey Milford at the Oxford University Press
B. I. Building, Nicol Road, Bombay

અનુક્રમણિકા

પ્રસ્તાવના

ઇતિહાસનું શિક્ષણ અંગ્રેજી મારફત આપવાની આજસૂધી ચાલતી આવેલી પદ્ધતિ અયોગ્ય છે એ વાતનો સ્વીકાર કરીને હવે યુનિવર્સિટીએ તથા સરકારે માતૃભાષા મારફત ઇતિહાસ શીખવવાની મંજૂરી આપી છે. પરિણામે, ઇતિહાસનાં માતૃભાષામાં લખેલાં પુસ્તકોની ખોટ પૂરી પાડવાના પ્રયાસ થવા લાગ્યા છે; આ પણ એવો એક પ્રયાસ છે.

આ ચોપડી ચોથાથી છઠ્ઠા અથવા સાતમા ધોરણ સુધી ચલાવવા માટે છે. ત્રણ ચાર વર્ષ સુધી એક જ ચોપડીના સમાગમમાં રહેવાથી વિદ્યાર્થીનું કામ બહુ સહેલું થાય છે, વખત, મહેનત અને પૈસાનો બચાવ થાય છે, જ્ઞાન વધારે ચોક્કસ બને છે તથા ઇતિહાસની મુખ્ય વિગતો યાદ રાખવામાં ગુંચવાડો થવાનો સંભવ ઓછો રહે છે.

પ્રખ્યાત વિદ્વાન વિન્સંટ સ્મિથના ખાસ હિંદી વિદ્યાર્થીઓ માટે રચેલા ઇતિહાસનું આ ભાષાંતર એ કારણથી બહુ ઉપયોગી બનશે. એ વિદ્વાન પોતાના દેશના અનેક પ્રશ્નોને અને જૂદી જૂદી સંસ્થાઓને સારી રીતે સમજતા હતા. એ ઉપરાંત એઓ હિંદની સંસ્થાઓના અને ઇતિહાસના ઉંડા અભ્યાસી હતા તેથી હિંદી વિદ્યાર્થીઓને સહેલાઈથી સમજાય તેવો ઇંગ્લંડનો ઇતિહાસ એઓ સરસ રીતે લખી શક્યા છે. ખાસ કરીને ધર્મ તથા ધર્મપંથોને લગતા સવાલો હિંદી વિદ્યાર્થીઓને સમજવા સહેલ પડે તેવી રીતે વર્ણવવામાં આવ્યા છે. આ કારણોથી એઓના પુસ્તકનું આ ભાષાન્તર ખાસ ઉપયોગી થઈ પડશે.

એ ગ્રન્થનાં ગુજરાતી અને મરાઠી ભાષાંતરો એક જ સંસ્થામાં રહેલા શિક્ષકોએ એક જ સમયે કરેલાં છે. તેથી મુંબઈ

પ્રસ્તાવના

ઇલાકાની જૂદી જૂદી પાઠશાળાઓમાં એ ભાષાંતરોનો ઉપયોગ સગવડ આપનારો જણાશે.

મૂળગ્રન્થમાં છવીશ પ્રકરણો છે; તેમાંનાં ટયૂડર સમય પ્હેલાનાં બાર પ્રકરણોનો ટૂંકો સાર લઈને આ ભાષાંતરનું પ્હેલું પ્રકરણ લખવામાં આવ્યું છે; બાકીનાં ચૌદ પ્રકરણો મૂળ પ્રમાણે જ છે. છેલ્લા પ્રકરણના આખરના ભાગને વિસ્તારવામાં આવ્યો છે.

ચિત્રોની સંખ્યા અસલ ગ્રન્થના કરતાં બહુ વધારે છે; ચાર રંગિન ચિત્રો ઉમેરવામાં આવ્યાં છે.

આ ગુજરાતી ભાષાંતરમાં ભાષા બહુ સરળ રાખવામાં આવી છે; ભાષાની મુશ્કેલીથી ઇતિહાસ સમજવામાં હરકત ન થાય એ અમારો મુખ્ય હેતુ છે.


અમુક સંસ્થાઓનાં અને બનાવોનાં નામો પ્રથમ ગુજરાતીમાં આપ્યાં છે અને પાછળ કાંઉંસમાં અસલ અંગ્રેજી નામો ગુજરાતી લિપિમાં મૂક્યાં છે. સંસ્કૃત શબ્દો વધારે વાપર્યા હોત તથા અઘરી ભાષા વાપરી હોત તો ભાષાંતર બહુ ટૂંકું થઈ શક્યું હોત; પણ એથી કેટલીક કોમોના વિદ્યાર્થીઓને મુશ્કેલી નડત. આ સ્થિતિ ધ્યાનમાં રાખીને ભાષાની સરળતાને અમે વધારે અગત્યની બાબત ગણી છે.

આ ચોપડીમાં જે વિગતો આપી છે તે બધી કાંઇ યાદ રાખવાની નથી, તેમ જ પ્રકરણની પાછળ તારીખો આપી છે તેપણ, થોડી સિવાય, યાદ રાખવાની નથી, તે તો માત્ર ઇતિહાસના બનાવોનો સમજણ પડે તથા રસ પડે તેમ ખ્યાલ આપવાને માટે છે.

આ ચોપડી શીખવતાં જે સુધારા કરવાનું યોગ્ય લાગે તે વિષેની સુચનાઓ ઉપર ધ્યાન આપવામાં આવશે.

અ. આ. મો.

૩–૧–૧૯૨૮ રા. પ્રે. બ.



ડંડી
સ્કોન
સ્ટર્લિંગ
ફર્થ ઑફ ફોર્થ
ડનબાર
ગ્લાસગો
એડિનબરો
બર્વિક
ફ્લોડનફીલ્ડ
ઉત્તર સ્કૉટલંડ
કંબર્લૅંડ
વેસ્ટમોરલૅંડ
લૅંકેસ્ટર
યૉર્ક
પ્રેસ્ટન
હલ
ઉત્તર સમુદ્ર
હંબરનદી
આઇરિશ સમુદ્ર
મૅંચેસ્ટર
લિવરપૂલ
લિંકન
ડર્બી
સ્નોડન
નેવાર્ક
નૉર્ફોક
કાર્ડિગન અખાત
શ્રૂઝબરી
બૉસ્વર્થ
બર્મિંગહૅમ
સફોક
એજહિલ
ઈવશૅમ
ઑક્સફર્ડ
લંડન
ટેમ્સનદી
બ્રિસ્ટલ ચૅનલ
રનીમીડ
કેંટ
ડેવન
સેજમૂર
ડૉર્સેટ
સસેક્સ
પૉર્ટ્સમથ
ડોવર
પ્લિમથ
ઇંગ્લિશ ચૅનલ

ગ્રેટ બ્રિટન.

ઇંગ્લંડનો ઇતિહાસ

પ્રકરણ ૧ લું

આરંભનો ઇતિહાસ, બૉસ્વર્થના યુદ્ધ સૂધી

દેશ અને પ્રજા—બ્રિટિશ ટાપુઓ યુરોપખંડની છેક પશ્ચિમમાં છે અને એ ખંડના મુખ્ય જથ્થાથી તેઓ વચ્ચે રહેલા છાલકા ઉત્તર સમુદ્રને લીધે અલગ પડી રહે છે. એ ટાપુઓમાં ઇંગ્લંડ, સ્કૉટ્લૅંડ, આયર્લૅંડ અને વેલ્સ એ દેશોનો અને બીજા ન્હાના ટાપુઓનો સમાવેશ થાય છે.

બ્રિટિશ ટાપુઓમાં એકલી અંગ્રેજી ભાષા જ બોલાય છે એમ નથી. બીજી ભાષાઓમાં આયર્લૅંડમાં બોલાતી અર્સ, સ્કૉટ્લૅંડમાં બોલાતી ગૅલિક, અને વેલ્સ પ્રાન્તની વેલ્શ, એ મુખ્ય છે.

જૂનામાં જૂના વતનીઓ જંગલી હતા; તેઓ પત્થરનાં હથિયારો વાપરતા. ત્યાર પછી કેલ્ટિક જાતિના લોક દરિયા રસ્તે ચડી આવ્યા અને ઇસ્વી સનની ચોથી સદીથી અનેક જાતના લોકો બાલ્ટિક સમુદ્રના કિનારા ઉપરથી આવવા લાગ્યા. આઠમા સૈકામાં ડેન લોકો આવ્યા.

અંગ્રેજ લોકો દુનિયાના સૌથી ઉત્તમ ખલાસીઓ છે; કારણ કે તેઓના દેશનો દરિયાકિનારો ખૂબ લાંબો છે અને એમાં ઘણાં સુંદર બારાંઓ છે. આખું વર્ષ કામ કરી શકાય એવી માફક આબોહવામાં રહીને પ્રજા મજબૂત અને મ્હેનતુ બની છે. જમીન ફળદ્રૂપ છે—જો કે એને ખેડવાને મ્હેનત બહુ કરવી પડે છે. એ દેશમાં કોલસાની, લોઢાની અને કલાઈની ભરપૂર ખાણો છે.

• •



જૂલિયસ સીઝર

રોમન લોકનો અમલ— ગ્રેટબ્રિટન વિશેની પ્હેલવ્હેલી કાંઈક વીગતવાર માહિતી **જૂલિયસ સીઝર**નાં લખાણોમાંથી મળે છે. એ મહાન રોમન સેનાપતિ અને રોમન સામ્રાજ્યનો હાકેમ **જૂલિયસ સીઝર** ઇ. સ. પૂર્વે ૫૫માં એક ન્હાનું લશ્કર લઈને **બ્રિટિશ** કિનારા ઉપર આવી ઉતર્યો હતો. બીજે વર્ષે ફરીથી એ આવ્યો હતો, પણ એની સત્તા લાંબો વખત ટકી ન્હોતી. શહેનશાહ ક્લૉડિયસના સેનાપતિઓએ **બ્રિટન**નો અગ્નિકોણનો પ્રદેશ જીત્યો અને એને રોમન રાજ્યનો પ્રાન્ત બનાવ્યો. ધીમે ધીમે બીજા પ્રદેશો જીતાવા લાગ્યા, પણ ઇ. સ. ૬૧માં પોતાની રાણી **બોઍડીશિયા**ની સરદારી નીચે **નૉરફ઼ોક** અને **સફ઼ોક**ના લોકોએ રોમન લોકો સ્હામે બળવો કરીને તેઓને અટકાવ્યા. એ બળવો દબાવી દેવામાં આવ્યો. પણ ત્યારપછી ત્રણ સદી સૂધી દક્ષિણ **બ્રિટ**ને શાન્તિ ભોગવી.

ઍગ્રિકોલા નામે સમર્થ રોમન સેનાપતિએ (ઇ. સ. ૭૮–૮૫) ઇંગ્લંડના બાકીના ભાગને અને **સ્કૉટ્લૅંડ**ના નીચા પ્રદેશોને રોમની સત્તા નીચે આણ્યા; **યૉર્ક**ને એ પ્રાન્તની રાજધાની બનાવવામાં આવ્યું. એ સેનાપતિ ન્યાયી અને શકિતમાન રાજ્યકર્તા હતો.

શહેનશાહ હેડ્રિયન (૧૧૭–૩૮) થોડોક વખત **બ્રિટન**માં રહ્યો હતો ત્યારે, ઉત્તરના **પિક્ટ** વગેરે લોકોને વ્યવસ્થિત બનેલા પ્રાન્ત ઉપર દરોડાઓ કરતા અટકાવવા માટે, ઇંગ્લંડની ઉત્તરમાં એક મજબૂત દિવાલ ચણાવવામાં આવી. આગળ ચાલતાં ઍન્ટોનિયસ **પાયસ**ના રાજ્ય દરમ્યાન આ દિવાલને વધારે અસરકારક બનાવવા એની ઉત્તરમાં એક બીજી દિવાલ બંધાવવામાં આવી. એથી આગળનો પ્રદેશ રોમન લોકો જીતી શક્યા ન્હોતા.

રોમન સત્તાનો અંત— ચોથા સૈકામાં **સ્કૉટ્લૅંડ**ના **પિક્ટ** લોકો, **આયર્લૅંડ**ના **સ્કૉટ** નામના ચાંચિયાઓ, વગેરે જંગલી જાતના લોકોના અને **જર્મન** દેશના **સૅક્સન** અને બીજા લોકોના હુમલાઓથી **બ્રિટન**ને ઘણું સંકટ વેઠવું પડ્યું. **રોમ**થી એ હુમલાઓ અટકાવી શકાયા નહિં, અને **બ્રિટન** જેટલા દૂરના પ્રાન્તનું રક્ષણ થઈ શકયું

નહિં. એથી ૪૦૭માં રોમન લશ્કરને મ્હોટે ભાગે પાછું બોલાવી લેવામાં આવ્યું, અને ત્રણ વર્ષ પછી રોમન લોકોએ બ્રિટનને જણાવી દીધું કે તમારું રક્ષણ તમે કરી લો. આ રીતે, ૪૩માં શરુ થયેલી રોમન સત્તાનો અંત ૪૧૦ માં આવ્યો ગણાય. રોમન સત્તાના વૃત્તાન્તને ઇંગ્લંડના ત્યારપછીના ઇતિહાસ જોડે સંબંધ નહિં જેવો જ છે. છતાં એની કેટલીક અસરો નોંધવા જેવી છે. મોજમજાનાં સાધનોવાળું અને સગવડભર્યાં ઘરોવાળું શહેરી જીવન મ્હોટે ભાગે એ સમયમાં વિકાસ પામ્યું. રોમન રાજ્ય દરમ્યાન સારા રસ્તાઓ બાંધવામાં આવ્યા, ખાણોનું કામ ચાલૂ કરવામાં આવ્યું, અને વ્હેપાર ધમધોકાર ચાલવા લાગ્યો.

શરુઆતનાં ઇંગ્લિશ અથવા સૅક્સન રાજ્યો— ઇંગ્લંડનો ખરેખરો ઇતિહાસ **પાંચમી સદીના** મધ્યથી (૪૪૯ થી) એટલે કે કેટલાક **જ્યૂટ** લડવૈયાઓ ડેન્માર્કમાં આવેલા **જટલૅંડ**માંથી આવીને ઇંગ્લંડને **અગ્નિકોણ**ને કિનારે વસ્યા ત્યારથી, શરુ થયો ગણાય. **જ્યૂટ** લોકો ઉપરાંત **બાલ્ટિક** સમુદ્રના કિનારાઓ ઉપરથી **ઍંગલ** અને **સૅક્સન** લોકો આવ્યા. આ બધી જાતિઓને ઘણી વાર ' **ઍંગલ્સ** ' એવા એક નામથી ઓળખવામાં આવે છે, જે ઉપરથી 'ઇંગ્લંડ' નામ નીકળ્યું છે.


ઍંગ્લો-સૅક્સન લોકોના ધસારાને અર્ધકલ્પિત **બ્રિટિશ** રાજા **આર્થરે** રોકયો, પણ એ **અંકુશ** થોડો વખત જ નભ્યો.

આ લોકો **ક્રિશ્ચન** (ખ્રિસ્તી) ન્હોતા, પણ **વોડન** (યુદ્ધદેવ) અને **થૉર** (ગર્જના કરનાર) એવા ઉગ્ર દેવોને પૂજતા. **વોડન** અને **થૉર** એ નામો Wednesday (વેન્ઝ્ડે=બુધવાર) અને Thursday (થર્ઝ્ડે=ગુરુવાર) એ શબ્દોમાં કાયમ બન્યાં છે.

ક્રિશ્ચન ધર્મનો સ્વીકાર— ઇંગ્લંડમાં ક્રિશ્ચન ધર્મને-ક્રિશ્ચન ધર્મના રોમન સ્વરૂપને—દાખલ કરનાર **સૅંટ ઑગસ્ટાઇન** નામનો ઇટલીનો સાધુ હતો, જેને **પોપે** ક્રિશ્ચન રાજકુમારીને પરણેલા **કૅંટ**ના રાજા ઇથિલ્બર્ટ પાસે મોકલ્યો હતો. એ ધર્મ ધીમે ધીમે ઇંગ્લંડના



દિવાલ ચણવાનો દેખાવ



બ્રિટિશ ટાપુઓ અને યુરોપનો પશ્ચિમ કિના

ઍંગ્લો-સૅકસન પ્રદેશમાં ચોતરફ ફેલાઈ ગયો. સાધારણ રીતે અમુક સ્થળના રાજાને પ્હેલવ્હેલો ક્રિશ્ચન ધર્મ સ્વીકારવાને સમજાવવામાં આવતો અને પછી એના દરબારીઓ અને લોકો એને પગલે ચાલતા.

ઇંગ્લિશ લોકોએ (એટલે ઍંગલ, સૅકસન અને જ્યૂટ લોકોએ) બાલ્ટિક કિનારાપરના પોતાના વડવાઓની જ રીતભાત અને એમના આચારવિચાર ઇંગ્લંડમાં દાખલ કર્યા. એથી બધી ઇંગ્લિશ સંસ્થાઓ અને રીતભાતો ઍંગ્લો-સૅકસન મૂળમાંથી ઉત્પન્ન થયેલી છે અને એમાં રોમન કે બ્રિટિશ અસરનો જરાપણ અંશ નથી.


ઍંગ્લો-સૅકસન જાતિઓના બે સામાજીક વર્ગો હતા, "અર્લ" એટલે ઉંચી ઓલાદના લડનારા લોકો અને 'ચર્લ' એટલે સામાન્ય લોકો. એ ઉપરાંત ગુલામો પણ હતા, જેઓ પશુ જેવા જ ગણાતા.

અર્લ અને ચર્લ બંને વર્ગના સ્વતંત્ર પુરુષો (ફ્રીમેન) એક મુખીના (ઑલ્ડરમનના) પ્રમુખપદ નીચે ખુલ્લી સભા ભરીને એમાં કામનો વહીવટ ચલાવતા. 'શાયર' એટલે મ્હોટા પ્રાન્તોનો તેમ જ ન્હાનાં પરગણાંઓનો અને ગામોનો વહીવટ પણ એવી જાહેર સભાઓ વડે જ ચલાવવામાં આવતો.

પોતાના અસલ વતનમાં ઍંગ્લો-સૅકસન લોકોને રાજાની જરૂર ન્હોતી પડી, પણ બ્રિટનમાં લડાઈઓ કરવી પડતી તેથી તેઓને આગેવાન તરીકે અને સેનાપતિ તરીકે રાજા ચૂંટવાની જરૂર જણાઈ. આ ન્હાનાં રાજ્યો જોડાઈને મ્હોટાં અને મજબૂત રાજ્યો બન્યાં. એ રીતે નૉર્ધમ્બ્રિયા, મર્શિયા, વેસેક્સ વગેરે રાજ્યો ઉત્પન્ન થયાં.

મહાન્ આલ્ફ્રેડ—પાછળથી મહાન્ આલ્ફ્રેડ (આલ્ફ્રેડ ધ ગ્રેટ) તરીકે પ્રખ્યાત બનેલા રાજા આલ્ફ્રેડને ૨૨ વર્ષની વયે દેશનું રાજ્ય કરવા અને રક્ષણ કરવા નીમવામાં આવ્યો. એ ખૂબસુરત જુવાન હતો, એનાં માબાપનો લાડકો હતો, અને પવિત્ર આચરણવાળો હતો.

ડેન લોકોને હાથે થોડીક હાર ખાધા પછી છેવટ આલ્ફ્રેડે એ લોકોને હરાવ્યા અને એના સરદારને ક્રિશ્ચન થવાની ફરજ પાડી. આખા ઇંગ્લંડને પોતાની સત્તા નીચે આણવા જેટલું આલ્ફ્રેડમાં સામર્થ્ય



[Photo by H. Taunt & Co.

મહાન્ આલ્ફ્રેડ

ન્હોતું તેથી દેશના **સૅકસન** અને **ડેન** લોકો વચ્ચે બે ભાગ પડયા તે એને કબૂલ રાખવા પડયા.

૮૯૭ ની સાલ સૂધીમાં **આલ્ફ્રેડે** ત્રણ વર્ષ સૂધી જમીન અને દરિયા ઉપર લડાઇઓ લડીને છેવટ ડેન લોકોને હાંકી કાઢયા. ત્યાર-પછી **આલ્ફ્રેડે** કાયદાઓ ઘડવામાં, સાહિત્યમાં અને સારાં કૃત્યોમાં મન પરોવ્યું. આખી જીંદગી સૂધી સખ્ત દર્દ ભોગવવા છતાં **આલ્ફ્રેડે** જે દરિયાઈ અને લશ્કરી ફતેહો મેળવી તે જ પુરવાર કરેછે કે બધા ઇતિહાસકારોએ એને '**મહાન**' નામ આપેલું છે તે યોગ્ય છે. એ સમર્થ સેનાપતિ હતો, વ્હાણ બાંધવાની રીતમાં સુધારો કરીને એણે ઇંગ્લંડની દરિયાઈ સર્વોપરિ સત્તાનો પાયો નાખ્યો. વળી, **આલ્ફ્રેડ** જેટલો યુદ્ધમાં મહાન હતો તેટલો જ શાન્તિના સમયમાં મહાન હતો. એનામાં શારીરિક ચંચળતા, યુદ્ધમાં કુશળતા, ન્યાયનો પ્રેમ, સાહિત્ય તરફ ભાવ અને દેશવહીવટ તરફ આદર વગેરે ગુણો હતા અને તેની જોડે પરમ ધાર્મિકતાનો ગુણ પણ તેનામાં હતો. એણે કાયદા-ઓમાં ફેરફાર અને સુધારા કર્યા અને ન્યાયના કામમાં ખંતથી ધ્યાન આપ્યું.

ઇંગ્લિશ કે વિદેશી, બધા પંડિતોને અને ધાર્મિક પુરુષોને એ વિદ્વાન્ રાજા આશ્રય આપતો. **આલ્ફ્રેડે** પોતે એ વખતની યુરોપની સાહિત્ય-ભાષા **લૅટિન**માં લખાયેલા ઘણા ગ્રન્થોના તરજુમા કર્યા હતા, અને એ રીતે **અંગ્રેજી** સાહિત્યનો મૂળ સ્થાપનાર એ જ હતો. **ઍંગ્લો-સૅકસન તવારીખ** નામના ઇંગ્લંડના સૌથી પ્રાચીન ઇતિહાસને એના હાલના સ્વરૂપમાં મૂકવાની શરુઆત **આલ્ફ્રેડના** રાજ્યમાં થઈ હતી.

ડેન લોકોના ત્રાસને લીધે પછાત પડી ગયેલી બાળકેળવણીને ઉત્તેજન આપવાને **આલ્ફ્રેડે** ઘણી મ્હેનત લીધી હતી. એણે એક પાઠશાળા સ્થાપી હતી જેમાં ઉચ્ચ કુળનાં, અને એનાં પોતાનાં, ફરજંદો ભણવા જતાં. એ પાઠશાળાના નિભાવ માટે એણે રાજ્યના મ્હેસૂલનો આઠમો ભાગ કાઢી આપ્યો હતો.

આલ્ફ્રેડ ૯૦૧ માં બાવન વર્ષની વયે મરણ પામ્યો.

આલ્ફ્રેડના વંશજો–એથલ્રેડ— આલ્ફ્રેડની પછી એના વંશજો ગાદીએ આવ્યા હતા. તેઓમાંનો છેલ્લો **એથલ્રેડ** હતો, જે "ફ્રમઅક્કલ" (ઇલ-કાઉન્સેલ્ડ) કહેવાતો. એના રાજ્યમાં **ડેન** લોકોએ ફરીથી ઇંગ્લંડના કિનારાઓ ઉપર મારફાડ ચલાવી. ઇંગ્લંડના રાજાએ શત્રુઓને પૈસા આપીને પાછા મોકલવાની મૂર્ખાઇભરેલી રીત અખત્યાર કરી. જ્યારે **ડેન** લોકોએ જોયું કે ડરાવવાથી પૈસો મળે એમ છે ત્યારે તેઓ ફરીથી વધારે ધન લેવા આવ્યા. પછી **એથલ્રેડે** ઇંગ્લંડમાં આવી વસેલા **ડેન** લોકોની કતલ કરવાનો હુકમ કર્યો. આ કૃત્યનું આકરૂં વેર લેવામાં આવ્યું. **ડેનિશ** રાજાએ ઇંગ્લંડ ઉપર ચડાઈ કરી અને એના મરણ પછી એના પ્રખ્યાત પુત્ર કૅનયૂટે લડાઈ ચાલૂ રાખી.

એડ્મંડ— **એથલ્રેડ** પછી એનો પુત્ર **એડ્મંડ** ગાદીએ આવ્યો, જેનું 'વજ્રદેહી' (**આયર્નસાઇડ**) એવું ઉપનામ પડ્યું હતું. એ બહાદૂરીથી **ડેન** લોકોની સ્હામે લડયો અને કેટલીક લડાઈઓ જીત્યો. પણ આખર અરધું રાજ્ય કૅન્યૂટને આપવાની ફરજ એને પડી. ત્યારપછી તરતમાં જ એ મરણ પામ્યો એટલે રાજ્યસત્તા **સૅકસન** લોક પાસેથી **ડેન** લોક પાસે ગઈ. **ડેન** લોકોએ ૨૬ વર્ષ ઇંગ્લંડ ઉપર રાજ્ય કર્યું.

ડેનિશ રાજાઓ; કૅન્યૂટ— કૅન્યૂટનો રાજા તરીકે **સેંટ પૉલના** દેવળમાં વિધિસર રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ગાદીના હક્કદાર તરીકે જેઓને ઊભા કરી શકાય તેવા બધા **સૅકસન** રાજવંશી પુરુષોને માર્ગમાંથી દૂર કરવા એ કામ એણે સૌથી પ્રથમ કર્યું. અત્યાર સૂધી જે પ્રાન્તો અલગ રાજ્યો તરીકે રહેલા હતા તેનો અમલ ચલાવવાને એણે ઇંગ્લિશ અને **ડેનિશ** સુબાઓ નીમ્યા. એ રીતે તેણે એ પ્રાન્તો ઉપર પોતાની સત્તા જાહેર કરી. **ડેનિશ** કાફલાનો મ્હોટો ભાગ પાછો **ડેન્માર્ક** મોકલી દેવામાં આવ્યો.

કૅન્યૂટ **ડેન્માર્કનો** રાજા તો હતો જ; એણે હવે **નોર્વે** દેશ, અને **સ્વીડન** દેશનો કેટલોક ભાગ જીત્યો, **સ્કૉટ્લૅંડના** રાજાએ ઇંગ્લંડના રાજાના ખંડિયા બનવાનું કબૂલ રાખ્યું. આ રીતે ઇંગ્લંડનો રાજા


યુરોપના સૌથી જોરાવર રાજાઓમાંનો એક બન્યો. એણે રાજા એથલ્‌રેડની વિધવા જોડે લગ્ન કર્યું.

ગાદી ઉપર એ સલામત બન્યો કે તરત જ એણે પોતે ઇંગ્લંડનો ભલો રાજા છે એવું બતાવી આપ્યું. એણે એક કાયદાનો ગ્રન્થ પ્રગટ કર્યો, અને એ જમાનાને ધોરણે એકંદર ન્યાયથી રાજ્ય કર્યું. એ રોમની યાત્રાએ ગયો અને ત્યાંથી એણે એક પેગામ મોકલ્યો કે એ પોતે ધર્મથી રાજ્ય કરવા ઇચ્છે છે અને એના અમલદારોએ પણ એ મુજબ જ કરવું એવું એનું ફરમાન છે. એ ચાળીશ વર્ષની ન્હાની વયે ૧૦૩૫ માં મરણ પામ્યો.


કૅન્યૂટના પુત્રો; ડેનિશ વંશનો અન્ત— કૅન્યૂટ પછી એના પુત્રો હૅરૉલ્ડ અને હાર્ડિકૅન્યૂટ ઇંગ્લંડના રાજાઓ થયા. હાર્ડિકૅન્યૂટ ૧૦૪૨ માં મરણ પામ્યો એટલે ડેનિશ વંશનું રાજ્ય ખતમ થયું. ડેનિશ રાજાની ખાલી પડેલી ગાદી માટે કોઈ લાયક ઉમેદવાર મળ્યો નહિં તેથી ઇંગ્લંડના મહાપુરુષોએ કૅન્યૂટની રાણી એમાના, પ્હેલા પતિ એથલ્‌રેડથી થયેલા, પુત્ર એડ્‌વર્ડને રાજા તરીકે પસંદ કર્યો. આ રીતે આલ્ફ્રેડનો જૂનો વંશ પાછો ગાદીએ આવ્યો.

એડ્‌વર્ડ ધ કન્ફેસર— એડ્‌વર્ડ ઘણો ધાર્મિક હતો અને 'કન્ફેસર' એટલે 'સંત' કહેવાતો. એણે વેસ્ટમિંસ્ટર ઍબીની સ્થાપના કરી, પણ હાલનું મકાન મ્હોટે ભાગે ૧૩ મા સૈકામાં થયેલું છે. એડ્‌વર્ડ નૉર્મંડિમાં મ્હોટો થયો હતો તેથી એ નૉર્મન લોકોને મ્હોટી મ્હોટી જગ્યાઓ આપતો હતો. અર્લ ગૉડ્‌વિન આ પદ્ધતિની સ્હામે થયો, જેથી એને થોડાક વખત દેશ છોડીને જવું પડયું. ત્યાર પછી રાજ્યની વ્યવસ્થા ગૉડ્‌વિનના બાહોશ પુત્ર હૅરૉલ્ડના હાથમાં હતી. હૅરૉલ્ડ ઘણો બહાદૂર અને ઉચ્ચ ચારિત્રવાળો હતો. એણે નૉર્ધમ્બ્રિયામાંના બળવાખોરોને કોલકરાર કરીને શાન્ત પાડયા, અને પોતાના ભાઈ ટૉસ્ટિંગને દેશનિકાલ કર્યો. રાજા એડ્‌વર્ડ ૧૦૬૬ માં મરણ પામ્યો. એ છેલ્લો સૅકસન રાજા હતો. નવ માસ પછી ઇંગ્લિશ લોકો ઉપર પરદેશી રાજ્યકર્તાઓ આવ્યા.

અર્લ્ ગૉડ્વિનનો પુત્ર હૅરૉલ્ડ— એડ્વર્ડની પછી હૅરૉલ્ડને, એ રાજવંશી ઓલાદનો ન્હોતો તે છતાં, રાજા તરીકે પસંદ કરવામાં આવ્યો. શરુઆતથી એને એનો ભાઈ ટોસ્ટિંગ અને એનો પિત્રાઇ વિલિયમ ડ્યૂક ઑફ્ નૉર્મંડિ બંને હેરાન કરવા લાગ્યા. વિલિયમે જાહેર કર્યું કે એડ્વર્ડે એને ગાદી આપવાનું વચન આપ્યું હતું. તેથી એણે બળજોરીથી પોતાનો હક્ક મેળવવાનું નક્કી કર્યું. એ મુજબ એણે ઇંગ્લંડ ઉપર ચડાઈ કરવાની તૈયારી કરી. એજ વખતે ટોસ્ટિંગ અને નૉર્વેનો રાજા ઇંગ્લંડની ઉતરમાં ચડી આવ્યા, અને જ્યારે હૅરૉલ્ડ એમની સ્હામે ઉત્તરમાં રોકાયેલો હતો ત્યારે ડ્યૂક વિલિયમ દક્ષિણમાં હેસ્ટિંગ્ઝ મુકામે આવી ઉતર્યો.




ઇંગ્લિશ ફરશીવાળો (૧૦૬૬)



નૉર્મન ઘોડેસ્વાર (૧૦૬૬)

હેસ્ટિંગ્ઝનું યુદ્ધ— હૅરૉલ્ડે તાકીદથી આવીને હેસ્ટિંગ્ઝ નજીક સેન્લાક મુકામે લશ્કર ગોઠવી દીધું. સવારથી રાત પડતાં સૂધી લડાઈ ચાલી. હૅરૉલ્ડને આંખમાં જખમ થયો એથી એ માર્યો ગયો અને વિલિયમ લડાઈ જીતીને દક્ષિણ ઇંગ્લંડનો ધણી થયો. વિલિયમને રાજા


૨જા હેન્રીના મુલ્કની હદ
કૅલે
ઇંગ્લિશ ચૅનલ
નૉર્મંડિ
બ્રિટની
મેન
આંજૂ
પૅરિસ
ઑર્લિયાં
બિસ્કેનો ઉપસાગર
ગિયોન
ગાસ્કની
ફ્રાન્સ

તરીકે પસંદ કરવામાં આવ્યો અને નાતાલને દિવસે વેસ્ટમિંસ્ટર ઍબીમાં એનો રાજ્યભિષેક કરવામાં આવ્યો. ઈંગ્લંડ નૉર્મંડિનું તાબેદાર રાજ્ય બન્યું.

વિજયી વિલિયમ—વિલયમ ધ કૉંકરર—વિલિયમ ધીમે ધીમે ઈંગ્લંડના બીજા ભાગો જીતવા લાગ્યો. પોતાની સ્હામે લડવા આવેલા માણસોની જમીન જપ્ત કરીને એ પોતાના જ સેવકોને આપતો ગયો. એ એવું માનતો કે રાજા દેશની બધી જમીનનો માલિક છે, અને વફાદારીના તથા લશ્કરી સેવાના બદલામાં ખાનગી માણસોને એ જમીન આપી શકે. એ જમીનદારો પાછા એવી જ શરતે બીજા પેટા જમીનદારોને જમીન આપી શકે, પણ આ પેટા જમીનદારોએ તેઓના ઉપરી જમીનદારો પ્રત્યે તેમ જ રાજા પ્રત્યે પણ વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવી જોઇયે. આ પદ્ધતિને 'ફ્યૂડલ સિસ્ટમ' કહે છે.

રાજાએ કેટલીક વિશાળ જમીન શિકાર કરવા માટે અલગ રાખી અને એની જાળવણ માટે આકરા જંગલના કાયદાઓ (ફૉરેસ્ટ લૉઝ) ઘડ્યા.

નૉર્મન લોકોનો દેશ ઉપરનો કબજો મજબૂત બનાવવાને એણે ઘણા કિલ્લાઓ બંધાવ્યા. આ અરસામાં ઈંગ્લંડમાં પરદેશીઓ આવી વસ્યા જેમાંના યાહુદીઓ ઉદ્યોગ માટે જોઇતું નાણું પૂરું પાડતા. વિલિયમે બધી જમીનની માપણી કરાવી અને 'ડુમ્ઝડે બુક'નામના પુસ્તકમાં એની નોંધ રાખી. પછી બધા જમીનદારોને રૂબરૂ બોલાવીને એણે તેઓની પાસે વફાદારીની પ્રતિજ્ઞા લેવડાવી. એ એક અકસ્માતની અસરથી ૧૦૮૭માં મરણ પામ્યો. એનામાં જન્મથી જ રાજાના ગુણો હતા; એ મ્હોટા બનવાની અભિલાષાવાળો, નિડર, અડગ, અને નિષ્પક્ષપાતી હતો, ન્યાયી રાજ્યકર્તા હતો અને ધાર્મિક પુરુષ હતો.

વિજયી વિલિયમને (વિલિયમ ધ કૉંકરરને) ત્રણ પુત્રો હતા. પ્હેલા પુત્ર રૉબર્ટને નૉર્મંડિનું રાજ્ય મળ્યું, બીજો વિલિયમ જે રૂફસ એટલે 'રાતો' કહેવાતો તે ઈંગ્લંડનો રાજા થયો. ત્રીજા પુત્ર હેન્રીને નાણાંની રકમ આપવામાં આવી.

વિલિયમ રુફસ— વિલિયમ રુફસ આદમીનો કે ઇશ્વરનો ડર રાખતો નહિં. એ અધર્મી, લોભી અને નીતિની દરકાર નહિં રાખનારો હોવા ઉપરાંત એક જુલ્મી રાજા હતો. જેરુસલેમને અને એની નજીકનાં પવિત્ર સ્થાનોને તુર્ક લોકોના હાથમાંથી છોડાવવા માટેની પ્હેલી ધાર્મિક લડાઇમાં (ક્રુઝેડમાં) રૉબર્ટ શામિલ થયો, અને એ સબબે પૈસો મેળવવા માટે એણે નૉર્મંડિનું રાજ્ય વિલિયમને ગીરવી આપ્યું. જેરુસલેમ સર કરવામાં આવ્યું અને રૉબર્ટ સ્વદેશ તરફ પાછો ફર્યો. પણ એ દરમ્યાન કોઇ શખ્સે છોડેલા બાણથી વીંધાઇને વિલિયમ મરણ પામ્યો. બાણ મારનાર કોણ હતો તે જણાયું નથી.

વિલિયમ રુફસ મરણ પામ્યો ત્યારે રૉબર્ટ દૂર દેશમાં હતો, પણ હેન્રી હાજર હતો. એણે રાજા તરીકે પોતાની પસંદગી કરાવી લીધી. પછી એણે રૉબર્ટને હરાવીને કેદ કર્યો. આ રીતે નૉર્મંડિનું રાજ્ય ઇંગ્લંડના તાબામાં આવ્યું અને હેસ્ટિંગ્ઝની લડાઇને લીધે લાગેલી નામોશી દૂર થઇ.

૧ લો હેન્રી— હેન્રીના વખતમાં ઇંગ્લિશ અને નૉર્મન લોકોનું મિશ્રણ થયું, અંદર અંદરનાં લગ્ન ઘણાં થવા લાગ્યાં, અને નૉર્મન લોકો અંગ્રેજી ભાષા બોલવા લાગ્યા. શહેરોનો વિકાસ થયો એ આ જમાનાનું બીજું ચિહ્ન હતું. સાધુઓના પ્રયત્નોથી ધર્મને અને વિદ્યાને ઉત્તેજન મળ્યું. હેન્રી પોતે વિદ્વાન હતો અને 'બોકલેર' એટલે 'પંડિત' કહેવાતો હતો તેથી એણે તેઓના પ્રયત્નોને ટેકો આપ્યો.

અદાલતોની ઉત્પત્તિ— હાલની ઇન્સાફની અદાલતોની ઉત્પત્તિ આ સમયે થઇ એ હેન્રીના રાજ્યનો બીજો યાદગાર બનાવ છે. રાજાએ નીમેલા સલાહકારોનું ખાસ મંડળ રચવામાં આવ્યું, જે રાજાની અદાલતનું કામ કરવા લાગ્યું. અને એમાંથી વખત જતાં હાલની જૂદી જૂદી જાતની અદાલતો નીકળી.

ન્યાયાધીશોને રાજ્યના દૂરના ભાગોમાં ન્યાય ચૂકવવા મુસાફરીએ મોકલનારો પ્હેલો જ રાજા હેન્રી હતો. એથી એણે સ્થાનિક અદાલત


મારફત દૂરના લોકને પોતાની સત્તાનું ભાન કરાવ્યું. આવી મુસાફરીઓ આજ સૂધી ચાલૂ રહી છે.

સ્ટીવન અને મટિલ્ડાની વચ્ચે વિગ્રહ— હેન્રીની હયાતીમાં જ એનો એકનો એક પુત્ર **વિલિયમ** મરણ પામ્યો હતો. એથી હેન્રીએ રાજ્યના આગેવાન પુરુષોને પોતાની દીકરી **મટિલ્ડાનો** હક્ક મંજૂર રાખવાને સમજાવ્યા. **મટિલ્ડા** કાઉંટ ઑફ **આંઝૂને** પરણી હતી. ૧૧૩૫માં હેન્રીના મરણ પછી **મટિલ્ડા** અને **વિલિયમના** દૌહિત્ર **સ્ટીવન** વચ્ચે ગાદી માટે આન્તરવિગ્રહ શરુ થયો. એ વિગ્રહ ૧૯ વર્ષ ચાલ્યો, જેથી દેશ બેહાલ બની ગયો. આખર **મટિલ્ડાનો** પુત્ર હેન્રી ઑફ **આંઝૂ** ઇંગ્લંડમાં આવી ઉતર્યો અને એવું ઠરાવવામાં આવ્યું કે **સ્ટીવન** પોતાની જીંદગી સુધી ગાદી ઉપર રહે, પણ એની પછી હેન્રી ગાદીએ આવે. **સ્ટીવન** બીજે જ વર્ષે મરણ પામ્યો.

આંઝૂનો હેન્રી ૨ જો— હવે **આંઝૂના** જ્યૉફ્રેના અને **મટિલ્ડાના** પુત્ર હેન્રીનો ૨ જા હેન્રી તરીકે રાજ્યાભિષેક કરવામાં આવ્યો. એ **પશ્ચિમ યુરોપના** સૌથી જોરાવર રાજ્યકર્તાઓમાંનો એક હતો. એણે કિલ્લાઓનો નાશ કરીને અને ઉમરાવોને (બૅરનોને) તાબે કરીને પાછી શાન્તિ ફેલાવી. એના વખતમાં ચલણી નાણું સુધારવામાં આવ્યું. લશ્કરી નોકરીના બદલામાં એણે રોકડ પગાર આપવાનો રિવાજ ચાલૂ કર્યો. ઉમરાવોની સત્તા કમી કરીને રાજાની સત્તા વધારવી એ એની નેમ હતી. તેથી એણે પ્રાચીન '**મિલિશિયા**'ની પદ્ધતિનો નવેસર બંદોબસ્ત કર્યો, જેની રૂએ બધા સ્વાધીન પુરુષોને લશ્કરી સેવા બજાવવાની ફરજ પડી. એણે ધર્મગુરુઓને પણ પોતાની સત્તા નીચે આણવાનો પ્રયત્ન કર્યો. ઉમરાવોએ બંડ કર્યું પણ તેઓને જેર કરવામાં આવ્યા. હેન્રીને ચાર પુત્રો હતા. મ્હોટા બે એની હયાતીમાં જ મરણ પામ્યા હતા. **રિચર્ડ** અને **જૉન** નામના બે ન્હાના પુત્રોએ બળવાઓ કરીને એની જીંદગીનો આખર ભાગ ક્લેશમય બનાવ્યો હતો.



ટૉમસ બેકેટ— હેન્રીએ ટૉમસ બેકેટને કૅન્ટરબરીનો મુખ્ય ધર્મગુરુ (આર્ચ્‌બિશપ) બનાવ્યો. રાજાની ધારણાને ખોટી પાડીને એણે રાજાની વિરુદ્ધ ધર્મગુરુઓનો અને પોપનો પક્ષ લીધો. રાજા બેકેટ પ્રત્યે ક્રોધ બતાવનારાં કાંઇક વચનો બોલ્યો એ સાંભળીને ચાર સરદારોએ જઈને બેકેટનું ખૂન કર્યું. એ કૃત્યમાં પોતાનો હાથ બિલકૂલ નથી એવું હેન્રીએ જાહેર કર્યું અને ટૉમસની કબ્ર આગળ જઇને એણે પ્રાયશ્ચિત્ત કર્યું. પોપે ટૉમસ બેકેટને સંત (સેઇન્ટ) જાહેર કર્યો.



સાંકળનું બખ્તર

આયર્લૅંડમાં જીત— ૨જા હેન્રીએ ૧૧૭૨માં આયર્લૅંડનો કેટલોક ભાગ જીતી લીધો. આયર્લૅંડના એક પ્રાન્તના હાકેમે પોતાના શત્રુઓની સ્હામે હેન્રીની મદદ માગી એથી આ ચડાઈનું કારણ મળ્યું. આ જીતનાં પરિણામ બૂરાં આવ્યાં, કારણકે જીત થયા પછી ઇંગ્લિશ અને નૉર્મન લોકો આયર્લૅંડમાં જઈને વસવા લાગ્યા, પણ દેશના વતની આઇરિશ લોકો કરતાં આ લોકોના વિચાર જૂદા પ્રકારના હતા, એથી કંકાસ ચાલૂ થયો.

બીજા બનાવો— હેન્રીએ ઇન્સાફ આપવાની રીતમાં ઘણા સુધારા કર્યા. ગુનાહની તપાસ પંચની (જૂરીની) મદદથી કરવાનો રિવાજ એના વખતમાં શરુ થયો. વિદ્યાભ્યાસમાં પણ ઘણો વધારો થયો. ઑક્સફર્ડના વિદ્યાપીઠનો (યુનિવર્સિટીનો) આરંભ પણ એ સદીની આખરથી થયેલો આપણે જોઈ શકિયે છિયે. પ્હેલા ધાર્મિકયુદ્ધ (ક્રુઝેડ) પછી જેરુસલેમ ક્રિશ્ચન લોકના હાથમાં હતું પણ આ અરસામાં આસીરિયા અને મીસરના સુલ્તાન સાલાદીનની સરદારી નીચે રહેલા તુર્ક લોકોએ પાછું એ શહેર જીતી લીધું. તેથી એ સમયમાં ત્રીજું ધાર્મિકયુદ્ધ શરુ થયું.

૧ લો રિચર્ડ— હેન્રી પછી એનો પુત્ર રિચર્ડ ગાદીએ આવ્યો. એણે ઇંગ્લંડની બહુ દરકાર ન કરી, કારણકે એનું દિલ ધાર્મિકયુદ્ધોમાં મશગૂલ હતું. દશ વર્ષના એના રાજ્ય દરમ્યાન એ ફક્ત સાત મહિના ઇંગ્લંડમાં રહ્યો હતો. એ વખતે યાહુદીઓ ઉપર ઘણો નિર્દય જુલ્મ કરવામાં આવ્યો હતો. રિચર્ડ સિંહહૃદયી (કર્-દ-લીઓં અથવા લાયન-હાર્ટેડ) કહેવાતો; અને આ નામને એ લાયક હતો.

જૉન— રિચર્ડ ફરજંદ વિનાનો મરણ પામ્યો ત્યારે રાજ્યના બે દાવાદાર ઉભા થયા, રિચર્ડનો ૧૨ વર્ષનો ભત્રીજો આર્થર અને રિચર્ડનો ભાઇ જૉન. લોકોએ પુખ્ત ઉમરના જૉનને રાજા તરીકે પસંદ કર્યો. રાજાની પસંદગી કરવાના નિયમનો ખુલ્લી રીતે અખત્યાર કરવાનો આ છેલ્લો પ્રસંગ હતો. જૉન ઇંગ્લિશ રાજાઓમાંનો સૌથી દુષ્ટ રાજા નીવડ્યો. નૉર્મંડિ ઇંગ્લંડના તાબામાં હતું તે જૉનના રાજ્યમાં ફ્રેંચ રાજાએ જીતી લીધું.

પોપ જોડે ઝગડો— જૉન અને પોપ વચ્ચે કૅન્ટરબરીના આર્ચબિશપની પસંદગી બાબત ઝગડો થયો. પોપે ફ્રાન્સના રાજા ફિલિપને ઇંગ્લંડ ઉપર ચડાઈ કરીને જૉનને હાંકી કાઢવાને ઉશ્કેર્યો. એથી ડરી જઇને જૉન પોપને તાબે થયો અને એ રીતે ચડાઈના ભયથી બચ્યો.

ઉમરાવોનો બળવો તથા મૅગ્ના કાર્ટા— પછી એણે જર્મન

શહેનશાહની મદદ લઈ ને ફ્રાન્સના રાજા ઉપર વેર લેવાની યુક્તિ કરી. પણ મિત્રસૈન્યોએ હાર ખાધી. આ વિગ્રહમાં પોતાને મદદ ન કરવા માટે જૉને ઉમરાવોને સજા કરવાનો પ્રયત્ન કર્યો. એથી ઉમરાવો સંપ કરીને જૉન તથા જે ભાડુતી લશ્કર ઉમરાવોને અને સાધારણ વર્ગને પીડવા માટે જૉને રાખેલું તેની સ્હામે થયા. જૉને નમી જવામાં ડહાપણ માન્યું અને ટેમ્સ નદીમાંના રનિમીડ નામના ટાપુ ઉપર ઉમરાવોની એક મંડળીની રૂબરૂ એ હાજર થયો. ત્યાં એણે એક હક્કપત્ર ઉપર સહી કરી આપી. એ હક્કપત્ર હવે "**મહાન્ હક્કપત્ર**" (**ગ્રેટ ચાર્ટર, મૅગ્ના કાર્ટા**) નામથી મશહૂર છે.

"મહાન્ હક્કપત્રની"ની (મૅગ્ના કાર્ટાની) કલમો— એમાં કોઈ રીતનો જુલ્મ ન કરવા માટે રાજાને બાંધી લેનારી ૬૩ કલમો છે. ધર્મગુરુઓ ઉપર અને જમીનદાર ઉમરાવો ઉપર પણ એ જાતની ફરજ નાખવામાં આવી. ધર્મસંસ્થાની અસલ સ્વતંત્રતા મકકમ કરવામાં આવી. રાજાનો ગરાસ ભોગવતા જમીનદારો પાસેથી પૈસા ઉઘરાવવાના રાજાના હકક ઉપર અંકુશ મૂકવામાં આવ્યો. **મહાન્ સભાની (ગ્રેટ કાઉન્સિલની)** મંજુરી વગર રાજા કોઈપણ જાતના કર ન ઉઘરાવી શકે એવો ઠરાવ કરવામાં આવ્યો. ઇન્સાફના બદલામાં પૈસા ન લેવા, ઇન્સાફ આપવાની કોઈને ના ન કહેવી. અને ઇન્સાફ આપવામાં વિલંબ ન કરવો, કોઈપણ છુટાપણું ભોગવતા માણસને ગેરકાયદેસર શિક્ષા ન કરવી, એવી કબૂલાત લેવામાં આવી. શહેરોની જૂના સમયથી ચાલતી આવેલી સ્વતંત્રતા મજબૂત બનાવવામાં આવી. આ પ્રતિજ્ઞાઓને રાજા તોડે નહિં એવી સંભાળ રાખવા માટે પચ્ચીશ માણસોનું મંડળ સ્થાપીને એને મ્હોટી સત્તાઓ આપવામાં આવી. આ **મહાન્ હક્કપત્ર** ઇંગ્લિશ



શહેરી પોશાક
સુમારે ઇ. સ. ૧૨૦૦

લોકની સ્વતંત્રાનો મૂળ આધાર માનવામાં આવે છે. જૉનનો એ પ્રતિજ્ઞાઓ પાળવાનો ઇરાદો બિલકૂલ નહોતો. ભાડુતી લશ્કરની મદદથી એણે ઉમરાવો ઉપર હુમલો કર્યો. ઉમરાવોએ ફ્રેંચ રાજાના પુત્રને તાજ આપવાનું વચન આપ્યું. એ રાજકુમાર ઇંગ્લંડમાં આવી ઉતર્યો પણ એની સ્હામે થનારાઓ જોરાવર હતા. એ દરમ્યાન જૉન મરણ પામ્યો એટલે એનો નવ વર્ષનો પુત્ર હેન્રી ગાદીનો હક્કદાર બન્યો. કોઇ આદમી જૉન વિશે એક પણ સારો શબ્દ ઉચ્ચારતો નહોતો. એને જાણતા તે બધા એને ધિક્કારતા હતા. એક લેખકે કહ્યું છે કે દોજખ પણ જૉનની હાજરીથી વધારે અપવિત્ર બન્યું છે.


૩ જો હેન્રી--૩જો હેન્રી નબળો રાજા હતો તેથી એના રાજ્યમાં ઘણો ગેરવહીવટ ચાલ્યો હતો. પ્રોવેંસની એલીનોર જોડે એનું લગ્ન થયા પછી એણે ફ્રેંચ લોક તરફ ઘણી મહેરબાની બતાવી. પોપે રાજા લૂઇની વિરુદ્ધ થઇને હેન્રીનો પક્ષ ખેંચ્યો હતો તેથી હેન્રીએ એને ધર્મગુરુઓ પાસેથી નાણાંની મ્હોટી રકમો કઢાવવાની છૂટ આપી. હેન્રીએ ઘણો પૈસો ઉડાવી દીધો. અને જેને ઇંગ્લંડ જોડે જરા પણ સંબંધ ન્હોતો એવી પોપે કરેલી ખરચાળ યોજનાઓમાં હેન્રી સંડોવાયો. ૧૨૫૪ માં હેન્રી ગૅસ્કની ગયો હતો ત્યારે એની ગેરહાજરીમાં રાજ્ય સંભાળવા માટે એની રાણી અને એનો ભાઈ રિચર્ડ નીમાયેલાં હતાં; એ બેઉએ નાણું ઉઘરાવવા માટે મ્હોટી સભા (ગ્રેટ કાઉન્સિલ) બોલાવી. આ સભામાં દરેક પરગણામાંથી ચાર સરદારોને એટલે કે ગામડાંના મુલ્કમાં રહેતા સદ્‌ગૃહસ્થોને, બોલાવવામાં આવ્યા હતા. એ 'પરગણાંના સરદારો' (નાઇટ્‌સ ઑફ ધ શાયર) શાહેરી ઉમરાવોથી (બૅરનથી) જૂદા હતા અને તેઓને સભામાં પ્હેલી જ વાર આ વખત બોલાવવામાં આવ્યા હતા. આ બનાવ આમ સભાની ઉત્પત્તિ તરફના પ્હેલા પગલા તરીકે ઉપયોગી છે.

ઉમરાવોનું બંડ; સાઇમન દ મૉન્ટ્‌ફર્ટ— હેન્રીના રાજ્ય દરમ્યાન ભયંકર દુકાળ પડયો; તે છતાં હેન્રીએ એવી માગણી કરી કે મ્હેસુલનો ત્રીજો ભાગ પોપને મોકલવો પડશે. ઉમરાવો આ સાંખી

શક્યા નહિ. એક મહાન્ સભા ઑક્સ્ફર્ડ મુકામે મળી અને એણે હવે 'પાર્લામેંટ' એવું ફ્રેંચ નામ ધારણ કર્યું. એ સભાએ કરેલા ઠરાવો ઑક્સ્ફર્ડની શરતો' (પ્રોવિઝન્સ ઑફ્ ઑક્સ્ફર્ડ) કહેવાય છે. એ ઠરાવથી તેઓએ રાજાને એક ઉમરાવ-મંડળના કાબુમાં રહેવાનું કબૂલ કરવાની અને પરદેશીઓને કાઢી મૂકવાની ફરજ પાડી. ફ્રાન્સના રાજાની લવાદી વડે કંકાસ પતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો; પણ એ પ્રયત્ન નિષ્ફળ થયો અને હેન્રી અને એની પ્રજા વચ્ચે ૧૨૬૪ માં ખુલ્લો વિગ્રહ સળગી ઉઠયો. સાઇમન દ મૉંટફર્ટ નામે ફ્રાન્સનો એક મ્હોટો ઉમરાવ હતો જે ઇંગ્લંડમાં 'અર્લ ઑફ્ લીસ્ટર' પદ ભોગવતો હતો અને જે રાજા હેન્રીની બ્હેન જોડે પરણ્યો હતો, તે ઉમરાવોનો આગેવાન થયો. .એણે રાજાને લ્યૂઇઝ મુકામે હરાવ્યો. રાજાને અને એના વડા પુત્ર પંદર વર્ષના રાજકુંવર એડ્વર્ડને એણે કેદ કર્યાં.

૧૨૬૫ની પાર્લામેંટ— હવે અર્લ સાઇમન જ દેશનો ખરો રાજ્યકર્તા હતો. એણે ૧૨૬૫ માં પોતાના પક્ષવાળાઓની નવી પાર્લામેંટ બોલાવી, જેમાં એણે ફક્ત 'નાઇટ્સ ઑફ્ ધ શાયર' એટલે પરગણાંનાં સરદારોને જ નહિં પણ દરેક મુખ્ય શહેરમાંથી બે શહેરીઓને (બર્જેસને) પણ બોલાવ્યા. એ રીતે, હાલ જે વર્ગો પાર્લામેંટમાં જરૂરના મનાય છે એ બધા વર્ગોનો સમાવેશ કરતી પાર્લામેંટ પ્હેલી જ વાર ભરવામાં આવી. રાજાએ પોતાની ગેરકાયદેસર વર્તણુક છોડી દેવાના સોગંદ લીધા પણ એ વચન પાળવાનો એનો ઇરાદો ન્હોતો. એ દરમ્યાન રાજકુંવર એડ્વર્ડ ન્હાસી છૂટયો. ત્યાર પછી તરત જ વૂર્સ્ટરશરમાં ઇવિશૅમ નજીક અર્લ સાઇમનને હરાવવામાં આવ્યો. જ્યાં એ ઇંગ્લંડની સ્વતંત્રતાની ખાતર બહાદુરીથી લડતો મરણ પામ્યો. એ પરદેશી હતો તે છતાં અંગ્રેજ લોકો એને ચાહતા અને પૂજતા તથા એને પોતાની ખાતર જીંદગીનો ભોગ આપનાર મહાપુરુષ માનતા. એ ધર્મિષ્ઠ માણસ હતો અને મરણ પછી 'સેઇન્ટ' તરીકે પૂજાવા લાગ્યો.

પાર્લામેંટના બંધારણનો વિકાસ— ઇંગ્લંડના રાજ્યબંધારણના



૩ જા હેન્રીની કબર

ઇતિહાસમાં ૩ જા હેન્રીનું રાજ્ય યાદ રાખવા જેવું છે, કારણ કે ૧૨૫૪ માં **પરગણાંના સરદારોને** એટલે કે ગ્રામ્ય અથવા મુફસ્સલના સદ્‌ગૃહસ્થોને (**'નાઇટ્સ ઑફ્ ધ શાયર'**ને) પ્હેલી જ વાર **પાર્લામેંટમાં** આવવાનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું. અને ૧૨૬૫ માં **શહેરના પ્રતિનિધિયોને** (**બર્જેસિઝને**) પણ એ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. એ રીતે **આમ સભા** (**હાઉસ ઑફ્ કૉમન્સ**) સ્થાપવા તરફ બે ઉપયોગી પગલાંઓ લેવામાં આવ્યાં હતાં. ૧૨૬૪ની **સાઇમન દ મૉન્ટફર્ટની પાર્લામેંટમાં** 'પરગણાંના સરદારો'ને પરગણાંની પસંદગીથી ચૂંટવામાં આવ્યા હતા. પણ ૩ જા હેન્રીની **પાર્લામેંટોનું** મુખ્ય કામ રાજાને પૈસા આપવાનું હતું. કાયદા ઘડવાનું કામ એને સોંપવામાં આવ્યું ન્હોતું. હાલના પ્રકારની **પાર્લામેંટ** હેન્રીના પુત્ર ૧ લા **એડ્‌વર્ડના** રાજ્યથી શરુ થઈ. એણે પોતાના જૂના શત્રુ **સાઇમન દ મૉન્ટફર્ટની** પદ્ધતિ એથી પણ આગળ વધારી.

ઇંગ્લિશ પ્રજાનું એકત્વ— **નૉર્મન** અને ઇંગ્લિશ લોકોનું મિશ્રણ ૧ લા હેન્રીના સમયમાં શરુ થઈ ચૂક્યું હતું. એ મિશ્રણ એ પછીનાં વર્ષોમાં ચાલૂ રહ્યું હતું; અને **જૉનના** વખતમાં **ફ્રાન્સમાંના** પ્રાન્તો ઇંગ્લંડે ગુમાવ્યા હતા તેથી, ૩ જા હેન્રીની ફ્રેંચ લોક ઉપરની મહેરબાની છતાં, હેન્રીને અને એના ઉમરાવોને ફ્રેંચ રીતો છોડીને **અંગ્રેજ** વળણના બનવાની ફરજ પડી. જાતિભેદ વગરની **અંગ્રેજ** પ્રજા ૩ જા હેન્રીના રાજ્ય દરમ્યાન શરુ થઈ ગણાય. એ વખતથી ઇતિહાસ અને બીજા વિષય ઉપરનાં પુસ્તકોમાં સાધારણ રીતે **અંગ્રેજી** ભાષા વપરાવા લાગી.

ઑક્સ્ફર્ડનું વિદ્યાપીઠ-- **ઑક્સ્ફર્ડમાં** કાયદા અને **ધર્મશાસ્ત્ર** ઉપરનાં ભાષણો સાંભળવા એકઠા થતા હજારો વિદ્યાર્થીઓનાં ટોળાંઓ હવે બંધારણવાળા **વિદ્યાપીઠનું** (યુનિવર્સિટીનું) રૂપ લેવા લાગ્યાં હતાં. **ઑક્સ્ફર્ડનું** જૂનામાં જૂનું વિદ્યાલય (કૉલેજ) **'મર્ટન'** નામનું છે તે આ પછીના રાજ્યની શરુઆતમાં સ્થાપવામાં આવ્યું હતું. ઇંગ્લિશ લોકોના જૂદા જૂદા વર્ગોને એકત્ર કરવામાં **વિદ્યાપીઠોએ** (યુનિવર્સિ-

ટીઓએ) ઘણી મદદ કરી. લંડન અને બીજા શહેરોના વિકાસથી પણ અંગ્રેજ લોકોની એકતા તાકીદથી થવાનો માર્ગ સરળ થયો હતો.

૧ લો એડવર્ડ-- ૩ જા હેન્રી પછી એનો પુત્ર ૧ લા એડ્વર્ડ તરીકે ગાદીએ આવ્યો. એના વખતમાં વેલ્સના રાજા લુવેલિન જોડે થોડીક લડાઈ ચાલ્યા પછી વેલ્સ દેશ જીતવામાં આવ્યો અને ખાલસા કરવામાં આવ્યો. એડ્વર્ડના પુત્રનું નામ પણ એડ્વર્ડ હતું, એ રાજ-કુંવરને પ્હેલો 'પ્રિન્સ ઑફ્ વેલ્સ' એવો ખિતાબ આપવામાં આવ્યો. આજસૂધી રાજાના સૌથી મ્હોટા પુત્રનો એ ખિતાબ ચાલૂ રહ્યો છે.

કાયદાઓ— એડ્વર્ડના રાજ્યમાં ઘણા ઉપયોગી કાયદાઓ ઘડવામાં આવ્યા, જેને ધોરણે ઈંગ્લંડના હાલના કાયદાઓ કરવામાં આવ્યા છે. ૧ લા એડ્વર્ડની પોતાની બુદ્ધિ કાયદામાં કુશળ હતી અને એને બીજા વિદ્વાન પુરુષોની મદદ મળી હતી. એક લેખકે કહ્યું છે કે 'એડ્વર્ડના રાજ્યથી અર્વાચીન ઈંગ્લંડની, એટલે આપણે જેવા ઈંગ્લંડમાં રહિયે છિયે તેવા ઇંગ્લંડની, શરુઆત થાય છે.'

સ્કૉટ્લૅંડપર પ્હેલી જીત— ૧૨૯૨માં સ્કૉટ્લૅંડની ગાદીના વારસા માટે તકરાર ઊભી થઈ જેમાં ૧ લા એડ્વર્ડે લવાદ તરીકે કામ કર્યું અને જૉન દ બેલિયલની તરફમાં ચુકાદો આપ્યો. એ વખતે એડ્વર્ડને સ્કૉટ્લૅંડના અધિરાજ એટલે ઉપરી રાજા (લૉર્ડ પારામાઉંટ) તરીકે સ્વીકારવામાં આવ્યો. થોડાં વર્ષો પછી (૧૨૯૬ માં) એડ્વર્ડે સ્કૉટ લોકોને કેટલીક લડાઈઓમાં હરાવીને સ્કૉટ્લૅંડનો રાજ્યવહીવટ પરબારો પોતાના હાથમાં જ લઈ લીધો. આ રીતે અંગ્રેજ લોકોએ સ્કૉટ્લૅંડને પ્હેલીવાર જીતી લીધું.


સર વિલિયમ વૉલેસની સરદારી નીચે સ્કૉટ લોકોએ અંગ્રેજો સ્હામે બળવો કર્યો, પણ આખર તેઓએ હાર ખાધી. થોડા વખત પછી તેઓએ રૉબર્ટ બ્રૂસની આગેવાની હેઠળ બળવો કર્યો પણ તેઓ ફરીથી હારી ગયા.

નાણાંની તંગી; નમૂનારૂપ (મૉડલ) પાર્લામેંટ-- નાણાંની જબરી તંગીને લીધે એડ્વર્ડે પૈસા મેળવવાના ગેરવાજબી ઉપાયો



૧લો એડ્વર્ડ અને એલિનોર

વાપર્યાં. એડ્વર્ડની મુસીબતોને પરિણામે પાર્લામેંટની મદદ વડે રાજ્યવહીવટ ચલાવવાની પદ્ધતિનો વધારે વિકાસ થવા પામ્યો. એ રાજાના ફ્રેંચ જોડેના અને સ્કૉટ લોકો જોડેના વિગ્રહો માટે પૈસો પૂરો પાડવાને અને રાજ્યના રક્ષણ માટે ઉપાયો યોજવાને ૧૨૯૫ માં મહાન્ અથવા નમૂનારૂપ (મૉડલ) પાર્લામેંટ બોલાવવામાં આવી. આ સભામાં ધર્મગુરુઓ, મહન્તો (ઍબટ્સ) અમીર ઉમરાવો, દરેક પરગણામાંથી બબ્બે સરદારો, દરેક શહેરમાંથી (બરોમાંથી) બબ્બે શહેરીઓ (બર્જેસો), અને ઊતરતા દરજ્જાના ધર્મોપદેશકોના




તેરમા સૈકાના ઉમરાવનું કિલ્લેબંધ રહેઠાણ.

પ્રતિનિધિઓ, હાજર થયા હતા. આ સભાસદોનું એકજ મંડળ બન્યું હતું કે નહિં તે ચોક્કસ જણાવામાં આવ્યું નથી. આમ સભા અને ઉમરાવ સભા એવા બે અલગ વિભાગો પાછળથી ૩ જા એડ્વર્ડના રાજ્યમાં પડ્યા. ગેરવાજબી રીતે નાણું ઉઘરાવવાના રાજાના પ્રયત્નો ઉપર પાર્લામેંટ અંકુશ મૂકયા કરતી હતી.

૧૯. એડ્વર્ડની મહત્તા—એ રાજાને એક લેખકે ઇંગ્લંડનો સૌથી મહાન્ રાજા કહ્યો છે. સર વૉલ્ટર સ્કૉટે અને સ્કૉટ્લૅંડના બીજા

લખકોએ, સ્કૉટ્લૅંડના એ જીતનાર સ્હામેની પોતાની નારાજીને લીધે, ગદ્ય અને પદ્ય લખાણોમાં તથા કવિતાઓમાં એને અન્યાય કર્યો છે.

૨ જો એડ્વર્ડ— ૧ લા એડ્વર્ડ પછી એનો નાલાયક અને મોજશોખી પુત્ર ૨ જો એડ્વર્ડ રાજા થયો. એણે બેદરકાર રહીને રૉબર્ટ બ્રૂસને સ્કૉટ્લૅંડના રાજા બનવાની તક આપી. પાછળથી એડ્વર્ડે સ્કૉટ્લૅંડને પાછું મેળવવાનો પ્રયત્ન કર્યો, પણ બૅનૉક્બર્ન નજીક એણે સખ્ત હાર ખાધી. બ્રૂસને સ્વતંત્ર રાજા તરીકે કબૂલ રાખવામાં આવ્યો.



લાંબું તીરકામઠું ટૂંકું તીરકામઠું (ક્રૉસ બો)

એડ્વર્ડ પદભ્રષ્ટ થાય છે— એડ્વર્ડે પોતાના રાજ્યની શરૂઆતમાં એક પોતાના માનીતા માણસ મારફત ઇંગ્લંડમાં બહુ ગેરવહીવટ ચલાવ્યો. એથી 'અમલ ચલાવનારા ઉમરાવો' (લૉર્ડ્ઝ ઑર્ડેઇનર્સ) નામની ઉમરાવોની સમિતિએ રાજ્યસત્તા રાજાના


હાથમાંથી લઈ લીધી. પણ ત્યાર પછી ૧૩૨૨ માં રાજાના બીજા માણસોએ એવો એક ઉપયોગી નિયમ પસાર કરાવ્યો કે " કાયદાઓ રાજાએ, ઉમરાવોએ, અને રાજ્યના આમ વર્ગે પસાર કરેલા હોય તો જ સત્તાવાર ગણાય."

એડ્વર્ડની રાણી ઇસાબેલાને પોતાનો એ નાલાયક ધણી ગમતો નહિં તેથી તેણે પોતાના માનીતા રૉજર **મૉર્ટિમર**ની મદદથી એને તખ્ત ઉપરથી ઉઠી જવાની અને એના પુત્રને રાજા થવા દેવાની ફરજ પાડી.

૩ જો એડ્વર્ડ— ૩ જો **એડ્વર્ડ** એના પિતાની ગાદીએ ૧૩૨૭ માં આવ્યો, પણ કેટલાક સમય સૂધી સત્તા એની માતા અને એ બાઈના માનીતા **મૉર્ટિમર**ના હાથમાં રહી. એ વખતે ઇંગ્લંડે એક સુલેહનું કરારનામું કરીને **સ્કૉટ્લૅંડ**ની સ્વતંત્રતા કબૂલ રાખી.

એડ્વર્ડે જ્યારે સત્તા પોતાના હાથમાં લીધી ત્યારે એણે **સ્કૉટ્લૅંડ** પાછું મેળવવાનો પ્રયત્ન કર્યો અને **સ્કૉટ** લોકોને કેટલીક લડાઇઓમાં હરાવ્યા.

સો વર્ષનો વિગ્રહ—**ફ્રાન્સ** જોડેનો **સો વર્ષનો વિગ્રહ** (**હંડ્રેડ ચીઅર્સ વૉર**) ૧૩૩૭માં શરૂ થયો અને ૧૪૫૩ સૂધી ચાલ્યો. **ફ્રેંચ** રાજાએ **સ્કૉટ** લોકોને મદદ આપી એ કારણે આ લડાઈ શરૂ થઈ. **ઇંગ્લંડ**ના રાજાએ પોતાની માતાના હક્કની રૂએ ' **ફ્રાન્સનો રાજા** ' એવો ખિતાબ ધારણ કર્યો. **અંગ્રેજો**એ **ક્રેસી** મુકામે એક મ્હોટી ફતેહ મેળવી (૧૩૪૬) અને **કૅલે**નું ઉપયોગી બંદર જીતી લીધું. એ બંદર **અંગ્રેજો**ના હાથમાં બે સદી સૂધી રહ્યું. ૨ જા **એડ્વર્ડ**ના સૌથી મ્હોટા પુત્ર **બ્લૅક પ્રિન્સે** **પ્વાતીઅર** મુકામે **ફ્રેંચ** ઉપર જબરી ફતેહ મેળવી (૧૩૫૬) જેમાં **ફ્રેંચ** રાજા કેદ પકડાયો. ત્યાર પછી સુલેહના કરારો કરવામાં આવ્યા, જેથી ઇંગ્લંડને **ફ્રાન્સ**માંનાં કેટલાંક સ્થળો કબજે રાખવાની છૂટ મળી અને **એડ્વર્ડે** **ફ્રાન્સ**ના તખ્ત ઉપરનો પોતાનો નાપાયાદાર દાવો છોડી દીધો. થોડા વર્ષોમાં, એજ રાજ્ય દરમ્યાન, **ઇંગ્લંડે** પોતાના કબજાના આ મુલ્કનો મ્હોટો ભાગ ગુમાવી દીધો.



બ્લૅક પ્રિન્સ

ભયંકર મરકી— એડ્વર્ડના રાજ્યમાં ઈંગ્લંડમાં ભયંકર મરકી ફાટી નીકળી, જેને લીધે વસ્તીમાંથી લગભગ વીશ લાખ માણસો એક વર્ષમાં મરણ પામ્યા.


એડ્વર્ડનું મરણ-- ચાળીશ વર્ષ સૂધી **ફ્રાન્સ**ને જીતવાના ફોકટ પ્રયત્નો કરીને **એડ્વર્ડ** ૧૩૭૭માં મરણ પામ્યો. એની જીંદગીના છેવટના ભાગમાં એણે ચલાવેલા ગેરવહીવટને લીધે એ રાજા લોકમાં અપ્રિય બન્યો હતો, જેથી એના મરણ વખતે એની નજીક એક ધર્મગુરુ શિવાય કોઈ ન્હોતું.

એની ઉડાઉ રાજ્યનીતિ-- **એડ્વર્ડ**ની **ફ્રેંચ** પ્રત્યેની રાજ્યનીતિ દુષ્ટ અને ઉડાઉ ગણાય. એથી **ફ્રાન્સ** દેશ દુખી થયો અને **ઈંગ્લંડ** ઉપર ભારે બોજો આવી પડ્યો. **એડ્વર્ડ**ને હરહમેશ પૈસાની તંગી પડતી તેથી એને વારંવાર **પાર્લામેંટ** બોલાવવાની જરૂર પડતી. જ્યારે એને પૈસાની ગરજ હોય ત્યારે એ હમેશ હક્કનામાંઓ મંજુર કરવા તૈયાર થતો પણ વારંવાર એ બધાનું ઉલ્લંઘન કરતો.

પણ એ રાજાએ **પોપ**ને આપવાની **જૉને** કબૂલ કરેલી ખંડણી ભરવાની વાજબી રીતે ના પાડી. અને **પાર્લામેંટે** પણ **પોપ**ના લોભ ઉપર અંકુશ મૂકનારા કાયદાઓ ઘડ્યા જેમાં **પોપ**ને **ઈંગ્લંડ**માં ધર્મગુરુઓ અને બીજા ધર્માધિકારીઓ નીમવાની મના કરી અને રાજ્યમાંથી કોઈએ **પોપ**ને અરજી ન કરવી એવું ફરમાન કર્યું.

૧૩૭૬ની '**ભલી**' (ગુડ) **પાર્લામેંટે** સુધારો કરવાનો ખરો પ્રયત્ન કર્યો, પણ એણે જે કર્યું તે બધું બીજે વર્ષે મળેલી નવી **પાર્લામેંટે** રાજાના ત્રીજા પુત્ર **જૉન ઑફ્ ગૉન્ટ**ની સમજાવણીથી ઉલટાવી નાખ્યું. એ **પાર્લામેંટે** પૈસા મેળવવાની નવી યુક્તિ રચી, રાજ્યમાં વસતા, ભિખારી શિવાયના, એકે એક આદમી પાસેથી માણસ દીઠ ચાર પેન્સનો માથાવેરો ઉઘરાવ્યો.

મજૂરોનો કાયદો (સ્ટેટ્યુટ ઑફ્ લેબરર્સ)-- મ્હોટી મરકી થયા પછી મજૂરોની અછત થઈ હતી. તેથી મજૂરોએ મજૂરીના વધારે દામ મેળવવાની કોશીશ કરી. પણ તેઓ સ્વતંત્ર



૧૪મા સૈકાનું શિલ્પકામ: વિંડસરનું 'રાઉન્ડ ટાવર' (ગોળ મિનારો)

ન્હોતા. તેઓ અકેકેકા ગરાસ સાથે હમેશ માટે જોડાયલા હતા અને એ ગરાસ જેના હાથમાં જાય તે જમીનદારની નોકરી કરવાને બંધાયેલા હતા. વધારે છૂટ અને મ્હોટા પગારો મેળવવાની તેઓની ચળવળને દબાવી દેવા માટે ઉપરના વર્ગના લોકોએ એક **મજૂરોનો કાયદો (સ્ટેટ્યુટ ઑફ્ લેબરર્સ)** પસાર કરાવ્યો, જેમાં મજૂરોને જૂની રોજીથી કામ કરવાની ફરજ પાડવામાં આવી.

જૉન વીકિલફ-- આ રાજ્યમાં **જૉન વીકિલફ** નામના ઘરડા ધર્મગુરુએ ધર્મસંસ્થામાં ફેલાયલી બદીઓ દૂર કરીને સુધારો કરવાનું કામ ઉપાડ્યું. "**સુધારક**" (**રિફૉર્મર્સ**) તરીકે ઓળખાતા વર્ગમાં **વીકિલફ** સૌથી પ્હેલવ્હેલો હતો.

અંગ્રેજી ભાષા— **અંગ્રેજી** હવે વધારે ને વધારે દેશની મુખ્ય ભાષા થવા લાગી. **પાર્લામેંટને** ખુલ્લી મૂકવાના વખતનું ભાષણ **અંગ્રેજીમાં** કરવામાં આવતું અને ઇન્સાફની અદાલતોમાં વકીલાત **અંગ્રેજીમાં** કરવી એવા હુકમો બ્હાર પાડવામાં આવ્યા. **ચૉસર** નામના કવિએ પોતાનાં કાવ્યોમાં એ ભાષાનો બહુ અસરકારક ઉપયોગ કર્યો.

વ્હેપાર ઉદ્યોગ— લડાઈઓ ચાલૂ રહેતી તે છતાં વ્હેપાર એક સરખી રીતે વધ્યો. રાણી **ફિલિપ્પાએ ફ્લેમિશ** (ફ્લાન્ડર્સના રહેવાસી) વણકરોને ઇંગ્લંડ આવી વસવાને સમજાવ્યા. ઇંગ્લિશ ઊન આખા યુરોપમાં સૌથી ઉત્તમ ગણાતું, પણ એને વણાટ માટે પરદેશ મોકલવું પડતું. પરંતુ ફ્લેમિશ વણકરોએ ઈંગ્લિશ લોકને ઊનનું વણાટકામ શીખવ્યું તેથી હવે દેશનું ઊન દેશમાં જ વણાવા લાગ્યું. વળી **રોમન** લોકના સમય પછી પ્હેલવ્હેલી ચાલૂ થયેલી કોલસાની ખાણ પણ રાણીએ ખુલ્લી મૂકી. ઘણા ઈટાલિયન શરાફો અને વ્હેપારીઓ **લંડનમાં** આવી વસ્યા. **નોબલ** નામના સોનાના શિકકા એણે ચાલૂ કર્યા. એ વખતનું શિલ્પકામ રોનકદાર અને નકશીવાળું હતું (ચિત્ર પૃ. ૩૧).

૨ જો રિચર્ડ— ૩ જા **એડ્વર્ડના** મરણ પછી એનો પૌત્ર, એટલે એની હયાતીમાં જ મરી ગયેલા **બ્લૅક પ્રિન્સનો** પુત્ર, **રિચર્ડ** ગાદીએ



રજો રિચર્ડ

આવ્યો. નવો રાજા ૨ જા રિચર્ડ તરીકે તખ્તનશીન થયો ત્યારે અગ્યાર વર્ષનો હતો.

૧૩૮૧ નો બળવો— ફ્રેંચ વિગ્રહોનાં ખરચ પૂરાં પાડવાને માટે આકરો માથાવેરો લેવામાં આવ્યો, જેથી લોકમાં ઘણો અસંતોષ ફેલાયો. ઇંગ્લંડના જુદા જુદા ભાગમાં લોકોએ બળવો કર્યો, પણ એ બળવો ખાસ કરીને પંદર વર્ષની વયના ન્હાના રાજાની હિંમત અને શહેથી દબાવી દેવામાં આવ્યો. બળવાખોરોના મુખ્ય આગેવાન **વૉટ ટાઇલર**ને રાજાએ પોતાની હાજરીમાં મારી નંખાવ્યો.

એ બળવો જો કે હાલતરત નિષ્ફળ નીવડયો તો પણ એને જ પરિણામે ધીમે ધીમે '**સર્ફ**' વર્ગનો, એટલે કે જીંદગીભર અમુક જ ગરાસ સાથે જોડાઈ રહેલા મજૂરોનો, છુટકારો થયો. તેઓ હવેથી કાં તો ભાડું આપતા ભાડુતો બન્યા અથવા તો સ્વતંત્ર મજૂરો બન્યા.

રિચર્ડનો દુખી અંત—બાવીશ વર્ષની ઉમરે રિચર્ડે રાજ્યવહીવટ પોતાના હાથમાં લીધો. એ **ફ્રાન્સ** જોડે સુલેહ કરવાને આતુર હતો એથી એણે બીજીવારનું લગ્ન ફ્રેંચ રાજાની બાળક પુત્રી જોડે કર્યું. જ્યારે રિચર્ડ **આયર્લૅંડ**માં એ દેશના મામલાની સમાધાની કરવા ગયો હતો ત્યારે એનો પિત્રાઈ—એટલે કે ૩ જા **એડ્વર્ડ્**ના પુત્ર **જૉન ઑફ્ ગૉન્ટ** ડયૂક ઑફ્ લૅંકૅસ્ટરનો પુત્ર—હેન્રી ડયૂક ઑફ્ હર્ફર્ડ જેને આગલે જ વર્ષે દેશનિકાલ કરવામાં આવ્યો હતો તે ઇંગ્લંડમાં આવી પ્હોંચ્યો. એણે રિચર્ડને તખ્ત ઉપરથી ઊઠી જવાની ફરજ પાડી અને પોતે ૪ થા હેન્રી તરીકે રાજા થયો. રિચર્ડનું શું બન્યું એ ચોક્કસ નથી પણ ઘણે ભાગે એ **યૉર્ક**શરમાં ભૂખમરાથી મરણ પામ્યો.

રિચર્ડનું ચારિત્ર—લૅંકૅસ્ટરની શાખા તરફ પક્ષપાત બતાવનારા લેખકો, શેક્સ્પીયર સુદ્ધાં, રિચર્ડનો ઇતિહાસ ખરો આપતા નથી. એને જે દુર્ભાગ્ય વેઠવું પડ્યું તેને માટે એ જરાપણ લાયક ન્હોતો. એ ખૂબસૂરત અને હિંમતવાળો હતો અને સાહિત્યને ઉત્તેજન આપનાર હતો. કેટલાક ઇતિહાસકારો માને છે તેમ એ દિવાનો ન્હોતો. એની જીંદગીનો

આવો અંત આવ્યો ત્યારે એ ફક્ત તેત્રીશ વર્ષનો હતો. વધારે વખત જીવ્યો હોત તો એ મ્હોટાં મ્હોટાં કાર્યો કરત.

લૅંકેસ્ટરનો રાજવંશ; ૪ થો હેત્રી—૪થા હેત્રીનો રાજ્યાભિષેક અસાધારણ દમામથી કરવામાં આવ્યો. પણ એણે અન્યાયથી રાજમુગટ મેળવ્યો હતો. 'મુગટધારીને શાન્તિ મળતી નથી' એવી અંગ્રેજી કહેવતના ખરાપણાની એને ખાતરી થઈ. કારણ કે **સ્કૉટ્લૅંડ**, **વેલ્સ**, અને **ફ્રાન્સ** બધા એના શત્રુઓ થયા હતા. **સ્કૉટ** લોકો અને વેલ્શ લોકો હેત્રીની સ્હામે થયા પણ હારી ગયા.

રાજા અને પાર્લમેંટ—તખ્ત ઉપર પોતાનો ખરો હક્ક ન્હોતો એ વાત હેત્રી જાણતો હતો. એના હક્કનો આધાર **પાર્લમેંટ**ની સંમતિ ઉપર હતો, તેથી એને **પાર્લમેંટ** સાથે હળીમળીને ચાલવું પડતું. ૧૪૦૭માં **આમસભાએ** એવો ઠરાવ કર્યો કે રાજાની નાણા માટેની માગણી મંજૂર રાખવામાં ઉમરાવસભાથી સ્વતંત્ર રહીને નિર્ણય કરવાનો **આમસભાને** હક્ક છે.

રાજા વાઈથી અને રક્તપિત્તના રોગથી પીડાતો હતો, અને પોતાના અમલનાં છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન પથારીવશ રહ્યો હતો, જેથી રાજ્યવહીવટ પ્રિન્સ ઑફ વેલ્સ હેત્રી, અને **જૉન ઑફ ગૉન્ટ**ના પુત્રો, ચલાવતા હતા.


લૉલાર્ડોની રીબાવણી—પોપ અને ધર્મગુરુઓ જે ધર્મતત્ત્વોનો સત્તાવાર ઉપદેશ આપે તેને નાકબૂલ કરનારા બધા માણસોને લોકની નજર આગળ એક ઉંચે સ્થાને જીવતા બાળવા એવો કમકમાટ ઉપજાવનારો એક કાયદો આ રાજ્ય દરમ્યાન પસાર કરવામાં આવ્યો. એ કાયદાની રૂએ ઘણા **લૉલાર્ડો**ને એટલે વિક્લિફના **અનુયાયીઓ**ને રીબાવવામાં આવ્યા.

૫ મો હેત્રી; ફ્રાન્સ જોડે વિગ્રહ—૪થા હેત્રી પછી એનો પુત્ર **૫ મો હેત્રી** તખ્તનશીન થયો. એ વખતે **ફ્રાન્સ**નો રાજા દિવાનો હતો અને એ દેશમાં અવ્યવસ્થા ફેલાઈ રહી હતી. તેથી કીર્તિના લોભી



પમો હેલી

હેન્રીએ ૩ જા એડ્વર્ડે કરેલો ફ્રાન્સના તાજ માટેનો દાવો તાજો કર્યો અને ફ્રાન્સ જોડેનો વિગ્રહ ફરીથી શરૂ કર્યો. પોતે ફ્રાન્સનો રાજા નહિં તો ઇંગ્લંડનો રાજા પણ નહિં એવો એણે નિશ્ચય કર્યો હતો. હેન્રીએ હાફ્લૅ શહેર સર કર્યું અને અઝિંકુરની લડાઈમાં



૧૫મા સૈકાનું વહાણ

જબરી જીત મેળવી. આ ફતેહો મેળવ્યા પછી અંગ્રેજોએ નૉર્મંડિ પ્રાન્ત જીતી લીધો. એથી ફ્રેંચ લોકોએ ટ્રૅાયનું કરારનામું કર્યું, જેની રૂએ હેન્રી ફ્રેંચ રાજાની કુંવરી કૅથરિન જોડે પરણ્યો, એને

ફ્રાન્સના રાજ્યપાલક તરીકે સ્વીકારવામાં આવ્યો, અને પાટવી-કુંવરને (ડૉફિનને) બાતલ કરીને હેન્રીને ફ્રેંચ રાજાનો ગાદીવારસ કબૂલ રાખવામાં આવ્યો. હેન્રીએ ફતેહની ખુશાલીના સરઘસ સાથે **પૅરિસ**માં પ્રવેશ કર્યો. એ ઇંગ્લંડ પાછો ફર્યો ત્યારે લોકોએ એને અનહદ હર્ષથી વધાવી લીધો.

નૌકાસૈન્ય—એ અરસામાં વ્હાણોમાં ઘણો સુધારો કરવામાં આવ્યો. હલેસાંને બદલે શઢનો ઉપયોગ ચાલૂ થયો અને લડાઈનાં વ્હાણો ઉપર તોપ મૂકવામાં આવી. ૫મા હેન્રીનું નૌકાસૈન્ય આખી દુનિયામાં ઉત્તમ હતું.

૬ઠ્ઠો હેન્રી—૫મા હેન્રીના મરણ પછી એનો પુત્ર ૬ઠ્ઠો હેન્રી ગાદીએ આવ્યો ત્યારે એની ઉમર એક વર્ષથી પણ ઓછી હતી.

ફ્રાન્સ જોડે વિગ્રહ—ફ્રેંચ રાજા અને એનો જીતનાર ૫મો હેન્રી બંને એક જ વર્ષમાં મરણ પામ્યા. ફ્રેંચ રાજાનો પાટવીકુંવર (ડૉફિન) ૭મો **ચાર્લ્સ** એ ખેતાબ ધારણ કરીને રાજા થયો તેથી વળી **અંગ્રેજો**એ ફ્રેંચ જોડે લડાઈ માંડી અને કેટલીક ફતેહો મેળવી. પણ જ્યારે તેઓએ **ઑર્લિયાં** શહેરને ઘેરો ઘાલ્યો અને તેઓની જીતવાની ઘડી આવી પ્હોંચી ત્યારે એક અદ્ભુત બનાવ બન્યો. **જોન દાર્ક**[1] નામની એક સત્તર વર્ષની ખેડુત કન્યાને સ્વપ્નો આવ્યાં કે 'દેશને તારી મદદની જરૂર છે, તું જઈને દેશને બચાવ.' ઘણી મુસીબત વેઠીને એ રાજાને મળી. રાજાએ એને એક ન્હાનું લશ્કર એકઠું કરવાની પરવાનગી આપી. સફેદ બખ્તરમાં સજ્જ થઈને ઘોડેસવાર થઈને એ **ઑર્લિયાં** ગઈ. ત્યાં એણે સિપાહીઓમાં એવું શુરાતન ઉત્પન્ન કર્યું કે પંદર દિવસમાં ઘેરો ઉપાડી લેવાની **અંગ્રેજો**ને ફરજ પડી. પછી ફ્રેંચ લોકોએ ફતેહ ઉપર ફતેહ મેળવી અને ર્હીમ મુકામે ૭મા **ચાર્લ્સ**ને મુગટ પ્હેરાવવામાં આવ્યો. હવે '**ઑર્લિયાં**વાળી કન્યા' (મેઇડ ઑફ **ઑર્લિયાં**) તરીકે ઓળખાતી **જોન**

---

[1] દ આર્ક નહિં, તેમ જોન ઑફ આર્ક પણ નહિં; એ નામો ભૂલથી આપવામાં આવે છે.

થોડા વખત પછી અંગ્રેજોના હાથમાં સપડાઈ. અંગ્રેજોએ એને ડાકણ ગણીને જીવતી બાળી મૂકી. એ સંતની માફક મરણ પામી, અને એ ખરેખર સંત જ હતી.

એ વખત પછી ફ્રાન્સમાં અંગ્રેજોની હાર ઉપર હાર થવા લાગી અને આખર કૅલે શિવાયનો ફ્રાન્સમાંનો બધો મુલક તેઓએ ગુમાવ્યો. આ રીતે ૧૪૫૩ માં સો વર્ષનો વિગ્રહ ખલાસ થયો.

ઉમરાવોમાં ફાટફૂટ—૬ઠ્ઠો હેન્રી બહુ નબળા મનનો હતો અને કોઈકવાર તદ્દન ઘેલો થઈ જતો. તેથી ઇંગ્લંડમાં ઘણા પક્ષો પડી ગયા હતા અને રાજ્યમાં ત્રાસજનક ગેરવહીવટ ચાલતો હતો. છેવટ ડ્યૂક ઑફ્ સૉમર્સેટના હાથમાં સત્તા ગઈ. રાજાનો પિત્રાઈ, રિચર્ડ ડ્યૂક ઑફ્ યૉર્ક, સૉમર્સેટની સત્તાની સ્હામે થયો અને લડાઈ કરવા તૈયાર થયો. એવામાં રાજાને પુત્ર થયો તેથી એ રાજ્યનો વારસ થયો અને ડ્યૂક ઑફ્ યૉર્કનો ગાદી ઉપર હક્ક રહ્યો નહિં. થોડા વખતમાં રાજા દિવાનો બન્યો અને ડ્યૂક ઑફ્ યૉર્ક રાજ્યપાલક થયો. જ્યારે રાજા સાજો થયો ત્યારે પાછી સૉમર્સેટના હાથમાં સત્તા આવી. એથી ડ્યૂક ઑફ્ યૉર્કે સૉમર્સેટ સ્હામે અને પોતાની વિરુદ્ધ પડેલી રાણી સ્હામે લડાઈ કરવાનો નિશ્ચય કર્યો. સેંટ આલ્બન્સ મુકામે ૧૪૫૫ માં તેઓ વચ્ચે યુદ્ધ થયું. આ રીતે વિગ્રહની શરુઆત થઈ. યૉર્કિસ્ટો એટલે ડ્યૂક ઑફ્ યૉર્કના પક્ષકારો પોતાના પક્ષના ચિહ્ન તરીકે સફેદ ગુલાબ ધારણ કરતા અને લૅંકેસ્ટ્રિયનો એટલે રાણીના અને પ્રધાનોના પક્ષવાળાઓ લાલ ગુલાબની નિશાની પ્હેરતા તેથી આ વિગ્રહોને "ગુલાબના વિગ્રહ" (વૉર્સ ઑફ્ ધ રોઝિસ) એ નામે ઓળખવામાં આવે છે.

ગુલાબના વિગ્રહ—આ વિગ્રહ દરમ્યાન ઘણાં યુદ્ધો થયાં જેમાંના એકમાં રિચર્ડ ડ્યૂક ઑફ્ યૉર્ક માર્યો ગયો. સૌથી અગત્યની લડાઈ યૉર્કશરમાં ટાઉટન મુકામે થઈ હતી જેમાં લૅંકેસ્ટ્રિયનોએ સજ્જડ હાર ખાધી, અને રિચર્ડના પુત્ર એડ્વર્ડ ઑફ્ યૉર્કનો ૪થા એડ્વર્ડ તરીકે રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ૬ઠ્ઠો હેન્રી અને એની રાણી સ્કૉટ્લૅંડ ન્હાસી ગયાં. પાછળથી બાજી પલટાઈ ગઈ અને ૪થા એડ્વર્ડની પડતી

આવી·જેથી ૬ઠ્ઠો હેન્રી પાછો તખ્તનશીન થયો અને છ માસ સૂધી રાજા રહ્યો. છેવટ ગ્લૉસ્ટરશરમાં ટ્યૂક્સ્બરી નજીક રાણી માર્ગરેટની હાર થઈ અને એનો પુત્ર પ્રિન્સ એડ્વર્ડ ઑફ્ લૅંકૅસ્ટર લડાઈમાં માર્યો ગયો. રાણીને પાંચ વર્ષ કેદમાં રાખવામાં આવી અને ઇંગ્લંડમાં કે ફ્રાન્સમાં કોઈપણ મુલ્ક ઉપર એ દાવો ન કરે એવી કબુલાત આપવાથી એને છોડવામાં આવી. એ બીજાં થોડાંક વર્ષ કંગાલ અને બેમાલૂમ હાલતમાં જીવી. આ વિગ્રહ દરમ્યાન ૬ઠ્ઠા હેન્રીને બે વાર પકડીને ટાવરમાં કેદ રાખવામાં આવ્યો હતો અને છેવટે એને છૂપી રીતે મારી નાખવામાં આવ્યો.

૪થો એડ્વર્ડ—હવે આટલું બધું લોહી રેડીને જીતાયેલા તખ્ત ઉપર ૪થો એડ્વર્ડ સલામતીથી બેઠો. ૬ઠ્ઠા હેન્રીના એકપણ વંશજને જીવતો રાખવામાં આવ્યો ન્હોતો.

૪થો એડ્વર્ડ આળસુ અને મોજશોખી આદમી હતો. તે છતાં એણે શક્તિમાન્ અને ન્યાયી રાજા તરીકે નામના મેળવી છે. એના કોઇ હરીફ ન્હોતા, અને એની પાસે ધન પુષ્કળ હતું તેથી એને પાર્લમેંટની પણ ગરજ ન્હોતી, એટલે એણે આપખુદી અમલ ચલાવ્યો. પોતે હરાવેલા ઉમરાવોની જમીન એણે જપ્ત કરી અને કલાઈનો, ઊનનો અને કાપડનો વ્હેપાર કરીને ઘણો પૈસો મેળવ્યો. જ્યારે એને વધારે નાણાની જરૂર પડતી ત્યારે એ તવંગર લોકો પાસેથી બક્ષીશો (બિનેવોલન્સિઝ અથવા ગિફ્ટ્સ) ઉઘરાવતો.

૩જો રિચર્ડ ગાદી ખૂંચવી લે છે—૪થો એડ્વર્ડ મરણ પામ્યો ત્યારે પોતાના બે પુત્રોને તેઓના કાકા રિચર્ડ ડ્યૂક ઑફ્ ગ્લૉસ્ટરના હાથમાં સોંપતો ગયો. તરત જ આ કાકો પોતે ૩જા રિચર્ડ તરીકે રાજા થઈ પડ્યો. બંને રાજકુંવરોને ટાવરમાં રાખવામાં આવ્યા અને તેઓ ફરીથી પાછા જોવામાં આવ્યા નહિં. રિચર્ડના ફરમાનથી એઓને મારી નાખવામાં આવ્યા હતા એમ માનવામાં આવે છે. આ ગુનાહ કર્યા છતાં રિચર્ડે સારા રાજા થવાની આશા આપી. ૪થા એડ્વર્ડે ચાલૂ કરેલી બક્ષીશો લેવાની રીત



ત્રીજો રિચર્ડ

ગેરકાયદેસર જાહેર કરવામાં આવી, અને એના રાજ્યમાં વ્હેપારને લગતાં અગત્યનાં પગલાંઓ લેવામાં આવ્યાં.

બૉસ્વર્થનું યુદ્ધ, હેન્રી ટ્યૂડર—એ વખતે લૅંકૅસ્ટ્રિયન વંશનો નજીકમાં નજીકનો વારસ હેન્રી ટ્યૂડર, અર્લ ઑફ્ રિચમંડ હતો. એની માતા ૩ જા એડ્વર્ડના પુત્ર જૉન ઑફ્ ગૉન્ટ ડ્યૂક ઑફ્ લૅંકૅસ્ટરના વંશની હતી. અને એનો પિતામહ ૫ મા હેન્રીની વિધવા ફ્રેંચ રાજકુમારી કૅથરિનને પરણીને લૅંકૅસ્ટ્રિયનો સાથે વિશેષ સંબંધથી જોડાયો હતો. આ હેન્રી આટલો વખત દેશવટો ભોગવતો હતો. તે હવે લૅંકૅસ્ટ્રિયન વંશના પ્રતિનિધિ તરીકે ગાદીનો દાવો કરવાને ઇંગ્લંડ આવ્યો. એને સંખ્યાબંધ માણસો આવી મળ્યા, અને બૉસ્વર્થની લડાઈમાં એણે રિચર્ડને હરાવ્યો. રિચર્ડ આખર સૂધી બહાદૂરીથી લડતો મરણ પામ્યો.


લોકજીવન; ગુલાબના વિગ્રહની અસર—હવે આપણે એ જમાનાના લોકજીવનનું અને આ વિગ્રહની અસરનું વર્ણન આપીશું. આ વિગ્રહ ચાલ્યો એ ત્રીશ વર્ષ દરમ્યાન લોકો ફક્ત લડવાનો જ ધંધો કરતા હતા એમ માનવાનું નથી. લડાઈઓ તો મુખ્યત્વે ઉમરાવો પોતાનાં રોકેલાં માણસોની મદદથી લડતા હતા. સામાન્ય પ્રજાને એકંદર એ લડત સાથે કાંઈપણ સંબંધ ન્હોતો. એ જમાનામાં વ્હેપારમાં વૃદ્ધિ થઈ અને પૈસો પુષ્કળ વધ્યો. વિગ્રહ દરમ્યાન ઉમરાવોની સત્તાનો નાશ થયો એથી રાજાની સત્તા વધી. ૪થા એડ્વર્ડે તો લગભગ પાર્લમેંટની મદદ વગર જ ચલાવી લીધું હતું. આ જમાનામાં ધર્મની દરકાર બહુ થોડી કરવામાં આવતી હતી અને ધર્મગુરુઓ પોતાની ફરજમાં ધ્યાન રાખતા ન્હોતા. છુટાં પાડીને જૂદે જૂદે સ્થળે ગોઠવી શકાય એવાં બીબાંઓ વડે પુસ્તક છાપવાની કળાથી વિદ્યાભ્યાસને ઘણી મદદ મળી. છાપવાની આ કળા ઇંગ્લંડમાં ૪ થા એડ્વર્ડના રાજ્ય દરમ્યાન દાખલ કરવામાં આવી હતી.

પ્રકરણ ૨ જું

ટ્યૂડરવંશ; લૅંકેસ્ટર અને યૉર્કનું જોડાણ

૭મો હેન્રી, ૧૪૮૫-૧૫૦૯

૭મા હેન્રીનું રાજ્યારોહણ અને લગ્ન—**બૉસ્વર્થની** લડાઈના જીતનારને ત્યાંને ત્યાં જ રાજા તરીકે વધાવવામાં આવ્યો, અને નવેંબરમાં એને પાર્લમેંટે હક્કદાર રાજા તરીકે સ્વીકાર્યો અને ૭મો હેન્રી નામ આપ્યું. ૩ જા એડ્વર્ડના વારસ તરીકેના એના દાવામાં વજુદ ન્હોતું, કારણકે એ જૉન ઑફ્ ગૉન્ટના દાસીપુત્રનો વંશજ હતો અને એ દાસીપુત્રને પાર્લમેંટે કાયદેસર ગણ્યો (૧૩૯૭) ત્યારે ચોખ્ખી સરત કરી હતી કે એની ઓલાદનો ગાદી ઉપર હક્ક નહિ રહે. પણ હેન્રીના હક્કમાં આવતી બધી હરકત **બૉસ્વર્થની** જીતથી અને પાર્લમેંટની સંમતિથી દૂર થઈ. એ લડાઈ પ્હેલાં હેન્રીએ પોતાના મદદનીશોને એવું વચન આપ્યું હતું કે **યૉર્ક** શાખાની



૭મો હેન્રી

ખરી વારસદાર ૪ થા એડ્વર્ડની દીકરી એલિઝાબેથને પરણીને હું **યૉર્ક** અને લૅંકેસ્ટરના કંકાસનો અંત આણીશ. એ વચન એણે પાળ્યું ; પણ, હક્કદાર રાણીના ધણી તરીકે જ પોતે રાજ ચલાવે છે એમ કોઈ ન કહે એટલા માટે પોતાના રાજ્યાભિષેક પછી જ એણે એ વિવાહ કર્યો. મનમાં તો **યૉર્ક** શાખાને એ એટલી ધિક્કારતો કે રાણી તરફ હંમેશ બેદિલ રહેતો, અને પરણ્યાને બે વર્ષ થઈ ગયાં ત્યાંસૂધી

રાણીને તાજ પ્હેરાવવાનું પણ એણે જાણી જોઈને મોકુફ રાખ્યું.

૭મા હેન્રીના રાજ્ય પછી પૂરો થતો યુગ—૭મો હેન્રી ટ્યૂડર વંશનો પ્હેલો રાજા હતો એટલે એના ગાદીએ આવવા સાથે જ ઇંગ્લંડના ઇતિહાસનો નવો યુગ શરુ થયો એમ કુદરતી રીતે મનાય છે; અને ઘણાખરા ગ્રંથોમાં **યૉર્ક-લૅંકૅસ્ટર**ના સમયને એક જમાનો અને ટ્યૂડર સમયને બીજો જમાનો ગણવામાં આવે છે. પણ પુખ્ત વિચાર કરતાં જણાય છે કે ખરી વિભાગરેખા ૭મા હેન્રીના રાજ્યની શરુઆતમાં નહિ પણ હેન્રીના મરણ પછી મૂકવી જોઈયે એ પ્રોફેસર **યૉર્ક પોવેલ**ની વાત ખરી છે. એ રેખા બતાવે છે કે '**મધ્ય**-યુગ, એ યુગની જીવનરીતિ અને વિચારશૈલી, તેમ જ એ વખતના ધર્મ, રાજનીતિ, જમીનદારી અને મજૂરીની પદ્ધતિ' એ બધાં ખતમ થયાં અને ધર્મને લગતા વિચારો બદલાવાથી અને નવીન વિદ્યા અને જ્ઞાનનો ઉદય થવાથી નવો જમાનો શરુ થયો. પ્રોફેસર **યૉર્ક પોવેલ** કહે છે કે "આ ભાગ પાડનારી રેખા એટલી ઉંડી છે કે એકબીજાથી ફક્ત એક બે દશકાને અંતરે થયેલા ૪થા એડ્વર્ડ અને ૭મા હેન્રી વચ્ચે, કે **વૉરિક** અને વુલ્ઝી વચ્ચે, બહુ થોડું મળતાપણું છે; તેના કરતાં આલ્ફ્રેડ અને પ્હેલા એડ્વર્ડ વચ્ચે, કે ડન્સ્ટન અને વિકહૅમના[1] વિલિયમની વચ્ચે સેંકડો વર્ષનું અંતર છતાં વધારે મળતાપણું હતું."

માટે આ ગ્રન્થમાં ૭મા હેન્રીના રાજ્યને ગુલાબના વિગ્રહરૂપી નાટકના છેલ્લા અંક તરીકે—અગાઉના ઇતિહાસના છેવટના પ્રકરણ તરીકે—ગણવામાં આવ્યું છે: ત્યાર પછીના ઇતિહાસના પ્હેલા પ્રકરણ તરીકે ગણવામાં આવ્યું નથી. આ નિર્ણયને ડૉ. ગાર્ડિનર તરફથી ટેકો મળે છે; એણે ૭મા હેન્રીના રાજ્યની હકીકતના છેવટમાં કહ્યું છે કે "હેન્રીએ ઇંગ્લંડના ઇતિહાસના એક યુગને ખતમ કરવાનું કામ કર્યું, નવો યુગ શરુ કરવાનું નહિ."

---

૧ વિલિયમ ઑફ્ વિકહૅમ ૩જા એડ્વર્ડના રાજ્યમાં વિંચેસ્ટરનો બિશપ હતો, અને લૉર્ડ ચેન્સેલર હતો; એણે વિંચેસ્ટર કૉલેજ અને ઑક્સફર્ડની ન્યુ કૉલેજ સ્થાપી.

લૉર્ડ લોવેલનો બળવો; લૅમ્બર્ટ સિમ્નલ—જૂના વંશવંશ વચ્ચેના કજીયાની ચીનગારીઓ આ રાજ્યનાં પ્હેલાં બાર વર્ષ દરમ્યાન ચમકતી રહી, અને વખતે વખતે એમાંથી ભડકો પણ સળગી ઉઠતો. એ કારણથી ડયૂક ઑફ્ કલૅરેન્સના પુત્ર, એટલે ૪થા એડ્વર્ડના ભત્રીજા, **અર્લ ઑફ્ વૉરિકને** કેદમાં રાખવાની અગત્ય જણાઈ, અને છેવટ ૧૪૯૯માં કાંઇ બ્હાનું મળતાં એને મારી નાખવામાં આવ્યો. હેન્રી ગાદીએ બેઠો ત્યારપછીના પ્રથમ વર્ષમાં **લૉર્ડ લોવેલની** સરદારી નીચે એક નિષ્ફળ બળવો થયો ; અને બીજા વર્ષમાં, પોતે ટાવરમાંથી ન્હાસી છૂટેલો **અર્લ ઑફ્ વૉરિક** છે એવો જૂઠો દાવો કરનાર એક આદમી ઊભો થયો. આયર્લૅંડ ઘણુંખરૂં **યૉર્ક** શાખાનો પક્ષ લેતું એટલે એ દેશમાંથી મદદ મેળવીને એ ઉઠાવગીર **સ્ટોક** આગળ રાજાના સૈન્ય સ્હામે લડાઈમાં ઉતર્યો, હાર્યો, અને રાજકુટુંબમાં હલકા નોકરની જગ્યા સ્વીકારીને સંતોષ પામ્યો. ખરૂં જોતાં એ માણસ **ઑકસફર્ડના** કોઈ વેપારીનો દીકરો **લૅમ્બર્ટ સિમ્નલ** હતો, અને એના ખોટા દાવામાં જેને લેશ પણ શ્રદ્ધા ન્હોતી એવા પ્રપંચીઓના હાથમાંનું હથિયાર બન્યો હતો.

પર્કિન વૉરબેકની વિચિત્ર વાત—એથી વધારે મ્હોટું વિઘ્ન ઉપજાવનારો એક બીજો ખોટો દાવાદાર નીકળ્યો, જેને હાલ સાધારણ રીતે **પર્કિન વૉરબેક** કહેવામાં આવે છે. એણે (ટાવરમાંથી ગૂમ થયેલો) ૪થા એડ્વર્ડનો પુત્ર તરુણ **ડયૂક ઑફ્ યૉર્ક** હોવાનો ઢોંગ કર્યો. એને ૪થા એડ્વર્ડની બ્હેન, એટલે ડયૂક ઑફ્ બર્ગન્ડીની ઓરમાન મા, **ડચેસ્ ઑફ્ બર્ગન્ડી** તરફથી અને **સ્કૉટ્લૅંડના** રાજા તરફથી મદદ મળી; **સ્કૉટ્લૅંડના** રાજાએ તો આ લેભાગુ ડયૂકને પોતાના સગપણમાંની એક છોકરી પણ પરણાવી. આ મદદ મળવાથી હેન્રીના રાજ્યહક્કમાં ખલેલ કરવાના આ માણસના પ્રયાસો ૧૪૯૨ થી ૧૪૯૭ સૂધી ચાલ્યા. કેટલાંક વિચિત્ર સાહસો કર્યાં પછી ૧૪૯૭માં એ તાબે થયો. એની ઉપર ટાવરમાંથી ન્હાસી છૂટવાનો પ્રયત્ન કરવાનો આરોપ મૂકીને એને મોતની શિક્ષા કરવામાં આવી અને એ

પ્રયત્નમાં જોડાવાનો આરોપ, ઘણે ભાગે ખોટો આરોપ, મૂકીને **અર્લ ઑફ્ વૉરિકને** પણ મારી નાખવાની આ તક **હેન્રીએ** સાધી (૧૪૯૯). આ દાવાદાર ખરી રીતે **વૉરબેક** કે **ઑસબેક** નામનો કોઇ ફ્લેમિંગ (ફ્લૅન્ડર્સનો રહેવાશી) હતો એ વાતનો કાંઇક મજબૂત પુરાવો છે; પણ આ વાતમાં થોડોક ભેદ છે ખરો. ૭મા હેન્રીએ રજૂ કરેલી મુદ્દાસર હકીકત વિશ્વાસપાત્ર નથી કારણ કે, **બેકન** કહે છે તેમ, "ખાતરી કરી આપવાને બદલે શંકાઓ ઉપજાવવાની એ રાજાની રીત હતી." **અર્લ ઑફ્ વૉરિકને** કરવામાં આવેલી મોતની શિક્ષા કાયદેસર હતી તે છતાં લોકમાં એ ઘણી જ અણગમતી થઇ, પણ એને પરિણામે ગાદીનો આ બીજો એકપૂરો દાવાદાર હતો તે દૂર થયો એટલે ટ્યૂડર વંશને સલામત બનાવવાની મુરાદ બર આવી. **કૉર્નિશ્મેનોએ** ૧૪૯૭ માં બળવો કર્યો એ પણ આડકતરી રીતે **પર્કિન વૉરબેકના** છેલ્લા પ્રયત્ન સાથે સંબંધ ધરાવતો હતો. બળવાખોરો ઇંગ્લંડ ઓળંગીને કૂચ કરતા આવ્યા અને **લંડનની** નજીક **બ્લૅકહીથ** મુકામે તેઓએ પડાવ નાખ્યો; ત્યાં તેઓને સ્હેલાઇથી ઘેરી લેવામાં આવ્યા અને જબરી ખુનરેજી સાથે હરાવવામાં આવ્યા.

પરદેશના મામલા અને વિવાહસંબન્ધ—યુરોપના રાજતન્ત્રની ખટપટમાં રાજા **હેન્રી** સારો ભાગ લેતો; રાજનીતિમાં **ફ્રાન્સના ૧૧ મા લુઇનો** અને **ઍરૅગૉનના ફર્ડિનૅન્ડનો**[1] એ બરોબરીઓ નીકળ્યો. **બેકન** કહે છે તેમ 'એને જોઇતો હતો તેવો જ મળતિયો **ઍરૅગૉનનો ફર્ડિનૅન્ડ** એને મળી ગયો.' **હેન્રીના** કુંવર **આર્થર પ્રિન્સ ઑફ્ વેલ્સનો ફર્ડિનૅન્ડની** પુત્રી **કૅથરિન ઑફ્ ઍરૅગૉન** સાથે

---

૧. ફ્રાન્સનો રાજા ૧૧ મો લુઇ ૭મા ચાર્લ્સનો પુત્ર હતો. એને રહીમ્સ મુકામે જોન ડાર્કે તાજ પ્હેરાવ્યો હતો; એણે ૧૪૬૧થી ૧૪૮૩ સૂધી રાજ્ય કર્યું. એ રાજા રાજખટપટમાં ખાસ બાહોશ હતો. એની ખાસિયતોનું હૂબહૂ વર્ણન સર વૉલ્ટર સ્કૉટની નવલકથા કવેન્ટિન ડર્વર્ડમાં આપ્યું છે. ઍરૅગૉનનો રાજા ફર્ડિનૅન્ડ કૅસ્ટાઇલની ઇસાબેલા જોડે પરણ્યો અને એ રીતે એણે સ્પેનનો મુલક સર કર્યો. એ ૧૫૧૬માં મરી ગયો. એ ૭મા હેન્રી જેટલો જ ખંધો હતો.

વિવાહ થવાથી નવેંબર ૧૫૦૧માં સ્પેનના એ રાજા સાથેનો સંબંધ દૃઢ થયો. ૧૫૦૨ માં પ્રિન્સ આર્થર મરણ પામ્યો ત્યારે પોપની પરવાનગીથી કૅથરિનનો પોતાના બીજા પુત્ર હેન્રી સાથે વિવાહ કર્યો; પાછળના રાજ્યમાં આ પગલાનાં ગંભીર પરિણામો આવ્યાં. એ જ વર્ષમાં (૧૫૦૨ માં) હેન્રીની પુત્રી માર્ગરેટનો વિવાહ સ્કૉટ્‌લૅંડના રાજા સાથે થયો, અને એ મુજબ એક સૈકા પછી થનારા બે રાજ્યના જોડાણનો પાયો નખાયો. રાજાએ ફ્રેંચ મુલક ઉપરનો પુરાણો દાવો તાજો કરવો એવી અંગ્રેજ લોકની ઇચ્છા હતી; અને ૮મા ચાર્લ્સના ડચેસ્ ઑફ્ બ્રિટનિ સાથેના લગ્નથી બ્રિટનિ સંસ્થાનનું ફ્રાન્સના રાજ્ય સાથે ૧૪૯૧માં જોડાણ થયું એ અટકાવવાને અંગ્રેજો ખાસ આતુર હતા.

હેન્રીએ ફ્રાન્સ સાથે વિગ્રહ કરવાનો ઢોંગ કરીને પ્રજાને પટાવી, પરંતુ એ વાતમાં એનું દિલ ન્હોતું. કારણ કે સ્પેન સાથે સંબંધ બાંધવાનું કાર્ય એને વધારે પસંદ હતું, અને લડાઈ વડે કીર્ત્તિ મેળવવા કરતાં લડાઈનું ખર્ચ લડાઈમાંથી જ કાઢવાને એ વધારે ઇંતેજાર હતો. ‘ એ વિગ્રહ સાથે એણે વ્હેવાર રાખ્યો તે માત્ર વળતરમાં પૈસો આવે એટલા માટે જ. ’ એટાપ્લની સુલેહ થઈ ત્યારે ૧૪૯૨માં પૈસા લઈને ખશી જવાનું એને બહુ ગમ્યું.

રાજા હેન્રીનો ધનલોભ—૭મા હેન્રીની રાજનીતિમાં એનો મુખ્ય દોષ લોભ હતો, અને છેવટના વર્ષોમાં તો એના ધનલોભની ચોમેર નિંદા થવા લાગી. ૪થા એડ્‌વર્ડે શરૂ કરેલી (પૂર્વે પૃ. ૪૦) પણ ૩જા રિચર્ડે (પૂર્વે પૃ. ૪૨માં બતાવ્યા મુજબ) રદ કરેલી ‘બિનેવોલન્સ’ની એટલે પરાણે પૈસા લેવાની પદ્ધતિ હેન્રીએ ફરી ચાલુ કરી : પોતાનો ભંડાર ભરાય એટલા ખાતર ગમે તે માર્ગ લેવા એ તૈયાર હતો. ‘ સજા કરવાના કાયદાઓનો લાભ લઈને જપ્તીથી પ્રજાની ગાંઠમાંથી પૈસો છોડાવવો ’ એ કામ એના મદદનીશ એમ્પ્સન અને ડડ્‌લીને સારૂં આવડતું, અને તેઓ બાતમીદારોનાં ટોળાંઓને ચાલુ ઉપયોગમાં રાખતા. બેકનના જોવામાં એક નોંધપોથી આવી હતી, જેમાં પાંચ માર્ક એટલે આશરે પચાસ રૂપિયા જેવી ન્હાની રકમનો રાજદાવો ભરપાઈ

થવાની નોંધ રાજાએ પોતાને હાથે કરી હતી. ગુલાબના વિગ્રહ પછી બાકી રહેલા થોડાએક પ્રબલ ઉમરાવોની સત્તાનો નાશ કરવાનો નિશ્ચય કરીને એણે 'પોશાક અને નિભાવ' (લીવરી અને મેઇન્ટેનન્સ)નો રિવાજ બંધ કરાવ્યો, એટલે કે ઉમરાવનો આપેલો ખાસ એક સરખો લેબાસ પ્હેરતા હથિયારબંધ સિપાહીઓની મ્હોટી મ્હોટી ટુકડીઓ રાખવાની એણે ઉમરાવોને મના કરી: જો કોઈ એનો કાયદો તોડતું તો એ દંડ તરીકે મ્હોટી મ્હોટી રકમો *કઢાવતો. આ બધા ઉપાયોનું ફળ એ આવ્યું કે "રાજાના ભંડાર ઉપર સોનાનો વરસાદ પડવા લાગ્યો," એટલે એ મરણ પામ્યો ત્યારે પાઉંડ ૧૮,૦૦,૦૦૦ ની રોકડ સિલક મૂકી ગયો, જેની કિંમત આજે લગભગ એક કરોડ અને પાંચ લાખ પાઉંડ થાય. રોકડ સિલક વધારવા માટે કરેલા જોરજુલમથી એ રાજા, ખાસ કરીને એના રાજ્યનાં છેવટનાં વર્ષોમાં, લોકમાં બહુ અપ્રિય થઈ પડયો એ સ્વાભાવિક હતું. એના લોભથી અને એના મારફતિયાઓના કાવાદાવાથી પ્રજા કંટાળી ગઈ હતી, એટલે ગુલાબના વિગ્રહનો અંત આણવામાં, દેશમાં અને પરદેશમાં સુલેહ જાળવવામાં, અને ઉપયોગી કાયદાઓ રચવામાં એણે જે ચતુરાઈ બતાવી હતી એની ઘટતી કદર કરવાને પણ પ્રજા રાજી નહોતી. **આર્ચબિશપ મૉર્ટન** અને **બિશપ ફૉક્સ** જેવા એના પ્રથમના સલાહકારો હતા તેઓ, જીંદગીના પાછલા ભાગમાં રાજાએ જે માણસો ઉપર આધાર રાખ્યો તે કરતાં, ઘણા ચડતા ચારિત્રવાળા હતા.

રાજસત્તાનો ઉદય; પાર્લમેંટની પડતી—એના રાજ્ય દરમ્યાન તાજની સત્તા વધતી ચાલી અને **પાર્લમેંટની સત્તા** ઘટતી ગઈ. બંદૂકના દારૂની શોધથી, અને તોપની તથા અગ્નિઅસ્ત્રની, અથવા એ વખતનું નામ આપીએ તો 'હાથ-બંદૂક'ની, વપરાશ ક્રમે ક્રમે વધી તેથી, દરેક દેશની રાજસત્તાનું જોર ખૂબ વધ્યું. હેન્રીના સમયમાં તીરકામઠાંને બદલે બંદૂકોનો ઉપયોગ વધતો ગયો, અને એક પક્ષની પાસે તોપખાનું હોય એટલાથી જ યુદ્ધનું પરિણામ પરખાઈ જતું. **બ્લૅકહીથ** મુકામે (પૂર્વે પૃ. ૪૬) **કૉર્નિશ** બંડખોરોની સ્હામે તોપના ઉપયોગની જબરી અસર થઈ હતી. સાધારણ રીતે રાજા

શિવાય કોઈ પાસે તોપ ન્હોતી એટલે રાજાને એથી અત્યન્ત લાભ મળતો. પૈસો મેળવવાની તદબીરો હેન્રીએ વાપરી એથી એને પાર્લમેંટની ઉદારતા ઉપર આધાર રાખવો ન પડતો; અને પાર્લમેંટને બદલે રાજાના ખાનગી મંત્રીમંડળની હકુમત ચાલે એવી સ્થિતિ જોવાનો લોકને મહાવરો પડી ગયો. ખાનગી મંત્રીમંડળ અને મદદમાં બે ન્યાયાધીશો એટલાની બનેલી સ્ટાર ચેમ્બરની ન્યાયસભાને નિયમિત રૂપ પ્હેલવ્હેલું હેન્રીએ જ આપ્યું. સામાન્ય ફોજદારી કોર્ટમાં જેઓનું કામ ચલાવવું અનુકૂળ ન પડે એવા સત્તાવાન્ પુરુષોએ કરેલા જુલમ અને અપરાધનો નિકાલ કરવો એ આ ન્યાયસભાનું ખાસ કામ હતું. પ્રથમ એ ન્યાયસભા ઉપયોગી હતી, પણ પાછળથી, સ્ટુઅર્ટ રાજ્યમાં, એ જુલમગારીનું સાધન થઈ પડી.

વ્હેપારી વહાણવટ અને વ્હેપાર—નવું વ્હાણ ઘડીને પ્હેલી જ સફર કરનારા વ્હાણવટીને 'બક્ષીસ' આપીને, એટલે કે જકાત માફ કરીને, હેન્રીએ વેપારી વ્હાણવટને ઉત્તેજન આપ્યું. વેનીસ, ફ્લૅન્ડર્સ અને જર્મની સાથે બ્રિટિશ વેપારની તક વધારવાને એણે ભારે મ્હેનત કરી. સેબાસ્ટિઅન કૅબટ નામના વેનિસના સાહસિક વ્હાણવટીએ બ્રિસ્ટલથી સફર શરૂ કરીને અમેરિકા તરફની શોધખોળો કરી તેમાં પણ એણે મદદ આપી. કોલંબસ વગેરે પુરુષોએ અમેરિકામાં મુલ્કો શોધ્યા (૧૪૯૨–૧૫૦૪), અને પોર્ટુગીઝોએ હિંદુસ્તાનની સફરો કરી (૧૪૮૬–૧૫૧૦), એથી વેપારનાં નવાં નવાં ક્ષેત્રો એ જમાનામાં ખૂલતાં જતાં હતાં.

રાજકીય નૌકાસાધન—શહેનશાહી અથવા લડાયક કાફલાઓ તરફ પણ લક્ષ આપવામાં આવ્યું. વ્હાણના તૂતક ઉપર તોપો મૂકવાની શરૂઆત થવાથી પ્હોળાં, વજનદાર, વિશાળ જગ્યાઓવાળાં વ્હાણો બાંધવાની જરૂર પડી. ૭ મા હેન્રીનું મ્હોટામાં મ્હોટું વ્હાણ "રીજન્ટ" ૬૦૦ ટનનું હતું અને ફ્રેંચ નમૂનાની નકલ કરીને ઘડેલું હતું. દક્ષિણ કિનારે પૉર્ટ્સમથ બંદર છે, જે આજે પણ ઇંગ્લંડની વ્હાણવટનું મુખ્ય મથક છે, ત્યાં પોતાનાં વ્હાણો સમારકામ માટે રહે એવી સૂકી ગોદી પણ હેન્રીએ પ્હેલી બંધાવી.

શિલ્પ.—શિલ્પકળાની ખીલવણી ફતેહથી આગળ વધતી ગઈ. અંદરઅંદરનો વિગ્રહ બંધ થતાં રહેવાને માટે કિલ્લાઓની અગત્ય રહી નહિં, અને બચાવને અર્થે નહિં પણ આશાયેશને માટે મકાનો બાંધવાં લોકોએ શરુ કર્યાં. ઘણી સુંદર કૉલેજો અને ખાનગી પૂજામંદિરો ભપકાદાર ઢબનાં રચાયાં. વેસ્ટમિન્સ્ટરમાંનું ૭ મા હેન્રીનું પૂજામંદિર જાણવાજોગ ઉત્તમ મંદિરોમાંનું એક છે; એમાં એના પુત્રે એક ભવ્ય કબ્ર બંધાવી, જેમાં, બેકનનાં વચનોમાં કહિયે તો, 'યુરોપનાં પૂજામંદિર અને કબ્રમાં ભવ્યમાં ભવ્ય અને સુંદરમાં સુંદર ગણાય એવા સ્મારકમંદિરમાં એ રાજા મૃત્યુનિદ્રામાં સૂતો છે. એટલે રિચ્મંડમાં કે પોતાના બીજા કોઈ મ્હેલમાં જીવતાં રહ્યો હશે તેના કરતાં મરણ પછી, એ કબ્રની સ્મારક રચનામાં, તે વધારે જાહોજલાલીથી રહે છે.'

૭ મા હેન્રીનું મરણ અને ચારિત્ર—૨૨ મી એપ્રિલ ૧૫૦૯ ને રોજ પોતાના ચોપનમા વર્ષમાં રાજા મરણ પામ્યો. ફરીથી બેકનનાં વચન ટાંકિયે તો એ પુરુષ 'શાન્ત, ગંભીર, વિચારોથી અને છુપાં નિરીક્ષણોથી ભરપૂર હતો. પોતાને હાથે લખેલી, ખાસ કરીને આદમી વિશેની, નોંધોથી અને સ્મરણોથી પૂર્ણ રહેનારો, ડાહ્યા માણસોને હેરત પમાડનારો, પોતાનાં કામકાજમાં પૂરો મશગૂલ રહેનારો એ હતો. એની મોજમજાહ વિશે કાંઈ હકીકત મળતી નથી, અને એ વિદ્વાન ઓછો પણ અભ્યાસી વધારે હતો,' 'ચતુરાઈમાં અને રાજનીતિમાં ઉંચી નામના' એણે મેળવી; અને એ રાજા 'પોતાની ઇચ્છાને અને પદ્ધતિને ચ્હાતો; કારણ કે એ પોતાને માટે માન ધરાવનારો, અને રાજ્ય કરીશ જ એવા નિશ્ચયવાળો હતો.'

ડૉક્ટર ગાર્ડિનરના મત પ્રમાણે 'ઇંગ્લંડ માટે જેઓએ ઘણું કર્યું છે એવા રાજાઓની ગણતરીમાં ગણાવાને એ યોગ્ય છે. એ ક્ષત્રિયવટ જાળવનારો કે કલ્પનાવાળો ન્હોતો, પણ એ તો એનો જમાનો જ એવો ન્હોતો. એ સમયના લોકને તો સુલેહ જાળવનાર જમાદાર જોઈતો હતો, અને તેઓને જે જોઈતું હતું તે એણે આપ્યું.'

મુખ્ય તારીખો

૭મા હેન્રીનું રાજ્યારોહણ	૧૪૮૫
લૅમ્બર્ટ સિમ્નલ, ખોટો દાવો કરનાર	૧૪૮૭
ફ્રાન્સ સાથેની એટાપ્લની સુલેહ	૧૪૯૨
પર્કિન વૉરબેકના પ્રયાસો	૧૪૯૨–૭
કૉર્નિશ બળવો	૧૪૯૭
અર્લ ઑફ વૉરિકનો વધ	૧૪૯૯
પ્રિન્સ આર્થરનું ઍરૅગૉનની કૅથરિન સાથે લગ્ન ...	૧૫૦૧
પ્રિન્સેસ માર્ગરેટનું સ્કૉટ્લૅંડના રાજા સાથે લગ્ન ...	૧૫૦૨
હેન્રીનું મૃત્યુ ... ... એપ્રિલ	૧૫૦૯

પ્રકરણ ૩ જું

૮મો હેન્રી; ૬ઠ્ઠો એડ્વર્ડ; ૧લી મેરી; ૧૫૦૯-૫૮

હેન્રી ૮મો તખ્તનશીન થતાં પ્રજાનો હર્ષ—ખાલી પડેલા તખ્ત ઉપર પ્રિન્સ ઑફ્ વેલ્સ હેન્રી બેઠો ત્યારે આખું ઈંગ્લંડ આનંદમાં મગ્ન બન્યું. તરુણ રાજા અઢાર વર્ષનો હતો, ખૂબસુરત, આનંદી અને ખરચાળ હતો, બધી મરદાની રમતગમતમાં અને કસરતમાં કુશળ હતો, તનથી અને મનથી પૂરો અંગ્રેજ હતો, અને વિશેષમાં વિદ્વાન હતો; એના ગંભીર સ્વભાવના પિતાથી બધી રીતે એ જૂદો હતો. આવા રાજકુમારના રાજ્યારોહણને રાજ્યના આશાભર્યા બનાવ તરીકે હર્ષથી વધાવી લેવામાં આવે એ આશ્ચર્ય નથી, પણ પછીનાં વર્ષોમાંના આચરણથી હેન્રીની પ્રથમની લોકપ્રિયતા પૂરેપૂરી નાશ ન પામી એ નવાઈની વાત છે.

લગ્ન; એમ્પ્સન અને ડડ્લીનો વધ—પોતાના ભાઈની તરતજ વિધવા થયેલી સ્ત્રી ઍરૅગૉનની કૅથરિન સાથે પોતાનું લગ્ન પાર પાડવામાં એણે લેશ પણ વિલંબ ન કર્યો, અને પોતાના પિતાનો ધનલોભ પૂરો પાડવામાં સાધન બનેલા એમ્પ્સન અને ડડ્લીનો વધ કરીને લોકની વાહવાહ મેળવવામાં પણ ઢીલ ન કરી. તેઓની ઉપર રાજદ્રોહનો આરોપ મૂકયો, અને આરોપ મૂકાયા પછી ગુન્હો સાબીત કરવાનું કામ સ્હેલાઈથી થયું. પોતાના રાજ્ય દરમ્યાન હેન્રીએ વધ ઘણાના કરાવ્યા, પણ લગભગ હરેક પ્રસંગે એ કામને કાયદેસર રૂપ આપીને એણે ખાનગી વેર અને રાજકીય પ્રપંચ ઉપર પડદો ઢાંકયો.

પરદેશના વહીવટ; ફ્લૉડનનું યુદ્ધ, ૧૫૧૩—૧૫૧૨ સૂધી કાંઈ ખાસ જાણવાજોગ બીજું બન્યું નહિં. એ સમયમાં યુરોપ-ખંડમાં ત્રણ મ્હોટી સત્તાઓ હતી, ફ્રાન્સ, સ્પેન, અને જર્મન સામ્રાજ્ય; એ ત્રણે રાજ્યો એક બીજા સાથે ચાલુ પ્રપંચોમાં પરોવાઈ રહેતાં, જેમાં પોપ પણ પૂરો ભાગ લેતો. પોતાના સસરા સ્પેનના



૮ મો હેન્રી


રાજા ફર્ડિનૅન્ડની સાથે અને પોપની સાથે જોડાઈને ફ્રાન્સના રાજા ૧૨મા લુઈની સ્હામે થવાનો નિશ્ચય કરીને હેન્રીએ ફ્રાન્સ ઉપર ચડાઈ મોકલી પણ ફતેહ ન મળી. બીજેજ વર્ષે, ૧૫૧૩માં, એણે જાતે જ ફરીથી હુમલો કર્યો, અને ફ્લૅન્ડર્સમાં એ એક લડાઈ જીત્યો; એ લડાઈને 'એડીકાંટાની લડાઇ' (બૅટલ ઑફ્ ધ સ્પર્સ) કહે છે કારણ કે ફ્રેંચ લોકો ન્હાસી ગયા હતા અને એમણે માત્ર એડીનો જ ઉપયોગ કર્યો હતો. ફ્રાન્સના મળતિયા સ્કૉચલોક સાથેની લડાઈ વધારે અગત્યની હતી. અર્લ ઑફ્ સરેની સરદારી નીચે અંગ્રેજોને, ઈંગ્લંડની સરહદની આ બાજૂએ આવેલા ફ્લૉડન નજીક, સ્કૉટ લોકોની સ્હામે લડાઈ થઈ જેમાં અંગ્રેજોએ સ્કૉટ લોકોને ખૂનખાર હાર ખવરાવીઃ અને સ્કૉટ લોકોનો રાજા ૪થો જેમ્સ અને સંખ્યાબંધ ઉમરાવો માર્યા ગયા (૧૫૧૩).[૧] ૧૫૧૯મા ફર્ડિનૅન્ડનો પૌત્ર સ્પેનનો ૫મો ચાર્લ્સ જર્મનીનો સમ્રાટ્ ચૂંટાયો, એટલે યુરોપખંડ ઉપરની સત્તાઓ ત્રણમાંથી ઘટીને બે થઈ; અને હેન્રીને પોતાના રાજ્યના બાકીના સમય દરમ્યાન હંમેશ વિચાર થઈ પડતો કે ફ્રાન્સના મદદગાર બનવું કે જર્મની અને સ્પેન સાથે જોડાવું. ફ્રાન્સની જોડે સુલેહ કરવામાં આવી. ૧૫૨૦માં ફ્રેંચ અને અંગ્રેજ રાજાઓ ઉત્તર ફ્રાન્સમાં આર્દ્ર મુકામે એકબીજાને મળ્યા. મેળાપના સ્થાનને એવા ઠાઠમાઠથી શણગારવામાં આવ્યું હતું કે 'કિનખાબનું મેદાન' (ધ ફીલ્ડ ઑફ્ ધ ક્લૉથ ઑફ્ ગોલ્ડ) એવું એનું નામ પડ્યું. પણ પાછી ૧૫૨૨માં ફ્રાન્સ સાથે લડાઈ સળગી, પણ કાંઈ વજુદવાળું પરિણામ ન આવ્યું.

વુલ્ઝીની પ્રારંભની કારકીર્દી—આ સઘળાં વર્ષો દરમ્યાન હેન્રી કામકાજમાં બહુ લક્ષ આપતો ન્હોતો જણાતોઃ પોતાના

---

૧ સર વૉલ્ટર સ્કૉટ કૃત માર્મિયનમાં આ વાત વાંચવાથી રસ પડશે.

મંત્રી વુલ્ઝીના હાથમાં સઘળો કારોબાર સોંપ્યો હતો. ટૉમસ વુલ્ઝી એક વેપારીનો પુત્ર હતો, ન્હાની વયમાં જ પાદરી બન્યો હતો, અને એ વખતના બીજા ઘણા પાદરીઓની માફક એણે માત્ર દુનિયાદારીના કામકાજમાં જ લક્ષ આપ્યું હતું. હલકી અવસ્થામાંથી વધેલા અધિકારીઓને નોકરી માટે પસંદ કરનારા ૭ મા હેન્રીએ એને પોતાના વિશ્વાસુ કામદાર તરીકે રોક્યો હતો. અને નવા રાજાને એ એટલો બધો ઉપયોગી થઈ પડ્યો કે એને ઝડપથી વધારીને બિશપ અથવા મહંત બનાવવામાં આવ્યો, જેથી એ ખૂબ તાલેવન્ત બન્યો. ફ્રાન્સ સાથેના નકામા વિગ્રહોથી અને રાજદરબારના ઉડાઉપણાથી ખર્ચ એટલો બધો થઈ ગયો કે ૭ મા હેન્રીએ સંઘરેલી સઘળી રોકડ ફના થઈ ગઈ અને રાજાને નાણાંની જબરી તંગી પડી. ૧૫૨૩માં અન્યાયી ઉપાયો વડે મ્હોટી રકમ એકઠી કરવાના વુલ્ઝીએ પ્રયત્ન કર્યા. એની એ હીલચાલથી એટલો તો અસંતોષ ફેલાયો કે એને અટકાવવો પડ્યો, અને રાજાને નાણાં વગર ચલાવી લેવું પડ્યું.



વુલ્ઝી

૧૫૨૫ થી ૫ મા ચાર્લ્સની સત્તાનો વધારો—ઇટલિમાં પેવિયા મુકામે થયેલા યુદ્ધને પરિણામે ૧૫૨૫માં યુરોપખંડ ઉપરની સ્થિતિ તદ્દન બદલાઈ ગઈ: એ યુદ્ધમાં **ફ્રાન્સ**ના રાજા **૧લા ફ્રાન્સિસ**ને શહેનશાહ **ચાર્લ્સ ૫ મા**એ હરાવ્યો એટલું જ નહિ પણ કેદ પકડ્યો, અને એ રીતે **ચાર્લ્સ** યુરોપનો મુખ્ય સત્તાધારી બન્યો. લગભગ બે વર્ષ પછી શહેનશાહી સૈન્યોએ **રોમ** લૂટ્યું (૧૫૨૭). આ બનાવોથી **અંગ્રેજ** સરકારને બીક પેઠી કે **૫ મો ચાર્લ્સ** બહુ

જોરાવર બની જશે, અને એથી ફ્રાન્સને મદદ આપવી એ ડહાપણનું કામ છે એમ લાગ્યું.

ધર્મસુધારાનો પ્રારંભ—બીજી બાબતોએ પણ ઇંગ્લંડના રાજાના વર્તન ઉપર ખૂબ અસર કરી. તેમાંની એક તો રેફર્મેશન તરીકે મશહૂર થયેલી ધાર્મિક સુધારાની ચળવળની શરૂઆત હતી; એ ચળવળ રાજકાર્યમાં સત્તા ચલાવવાના પોપના દાવાની વિરુદ્ધ ઉભી થઈ હતી: ઘણા પાદરીઓનાં ખરાબ જીવનો સુધારવાં તેમ જ ધર્મતંત્રે શીખવેલા પણ સુધારકોને ભૂલભરેલા જણાતા કેટલાક સંપ્રદાયોને બદલાવવા એવો એ ચળવળનો ઉદ્દેશ હતો. આ ધર્મસુધારાનાં પરિણામોએ છેક ૧૬૮૮ની રાજ્યક્રાન્તિ સુધીના ઇંગ્લંડના ઇતિહાસનો રંગ બદલાવ્યો હતો એ કારણે ટ્યૂડરના સમયમાં થયેલા ધાર્મિક ફેરફારનું સ્વરૂપ કાંઈક વીગતવાર સમજાવવું જોઇશે. પંદરમા સૈકામાં ઇંગ્લંડમાં, વિક્લિફ, સર જૉન ઓલ્ડકૅસલ, અને બીજાઓએ જે પ્રયત્નો કર્યા હતા (પૂર્વે પૃ. ૩૨) તે ૪ થા હેન્રી અને ૫ મા હેન્રીના જુલ્માટથી એવા દબાઈ ગયા હતા કે એ પ્રયાસોનું દેખીતું ફળ નહિ જેવું જ આવ્યું, જો કે એટલું ખરું કે એથી ઘણા માણસોનાં મન ફેરફાર માટે અંદરખાને તૈયાર થઈ રહ્યાં હતાં. વિક્લિફે આદરેલા અને કેટલાક શિષ્યોએ જારી રાખેલા બાઇબલના અંગ્રેજી ભાષાન્તરે લોકના વિચાર ઉપર ઉંડી અસર કરી હતી એમાં શંકા નથી, પણ વિક્લિફના ઉપદેશનાં પરિણામો ઇંગ્લંડ કરતાં યુરોપખંડમાં દેખીતાં વધારે સ્પષ્ટ હતાં.

કલા અને સાહિત્યનો પુનર્જન્મ—૧૪૫૩ માં તુર્કોએ બાઇઝેન્ટાઇનની એટલે પૂર્વની રોમન શહેનશાહતની રાજધાની કૉન્સ્ટૅન્ટીનોપલ્ (ઇસ્તંબૂલ) અથવા રૂમ શહેર સર કર્યું તેથી ગ્રીક ગ્રન્થો અને પંડિતો વિખરાઈને ફેલાવા લાગ્યા. એ ગ્રન્થોની અને પંડિતોની અસરથી ધીમે ધીમે ગ્રીક વિદ્યાઓનો નવેસર ઉદય થવા લાગતાં પંદરમા સૈકાના છેવટમાં યુરોપની સઘળી પ્રજાઓની બુદ્ધિમાં ઉંડા તનમનાટ વ્યાપી રહ્યો. સૈકાઓ સુધી યુરોપના પ્રત્યેક દેશના વિદ્વાનોમાં

કાંઈક અપભ્રષ્ટ રૂપે લૅટિન ભાષા પ્રચાર પામી હતી, અને પ્રાચીન ગ્રીક તત્ત્વજ્ઞાન અને સાહિત્યના નવા અભ્યાસને લીધે લૅટિન ભાષા પણ વધારે ચોક્કસાઈથી શીખાવા લાગી. ત્યારસૂધી વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ ઘણો સંકુચિત હતો: ફક્ત ધર્મ અને કાયદાનો જ અભ્યાસ થતો. પણ પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં ઉપર મુજબ ગ્રીક અને રોમન સાહિત્યો પ્રકાશમાં આવ્યાં, અને ખસી શકે એવાં બીબાંઓવડે છાપવાના હુન્નરની શોધથી (પૂર્વે પૃ. ૪૨) એ સાહિત્યો સ્હેલાઈથી મળવા લાગ્યાં, એટલે ત્યારથી વિદ્યાર્થીઓને નવાં નવાં ક્ષેત્રો ખોળવાનાં મળ્યાં. હામ-હામ ઉત્સાહથી વધાવી લેવાતી એ નવી વિદ્યાની અસરથી જૂની ધાર્મિક માન્યતાઓ એકદમ ડગુમગુ થઈ અને નરી બુદ્ધિવડે એ માન્યતાઓનો બચાવ કરવો મુશ્કેલ થઈ પડયો. ગ્રીક અને રોમન અથવા લૅટિન વિદ્યાઓના આ નવા ઉદયને ઘણુંખરું 'રેનેસાંસ' કે 'રિનેસન્સ' કહેવામાં આવે છે; એ શબ્દનો અર્થ 'પુનર્જન્મ' થાય છે.

સામાન્ય વ્યાપી રહેલી જિજ્ઞાસા—આ પ્રમાણે ૮ મા હેન્રીના રાજ્યમાં આખી પ્રજામાં જિજ્ઞાસા ફેલાઈ રહી હતી. જૂની જામેલી ધર્મમાન્યતાઓના ખરાપણા વિશે શંકા ઉઠાવવી, હોદ્દાદાર ધર્મગુરુ-ઓનાં આચરણોને એમની સિદ્ધાન્તોની મ્હોટી મ્હોટી વાતો સાથે સરખાવવાં, અને પોપ અને બિશપોના અધિકાર સામે વાંધો ઉઠા-વવો, એ તો દરેક યુરોપિયન પ્રજાનો સ્વભાવ થઈ રહ્યો હતો.

માર્ટિન લ્યૂથર; માફીપત્રો; જૉન કૅલ્વિન—વિદ્યાનો નવો વિકાસ, અને ધાર્મિક વિષયોને અને ધર્મગુરુઓના વહીવટને બારીકીથી તપાસવાની વૃત્તિ, એ લક્ષણો ઇંગ્લંડમાં ગુલાબના વિગ્રહથી દબાઈ રહ્યાં હતાં. જર્મનિમાં લોકને વિચાર કરવાની વધારે ફુરસદ હતી, એટલે સોળમા સૈકાનો ધર્મસુધારો શરુ કરવાનું માન માર્ટિન લ્યૂથર નામે એક જર્મન સાધુને મળ્યું. પોપોએ પાપની માફી પૈસા લઈને વેચવાનો નિંદવાજોગ રિવાજ સ્વીકાર્યો હતો. આ માફીપત્રો (ઇન્ડલ્જન્સિઝ) ખૂલી રીતે વેચવામાં આવતાં, અને સામાન્ય લોક

બિચારા એવા ભોળા હતા કે પોપને નાણું આપીશું તો પાપની જે શિક્ષા ભોગવવી પડે તેમાંથી બચી જવાશે એવું માનતા.[૧] આ જાતના રિવાજમાં રહેલી મૂર્ખતા અને દુષ્ટતા લ્યૂથરને સ્પષ્ટ જણાઈ. અને ૧૫૧૭ માં એણે એની સ્હામે ખુલ્લો વિરોધ પ્રગટ કર્યો, જે વાતને ધર્મસુધારાનું પ્હેલું કાર્ય ગણી શકાય. થોડાક સમય પછી સ્વિટ્ઝરલૅંડ દેશમાં જિનીવા શહેરમાં રહેતા જૉન કૅલ્વિન નામના એક ફ્રેન્ચ ગૃહસ્થે લ્યૂથરના સિદ્ધાન્તોથી

માર્ટિન લ્યૂથર

કંઈક જૂદા સિદ્ધાન્તોવાળો પ્રૉટેસ્ટન્ટ પંથ ચાલૂ કર્યો, અને ધર્મસંસ્થાનો વહીવટ નવે રૂપે જિનીવામાં સ્થાપ્યો, જેને સ્કૉટ્લૅંડના સુધારકોએ સ્વીકાર્યો અને ઘણા અંગ્રેજોએ ખૂબ વખાણ્યો. એના આ પગલાથી સુધારકોના મુખ્ય બે પંથ થયા—કૅલ્વિનપંથીઓ અને લ્યૂથરપંથીઓ.

'પ્રૉટેસ્ટન્ટ' શબ્દની ઉત્પત્તિ.—જર્મનિમાં લ્યૂથરની હીલચાલોથી જબરો ખળભળાટ મચ્યો; ત્યાં રાજવંશીઓ અને લોકો બે પક્ષમાં વ્હેંચાઈ ગયા, એક પક્ષ લ્યૂથરના સિદ્ધાન્તોને અને કાર્યને વખાણનાર હતો, અને બીજો પક્ષ એને જૂના મતનો વિરોધી અને જીવતો જ બાળવા લાયક ગણીને વખોડનારો હતો. ઇંગ્લંડના રાજા હેન્રીએ યુવાવસ્થામાં ધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો એટલે એ પણ ઝગડામાં શામિલ થયો

૧ કર્મમાં માનનારો કોઈ હિંદી આવું 'માફીપત્ર' ખરીદવાને લલચાય નહિ.

અને એણે લ્યૂથરની વિરુદ્ધ એક ગ્રંથ પ્રગટ કર્યો, જેથી પોપે એને ધર્મસંરક્ષક (ડિફેન્ડર ઑફ્ ધ ફેઇથ) એવો ઇલ્કાબ આપ્યો. આપણે હમણાં જ જોઈશું તેમ ઇંગ્લંડને પોપની તાબેદારીમાંથી છુટું કરવાનું કામ હેન્રીએ જ કર્યું, છતાં પણ સિક્કાઓ ઉપર ઇંગ્લંડના રાજાના ધારા મુજબના ઇલ્કાબોમાં આજે પણ એ શબ્દો લૅટિન ભાષામાં છાપેલા જોવામાં આવે છે. ૧૫૩૦માં "ઑગ્ઝબર્ગ કન્ફેશન"માં લ્યૂથરના સિદ્ધાન્તોને ટૂંકા સૂત્રનું રૂપ આપવામાં આવ્યું, અને રોમન ધર્મસત્તાએ કાઢેલાં લ્યૂથરને ગુન્હેગાર જણાવનારાં ફરમાનોની સ્હામે વાંધો (પ્રોટેસ્ટ) ઉઠાવ્યો એથી એ અરસામાં લ્યૂથરના અનુયાયીઓ પ્રૉટેસ્ટન્ટ કહેવાવા લાગ્યા.

ઇંગ્લંડમાં ધર્મસુધારાનું રાજદ્વારી મૂળ—જર્મનિમાં ઉઠેલો કોલાહલ ઇંગ્લંડમાં સંભળાયો; અને, જે સત્તાનો દાવો પોપ કરે છે તે કાયદેસર છે કે નહિ, અને આ ભવમાં જીવતા બાળવાની અને મરણ પછી દોજખમાં જવાની શિક્ષાથી ડરાવીને જે સિદ્ધાન્તો તેઓ હર કોઈની પાસે સ્વીકારાવે છે તે સાચા છે કે નહિ, એ બાબતોમાં ઘણા લોકોને શંકાઓ થવા લાગી હતી. જર્મનિની માફક ઇંગ્લંડમાં પણ વધતી જતી વિચારની સ્વતન્ત્રતાને પરિણામે કોઈ જાતનો ધાર્મિક સુધારો જરૂર આવવાનો હતો, પણ ઇંગ્લંડના સુધારાનો કુદરતી માર્ગ હેન્રીના વચ્ચે આવવાથી ફરી ગયો અને વેગવાળો બન્યો; એ રાજાએ પોતાની ખાનગી મુરાદોની ખાતર પ્રજાને રોમના પોપની તાબેદારી નીચેથી નીકળી જવાની ફરજ પાડી. એથી વિશેષ કરવાનો એનો ઇરાદો ન્હોતો. પાદરીઓની નીતિ સુધારવાની એને સાચી ઇંતેજારી હતી એમ માનવાને કાંઈ કારણ નથી, અને ધર્મના સિદ્ધાન્તો ફેરવવાની તો એ વિરુદ્ધ જ હતો એ ચોક્કસ છે. પણ ઇંગ્લંડમાં એણે પોપની સત્તાનો નાશ કર્યો એથી સુધારકોને રોકી રાખનારૂં જે એક બંધન હતું તે તૂટ્યું અને એ રીતે લ્યૂથરની સાચા દિલની તકરારથી જર્મનિમાં જેવો સુધારો શરુ થયો હતો તેવો જ નીતિ અને સિદ્ધાન્તનો સાચો સુધારો ઇંગ્લંડમાં હેન્રીએ અજાણ્યે

જ શરુ કર્યો. જર્મનિનો સુધારો મૂળ ધાર્મિક હોઈને પાછળથી રાજદ્વારી બન્યો; અંગ્રેજ સુધારો મૂળ રાજદ્વારી હતો અને પછી ધાર્મિક બન્યો, અને પાછો વળી ધાર્મિક કરતાં વધારે દરજ્જે રાજદ્વારી બની ગયો.

હેન્રીનો રાણી બદલવાનો ઇરાદો—આપણે જોઈ ગયા કે તખ્તનશીન થયા પછી તરત જ હેન્રી પોતાના ભાઈની વિધવા કૅથરિન ઑફ્ ઍરૅગૉન જોડે પરણ્યો. પ્રિન્સ આર્થર ન્હાની વયમાં જ મરી ગયો હતો એટલે એનું લગ્ન નામનું જ હતું એ સંભવિત છે. એ ગમે તેમ હોય; હેન્રીનું એ વિધવા જોડે લગ્ન ધાર્મિક કાયદાની વિરુદ્ધ હતું; પણ પોપ તરફથી રીતસર પરવાનગી મળી હતી એટલે કૅથરિનના એ પુનર્લગ્નને બધા કાયદેસર માનતા હતા. હેન્રીને પરણ્યે ઘણાં વર્ષો થઈ ગયાં હતાં અને કેટલાંક છોકરાં પણ થયાં હતાં જેમાંથી માત્ર એક જ, રાજકુંવારી મેરી, હયાત હતી. રાજાને પુત્રપ્રાપ્તિની ઇચ્છા ઘણી હતી પણ કૅથરિનથી પુત્ર થવાનો સંભવ ન્હોતો, એટલે એ રાણીથી છૂટા થવાની અને બીજી પરણવાની યુકિત રચવાનો હેન્રીએ વિચાર કર્યો.[1] પણ આ વાત સ્હેલી ન્હોતી; કૅથરિન એમાં સંમત થતી ન્હોતી અને એ બાઈ યુરોપના સૌથી જબરા સત્તાધારી ૫મા ચાર્લ્સની ફોઈ હતી; એકલો પોપ જ લગ્નને રદ કરી શકે પણ પોપ કબૂલ થાય એ અસંભવિત હતું—ખરૂં કહિયે તો શહેનશાહ ચાર્લ્સની સગીનું અપમાન કરીને એ શહેનશાહને છંછેડવાથી પોપ પણ બ્હીતો હતો.

હેન્રીની મુરાદો—૧૫૨૭માં, ૫મા ચાર્લ્સે રોમ લૂંટયું એ સાલમાં, હેન્રી રાજદરબારમાંની ઍન્ બુલિન નામની એક સ્ત્રી જોડે પ્યારમાં પડયો હતો. અને એ સ્ત્રીને ઇંગ્લંડની રાણી થવાની ઇચ્છા હતી. ઍન્ પ્રત્યેનો પોતાનો મોહ, એ બાઈની રાણી થવાની

---

૧ આવી મુશ્કેલી એશિયામાં ન ઉપજે. પણ ખ્રિસ્તી ધર્મમાં એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરવાની મના છે.

ઇચ્છા, પોતાથી ૭ વર્ષ મ્હોટી કૅથરિનથી રાજાને પોતાને આવેલો કંટાળો, પુત્રપ્રાપ્તિની ઇચ્છા, અને ૫મા ચાર્લ્સની વધી પડેલી સત્તાની અદેખાઈ, એ કારણોથી ઉશ્કેરાઈને હેન્રીએ ગમે તે રીતે કૅથરિનથી છૂટા થવાનો અને ઍન્‌ને પરણવાનો નિશ્ચય કર્યો. ૮ મા હેન્રીનો આ અંગત નિશ્ચય જ ખરૂં જોતાં ઇંગ્લંડમાં ધર્મસુધારાનું મૂળ હતો, અને એ સુધારાની શરુઆતની ખીલવણી રાજાની જ ઇચ્છા મુજબ થઈ; ચોખ્ખા ધાર્મિક અભિપ્રાયોની એમાં અસર લેશ પણ ન્હોતી. અઢાર વર્ષ સુધી એક પણ વાંધો કાઢ્યા વગર જે લગ્ન પોતે કબૂલ રાખ્યું હતું એ હવે પોતાના અન્તઃકરણને ખૂંચે છે એવો એણે ઢોંગ માંડ્યો. પણ જો એને પુત્ર હોત અને જો ઍન્ બુલિન એની નજરે ન પડી હોત તો ૧૫૨૭માં એનું અન્તઃકરણ એને પજવત નહિ એ ચોખ્ખું છે.

વુલ્ઝીની પડતી, ૧૫૨૯–૩૦—હેન્રીએ પોતાની વિશ્વાસુ રાણીને તલાક આપવાનાં કાયદેસર બ્હાનાંઓ ખોળવા માટે જે બેશરમ કાવાદાવાઓ કર્યાં, અને પોતાની ઇચ્છા પાર પાડવાને પોપને દબાવવાના જે જૂદા જૂદા પ્રયત્નો કર્યાં, તેની વીગત આપવાની જરૂર નથી. વુલ્ઝી હવે કાર્ડિનલ[1]—બન્યો હતો, એની સાથે બેસીને મુકદ્દમો ચલાવવા માટે બીજા ઇટૅલિયન કાર્ડિનલને પોતાના પ્રતિનિધિ તરીકે પોપે ઇંગ્લંડ મોકલ્યો; આટલે સુધી પોપ તૈયાર થયો; પણ છેવટે એણે એવો હુકમ કર્યો કે મુકદ્દમો રોમમાં ચલાવવો પડશે. આ રીતે પોપ પાસે હેન્રીનું ધાર્યું કરાવવામાં થયેલી નિષ્ફળતાથી વુલ્ઝીનું આવી બન્યું; રાજાની રીતસર સંમતિ લીધા વિના પોપના ન્યાયપ્રતિનિધિ તરીકે કામ કરવામાં એણે કાયદાનો ભંગ કર્યો એવું તોહમત એની ઉપર મૂકીને એને એના ઉંચા

---

[1] ધર્મસંસ્થાના વહીવટ માટે પોપની પસંદગીના સિત્તેર કાર્ડિનલોને પ્રખ્યાત ધર્મગુરુઓમાંથી ચૂંટવામાં આવે છે. રોમની ધર્મસભા એમની બનેલી હોય છે. તેઓ પોતામાંથી એકને પોપ તરીકે ચૂંટે છે.

દરજ્જાપરથી એકદમ ધકેલી પાડવામાં આવ્યો, એનાં માનઇલ્કાબ અને માલમત્તા ઝુંટવી લેવામાં આવ્યાં (૧૫૨૯). દયાહીન ધણીનો ભોગ બનેલો એ બિચારો બીજે જ વર્ષે મરણ પામ્યો (૧૫૩૦).

રાજા ધર્મસંસ્થાનો સર્વોપરિ અધ્યક્ષ થયો—સાત વર્ષ સૂધી પાર્લમેંટને બોલાવી ન્હોતી તે હવે રાજાની ઇચ્છા પાર પાડવાને બોલાવવામાં આવી; અને એના સભ્યો તરીકે સરકારના પસંદ કરેલા માણસો ચૂંટાય એવી ગોઠવણ કરવામાં આવી હતી તેથી પાર્લમેંટ રાજાનું ધાર્યું કરવા તૈયાર માલુમ પડી. ધર્મગુરુઓ પાસે મ્હોટા દંડ લેવાયા, પોપને મોકલવાનું કેટલુંક નાણું અટકાવવામાં આવ્યું, અને ૧૫૩૪માં ઍક્ટ ઑફ્ સુપ્રેમસી એટલે સર્વોપરિપણાનો કાયદો પસાર થયો. એથી હેન્રી ધર્મસંસ્થાનો સર્વોપરિ વડો બન્યો અને પોપની આજ્ઞા પાળવામાંથી પૂરેપૂરો મુક્ત થયો તથા ધર્મની બાબતમાં ફાવે તે કરવાના રાજાના હક્કનો ઇન્કાર કરવો એ રાજદ્રોહ છે એવું ઠરાવવામાં આવ્યું. માજી ચાન્સેલર (ન્યાયખાતાનો અધ્યક્ષ) સર ટોમસ મૂર અને ધર્મગુરુ ફિશર એ ઉત્તમ દરજ્જાના બે પુરુષોને, અને બીજા ઘણા ઉતરતા દરજ્જાના માણસોને, નવી સ્થિતિનો સ્વીકાર ન કરવા માટે મરણની શિક્ષા કરવામાં આવી. હેન્રીએ ઍક્ટ ઑફ્ સુપ્રેમસી પસાર કરાવ્યો તેને જ મળતો બનાવ પિસ્તાળીશ વર્ષો પછી હિંદુસ્તાનમાં બન્યો એ નવાઈ જેવું છે; તે એ કે જ્યારે ધર્મગુરુઓ (મુજતાહીદો) ધર્મના મુદ્દાઓમાં એકમત ન બને ત્યારે બાદશાહનો નિર્ણય બંધનકર્તા ગણાય એવું ફરમાન ઇસ્લામના ઉલ્માઓ પાસે અકબરે કઢાવ્યું (ઇ. સ. ૧૫૭૯, હીજરી સાલ ૯૮૭). હેન્રી આમ સ્હામો થયો એના જવાબમાં પોપે એનો ધર્મમાંથી બહિષ્કાર કર્યો એટલું જ નહિ (૧૫૩૫ ડિસેંબર), પણ એને તખ્ત ઉપરથી પણ પદભ્રષ્ટ થયેલો જાહેર કર્યો. અકબરને એવા કોઈ પોપનો ડર ન્હોતો એટલે એ વધારે નસીબદાર હતો. યુરોપમાં સોળમા સૈકામાં પદભ્રષ્ટ કરનારી પોપની આજ્ઞા, જોકે એનો પરબારો અમલ ન થાય તોપણ, રાજાને ભયંકર આપત્તિરૂપ થઈ પડતી; કારણ કે એથી કોઈ પણ બળવાખોર આદમીને રાજાની સ્હામે થવાનો, અને ધર્મની

બ્હાર મૂકાયેલા રાજાને મારી નાખવાનો પણ હક્ક મળી જતો. એલિઝાબેથના રાજ્યમાં એવા એક ફરમાનથી એ રાણીને માથે ભારે ભય આવી પડયો હતો.

ઍન્ બુલિનનો શિરચ્છેદ; જેઇન સીમૂર—કૅથરિન સાથેના લગ્નને ખોટું ઠરાવવાની પોપે ના કહી એટલે હેન્રીએ જાતે જ ધાર્યું કર્યું અને ઍન્ બુલિન જોડે છૂપું લગ્ન કર્યું (જાન્યુઆરી ૧૫૩૩). વડો ધર્મગુરુ ક્રૅન્મર એવો નરમ બન્યો કે કૅથરિન સાથેના લગ્નને તોડવાની અને ઍન સાથે લગ્ન કરવાની એણે પરવાનગી આપી. એટલે ઍન્ બુલિનને રાણી જાહેર કરવામાં આવી.[૧] એને દીકરી અવતરી તે પાછળથી પ્રખ્યાત રાણી એલિઝાબેથ બની. પણ ઍન્ને આ જાહોજલાલી લાંબો વખત ભોગવવા દેવામાં ન આવી. હેન્રી એનાથી કંટાળ્યો, અને એના આચરણમાં કાંઇંક નજીવી ભૂલનો લાભ લઈને એના ઉપર ઘણી તરફ બેવફા થવાનો ખોટો આરોપ મૂકયો અને મે ૧૫૩૬માં એને મરણની શિક્ષા ફરમાવી. બીજે જ દિવસે, કમકમાટ ઉપજાવે એવી ઉતાવળથી, એ જેઇન સીમૂરને પરણ્યો. જેઇનથી એને પુત્ર થયો અને લાંબા વખતની ઉત્કંઠા પૂરી પડી. એ પુત્ર પાછળથી ૬ઠ્ઠો એડવર્ડ બન્યો. જેઇનની નબળી તબીયત તરફ હેન્રીએ બતાવેલી બેદરકારીને લીધે એ બિચારી થોડા જ દિવસોમાં મરણ પામી.

ધર્મના મઠોનો નાશ—હેન્રીએ પોપ સાથેનો કજીયો ચાલુ રાખ્યો. ૧૫૩૫માં બધા મઠનો વહીવટ તપાસવા માટે અમલદારો

---

૧ કૅથરિનના લગ્નને ખોટું ઠરાવવાના આ વિધિને સાધારણ રીતે 'ડાઇવોર્સ' એટલે તલ્લાક કહેવામાં આવેછે પણ એ બરાબર નથી. એ વિધિનો ખરો ઉદ્દેશ એ હતો કે હેન્રીનું એની જોડે કાયદેસર લગ્ન થયું જ ન્હોતું એવું ઠરાવવું. 'ડાઇવોર્સ' એટલે તો કાયદેસર લગ્નગાંઠમાથી છૂટાછેડા. પાછળથી ઍન્ના લગ્નને પણ ગેરકાયદેસર ઠરાવવાની હલકાઈ ક્રૅન્મરે બતાવી.

મોકલવામાં આવ્યા તેઓએ મઠમાં ઘણા દોષો દીઠા અને કદાચ બીજા વધારે કલ્પિત દોષો ઊભા કર્યા. એમના આપેલા અહેવાલને આધારે પ્રથમ ન્હાના મઠોનો અને ત્યારપછી બીજા મઠોનો નાશ કરવામાં આવ્યો. જબરી લૂટ મળી એનો મ્હોટો ભાગ કેટલોક રાજાના ખજાનામાં ગયો અને કેટલોક રાજાના મળતીયા રાજદ્વારી પુરુષોને મળ્યો, જેથી એ પુરુષો સ્વાર્થને લીધે રાજાના જુલમમાં મદદગાર થઈ રહ્યા. પોપની સત્તા નીચેના તવંગર અને પ્રબળ મઠોના નાશથી અને ધર્મગુરુઓની સંસ્થાના નાશથી પોપની સત્તા ઇંગલંડમાં ઘણી નબળી પડી.

'ઈશ્વરકૃપાની યાત્રા'—રાજાએ કરેલો પોપનો તિરસ્કાર, મઠ ઉપરનો ક્રૂર હુમલો, જોરદાર જમીનદારોએ લોકોપયોગી જમીન કબજે કરી લીધી હતી તેની જુલ્મી અસર, એ બધાથી ઇંગલંડના ઉત્તર ભાગમાં લોકો ખૂબ ઉશ્કેરાયા, અને ઇશ્વરકૃપાની યાત્રા (પિલ્ગ્રિમેજ ઑફ્ ગ્રેસ) એ નામે મશહુર બનેલો એક ભયંકર બળવો ત્યાં ઊઠયો. ૧૫૩૭ ની શરૂઆતમાં ભારે ખૂનરેજી કરીને એને દબાવી દેવામાં આવ્યો; ઍબટ્સ એટલે મહન્તોને પણ નિર્દય રીતે ફાંશીએ ચડાવવામાં આવ્યા.

આયર્લૅંડ--ફિટ્ઝ્જેરલ્ડ નામની ટોળીની સરદારી નીચેનું એક બંડ આયર્લૅંડમાં થયું તેને પણ એટલી જ ક્રૂરતાથી દાબી દેવામાં આવ્યું. લાંબા વખતથી એ દેશના પૂર્વ ભાગમાં 'પેઇલ' કહેવાતા થોડાક પ્રદેશ ઉપર ઇંગ્લંડની હાકેમી હતી પણ હવે આખો બેટ જીતવાની શરૂઆત કરવામાં આવી. એ વખતના પોપની પૂર્વે થયેલા પોપે એ બેટ ૨ જા હેન્રીને ઇનામમાં આપ્યો હતો એટલે ઇંગ્લંડના રાજાઓ આયર્લૅંડના લૉર્ડ (અમીર) કહેવાતા ; પણ હવે હેન્રીએ પોતાની સ્વતંત્રતા પોપને જણાવી આપવાને એ દેશના રાજાનો ઇલ્કાબ ધારણ કર્યો (૧૫૪૧).

ટૉમસ ક્રૉમ્વેલ—ટૂંકમાં વર્ણવેલી આ જુલ્મી કારકીર્દીમાં રાજાએ સાધન તરીકે ટૉમસ ક્રૉમ્વેલ નામે એક માણસનો ઉપયોગ કર્યો હતો ; એ હલકા કુળમાં જન્મ્યો હતો ; હેન્રીની ખાયેશને અનુ-

ક્રૂળ સલાહ આપીને અને દયા કે આનાકાની વગર લૂંટની અને ખૂનની પદ્ધતિ અમલમાં મૂકીને એણે રાજાની પ્રીતિ મેળવી હતી. રાજાએ ક્રૉમ્વેલને લગભગ મુખ્ય પ્રધાન બનાવ્યો હતો. અને એની ઉપર ધણીની મહેરબાની રહી ત્યાંસૂધી તો એ મ્હોટામાં મ્હોટા ઉમરાવોના અને પાદરીઓના જાનમાલનો ચાહે તેવો ઘાટ ઘડી શકતો. એને **અર્લ્ ઑફ્ એસેક્સ** બનાવવામાં આવ્યો. એ પ્રધાનનો **લ્યૂથરપંથના પ્રૉટેસ્ટન્ટ** (પૂર્વે. પૃ. ૫૮) પક્ષને મદદ કરવાનો ઇરાદો હતો, અને પ્રૉટેસ્ટન્ટના પક્ષમાં જોડાઈને ધાર્મિક ઝગડામાં શામિલ થયેલા જર્મન હાકેમોની સાથે જોડાવાને રાજાને સમજાવવા એ આતુર હતો. આ યોજના પાર પાડવા ખાતર એણે રાજાને ચોથું લગ્ન કરાવ્યું અને જર્મનિના એક પ્રૉટેસ્ટન્ટ હાકેમની કુંવરી **ઍન્ ઑફ્ ક્લીવ્ઝ** જોડે પરણાવ્યો. પરંતુ રાજાને એ બાઈ ગમી નહિ, અથવા પ્રૉટેસ્ટન્ટ સાથનું આ જોડાણ ગમ્યું નહિ, એટલે એણે નજીવાં બ્હાનાં કાઢી એ લગ્ન ખોટું ઠરાવ્યું. એ બાઈ તો જીવાઈ (પેન્શન) લઈને સંતોષ પામી. આ ખટપટમાં ક્રૉમ્વેલે લીધેલા ભાગથી રાજા નાખુશ થયો, અને જોઈતું હતું એટલું કામ એની પાસે એ કરાવી ચૂકયો હતો એટલે હવે એણે ક્રૉમ્વેલને દૂર કર્યો અને રાજદ્રોહનું જૂઠું તોહમત મૂકીને એનો વધ કરાવ્યો. (૧૫૪૦).



ટૉમસ ક્રૉમ્વેલ

પાંચમું અને છઠ્ઠું લગ્ન—એ જ વર્ષમાં હેન્રીએ કૅથલિક પક્ષે આગળ કરેલી કૅથરિન હાવર્ડ, જે **ઍન્ બુલિન**ની પિત્રાઈ થતી હતી,

તેની જોડે પાંચમું લગ્ન કર્યું. અઢાર માસ પછી એ પણ ઍન્ બુલિન જેવી જ દશાને પામી, પણ કારણો વધારે વાજબી હતાં. ફરીથી વળી છઠ્ઠી વાર રાજાએ લગ્ન કર્યું; આ વખતે કૅથરિન પાર ઉર્ફે લેડી લૅટિમર એ નામની બે વખત વિધવા થઈ ચૂકેલી એક સ્ત્રી એને પસંદ પડી. એ બાઈ પોતાના આ ભયંકર રાજવંશી ધણીના મરણ સુધી જીવતી ટકી અને ત્યારપછી સર ટૉમસ (લૉર્ડ) સીમૂર ઑફ્ સ્યૂડલી સાથે પરણી. આ રીતે હેન્રીનાં લગ્નોની નિંદવાજોગ કહાણી છેવટે ખતમ થઈ. હરેક લગ્નમાં પ્રપંચી રાજદ્વારી પુરુષોએ કે સ્વાર્થી ઉમરાવોએ એ કમનસીબ સ્ત્રીઓને પોતાનું સાધન બનાવી હતી; એ લગ્નમાંથી તેઓ કાંઈને કાંઈ લાભ મેળવવાની આશા રાખતા, અને બિચારી સ્ત્રીઓ હોમાઈ જતી અને દુઃખી થતી તેની તેઓને દરકાર ન્હોતી.

ફ્રાન્સ અને સ્કૉટ્લૅંડ જોડે વિગ્રહો—આ રાજ્યનાં છેવટનાં વર્ષોનો ઘણો ભાગ ફ્રાન્સ અને સ્કૉટ્લૅંડ જોડે નકામા અને વ્યવસ્થા વિનાના વિગ્રહો કરવામાં રોકાયો; એ વિગ્રહોનાં કંઈપણ કાયમનાં ઉપયોગી પરિણામો આવ્યાં નહિ, અને ખૂનખારી અને ત્રાસ અત્યન્ત થયાં. સૉલ્વે મૉસ નજીક સ્કૉટ લોકોએ સખ્ત હાર ખાધી (૧૫૪૨), અને લગભગ તરતમાં જ તેઓનો રાજા ૫મો જેમ્સ મરણ પામ્યો; એના ગેરવહીવટભરેલા રાજ્યનો વારસો એની બાળક પુત્રી મેરીને મળ્યો. ફ્રેંચ લોકોએ બૂલોન બંદર ગુમાવ્યું, જે કેટલાંક વર્ષો સુધી અંગ્રેજોના હાથમાં રહ્યું. બળવાન્ નૌકાસૈન્યની મદદથી એડિનબરો સર કરવામાં આવ્યું (૧૫૪૪). ઇંગ્લંડની ચડાઈ કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યા પછી ફ્રેંચ લોકો પતાવટ કરવા તૈયાર થયા, એટલે ૧૫૪૬ માં સુલેહ કરવામાં આવી. આ લડાઈઓરૂપી સાહસોમાં ઘણું નાણું ખરચાઈ ગયું અને પૈસા જમા કરવા માટે ચલણી શિક્કામાં ભેગ વધારવાનો શરમભરેલો ઉપાય લેવાની હેન્રીને જરૂર પડી; એટલે કે રૂપાના કહેવાતા શિક્કાઓમાં રૂપાનું વજન કમતી કરવામાં આવ્યું અને અરધોઅરધ કે બેતૃતીયાંશ હલકી ધાતુ ભેળવવામાં આવી.

વારસાના ક્રમનો નિર્ણય—પાર્લમેંટે હેન્રીની ઇચ્છા

પ્રમાણે નીચે મુજબ ગાદીવારસોનો ઉત્તરોત્તર ક્રમ ચોક્કસ કર્યો; પ્રથમ જેઇન સીમૂરનો પુત્ર પ્રિન્સ એડ્વર્ડ ગાદીએ આવે; એની પછી અને એના વંશજો કોઈ હોય તો તેઓની પણ પછી કૅથરિન ઑફ્ ઍરૅગૉનની પુત્રી પ્રિન્સેસ મેરી; ત્યારપછી ઍન્ બુલિનની દીકરી પ્રિન્સેસ એલિઝાબેથ; અને છેવટ હેન્રીની ન્હાની બેન મેરી જેણે ડ્યૂક ઑફ્ સફોક જોડે પુનર્લગ્ન કર્યું હતું તેના વંશજો આવે. હેન્રીની મ્હોટી બેન માર્ગરેટથી ઉત્પન્ન થયેલી સ્કૉચ શાખાને આ વ્યવસ્થામાંથી બાતલ કરવામાં આવી; પણ છેવટ ૧લો જેમ્સ તખ્તનશીન થતાં એ શાખા ગાદીએ આવી ખરી.

૮મા હેન્રીનું મૃત્યુ, જાન્યુઆરી ૧૫૪૭—લાંબા વખતથી નાદુરસ્ત તબિયત ભોગવતો હેન્રી ૧૫૪૭ના આરંભમાં મરણ પામ્યો. એણે તરુણ અર્લ્ ઑફ્ સરેનો નજીવાં રાજદ્રોહનાં તોહમતો મૂકીને આપખુદીથી વધ કરાવ્યો, એ એના છેવટનાં કાર્યોમાંનું એક હતું: એના જુલ્મી રાજ્યને બંધબેસતું એ છેવટનું કામ હતું. હેન્રીનો હરીફ ફ્રાન્સનો રાજા ૧ લો ફ્રાન્સીસ બે મહિના પછી મરી ગયો, અને માર્ટિન લ્યૂથર આગલે વર્ષ ગુજરી ગયો હતો.

હેન્રીની આપખુદી—૮ મા હેન્રીનો આ અણગમો ઉપજાવનારો વૃત્તાન્ત કાંઈક વીગતવાર વર્ણવવાની અગત્ય જણાઈ છે, કારણ કે ઇંગ્લંડના ઇતિહાસ ઉપર એની છાપ ઉંડી પડી છે. એમાં જે બનાવો બન્યા તે અસાધારણ દરજ્જે હેન્રીની આપખુદીનાં જ પરિણામો હતાં. જે કાંઈ થયું તેની ઉપર એની અંગત હીલચાલની છાપ પડી હતી. બીજા કોઇપણ ઇંગ્લિશ રાજાએ એટલી બધી આપખુદીભરેલી સત્તા ભોગવી નથી; હેન્રીની સત્તા તો છેવટનાં વર્ષોમાં રશિયાના ઝાર જેટલી કે એશિયા તરફના કોઈ સુલ્તાન જેટલી હતી. કૅથરિન ઑફ્ ઍરૅગૉનથી છૂટીને ઍન્ બુલિનને પરણવાની એની અંગત ઇચ્છાને પરિણામે જ ધર્મસુધારણા થવા પામી એમાં શંકા નથી; એ ધર્મસુધારણા ઇંગ્લંડમાં શરુઆતમાં રાજદ્વારી ચળવળ હતી, ધાર્મિક ન્હોતી. હેન્રીનાં નિંદવાજોગ લગ્નોની કથા કાયમના

ઉપયોગી મ્હોટા બનાવો સાથે એવી ગુંથાઈ ગયેલી છે કે એની અંગત વીગતો પડતી મૂકવી અશક્ય છે.


એની સત્તાનાં મૂળ—ઇંગ્લંડની સરકાર અને ધર્મસંસ્થાની વચ્ચે પોપને નહિં આવવા દેવાનો અને પોપથી તેઓને મુક્ત કરવાનો પોતાનો ઇરાદો એણે પાર પાડ્યો, અને એમ કરવામાં એણે અગાઉના રાજાઓ અને પાર્લમેંટોથી જે કાર્ય ન્હોતું બન્યું તે પૂરેપૂરું સાધ્યું. બ્હારની સત્તાની સ્હામે થવામાં એણે બતાવેલી હિંમત ઘણાખરા અંગ્રેજ લોકને પસંદ પડી; આખી પ્રજા એના જુલ્મને વશ કેમ થઈ રહી એનો કાંઈક ખુલાસો એ વાતથી થાય છે. એમ જણાય છે કે હેન્રીની કામવાસનાની, ક્રોધની, કે રાજનીતિની ભોગ થઈ પડેલી રાણીઓની, તથા તેવા જ ભોગ થઈ પડેલા ઉમરાવો ધર્મગુરુઓ અને પ્રધાનોની, અપદશા થાય તેમાં સામાન્ય પ્રજાને કાંઈ ન્હોતું. રાજ્યકારભારના ઘણા મદદનીશોને તો મઠની લૂટમાં ભાગ આપીને જીતી લીધા હતા. જે વર્ગોમાંથી પાર્લમેંટના સભ્યો આવતા તે વર્ગો હેન્રીના જુલ્મથી નુકશાની ન વેઠતાં નફો મેળવે, અને પાર્લમેંટ માટે તાબેદાર સભ્યો જ મળી આવે એ રીતે ચૂંટણીની વ્યવસ્થા થાય, એ માટે ખૂબ સાવચેતી એણે રાખી હતી. જ્યારે જ્યારે લોકમાં બેદિલી દેખાવા માંડે ત્યારે ત્યારે એ એકાદ પ્રધાનનો ભોગ આપી દેતો, જેથી દોષ પોતા ઉપરથી ઉતરીને એ બિચારા પર પડતો અને પ્રજાને વેર લીધાનો સંતોષ મળતો. જે માણસ વિંડ્સરના મિનારાપર ઊભો ઊભો પોતાની એક રાણીનો વધ થયો છે એવું જાહેર કરતો વાવટો જોઈ શકે, અને બીજે જ દિવસે બીજી રાણી પરણી શકે, તે માણસ જે નોકરની પોતાને ગરજ ન રહી હોય અને જેના મોતથી લોક ખુશી થતા હોય તેવા વિશ્વાસુ નોકરને ફાંશીને લાકડે ચડાવી દેવામાં દયાની કે કૃતજ્ઞતાની લાગણીથી કદી અચકાય નહિં.

એ એવો આપખુદી હતો કે ઉચ્ચ કે નીચ હરકોઈ પાસે પોતાના હુકમનો અમલ કરાવતો. ડ્યૂક કે કાર્ડિનલ જેવા ઉંચા દરજ્જાના પુરુષને પણ

એક હમાલ જેવો ગણી કાઢે એવો એ સરજોરીવાળો હતો. એના એ દમામથી સ્હામા માણસ ઉપર એવી અસર થતી કે વિરોધ કરવો નકામો લાગતો. એના અસાધારણ શારીરિક અને માનસિક ગુણો પણ એની ફતેહમાં મદદગાર બનતા. એના પ્રત્યેક અંગમાં રાજતેજ ઝળકી રહેતું, અને જુવાનીના વખતમાં અંગબળના પ્રયોગોમાં એ પોતાના દરબારના કોઈ પણ મરદને હંફાવી શકતો. એ વિદ્વાન હતો; સમર્થ પ્રધાનો ચૂંટવાની અને તેઓની પાસેથી જેટલું બને તેટલું કામ કઢાવવાની એની બુદ્ધિમાં તાકાત હતી. હાલનો એક ઇતિહાસકાર કહે છે કે 'એનું સ્વાર્થીપણું જો કે દેખીતું હતું તોપણ એમાં એ તદ્દન મશગૂલ થઈ જતો નહિ; એને પોતાના અધિકારના ગૌરવનો ખ્યાલ હતો અને ઇંગ્લંડને મહાન્ બનાવવાની એની ઇચ્છા હતી.' ઇંગ્લંડની રાજપદવી મહાન્ બનવા નિર્માણ થઈ છે એવી એની શ્રદ્ધાથી એનામાં રાજા, મહારાજા, કે પોપની સ્હામા થવાનું બળ આવ્યું; અને પોતાનો રાજા કોઈપણ પરદેશી સત્તાને નમે એવો નથી એ વાતમાં ગર્વ માનતી એની પ્રજા એની મદદમાં રહી અને એના ઢંગધડા વગરના જુલ્માટને શાન્તિથી સાંખી રહી.

નૌકાબળ—નૌકાબળ માટે કાળજી રાખીને હેન્રીએ પોતાનું ડહાપણ અને અંગ્રેજ લોકના સ્વભાવનું પોતાનું જ્ઞાન પ્રદર્શિત કર્યું; નૌકાબળમાં એ ખૂબ રસ લેતો; વ્હાણનો એક નવો નમૂનો પણ એણે શોધી કાઢ્યો હતો. આલ્ફ્રેડ, ૩ જો એડ્વર્ડ, ૫ મો હેન્રી, વગેરે અગાઉના રાજાઓના પ્રયત્નોનું કાયમનું ફળ જૂજ હતું, અને ધોરણસર નૌકાબળની સ્થાપના તો છેક ૭ મા હેન્રીના સમયમાં જ થઈ હતી. ૮ મા હેન્રીએ ખરીદીને, લડાઈમાં પકડીને, અને નવાં બંધાવીને, કૂલ પંચાશી વ્હાણ રાજ્યના કાફલામાં ઉમેર્યાં; વ્હાણો ઉપર ભારે તોપો મૂકી, અને યોગ્ય કારોબાર ઘડયો. એ વિષયનો ખાસ જાણકાર કોઈ હાલનો લેખક કહે છે કે અંગ્રેજ નૌકાબળ એણે જ "ઉપજાવ્યું" કહેવાય, "અને એ સૈકાને અન્તે થયેલા સ્પૅનિશ વિગ્રહમાં ૮ મા હેન્રીએ જ વિજય મેળવ્યો એમ કહેવામાં અતિ-

શયોક્તિ ભાગ્યે જ ગણાય, કારણ કે એલિઝાબેથે તો સમુદ્રબળનું સાચું જ્ઞાન કદાપિ બતાવ્યું જ ન્હોતું." નૌકાબળ "પ્રજાનો ઉપયોગી બાહુ"



"ગ્રેટ હૅરી"

ગણાવા લાગ્યું તે ૮મા હેન્રીને લીધે જ, અને એ એક જ વાત એના રાજ્યનું અત્યન્ત ઉપયોગીપણું સિદ્ધ કરવાને પૂરતી છે.

૬ઠ્ઠા એડ્વર્ડનું રાજ્યારોહણ; સ્કૉટ્લૅંડ સાથનો વિગ્રહ; બળવાઓ—હેન્રીએ અને પાર્લમેંટે કરેલા ઠરાવ પ્રમાણે જેઇન સીમૂરના નવ વર્ષના પાટવીકુંવરને એકદમ ૬ઠ્ઠા એડ્વર્ડના નામથી રાજા જાહેર કરવામાં આવ્યો. એનો મામો એડ્વર્ડ સીમૂર એનો વાલી અને રાજ્યનો રક્ષક (પ્રોટેક્ટર) બન્યો; એણે ડ્યૂક ઑફ સૉમરસેટની પદવી ધારણ કરી. પ્રોટેક્ટર સ્કૉટ્લૅંડ જોડે વિગ્રહમાં ઉતર્યો અને સ્કૉચ લોકોને પિંકી નજીક હરાવ્યા (૧૫૪૭). ત્યાર પછીનાં

બે વર્ષો દરમ્યાન એને બે બળવાઓ દાબી દેવા પડ્યા—એક, ડેવનશરમાં અને કૉર્નવૉલમાં, મઠોના નાશ પ્રત્યેના પ્રજાના ક્રોધથી, અને પ્રૉટેસ્ટન્ટ ધર્મ માટે પ્રોટેક્ટરે બતાવેલા પક્ષપાત તરફની નાખુશીથી ઉત્પન્ન થયો હતો; અને બીજો રૉબર્ટ કેટ નામના મનુષ્યની સરદારી નીચે પૂર્વનાં પરગણાઓમાં ઉઠેલો હતો, જે બળવો વધારે જોરાવર હતો. બંને બળવાઓ દબાવવામાં ભાડુતી જર્મન અને ઇટૅલિયન ટુકડીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રોટેક્ટરના ભાઈ લૉર્ડ સીમૂર ઑફ સ્યૂડલીનો રાજદ્રોહના તોહમતસર શીર્ષચ્છેદ કરવામાં આવ્યો.



૬ ઠ્ઠો એડ્વર્ડ

ગરીબોનું સંકટ—થોડાંક વર્ષો પૂર્વે ૮ મા હેન્રીના રાજ્યમાં ગરીબ લોકો દુઃખી હતા તેમ આ વખતમાં પણ તેઓ અત્યન્ત કષ્ટ વેઠતા હતા. ફ્લૅન્ડર્સ સાથેના લાભકારક વેપાર માટે જોઈતું ઊન પૂરૂં પાડવા માટે મેંઢાંઓને ચરવાની જગ્યાઓ વિસ્તારવામાં આવી એથી ઘણા મજૂર લોકો રોજી વગરના થયા. મઠોમાંની લૂટથી તવંગર બનેલા મ્હોટા જમીનદારોએ જમીન કબજે કરી લીધી હોવાથી લોકોપયોગી જાહેર જમીન ઉપરના લોકોના હક્કો રદ થયા હતા; અને મઠના નાશથી જ ગરીબોને મ્હોટી ખોટ પડી હતી, કારણ કે સાધુઓની ખયરાતો ગરીબને મદદરૂપ હતી. લાંબા વખતથી ચાલૂ

રહેલા, અને નવા રાજ્યમાં વધારવામાં આવેલા, ભેળવાળા શિક્કાના અપ્રામાણિક રિવાજથી લોકમાં વ્યાપી રહેલા સંકટમાં ઘણો વધારો થતો હતો. ત્રણ ભાગ ભેળ અને એક જ ભાગ રૂપું નાંખીને બનાવેલા છઠ્ઠા એડ્વર્ડના શિક્કાથી વધારે હલકું નાણું ઈંગ્લંડની ટંકશાળમાં કોઈ દિવસ બન્યું ન્હોતું. ભૂખે મરતા અને બરજોરી કરવા ટાંપી રહેલા મસ્ત ભિખારીઓથી આખું રાજ્ય ભરાઈ ગયું. સૉમરસેટે ગરીબો પ્રત્યે કાંઈક લાગણી બતાવી, પણ સંકટ નિવારણના ચાંપતા ઉપાયો તો એલિઝાબેથના રાજ્ય સૂધી લેવાયા જ નહિ. સૉમરસેટ શિવાયના એડ્વર્ડના બીજા પ્રધાનોમાં લોકને જેલમાં નાખવા અને ફાંશીએ ચડાવવા ઉપરાંત બીજી આવડત ન્હોતી.

સૉમરસેટની પડતી—રીબાયેલા ગરીબોનો પક્ષ ખેંચનારા સૉમરસેટની ઉપર ઉમરાવો નાખુશ થયા હતા; ૧૫૫૦માં જૉન ડડ્લી અર્લ ઑફ્ વૉરિક નામના ખટપટી પ્રપંચી રાજપુરુષે સૉમરસેટને એની પદવી ઉપરથી ધકેલી કાઢ્યો. ડડ્લીએ ત્યાર પછી ડ્યૂક ઑફ્ નૉર્ધંબરલૅંડ નામ ધારણ કર્યું. એ વર્ષ પછી સૉમરસેટ પડતીમાં આવેલા પ્રધાનની એ સમયોમાં થતી આવેલી દશાને પામ્યો અને એનું માથું ઉડાવી દેવામાં આવ્યું. નૉર્ધંબરલૅંડની હકુમત દરમ્યાન ફ્રાન્સે બૂલોન (પૂર્વ, પૃ ૬૬) પાછું લીધું.

પ્રૉટેસ્ટન્ટ સુધારો—બાળરાજા ચુસ્ત પ્રૉટેસ્ટન્ટ (પૂર્વે પૃ ૫૮) હતો, અને એના ટૂંકા રાજ્યકાળમાં ઇંગ્લંડના ધર્મસુધારાએ સ્પષ્ટ પ્રૉટેસ્ટન્ટ સ્વરૂપ ધારણ કર્યું; સિદ્ધાન્તો, પૂજાવિધિ, અને ધર્મવિધિના ગ્રન્થો જૂના ધર્મના હતા તેમાં વિશાળ ફેરફારો કર્યા, જેથી ઇંગ્લિશ કે ઍંગ્લિકન ધર્મસંસ્થા રોમન ચર્ચથી ખરેખરી રીતે અલગ થઈ; એ રોમન ચર્ચને (ધર્મસંસ્થાને) એના પક્ષકારો કૅથલિક અને બીજાઓ રોમન કૅથલિક ચર્ચ કહે છે. માત્ર પોપની તાબેદારીમાંથી નીકળી જવું અને મઠ શિવાય બીજું બધું પ્હેલાના જેવું જ રહેવા દેવું એવી ૮ મા હેન્રીની નીતિ હતી તેનો ત્યાગ થયો.

છઠ્ઠા એડવર્ડનું મૃત્યુ, લેડી જેઇન ગ્રે, ૧૫૫૩—૮ મા હેન્રીની ન્હાની બ્હેન મેરીની પૌત્રી લેડી જેઇન ગ્રે નામે એક કન્યા

હતી તેની જોડે નૉર્ધંબરલૅંડે પોતાના પુત્ર ગિલ્ફર્ડ ડડ્લીને પરણાવ્યો, અને એડ્વર્ડ માંદો હતો ત્યારે એને સમજાવીને એના પિતાએ કરેલા વસિયતનામાથી ઉલટું એક વસિયતનામું કરાવી લીધું; એમાંથી એની સાવકી બ્હેનો મેરી અને એલિઝાબેથને બાતલ કરાવ્યાં અને એડ્વર્ડના વારસ તરીકે લેડી જેઇનનું નામ મૂકાવ્યું. પાર્લમેંટની પરવાનગી લેવી જોઇયે તે લીધી નહિ. ૧૫૫૩ના ઉન્હાળામાં એડ્વર્ડ મરણ પામ્યો. નૉર્ધંબરલૅંડે તરત જ પોતાની પુત્રવધૂ લેડી જેઇન ગ્રેને રાણી જાહેર કરી; એ બાઈ નામના બાર દિવસ તખ્તનશીન રહી[1] પણ વગર સત્તાએ કરેલો ફેરફાર પ્રજાએ સ્વીકાર્યો નહિ, અને ૮ મા હેન્રીના અને પાર્લમેંટના ઠરાવ મુજબ રાજકુમારી મેરી તખ્તનશીન થવી જોઇયે એવો નિશ્ચય કર્યો. મેરીએ તાબડતોબ ૩૦,૦૦૦ માણસનું લશ્કર ઉભું કર્યું; નૉર્ધંબરલૅંડ એની સ્હામે ટકી શક્યો નહિં; મેરીને હર્ષભેર રાણી તરીકે સ્વીકારવામાં આવી (જુલાઇ ૧૫૫૩).

રાણી ૧લી મેરીનું રાજ્યારોહણ; બળવો—લગભગ આખુ ઇંગ્લંડ, પ્રૉટેસ્ટન્ટ તેમજ કૅથલિક, મેરીના પક્ષમાં હતું, એટલે એના રાજ્યારોહણ પછી તરત જ નૉર્ધંબરલૅંડને મોતની શિક્ષા આપી તેથી કોઈ નારાજ થયું નહિં. બીજાના રાજ્યલોભનું સાધન બનેલી બિચારી નિરપરાધ લેડી જેઇન ગ્રે તત્કાળ તો બચી ગઈ; પણ બીજે જ વર્ષે સ્પેન સાથે રાણીના વિવાહ સંબંધની વાતોથી ઉશ્કેરાઈને કેટલાક લોકોએ બળવો કર્યો, જેમાં લેડી જેઇન ગ્રેનો પિતા ડ્યૂક ઑફ્ સફ્ક અને સર ટૉમસ વાયટ આગેવાન હતા; એ બળવો ફતેહમંદ ન બન્યો અને એને પરિણામે લેડી જેઇન ગ્રેનો અને એના ધણીનો શીર્ષચ્છેદ કરવામાં આવ્યો. સ્પેન સાથે કરવા ઇચ્છેલો વિવાહસંબંધ લોકમાં અત્યન્ત અપ્રિય હતો; અને મેરીને પદભ્રષ્ટ કરીને એની પ્રૉટેસ્ટન્ટ બ્હેન, ઍન્ બુલિનની દીકરી, એલિઝાબેથને તખ્તનશીન કરવાનો ફિતુરીનો ઇરાદો હતો. મેરી તો એલિઝાબેથને દાસીપુત્રી ગણતી હતી અને રાજસભામાં પણ આવવા દેતી નહિં.

---

૧ લેડી જેઇન ગ્રેને ઇંગ્લંડના રાજ્યકર્તાઓમાં ગણવામાં આવતી નથી.

હુશિયારીથી નમી જઈને એ રાજકુંવરીએ પોતાનો પ્રાણ બચાવી લીધો.

સ્પેન સાથે લગ્નસંબંધ; રોમની સત્તાનો સ્વીકાર—એ જ વર્ષમાં (૧૫૫૪માં) આડત્રીશ વર્ષની ઉમરે પ્હોચેલી મેરીએ પોતાના મોસાળના સગા, સ્પેનના રાજા ૫ મા ચાર્લ્સના પુત્ર અને ગાદીવારસ, ફિલિપ જોડે લગ્ન કર્યું.[1] એ વખતે ૫ મો ચાર્લ્સ



૨ જો ફિલિપ અને મેરી

યુરોપનો જબ્બરમાં જબ્બર શહેનશાહ હતો. ફિલિપ ધર્મમાં આગ્રહી અને પ્રૉટેસ્ટન્ટ પંથનો વિરોધી હતો. એટલે રોમન પંથને ચુસ્તપણાથી વળગી રહેનારી મેરી એની જોડે લગ્ન કરવા ઘણી આતુર હતી. એ લગ્ન પછી બોલાવેલી મેરીના રાજ્યની ત્રીજી પાર્લમેન્ટે પોપ સાથે રીતસર સુલેહ કરવાનું અને એના પ્રતિનિધિ કાર્ડિનલ પોલ પાસેથી માફી માગવાનું કબૂલ કર્યું[2] પણ ૮ મા હેન્રીએ જપ્ત કરેલી ધર્મ-

---

૧ રાણી મેરી ૫ મા ચાર્લ્સની બ્હેન કૅથરિન ઑફ્ ઍરૅગૉનની પુત્રી હોવાથી ફિલિપની સગી ફોઇની દીકરી થતી. આ રીતનું લગ્ન હિંદુઓમાં ન થાય પણ યુરોપના રીતરિવાજ પ્રમાણે થઈ શકે. જાન્યુઆરી ૧૫૫૬ માં ૫ મા ચાર્લ્સે સ્પેનની ગાદી છોડી દીધી અને ખાનગી જીવન સ્વીકાર્યું. એનો પુત્ર સ્પેનનો રાજા થયો પણ આખી શહેનશાહત એને ન મળી.

૨ પાપી પુરુષને ઇશ્વર તરફથી જે શિક્ષા થવાની હોય તેને પ્રાયશ્ચિત્તના વિધિથી ટાળવાની સત્તાનો દાવો રોમન કૅથલિક ચર્ચ કરે છે. જે પાપી પોતાના ગુન્હાની પૂરી કબૂલત કરે તેને જ પ્રાયશ્ચિત્ત આપી શકાય. ન્યાયપ્રતિનિધિને પોપ તરફથી પૂરી સત્તા મળતી.

ખાતાની જમીન પાછી સોંપવાની સાફ ના પાડી. આ લગ્ન વધારે અને વધારે અપ્રિય થતું ગયું, અને પરદેશ જોડેની રાજનીતિમાં મેરી સ્પેનના એલચીની સલાહને અનુસરતી એ પ્રજાને પસંદ પડતું નહિ. મેરી કરતાં ફિલિપ ઘણો ન્હાનો હતો; એને મેરીની દરકાર ન્હોતી, માત્ર રાજકીય હેતુથી એ એને પરણ્યો હતો.

પ્રૉટેસ્ટન્ટો ઉપર જુલ્મ—મેરીની બે મ્હોટી અભિલાષાઓ હતીઃ પુત્રપ્રાપ્તિ, અને જૂના ધર્મમાં નહિ માનનારા પ્રૉટેસ્ટન્ટોનો જડમૂળથી નાશ. પ્હેલી એના ભાગ્યમાં ન્હોતીઃ એને છોકરૂં થયું જ નહિ. પણ બીજી મુરાદ બર લાવવાનો પ્રયત્ન થઈ શકયો. પાખંડીઓને બાળવાનો કાયદો ૪ થા હેન્રીએ કર્યો હતો (પૂર્વે પૃ ૩૫) તે એણે પાર્લમેંટ પાસે તાજો કરાવ્યો અને ખાસ ઇરાદાથી જુલ્મ કરવો શરુ કર્યો; એથી એનું લોહીતરસી મેરી (બ્લડી મેરી) એવું તિરસ્કાર ભર્યું નામ પડી ગયું. આ જુલ્માટની અસર એટલી જ થઈ કે સામટા અંગ્રેજ લોકો રોમપંથની વિરુદ્ધ પડયા અને ઉત્સાહી પ્રૉટેસ્ટન્ટ બન્યા એના રાજ્યની બાકીની ટૂંક મુદ્દતમાં લગભગ ત્રણસો આદમીઓને જીવતા બાળવામાં આવ્યા; એમાંથી બે સ્ત્રીઓ મળીને કૂલ તેર જણને તો સ્ટ્રાટ્ફર્ડ–લ–બો ગામમાં એક દહાડામાં બાળી મૂકયાં હતાં. એના આ જુલ્મના ભોગ બનેલાઓ પૈકી ચાર ધર્મગુરુઓ હતા, હૂપર, ફેરાર્સ, લૅટિમર, અને રિડલી, અને તે ઉપરાંત એક મહાધર્મગુરુ—આર્ચબિશપ–ક્રૅન્મર હતો; એ ક્રૅન્મરે મેરીની માનું લગ્ન ખોટું ઠરાવ્યું હતું, અને ઇંગ્લંડમાં ધર્મસુધારાનું ખાસ રૂપ ઘડવાને બીજા કોઈ પણ પુરુષથી વિશેષ મ્હેનત કરી હતી.



બિશપ ક્રૅન્મર

કૅલે ગુમાવ્યું—૧૫૫૭ માં ફિલિપે ઈંગ્લંડને ફ્રાન્સની જોડેના, પ્રજાને તદ્દન અણગમતા, વિગ્રહમાં સંડોવાવ્યું; એને પરિણામે કૅલે ગયું. ૩જા એડ્વર્ડે બસોથી વધારે વર્ષો અગાઉ કૅલે જીત્યું હતું, અને ૨જા હેન્ત્રીના અને ૫મા હેન્ત્રીના દિવસોમાં ફ્રાન્સમાં બ્રિટિશના હાથમાં જે વિશાળ પ્રદેશ હતો તેમાંથી છેવટનું આ કૅલે બાકી રહ્યું હતું; તે આ રીતે ગુમાવ્યું.

રાણીનું મૃત્યુ—રાણી નવેમ્બર ૧૫૫૮ માં મરણ પામી—કંગાલ અને દુઃખી બનેલી, પોતાની આશાઓમાં નાસીપાસ થયેલી, પ્રજાથી ધિક્કારાયેલી, અને પોતાની પછીના રાજ્યમાં પોતાની રાજનીતિ રદ કરવામાં આવશે એ જાણતી, રાણી મેરી મરણવશ થઈ.

મુખ્ય સાલો

૮ મા હેન્ત્રીનું રાજ્યારોહણ, કૅથરિન ઑફ ઍરૅગૉન જોડે લગ્ન.	૧૫૦૯
ફ્લૉડનનું યુદ્ધ	૧૫૧૩
માર્ટિન લ્યૂથરની પ્હેલી જાહેર ઝુંબેશ	૧૫૧૭
પેવિયાની લડાઈ	૧૫૨૫
વુલ્ઝીની પડતી	૧૫૨૯
ઍન બુલિન જોડે લગ્ન	૧૫૩૩
સર્વોપરિસત્તાનો કાયદો	૧૫૩૪
મઠોનો નાશ	૧૫૩૬–૩૮
ટૉમસ ક્રૉમ્વેલની પડતી	૧૫૪૦
હેન્ત્રી આયર્લૅંડનો રાજા જાહેર થયો	૧૫૪૧
સૉલ્વે મૉસ નજીક સ્કૉટ લોકોની હાર	૧૫૪૨
રાજાનું મૃત્યુ ... જાન્યુ ૨૮.	૧૫૪૭

પ્રકરણ ૪ થું

એલિઝાબેથ, ૧૫૫૮–૧૬૦૩

એલિઝાબેથનું રાજ્યારોહણ—પોતે મરણપથારીએ પડી હતી ત્યારે મેરીએ પોતાની સાવકી બ્હેનને ગાદીનો વારસ કબૂલી, જે કબૂલત બધા વર્ગોએ ઉત્સાહભેર વધાવી લીધી. સ્પેનનો રાજા ફિલિપ એલિઝાબેથને રાણી મેરીની જગ્યાએ પોતાની પત્ની બનાવવાની માગણી કરતાં લેશ પણ અચકાયો નહિ; એ માગણીનો ઇન્કાર કરવામાં એલિઝાબેથ પણ લગીરે અચકાઈ નહિ. પોતાની અંગત બાબતમાં અને રાજ્યની બાબતમાં વિશ્વાસ મૂકી શકાય એવો એક પણ લાયક વર એની આખી લાંબી જીંદગીમાં એને મળ્યો નહિ.

એની મુસીબતો—એલિઝાબેથ એ વખતે પચ્ચીશ વર્ષની છોકરી હતી; પિતાના મૃત્યુ પછી ધડ ઉપર માથું સલામત રાખવામાં પણ એને મુસ્કેલી પડી હતી; અને હવે રાણી તરીકે એને મ્હોટા મજબૂત મરદને ગભરાવી દે એવી મુસીબતો વેઠવાની આવી. કૅથરિન ઑફ્ ઍરૅગૉનની હયાતીમાં જ જેની સાથે લગ્ન કરવાનો હેન્રીએ દેખાવ કર્યો હતો તે ઍન્ બુલિનની એ પુત્રી હતી; એથી, જેઓ પોપની સત્તાને માન આપનારા અને ક્રૅન્મરે કરાવેલા પ્રથમ લગ્નના છૂટકારાને કબૂલ નહિ કરનારા હતા તે બધા પુરુષોની નજરમાં એ દાસીપુત્રી જ હતી. ગાદીની ખરી હક્કદાર તો ૮મા હેન્રીની મ્હોટી બ્હેન એટલે એલિઝાબેથની ફોઇની પૌત્રી સ્કૉટ લોકોની રાણી મેરી જ હતી; આ વાતથી એલિઝાબેથને હરહંમેશ ભય રહ્યા કરતો.

રોમની ધર્મસત્તા સામે હેન્રીએ માથું ઉંચક્યું હતું તેથી પ્રજાનો એક પક્ષ ખુશ થયો હતો અને બીજો છંછેડાઈ પડયો હતો. એટલે એક પણ પક્ષની લાગણી બહુ દુભાવ્યા વગર રાજવહીવટ ચલાવી શકાય એવી યુક્તિઓ ખોળવાની માથાકૂટ એલિઝાબેથને પ્રથમથી જ વળગી હતી. યુરોપના બધા દેશોની એકબીજા સાથેની રાજકીય



એલિઝાબેથ

ખટપટોથી, અને ખાસ કરીને મેરીના વારસામાં મળેલી સ્પેન સાથેની, લોકમાં અપ્રિય બનેલી, મિત્રતાથી મામલો વધારે ગુંચવાડા ભરેલો બન્યો હતો. કેવી કુશળતાથી એણે પોતાની જાતને અને દેશને હરેક જાતની આફતમાંથી બચાવી લીધાં; લગભગ પિસ્તાળીશ વર્ષના રાજ્ય દરમ્યાન પ્રજાની પ્રીતિ અને પરદેશીઓનું માન મેળવ્યાં; પોતાના વારસને સંપત્તિવાળો, આબાદ, વિજયશાળી, સાહિત્ય અને જ્ઞાનમાં કીર્તિમંત મુલ્ક સોંપતી ગઈ, એ હવે આપણે જોઈશું. આ મુલ્કમાં ફક્ત આયર્લૅંડ કમનસીબ હતો.

એના પ્રધાનો—પોતાના પિતાની માફક એને સારા પ્રધાનો અને સેવકો પસંદ કરતાં આવડતું હતું, પણ એકદમ વિશ્વાસ ઉઠાડી ન લેતી એટલી એ એના પિતાથી સારી હતી. ચાળીશ વર્ષો સૂધી (૧૫૫૮–૯૮) એણે વિલિયમ સેસિલમાં વિશ્વાસ રાખ્યો, અને એને લૉર્ડ બર્લિ નામથી ઉમરાવ બનાવ્યો; પણ એની કસાયેલી બુદ્ધિનો પૂરો લાભ લેવા છતાં વહીવટનો કાબુ રાણી પોતાના હાથમાં રાખતી, એટલે રાજનીતિ પોતાની ચાલતી, બર્લિની નહિ.[1] ઘણાં વર્ષો સૂધી બર્લિને સર ફ્રાન્સિસ વૉલ્સિંગૅમની કીમતી મદદ મળી; સર ફ્રાન્સિસ ૧૫૯૦માં મરણ પામ્યો; એનું ખાસ કામ છૂપા જાસુસોનો બંદોબસ્ત કરવાનું હતું, અને કપટકાવત્રાંના એ જમાનામાં એ ખાતું અત્યન્ત ઉપયોગી હતું. એલિઝાબેથે ફતેહમંદ રીતે પોતાના અમલદારોની ઉત્સાહભરી વફાદારી સંપાદિત કરી—ખાસ કરીને નૌકાબળના અમલદારોની, જેઓએ એને સ્પેનની કદી ન જીતાય તેવી જણાતી સત્તા ઉપર યાદગાર ફતેહ મેળવી આપી.

સર્વોપરિપણાનો કાયદો અને સમાનતાનો કાયદો (ઍક્ટ ઑફ્ સુપ્રેમસી અને ઍક્ટ ઑફ્ યુનિફૉર્મિટી)—રાણી

---

૧. રાણી વિક્ટોરિયાનો પ્રખ્યાત પ્રધાન માર્ક્વેસ ઑફ સૉલ્ઝબરી લૉર્ડ બર્લિનો વંશજ હતો; એના પુત્રો પણ જાહેર જીવનમાં નામીચા છે.

તખ્તનશીન થઈ તે પછીના વર્ષમાં (૧૫૫૯માં) ફ્રાન્સ જોડે સુલેહ કરવામાં આવી, અને સર્વોપરિપણાનો કાયદો અને સમાનતાનો કાયદો અમલમાં મૂકીને રાજ્યની અંદરની ધર્મસંસ્થાના સંબંધમાં રાજ્યકર્તાનો અધિકાર ચોક્કસ રીતે ઠરાવ્યો. જો કે રાજ્યકર્તાના ઇલ્કાબમાંથી 'ધર્મસંસ્થાના અધ્યક્ષ' એ કચવાટ ઉપજાવે એવા શબ્દો એણે બાતલ કર્યા, તોપણ ધર્મગુરુઓની નીમણુક ઉપર કૂલ સત્તા પોતે જ રાખી, અને પોતાના રાજ્યના ખટલામાં પોપને માથું મારતો તદ્દન બંધ કર્યો. ધર્મના મતભેદને પાખંડ ગણીને કોઈ ને પીડવાની એને લેશ પણ ઇચ્છા ન્હોતી, દરેક માણસને જે ફાવે તે માનવાની છૂટ આપવાની એની મરજી હતી, પણ એ જમાનાની બધે ચાલતી રીત મુજબ એણે જાહેર પ્રાર્થનામાં સમાનતા જાળવવાની ફરજ પાડી. ૧૫૮૩માં સર્વોપરિપણાના અને સમાનતાના કાયદાનો અમલ કરાવવા માટે રાણીએ કોર્ટ ઑફ્ હાઇ કમિશન સ્થાપી. બનતું એવું કે એ કોર્ટની સત્તાનો અમલ આર્ચ્બિશપ ઑફ્ કૅન્ટરબરી (કૅન્ટરબરીનો ધર્મગુરુ) કરતો અને ઘણીવાર બહુ સખ્તાઈથી કરતો; એલિઝાબેથના રાજ્યમાં તેમજ ૧ લા જેમ્સના અને ૧ લા ચાર્લ્સના રાજ્યોમાં એ પ્રમાણે જ ચાલ્યું.

ફ્રેંચ લશ્કરને સ્કૉટ્લૅંડમાંથી કાઢી મૂકવામાં આવ્યું— એલિઝાબેથના રાજ્યસમયના બે તૃતીયાંશ દરમ્યાન તખ્તની સલામતીને અને સુલેહશાન્તિને મ્હોટામાં મ્હોટો ભય સ્કૉટ્લૅંડ તરફનો હતો; એ દેશ છેક ૧ લા એડ્વર્ડના સમયથી (૧૨૯૫ થી) ફ્રાન્સનો મળતિયો હતો. એલિઝાબેથના રાજ્યારોહણ વખતે સ્કૉટ્લૅંડમાંના રોમન કૅથલિક પક્ષને મજબૂત બનાવવાના અને ઇંગ્લંડને ડરાવવાના હેતુથી ફ્રેંચ લશ્કરને એડિનબરો નજીક લીથ મુકામે રાખવામાં આવ્યું હતું. ૧૫૬૦ માં એલિઝાબેથે મોટું નૌકાસૈન્ય ત્યાં મોકલી આપ્યું જેણે ફ્રેંચ લોકોને સ્વદેશ તરફ પાછા જવાની અને એલિઝાબેથને ઇંગ્લંડની હક્કદાર રાણી તરીકે સ્વીકારવાની ફરજ પાડી.

સ્કૉટ લોકોની રાણી મેરી—તરુણ મેરી, 'ક્વીન ઑફ્

સ્કૉટ્સ' ફ્રાન્સના રાજા ૨ જા ફ્રાન્સિસને પરણી હતી અને ૧૫૬૦ ની આખરમાં એ રાજા મરણ પામ્યો ત્યારે અઢાર વર્ષની હતી. બીજે જ વર્ષે (૧૫૬૧ માં) એ પોતાના સ્વદેશમાં પાછી આવી, જ્યાં એણે સાત વર્ષો કષ્ટમાં વીતાવ્યાં. કાયમના વાદવિવાદનો વિષય બનેલી એ વર્ષોની કથા આ સફાઓમાં વર્ણવી શકાતી નથી. સુધારકો અને રોમન કૅથલિકો વચ્ચેના ધાર્મિક ઝગડાઓથી આખા દેશમાં ફાટફૂટ પડી ગઈ હતી, અને આ ઝગડાઓનો લાભ લઈને ધર્મપ્રત્યે બેદરકાર સત્તાલોભી ઉમરાવો પોતાનું કામ કાઢી લેતા હતા. ૧૫૬૫માં મેરીએ પોતાના સગા હેન્રી ડાર્નિલે જોડે બીજીવારનું લગ્ન કર્યું. એ લગ્ન સુખરૂપ ન નીવડ્યું, અને બીજે જ વર્ષે ડાર્નિલેએ મેરીની આંખ આગળ એના માનીતા ખાનગી મંત્રીનું ખૂન કર્યું. એ વર્ષની આખરમાં એનો એકનો એક પુત્ર જન્મ્યો, જે પાછળથી સ્કૉટ્લૅંડનો ૬ ઠ્ઠો જેમ્સ અને ઈંગ્લંડનો ૧ લો જેમ્સ બન્યો. ૧૫૬૭ ની શરૂઆતમાં, ડાર્નિલેના રહેવાના મકાનને દારૂની સુરંગથી ઉડાવી દેવામાં આવ્યું છે અને ડાર્નિલેનું શબ બ્હાર પડેલું મળી આવ્યું છે, એ સમાચારથી દેશ ખળભળી ઊઠ્યો. આ કરપીણ કામ મેરીની ઘણી મહેરબાની પામેલા જેમ્સ બૉથવેલ નામના ઉમરાવે કર્યું હતું એ સ્પષ્ટ હતું, અને મેરીને એ પસંદ પડ્યું એ પણ ચોક્કસ હતું. થોડાક માસ પછી એની સંમતિથી બૉથવેલ એને નસાડી ગયો, અને પોતાની સ્ત્રીને તલ્લાક આપ્યા પછી એને પરણ્યો. નીતિના કાનૂનનો આવી બેશરમ રીતે ભંગ થાય એ લોકથી સાંખી શકાયું નહિં; તેઓએ મેરી પાસેથી રાજ્ય ખૂંચવી લઈને એના બાલકપુત્રને આપ્યું અને મેરીને લૉકલીવનના કિલ્લામાં આખી જીંદગી કેદી તરીકે ગાળવાની શિક્ષા કરી. ૧૫૬૮માં નાસી છૂટીને એણે લશ્કર એકઠું કર્યું, પણ એને સ્હેલાઈથી હરાવીને ઇંગ્લંડમાં હાંકી કાઢવામાં આવી; ત્યાં એને એલિઝાબેથે કેદમાં નાખી અને છેવટ ઓગણીશ વર્ષો પછી એને મોતની શિક્ષા કરવામાં આવી.

હરીફ રાજનીતિઓ—મેરી સ્કૉટ્લૅંડમાં હતી એ દરમ્યાન

પ્રૉટેસ્ટન્ટ અને રોમન કૅથલિક પંથોના અનુયાયીઓ વચ્ચેના ઝગડાઓથી આખા યુરોપમાં ફાટફુટ પડીને બે પક્ષો થયા હતા. અત્યારે હૉલૅંડ અને બેલ્જિયમ દેશો કહેવાય છે તે મુલ્ક એ વખતમાં નેધર્લૅંડ્ઝ કહેવાતો અને સ્પેનના રાજ્યનીચેનો એક પ્રાન્ત હતો; એ પ્રાન્તમાં રાજા ૨ જા ફિલિપનો સૂબો અને સેનાપતિ ડ્યૂક ઑફ્ આલ્વા ભયંકર કતલો અને ક્રૂરકૃત્યો વડે પ્રૉટેસ્ટન્ટ પંથને કચડી નાખવાનો પ્રયત્ન કરતો હતો. એલિઝાબેથના પ્રધાન બર્લિનો એવો મત હતો કે રાણીએ ખુલ્લી રીતે યુરોપમાં પ્રૉટેસ્ટન્ટ પક્ષની સરદારી લેવી, સ્પેનની વિરુદ્ધ નેધર્લૅંડ્ઝને મજબૂત મદદ આપવી અને મેરીને સ્કૉચ લોકના હાથમાં સોંપી દેવી, જે લોકો એને મારી નાખત એ ચોક્કસ છે. એથી ઉલટું, ઇંગ્લંડના રોમન કૅથલિકોની એવી ઇચ્છા હતી કે સ્પેન સાથે સંપ કરવો અને મેરીને ઇંગ્લંડના તખ્તની વારસ ઠરાવવી. સ્પેન જોડે વિગ્રહ થતાં નેધર્લૅંડ્ઝ કે ફ્લૉન્ડર્સ જોડે-નો નફાદાર વેપાર તૂટી પડે નહિં તો ઠીક એવી ઇચ્છા રાખનારા વેપારીઓએ રોમન કૅથલિકોની રાજનીતિનો પક્ષ લીધો.

રાણી એક પણ પક્ષની સલાહ પ્રમાણે વર્તવા ખુશી ન્હોતી. એણે કુશળતાથી સ્પેન જોડે ખુલ્લો વિગ્રહ થતો અટકાવ્યો, છતાં નેધર્લૅંડ્ઝને છુપી મદદ આપી, અને મેરીને સોંપી દેવાને કે એનો રાજ્યહક્ક સ્વીકારવાને પણ સાફ ના પાડી. પણ દહીંમાં અને દૂધમાં બંનેમાં પગ રાખનારી આ રાજનીતિથી ઇંગ્લંડના ઉત્તર ભાગમાંના કેટલાક મ્હોટા રોમન કૅથલિક ઉમરાવો નાખુશ થયા, અને તેઓએ બળવો ઉઠાવ્યો (૧૫૬૯). આ હીલચાલ નિષ્ફળ થઈ અને સખ્ત સજાનો ભોગ બની; અર્લ્ ઑફ્ નૉર્થંબરલૅંડનો કાયદેસર વધ કરવામાં આવ્યો. ડ્યૂક ઑફ્ નૉરફોક સ્પેનના લશ્કરને લાવવાનું કાવત્રું રચ્યું હતું, તેના પણ એ જ હાલ થયા. ત્યાર પછી જો કે એલિઝાબેથની જીંદગીને છૂપાં કાવત્રાં-ઓનો કાયમનો ભય રહ્યો, પણ ફરીથી રાણી સામે ખુલ્લેચોક બળવો ઇંગ્લંડમાં થયો નહિં. દિવસે દિવસે પ્રૉટેસ્ટન્ટ પંથ તરફ વધારે ઢળતી જતી પાર્લમેંટે હવે એવી પદ્ધતિયે કામ કરવા માંડયું કે ખુલ્લી રીતે



સ્કૉટ લોકોની રાણી મેરી

રોમન કૅથલિક ધર્મને સ્વીકારનારાને રાજદ્રોહી ગણવાનું વાજબી માન્યું અને રાજ્યકર્તાએ સ્વીકારેલા ઍંગ્લિકન ચર્ચના એટલે ઇંગલંડની ધર્મ-સંસ્થાના ધર્મને જાહેરમાં પાળવાનું કબુલ ન કરે તેઓની સામે સખ્ત કાયદાઓ પસાર કર્યા (૧૫૭૧).

એલિઝાબેથનો બહિષ્કાર, ૧૫૭૦—ઇંગ્લંડમાં વધતા જતા પ્રૉટેસ્ટન્ટ વલણના જવાબમાં પોપે ૧૫૭૦માં રાણી એલીઝાબેથ-નો ધર્મમાંથી બહિષ્કાર કરનારૂં, અને એને વફાદાર રહેવાને એની પ્રજા હવે બંધાયેલી નથી એવું જાહેર કરનારૂં, ફરમાન કાઢ્યું હતું. પોપના એ મૂર્ખતા ભરેલા પગલાનું, ૧ લી મેરીએ કરેલા જુલ્મની માફક, ધાર્યા કરતાં ઉલટું જ પરિણામ આવ્યું. એથી સાધારણ રીતે બધા અંગ્રેજો, ઘણાખરા રોમન કૅથલિકો સુદ્ધાં, પોતાની બહાદૂર રાણી-ના પક્ષમાં સજ્જ થયા, અને એનું અને રાજ્યનું બ્હારની ખલેલ સ્હામે રક્ષણ કરવા મક્કમ બન્યા. વળી એ ફરમાનથી પોપની આણમાં રહેનારા બધા પુરુષોને દુશ્મન લેખવાની ઇંગ્લંડની સરકારને ફરજ પડી, અને રોમન કૅથલિક વિરુદ્ધના સખ્ત કાયદાઓ ઘડવા માટે મજબૂત બ્હાનું મળ્યું; એ કાયદાઓ સંયુક્તરાજ્યમાં (સ્કૉટ્લૅંડ અને ઇંગ્લંડમાં) ૧૮૨૯ સૂધી અમલમાં રહ્યા.

સેન્ટ બાર્થોલોમ્યુની તિથિયે થયેલી કતલ—૧૫૭૨માં સેન્ટ બાર્થોલોમ્યુની તિથિયે, એટલે આગસ્ટની ૨૪મીએ, ફ્રાન્સના રાજા ૯મા ચાર્લ્સે અને એની માતા કૅથરિન દ મેદિસિએ પૅરીસમાં અને બીજાં સ્થળોએ પ્રૉટેસ્ટન્ટ લોકોની એકસામટી કતલ કરમાવીને કાયમની અપકીર્તિ મેળવી. કતલના ભોગ બનેલાની સંખ્યાની આંકણી ૨૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ સૂધીની કરવામાં આવે છે. એ સમાચારથી ઇંગ્લંડમાં લોકના ક્રોધનો પાર ન રહ્યો, અને પ્રૉટેસ્ટન્ટ પંથ તરફ લાગણી ઘણી વધી ગઈ, અને આવાં ઘોર કૃત્યો કરાવી શકતા પોપ-ના વહીવટ તરફ બહુ જ તિરસ્કાર ઉપજ્યો. પોપે જાહેર રીતે એ કતલ માટે સંતોષ જણાવ્યો અને એની યાદગીરીમાં ચાંદ છપાવ્યા એ શરમની વાત છે.

નેધર્લૅંડ્ઝનો[1] બળવો—એ જ અરસામાં નેધર્લૅંડ્ઝ અથવા નીચાણના દેશો (લો કન્ટ્રીઝ) ના કેટલાક પ્રાંતોએ સ્પેનની હકુમતના જુલ્મ સ્હામે બળવો ઉઠાવ્યો અને ૧૬૦૯ સુધી ચાલેલી બહાદુરી ભરેલી લડતનો પ્રારંભ કર્યો. બળવાખોરોની છેવટની ફતેહ છેક ૧૬૪૮માં સ્વીકારવામાં આવી જ્યારે મન્સ્ટરના કોલકરારોમાં એમની સ્વતંત્રતા કબૂલવામાં આવી. એલિઝાબેથ છેતરપીંડીની રમત રમી; એણે માણસોની અને નાણાંની થોડીક મદદ ત્યાં પ્હોચાડી છતાં બન્યું ત્યાંસુધી સ્પેન સાથે ખુલ્લો વિગ્રહ ન મંડાય એવી સાવચેતી રાખી. ડ્રેક અને બીજા મશહુર નાવિકોએ મધ્ય અને દક્ષિણ અમેરિકામાંનાં સ્પૅનિશ સંસ્થાનોને ઘણું નુકસાન પ્હોચાડયું અને લૂંટમાં પુષ્કળ ધનભંડાર મેળવ્યો. સ્પેન સાથે લડાઈમાં ન ઉતરવાનો ડોળ રાખી રહેલી રાણીએ એમનાં આવાં કાર્યોને ઉત્તેજન આપ્યું અને ડ્રેકને નાઇટ બનાવ્યો. ૧૫૮૦માં ફિલિપે પોર્ટુગલને પોતાના મુલ્ક સાથે જોડી દીધું. ત્યારપછી સ્પેનની સત્તા વિશેષ જામી, અને સ્પેનની મદદ વડે રાણીને પદભ્રષ્ટ કરવાની અને મેરી ક્વીન ઑફ્ સ્કૉટ્સને ગાદીએ બેસાડવાની નેમથી થતાં કાવત્રાંઓને લીધે અંગ્રેજ સરકારને ચાલુ ચિંતા રહી.

બૉબિંગ્ટનનું કાવત્રું; ક્વીન ઑફ્ સ્કૉટ્સનો વધ—હજી જ્યારે રાજા ફિલિપ ઇંગ્લંડ ઉપરની ચડાઈની ને જીતની યુક્તિઓ ધીમે ધીમે મજબૂત બનાવતો હતો તેટલામાં તો કેટલાક અધીરા રોમન કૅથલિકોએ, ઍન્ટની બૉબિંગ્ટન નામના ગૃહસ્થની

---

૧ ર્‌હાઈન, મ્યૂઝ, અને શેલ્ટ નદીઓના વહેણનો ફ્રાન્સની ઉત્તરે આવેલા નીચાણવાળા આખા પ્રદેશનું એક નામ 'લો કન્ટ્રીઝ' પડેલું છે; એ દેશનો ઇતિહાસ લાંબો છે. ૧૮૩૦થી એના ભાગ પાડીને બે રાજ્યો થયાં છે—દક્ષિણમાં બેલ્જીયમ અને ઉત્તરમાં હૉલૅન્ડ. ખરું જોતાં હૉલૅન્ડ તો એક પ્રાંતનું જ નામ છે. ઉત્તર નેધર્લૅંડ્ઝના (હૉલૅન્ડના) લોક ડચ કહેવાય છે.

આગેવાની નીચે, એલિઝાબેથના ખૂનનું કાવત્રું રચ્યું (૧૫૮૬). મેરી ક્વીન ઑફ સ્કૉટ્સ આ કાવત્રાથી વાકેફગાર હતી એવું માનવાને મજબૂત કારણો પુરવાર થતાં રાજ્યની સલામતી જાળવવા ખાતર મેરીનો વધ કરાવવાનું દબાણ પ્રધાનમંડળે અને પાર્લમેંટે કર્યું. એલિઝાબેથે લાંબો વખત વિલંબ કરીને છેવટ નાખુશીથી શિક્ષાપત્ર ઉપર સહી કરી, અને એ પ્રમાણે ફ્રૉધરિંગે કૅસલ્માં મેરીનો શીર્ષચ્છેદ કરવામાં આવ્યો (૮મી ફેબ્રુવારી, ૧૫૮૭). ઇંગ્લંડમાં આ સમાચારથી ઘરે ઘરે આનંદ વ્યાપ્યો. કાયમનો મ્હોટો ભય દૂર થયો એવું લોકને લાગ્યું. મરણની ઘડીએ મેરીએ બતાવેલાં શાંત ગંભીરપણાથી ઘણી અસર થઈ અને લોકલાગણી એના પક્ષમાં ઉશ્કેરાઈ એટલે મેરીની ભયાનક જીવનકથા વિશે હમેશાં હરીફ લેખકો વચ્ચે મતભેદના ઝગડાઓ થયા છે અને થશે. એના દોષો અને અપરાધો ગમે તેવા હોય પણ એ બાઈ જીવતાં અસાધારણ આકર્ષણશક્તિવાળી હતી અને સ્હામાનો સ્નેહ જીતી લેનારી હતી, અને મૃત્યુ પછી એના પક્ષકારોએ અંગત સેવકો જેટલી ભક્તિથી એના નામનો બચાવ કર્યો છે.


અરમાર (આર્મેડા) માટેની તૈયારીઓ—મેરીના વધ પછી સ્પેનના રાજા ફિલિપે, પોતાની માતા જૉન ઑફ્ ગૉન્ટની ઓલાદની હતી[1] એ આધારે ઇંગ્લંડના તાજનો પોતાને માટે દાવો કર્યો, અને એ દ્વીપ ઉપર ચડાઈ કરવા માટે જોરાવર કાફલો જમા કર્યો. ૧૫૮૭ના વર્ષ દરમ્યાન ડ્રેક એનાં બંદરોમાં ઘુસી ગયો અને એના વ્હાણવટને અને ભંડારને એટલું નુકસાન પ્હોચાડી ગયો કે ચડાઈ બીજા વર્ષ સૂધી મુલ્તવી રાખવી પડી.

સ્હામસ્હામા પક્ષના કાફલાઓ—છેવટ એક હથિયારબંધ કાફલો, જેને સ્પૅનિયાર્ડ લોકો ગર્વથી અજય્ય અરમાર (ઇન્વિન્સિબલ આર્મેડા) કહેતા તે, રવાના થયો અને ૨૯મી જૂલાઈ ૧૫૮૮ ને રોજ કૉર્નવૉલના કિનારા ઉપરથી જોઈ શકાયો. એમાં ૧૩૦ વ્હાણો હતાં, જેમાંનાં

---

૧ જૉન ઑફ્ ગૉન્ટ્ની દીકરી કૅથરિન કૅસ્ટાઇલના રાજાને પરણી હતી. એ કૅસ્ટાઇલ સ્પેનમાં જોડાઈ ગયેલાં રાજ્યોમાંનું એક હતું.

૬૫ તો અકેકું ૭૦૦ ટનથી વધે એવાં હતાં જે એ જમાનામાં બહુ મ્હોટાં મનાતાં; એમાં ૮,૦૦૦ ખલાસીઓ હતા અને લગભગ ૨૦,૦૦૦ સૈનિકો હતા, ૨,૦૦૦થી વધારે તોપો હતી, અને ૭ મહિના પૂરતો ખોરાકીનો અને દારુગોળાનો પુષ્કળ ભંડાર હતો. નેધર્લૅંડ્ઝમાં ડયૂક ઑફ્ પાર્મા મ્હોટો કાફ્લો તૈયાર કરીને ઉભો હતો અને આર્મેડાના રક્ષણમાં ઉત્તર સમુદ્ર ઓળંગવાની રાહ જોતો હતો. થોડાંક અંગ્રેજ વ્હાણો એની ઉપર પહેરો ભરતાં હતાં. સ્હામા પક્ષનાં અંગ્રેજ વ્હાણોની સંખ્યા જુદા જુદા લેખકો જુદી જુદી જણાવે છે. પણ ચોક્કસ સંખ્યા ગમે તે હોય – આશરે કહિયે તો અંગ્રેજ કાફ્લા કરતાં આર્મેડામાં બમણો બોજો ઉપાડવાની શક્તિ, બમણી વ્હાણોની સંખ્યા અને બમણાં માણસો હતાં. અંગ્રેજ વ્હાણોમાંનાં ત્રીશ જ કાંઈક ઠીક કદનાં હતાં. પરંતુ અંગ્રેજ તોપો શત્રુની તોપો કરતાં વધારે છેટે ગોળા પ્હોચાડી શકે એવી હતી અને એનો ઉપયોગ વધારે સારો કરવામાં આવ્યો હતો. અંગ્રેજ વ્હાણો હલકાં હતાં અને તેના ચલાવનારા દુનિયાના શ્રેષ્ઠ ખલાસીઓ હતા: અને સ્પૅનિશ વ્હાણો બોજદાર હોવાથી દરિયામાં ઝડપથી હરીફરી શકતાં ન્હોતાં. માત્ર સિપાહીઓ અંદર બેશીને લડ્યા કરે એવા કિલ્લાનું જ કામ સારે એવાં હતાં. એવાં સ્પૅનિશ વ્હાણોની આસપાસ અંગ્રેજ વ્હાણો સ્હેલાઈથી ફરી વળી શકે એવાં હતાં. જબરી દેખાતી આર્મેડાની ખરી નબળાઈ એલિઝાબેથના સેનાપતિઓ પૂરેપૂરી જાણતા હતા, અને પૂરા ભરોસાથી વિજયની આશા રાખતા હતા. જો તેઓને છૂટ મળી હતે તો તેઓ આગલે વર્ષે ડ્રેકે કરેલું પરાક્રમ


ડ્રેક

મ્હોટા પ્રમાણમાં ફરીથી કરી બતાવત, અને **આર્મેડા** બારામાંથી નીકળે તે પ્હેલાં એનો નાશ કરી નાખત.

આર્મેડાનો નાશ—એક અણીથી બીજી અણી સુધી સાત માઇલ લાંબો અર્ધચન્દ્રાકાર વ્યૂહ રચીને આગળ વધતી **આર્મેડા પ્લીમથ** તરફ ચાલી, પણ હળવાં ન્હાનાં અંગ્રેજ વ્હાણો **આર્મેડા** અને એની પાછળ વાતા પવનની વચમાં ઘુશી ગયાં અને એ રીતે સ્પૅનિયાર્ડોની પાછળ રહીને બરાબર તાકીને એક સામટી તોપો ફોડી ફોડીને[1] શત્રુઓનાં તૂતકો ઉપર ગોળા ફેંકવા લાગ્યાં. કેટલાંક વ્હાણોનો અને ઘણાં માણસોનો સંહાર થવાથી શત્રુઓને ચૅનલની (સામુદ્રધુનીની) અંદર ચાલ્યા જવાની અને કૅલેના બારામાં આશ્રય લેવાની ફરજ પડી. અંગ્રેજ નૌકાસેનાપતિ લૉર્ડ હુાવર્ડ ઑફ્ એફિંગ્હૅમે એ વખતે આઠ ભડભડ સળગતાં વ્હાણોને શત્રુના ટોળામાં વહેતાં મૂકયાં; એથી એટલો તો ત્રાસ વ્યાપ્યો કે સ્પૅનિશ કપ્તાનોએ લંગરનાં દોરડાં તોડી નાખ્યાં અને દક્ષિણ તરફથી વાતા પવનનો લાભ લઈને ઉત્તર તરફ નાસવા માંડયું. અંગ્રેજોએ બન્યું ત્યાં સુધી એમનો પીછો પકડયો. રાજ્યની આફત હવે બધી દૂર થઈ. સ્કૉટ્લૅંડની ઉત્તરે અને આયર્લૅંડની પશ્ચિમે થઈને સ્વદેશ પ્હોંચવા માટે **આર્મેડા** રસ્તો કાપતી ચાલી. પણ એવાં તો ભયંકર તોફાનો ઉઠયાં કે ઘણાંએ વ્હાણો સ્કૉટ્લૅંડના અને આયર્લૅંડના કિનારાપર અફળાઈને તૂટી ગયાં; એના અવશેષો આજસૂધી એ જગ્યાઓ ઉપર જોવામાં આવે છે. વ્હાણવટી-ઓમાંથી જે કોઈ જમીનપર ઉતરી પડ્યા તેઓને મારી નાખવામાં આવ્યા. બચવા પામેલાં કંગાલ, અથડાઈને કૂટાઈ ગયેલાં, પચાસ

---

૧ વ્હાણની એક બાજૂની બધી તોપો એક સામટી ફોડવી એને 'બ્રૉડસાઇડ' કહે છે. જૂનાં લાકડાનાં વ્હાણો ઉપર ઘણી તોપો મૂકવામાં આવતી. હાલની લોખંડની મનવારો ઉપર થોડી, પણ ઘણી જોરદાર, તોપો હોય છે.

વ્હાણો, રોગ અને થાકથી મરતા મરતા આદમીઓને લઈને, સ્પેનનાં બારાંઓમાં પ્હોચ્યાં. ઈંગ્લંડ બચી ગયું; રાણી એલિઝાબેથે આ છુટકારા માટે ઈશ્વરનો આભાર માન્યો અને, 'ઈશ્વરે પવનનું તોફાન મોકલ્યું એટલે તેઓ વીખેરાઈ ગયા'–એ બાઈબલવાક્ય લખેલો ચાંદ પડાવ્યો.

ફ્રાન્સ જોડે મિત્રાચારી--આર્મેડાની હાર પછી અંગ્રેજ કાફલાએ અને ખાનગી સાહસિક પુરુષોએ યુરોપમાં તેમજ અમેરિકામાં સ્પૅનિયાર્ડોને ઘણું નુકસાન કરવું જારી રાખ્યું, અને બીજી આર્મેડા મોકલવાના ફિલિપના પ્રયત્નોને નિષ્ફળ કર્યા. ૧૫૯૩ માં નવારના ૪ થા હેન્રીનો રાજા તરીકે સ્વીકાર થતાં ફ્રાન્સમાં ચાલતા પક્ષાપક્ષીના વિગ્રહનો અંત આવ્યો; હેન્રી પ્રૉટેસ્ટન્ટ પંથમાં ઉછર્યો હતો અને રાજનીતિને અંગે રોમન પંથ સ્વીકાર્યા પછી પણ પ્રૉટેસ્ટન્ટ પંથ તરફની લાગણી જાળવી રહ્યો હતો. એથી ફ્રાન્સ ઈંગ્લંડનો શત્રુ મટીને મિત્ર બન્યું, અને એલિઝાબેથને આયર્લૅંડ જીતવાની પુરસદ મળી.

ઈંગ્લંડમાં સરકાર જુદા જુદા ધાર્મિક પંથોને લગતી બાબતોમાં મશગૂલ હતી; એ વખતમાં ધર્મના મતફેર અને રાજકીય પ્રશ્નો એકમેક સાથે ગૂંથાયેલા રહેતા અને અલગ ન થઈ શકતા. પ્યુરિટન્સ એટલે 'બહુ ચોખ્ખી જીંદગી ગુજારનારા' અને બીજાં નામોથી ઓળખાવા લાગેલા અતિચુસ્ત પ્રૉટેસ્ટન્ટો રાણીને ગમતા નહિ એટલે તેઓને ઘણી સખ્તાઈ વેઠવી પડતી.

ઇજારા—એલિઝાબેથને ખરચ કરવું ગમતું નહિ એટલે નાણાં મેળવવા માટે વારંવાર પાર્લમેંટને બોલાવવાની એને જરૂર ન્હોતી પડી; એણે આખરનાં વર્ષોમાં તો ઇજારાઓ આપીને, પાર્લમેંટની સત્તાનો આશ્રય લીધા વિના જ, નાણું ઉપજાવવાની જૂની ખરાબ રીતને તાજી કરી. એટલે કે જે ખૂબ પૈસા આપે તે આદમીને કે મંડળીને સાબુ, દારૂ, એવી એવી રોજંદા વપરાશની ચીજો વેચવાનો કૂલ હક્ક આપવો શરુ કર્યો. એથી કિંમતો વધી અને પ્રજાને મ્હોટું

સંકટ આવી પડ્યું. રાણી ડાહી હતી એટલે ચેતી ગઈ કે આ ગેર-વાજબી પગલાનો ઇલાજ કરવો પડશે. પોતાની શોભા જળવાય એવી રીતે તે નમી ગઈ, પોતાની ભૂલ બતાવી આપવા માટે આમની સભાનો આભાર માન્યો, અને બધાને ખાતરી આપી કે "આ આસનપર મારાથી વધારે બળવાન્ અને ડાહ્યા ઘણાએ પુરુષો બેશી ગયા હશે, પણ મારાથી વધારે કાળજીવાળો અને તમને વધારે ચાહનારો કોઈ તમને મળ્યો નથી અને મળશે નહિ." એની આ બડાઈ ઇંગ્લંડની બાબતમાં તો ખરી હતી.

એલિઝાબેથનું મૃત્યુ—છેવટ, માર્ચ ૧૬૦૩ માં ૭૦ વર્ષની વયે, ૪૫ વર્ષ રાજ્ય કરીને, કેટલાંક અઠવાડિયાંઓ ત્રાસદાયક શારીરિક અને માનસિક કષ્ટ વેઠીને, એ મહારાણીએ દેહ છોડયો; પોતાની પછી સ્કૉટ્લૅંડવાળો એનો પિત્રાઈ જેમ્સ ગાદીએ આવે એ એની છેલ્લી ઇચ્છા હતી.


આયર્લૅંડ—ઇંગ્લંડની હકીકતથી અલગ હોવાથી આયર્લૅંડમાંના એલિઝાબેથના રાજ્યવહીવટની કથા, જે એના રાજ્યના કીર્તિમંત ઇતિહાસ ઉપર ખેદકારક કલંક છે, તેને અમે બાકી રાખેલી છે. એના પિતાના રાજ્યની શરુઆતમાં એ બેટમાં ઇંગ્લિશ સત્તા અત્યન્ત કમતી હતી, પણ ૧૫૪૨ માં, તોપગોળાની મોટી મદદથી લડાયેલી સાત વર્ષની લડાઈઓ પછી, એ આખા દેશે ઇંગ્લિશ સમ્રાટ્-ની આણ સ્વીકારી હતી અને એ સમ્રાટ્ને આયર્લૅંડના મ્હોટા ઉમરાવો સાથે મિત્રાચારી કરવાના પ્રયાસમાં કાંઇક ફત્તેહ મળી હતી (પૂર્વે પૃ. ૬૪). કમનસીબે, ઇંગ્લંડ અને આયર્લૅંડમાં રાજ્યે સ્વીકારેલો એક જ ધર્મ અને રાજ્યે ફરમાવેલો એક જ પૂજનવિધિ પાળવો જોઇયે એવું દબાણ કરીને ટૉમસ ક્રૉમ્વેલે નવું અને કાયમ-નું ખળભળાટનું કારણ દાખલ કર્યું. રાજાને ધર્મમાં સર્વોપરિ મનાવવામાં આવે એ વાતનો આયર્લૅંડના લોકને એ વખતે ભારે વાંધો ન્હોતો, અને ઉમરાવો તો મઠની લૂંટમાંથી ભાગ મેળવવા ટાંપી રહ્યા હતા. પણ જ્યારે ટૉમસ ક્રૉમ્વેલે મૂર્તિઓ અને ધર્મચિહ્નોનો નાશ

કરવાની આજ્ઞા આપીને એક પ્રૉટેસ્ટન્ટ અંગ્રેજ મહાધર્મગુરુ મોકલ્યો ત્યારે તો એણે આખા આયર્લૅંડને ઇંગ્લંડની સ્હામે એકત્ર કરવાનું જ કામ બજાવ્યું. ધર્મસુધારાના ખ્યાલ હજી આયર્લૅંડના લોકોમાં મક્કમ થયા ન્હોતા, ત્યાં તો અંગ્રેજ અમલદારો કે તરતના આવી વસેલાઓ શિવાયના બીજા કોઇ પ્રૉટેસ્ટન્ટો પણ ન્હોતા. ટૉમસ ક્રૉમ્વેલના અવિચારી પગલાએ ધાર્મિક વિરોધ ઉશ્કેર્યો અને એ એલિઝાબેથની સ્હામેની લડતનું મુખ્ય કારણ બન્યું અને આજ સૂધી આયર્લૅંડના રાજદ્વારી મામલા ઉપર એની અસર ચાલૂ રહી છે.

સરસ્થાનો સ્થાપવાની રાજનીતિ—ફિલિપ અને મેરીના રાજ્યમાં રીતસર વસાહતો વસાવવાની પદ્ધતિ અખત્યાર કરવામાં આવી હતી અને, પાછળથી કિંગ્ઝ કાઉન્ટીઝ કે ક્વીન્ઝ કાઉન્ટીઝ નામે ઓળખાતા પ્રદેશમાંથી મૂળવતનીઓને પરાણે કાઢી મૂકીને અંગ્રેજોને વસાવવામાં આવ્યા હતા. એ જ પદ્ધતિ ૧ લા જેમ્સે અને ઑલિવર ક્રૉમ્વેલે વધારે મ્હોટા પ્રમાણમાં પાછળથી અમલમાં આણી.

આયર્લૅંડમાં સ્પૅનિયાર્ડો—ઇંગ્લંડ સ્હામે લડાઈને વખતે આયર્લૅંડમાં પડાવ નાંખીને ત્યાંથી લડાઈ ચાલૂ રાખવાનું ફાવે એટલા માટે આયર્લૅંડને એવું એક મથક બનાવવા સ્પૅનિયાર્ડોએ વખતોવખત મ્હેનત કરી હતી. ૧૫૭૯ માં કેરિ નજીકને સમુદ્ર કિનારે આવી ઉતરેલી ૬૦૦ ની ટુકડીનો નાશ કરવામાં આવ્યો અને ૧૬૦૧ માં હ્યુ ઓ'નીલને મદદ કરવા આવેલા અને કિન્ઝેલ અને કૅસલ હેવનમાં ઘુસી ગયેલા ૭૦૦૦ માણસમાંથી બધા કાં તો પકડાયા અથવા તો માર્યા ગયા, એટલે એક પણ બાકી રહ્યો નહિં.

અર્લ ઑફ્ એસેક્સની નિષ્ફળતા અને એનો બળવો—એલિઝાબેથના ખાસ માનીતા રૉબર્ટ ડેવ, અર્લ ઑફ્ એસેક્સને ૧૫૯૯ માં લૉર્ડ-લેફ્ટેનન્ટ નીમવામાં આવ્યો, અને અગાઉ કોઇ દિવસે નહિ મોકલેલા એવા મ્હોટા સૈન્યનો સેનાપતિ બનાવીને હ્યુ


લંડનડેરી
અ લ્સ્ટ ર
બેલ્ફાસ્ટ
કૉ નૉ ટ
ડ્રોહેડા
મી થ
ડબ્લિન
લી ન્સ્ટ ર
લિમરિક
મ ન્સ્ટ ર
વૉટરફર્ડ
વેક્સફર્ડ
કૉર્ક

આયર્લૅંડ

ઓ'નીલનો બળવો દાબી દેવાને આયર્લૅંડ મોકલવામાં આવ્યો.[1] એ હ્યુ ઓ'નીલ ઓ'નીલ કુળનો મુખી અને અર્લ ઑફ્ ટાયરોન હતો. એસેક્સે એ સરદારને બહુ ફાવતી શરતો કરી આપી; પછી તરત પરવાનગી વગર એસેક્સ ઇંગ્લંડ પાછો ફર્યો અને બર્લિને બળજોરીથી પ્રધાનપદેથી ખસેડવાના મૂર્ખ પ્રયત્નમાં પડયો જેને પરિણામે પોતે જ જીવ ગુમાવી બેઠો (૧૬૦૧).

લૉર્ડ માઉન્ટ્જૉયે મેળવેલી ક્રૂર જીત—એની પછી લૉર્ડ માઉન્ટ્જૉય નીમાયો તે તદ્દન જુદા પ્રકારનો માણસ હતો; એણે તો દક્ષિણમાં ડેસ્મૉન્ડ કુળ જોડે અને ઉત્તરમાં ઓ'નીલ કુળ જોડે ત્રણ વર્ષ સૂધી ઝનુની મકકમતાથી યુદ્ધ કર્યું, દક્ષિણના પ્રાન્ત મન્સ્ટરને વેરાન બનાવ્યો, અને લખતાં કલમ પણ અચકાય એવાં કમકમાટી ઉપજાવનારાં કામો કર્યાં અથવા કરાવ્યાં. હાલતુરત તો વિરોધ કચડાઈ ગયો. મન્સ્ટરની જમીનનો મ્હોટો ભાગ જપ્ત કરીને કમાણી માટે આવેલા સાહસિક અંગ્રેજોને આપવામાં આવ્યો (૧૬૦૩), અને એથી જ ૧ લા જેમ્સના રાજ્યમાં ૧૬૧૦માં અલ્સ્ટરમાં સંસ્થાન વસાવવાનું બની શકયું. પરંતુ દેશના જીતનારાઓએ વાપરેલી ત્રાસજનક રીતોનું ફળ એ આવ્યું કે ૧૬૪૧ માં બળવો ઉઠયો, જેને પરિણામે ઑલિવર ક્રૉમ્વેલને ફરીથી દેશ ઉપર નિર્દય જીત મેળવવી પડી; હજી આજ સૂધી એ જૂના દુષ્કર્મોની યાદ તાજી રહી છે. એલિઝાબેથના અમલદારોએ આયર્લૅંડમાં બતાવેલી નિર્દયતા વર્ણવતાં એ રાણીને જશ મળે એવું એક સારૂં કામ પણ નોંધવું જોઇયે અને તે એ છે કે પાછળથી મશહૂર થયેલી ડબ્લિનની ટ્રિનિટી કૉલેજની ૧૫૯૧ માં સ્થાપના થઈ.

શિક્ષામાં સુધારો—અંગ્રેજ લોકના લાભ માટે રાણીએ

---

૧ રૉબર્ટનો પિતા વૉલ્ટર ડેવ, અર્લ ઑફ્ એસેક્સ, પણ આયર્લૅંડમાં સેનાધિપતિ હતો; એણે કરપીણ કતલો ચલાવી હતી, ખાસ કરીને રૅથલીન બેટમાં.

કરેલાં કામોમાંનું પ્રથમ કામ એ હતું કે પોતાના પિતાએ અને ભાઈએ .ગાઈથી ભેગ કરીને બગાડેલા (પૂર્વે પૃ. ૭૧) ચલણી શિક્કાઓમાં સુધારો કર્યો. પરંતુ આયર્લૅંડ માટે તો પ્હેલાં કરતાં પણ વધારે હલકા પડેલા શિક્કા યોગ્ય ગણાયા. એ પરતંત્ર દેશનો વહીવટ કેવા ઢંગથી ચલાવવામાં આવતો હતો તે આ વાતથી બરોબર જણાય છે.

વ્હેપાર; ગરીબના રક્ષણનો કાયદો—એલિઝાબેથના રાજ્યમાં હરેક પ્રકારના વ્હેપારમાં વધારો થયો. સર ફ્રાન્સિસ ડ્રેક, ફ્રૅાબિશર, હૉકિન્સ અને અન્ય અગણિત બહાદૂર નાવિકોએ ઠામઠામના દરિયામાં પગપેસારો કર્યો, અને દક્ષિણ અમેરિકાનાં સોનાચાંદી માટે અને હિંદુસ્તાનના તેજાનાઓ માટે સ્પૅનિયાર્ડોના અને પોર્ટુગીઝોના દાવાની રહામે થઈને ફતેહમંદ થયા. આર્કિટક મહાસાગરની બરફની દિવાલો પણ એલિઝાબેથના સમયના ખલાસીને અટકાવી શકી નહિ. ૧૫૭૭ માં ડ્રેક આખી પૃથ્વીની પ્રદક્ષિણા જળમાર્ગે કરી આવ્યો અને એની કદરમાં એને 'સર ફ્રાન્સિસ' બનાવી નાઈટનો ખેતાબ આપવામાં આવ્યો. પ્રખ્યાત ઇસ્ટ ઇંડિયા કુંપનીને ૧૬૦૦ ની છેલ્લી તારીખે સનદ મળી; એ બનાવમાંથી તો હિંદુસ્તાનની શહેનશાહત પેદા થઈ.[1] વ્હેપારના વિસ્તારને પરિણામે અઢળક ધન અને બ્હોળી સુખસંપત્તિ પ્રાપ્ત થયાં—આયર્લૅંડ તો હંમેશનો અપવાદ જ છે; અને ખાનગી મકાનો વિશાળ વિસ્તારનાં અને આરામનાં બ્હોળાં સાધનો-વાળાં બંધાવા લાગ્યાં. માત્ર જોરજબરીનો ઉપયોગ કરવાની

---

૧ કેપ ઑફ્ ગુડહોપ વટાવીને હિંદુસ્તાનમાં જઈ રહેલો પ્રથમ અંગ્રેજ જેઝયુઈટ પાદરી જૉન સ્ટીવન્સ જાણવામાં છે; એ ગોવામાં ઠરીઠામ થયો, અને ૧૫૭૯ થી ૧૬૧૯ સૂધીમાં ત્યાં કે સાષ્ટીમાં રહેતો. એ ઑક્સફર્ડની સેન્ટ જૉન્ઝ કૉલેજનો ગ્રેજ્યુએટ હતો અને કાનડી ભાષામાં વિદ્વાન બન્યો હતો. એણે ખ્રિસ્તી પુરાણ અને બીજા ગ્રન્થો લખ્યા છે. અકબરનું રાજ્ય (૧૫૫૬–૧૬૦૫) અને એલિઝાબેથનું રાજ્ય (૧૫૫૮–૧૬૦૩) લગભગ એક જ સમયે થયાં.

ક્રૂર • અને મૂર્ખ પદ્ધતિના મજૂરકોમને લગતા જૂના કાયદા રદ કરવામાં આવ્યા અને એને બદલે નવો કાયદો ઘડવામાં આવ્યો જેમાં અનાથ ગરીબોને સ્થાનિક લોકો પાસેથી આશ્રય મેળવવાનો હક્ક આપવામાં આવ્યો. એ કાયદા ઉપરથી જ, ઘણો ફેરફાર કરીને, હાલનો ઇંગ્લંડમાંનો પૂઅર લૉ (ગરીબના રક્ષણનો કાયદો) ઘડવામાં આવ્યો છે. હિંદુસ્તાનમાં જ્ઞાતિસંસ્થા હોવાથી આવા ખરચાળ કાયદાની જરૂર પડતી નથી.

વ્હેપારી વ્હાણવટ અને નૌકાસૈન્ય—વ્હેપારના વિકાસને વ્હેપારી વ્હાણવટની ઝડપથી થતી વૃદ્ધિ સાથે નજીકનો સંબંધ હતો; વ્હાણવટ ઉપર જ વ્હેપારનો ઘણો આધાર હતો; વ્હાણવટમાં કેળવાયેલા ખલાસીઓ મ્હોટી અને મ્હોટી સંખ્યામાં રોજી મેળવવા લાગ્યા. રાજ્યના નૌકાસૈન્યમાં વ્હાણો ઘણાં થોડાં હતાં એથી વ્હેપારને માટે બંધાયેલાં ઘણાં વ્હાણો લડાઈમાં વપરાતાં હતાં અને **આર્મેડા** સાથેના યુદ્ધમાં અને બીજા પ્રસંગોએ એ વ્હાણોએ મ્હોટો ભાગ લીધો હતો. **એલિઝાબેથે** નૌકાસૈન્યમાં ઘણાં વ્હાણો વધાર્યાં ન્હોતાં, અને બંધાવ્યાં તેમાંનાં ઘણાંખરાં ન્હાના કદનાં હતાં, પણ ૧૫૫૯ માં અને ૧૫૬૦ માં ત્રણ મ્હોટાં વ્હાણો અક્કેકું ૮૦૦ થી ૧૦૦૦ ટન બોજો ઉપાડે એવાં નોંધાએલાં છે. રાણીની વૃત્તિ તો નૌકાસૈન્યને માલદાર વ્હાણો લૂટવાનું સાધન બનાવવાની હતી, એટલે એને નૌકાયુદ્ધના સિદ્ધાન્તોની ઝાઝી સમજ ન્હોતી જણાતી; એમાં તો ડ્રેક, રૅલે, વગેરે અમલદારો કુશળ હતા. જેની બરોબરી દુનિયામાં ન થઈ શકે એવા **એલિઝાબેથના** નાવિકોની ચતુરાઈ વ્હાણોની સંખ્યા અને કદમાં રહેલા **સ્પેનના** બળ કરતાં ઘણી વધારે કામની નીવડી.

સાહિત્ય બુદ્ધિનું એકાએક પ્રગટી નીકળવું—**એલિઝાબેથના** યુગમાં—**એલિઝાબેથના** અને **૧ લા જેમ્સના** રાજ્યને સાહિત્યમાં '**એલિઝાબેથનો યુગ**' કહેછે તેમાં—સાહિત્યવિષયક બુદ્ધિ એકાએક પ્રગટી નીકળી. વિચારનાં અને અવલોકનનાં

નવાં નવાં ક્ષેત્રો ખુલ્લાં કરે એવા જે બનાવો બન્યા હતા, અને જનસ્વભાવના ઉમદા ગુણોને ઉપયોગમાં લાવી મૂકે એવા ચડિયાતાં બળોની સ્હામેના જે વિગ્રહો કરવામાં આવ્યા હતા, એનું પરિણામ સાહિત્યના વિકાસમાં જણાયું. વિદ્યાકલાના પુનર્જન્મથી (પૂર્વે પૃ. ૫૭) કૉલેજોની અને પાઠશાળાઓની સ્થાપનાને ઉત્તેજન મળ્યું હતું, અને ધર્મસુધારાની (પૂર્વે પૃ. ૫૬) સાથે મળીને એ બંને હીલચાલોએ લોકના મનને અજ્ઞાનનાં, રિવાજનાં, અને સત્તાનાં બંધનોમાંથી મુક્ત કરવાનું કામ ઘણું કર્યું હતું. અમેરિકાની નવી દુનિયાની, અને હિંદુસ્તાન અને 'મસાલાના બેટો'ની અત્યારસૂધી અજાણી રહેલી જૂની દુનિયાની, શોધ થઈ, અને અસંખ્ય સાહસિક મુસાફરોની વાતોથી અને લખાણોથી એ દેશો વિશે માહિતી મળવા લાગી. એથી પ્રજાની કલ્પના જાગ્રત્ થઈ અને નિરીક્ષણનાં નવાં ક્ષેત્રો મળ્યાં. આટલાં બધાં નવાં સાધનોની અનુકૂળતાને લીધે એ વખતના લેખકો, ન્હાની સાંકડી હદમાં વિચાર કરનારા અગાઉના લેખકો કરતાં ચડિયાતા થઈ શકયા. એલિઝાબેથના યુગના બધા મ્હોટા ગ્રન્થોમાં એ વખતના બ્હારના સંજોગોથી કલ્પના શક્તિ ચંચળ બની છે તથા વિચારનું ક્ષેત્ર બહોળું બન્યું છે તે દેખાઈ આવે છે.

નવા સાહિત્યનો આરંભ—સ્પેનના પંજામાંથી જબરો છુટકારો થયો ત્યાર પછી જ નવીન સાહિત્ય જન્મ પામ્યું. આર્મેડા સાથેના યુદ્ધ પછી બે વર્ષે ૧૫૯૦ માં એડ્મંડ સ્પેન્સરનું રચેલું "ફેરી કવીન" નામનું, ભવિષ્યના કવિઓને પ્રેરણા આપનારૂં, રૂપકકથાવાળું મહાકાવ્ય પ્રગટ થયું. તે કલાથી ભરપૂર અંગ્રેજી સાહિત્યના આજસૂધી વ્હેતા ઝરણનું મૂળ છે. એથી પ્હેલાનું ચૌદમા સૈકાનું (પૂર્વે પૃ. ૩૨) ચૉસરનું સુંદર કાવ્ય સ્વચ્છ અને મીઠા પાણીના ઊંડા કુવા જેવું છે. એમાંથી નીકળીને પ્રવાહ વ્હેતો નથી. ચૉસર અને સ્પેન્સરની વચ્ચેના ગાળાના અંગ્રેજી સાહિત્યમાં કલામય ગુણો લગભગ મુદ્દલ નથી.

નાટક અને સંગીતકાવ્ય— એ વખતના ઉત્સાહભર્યા ભરચક જીવનને વાણીમાં પૂરેપૂરૂં પ્રગટ કરવા માટે નાટકની જરૂરિયત

હતી. જીંદગીના જામનું ટીપેટીપું પી જનારા પુરુષો અને સ્ત્રીઓના બધા સદ્‌ગુણો, દોષો, મનોવૃત્તિઓ અને ભૂલોને નાટક-તખ્તા ઉપર જોવા માટે, અને તેના અભ્યાસ માટે, આંખ અને કાન બંનેની સમક્ષ રજૂ કરવામાં નાટકને તોલે આવે એવી બીજી કોઈ જાતની રચના ન્હોતી. શેકસ્પીઅરનાં નાટકોમાંના ઊંચા ગુણો વિશે લંબાણથી લખવાની જરૂર નથી. એની નજીક આવી શકે એવો બીજો કોઈ ન્હોતો, પણ માર્લો, ફ્લેચર, બેન જૉન્સન, અને બીજાઓને ઘણાં ઉમદા નાટકો માટે જશ આપવો જોઇયે. એ વખતનાં, કવિની ઉંડી લાગણી રજૂ કરનારાં, ન્હાનકડાં સંગીતકાવ્યો (લિરિક્સ) મીઠાશ અને લાલિત્યથી ભરપૂર છે.




શેકસ્પીઅર

કલાવાળું ગદ્ય—જ્યારે કવિયોએ અંગ્રેજી સાહિત્યને ઊંચામાં ઊંચું સ્થાન કલ્પી શકાય તેટલે સૂધી પ્હોચાડ્યું, ત્યારે સંગીત જેવા લયવાળું અને વાંચવું ગમે એવું ગદ્ય લખવાની કળા પણ ઉત્પન્ન થઈ. ઈંગ્લિશ બાઇબલ, બેકનના નિબન્ધો અને હૂકરકૃત એકલેઝીઍસ્ટિકલ પૉલિટી (ધાર્મિક તન્ત્ર) એ ગ્રન્થો પોતપોતાની જુદી જુદી શૈલીઓમાં આજે પણ સર્વોત્તમ મનાય છે.[૧] કેપ્લર, ગૅલીલિયો અને બીજા ઉત્તમ

૧ બાઇબલનું જે 'ઑથૉરાઇઝડ વર્ઝન' એટલે 'સત્તાવાર ભાષાંતર' (૧૬૧૧) કહેવાય છે તે મ્હોટે ભાગે કવરડેલ અને ટિન્ડલના કરેલા જુના ભાષાંતરને આધારે રચાયેલું છે. પરિણામે એની શૈલી એલિઝાબેથ સમયની શૈલી જેવી જ નથી.

વિદ્વાનોના રચેલા ગ્રન્થોમાં શાસ્ત્રોના વિષયોની જે બહોળી ચર્ચા કરવામાં આવતી હતી તેથી, અને એ સમયના બીજા બધા સંસ્કારોથી, લોકના વિચારો વિશાળ બન્યા હતા અને લોકની કલ્પના તેજસ્વી



શેકસ્પીઅરનું ઘર

થઈ હતી. યુરોપના બધા દેશોમાંના શાસ્ત્રીય લેખોમાં સર્વત્ર લૅટિન ભાષાનો ઉપયોગ થવાથી દરેક શોધકની અને તત્ત્વચિંતકની શોધખોળોનો લાભ એમાં રસ લેનારા બધા માણસોને મળી શકે એમ હતું. શાસ્ત્રમાં દેશ દેશના ભેદ રહ્યા ન્હોતા.

રાણી એલિઝાબેથનું ચારિત્ર—જેના લાંબા રાજ્ય દરમ્યાન આટલા આટલા યાદગાર બનાવો બન્યા અને આટલા બધા મહા-પુરુષોએ દુનિયામાં નામના મેળવી તે રાણી એલિઝાબેથનું ચારિત્ર ચિત્રવિચિત્ર હતું અને મુશ્કેલીથી સમજાય એવું હતું. એને એના સમયનાં ધોરણોથી પ્રામાણિકપણે આંકિયે, આપણાં ધોરણોથી ન તપાસિયે, તોપણ કેટલાંક લક્ષણો ગમે નહિ એવાં છે. એનો અંગત દર્પ, ભભકાનો શોખ, ખુશામતની તૃષ્ણા, અને વાણીમાં અને વર્તણૂંકમાં

રહેલી કર્કશતા, એ દોષો તો સપાટી ઉપર જ ચોખ્ખા તરી આવે છે. વારંવાર તે પોતાના પિતાના જેવી ઉદ્ધતાઈ અને માતાના જેવી છાલકાઈ બતાવતી. એની કપટભરી રાજનીતિએ, દેખીતી અ-નિશ્ચિતતાએ, અને ઢોંગી અસ્થિરતાએ પ્રધાનોને અને એલચીઓને લગભગ ગાંડા બનાવ્યા હતા; પણ એથી ફતેહ મળતી એ એનો મ્હોટો ગુણ હતો, અને બર્લિની સીધીસટ પ્રૉટેસ્ટન્ટ માર્ગી સલાહો કે નૉરફ઼ોકની સીધીસટ કૅથલિક માર્ગી સલાહો એણે માની હોત તો દેશનું હિત વધારે જળવાત એમ કહેવું એ અવિચારી ગણાય. એની સેવામાં હોંશે હોંશે લોહી રેડનારા વીરનરોની જરૂરિયાતો પૂરી પાડવામાં એ કંજુસાઈ બતાવતી એ ખરૂં, પણ એ રીતે બચેલા પૈસા પોતાની વિશ્વાસુ પ્રજા માટે જ એ મૂકતી ગઇ અને એમને આબાદ બનાવતી ગઈ. આયર્લૅંડની વ્યવસ્થામાં એ નિર્દય હતી અને લોકની પ્રીતિ ન્હોતી મેળવી શકી એ પણ ખરૂં, પણ એની પ્હેલાના અને પછીના બીજા રાજ્યકર્તાઓ પણ એટલા જ ક્રૂર અને એટલા જ અંધ હતા.

એની વિરુદ્ધ જેટલું કહી શકાય તેટલું ભલે કહિયે, પણ આખર એને ઇતિહાસમાંના મ્હોટામાં મ્હોટા રાજ્યકર્તાઓમાંની એક ગણવી પડે છે; અને લોકે આપેલા 'ભલી રાણી બેસ્' (ગુડ કવીન બેસ્) એ નામને એ લાયક હતી એમ સ્વીકારવું પડે છે. એ કહેતી કે 'મ્હારી પ્રજાની પ્રીતિ અને શુભઇચ્છા જેટલું બીજું કાંઇ મને વ્હાલું નથી.' તે 'એકલવાઈ સ્ત્રી'ને માથે મરદનું કામ આવી પડ્યું હતું, અને પચ્ચીશથી સિત્તેર વર્ષની વય સૂધી એ બાઈને પોતાના પ્રાણના અને દેશના રક્ષણ માટે દુનિયાના જબ્બરમાં જબ્બર રાજાઓ અને કુશળમાં કુશળ પ્રપંચીઓ જોડે લડવું પડ્યું હતું; અને એમાં એણે અખૂટ હિંમત બતાવી હતી. જે પ્રજાને પોતે ચ્હાતી અને જે પોતાને ચ્હાતી તે પ્રજાના ઉજ્જ્વળ ભવિષ્યમાં એને પૂરેપૂરો વિશ્વાસ હતો.[૧]

---

૧ જે વિદ્યાર્થીને એલિઝાબેથ યુગને વધારે જાણવો સમજવો હોય તેણે ગ્રીન કૃત 'શૉર્ટ હિસ્ટરી ઑફ્ ધિ ઇંગ્લિશ પીપલ'માં એનો વૃત્તાંત વાંચવો.

મુખ્ય સાલો

એલિઝાબેથનું રાજ્યારોહણ	૧૭, નવે. ૧૫૫૮
સર્વોપરિપણાનો અને સમાનતાનો કાયદો	૧૫૫૯
સ્કૉટ્લૅંડમાંથી ફ્રેંચોને હાંકી કાઢ્યા	૧૫૬૦
મેરી સ્કૉટ્લૅંડમાં	...૧૫૬૧–૮
અર્લ્ ઑફ્ નૉર્ધમ્બરલૅંડનો બળવો	૧૫૬૯
એલિઝાબેથનો ધર્મબહિષ્કાર	૧૫૭૦
સેન્ટ બાર્થોલોમ્યુને દિને કતલ	૧૫૭૨
ડ્રેકની પૃથ્વી–પ્રદક્ષિણા	૧૫૭૭–૮૦
બૅબિંગ્ટનનું કાવત્રું	૧૫૮૬
મેરી ક્વીન ઑફ્ સ્કૉટ્નો શીર્ષચ્છેદ	૧૫૮૭
આર્મેડાની હાર	૧૫૮૮
‘ફેરી ક્વીન’ કાવ્ય પ્રગટ થયું	૧૫૯૦
બેકનના ‘નિબન્ધો’	૧૫૯૭
માઉન્ટ્જૉયે કરેલી આયર્લૅંડની જીત ...	...૧૬૦૦–૩
ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સનદ ...	૩૧ ડીસે. ૧૬૦૦
અર્લ ઑફ એસેક્સનો વધ	૧૬૦૧
એલિઝાબેથનું મૃત્યુ	૨૩ માર્ચ ૧૬૦૩

પ્રકરણ ૫ મું

સ્ટૂઅર્ટ વંશ; ૧ લો જેમ્સ અને ૧ લો ચાર્લ્સ, રાજાપ્રજાના વિગ્રહના આરંભ સૂધી, ૧૬૦૩–૪૨

સ્કૉટ્લૅંડના ૬ ઠ્ઠા જેમ્સનું ઇંગ્લંડના ૧ લા જેમ્સ તરીકે રાજ્યારોહણ—૮ મા હેન્રીના વસિયતનામાને અમલમાં મૂકવાથી જ એની પુત્રીઓ મેરી અને એલિઝાબેથનો ગાદી ઉપર હક્ક નક્કી થયો હતો; અને એ જ વસિયતનામાની રૂએ હેન્રીની ન્હાની બ્હેન મેરીના વંશનો વડો સર વિલિયમ સીમૂર (અર્લ ઑફ્ હર્ટ્ફર્ડ) એલિઝાબેથ પછી ગાદીનો હકદાર થાય. પણ એણે એ દાવો કદી કર્યો નહિં, તેમ કોઇએ એના હક્કની હિમાયત પણ કરી નહિં.[1] ૮ મા હેન્રીની મ્હોટી બ્હેન માર્ગરેટનો વંશ જ, મેરી ક્વીન ઑફ્ સ્કૉટ્સનો પુત્ર, એટલે પોતાનો પિત્રાઈ સ્કૉટ્લૅંડનો ૬ ટ્ઠો જેમ્સ પોતાની પછી ઇંગ્લંડના તખ્ત ઉપર બેસે એવી એલિઝાબેથની ઇચ્છા હતી એમ માનવામાં આવતું હતું. એના હક્કને લૉર્ડ બર્લિના પુત્ર સર રૉબર્ટ સેસિલે ટેકો આપ્યો એટલે એની સામે કંઈપણ ખુલ્લો વિરોધ થયો નહિં. એ જોઈને એ વખતે છત્રીશ વર્ષની વયે પ્હોચેલો જેમ્સ તાકીદે સ્કૉટલૅંડથી ઇંગ્લંડ આવ્યો; અને બધાની સંમતિથી એને રાજા જાહેર કરવામાં આવ્યો. જૂલાઈમાં એને ઇંગ્લંડના ૧ લા જેમ્સ તરીકે વિધિસર તાજ પ્હેરાવવામાં આવ્યો.



૧ લો જેમ્સ

---

૧ સર વિલિયમનાં માબાપ ખાનગી રીતે પરણ્યાં હતાં એથી એના જન્મહક્ક વિશે શંકા ઉઠાવવામાં આવી હતી.

ઍર્‌બેલા સ્ટૂઅર્ટ—એના રાજ્યારોહણ પછી તરત જ "ધી મેઈન" નામે ઓળખાતું એક કાવત્રું પકડાયું, જેમાં રાજાની પિત્રાઈ બ્હેન કુમારી **ઍર્‌બેલા સ્ટૂઅર્ટ**ને ગાદી સોંપવાનો હેતુ હતો; એ બાઈ પણ ૮ મા હેન્રીની મ્હોટી બ્હેન **માર્ગરેટ**ની વંશ જ હતી. **એલિઝાબેથ**ના સભાસદોમાંના અત્યન્ત તેજસ્વી પુરુષોમાં જેની ગણના થતી, અને લડવૈયા તરીકે, નાવિક તરીકે, નવા નવા મુલ્કોના ખોળનાર તરીકે, અને લેખક તરીકે જેણે ખ્યાતિ મેળવી હતી, તે **સર વૉલ્ટર રૅલે** ઉપર એ કાવત્રામાં શામિલ હોવાનું તોહમત—ખરી કે ખોટી રીતે—મૂકવામાં આવ્યું અને એ તોહમત પુરવાર કરીને એને **લંડન**ના ટાવરમાં કેદ રાખવામાં આવ્યો, જ્યાં એ ઘણાં વર્ષો સૂધી રહ્યો. **ઍર્‌બેલા સ્ટૂઅર્ટે** તો પોતાને નામે બીજા લોકોએ રજુ કરેલો દાવો આગળ વધારવાને કંઈપણ કર્યું ન્હોતું, એટલે એ તો રાજદરબારમાં જેમ રહેતી હતી તેમ ૧૬૧૦ સૂધી રહી. એ વર્ષમાં એ બાઈ ગાદીના બીજા હક્કદાર **સર વિલિયમ સીમૂર** જોડે ખાનગી રીતે પરણી. એ કાર્યને પરિણામે એને ટાવરમાં બંદીવાન રાખવામાં આવી, અને ત્યાં જ ઘેલી બનેલી એ મરણ પામી. આ રીતે છેવટ **સ્કૉચ સ્ટૂઅર્ટ** કુળનો ઇંગ્લંડના તખ્ત ઉપરનો હક્ક મક્કમ થયો.

ઇંગ્લંડ અને સ્કૉટ્‌લૅંડના જોડાણનો નિષ્ફળ પ્રયાસ—એક સૈકા પછી (૧૭૦૭ માં) થયું તેમ એ બે રાજ્યનું જોડાણ કરવાની **જેમ્સ**ની ઇચ્છા હતી, પણ જુદાજુદા લાગતાવળગતાઓના વિરોધને એ દબાવી શકયો નહિં. ફકત, પોતે તખ્તનશીન થયા પછી જન્મેલી **સ્કૉટ** પ્રજાને ઇંગ્લંડમાં પરદેશી ન ગણવી એવો કાયદાનો ચુકાદો મેળવી શકયો. બંને રાજ્યોનો એક જ રાજા હતો તે છતાં પણ બીજી બધી બાબતમાં ઇંગ્લંડ અને **સ્કૉટ્‌લૅંડ** વચ્ચે પરદેશી રાજ્યો જેવો જ સંબન્ધ જારી રહ્યો. બીજા દેશો સાથેના સંબન્ધમાં તો અલબત્ત બેઉ રાજ્ય મળીને ગ્રેટબ્રિટનનું એક જ રાજ્ય ગણાતું.

દારૂનું કાવત્રું (ગનપાઉડર પ્લૉટ), ૧૬૦૫—રોમન કૅથલિકોને ઍંગ્લિકન (ઇંગ્લંડનાં) દેવળોમાં જવાની ફરજ પાડનારો અને બધા માણસને એક જ રીતે પ્રાર્થના કરવાનું ફરમાવનારો જે કાયદો હતો તેને જરા નરમ બનાવવાની રાજાની ઇચ્છા હતી: પણ મ્હોટે ભાગે પ્યુરિટન મત ધરાવતી પાર્લમેંટ એવી છુટછાટની વિરુદ્ધ પડી, અને રાજ્યે ફરમાવેલાં દેવળોમાં પ્રાર્થના ન કરે તેઓને દંડ કરવાની એ પાર્લમેંટે સરકારને ફરજ પાડી. આ સ્થિતિથી મિ. રૉબર્ટ કેટ્સ્બી અને બીજા રોમન કૅથલિક ગૃહસ્થો નાખુશ થયા; તેઓએ રાજાને અને પાર્લમેંટના સભ્યોને ૫ મી નવેમ્બર ૧૬૦૫ ને દિવસે દારૂની સુરંગોવડે ઉડાવી દેવાનું કાવત્રું રચ્યું. એ તરકટ બરાબર વખતસર જ જણાઈ ગયું અને દારૂને સળગાવી દેવા માટે નીમેલો ગાઈ ફૉકસ પાર્લમેંટના મકાનની નીચેની એક કોટડીમાંથી પકડાયો. એમાં શામિલ થયેલા ઘણાખરા આદમીઓને પકડીને મોતને લાકડે પ્હોચાડવામાં આવ્યા.[૧]

જેમ્સનો દૈવી અધિકાર (ડિવાઇન રાઇટ)—જેમ્સ વિદ્વાન હતો અને ધર્મશાસ્ત્રના ગ્રન્થોનો ઊંડો અભ્યાસી હતો; એ ઇંગ્લંડ આવ્યો તે પહેલાં જ એનો મક્કમ મત બંધાયો હતો કે રાજાઓ અને ધર્મગુરુઓ બંનેને લોક ઉપર અમલ ચલાવવાનો હક્ક ઈશ્વર તરફથી મળેલો છે એટલે કે ઈશ્વરે જ તેઓને હાકેમ નીમેલા છે અને એમની સ્હામે થવામાં પાપ ચોક્કસ લાગે. રાજાની સત્તા માટે એને જેટલી કાળજી હતી તેટલી જ કાળજી ધર્મગુરુઓની સત્તા સ્થાપવા માટે હતી: તે પોતાના મતને ટુંકમાં એક સૂત્રમાં જણાવતો, 'ધર્મગુરુ નહિ તો રાજા નહિ.' એણે રીતસર રાજ-પદેથી જ જાહેર કર્યું કે 'ઈશ્વર શું કરી શકે એની ચર્ચા કરવી, એ

---

૧ આ કાવત્રાં વિશે મળેલી હકીકતને ખોટી ઠરાવવાનો પ્રયાસ ફાધર જેરાર્ડે કર્યો હતો, પણ 'વૉટ ગન્ પાઉડર પ્લૉટ વૉઝ' (૧૮૯૭) એ નામના ખાસ લેખમાં ડૉ. એસ. આર. ગાર્ડિનરે એ પ્રયાસને તોડી નાખ્યો છે.

જેમ નાસ્તિકતા અને બેઇમાન ધર્મનિંદા ગણાય તેમ જ રાજા શું કરી શકે એની ચર્ચા કરવી, કે રાજા આ ન કરી શકે અને તે કરી શકે, એમ કહેવું એ ધૃષ્ટતા અને રાજાનું મ્હોટું અપમાન ગણાય.' ખુશામતિયા સભાસદો એવું મનાવતા કે 'પોતાની ફૂલ સત્તાની રૂએ રાજા કાયદાથી ચઢીઆતો છે' અને પોતે નુકશાન કરનારો માને તેવો કોઈપણ કાયદો બદલાવવાને કે રદ કરવાને મુખત્યાર છે. આવી વાતો તુર્કસ્તાનમાં ભલે યોગ્ય ગણાય પણ અંગ્રેજોને તો વિચિત્ર લાગતી; કારણ કે એમના પૂર્વજોએ તો રાજાની સ્હામે થઇને અને એને પદભ્રષ્ટ પણ કરીને સ્વતન્ત્રતાના કીંમતી હક્કો ઘણીવાર મેળવ્યા હતા. પરિણામે જેમ્સ કદી પણ પાર્લમેંટ સાથે હળીમળીને કામ ચલાવી શક્યો નહિં; ધૃષ્ટતાથી અને ઉદ્ધતાઇથી એણે પાર્લમેંટનું અપમાન કર્યા કર્યું.

એનો પાર્લમેંટ સાથે સંબન્ધ—મૅગ્ના કાર્ટામાં અને ત્યાર પછી ઘણા કાયદાઓમાં જણાવેલા સિદ્ધાન્તોને રાજા કદી સ્વીકારતો ન્હોતો, અને પાર્લમેંટની સંમતિ વગર જ કર ઉઘરાવવાનો, અને બિલકૂલ પોતાની જ સત્તા નીચેના ન્યાયધીશો ચુકાદો આપે તે જ પ્રમાણે શિક્ષા કરવાનો, પોતાનો હક્ક સાબીત કરવાને ચાલૂ પ્રયત્ન કર્યા કરતો. માત્ર રાજસત્તાવડે જ જકાત નંખાય અને જુના વખતથી બંધ પડેલી ગરાસ-ખંડણીઓ તાજી કરાય તેની સ્હામે થવામાં જેમ્સની પ્હેલી પાર્લમેંટનો ઘણોખરો વખત પસાર થયો (૧૬૦૪–૧૧). એની બીજી પાર્લમેંટ (૧૬૧૪) નિષ્ફળ (ઍડલ્ડ) પાર્લમેંટ કહેવાઈ કારણ કે એણે કાંઇપણ કામ કર્યું નહિં, એની દલીલો સાંભળવાને બદલે રાજાએ એને એકદમ વિખેરી નાખી. ત્યારપછી સાત વર્ષો સૂધી એક પણ પાર્લમેંટ બોલાવાઈ નહિં અને તદ્દન આપખુદી ભરેલો ગેરવહીવટ ચાલ્યો. ૧૬૨૧ માં રાજાને નાણુંાની આકરી ગરજ પડતાં પાર્લમેંટ બોલાવવી પડી, અને ફરી ૧૬૨૪ માં એને એની મદદ લેવી પડી. એ બે પાર્લમેંટોએ ઇંગ્લંડની સ્વતન્ત્રતા જાળવવાનું અને એ પછીના રાજ્યમાં થનારી લડતને

માટે તૈયારી કરવાનું કામ ઘણું સારૂં કર્યું.

ટ્યૂડર વંશની અને સ્ટુઅર્ટ વંશની આપખુદી વચ્ચે તફાવત—ટ્યૂડર રાજાઓ જે 'ફૂલ સત્તા'નો દાવો કરતા તેમાં તેઓનો રોમની કે બીજી કોઇ બ્હારની સત્તાને તાબે ન રહેવાનો જ ઇરાદો હતો, ઈંગ્લંડના કાયદાઓને અને રીતરિવાજોને બાજુએ મૂકવાનો નહિં; પણ જેમ્સના નામોશીભર્યાં નિન્દાપાત્ર રાજ્ય દરમ્યાન તો ટ્યૂડર રાજાઓના કરતાં પણ વિશેષ સત્તા મેળવવાના પ્રયાસ થયા. આપખુદી ચલાવવાના જેમ્સના એ પ્રયાસોની તપાસ કરવામાં જ એના રાજ્યવર્ણનનો મુખ્ય રસ રહેલો છે. ૮ મા હેન્રીએ કે એનાં ફરજંદોએ અંગ્રેજી સ્વતન્ત્રતાના કાનૂનોને સિદ્ધાન્ત તરીકે નાકબૂલ કદી કર્યા ન્હોતા. સાધારણ રીતે તેઓ કાયદાનો દેખાવ રાખીને જ આપખુદી ભરેલી સત્તા વાપરવામાં સંતોષ માનતા. તેઓ પરગણાંઓનો ચૂંટણીનો હકક છીનવી લેતાં કે પાર્લમેંટના સભાસદોની ચૂંટણી ઉપર કાબૂ રાખતાં અચકાતા નહિં, પણ પાર્લમેંટની સલાહ લેવાનો અને એની સત્તાને માન આપવાનો દેખાવ રાખ્યા જતા. ન્યાયધીશોને, સાક્ષીઓને, અને જ્યુરીને ડરાવીને તેઓ ન્યાયના કામમાં માથું છૂટથી મારતા, પણ તેઓ રીતસર ન્યાયના સાધનનો ઉપયોગ કરતા. ઍન્ બુલિનનું કામ ચલાવવામાં પણ કાયદાનાં ધોરણ માટે યોગ્ય માન બતાવવામાં આવ્યું હતું, જો કે ચુકાદો શો આવશે એ આગળથી સાવચેતી વાપરીને ચોકકસ કરાવ્યું હતું. રાજાની સર્વોપરિ ધર્મસત્તાની અને મઠનાશની સ્હામે થનારા રેડિંગના મહન્તને (ઍબટને) ફાંસીને લાકડે લટકાવી દેતાં ટૉમસ ક્રૉમ્વેલને લેશ પણ આનાકાની ન થઈ, પણ એની નોંધપોથીમાં એવી જ નોંધ હતી કે 'રેડિંગના મહન્ત ઉપર કાયદેસર કામ ચલાવવું અને મોતની સજા કરવી.' કેસની સુનાવણી જો કે ફક્ત દેખાવની જ વાત હતી પણ વિધિસર ચાલતી તો ખરી જ.

પરદેશથી આવેલો અને ઈંગ્લંડના પ્રાચીન રિવાજો માટે માન વિનાનો ૧ લો જેમ્સ એથી પણ આગળ વધ્યો. એણે તો અન્તઃકરણની સૂચના શિવાય બીજા કોઈ પણ કાયદાથી રાજા બંધાયલો

નથી એવી હઠ કરી, અને જંઘીસખાન કે જહાંગીર જેટલી આપ-અખત્યારી અને સ્વચ્છંદી સત્તા અજમાવવાનો દાવો કર્યો. આવો દાવો અંગ્રેજ પ્રજા મંજૂર રાખે એ સંભવ ન્હોતો, તેમ જેમ્સમાં કે એના પુત્રમાં આવી બેશરમ માગણીઓને ઉપરથી અચ્છી દેખાડી શકે એવા અસાધારણ અંગત ગુણો પણ ન્હોતા. એ દાવો કરવાની શિક્ષા ચાર્લ્સના રાજ્ય સુધી મુલતવી રહી પણ આખર વેઠવી પડી ખરી.

આ પ્રમાણે જેમ્સનો એની પ્રજા સાથેનો સંબંધ જણાવીને અને એના રાજ્યનો સાચો મુદ્દો રજૂ કરીને હવે એના વખતના બાકી રહેલા મુખ્ય બનાવોને અનુકૂળ ક્રમમાં લઈને તપાસીશું.

૧૬૧૨ નું વર્ષ; મ્હોટા ફેરફાર—ઇંગ્લંડનો રાજ્યવહીવટ જોતાં ૧૬૧૨ નું વર્ષ જેમ્સના રાજ્યની પલટાતી પળ હતી. એ વર્ષ સુધી એનો સાવધાન અનુભવી પ્રધાન રૉબર્ટ સેસિલ અર્લ ઑફ સૉલ્ઝબરી રાજાને કાંઈક કાબૂમાં રાખતો. રૉબર્ટ સેસિલ લૉર્ડ બર્લેનો બીજો પુત્ર હતો અને સ્વભાવમાં એના જેવો જ હતો. પણ એ વર્ષમાં સેસિલ મરણ પામતાં બાકીનાં વર્ષોમાં જેમ્સ અજ્ઞાની ખુશામદખોરોના હાથમાં પડ્યો. તેઓએ રાજ્યના અંદરના વહીવટમાં અવ્યવસ્થા ચલાવી અને દેશપરદેશમાં ઇંગ્લંડના નામને એબ લગાડી. એ જ વર્ષમાં અઢાર વર્ષની વયના આશાભર્યા તરુણ પાટવી કુમાર હેન્રીનું મૃત્યુ થતાં ઓછી લાયકાતવાળો ચાર્લ્સ ગાદીવારસ થયો.

રૉબર્ટ કાર, અર્લ ઑફ સૉમરસેટ—રાજાના જે બે માનીતા શખ્સોએ અપકીર્તિ ફેલાવી તેમાંનો પ્રથમ રૉબર્ટ કાર (કે કેર) હતો; એ એક ખૂબસૂરત સ્કૉચ જુવાનીઓ હતો અને હજૂરી તરીકે રાજાની નોકરીમાં જોડાયો હતો. ૧૬૧૧ માં એને વાઇકાઉન્ટ રૉચેસ્ટર બનાવ્યો અને કામકાજના એના પૂર્ણ અજ્ઞાન છતાં પ્રિવી કાઉન્સીલમાં (ખાનગી મંત્રીમંડળમાં) એને દાખલ કરવામાં આવ્યો; રાજા એને પોતાનો વિશ્વાસુ સલાહકાર ગણવા લાગ્યો. બે વર્ષ પછી કારનું લગ્ન છૂટાછેડા કરેલી નીચ વર્તણુંકવાળી કાઉન્ટેસ ઑફ એસેક્સ જોડે કરાવવાનું નામોશીભર્યું કામ જેમ્સે કર્યું, અને

એ જ વખતે એને અર્લ ઑફ્ સૉમરસેટની ઊંચી પદવીએ ચડાવ્યો. ૧૬૧૬ માં એ કાઉન્ટેસ અને સૉમરસેટ બન્ને ઉપર સર ટૉમસ ઓવરબરીનું ઝેર આપીને ખૂન કરવાનો આરોપ પુરવાર થયો. જેમ્સની મહેરબાનીથી એમના પ્રાણ બચી ગયા. તેઓની બાકીની જીંદગી એકાન્તવાસમાં ગઈ.


સૉમરસેટનો દુષ્ટ રાજ્યવહીવટ—સૉમરસેટનો અધિકાર જેટલો વખત ચાલ્યો તેટલો વખત એની અસર તદ્દન હાનિકારક થઈ પડી. સરકાર આંખ મીંચીને પૈસાની રેલછેલ કરવા લાગી, અને ગેરવાજબી જકાતો નાખવાથી કે માનઅકરામના વેચાણથી કે બીજી નામોશી ભરેલી યુક્તિઓથી પણ ખર્ચ પૂરાયું નહિં. આગળ વર્ણવેલી ૧૬૧૪ ની 'નિષ્ફળ પાર્લમેંટ' (ઍડલ્ડ પાર્લમેંટ) પણ કાંઈ કરી શકી નહિં, કારણ કે લોકસંકટનું નિવારણ કરવાનો એણે પ્રયાસ આદર્યો કે તે જ ક્ષણે રાજાએ એને બરખાસ્ત કરી.

જ્યૉર્જ વિલિયર્સ, ડયૂક ઑફ્ બકિંગ્હૅમ—ઓવરબરીવાળા મુકદ્દમાથી સૉમરસેટ પાયમાલ થયો (૧૬૧૫-૧૬) ત્યારે પાર્લમેંટની મદદ વિના રાજ્ય ચલાવવાનો સાત વર્ષનો અખતરો જેમ્સે શરૂ કરી દીધો હતો. એ માનીતા શખ્સની આબરૂ ગઈ એટલે એની જગ્યા જ્યૉર્જ વિલિયર્સ નામના એક સારા કુટુંબના ખૂબસૂરત જુવાન અંગ્રેજે લીધી; અને એણે સૉમરસેટ કરતાં પણ ઘણી વધારે સત્તા તરત જ હાથ કરી. રાજાની કૃપાથી એ માણસ ઉમરાવગીરીની પાયરીઓમાંથી પસાર થતો ઝડપથી વધવા લાગ્યો, અને છેવટે ડ્યૂક ઑફ્ બકિંગ્હૅમ બન્યો અને ઘણું કરીને ઇંગ્લંડનો સૌથી તાલેવન્ત આસામી થઈ ગયો. એ ડ્યૂકમાં પોતા ઉપર આવેલી મ્હોટાઈને માટે લાયક થવા તાકાત ન્હોતી, તેથી એ દેશનાં અને પરદેશનાં કામમાં એક સરખો ગેરવહીવટ ચલાવવા લાગ્યો. પરંતુ જેમ્સ અને ચાર્લ્સ બન્ને ઉપર પોતાની સત્તા એણે યુક્તિથી જાળવી રાખી, અને પોતે ૧૬૨૮ માં મરણ પામ્યો ત્યાં સૂધી એણે એ સત્તા ભોગવી.

સ્પૅનિશ લગ્ન માટેની ખટપટ--પ્રિન્સ ચાર્લ્સનું સ્પૅનિશ રાજકુમારી સાથે લગ્ન કરવાની મૂર્ખાઈભરી ખટપટ ચાલુ થઈ, પણ અંગ્રેજોના મતથી અને હિતથી તદ્દન વિરુદ્ધની એ ગોઠવણ ૧૬૧૮ માં પડી ભાગી, કારણ કે પોતાના મુલ્કમાં વસતા રોમન કૅથલિકોને સંપૂર્ણ ધાર્મિક સ્વતન્ત્રતા અપાવવાનું વચન જેમ્સ આપી શકયો નહિં. એ ખટપટ ૧૬૨૩ માં નવેસર ઉપડી. એ વર્ષમાં એ હીલચાલની છેવટની નિષ્ફળતા થતાં થોડો વખત પાટવી કુંવર લોકોનો માનીતો થઈ પડયો, કારણ કે આ બીજું સ્પૅનિશ લગ્ન નથી થવાનું એ જાણીને ઇંગ્લંડના લોકો ખુશખુશ થઈ ગયા હતા. તેઓને ફિલિપ અને મેરીનો અનુભવ એકવાર થયો હતો તે પૂરતો હતો.

સર વૉલ્ટર રૅલેનો વધ—સ્પેનની મહેરબાની મેળવવાની ઇચ્છામાં રાજાએ પોતાના અમલ દરમ્યાનનું કરપીણમાં કરપીણ કામ કર્યું–સર વૉલ્ટર રૅલેને મોતની શિક્ષા કરી (૧૬૧૮). જેમ્સ તખ્તનશીન થયા પછી તરત જ રૅલે ઉપર એક કાવત્રામાં શામિલ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, એ વાત આગળ કહેવાઈ ચૂકી છે (પૃ. ૧૦૩); અને ત્યારનો એ કેદમાં જ સબડતો હતો. એ વખતે એવું માનવામાં આવતું હતું કે દક્ષિણ અમેરિકામાં ગીયાનામાં ઓરિનોકો નદીના મુખ નજીક સોનાની ખાણો છે. એ ખાણોની શોધ કરવા માટે, સ્પૅનિશ સંસ્થાનો સાથે ખટરાગમાં ન પડવાની શરતે, ૧૬૧૭ માં રૅલેને મુક્ત કરવામાં આવ્યો. સોનાની ખાણો ખોળવાનો એ પ્રયાસ નિષ્ફળ નીવડયો, અને અંગ્રેજ ખલાસીઓ સ્પૅનિયર્ડ સાથે એક યુદ્ધમાં સંડોવાઈ ગયા. રૅલે સ્વદેશ પાછો આવ્યો એટલે ફક્ત સ્પેનના રાજાને ખુશ કરવા માટે જ જેમ્સે એનો પંદર વર્ષના જુના રાજદ્રોહના આરોપ સર શીર્ષચ્છેદ કરાવ્યો.

વર્જિનિયા; બટાટા અને તમાકુ—રાણી એલિઝાબેથના રાજ્ય દરમ્યાન સર વૉલ્ટર રૅલેએ ઉત્તર અમેરિકામાં એક સંસ્થાન વસાવ્યું હતું અને કુંવારી (વર્જીન) રાણીના માનમાં એનું નામ



સર વૉલ્ટર રૅલે

એણે વર્જિનિયા પાડ્યું હતું. ઘણું કષ્ટ અને થોડાક વખતની નાસીપાસી અનુભવ્યા પછી એ સંસ્થાનના લોકની એક આબાદ કોમ બની. હાલ એ યુનાઇટેડ સ્ટેટ્સમાંનું એક સ્ટેટ છે. યુરોપમાં અગાઉ કદી નહિં જાણેલાં બટાટા અને તમાકુ રૅલે અમેરિકાથી લાવ્યો. યુરોપમાંથી વ્હેપારીઓએ એ બન્ને વનસ્પતિ-પેદાશને હિંદુસ્તાનમાં દાખલ કરી, અને ત્યાં હવે એનું વ્હોળું વાવેતર અને છૂટથી ઉપયોગ થાય છે. મુસ્લીમ ઇતિહાસકારો જણાવે છે કે અકબરને તમાકુની બીડી પીવાની ઇચ્છા થઈ હતી, પણ મુલ્લાઓએ એ વનસ્પતિને હાનિકારક અને જોખમ ભરેલી ચીજ જણાવીને એને એ કામથી રોકયો હતો. એક પણ જાતની તમાકુ હિંદુસ્તાનની દેશી વનસ્પતિ નથી જણાતી. [1]

'યાત્રાળુ વડીલો' (પિલ્ગ્રિમ ફાધર્સ) ૧૬૨૦—રોમન પંથથી એ વખતે તદ્દન અલગ થઈ ગયેલા ઍંગ્લિકન અથવા ઇંગ્લિશ ધર્મતંત્રના નિયમો પ્રમાણે, બધાએ એક સરખી રીતે, દેવપૂજન કરવું એવી સખ્તાઈ અમલમાં મૂકવાનો ઇંગ્લિશ સરકારે પ્રયાસ કર્યો. એ પ્રયાસ પ્યુરિટનોને, ખાસ કરીને કૅલ્વિનપંથીઓને (પૂર્વે પૃ. ૫૮), એટલો બધો કચવાટ ઉપજાવનારો થઈ પડયો કે તેઓમાંના ઘણાઓ અમેરિકામાંના નવાં સંસ્થાનોમાં જઇ વસ્યા અને ત્યાં પોતાને ફાવે તે રીતે ઈશ્વરસેવા કરવા લાગ્યા. મેફ્લાવર નામના એક ન્હાના વ્હાણમાં બેસીને ૧૬૨૦ ની સાલમાં લગભગ સો માણસો દેશ છોડી ગયા; તેઓએ જે સંસ્થાનો વસાવ્યાં તે પાછળથી ન્યૂ ઇંગ્લંડ નામે ઓળખાવા લાગ્યાં અને એમાં બોસ્ટન અને બીજાં ઘણાં અત્યારે મશહૂર બનેલાં સ્થળો આવી જાય છે. એ લોકોના વંશજ એમને પૂજ્યભાવે "યાત્રાળુ વડીલો" કહે છે.

ઇસ્ટ ઇંડિયા જોડેનો વ્હેપાર; સર ટૉમસ રો—હિંદુસ્તાન

---

૧ આ બાબતમાં ઘણો મતભેદ છે; અકબરના વખત પ્હેલાં કંઈક ઔષધિ બીડીમાં પીવામાં આવતી એ વાત સાચી જણાય છે, પણ એ તમાકુ ન હોઈ શકે.



'યાત્રાળુ વડીલો' (પિલ્ગ્રિમ ફાધર્સ)

જોડેનો નવો વ્હેપાર ખીલવવા માટે જો કે જેમ્સે પોતે બહુ મ્હેનત ન્હોતી કરી, તોપણ એણે થોડુંક કર્યું ખરું અને એની પ્રજાએ પોતાથી વિશેષ કર્યું. મુંબઈ બાજૂને કિનારે સુરત બંદરે આવેલી વેપારી કોઠીએ ૧૬૧૨ માં હિંદુસ્તાનના પાદશાહ જહાંગીર પાસેથી ફરમાન મેળવ્યું, અને ૧૬૧૫ માં જેમ્સે એ પાદશાહની મુલાકાત લેવાને એક એલચી પ્રતિનિધિ મંડળ મોકલ્યો જેમાં સર ટૉમસ રો અગ્રેસર હતો, એ ગૃહસ્થે ત્રણ વર્ષ હિંદુસ્તાનમાં ગાળ્યાં. સર ટૉમસ કાબેલ પુરુષ હતો; પોતે માગેલા કોલકરાર એ મેળવી ન શક્યો પણ પોતાના જાતભાઈઓને એ ઘણો ઉપયોગી થયો. એણે પોતાની મુલાકાતનું ઉત્તમ વર્ણન લખ્યું છે, જે જહાંગીરના ઇતિહાસના મુખ્ય આધારોમાં એક છે. ૧૬૨૨ માં સુરતના અંગ્રેજોએ ઇરાનના અખાતમાંનું ઓર્મઝ બંદર પૉર્ટુગીઝ લોક પાસેથી જીતી લીધું—જો કે ઇંગ્લંડ અને પૉર્ટુગલ વચ્ચે એ વખતે સલાહસંપ હતો. એ જમાનામાં પૂર્વદેશોમાં આવેલા બધી પ્રજાના સાહસિક વ્હેપારીઓ યુરપમાં ચાલતી રાજદ્વારી સ્થિતિની દરકાર કર્યાં વગર પોતાનો દાવ પોતે ખેલ્યા કરતા. બોર્નિયોની પૂર્વે આવેલા મોલુક્કા દ્વીપો એ સમયે વલંદાઓના એટલે ડચ લોકોના હાથમાં હતા, ત્યાં તેજાનાના વ્હેપારમાં હિસ્સો મેળવવાના અંગ્રેજોના પ્રયાસને 'આમ્બોયનાની કતલ' ચલાવીને નિષ્ફળ કરવામાં આવ્યો (૧૬૨૩). વલંદાઓએ અંગ્રેજ વ્હેપારીઓને અને એમની સાથેના કેટલાક જાપાનીઓને પકડીને રીબાવીને મારી નાખ્યા. જેમ્સે કાંઈપણ પગલું લેવાની ના પાડી, અને છેક ૧૬૫૪ માં ઑલિવર ક્રૉમ્વેલે વલંદાઓ કનેથી દંડ વસુલ કર્યો ત્યાંસૂધી એ કતલનો બદલો મળ્યો ન્હોતો.

ત્રીશ વર્ષનો સંગ્રામ—એક પક્ષે રોમન કૅથલિક રાજવંશીઓ અને બીજે પક્ષે પ્રૉટેસ્ટન્ટ રાજવંશીઓ, એવા બે પક્ષો વચ્ચે ત્રીશ વર્ષનો (૧૬૧૮–૪૮) કાતીલ સંગ્રામ મચી રહેવાથી જર્મનીમાં ખુવારી થઈ રહી. એ સંગ્રામને અંતે ઉત્તરનાં પ્રૉટેસ્ટન્ટ સંસ્થાનો અને દક્ષિણનાં રોમન કૅથલિક સંસ્થાનો એવા બે જૂદા વિભાગો

પડી ગયા, જે આજસૂધી મોજુદ છે. શરુઆતમાં એ ઝગડામાં ઇંગ્લંડનો ખાસ સ્વાર્થ હતો, કારણ કે જેમ્સની કુંવરી એલિઝાબેથને ફ્રેડરિક, ઇલેક્ટર ઑફ્ પૅલૅટાઇન[1] નામના એક પ્રૉટેસ્ટન્ટ જર્મન રાજવંશી જોડે પરણાવી હતી. અંગ્રેજ લોકો ફ્રેડરિકને પૂરતી મદદ આપવાને આતુર હતા, પણ કદી કાંઈપણ ડાહ્યું કે મક્કમ કાર્ય કરવાનો નિશ્ચય નહિ કરી શકે એવા જેમ્સ, અને બકિંગૅમ, ફ્રેડરિકને એના મુલ્કમાંથી હાંકી કાઢવામાં આવ્યો એ જોઇ રહ્યા (૧૬૨૨). વિલંબ કરી કરીને છેક ૧૬૨૪ માં નેધર્લૅંડ્ઝ-માં થઇને ઇલેક્ટરને મદદ આપવા લશ્કર મોકલી આપવામાં આવ્યું તેમાં બિલકૂલ અવ્યવસ્થા વ્યાપી રહી હતી, જેથી એણે થોડાંએક અઠવાડિયાંમાં પોતાનું પોણું બળ ગુમાવ્યું.

૧૬૨૧ની પાર્લમેંટ; ઇજારાઓ—આગળ (પૃ. ૧૦૫ મે) જણાવ્યું તેમ જેમ્સની ત્રીજી પાર્લમેંટ ૧૬૨૧ માં મળી. રાજાને નાણાંની ખોટ પડી હતી. પાર્લમેંટને, સાત વર્ષો સૂધી જે આપખુદી ભરેલી અને અન્યાયી દુર્વ્યવસ્થા ચાલી તેમાં સુધારો કરવો હતો. રાજ્યવહીવટના ગોટાળાઓ ઉપર સભાસદો ટીકા કરવા લાગ્યા એટલે જેમ્સનો મિજાજ ગયો. પોતાને પાર્લમેંટ પાસેથી નાણાં મેળવવાં હતાં તે મળે તેની પહેલાં તો એણે પાર્લમેંટને બરખાસ્ત કરી. પરંતુ પાર્લમેંટની આ બેઠક તદ્દન નકામી ન ગઈ. ઇજારા આપવાનો બુરો રિવાજ એલિઝાબેથે બંધ કર્યો હતો (પૃ. ૯૧) તેને જેમ્સે પાછો ચાલુ કર્યો હતો અને ઇજારદારોને લોકને પજવીને ત્રાસ આપવાની છૂટ આપી હતી. સૌથી દુષ્ટ ઇજારદાર સર જાઇલ્સ

---

૧. સીઝરોના વંશજ હોવાનો દાવો કરતા જર્મનીના શહેનશાહની ચૂંટણી કરવાનો હક્ક સાત રાજવંશીઓના હાથમાં હતો (જેમાં ત્રણ ધર્મગુરુઓ આવી જતા). ર્‌હાઇન કાંઠાના એક પ્રદેશનો ધણી કાઉન્ટ પૅલૅટાઇન એ સાતમાંનો એક હતો, અને શહેનશાહતનો સ્ટયુઅર્ડ (કારભારી) હતો. એ ઈલેક્ટર ઑફ્ પૅલૅટાઇન કહેવાતો.

મૉમ્પેસન હતો તેને રાજ્યની હદ બ્હાર હાંકી કાઢવામાં અને બીજાઓને પણ શિક્ષા કરવામાં પાર્લમેંટ ફતેહમંદ બની.

લૉર્ડ બેકન ગુન્હેગાર ઠરે છે—ઇજારાઓની તપાસને પરિણામે ન્યાયની અદાલતોની અને ખાસ કરીને ચૅન્સેલરની અદાલતની તપાસ ચાલુ થઈ. એ અદાલતનો મુખ્ય ન્યાયાધીશ વાઇકાઉન્ટ ઑફ્ સેન્ટ આલ્બન્સ, ફ્રાન્સિસ બેકન હતો, જે સાધારણ રીતે લૉર્ડ બેકન કહેવાતો અને લેખક અને ફિલસુફ તરીકે આખી દુનિયામાં મશહુર હતો. બેકને લૉર્ડ ચૅન્સેલર તરીકે લાંચો લીધી હતી એના પુરાવાઓ સ્પષ્ટ હતા. ઇનકાર કરાય તેવું ન્હોતું. એણે પોતાના ગુન્હાઓ કબૂલ કર્યા. એને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો, ભારે દંડ કરવામાં આવ્યો, અને કેદની શિક્ષા કરવામાં આવી. આ સજામાંથી ઘણીખરી પાછી ખેંચી લેવામાં આવી, પણ આપખુદીભરેલી રાજસત્તાવાળા રાજાના પક્ષના આ મક્કમ હિમાયતી લૉર્ડ ચૅન્સેલરને સજા ફરમાવી એ પાર્લમેંટના આમપક્ષની જબરી ફતેહ હતી. આ મુકદ્દમાની એવી અસર થઇ કે ન્યાયાધીશો પ્રમાણિક થતા શિખ્યા, જો કે અત્યારે સાધારણ ગણાય છે તેવી ઊંચી પ્રમાણિકતા અંગ્રેજ ન્યાયાધીશોમાં આવતાં તો ઘણાંએ વર્ષો વીત્યાં. હિંદુસ્તાનમાં પણ દેશી હિંદી ન્યાયાધીશોની પ્રમાણિકતામાં એવો જ સુધારો છેલ્લા સૈકામાં ઝડપથી થયો છે અને અલબત્ત ચાલુ રહેશે. બેકન બુદ્ધિમાં ચડિયાતો હતો પણ નૈતિક બળમાં ખામીવાળો હતો, એટલે એ વિશે મૅકૉલેએ જણાવેલો અભિપ્રાય ખરો છે કે આપણને 'એની વર્તણૂંક તરફ તિરસ્કારની અને પ્રશંસાની એવી મિશ્ર લાગણી થયા વિના રહેતી નથી.'[૧]

---

૧. સાહિત્ય તરીકે, એટલે કે અમુક શૈલીમાં લખાયેલ કલામય કૃત તરીકે Essays (નિબન્ધો) અને History of the Reign of Henry VII (૭ મા હેન્રીના રાજ્યનો ઇતિહાસ) એ બે બેકનના સર્વોત્તમ ગ્રન્થો છે. લૅટિનમાં અને અંગ્રેજીમાં લખેલા એના શાસ્રીય

લૉર્ડ બેકન

૧૬૨૪ ની પાર્લમેંટ; ઇલેકટર પૅલૅટાઇન—આ રાજ્યની છેલ્લી પાર્લમેંટ ૧૬૨૪માં મળી તે પ્રૉટેસ્ટન્ટ પક્ષના ઈલેકટર પૅલૅટાઇનને મદદ આપવા અને એ યુદ્ધ માટે મ્હોટી રકમોનું ખર્ચ મંજૂર કરવા ઇન્તેજાર હતી. પણ આમમંડળને પુરતાં કારણુસર રાજાનો એટલો અવિશ્વાસ હતો કે નાણાંની વ્યવસ્થા એના હાથમાં સોંપવા એની મરજી ન્હોતી. એટલા માટે એ મંડળે ખાસ ખજાનચીઓ નીમીને અમુક અમુક બાબતમાં જ ખરચ કરવાનું ઠરાવીને એમને નાણું સોંપ્યું. ઇલેકટરને મદદ આપવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો તે આપણે જોયું (પૃ. ૧૧૪).

ફ્રાન્સ સાથે વિવાહ સંબન્ધના કોલકરાર—એજ વર્ષમાં (૧૬૨૪) રાજકુમાર ચાર્લ્સનો ફ્રૅંચ રાજાની બ્હેન હ્યુંરિયેત્તા મારીયા જોડે વિવાહ કરવાનો કરાર કરવામાં આવ્યો. એ રાજકુમારે ઇંગ્લંડના રોમન કૅથલિકોને ધાર્મિક સ્વાતન્ત્ર્ય બક્ષવાનાં વચનો આપ્યાં પણ એ પળાઈ શકયાં નહિ. પાર્લમેંટને આપેલાં વચનો એથી ઉલટાં હતાં. આ પછીના રાજ્ય દરમ્યાન એ વિવાહની ખરાબ અસરો જણાઈ.

અલ્સ્ટરનું સંસ્થાન—માઉન્ટજૉયે લીધેલાં નિર્દય પગલાંઓને લીધે (પૃ. ૯૪) હાલતુરત તો સ્હામા પડવું અશકય હતું એટલે ઓ'નીલ અને ઓ'ડૉનેલ ટોળીઓના સરદારો ૧૬૦૭માં સ્પેનમાં જઇ રહ્યા; એ સરદારોને અંગ્રેજો અર્લ્ ઑફ્ ટીરોન અને અર્લ્

અને ફિલસુફી ગ્રન્થો પણ ભવ્ય વાણી અને ભારે શૈલી માટે જાણવા જેવા છે. એનું તત્ત્વજ્ઞાનનું લક્ષણશાસ્ત્ર બહુ ટીકાપાત્ર છે, પણ એનાં લખાણોની આખા યુરોપમાં વિશાળ અસર થઇ છે એમાં શંકા નથી. શાસ્ત્રીય વિષયોમાં ખાલી અધિકાર ઉપર વિશ્વાસ રાખવાની રીત એણે તરછોડી કાઢી, અને કુદરતનો અભ્યાસ કરવાની અને છૂટક દાખલાઓ ઉપરથી સામાન્ય નિયમો બાંધવાની શિખામણ એણે લોકને આપી.

ઑફ્ ટીર્કોનેલ કહેતા. આયર્લૅંડના ઇતિહાસમાં આ બનાવ "અર્લોની નાસભાગ" એ નામે જાણીતો છે. આયર્લૅંડના કાયદા મુજબ અમુક સંઘના તાબામાં જે જમીન હોય તે એ સંઘના બધા માણસોની સંયુક્ત મિલ્કત ગણાતી. પણ જેમ્સે, પોતાની પ્હેલાના રાજાઓની માફક, એ કાયદાની દરકાર ન કરી અને ઓ'નીલ અને ઓ'ડૉનેલ સંઘની જમીનને દેશનિકાલ થયેલા સરદારોની જમીન ગણીને જપ્ત કરી. અલ્સ્ટર નામે ઉત્તર પ્રાન્તનો પ્રદેશ—હમણાનાં ૭ પરગણાંનો બનેલો[૧]—જપ્ત કર્યો, અને રીતસર કાનુનો ઘડીને એ કાનુનો પ્રમાણે અંગ્રેજ કે સ્કૉચ આદમીઓને વ્હેંચી આપ્યો (૧૬૦૮-૧૧). ફ્કત ૭૦૦૦૦ એકર જેટલી અલ્પ જમીન દેશીઓના હાથમાં રહેવા દેવામાં આવી. આ અન્યાયી આચરણથી જો કે ધંધાદારી ખંતીલા પ્રૉટેસ્ટન્ટ લોકના આવવાથી આયર્લૅંડને લાભ થયો તોપણ લાભ કરતાં નુકસાન ઘણું વધારે થયું. એથી હંમેશ માટે આયર્લૅંડના બે જૂદી મતલબવાળા વિરોધી પક્ષ પડી ગયા અને એ દેશને માંહોમાંહેના વેરભાવનો વારસો મળ્યો.

૧ લા જેમ્સનું મરણ અને ચારિત્ર—૧૬૨૫ માં (માર્ચની ૨૭ મી એ), અઠ્ઠાવન વર્ષની વયે અને બાવીશ વર્ષના રાજ્ય પછી, જેમ્સ તાવની બિમારીથી મરણ પામ્યો. એ જ સમયના ફ્રાન્સના રાજા ૪ થા હેન્રીએ એના ગુણદોષનો સરવાળો એક ટૂંકાટચ સૂત્રમાં કર્યો, "The wisest fool in Christendom"—"ખ્રિસ્તી આલમમાંનો સૌથી વિદ્વાન મૂર્ખ." એનો અર્થ એવો થાય કે એનામાં બુધ્ધિ ઘણી હતી અને વિદ્વત્તા પણ, ખાસ કરીને ધર્મશાસ્ત્રની, સારી હતી, પણ વ્યવહારૂ અક્કલ ન્હોતી. એ પોતાના સિધ્ધાન્તોનો

---

૧. એનાં ૭ પરગણાંઓ પડ્યાં તે (૧) ટાઇરોન, (૨) કોલ-રેઇન (હાલ લંડનડેરી), (૩) ડોનેગલ, (૪) ફ્ર્મેના, (૫) કૅવન, અને (૬) આર્મા. ખંડેર થયેલું ડેરી શહેર લંડનના વેપારીઓએ ફરીથી બંધાવ્યું હતું એથી એનું નામ લંડનડેરી પડ્યું.

ગુલામ બન્યો હતો, અને તે સિધ્ધાન્તોને પૂરેપૂરા અમલમાં મૂકવા એ પ્રયત્ન કરતો પણ આંખ સામેની જીવતી જાગતી હકીકતો ગણતરી બ્હાર રહી જતી. તોફાની સ્કૅાટ્લૅંડમાં એ ઉછર્યો હતો, અને ત્યાં ઘડીમાં તોફાની અમીરો સામે તો ઘડીમાં ધર્મની બાબતમાં ઝનુની પ્યુરિટન પાદરીઓ સામે લડી લડીને મુસીબતે જીંદગી ટકાવી હતી, એટલે એ અંગ્રેજોની મનોવૃત્તિથી તદ્દન બેવાકેફ હતો અને અંગ્રેજ રાજ્યબંધારણ તરફ બિલકૂલ બેપરવા હતો. પરિણામે એ રાજા પાર્લમેંટ જોડે સારો સંબંધ જાળવી શકયો નહિ અને પ્રજાનાં દિલ જીતી શકયો નહિ. કાર અને વિલિયર્સ પ્રત્યેનો એનો નિન્દવા જોગ પક્ષપાત એને અને એના વહીવટને એબ લગાડનારો હતો; અને એ પક્ષપાતને લીધે જ રાજ્યમાં અંધેર ચાલતું હતું. એશિયાઈ ધોરણે અંગ્રેજોપર રાજ્ય ચલાવવાનો એનો પ્રયત્ન જેટલો બેવકૂફ હતો તેટલો જ એનો પરદેશ સાથેના કારોબારનો વહીવટ પણ બેવકૂફ હતો. એનો દેખાવ હસવા જોગ હતો, અને તે તદ્દન બીકણ હતો. છતાં પણ રાજાના દૈવી હક્ક સ્વીકારનારો એક પક્ષ સ્થાપવામાં એ ફાવ્યો, અને જમાનાઓ સૂધી એ બાબતના વાદવિવાદમાં એની અસર જબરી રહી. ખાસ કરીને ઑાકસફર્ડ યુનિવર્સિટી તો રાજાના અને ધર્મગુરુઓના અધિકારની ખૂબ દરકાર કરનારા અને ઇંગ્લંડની સ્વતંત્રતા તરફ બેદરકાર રહેનારા પંડિતોનું ચુનંદું ધામ બની રહી.

૧લા ચાર્લ્સનું રાજ્યારોહણ અને શરૂઆતનાં વર્ષો— પાટવી રાજકુમાર ૧૬૨૫ ના માર્ચમાં ૧લા ચાર્લ્સનું નામ ધારણ કરીને તખ્તનશીન થયો એટલે એને સ્પેન જોડેનું યુદ્ધ, ડયૂક ઑાફ બાકિંગૅમ, અને રાજાના દૈવી હક્કનો ઉગ્ર સિદ્ધાન્ત, એ બધું પિતા તરફથી વારસામાં જ મળ્યું. એના રાજ્યનાં પ્હેલાં ત્રણ વર્ષો દરમ્યાન (૧૬૨૫ માર્ચથી ૧૬૨૮ માર્ચ સૂધીમાં) ત્રણ પાર્લમેંટોને સરકારને જોઈતાં નાણાં આપવા બોલાવવામાં આવી, પણ જેમ્સની સ્વચ્છંદી રીતોને હઠથી વળગી રહેલા રાજાજોડે નહિ બનવાથી ત્રણેને વીખેરી નાંખવામાં આવી.



૧લો ચાર્લ્સ

કેડિઝ નામનું સ્પેનનું બંદર સર કરવાને મોકલેલી એક ચડાઈથી એ હેતુ પાર પાડવા જોગ કાંઇએ થયું નહિ (૧૬૨૫). બીજે જ વર્ષે અંગ્રેજ સરકારે ફ્રાન્સ જોડે ટંટો કર્યો, એટલે ૧૬૨૭ માં સ્પૅનિશ વિગ્રહ જોડે ફ્રેંચ વિગ્રહ પણ ઉમેરાયો. બિસ્કેન ઉપસાગરને કાંઠે આવેલા લા રોશેલ શહેરમાં રહેતા હ્યૂગનૉ એટલે ફ્રેંચ પ્રૉટેસ્ટન્ટ લોકો એ વખતે ફ્રેંચ રાજા ૧૩ મા લૂઈનાં લશ્કરની સ્હામે બહાદુરીભર્યો ટકાવ કરી રહ્યા હતા. મશહૂર કાર્ડિનલ રિશલ્યિ એ વખતે ફ્રેંચ રાજાનો પ્રધાન હતો. રે બેટ ઉપર ઉતરીને એ શહેરને છોડાવવાની બકિંગમે જાતે મ્હેનત કરી, પરંતુ એના અર્ધ-ઉપરાંત લશ્કરનો નાશ કરીને એને હાંકી કાઢવામાં આવ્યો. ફ્રાન્સ અને સ્પેન જોડેના વિગ્રહોમાં બીજો કોઈ ઉપયોગી બનાવ બન્યો નહિ, અને ૧૬૨૯ અને ૧૬૩૦ માં વિગ્રહો બંધ પડ્યા. ઇંગ્લંડનો આ પ્રયાસ નિષ્ફળ થવાનું મુખ્ય કારણ નાણાંની તંગી હતું. પાર્લમેંટ પાસેથી પૈસો મેળવવામાં રાજા નિષ્ફળ થયો, અને જેમ તેમ કરીને આડે અવળે માર્ગે પૈસો મેળવ્યો તે પૂરતો ન્હોતો. વિશેષમાં, બકિંગમને લોક એટલો ધિક્કારતા કે કોઈ એના હુકમ નીચે ઉત્સાહથી કામ કરતું નહિ. ઑગસ્ટ ૧૬૨૮ માં એને હાથે ગેરલાભ પામેલા કોઈ લશકરી અમલદારે એનું ખૂન કર્યું.

'હુક્કનામું' અથવા 'પિટિશન ઑફ્ રાઈટ', ૧૬૨૮— આ રાજ્યની શરુવાતમાં ત્રણ પાર્લમેંટો મળી એમાં ૧૬૨૮ વાળી સૌથી વધારે અગત્યની હતી. 'મૅગ્ના કાર્ટા' એટલે મહાન હકકપત્ર અને બીજા ઉપયોગી દસ્તાવેજો વડે વારંવાર મેળવેલા અને આપખુદી રાજાઓએ વારંવાર તોડેલા અંગ્રેજ પ્રજાના હકકોને સ્થાપિત કરનારું હુકકનામું (પિટિશન ઑફ્ રાઈટ) મંજૂર રાખવાની એ પાર્લમેંટે રાજાને ફરજ પાડી. ચાર્લ્સ પાસેથી નીચે પ્રમાણે ચાર વચન લેવામાં આવ્યાં : (૧) પાર્લમેંટમાં કાયદો પસાર કરાવ્યા વગર એણે કોઈપણ રીતનું નજરાણું, કે ઉછીનું નાણું, કે બક્ષીશ, કે કર, કાંઈપણ ઉઘરાવવું નહિ. (૨) અમુક સ્પષ્ટ

આરોપ વગર અને કાયદેસર તપાસ વગર કોઈ માણસને કેદમાં પૂરવો નહિ. (૩) લોકનાં ઘરમાં સિપાઈને અને ખલાસીને ફરજીઆત રહેવા જમવાની સગવડ આપવાનું ફરમાન કાઢવું નહિ, અને (૪) સુલેહના વખતમાં લશ્કરી કાયદાની રૂએ કામ ચલાવવાનો હુકમ કાઢવો નહિ. વિદ્યાર્થીએ યાદ રાખવું જોઈએ કે એ વખતે ચાલુ જાથુકનું લશ્કર ન્હોતું, અને રાજ્યનું નૌકાસૈન્ય અને વેપારી વ્હાણવટ એ બે અલગ ન્હોતાં. આ પ્રમાણે માંગેલાં વચનો **ચાર્લ્સે** નાખુશીથી આપ્યાં, પણ એ પાળવાનો એનો ઇરાદો બિલકુલ ન્હોતો. એની આખી કારકીર્દીમાં એનું વિશ્વાસઘાતીપણું જણાઈ આવે છે. એના બોલ ઉપર ભરોસો રખાય એમ હતું જ નહિ. ૧ લા **એડ્વર્ડ**નો મુદ્રાલેખ 'Keep troth'—'વચન પાળવું'—હતો. એ સૂત્ર **ચાર્લ્સે** સ્વીકાર્યું હોત તો એને પોતાને લાભ થાત.

ચાર્લ્સે એવો દાવો કર્યો કે હક્કનામાની કલમો એને 'ટનેજ અને **પાઉંડેજ**' નામની જકાત **આમસભા**ની રજા વગર ઉઘરાવતાં રોકી શકે નહિં, પણ એ સભા એ મત સ્વીકારતી ન્હોતી. મજબૂત પ્યુરિટન વલણવાળી **પાર્લમેંટ**ને રાજાની ધાર્મિકનીતિ પણ પસંદ ન પડી.

આપઅખત્યારીભરેલો રાજવહીવટ, ૧૬૨૯-૪૦—છેવટ માર્ચ ૧૬૨૯ માં ઝપાઝપી થઈ અને **પાર્લમેંટ**ને બરખાસ્ત કરવામાં આવી તે અગ્યાર વર્ષ સુધી પાછી મળી નહિ. રાજાના વિરુદ્ધપક્ષના આગેવાન **સર જૉન ઇલિયટ**ને ટાવરમાં કેદ કરવામાં આવ્યો, અને એ ત્યાંજ મરણ પામ્યો. **પાર્લમેંટ**ની મદદ વગર જ રાજ્ય ચલાવવાનો પિતાએ કરેલો અખતરો ફરીથી અજમાવવાનો **ચાર્લ્સે** નિશ્ચય કર્યો, અને **સર ટૉમસ વેન્ટ્વર્થ**માં એને એ રાજનીતિનું સાધન મળી આવ્યું. **વેન્ટ્વર્થ** '**અર્લ્ ઑફ્ સ્ટ્રૅફર્ડ**' તરીકે વધારે જાણીતો છે. એણે રાજાના વિરોધી અને **સર જૉન ઇલિયટ**ના મળતિયા તરીકે રાજદ્વારી કારકીર્દી શરુ કરી હતી, પણ હવે એણે પક્ષ બદલ્યો, અને ૮ મા **હેન્રી**ના સમયમાં **ટૉમસ ક્રૉમ્વેલ, અર્લ્ ઑફ્ એસેક્સ**,

જે ભાગ ભજવતો તેવો ભાગ ભજવવા તૈયારી કરી. એની આ વર્તણુક ખુલ્લી રીતે તો પ્રથમ ૧૬૩૦ માં બ્હાર આવી.

કેટલાંક વર્ષો સુધી ચાર્લ્સ પોતે જ પોતાનો પ્રધાન રહ્યો, જો કે પાર્લમેંટની મંજૂરીનાં નાણાં વગર ખરચ ઉઠાવવામાં એને એના ખજાનચી વેસ્ટન (અર્લ્ ઑફ્ પૉર્ટલૅંડ) ની હુશિયારી ઉપર આધાર રાખવો પડતો. ઇજારાનાં વેચાણ, જંગલખાતાના જુલ્મી નિયમોનો સખત અમલ, અને જૂના જમાનાની જમીનદારી પદ્ધતિ (ફ્યૂડલ સિસ્ટમ) પ્રમાણેના જમીનવેરા, એવા એવા અવળા માર્ગો બેશરમ રીતે નવેસર ચાલુ કરવામાં આવ્યા. ૭ મા હેન્રીએ સ્થાપેલી (આગળ, પૃ. ૪૯) સ્ટાર ચેમ્બરની અદાલત મારફત રાજાની આપખુદીની સામે થનારાઓની ઉપર આકરી શિક્ષા ફરમાવીને સરકારનાં સ્વચ્છંદી કાર્યો જોરજુલમે પાર પાડવામાં આવ્યાં.

નૌકાવેરો અથવા 'શિપ-મની'; જૉન હૅમ્પ્ડન— પાર્લમેંટની મંજૂરી વગર મ્હેસુલ ઉઘરાવવાનો હક્ક રાજાને છે કે નહિં એ વિષેની તકરારનો નિવેડો ૧૬૩૪–૩૮ માં 'શિપ-મની' ના કેસથી થયો. ફ્રાન્સ અને નેધર્લૅંડ્ઝ પાસે એ સમયે જોરાવર કાફલાઓ હતા તેને કાબુમાં રાખી શકે એવું બળવાન નૌકાસૈન્ય ઈંગ્લંડ પાસે પણ જાથુકનું રહેવું જોઈએ એ ચાર્લ્સનો અભિપ્રાય ખરો હતો. સ્પેનનું નૌકાબળ તો આર્મેડાના નાશ પછી ઠેકાણે આવ્યું જ ન્હોતું એટલે એનો ડર ન્હોતો. કિનારાનાં શહેરો ઉપર અને લંડન ઉપર પણ કાફલો બાંધવા માટે નૌકાવેરો આપવાનું ફરમાન ૧૬૩૪ માં નીકળ્યું, અને કાંઈક આનાકાની કર્યા પછી છેવટ લોક એ હુકમને તાબે થયા. પણ ત્યાર પછી ૧૬૩૬, ૧૬૩૭ અને ૧૬૩૯ માં માગણી ફરીથી કરવામાં આવી અને કિનારાનાં જ નહિં પણ અંદરનાં શહેરો અને પરગણાંઓ પાસે પણ માગણી કરવામાં આવી, ત્યારે લોક સામે થયા. મિ. જૉન હૅમ્પ્ડન નામના બકિંગૅમશરના તવંગર જમીનદારે પોતાની મિલ્કતપર મૂકાએલા કરના આંકડા સામે તકરાર ઉઠાવી. પછીના વર્ષમાં બાર ન્યાયાધીશોએ

કેસ સાંભળ્યો, જેમાંના સાતે સરકારની તરફમાં ચુકાદો આપ્યો. આ કેસ લડવામાં હૅમ્પ્ડને બતાવેલી હિંમતને લીધે એ માણસની ચોમેર પ્રશંસા થવા લાગી અને હવે થનારા ઝગડા દરમ્યાન આમ-મંડળની આગેવાની લેવાને એ જ પુરુષ યોગ્ય છે એમ જણાયું.

વેન્ટ્વર્થ આયર્લૅંડમાં—વેન્ટ્વર્થ ૧૬૩૨ માં આયર્લૅંડનો લૉર્ડ ડેપ્યુટી નીમાયો હતો. એણે એ કમનસીબ દેશમાં અંગ્રેજોએ કદી નહિં ચલાવેલો એવો સરસ રાજ્યવહીવટ ચલાવ્યો, જો કે એ જમાનાના ખોટા ખ્યાલો એ પોતાના મનમાંથી કાઢી શક્યો હતો નહિં. એલિઝાબેથ, મેરી અને ૧ લા જેમ્સનો દાખલો લઈને એણે પશ્ચિમના પ્રાંત કૉનૉટમાં નવું સંસ્થાન વસાવવાનો પ્રયત્ન કર્યો, પણ એ વેરાન પ્રદેશમાં ઘણાં માણસો રહેવા ગયાં નહિં. ઊંચા નીચા દરેકને સંપસુલેહ જાળવવાની ફરજ પાડવામાં વેન્ટ્વર્થ ફતેહમંદ થયો, અને અલ્સ્ટરમાં શણ ઉગાડવાના અને એનું કાપડ વણવાના ઉદ્યોગને ઉત્તેજન આપી એણે એ પ્રાંત ઉપર હંમેશનો ઉપકાર કર્યો. એ ઉદ્યોગ ઉત્તરમાં હજી ધમધોકાર ચાલે છે. પોતાની બુદ્ધિ પ્રમાણે આયર્લૅંડમાં ન્યાયી વહીવટ ચલાવવાની વેન્ટ્વર્થ મ્હેનત કરતો, પણ આયર્લૅંડમાં પોતે તૈયાર કરેલું કવાયતથી કસાયલું લશકર ગ્રેટબ્રિટનમાં ચાર્લ્સની આપખુદી સત્તા સ્થાપવામાં વપરાય એવી એની ઊંડી મુરાદ હતી.

સ્ટ્રૅફર્ડનો વહીવટ, પ્હેલો ‘ધર્મગુરુ વિગ્રહ’—૧૬૩૯માં વેન્ટ્વર્થ ઇંગ્લંડ પાછો ફર્યો, અને એને અર્લ્ ઑફ સ્ટ્રૅફર્ડ બનાવવામાં આવ્યો. જીવ્યો ત્યાં સૂધી એ રાજાનો મુખ્ય પ્રધાન રહ્યો, અને આર્ચ્બિશપ લૉડની જોડે મળીને કામ કરતો. તે દરમ્યાન, સ્કૉટ લોકોને અંગ્રેજ પદ્ધતિની ધર્મવ્યવસ્થા અને પૂજા સ્વીકારવાની ફરજ પાડવા જતાં રાજા ચાર્લ્સને સ્કૉટ પ્રજા તરફની મુસીબત ઉભી થઈ. સ્કૉટ લોકો ઘણે ભાગે કૅલ્વિનના પંથના હતા (આગળ પૃ. ૫૮); ધર્મમંત્રીઓએ અને લોક-મંડળોએ ચૂંટેલી સભાઓ મારફતેજ, ધર્મગુરુઓની મદદ વિના જ,

તેઓ ધર્મવ્યવસ્થા ચલાવવાનું પસંદ કરતા. એને તેઓ પ્રેસ્બિટેરીયન પદ્ધતિ કહેતા. ચાર્લ્સે તો પોતાના પીતાની કહેવત યાદ રાખી હતી, "ધર્મગુરુ નહિં, તો રાજા નહિં", એટલે એણે હઠ પકડી કે સ્કૉટ લોકોએ ધર્મગુરુઓનો અમલ સ્વીકારવો જોઈયે અને ઇંગ્લંડમાં ચાલતી પૂજનની પદ્ધતિ અનુસરવીજ જોઈયે. ૧૬૩૮ માં સ્કૉટ લોકોએ 'મહાસભા' બોલાવી, જેણે રાજાના હુકમો ન માનવાનો અને પ્રેસ્બિટેરિયન પદ્ધતિનેજ વળગી રહેવાનો ઠરાવ કર્યો. ચાર્લ્સે બળ અજમાવવાનું ધાર્યું, અને એક ન્હાનું લશ્કર એકઠું કર્યું, પણ એને પગાર આપવા જેટલાં નાણાં ન્હોતાં તેથી બાર્વિક મુકામે સલાહ કરવાની એને ફરજ પડી. આ ઉતાવળી અને અધુરી ચડાઈ પહેલો 'ધર્મગુરુ વિગ્રહ' કહેવાય છે, કારણ કે રાજાનો ઇરાદો ધર્મગુરુઓની ખાતર લડવાનો હતો (૧૬૩૯).

'ટૂંકી પાર્લમેંટ'; બીજો 'ધર્મગુરુ વિગ્રહ'—વેન્ટવર્થ પ્રધાન થયો ત્યારે એને સમજાયું કે **પાર્લમેંટ** પાસેથી નાણાં મેળવ્યા વિના ચાલે એમ નથી, એટલે એણે રાજાને **પાર્લમેંટ** બોલાવવાની સલાહ આપી. ૧૬૪૦ માં **પાર્લમેંટ** મળી પણ ફક્ત ત્રણ અઠવાડિયાં સૂધીજ બેઠી, કારણકે સભાસદો પાસે પોતાની રાજનીતિ કબૂલ ન કરાવી શકયો, એટલે રાજાએ એને બરખાસ્ત કરી. એના હઠીલા સ્વભાવ મુજબ એણે સ્કૉટ લોકો ઉપર બીજી ચડાઈનો પ્રયત્ન કરવા લશ્કર જમા કરવા માંડ્યું. પણ પ્રથમનાં જ કારણોથી આ ચડાઈ—બીજો ધર્મગુરુ વિગ્રહ (૧૬૪૦)—નિષ્ફળ થતાં રાજાને ફરીથી **પાર્લમેંટ** બોલાવવી પડી.

લાંબી પાર્લમેંટ (લૉંગ પાર્લમેંટ) **સ્ટ્રૅફર્ડનો શિરચ્છેદ**—"**લાંબી પાર્લમેંટ**" નામે મશહૂર થયેલી એ નવી **પાર્લમેંટ** નવેંબર ૧૬૪૦ માં મળી અને તરતજ **આમમંડળે સ્ટ્રૅફર્ડ** ઉપર કામ ચલાવ્યું, અને રાજા ન બોલાવે તોપણ ત્રણ ત્રણ વર્ષે **પાર્લમેંટ** મળવી જ જોઈયે એવો ધારો પસાર કર્યો (ટ્રાયેનિઅલ બિલ—ત્રિવર્ષી ખરડો). જૉન પિમ નામે એક મક્કમ પ્રેસ્બિટેરિયનની આગેવાની હેઠળ

આમમંડળે સ્ટ્રૅફર્ડ ઉપર આરોપ મૂકયો અને ઉમરાવમંડળ પાસે કેસ ચલાવ્યો (આ પદ્ધતિને 'ઇમ્પીચમેન્ટ' કહે છે). પણ રાજદ્રોહના રીતસર આરોપ સાબીત કરવામાં મુસીબતો નડતાં **આમમંડળે** એ પદ્ધતિ પડતી મૂકીને 'તહોમતદારીનો ખરડો' (બિલ ઑફ એટેઇન્ડર) રજૂ કર્યો. એ જ વખતે, પોતાની ફ્રેંચ ઓલાદની રાણીની સલાહ પ્રમાણે ચાલનારા રાજાએ લંડનનું ટાવર કબજે કરવાનો મૂર્ખાઇભર્યો પ્રયત્ન કર્યો, તેથી ઉમરાવમંડળને એવો તો ડર લાગ્યો કે તેઓએ એકદમ એ ધારો પસાર કર્યો[1]. જે **ચાર્લ્સે** માથાના એક વાળને ઇજા ન થવા દેવાનું વચન પોતાના વફાદાર પ્રધાનને આપ્યું હતું તે જ **ચાર્લ્સે** એ ધારાને મંજૂરી આપવાની હલકાઈ કરી. એ મુજબ ૧૨મી મેને દિવસે સ્ટ્રૅફર્ડનો વધ કરવામાં આવ્યો. ડિસેંબર ૧૬૪૦ માં **આમમંડળે**, પ્રજાના સંકટો અને એના પોતે સૂચવેલા ઉપાયો વર્ણવતું એક મ્હોટું ફરિયાદ નામું (**ગ્રાન્ડ રિમોન્સ્ટ્રન્સ**) રાજા આગળ રજૂ કર્યું. રાજાએ ઉત્તર આપ્યો. એ ચર્ચામાંથી રાજહકકવાદી (રૉયલિસ્ટ) પક્ષ ચોખ્ખી રીતે બંધાયો.

ગેરવહીવટોનો નિકાલ—ત્યાર પછી પાર્લમેંટે હાઈ કમિશનની અને સ્ટાર ચેમ્બરની અદાલતો બંધ કરવાનું, અને ટયૂડર અને સ્ટુઅર્ટ સમયની અન્યાયી અને જોરજુલ્મી રીતો રદ

---

૧ પાર્લમેંટના બંને મંડળો 'ખરડો' (બિલ) પસાર કરે અને રાજા મંજૂરી આપે એટલે એ 'કાયદો' (ઍક્ટ) થાય. 'બિલ ઑફ એટેઇન્ડર' પણ એજ રીતે પસાર થતું. એ બિલ પસાર થતાં, જે માણસ સામે એ બિલ ઘડાયું હોય તેને મોતની શિક્ષા કરવાની, એના શહેરી હકકો છીનવી લેવાની, અને એની માલમિલ્કત જપ્ત કરવાની, સત્તા મળતી. એનો બચાવ સાંભળવો કે નહિં એ પાર્લમેંટની ઇચ્છાની વાત રહેતી. આ પદ્ધતિનો છેલ્લો ઉપયોગ ૧૬૯૭ માં સર જૉન ફેન્વીક સામે થયો. રાણી વિકટોરિયાના રાજ્યમાં આ પદ્ધતિ રદ કરવામાં આવી.

કરવાનું કામ આદર્યું (૧૬૪૧). આ પ્રમાણે ઉત્પન્ન થયેલી નવી સ્થિતિને ચાર્લ્સે ખરાં દિલથી કબૂલ કરી લીધી હોત, અને લોકની સ્વતંત્રતાને અને પાર્લમેંટની સત્તાને માન આપીને ન્યાયી રાજા તરીકે અમલ ચલાવવાની મરજી બતાવી હોત, તો બધું ઠીક ચાલ્યું જાત. પણ એને તો હરહંમેશ બળજોરીથી પાર્લમેંટને ઉથલાવી નાંખવાનાં સ્વપ્નાં આવતાં હતાં, અને સ્કૉટ લોકોનું ધાર્મિક બાબતમાં મન રાજી રાખીને સ્કૉટ્લૅંડમાંથી મદદ મેળવવાની એણે આશા રાખી હતી.

આયર્લૅંડમાં બળવો, ૧૬૪૧—એજ વર્ષમાં, ૧૬૪૧ માં, આયર્લૅંડમાં ભયંકર બળવો જાગ્યો, જે ૨૨ મી ઑકટોબરે અલ્સ્ટરમાં શરુ થયો અને આખા બેટ ઉપર ફેલાઈ ગયો. પ્રથમ તો, સંસ્થાનોને માટે જે જમીન જપ્તીની પદ્ધતિથી ખૂંચવી લેવાયલી હતી તે પાછી મેળવવા માગતા મૂળવતની આઇરિશોનો જ એ બળવામાં હાથ હતો, પણ ટૂંક વખતમાં ઍંગ્લો–આઇરિશ કૅથલિક ઉમરાવો પણ ફિતુરીઓ જોડે શામિલ થયા. બળવાખોરોએ કાળો કેર વર્તાવ્યો. નવા વસેલા હજારો પ્રૉટેસ્ટન્ટ અંગ્રેજોને, સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં, કાં તો ઠાર મારવામાં આવ્યાં અથવા તો ભૂખમરા અને ઠંડીથી રીબાવીને મારવામાં આવ્યાં. ઈંગ્લંડથી જબરું સૈન્ય મોકલાય તો જ બળવો શમાવી શકાય એ દેખીતું હતું, પણ આમમંડળ બીજી બાબતોમાં મશગૂલ હતું, અને સ્ટ્રૅફર્ડની યુક્તિ હતી તે પ્રમાણે ઈંગ્લંડની સ્વતંત્રતાની સામે જ લશ્કરનો અને નાણાંનો ઉપયોગ કરવામાં આવે એ ડરથી રાજાના હાથમાં લશ્કર સોંપવાને તદ્દન નાખુશ હતું, એટલે નહિ જેવું લશ્કર મોકલવામાં આવ્યું અને વર્ષો સુધી ઉપદ્રવ ચાલુ રહેવા દેવામાં આવ્યો. રાજા અને ધર્મસત્તા સામે લડવામાં વધારે રસ લેનારા આમમંડળે બાર ધર્મગુરુઓ ઉપર પાર્લમેંટમાં કામ ચલાવવું શરુ કર્યું.

પાંચ સભાસદોને પકડવાનો પ્રયાસ—ચાર્લ્સે તો અંગ્રેજ કારોબારથી બીનવાકેફ ફ્રૅંચ રાણીની સલાહ પ્રમાણે અવિચારી

આચરણ ચલાવ્યું. પોતાની રાજનીતિમાં આડે આવતા, તથા **સ્કૉટ** લોકો સાથે રાજદ્રોહભર્યો પત્રવ્યવહાર ચલાવવાનો આરોપ જેઓ ઉપર મૂકાયેલો હતો તેવા, પાંચ સભાસદોને પકડવા માટે **ચાર્લ્સ** જાતે જ **આમ**મંડળમાં ગયો;—આ રીતે એને વેર લેવું હતું. પણ એ પ્હોંચ્યો તેવામાં તો શિકાર છટકી ગયો હતો, એટલે મારવા ધારેલો ફટકો નિષ્ફળ ગયો. થોડા દિવસો પછી એ સભાસદોને ફતેહના દમામથી **આમ**સભામાં લાવવામાં આવ્યા.

રાજા રૈયતનો વિગ્રહ—એ વખતમાં દરેક પરગણાં તરફથી અમુક સૈનિકો પૂરા પાડવામાં આવતા. એ રિવાજ પ્રાચીન **સૅક્સન** લોકમાંથી ઉતરી આવેલો હતો અને **૧ લા જેમ્સે** એની નવેસર વ્યવસ્થા કરી હતી. એ લશ્કરને '**મિલીશિયા**' અથવા '**ટ્રેઇન્ડ બૅન્ડઝ**' એટલે કવાયતી ટુકડીઓ કહેતા. લગભગ ૧,૬૦,૦૦૦ માણસોની એ ટુકડીઓને પોતાની સત્તામાં રાખવાની **પાર્લમેંટે** માગણી કરી. રાજા કાંઈ એ માગણી કબૂલ કરે એવો ન્હોતો એટલે એની અને **પાર્લમેંટ** વચ્ચેના ઝગડાનો યુદ્ધથી જ નિવેડો આવે એ સ્પષ્ટ હતું. બંને પક્ષોએ લશ્કર જમા કરવા માંડ્યું. **પાર્લમેંટ**નાં માણસો **લૉર્ડ એસેક્સ**ની સરદારી હેઠળ **નૉર્ધમ્પ્ટન** મુકામે એકઠાં થવા લાગ્યાં. **ચાર્લ્સે નૉટિંગમ** મુકામે **ઑગસ્ટ** ૨૨, ૧૬૪૨ ને દિવસે રાજપક્ષનો વાવટો ઉડાડ્યો અને રાજા-રૈયતનો વિગ્રહ શરુ થયો. એ વિગ્રહ નવ વર્ષ, ૩ જી સપ્ટેંબર ૧૬૫૧ સૂધી, ચાલ્યો અને એ દિવસે **ઑલિવર ક્રૉમ્વેલે વૂસ્ટર** નજીક જીત મેળવીને લડાઈ બંધ પાડી.

ધર્મ અને રાજ્યતંત્ર—રાજકીય બનાવોની વાતમાં ખલેલ ન પડે એ હેતુથી ઇંગ્લંડમાંની ધાર્મિક સ્થિતિ વિશે કંઈ કહેવામાં આવ્યું નથી. પણ વિદ્યાર્થીએ, આવી બાબતોમાં પોતાને ગમે તેટલો ઓછો રસ પડતો હોય તોપણ, સ્પષ્ટ સમજવું જોઈએ કે **ચાર્લ્સ** અને **પાર્લમેંટ** વચ્ચેના ટંટાનું મુખ્ય કારણ ધર્મભેદમાં રહેલું હતું. જાનમાલની સલામતી, અને સ્વતંત્રતાની

બાબતમાં રાજાના જુલ્માટની સામે લોકનો વિરોધ એ પણ કારણ હતું ખરું, પણ ઉતરતે દરજ્જે. એ સમયે ધર્મસુધારાના નિયમોએ, ખાસ કરીને કૅલ્વિન સંપ્રદાયના નિયમોએ, અંગ્રેજ લોકનાં હૃદયો ઉપર મજબત કાબૂ મેળવ્યો હતો. ઘણાખરા ચુસ્ત પ્રૉટેસ્ટન્ટ હતા, પરદેશી રોમન ધર્મના દોષ અને રિવાજોની યાદ આપે એવા ઉપદેશ કે વિધિ તરફ તેઓ ધિક્કાર અને ભયની લાગણી ધરાવતા.

ધર્મ પંથો વચ્ચેનો વિગ્રહ—ઇંગ્લંડના રાષ્ટ્રિય ધર્મ, ઍંગ્લિકન ચર્ચ, ઉપરનો હાકેમ પોપ હતો કે રાજા, એ વિષયમાં હવે કોઈને રસ ન્હોતો રહ્યો, કારણ કે એનો તો નિવેડો અંગ્રેજોના મત અનુસાર થઈ ગયો હતો. રોમન પંથને વળગી રહેલા થોડા અને સત્તા વિનાના લોકોનું જોર નહિં જેવું હતું, તેઓ તો નભવા દે ત્યાં સૂધી નભ્યે જતા હતા. પણ પ્રૉટેસ્ટન્ટ મતના ભિન્ન ભિન્ન સંપ્રદાયો વચ્ચે જોસભર ચર્ચાઓ ચાલી રહી હતી અને છાપખાનાંઓમાંથી પત્રિકાઓનો ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો. અંગ્રેજ ધર્મમાં એક પક્ષ એવો હતો કે જેને ધર્મ સંસ્થા ઉપર ધર્મગુરુઓનો અમલ પસંદ પડતો, અને ક્રિયાથી ભરપૂર પૂજાવિધિ ગમતી. આવા લોકો સાધારણ રીતે કૅથલિક લોકો જોડે મળી જતા અને ધર્મગુરુઓના મદદગાર રાજાના સહાયક બનતા. સાધારણ રીતે પ્યુરિટન કહેવાતા બીજા પક્ષના પ્રૉટેસ્ટન્ટો ધર્મગુરુઓને ધિક્કારતા, પ્રાર્થના વેળા ક્રિયાઓ કરવાનું નાપસંદ કરતા, અને મોજમઝા વિનાનું સખ્તાઈ ભર્યું જીવન ગાળતા. તેઓ પાર્લમેંટના પક્ષમાં જઈ રહ્યા. આ રીતે ધાર્મિક વાદવિવાદો રાજકીય પક્ષાપક્ષી જોડે ગુંચવાઈ ગયેલા હતા અને અલગ પડે એવા ન્હોતા. કરવસુલાત અને એવી એવી બાબતોમાં રાજા પાર્લમેંટની સામે થયો તેથી ધાર્મિક પ્રશ્નમાં મતભેદની કડવાશ વધી, અને ધર્મના પંથો વચ્ચેની દાઝથી રાજકીય પક્ષો એકબીજાને ધિક્કારવા લાગ્યા. પરિણામે અંગ્રેજો લડાઈમાં એકબીજાનું લોહી રેડાવવાને ટાંપી રહ્યા હતા.

આર્ચ્બિશપ લૉડ—ધર્મગુરુઓ વિના ધર્મનો વહીવટ બરાબર ચાલેજ નહિં એવો **ચાર્લ્સનો** એના પિતાના જેવો જ દૃઢ અભિપ્રાય હતો. એ મતથી **સ્કૉટ્લૅંડની** બાબતમાં એને વીતેલી આપદા આપણે જોઇ છે. ધર્મગુરુઓ સામે વાંધો ન લેનારા ઘણાએ **અંગ્રેજ** લોકોને ધર્મગુરુની સત્તા હદબ્હાર વધે એ તો પસંદ ન્હોતું જ. **વિલિયમ લૉડ** નામે **ઑક્સફર્ડનો** એક ધર્મશાસ્ત્રી ૧૬૩૩માં **કૅન્ટરબરીનો આર્ચ્બિશપ** બન્યો હતો તેણે ધર્મગુરુઓની સત્તાને બેહદ વધારી મૂકી, અને એક જ રીતે ઈશ્વરપૂજન કરવાની દરેક જણને ફરજ પાડવા માટે **સ્ટાર ચેમ્બર** અને **હાઇ કમીશનની** અદાલતોનો લાભ લઈને એણે લોકમાં ઊંડો અસંતોષ ફેલાવ્યો. નાકબૂલ થનારા અથવા લખાણો કરીને **આર્ચ્બિશપની** સામે પડનારા લોકોને આકરી નિર્દય શિક્ષાઓ કરવામાં આવતી. **લૉડનાં** આ આચરણોનો રાજા-પ્રજાનો વિગ્રહ ઉશ્કેરવામાં મ્હોટો ભાગ હતો. એ રીતે, એ વખતે પૂરી થવા આવેલી **જર્મનીના** ત્રીશ વર્ષના વિગ્રહની માફક (આગળ પૃ. ૧૧૩), આ વિગ્રહ રોજીંદી જીંદગીની બાબતોમાં લોકસ્વતંત્રતા અને રાજાના જુલ્મ વચ્ચેના ટંટા કરતાં વધારે અંશે વિરુદ્ધ ધર્મભાવનાઓનો ઝગડો હતો.

મુખ્ય તારીખો

૧ લા જેમ્સ (સ્કૉટલૅંડના ૬ ટ્ટા જેમ્સ)નું રાજ્યારોહણ	૧૬૦૩
'મેઇન' કાવતરું; સર વાલ્ટર રૅલેને શિક્ષા ...	૧૬૦૩
પ્હેલી પાર્લમેંટ	૧૬૦૪–૧૧
સુરંગ કાવતરું	૧૬૦૫
અલ્સ્ટર સંસ્થાનની સ્થાપના	૧૬૦૮–૧૧
સૉલ્ઝબરી અને પ્રિન્સ હેન્રીનું મરણ; કારની ચડતી	૧૬૧૨
બીજી ('નિશ્ફળ' અથવા 'ઍડલ્ડ') પાર્લમેંટ...	૧૬૧૪

પ્રકરણ ૬ ઠ્ઠું

રાજા-પ્રજાનો વિગ્રહ; પ્રજારાજ્ય (કૉમનવેલ્થ) અને સંરક્ષિતરાજ્ય (પ્રોટેક્ટોરેટ), ૧૬૪૨–૬૦

સામસામી પક્ષોના બળનું પ્રમાણ—યુદ્ધ વગર મતભેદનો નિવેડો નહિ થઈ શકે એવું બંને પક્ષોએ જ્યારે નક્કી કર્યું એ ક્ષણે સાધનનો લાભ **પાર્લમેંટ** પક્ષને વધારે હતો. નૌકાબળ અને મુખ્ય બંદરો **પાર્લમેંટની** મદદમાં હતાં, એ વખતના સૌથી વધારે વસ્તીવાળા, ધનવાન, અને આગળ વધેલા અગ્નિકોણ તરફના પ્રદેશ અને લંડન શહેર ઉપર **પાર્લમેંટની** સત્તા હતી. **નૉર્ધેમ્પ્ટન** મુકામે **લૉર્ડ એસેક્સની** આગેવાની હેઠળ એકઠા થયેલા સૈનિકોની સંખ્યા **નૉટિંગૅમ** ખાતે રાજાના ઝુંડા તળે મળેલા સૈનિકોના કરતાં ઘણી મ્હોટી હતી. પણ રાજાની પાસે જોરાવર ઘોડેસ્વાર લશકર હતું, એ લાભ એને હતો, કારણ કે એ જમાનામાં ઘોડેસ્વાર લશકર બહુ ઉપયોગી હતું. રાજાના એ લશકરનો સેનાપતિ ઇલેક્ટર પૅલૅટાઇન (પૃ. ૧૧૪) નો પુત્ર, રાજાનો ભાણેજ, પ્રિન્સ રુપર્ટ હતો. એ ધસારો કરવામાં બ્હાદૂર આગેવાન હતો, પણ એનામાં સારા સેનાપતિને લાયકની શાન્ત વિચાર શક્તિ ન્હોતી.

એજહિલનું યુદ્ધ—પ્હેલું યુદ્ધ વૉરિકશરમાં એજહિલ મુકામે થયું (૨૩મી ઑક્ટોબર, ૧૬૪૨), અને એનું ચોકકસ પરિણામ જો કે કાંઈ ન આવ્યું તોપણ એથી રાજાને **ઑક્સફર્ડ** જવાનો માર્ગ મળ્યો. એ શહેરને એણે મુખ્ય મથક બનાવ્યું. લંડન શહેર ઉપર ત્રણ લશ્કરોને મોકલીને એ શહેર હાથ કરવાની રાજાની ઉમેદ હતી, પણ એના લશ્કરમાં એટલી તાકાત ન્હોતી. હુલ અને પ્લિમથ એ બંદરો, અને કૅમ્બ્રિજ અને એની આજુ-બાજુનાં પૂર્વના પરગણાંઓનું મંડળ, રાજાની સ્હામે થયાં એથી એની યુક્તિ ફોકટ ગઈ. વિગ્રહની શરુઆતમાં બંને પક્ષોને બિન-



ળવાયેલાં માણસોથી કામ લેવું પડતું, જેઓ પોતપોતાના વતનની ∙હાર જવા બહુ નાખુશ હતા. પરિણામે પગારદાર અનુભવી ાશ્કરથી લડી શકાય એવી, દૂરનાં મથકો હાથ કરવા માટે આગળથી ાોઠવણ રચેલી, લડાઈઓ એકકે પક્ષના સેનાપતિયો લડી ાકતા ન્હોતા. એટલે ચાર્લ્સને પણ શત્રુના હાથમાં લંડન રહેવા :ઈને લાચાર બનવું પડ્યું, જે લાચારીનો મ્હોટો ગેરલાભ આખા વેગ્રહ દરમ્યાન એને જણાયા કર્યો.

૧૬૪૩ ના બનાવો—૧૬૪૩ માં રાજાનું લશ્કર વધ્યું. એના હાથમાં જુદાં જુદાં ત્રણ મ્હોટાં લશકરો હતાં, એટલે એની સ્થિતિ ઘણી સુધરી ગઈ, અને એ વર્ષમાં એ લંડન હાથ કરી શકયો હોત તો એ વિગ્રહમાં જીત્યો હોત. પશ્ચિમનું મ્હોટું શહેર **બ્રિસ્ટલ** જુલાઈમાં એના હાથમાં આવ્યું. પણ ગ્લૉસ્ટર, લશ્કરી ઘેરામાં સપડાયેલું હોવા છતાં, **પાર્લમેંટના** પક્ષમાં ટકી રહ્યું. જૂન માસમાં એક નાનકડી લડાઈમાં હૅમ્પ્ડન માર્યો ગયો, અને ત્યારપછી છ માસે **જૉન પિમ** મરણ પામ્યો. એ બે મરણોથી પ્યુરિટનોને સખ્ત ફટકો લાગ્યો. સામા પક્ષમાં **લૉર્ડ ફૉકલંડ** સપ્ટેમ્બરમાં મરી ગયો એથી રાજાને ખોટ જણાઈ.

સ્કૉટ લોકોની ચડાઈ; માર્સ્ટન મૂરનું યુદ્ધ—સ્કૉટલૅંડમાં જે પ્રેસ્બિટેરિયન ધર્મતન્ત્ર ચાલુ હતું તે સ્વીકારવાની **પાર્લમેંટે** કબૂલત આપતાં, જાન્યુઆરી ૧૬૪૪ માં ૨૧,૦૦૦ **સ્કૉટ** લોકો **પાર્લમેંટની** મદદે ઇંગ્લંડમાં ઉતરી આવ્યા, એથી લડાઈનો ઘાટ બદલાઈ ગયો. એ વર્ષમાં **યોર્કથી** થોડાક માઈલને છેટે આવેલા **માર્સ્ટન મૂર** મુકામે **સ્કૉટ** લશ્કર અને એના મળતિયા **અંગ્રેજો** સામે થયેલી ખૂનખાર લડાઈમાં રાજપક્ષના સેનાધિપતિયો **માર્કવેસ ઓફ્ ન્યૂકૅસલ** અને **પ્રિન્સ રુપર્ટનું** લગભગ આખું લશકર ખતમ થઇ ગયું (૨ જી જુલાઇ, ૧૬૪૪). એથી ઇંગ્લંડનો ઉત્તર ભાગ **પાર્લમેંટના** તાબામાં આવ્યો. એ લડાઈમાં ઘોડેસ્વાર લશકરના સેનાપતિ તરીકે **ઑલિવર ક્રૉમ્વેલ** પ્હેલવ્હેલો નામના પામીને

જાહેરમાં આવ્યો. પોરસ સામે સિકંદરે અજમાવ્યા હતા તેવા ચક્રાવા લઇને ક્રૉમ્વેલે કરેલા ધસારાથી એ યુદ્ધમાં વિજય મળ્યો હતો.

સ્વતન્ત્ર ધર્મપક્ષ—એ ઘડીએ જો પાર્લમેંટે ઉપરાઉપરી ફટકા માર્યાં હોત તો વિગ્રહનો છેડો તાકીદે આવત, પણ એ વખતના મુખ્ય સેનાપતિ લૉર્ડ મૅન્ચેસ્ટરને રાજાને એકદમ લાચાર બનાવવાનું પસંદ પડ્યું નહિ. લડાઈના દબાણને લીધે પાર્લમેંટમાં એકદમ સામસામા બે પક્ષો પડી ગયા હતા, આમમંડળના ઘણાખરા સભાસદો તેમ જ પાર્લમેંટમાં થોડાએક ઉમરાવો હતા તે, લૉર્ડ મૅન્ચેસ્ટર સુદ્ધાં, પ્રેસ્બિટેરિયન ધર્મતંત્રને પસંદ કરનારા હતા, અને રાજા જોડે સુલેહ કરવાને ઇંતેજાર હતા, જ્યારે ક્રૉમ્વેલની અસર નીચે આવેલા હિંમતભર્યાં લશ્કરી માણસો પ્રૅસ્બિટેરિયન પદ્ધતિ પસંદ કરતા નહિં. ધર્મગુરુઓની કે ધર્મસભાની સત્તાથી સ્વતંત્ર રહીને ફાવે તેમ લોકો એકઠા થઈને પ્રાર્થના કરે એવો મત ધરાવતો આ પક્ષ પોતાને 'સ્વતન્ત્ર પક્ષ' તરીકે ઓળખાવવા લાગ્યો. સ્વતન્ત્ર પક્ષવાળાઓ છેવટ સૂધી લડીને રાજાને પૂરેપૂરો હરાવવા ઇચ્છતા હતા, ખાસ કરીને પ્રાર્થનાની બાબતમાં છૂટ મેળવવાના હેતુથી. તેઓમાંના કેટલાક પ્રજાસત્તાક રાજ્યના હિમાયતી હતા અને રાજા જોઈએ જ નહિં એવું માનતા, પણ તેમને ખાસ દરકાર ધાર્મિક પ્રશ્નોની હતી. રાજા-પ્રજા વચ્ચેના આ વિગ્રહોમાં દરેક બાબતમાં લોકો રાજકીય પ્રશ્નોને બદલે ધાર્મિક વિચારોથી દોરાતા એ વાત આપણે નવા જમાનાના લોકો મુશ્કેલીથી સમજી શકિએ. રાજ્યની પદ્ધતિ અને બંધારણ વિશે કાંઈપણ મત બાંધતા પ્હેલાં એ બંધારણની ધર્મ ઉપર કેવી અસર થશે એ વાતનો વિચાર કરવામાં આવતો. કર નાખવાના હક્ક કે એવી દુનિયાદારીની બાબતોમાં એ બંધારણ સારૂં છે કે ખરાબ તે ભાગ્યે જ તપાસવામાં આવતું.

લશ્કરનો 'નવો નમૂનો' ('ન્યૂ મૉડલ'); નેઝ્બીની લડાઈ—૧૬૪૫ ની શરુઆતમાં ક્રૉમ્વેલને ધાર્યું કરવાની તક

મળી, અને પાર્લમેંટમાં 'જાતભોગનું ફર્માન,' ('સેલ્ફ–ડિનાયીંગ ઑર્ડિનન્સ') પસાર કરવામાં ફતેહ મળી, જેની રૂએ પાર્લમેંટના બધા સભાસદોને પોતપોતાના લશ્કરી હોદ્દાનું રાજીનામું આપવું પડ્યું. પોતાની 'આયર્નસાઇડઝ' એટલે 'લોખંડી' એ નામે મશહૂર થયેલી ટુકડીના નમૂના પ્રમાણે લશ્કરનું નવું બંધારણ કર્યું. એ વ્યવસ્થા 'ન્યૂ મૉડલ' એટલે (લશ્કરનો) 'નવો નમૂનો' કહેવાય છે. જૂન માસમાં એ ઉપસેનાધિપતિ નીમાયો. બીજે જ મહિને (૧૪ મી જૂન ૧૬૪૫ ને રોજ) નૉર્થમ્પ્ટનશરમાં નેઝ્બી મુકામે વિરુદ્ધ પક્ષનાં લશ્કરો લડ્યાં ત્યારે કાબેલ આગેવાની અને ઉત્તમ વ્યવસ્થાને પરિણામે પાર્લમેંટના પક્ષે રાજાના લશ્કરને વીખેરી નાંખ્યું. રાજ-પક્ષનાં ૧૦૦૦ માણસો માર્યાં ગયા અને ૫૦૦૦ કેદ પકડાયાં, જ્યારે એના જેવડા જ મ્હોટા ક્રૉમ્વેલના લશ્કરમાંથી ફક્ત ૨૦૦ માણસની નુકશાની થઈ. એ ઘડીથી રાજા નાસભાગ કરતો રહ્યો અને એક ઠામથી બીજે ઠામ એની પૂંઠ પકડવામાં આવી. એનાં સઘળાં ખાનગી પત્રો શત્રુઓના હાથમાં ગયાં. સપ્ટેમ્બરમાં પ્રિન્સ રુપર્ટે ન છૂટકે બ્રિસ્ટલ સોંપી દીધું.

મૉન્ટ્રોઝ સ્કૉટ્લૅંડમાં—**માર્ક્વેસ્ ઑફ્ મોન્ટ્રોઝે સ્કૉટ્લૅંડમાં** રાજાને મદદ કરવાના પ્રયત્ન કર્યા તેથી કાંઇ લાભ થયો નહિ. પહાડી વતનીઓની મદદથી માર્ક્વેસ્ માત્ર એક જ મહિનો સ્કૉટ-લૅંડનો સરદાર બન્યો, પણ એ પોતાના પક્ષના પહાડ અને જંગલમાં રહેનારા આદમીઓને એકઠા જાળવી શક્યો નહિ, અને સપ્ટેમ્બર ૧૬૪૫ માં ફિલિપૉ મુકામે એણે છેવટની હાર ખાધી. આયર્લૅંડ-માંથી આશા રાખી હતી તેવી સારી મદદ મેળવવામાં નાસીપાસ થઈને ચાર્લ્સ મે ૧૬૪૬ માં સ્કૉટ લોકોને તાબે થયો, અને તેઓના હાથમાં કેદી જેવો જ બની રહ્યો. આ રીતે પ્હેલો રાજા પ્રજાનો વિગ્રહ પૂરો થયો.

આર્ચ્બિશપ લૉડનો શિરચ્છેદ—ડિસેમ્બર ૧૬૪૦ માં આર્ચ્બિશપ લૉડને રાજ્યના ધર્મમાં અને મુખ્ય કાયદાઓમાં ફેરફાર

કરવા માટે રાજ્યદ્રોહના આરોપસર ટાવરમાં કેદ કરવામાં આવ્યો હતો, અને લોકથી વીસરાયેલો એ ત્યાં જ પડ્યો હતો, પણ ૧૬૪૩ માં જ્યારે **પાર્લમેંટે** પ્રેસ્બિટેરિયન તંત્ર સ્વીકાર્યું ત્યારે એ માણસને સૌથી વધારે ધિક્કારનાર **સ્કૉટ** લોકોને એના ઉપર વેર લેવાની તક મળી[1]. **પાર્લમેંટમાં** ગુન્હાની તપાસ ચાલુ કરી, પણ **સ્ટ્રૅફર્ડની** બાબતમાં કર્યું હતું તેમ તપાસ પડતી મૂકીને 'એટેઇન્ડર'ની સગવડભરી રીત સ્વીકારવામાં આવી, જેમાં કાયદેસર પુરાવાની જરુર જ ન્હોતી પડતી (આગળ પૃ. ૧૨૬ મે ફુટનોટ). રાજાએ સહી શિક્કો મારીને લખી આપેલી માફીની દરકાર નહિં કરતાં, કાયદેસર કોઈપણ ગુન્હો જણાવ્યા વગર, **આર્ચબિશપનો** જાન્યુઆરી ૧૬૪૫ માં શિરચ્છેદ કરવામાં આવ્યો. એ ધર્મની બાબતમાં પ્રમાણિક હતો, પણ મતભેદ સહન ન કરી શકતો. એ રાજાનો ભરોસાપાત્ર સેવક હતો, અને બહાદૂર ગૃહસ્થની માફક મર્યો.

લશ્કરની સત્તા—**સ્કૉટ** લોકની અને **ઇંગ્લીશ પાર્લમેંટની**—એટલે કે એમાંનો જે કાંઈ ભાગ હજી રહ્યો હતો તેની—વચ્ચે લાંબા વાદવિવાદો ચાલ્યા અને પરિણામ એ આવ્યું કે **અંગ્રેજોએ સ્કૉટ** લોકોને બે લાખ પાઉંડ આપ્યા અને **સ્કૉટ** લોકોએ ફેબ્રુઆરી ૧૬૪૭ માં રાજાને **પાર્લમેંટના** અમલદારોના હાથમાં સોંપી દીધો. પરંતુ એ વખતે ખરી સત્તા **પાર્લમેંટના** હાથમાંથી જઈને ફતેહમંદ અને અનુભવી લશ્કરના હાથમાં આવી હતી, અને **વેસ્ટમિન્સ્ટરમાં** બેસનારા થોડાએક પ્રેસ્બિટેરિયન આદમીઓને, પોતે લશ્કરી બળથી

---

૧. ૧૬૩૮ માં સ્કૉટ લોકોએ, ઇંગ્લંડમાં ચાલતું ધર્મતન્ત્ર અને ઈશ્વરપૂજા એમની પાસે સ્વીકારાવવાની ચાર્લ્સની યુક્તિની સામે થવા માટે એક કરારનામા ઉપર સહી કરીને એકતા જાળવવાની પ્રતિજ્ઞા લીધી હતી. ૧૬૪૩ માં ઇંગ્લીશ પાર્લમેંટે એનો સ્વીકાર કર્યો એ દસ્તાવેજને 'પવિત્ર મિત્રાચારી અને કોલકરાર' ('સૉલમ લીગ ઍન્ડ કવેનન્ટ') કહેવામાં આવે છે.

મેળવેલા ફતેહનાં ફળો ફેંકી દેવામાં ન ફાવવા દેવા એવો લશ્કરનો દૃઢ નિશ્ચય હતો. એ કારણે લશ્કરના આગેવાનોએ રાજાને લઈ આવવા માટે ઘોડેસવાર લશ્કરના એક અમલદારને મોકલ્યો. રાજાને તેઓએ જૂનમાં કબજે કર્યો. ઑગસ્ટની શરૂઆતમાં તેઓએ પ્રૅસ્બિટેરિયનનું મુખ્ય મથક બનેલું લંડન શહેર હાથ કર્યું. જોકે થોડોક વખત પાર્લમેંટનો રાજવહીવટ દેખાવમાં હજી ચાલુ હતો તે છતાં ખરું જોતાં તે ખલાસ થયો હતો, અને રાજાસત્તાક રાજ્ય સ્થપાયું ત્યાં સૂધી લગભગ તેર વર્ષો દરમ્યાન ખરી સત્તા આપખુદીભરેલા લશ્કરી લોકના હાથમાં રહી. પોતાના ચારિત્ર બળને લીધે રાજ્યક્રાન્તિનો મુખ્ય આગેવાન બનેલો ક્રૉમ્વેલ મકકમ હતો કે રાજા તરફનો, કે પ્રૅસ્બિટેરિયન પાર્લમેંટનો, કે પછી બહુ એકતરફી મતવાળા સૈનિકોનો—જેઓને 'લેવલર્સ' 'એટલે બધાને એક સપાટી ઉપર લાવી મૂકનારા' એવું નામ આપવામાં આવ્યું હતું તે સૈનિકોનો—વિરોધ એકદમ તોડી નાખવો અને પોતાની સમજ મુજબની ધાર્મિક સ્વતંત્રતા મેળવવી.

સ્કૉટ લોકોની ચડાઈ; પ્રેસ્ટન અને વિગૅનની લડાઇઓ—નવેમ્બર ૧૬૪૭માં રાજા ન્હાસી છૂટયો અને વાઇટ બેટમાં કૅરિઝબ્રૂક કૅસલમાં જઈ ભરાયો. ત્યાં પણ એને નશીબે નવું કેદખાનું જ લખેલું હતું. ત્યાં હતો તે દરમ્યાન એણે સ્કૉટ લોકો સાથે કોલકરાર કર્યા, જેમાં એણે તેમના પ્રૅસ્બિટેરિયન સંપ્રદાયને રાજહુકમથી ઇંગ્લંડમાં દાખલ કરવાનું વચન આપ્યું. સ્કૉટ્લૅંડનો રાજા એકલા અંગ્રેજોના કબજામાં રહે એ વાતથી નાખુશ થયેલા સ્કૉટ લોકોએ ઇંગ્લંડ ઉપર ચડાઈ કરીને રાજાના પક્ષને મદદ કરવાને એક લશ્કર ડ્યૂક ઑફ્ હૅમિલ્ટનની સરદારી નીચે મોકલ્યું. તેઓથી ઘણું ન્હાનું એક લશ્કર લઇને ક્રૉમ્વેલ તેમને લૅંકેશરમાં મળ્યો અને પ્રેસ્ટન અને વિગૅન મુકામોએ થયેલી ખૂનખાર લડાઈઓમાં શત્રુના લશ્કરનો એણે નાશ કર્યો (ઑગસ્ટ ૧૬૪૮). એણે એ પ્રસંગે લખ્યું કે "અમે કેટલાને માર્યા છે તે નથી જાણતા પણ ઘણાને માર્યા છે.

બે મ્હોટી લડાઈઓમાં શત્રુઓને માર્યાં તે ઉપરાંત તેઓ ઉપર લાગટ ત્રીશ માઇલ સૂધી કતલ ચલાવી છે." પાર્લમેંટ પક્ષમાં નુકસાન બહુ થોડું થયું હતું.

પ્રાઇડે કરેલી સાફસુફ (પ્રાઈડ્ઝ પર્જ); પાર્લમેંટનું ઠુંઠું ('રમ્પ' પાર્લમેંટ)—ક્રૉમ્વેલના જમાઈ આયર્ટને હવે છડેચોક જણાવી દીધું કે રાજા સાથે અખતરા કર્યાં કરવાથી કાંઇ લાભ નથી, એને મોતની શિક્ષા જ કરવી જોઈયે. ડિસેમ્બરમાં કર્નલ પ્રાઈડની આગેવાની નીચે સિપાહીઓની એક ટુકડીએ આવીને આમમંડળમાંથી ક્રૉમ્વેલ અને આયર્ટનના મતના વિરોધી બધા સભાસદોને હાંકી કાઢયા. બાકી રહેલા ન્હાના ભાગને લોકોએ "ઠુંઠું" (રમ્પ) એવું તિરસ્કારભર્યું નામ આપ્યું. એ ઠૂંઠી પાર્લમેંટ ચાલૂ રહી અને કાયદેસર પાર્લમેંટ હોવાનો ઢોંગ કરતી રહી. પ્રાઇડના આ કૃત્યને 'પ્રાઇડે કરેલી સાફસુફ' (પ્રાઇડ્ઝ પર્જ) એવું નામ મળ્યું.

રાજાનો શિરચ્છેદ—આ પ્રમાણે બળજોરીથી સત્તાધારી બનેલા પક્ષે હવે, પ્રજાની ઇચ્છાની દરકાર કર્યા વિના, રાજાને મારી નાંખવાનો નિશ્ચય કર્યો. એ પ્રમાણે ૧૬૪૯ ના જાન્યુઆરીની પ્હેલી તારીખે એક નામની વડી ન્યાયઅદાલત સ્થાપવામાં આવી, જેણે કામ ચલાવવાનો ડોળ કરીને ચાર્લ્સને મોતની સજા ફરમાવી. જાન્યુઆરીની ૩૦ મી એ વ્હાઈટ હૉલ મહેલની સામે એનો શિરચ્છેદ કરવામાં આવ્યો. એ ગંભીરતા અને મોભાથી મરણ પામ્યો, અને એકદમ એ લોકની નજરમાં એક સંત અને ધર્મની ખાતર પ્રાણ અર્પનારો ગણાવા લાગ્યો. એના દોષ ભૂલાઇ ગયા અને એના કમકમાટીભર્યા અંત શિવાય લોકે બીજું કાંઈ યાદ રાખ્યું નહિં. પ્રજાના લગભગ બધા પક્ષો રાજાને મોતની શિક્ષા કરવાનું નાપસંદ કરતા હતા એમાં શક નથી. એ કૃત્ય તો આયર્ટન, ક્રૉમ્વેલ અને બીજા થોડાક હઠીલા આદમીઓનું હતું, જેઓ સાત વર્ષની ખૂનરેજી અને ખુવારીનો દોષ એકલા ચાર્લ્સ ઉપર મૂકીને એને 'ખૂની માણસ' કહેતા હતા, અને પોતે એને શિક્ષા કરવાને ઈશ્વરે પસંદ કરેલાં

સાધનો છે એવો મત બાંધી બેઠા હતા. થોડા વખતમાં જ તેઓને જણાયું કે તોડી નાખવું સ્હેલું છે પણ ફરી બાંધવું અઘરૂં છે અને રાજા વિનાનું એક સારું રાજબંધારણ ઘડવું તેઓથી બને તેમ ન્હોતું. "ત્રણ રાજ્યોને એક સાથે જોડી રાખનાર બંધન તૂટયું હતું". પ્રિન્સ ચાર્લ્સ સ્કૅાટ્લૅંડમાં રાજા જાહેર થયો. આયર્લૅંડમાં એના પક્ષના ઘણા હતા, અને ઇંગ્લંડમાં પણ લોકનો મ્હોટો ભાગ પાર્લમેંટને સૌથી ઊંચામાં ઊંચી સત્તા છે તેવો દાવો નાકબૂલ કરતા હતા.

પ્રજારાજ્ય ૧૬૪૯-૫૩—રાજાના શિરચ્છેદ પછી ઘડવામાં આવેલી અનિયમિત રાજ્યવ્યવસ્થા ઇંગ્લંડમાં લગભગ પાંચ વર્ષ ચાલી એટલે ૩૦ મી જાન્યુઆરી ૧૬૪૯ થી ૧૬ મી ડિસેમ્બર ૧૬૫૩ સૂધી. વચમાં ફેરફાર થયા તે વર્ણવવાની જરૂર નથી. પાર્લમેંટના દેખાવની પાછળ નહિં જેવા ઢંકાયલા એ લશ્કરી અમલની મુદતને ઇતિહાસકારો 'કૉમનવેલ્થ' કહે છે અને એ પછી જરા નિયમિત બંધારણ થયું અને ક્રૉમ્વેલ રાજ્યરક્ષક બન્યો તે, ૩ જી સપ્ટેમ્બર ૧૬૫૮ ને રોજ ક્રૉમ્વેલ મરણ પામ્યો ત્યાં સૂધી ચાલેલી, વ્યવસ્થાને 'પ્રોટેક્ટોરેટ' કહે છે. ૨૦ મી એપ્રીલ ૧૬૫૩ ને રોજ ક્રૉમ્વેલે લાંબી પાર્લમેંટના બાકી રહેલા ભાગને તોછડાઇથી હાંકી કાઢયો ત્યાંસૂધી નામની સત્તા 'ઠૂંઠી' પાર્લમેંટના પચ્ચાસ કે સાઠ સભાસદોના હાથમાં રહી. તેઓએ પોતામાંથી એક કારોબારી રાજ્યસભા ચૂંટી કાઢી હતી. ઑર્મોન્ડે ખરૂં કહ્યું છે કે એ સભાસદો "લશ્કરે ચૂંટેલા અને ડરાવી દીધેલા આમમંડળનો વધ્યોઘટ્યો નકામો ભાગ હતો," અને લશ્કર પ્રજાનો ખરો હાકેમ હતું, અને લશ્કરની પાછળ રહીને દૃઢ મનનો ક્રૉમ્વેલ હુકમ ચલાવતો હતો.

આયર્લૅંડમાંના બનાવો, ૧૬૪૧-૯—ચાર્લ્સના વધ પછીના ચાર વર્ષો દરમ્યાન આયર્લૅંડ અને સ્કૅાટ્લૅંડ બંનેને જીતીને ક્રૉમ્વેલ ખરૂં જોતાં ત્રણ રાજ્યોનો હાકેમ બન્યો હતો. ૧૬૪૧ ના ઑક્ટોબરની

૨૨ મી એ શરૂ થયેલો **આઈરીશ** મૂળવતનીઓનો બળવો (પૃ. ૧૨૭), જે **અંગ્રેજ** વસ્તીની જબરી કતલ ચલાવતો, તે હજી ચાલુ જ હતો. **૧ લા જેમ્સે** કરેલું **અલ્સ્ટર**નું સંસ્થાન એ એનું નિકટ કારણ હતું, પણ તરત જ એ ઝગડો ધાર્મિક સ્વરૂપ ધારણ કરીને રોમન કૅથલિક અને **પ્રૉટેસ્ટન્ટ** વચ્ચેનો વિગ્રહ બની ગયો. **આયર્લૅંડ**માં જઈ વસેલા ઘણાખરા **અંગ્રેજ** કૅથલિક જમીનદારો બળવામાં શામિલ થયા. આખા દેશને વેરાન કરનાર અને પૂરી થતા પેહેલા દેશની અરધી વસતીનો ઘાણ કાઢનાર એ ચાલુ મારામારીમાં ત્રણ મુખ્ય પક્ષો લડનારા હતા, **આઈરીશ** બળવાખોરો, **માર્કવેસ ઑફ ઑર્મોન્ડ**ની આગેવાની નીચેના રાજપક્ષકારો, અને જુદા જુદા સેનાપતિઓ હેઠળની **પાર્લમેંટ**ની લશ્કરી ટુકડીઓ. ૧૬૪૩ માં **માર્કવેસે આઈરીશ** ફિતુરીઓ જોડે સુલેહ કરી, જે 'વિરામ' (સેસેશન) કહેવાય છે. પણ એ પૂરી પળાઈ ન્હોતી અને **સ્કૉટ** લોકોએ કે **વેસ્ટમિન્સ્ટર**ની **પાર્લમેંટે** એને કબૂલ રાખી ન્હોતી. ૧૬૪૬ માં રાજાના ખાસ હુકમો અનુસાર એ સુલેહ નવેસર કરવામાં આવી. **૧ લા ચાર્લ્સ**ના શિરચ્છેદ પછી **ઑર્મોન્ડે** એ રાજાના પુત્રને **૨ જો ચાર્લ્સ** સ્વીકારીને એની પાસેથી **લૉર્ડ-લેફ્ટેનન્ટ** તરીકે નવો અધિકાર મેળવ્યો. કૅથલિકની મદદથી દેશનો મ્હોટો ભાગ **ઑર્મોન્ડે ૨ જા ચાર્લ્સ**ને નામે હાથ કર્યો હતો. પણ **ક્રૉમ્વેલ**ના આવવાની અગાઉ જ એણે ડબ્લીન નજીક **રૅથમીન** મુકામે **પાર્લમેંટ**ના લશ્કરને હાથે સજ્જડ હાર ખાધી.

આયર્લૅંડમાં ક્રૉમ્વેલની રાજનીતિ—રાજાના શિરચ્છેદ પ્હેલાં **આયર્લૅંડ**ના વહીવટ પ્રત્યે **પાર્લમેંટ** બહુ લક્ષ ન્હોતી આપી શકી, પણ ત્યારપછી બની તેટલી ઝડપે **આયર્લૅંડ** જીતવા માટે લશ્કર તૈયાર કરવામાં આવ્યું, અને **ક્રૉમ્વેલ**ને મુખ્ય સેનાપતિ નીમવામાં આવ્યો (માર્ચ ૧૬૪૯), અને ૧૬૪૧ ની કતલનું વેર લેવાનો, રોમન કૅથલિક સંપ્રદાયનો ખુલ્લો સ્વીકાર અટકાવવાનો, **આયર્લૅંડ**ને પ્યૂરિટન બનાવવાનો, અને દેશી **આઈરીશ**ને બદલે

પ્રૉટેસ્ટન્ટ બ્રિટિશ વતનીઓ વસાવવાનો દૃઢ નિશ્ચય કરીને ક્રૉમ્વેલ ઑગસ્ટમાં ડબ્લિન મુકામે ઉતર્યો. પોતાની રાજ્યનીતિમાં એણે ૧ લા જેમ્સનું સૂત્ર સ્વીકાર્યું હતું, 'આયર્લૅંડમાં પ્યુરિટનો વસાવવા, પોપપક્ષવાળાઓને જડમૂળથી કાઢી નાખવા, અને એ રીતે એ દેશનો કબજો મજબૂત કરવો.'

ડ્રૉહેડાનો ઘેરો—આ રાજ્યનીતિ અનુસાર એણે પ્રથમ ડબ્લિનની ઉત્તરે આવેલા ડ્રૉહેડા નામે કિલ્લેબંધ શહેર ઉપર હુમલો કર્યો. શહેરમાંના લશ્કરે તાબે થવાની ના પાડતાં એ કિલ્લાને હલ્લો કરીને સર કર્યો, અને જેટલા આદમીઓ હથિયારબંધ માલુમ પડ્યા તેટલા કાં તો તરવારથી મારવામાં આવ્યા અથવા તો વેસ્ટ ઇન્ડિઝ મોકલી દેવામાં આવ્યા. ઘણા શહેરીઓ અને એકેએક રોમન કૅથલિક સાધુ અને પાદરીઓ એ કતલનો ભોગ બન્યા હતા. ધાર્મિક બાબતમાં ગમે તે મત ધરવાની છૂટ આપવી એવી ઇચ્છા ક્રૉમ્વેલે બતાવી, પણ એને મન એનો અર્થ એવો હતો કે ખાનગી રીતે ધારણ કરેલા અભિપ્રાયોની એ તપાસ નહિ રાખે, અથવા તો પ્રૅસ્બિટેરિયન, ઇન્ડિપેન્ડન્ટ એવી એવી પ્રૉટેસ્ટન્ટ પંથની શાખાઓમાં તદ્દન એક સરખી પૂજા જોરજુલમે દાખલ કરવાની હઠ નહિ કરે, પણ બધા કૅથલિક પાદરીઓને એણે બહારવટિયા ગણીને તેમના હોદ્દાને કારણે જ મોતને પાત્ર માન્યા, અને રોમન કૅથલિક લોકોને તો તેમના મત પ્રમાણે ખ્રિસ્તી ધર્મની સૌથી પવિત્ર અને જરૂરી ગણાતી એવી, 'માસ' નામની ક્રિયા ઉજવવાની પરવાનગી ન આપી. આ હલ્લો થયા પછી પાર્લમેંટના સ્પીકરને એટલે આમસભાના પ્રમુખને—કાગળ લખતાં ક્રૉમ્વેલે નીચેનાં વચનો વાપર્યાં.

'મારી સમજ એ છે કે આટઆટલા નિરપરાધીઓનાં લોહીથી પોતાના હાથ બગાડનારા આ જંગલી હીચકારાઓ પ્રત્યે ઈશ્વરે આ રીતે યોગ્ય ન્યાય ચુકવ્યો છે, અને ભવિષ્યમાં લોહી રેડાતું આથી બચશે. આ કારણોથી આવાં કાર્યો યોગ્ય ગણાય છે

એ કારણો ન હોય તો એ કાર્યોથી પશ્ચાતાપ અને ખેદ ઉપજે .... અને હવે આ કાર્ય શી રીતે થઈ શક્યું એ કહેવાની રજા માગું છું........ તમારા આદમીઓને આવો હિંમતભર્યો હલ્લો કરવાનું બળ આપનારી ઈશ્વરની પ્રેરણા હતી, જેણે તમારા સિપાહીઓને હિંમત બક્ષી અને પાછી ખેંચી લીધી; અને શત્રુઓને હિંમત બક્ષી અને પાછી લઈ લીધી; અને ફરીથી તમારા સિપાહીઓને હિંમત આપી અને તેનું ફળ તે આ ખુશી થવા જોગ ફતેહ અને તેથી ઈશ્વરને જ એકલાને બધો જશ આપવો એ સારું છે.'

ક્રૉમ્વેલ આ પત્રમાં કતલની ઘોર બીના વર્ણવતાં અચકાતો નથી. એમાં વાપરેલી ભાષા હાલના વાંચકને ગમે તેટલી મનને ચોંકાવનારી લાગે કે અપવિત્ર લાગે, પણ એ બેશક ચોખ્ખા દિલની ભાષા હતી, અને ક્રૉમ્વેલ અને એના અનુયાયીઓ એની આખી કારકીર્દિમાં જે માન્યતા પ્રમાણે ચાલતા તે બધીને બરાબર રજૂ કરતી હતી.

આયર્લૅંડ પૂરેપૂરો જીતાયો—ડબ્લિનની દક્ષિણે આવેલા વેકસફર્ડ તરફ પણ એવીજ દયાહીન વર્તણુક ચલાવવામાં આવી, અને મે ૧૬૫૦ ની આખરે ક્રૉમ્વેલ ઇંગ્લંડ પાછો ફર્યો ત્યારે આયર્લૅંડનો મ્હોટો ભાગ પ્યુરિટન લશ્કરના તાબામાં આવ્યો હતો. ક્રૉમ્વેલ પોતાના જમાઇ આયર્ટનને જીત સંપૂર્ણ કરવાનું કામ સોંપતો ગયો હતો. આયર્ટન નવેમ્બર ૧૬૫૧ માં પ્લેગ થવાથી મરણ પામ્યો, ત્યારપછી એનું કામ બીજાઓએ ચાલુ રાખ્યું, અને સપ્ટેમ્બર ૧૬૫૩ માં લડાઇ તદ્દન બંધ પડી. જમીનના વહીવટનું હવે પછી વર્ણન કરવામાં આવશે.

ડનબાર અને વૂર્સ્ટરના યુદ્ધો—એ વખતે ૨ જો ચાર્લ્સ સ્કૉટ્લૅંડમાં હતો અને સ્કૉટ લોકોએ એનો પક્ષ લીધો હતો તેથી એ લોકો સાથે લડવા માટે ક્રૉમ્વેલને પાછો બોલાવવામાં આવ્યો હતો. એડિનબરોની પૂર્વે તરફના કિનારા ઉપર આવેલા ડનબાર નજીક લડાઈ થઈ. સ્કૉટ લોકોની સંખ્યા અંગ્રેજો કરતાં બમણી

હતી, છતાં સ્કૉટ લોકોએ સંપૂર્ણ હાર ખાધી (૩ જી સપ્ટે. ૧૬૫૦). ત્યારપછીના વર્ષમાં ચાર્લ્સ ઇંગ્લંડ ઉપર ચઢી આવતા બીજા સ્કૉચ લશ્કર સાથે જોડાયો. તેઓથી ઘણું ચઢિયાતું લશ્કર લઈને ક્રૉમ્વેલ તેઓને સેવર્ન નદી ઉપરના વૂર્સ્ટર શહેર નજીક મળ્યો અને જબરી હાર ખવરાવી. આ લડાઈ ડનબારની લડાઇ પછી બરાબર એક વર્ષે થઈ (૩ જી સપ્ટે. ૧૬૫૧). કેટલાંક સાહસ કર્યાં પછી, અને જોખમો વેઠયા પછી, એ તરુણ રાજા યુરોપખંડ ઉપર ન્હાસી ગયો.

હૉલંડ જોડે લડાઇ—૧૬૫૧ માં એવો વ્હાણુવટી કાયદો કરવામાં આવ્યો કે ઇંગ્લંડમાં આવતો સઘળો માલ કાં તો ઇંગ્લંડના જ વ્હાણોમાં લાવવો અથવા તો જે દેશમાંથી માલ આવે તે દેશનાં વ્હાણોમાં લાવવો. આ કાયદાથી ડચ્ચ લોકોને બહુ નુકશાન થવા લાગ્યું, કારણ કે તેઓ બધા દેશનો માલ પોતાના વ્હાણોમાં લાવીને પ્હોંચાડવાના ધંધામાં ઘણો પૈસો પેદા કરતા. એ કાયદા વિશે અને બીજી બાબતો વિશે મતભેદ થવાથી વિગ્રહ થયો. ઘણી દરિયાઈ લડાઇઓ થઈ જેમાંની કેટલીકમાં વાન ટ્રૉમ્પ અને ડ રૉઈટર એ ડચ નૌકાસેનાપતિઓની જીત થઈ, પણ જુલાઈ ૧૬૫૩ માં અંગ્રેજ નૌકાસેનાપતિ બ્લેંક તેઓના કાફલાનો નાશ કર્યો અને વાન ટ્રૉમ્પને માર્યો. ૧૬૫૪ માં સુલેહના કોલકરારો સ્વીકારવાની હૉલંડને ફરજ પડી, જેમાં આમ્બોયનાની કતલમાં જે અંગ્રેજ વેપારીઓ માર્યા ગયા હતા તેમના વંશજોને મ્હોટી રકમ આપવાની શરત દાખલ કરવામાં આવી હતી (આમ્બોયના માટે આગળનું પૃ. ૧૧૩ મું જુઓ).

બૅરબોનની પાર્લમેંટ—એપ્રિલ ૧૬૫૩ માં ક્રૉમ્વેલે ટૂંકી (૨મ્પ) પાર્લમેંટને બરખાસ્ત કરી, અને ત્યારપછી એણે, ધર્માચાર્યોની ભલામણ પ્રમાણે ચૂંટેલા પોતાની જ પસંદગીના ધાર્મિક પ્યૂરિટનોનું મંડળ બોલાવીને એની પાસેથી પાર્લમેંટનું કામ લેવાનો પ્રયોગ અજમાવ્યો. લોકે ચૂંટેલું ખરું આમમંડળ બોલાવવાની એણે

હિંમત જ ન કરી, કારણ કે લોકમતથી થયેલી ચૂંટણીમાં રાજાના પક્ષથી જ મંડળ ભરાઈ જાય એવું હતું. પોતાની પસંદગીનું એ મંડળ 'ન્હાની પાર્લમેંટ' નામે ઓળખાતું, પણ એક સભાસદ્‌ના 'પ્રેઇઝ–ગૉડ બૅરબોન' એવા વિચિત્ર નામ ઉપરથી મશ્કરીમાં લોક એને બૅરબોનની પાર્લમેંટ પણ કહેતા. એ મંડળમાં કેટલાક નામાંકિત આસામીઓ હતા તે છતાં પણ એનાથી કાંઈ ઉપયોગી કામ ન થઈ શક્યું એટલે એને તરત વીખેરી નાખવામાં આવ્યું.

સંરક્ષિત પ્રજારાજ્ય (પ્રોટેક્ટોરેટ)—ડિસેમ્બર ૧૬૫૩ માં લશ્કરી અમલદારોએ રાજ્યનું બંધારણ ઘડ્યું, જે અનુસાર **ઑલિવર ક્રૉમ્વેલ** 'ઇંગ્લંડ, સ્કૉટ્‌લૅંડ અને આયર્લૅંડના પ્રજારાજ્યનો 'સંરક્ષક' બન્યો. આ ધોરણને ૧૬૫૭ માં સુધારવામાં આવ્યું ત્યારે રાજ્યબંધારણ વધારે નિયમિત બન્યું અને જે સત્તા રાજાના શિરચ્છેદ પછી ક્રૉમ્વેલના હાથમાં આવી હતી તે સત્તા હવે કાંઈક કાયદેસર બની. ૧૬૫૪ અને ૧૬૫૬ માં એ રાજ્ય-સંરક્ષકે પોતાને મદદ આપવા માટે બે પાર્લમેંટ બોલાવી, જે નામની જ પાર્લમેંટ હતી. બંને પાર્લમેંટોમાં આખી પ્રજાના નહિં પણ એક જ પક્ષના પ્રતિનિધિયો એકઠા થયા હતા, અને નકામી અને વિઘ્નકર્તા જણાવાથી ક્રૉમ્વેલે બંનેને વિખેરી નાખી હતી.[1] એક વર્ષ સૂધી (૧૬૫૫–૫૬) દેશની વ્યવસ્થા ખુલ્લી રીતે લશ્કરી કાયદાથી કરવામાં આવી. ઉપ–સેનાપતિયો એ કાયદાનો અમલ કરતા. ઘણા લોકની એવી ઇચ્છા હતી કે ક્રૉમ્વેલને તાજ પ્હેરાવવો અને રાજા બનાવવો, પણ લશ્કર એ વાતથી વિરુદ્ધ હતું તેથી ક્રૉમ્વેલ તાજ પ્હેરવાની હિંમત કરી શક્યો નહિં.

ઑલિવર ક્રૉમ્વેલનો અંગત ઇતિહાસ—૧૬ મી ડિસેંબર ૧૬૫૩ ને દિવસે આખા ઇંગ્લંડનો લોકે સ્વીકારેલો એ

---

૧. ક્રૉમ્વેલની પાર્લમેંટમાં સ્કૉટ્‌લૅંડ અને આયર્લૅંડના પણ પ્રતિનિધિયો હતા એ જાણવાજોગ છે.

હાકેમ બન્યો અને મરણ સુધી, ૩ જી સપ્ટેંબર ૧૬૫૮ સૂધી, એ સત્તા જાળવી રહ્યો, તે ઑલિવર ક્રૉમ્વેલનો અંગત વૃત્તાન્ત જણાવવા થોડો વખત આપણે થોભીશું. કેટલીએક પેઢી સુધી સારી સ્થિતિ ભોગવતા હુંટિંગ્ડનના એક જમીનદાર કુટુંબનો એ પુત્ર હતો. એનો પ્રપિતામહ (બાપનો દાદો) સર રિચર્ડ ક્રૉમ્વેલ એ ૮ મા હેન્રીના આપખુદી મન્ત્રી ટૉમસ ક્રૉમ્વેલ, અર્લ ઑફ એસેક્સનો, ભત્રીજો હતો અને પિતામહ, સર હેન્રી ઑફ્ હિનચિનબ્રૂક, ભપકાથી રહેનારો હોઇને 'સુવર્ણમય વીરનર' (ગોલ્ડન નાઇટ) કહેવાતો. ઑલિવર ૧૬૨૮ માં પાર્લમેંટનો સભાસદ બન્યો હતો, અને ફરીથી ૧૬૪૦ માં મળેલી ટૂંકી અને લાંબી બંને પાર્લમેંટના સભાસદ તરીકે ચૂંટાયો હતો. લાંબી પાર્લમેંટના સભાસદોમાંથી હૅમ્પ્ડન વગેરે ઘણા મુખ્ય પુરુષો એક કુટુંબના હોવાથી અથવા વિવાહસંબંધથી એના સગા થતા હતા. આગળ (પૃ. ૧૩૩ મે) આપણે જોયું તે પ્રમાણે એની લશ્કરી મહાન્શક્તિ પ્રથમ ૧૬૪૪ માં માર્સ્ટન મૂર મુકામે ખાસ જાહેરાતમાં આવી. બીજે જ વર્ષે એણે લશ્કરનું નવું બંધારણ કર્યું અને નેઝ્બીની ફતેહ મેળવી એ બે કાર્યોને લીધે એ ઇંગ્લંડમાં સૌથી મ્હોટો સત્તાધારી બન્યો. આયર્લૅંડમાં, ડનબાર અને વૂર્સ્ટર મુકામે (૧૬૪૯–૫૧ માં) એણે જીત મેળવી, ત્યારપછી પ્રજારાજ્યના રાજ્યકર્તા બનવાનો એનો હક્ક નક્કી ઠર્યો. રાજ્ય સંરક્ષક બન્યો ત્યારે એની ઉમર ચોપ્પન વર્ષની હતી.

આયર્લૅંડમાં ક્રૉમ્વેલે કરેલી જમીનદારી વ્યવસ્થા— ૧૬૪૨ માં રાજાપ્રજાનો વિગ્રહ શરૂ થયો તે પ્હેલાં જ રાજાએ એક કાયદો પસાર કરીને ફરમાવ્યું હતું કે આગલે વર્ષે થયેલા બંડની શિક્ષા તરીકે આયર્લૅંડની જમીનનો મ્હોટો ભાગ જપ્ત કરવામાં આવશે અને જપ્ત કરેલી આ જમીનમાં બ્રિટિશ સૈનિકો અને બીજા આવી વસનારાઓને વસાવવામાં આવશે. આ યોજનાને દશ વર્ષ સૂધી તો પાર્લમેંટ અમલમાં ન મૂકી શકી, પણ છેવટ (૧૬૫૨ માં) જમીનદારીની વ્યવસ્થાનો કાયદો

પસાર થયો, જેમાં આ અતિમહાન્ કામ પાર પાડવા માટે નિયમો ઘડવામાં આવ્યા. આ કાર્યથી બે હેતુઓ સાધવાના હતા. વિજયી લશ્કરના ચડી ગયેલા પગારો ભરપાઈ કરવા, અને કૅથલિકને ખસેડીને પ્રૉટેસ્ટન્ટ લોકોને વસાવવા. આ યોજના પૂરેપૂરી તો કંઇએ અમલમાં ન મૂકી શકાઇ, પણ ૧૬૫૪ માં ઘણાં આઇરીશ લોકને જમીન છોડીને પશ્ચિમના પ્રાન્ત કૉનૉટમાં જઇ વસવાનો ત્રાસ ભોગવવો પડયો, અને ૧૬૫૬ માં તો કામ લગભગ પૂરૂં થયું. જેટલું કામ થયું તેટલું સર વિલિયમ પેટીએ કરેલી મ્હેનતભરી જમીનમાપણીને લીધે થઈ શક્યું. ચોખ્ખું પરિણામ એ આવ્યું કે આયર્લૅંડનો લગભગ બેતૃતીયાંશ જેટલો મુલ્ક પ્રૉટેસ્ટન્ટના હાથમાં રહ્યો, અને જૂની આઈરીશ સંઘ વ્યવસ્થા હંમેશ માટે નાબુદ થઈ.

પણ આ કામ ખરેખરું ફતેહમંદ ગણી શકાય નહિં. આયર્લૅંડ જેવો એક તદન જૂદો દેશ પણ ઈંગ્લંડની જ રાજ્યવ્યવસ્થા અને એનો જ ધર્મ સ્વીકારે એવું માની બેઠેલા ટ્યૂડરોની ભૂલભરેલી રાજ્યનીતિ, જે ઇંગ્લંડની પુરાણી રાજ્યનીતિ હતી, તેનું એક ફળ હતું. અગાઉના સરદારો કરતાં વિશેષ દૃઢતાથી ક્રૉમ્વેલે અમલમાં મૂકેલી એ રાજ્યનીતિએ લોકના પક્ષોમાં હંમેશનું વૈર સળગાવ્યું જેને આ જમાનાના કાયદાઓ પણ દુર કરી શક્યા નથી. જપ્તીની સાથે સાથે કૅથલિક પંથના લોકની પજવણી પણ નિયમિતરીતે થતી હતી. જેના ઉપર શક આવે તે માણસને “ઇનકારના સોગંદ” ખાવા પડતા, જેથી એ માણસને રોમન કૅથલિક પંથના ખાસ મતો બધા છોડી દેવા પડતા, અને ન છોડે તો શિક્ષા તરીકે એની સર્વ પ્રકારની માલમિલ્કતમાંથી બેતૃતીયાંશની જપ્તી થતી. આવા અન્યાયી ધોરણે ઘડાયેલી જમીનદારીની વ્યવસ્થા સંતોષકારક ન જ થઈ, અને એને નભાવી રાખવા માટે પ્રજાનો મ્હોટો ભાગ જે રોમન કૅથલિક હતો તેમની સામે વધારે અને વધારે સખ્ત સજા કરનારા કાયદાઓ રચવામાં આવ્યા. એ કાયદાઓ છેક ૧૮૨૯ માં રદ કરવામાં આવ્યા.

દેશનિકાલ—જમીનદારીની વ્યવસ્થા ચાલતી હતી તે જ વખતે સંખ્યાબંધ **આઈરીશ** પુરુષોને અને સ્ત્રીઓને દેશનિકાલ કરીને **અમેરીકાંના** સંસ્થાનોમાં અને વેસ્ટ ઇન્ડિયન દ્વીપોમાં રવાના કરવામાં આવતાં હતાં, જ્યાં તેમની હાલત ગુલામો જેવી જ થતી હતી. લગભગ ૩૪,૦૦૦ કૅથલિક સૈનિકોને **સ્પેન**, **ફ્રાન્સ** અને ફ્લૅન્ડર્સ જઈ વસવાની પરવાનગી આપવામાં આવી. જેઓ **સ્પેન** ગયા તેઓ ઉપર કમકમાટી ઉપજાવે એવાં સંકટો પડયાં, પણ જે ૨૦,૦૦૦ કે એટલાએ **ફ્રાન્સ**માં આશરો લીધો તેઓની હાલત સારી થઈ અને આબરૂદાર કામધંધા એમને મળ્યા. કેટલાક મહશૂર ફ્રેંચ પુરૂષો **આઈરીશ** ઓલાદના છે.

સ્પેન જોડે લડાઈ—ક્રૉમ્વેલના રાજ્યના છેવટના ત્રણ વર્ષો (૧૬૫૫-૮) **સ્પેન** જોડેનાં વિગ્રહમાં રોકાયાં. એ રાજ્યને કૅથલિક પક્ષના મદદગાર અને પ્રૉટેસ્ટન્ટના શત્રુ તરીકે ક્રૉમ્વેલ ધિક્કારતો. રાજ્યની અંદરની રાજનીતિની માફક બ્હારનાં રાજ્યો સાથેની ક્રૉમ્વેલની રાજનીતિમાં પણ એના મક્કમ ધર્મવિચારનો દોર ચાલતો, અને **સ્વીડન** અને ડેન્માર્ક સુદ્ધાં યુરોપના સઘળાં પ્રૉટેસ્ટન્ટ રાજ્યોનું એક સંયુક્ત મંડળ કરીને ઇંગ્લંડને એને મોખરે મૂકવાની એની મોટી પ્રબળ ઇચ્છા હતી. ૧૬૫૭ માં કેનેરી દ્વીપોમાં આવેલા **સાંટાક્રુઝ** મુકામે બ્લેકે સ્પૅનિશ કાફલાનો નાશ કર્યો, અને બીજેજ વર્ષે ક્રૉમ્વેલનાં લશ્કરે ડન્કર્ક સર કર્યું. અત્યારે ડન્કર્ક ફ્રેંચ મુલકમાં છે પણ એ સમયે એ સ્પૅનિશ ફ્લાન્ડર્સમાં હતું. વેસ્ટ ઇન્ડિયન દ્વિપોમાંના **સાન ડોમિંગો** અથવા હિસ્પાનિયોલા નામના દ્વીપ ઉપરનો હલ્લો નિષ્ફળ નીવડયો, પણ જમૈકા સર થવાથી એનો બદલો વળી ગયો.

ક્રૉમ્વેલનું મરણ—૧૬૫૮ માં ક્રૉમ્વેલની તબીયત ધીમેધીમે લથડતી જતી માલુમ પડી. ઑગસ્ટમાં એની એક લાડકી પુત્રીના મરણથી એને મ્હોટો ફટકો લાગ્યો. પોતાની પછી મ્હોટો પુત્ર રિચર્ડ આવે એવી એની ઇચ્છા એની છેલ્લી માંદગી દરમ્યાન

જાણવામાં આવી. ૩ જી સપ્ટેમ્બરે એટલે ડનબાર અને વૂર્સ્ટરના એના વિજયની વાર્ષિક તિથિયે, એ સાઠ વર્ષની વયે મરણ પામ્યો. એની પાયદસ્ત ક્રિયા અસાધારણ ભપકાથી ઉજવવામાં આવી.

ક્રૉમ્વેલની રાજનીતિ અને વર્તણુક—જેટલી ભિન્નભિન્ન લાગણીઓ ઑલિવર ક્રૉમ્વેલના નામથી ઉપજે છે તેટલી ઈંગ્લંડની તવારીખમાંના બીજા કોઈપણ નામથી નથી ઉપજતી. રાક્ષસ અને વીરનર વચ્ચે જેટલું અંતર, અથવા તિરસ્કાર અને પૂજાભાવ વચ્ચે જેટલો વિરોધ, તેટલો જ તફાવત એને માટેના મતભેદોમાં રહ્યો છે. પણ એ એક મહાન પુરુષ હતો એ વાતમાં શંકા નથી. રાજપક્ષનો ઇતિહાસકાર કલૅરેંડન પણ એની મહત્તા કબૂલ કરીને કહે છે કે, 'સ્વદેશમાંની એની મહત્તા તો પરદેશમાંની એની કીર્તિનો પડછાયો જ હતી!' સાદા ગામડિયા ગૃહસ્થ જેવી કેળવણી પામેલો આ માણસ ચાળીશ વર્ષની ઉંમર પછી એકાએક યુરોપના કુશળમાં કુશળ અને પૂરેપૂરા સેનાપતિ તરીકે બ્હાર પડે છે. અને તે પણ કેવો સેનાપતિ! હથિયારબંધ લશ્કરો ઉપર કાબુ રાખવાની કળામાં, રણક્ષેત્ર ઉપર લશ્કરની વ્યવસ્થા કરવાની કળામાં, અને લડાઇની કુશળરીતે આગળથી યોજના કરવાની કળામાં—એ એક સરખો પ્રવીણ સેનાપતિ હતો.

પરદેશમાં ફત્તેહ—એના હુકમથી આમ્બોયનાની અપકીર્તિનો બદલો વાળવામાં આવ્યો, એલ્જિયર્સના ચાંચિયાઓને શિક્ષા કરવામાં આવી, સૅવોયના પ્રૉટેસ્ટન્ટોનાં દુઃખ દૂર કરવામાં આવ્યાં, સ્પેનનો ગર્વ તોડવામાં આવ્યો, સમુદ્રની હાકેમી હૉલૅંડના હાથમાંથી જઈને બ્રિટનના હાથમાં આવી, અને સેંટ જ્યૉર્જના વાવટા માટે સાતે સમુદ્રમાં માન દર્શાવા લાગ્યું. કલૅરેંડન કહે છે કે "ફ્રાન્સ, સ્પેન કે નેધરલૅંડ્ઝ એમાં કોણને ક્રૉમ્વેલની વધારે ડર હતી એ ખોળી કાઢવું મુશ્કેલ હતું." ખરેખર, એ એક મહાન્ અંગ્રેજ હતો. એના કુટુંબના એક ગૃહસ્થે કહ્યું હતું કે "માટીની આ કોટડીમાં (કાયામાં) એનાથી મ્હોટો આત્મા ભાગ્યે જ વસ્યો હશે."

ઈંગ્લંડની અંદર એની નિષ્ફળતા અને ફતેહ—પોતાના

દેશમાં એને મુસીબત એ નડતી હતી કે પોતે માત્ર એક પક્ષનો જ આગેવાન હતો તેથી એને તરવારથી કામ લેવું પડતું અને ટયૂડર અને સ્ટુઅર્ટ રાજાઓ જેટલી જ કે તેથી વધારે આપખુદીથી અમલ ચલાવવો પડતો. પણ એવા સંજોગોમાં માણસ જે કાંઈ કરી શકે તે એણે કર્યું.

મિ. હૅરિસન લખે છે. 'એની આપખુદી બાજૂ ઉપર મૂકિયે તો ક્રૉમ્વેલનો રાજ્યવહીવટ કુશળ, ન્યાયી, સમતાવાળો અને ડાહ્યો હતો. ધારાશાસ્ત્રીઓ એની વિરુદ્ધમાં હતા એ ખરું, પણ ઇંગ્લંડના સૌથી ઉત્તમ ન્યાયાધીશો એણે ઉપજાવ્યા. ન્યાય અને કાયદામાં નવો યુગ ચાલુ થયો. રાજ્યની નોકરીનાં ખાતાંઓ કાબેલિયતમાં બહુ ચઢીયાતાં બન્યાં. ક્રૉમ્વેલની માવજત અને સંભાળથી વેપારવણજમાં નવું જોમ આવ્યું. કેળવણીની વ્યવસ્થા નવેસરથી યોજવામાં આવી; વિદ્યાપીઠો સુધારવામાં આવ્યાં; ડર્હૅમનું વિદ્યાપીઠ સ્થપાયું.[૧] એના વિરુદ્ધપક્ષના એક લેખકે કહ્યું છે કે, "આખા ઇંગ્લંડમાં એ દિવસો શાન્તિના હતા." દરેક મતના વિદ્વાન પુરુષોને ઉત્તેજન અને દીલસોજી મળતી. નીલ કહે છે, "કોઈપણ વિદ્યા કે શાસ્ત્રમાં પ્રવીણ માણસ ઇંગ્લંડમાં હોય તો ક્રૉમ્વેલ એને ખોળી કાઢતો અને એની લાયકાત પ્રમાણે ઇનામ આપતો." ક્રૉમ્વેલનો એક સગો વૉડ્હૅમ કૉલેજનો વ્યવસ્થાપક (વૉર્ડન) હતો તેણેજ એક વિદ્વાન્ મંડળ એકઠું કર્યું હતું, જેમાંથી છેવટ રૉયલ સોસાયટી સ્થપાઈ.

જૉન્ મિલ્ટન ક્રૉમ્વેલનો પરદેશખાતાનો મંત્રી હતો અને પોતાના મહેરબાન શેઠની ખાતર ઘણી મહેનત કરીને એણે આંખ ખોઈ હતી. 'પ્યુરિટન પંથનું મહાકાવ્ય' કહેવાતું એ કવિનું

---

૧. રાજાના પુનરાગમન પછી ક્રૉમ્વેલે ઉઘાડેલી ડર્હૅમની કૉલેજ બંધ કરવામાં આવી હતી. હાલ જે ન્હાનું વિદ્યાપીઠ છે તે ૧૮૩૩ માં સ્થપાયું છે.

પૅરૅડાઇઝ લૉસ્ટ નામનું કાવ્ય વાંચવાથી ઇતિહાસના અભ્યાસીને સમજાય છે કે ક્રૉમ્વેલ કેવી ભાવનાથી મ્હેનત કરતો હતો.



જૉન મિલ્ટન

અંગત ગુણદોષ—ક્રૉમ્વેલ પોતે કેવો આદમી હતો એ વિશે ઘણો મતભેદ ચાલે છે. રાજાના શિરચ્છેદની બાબતમાં તો એના જ સમયના પણ કોઈક જ અંગ્રેજો કે સ્કૉચ લોકો એને માફી આપતા હશે. ચાર્લ્સનું લોહી રેડવાના ગુન્હાથી

એને હંમેશનું કલંક લાગ્યું હતું. આયર્લૅંડમાં તો આજે પણ "ક્રૉમ્વેલનો શાપ" એ શબ્દો તો એક કહેવત જેવા ચાલુ રહયા છે, અને એની તરવારના અને જમીન વ્યવસ્થાના ભોગ બનેલાઓના વંશજો એના નામને ધિક્કારે છે. એની કીર્તિ ગમે તેટલી હોય પણ એ તિરસ્કાર ઓછો થાય તેમ નથી. એ એક પૂરો પ્યૂરિટન હતો. પ્યૂરિટનના બધા ગુણદોષ એનામાં હતા. જેઓ પ્યૂરિટન આચરણને નાપસંદ કરે છે તેઓ એને હંમેશાં નિન્દશે, પણ જેઓને એ આચરણ ગમે છે તેઓ એની ભૂલો દરગુજર કરશે અને એના ગુણોને ઊંચે અવાજે વખાણશે. એટલું તો ચોક્કસ છે કે એ દંભી ન્હોતો. એણે વારંવાર ઈશ્વરના નામને આગળ ધર્યું છે તે ભલે હાલની મનોવૃત્તિને ન ગમે, પણ એ તો જેવું એને લાગતું તેવું જ નિખાલસ મનથી કહેતો, અને પોપની સત્તાના અને પાદરીની હકુમતના 'દુષ્ટ' પક્ષકારોને શિક્ષા કરવા માટે ઈશ્વરે જ પોતાને પસંદ કર્યો છે એવું એ માનતો—બાઈબલમાં લખ્યા મુજબ જેમ પ્રાચીન યાહુદીઓ પોતાને વિધર્મી લોકોને શિક્ષા કરવાને નીમાયેલા માનતા તેમ. ખ્રિસ્તીધર્મના મુખ્ય સિદ્ધાન્તો એ ખરાં દીલથી સ્વીકારતો, પણ જાહેર કામકાજમાં એ પ્રેમને બદલે લોહીતરસ્યા ધર્મ-ઝનુનીઓની રીત પ્રમાણે ચાલતો. ખાનગી જીવનમાં તો એ ગૃહસ્થ જેવો ગૃહસ્થ હતો.

રિચર્ડ ક્રૉમ્વેલ—એનો મ્હોટો પુત્ર રિચર્ડ એની પછી રાજ્યસંરક્ષક તરીકે, જાણે કે હકકદાર રાજાનો પુત્ર જ હોય તેમ કાંઈપણ વિઘ્ન વિના, એ મહાપુરુષની જગ્યાએ આવ્યો. પણ એ જુસ્સા વિનાનો, ચારિત્રબળ વિનાનો, મ્હોટા બનવાની ઇચ્છા-વગરનો, અને રાજ્યના ખરા ધણી થઈ બેઠેલા લશ્કરને કાબૂમાં રાખવાની તાકાત વગરનો હતો. સર હૅરિ વેઈનની આગેવાની નીચે રહેલા પ્રજાસત્તાના ઝનુની હિમાયતીઓ એનો અમલ સાંખી શકયા નહિ. એણે બોલાવેલી પાર્લમેંટ વિખેરી નાખવાની તેઓએ એને

ફરજ પાડી. આ પગલાનું ધાર્યું જ પરિણામ એ આવ્યું કે રિચર્ડે સત્તાનું રાજીનામું આપ્યું અને મે ૧૬૫૯ માં શાન્તિથી ખાનગી જીવન ગાળવું સ્વીકાર્યું; એને સમજાવવા આવનારને એ એક જ જવાબ આપતો: " મારી મ્હોટાઈ જાળવવા ખાતર લોહીનું એક પણ ટીપું હું નહિં ખરચાવા દઉં, એ મ્હોટાઈ મને બોજારૂપ છે." આ રીતે નરમાશથી સંરક્ષકપદનો અંત આવ્યો. રાજાના પુનરાગમન પછી રિચર્ડ યુરોપખંડના બીજા દેશોમાં ચાલ્યો ગયો, પણ વીસ વર્ષ પછી પાછો ઇંગ્લંડ આવ્યો અને ૧૭૧૨ માં છયાશી વર્ષની ઉમ્મરે મરણ પામ્યો. એનો ભાઇ હેન્રી આયર્લૅંડનો સુબો હતો એ પણ એજ રીતે મ્હોટાઇનો ઇનકાર કરીને, પદવીનું રાજીનામું આપીને હુંટિંગ્ડન-શરમાં પોતાની જાગીરમાં જઈને મરણપર્યંત શાન્તિથી રહ્યો.

રાજસત્તાની પુનઃસ્થાપના; બ્રેડાનું જાહેરનામું—સ્વતન્ત્ર-પક્ષવાળાઓએ લાંબી પાર્લમેંટના થોડાક બાકી રહેલા સભાસદોને પાછા બોલાવીને પ્રજાસત્તાક રાજ્ય ચલાવવાની મ્હેનત કરી, પણ પ્રજા તેઓથી કંટાળી હતી, અને રાજા પાછો આવે એવી સ્પષ્ટ ઇચ્છા બતાવતી હતી. સ્કૉટ્લૅંડના સેનાપતિ જનરલ મંકે રાજપક્ષની ચળવળની આગેવાની લીધી, અને પ્રજાસત્તાના હિમાયતી-ઓમાં એની સામે થવા જેટલી તાકાત ન્હોતી. એક કામચલાઉ 'કન્વેન્શન પાર્લમેંટ' (એટલે રાજાના ફરમાન વિનાની પાર્લમેંટ) બોલાવવામાં આવી અને લગભગ સર્વાનુમતિથી ચાર્લ્સને બોલાવવામાં આવ્યો. એણે પોતાની જન્મતિથિને જ દિવસે, ૨૯ મી મે ૧૬૬૦ને રોજ, રાજા ૨ જા ચાર્લ્સ તરીકે લંડનમાં પ્રવેશ કર્યો. એ દિવસ રાજસત્તાની પુનઃસ્થાપનાની આનંદમય તિથિ તરીકે ઘણાં વર્ષો સૂધી ઉજવાયો. હૉલંડ છોડયા પ્હેલાં ચાર્લ્સે બ્રેડાના જાહેરનામા ઉપર સહી કરીને કેટલાક અપવાદ શિવાયના બીજા બધા વિરોધી-ઓને માફી આપી, અને 'ધર્મની બાબતોમાં મતભેદની ખાતર કોઈ માણસને પજવવામાં કે પૂછવામાં નહિં આવે' એવું વચન આપ્યું.

રાજા-પ્રજાના વિગ્રહના જાથુકનાં પરિણામો—પ્હેલી નજરે કદાચ એમ જણાય કે રાજા-પ્રજા વચ્ચેનો વિગ્રહ તદ્દન નકામો નીવડ્યો અને એનું પરિણામ એટલું જ આવ્યું કે ૧ લો ચાર્લ્સ જઈને ૨ જો ચાર્લ્સ આવ્યો. પણ ખરી વાત એવી ન્હોતી. પ્રજાસત્તાક રાજ્યનો અને સંરક્ષિત પ્રજારાજ્યનો જે અનિયમિત વહીવટ ચાલ્યો હતો તે કોઈપણ ટ્યૂડર કે સ્ટુઅર્ટ રાજા જેટલો જ આપખુદી હતો એ ખરું, પણ જૂના આપખુદી બાદશાહી અમલનો નાશ થયો હતો અને એની સત્તાનાં સાધનો ભાંગી પડ્યાં હતા. સ્ટાર ચેમ્બરની અને હાઇ કમીશનની ન્યાયસભાઓને કોઇ ફરીથી સજીવન કરે તેમ ન્હોતું અને એલિઝાબેથે પાર્લમેંટની સત્તાને જે હદોમાં બાંધી હતી તે હદોમાં હવે એને કોઈ બાંધી શકે તેમ ન્હોતું. લોકને પોતાના બળનું ભાન થયું હતું, અને નવેસર ગાદીએ આવેલા સ્ટુઅર્ટોને એ બળને નમતા રહેવું પડ્યું. જ્યારે ૨ જા જેમ્સે પોતાના પિતાની માફક રાજાની દૈવીસત્તાના સિદ્ધાન્ત પ્રમાણે વર્તવાની કોશીશ કરી ત્યારે તેને ગાદી છોડીને જવું પડ્યું, અને એ ગાદીપર રાજાની સત્તા ઉપરના કાયદેસર અંકુશો સ્વીકારનાર રાજાને લાવી મૂકવામાં આવ્યો. ૧૬૮૮ ની રાજ્યક્રાન્તિની છેવટની ફતેહ થઈ તે લાંબી પાર્લમેંટના કાર્યનું જ પરિણામ હતું. પણ સંત લોકોનો અમલ સ્થાપવાને અને બધાને પોતાની માફક સદ્‌ગુણી બનાવી દેવાનો પ્યૂરિટનોએ કરેલો પ્રયાસ નિષ્ફળ ગયો, ઉલટું એથી તો, બીજે નહિ તો રાજવર્ગમાં, તો સદ્‌ગુણ તરફ કંટાળો ઉત્પન્ન થયો. પણ પ્યૂરિટન પંથનું સાચું તત્ત્વ લોકમાં ટકી રહ્યું, અને ગ્રીન કહે છે તેમ, એણે અંગ્રેજોને 'જીવનમાં અને વર્તનમાં તેઓનાં એકનિષ્ઠાવાલા અને ગંભીર બનાવ્યા પ્રૉટેસ્ટંટ ધર્મ પ્રત્યેનો અને સ્વાતંત્ર્ય પ્રત્યેનો એમનો સ્નેહ દૃઢ બનાવ્યો.' સરકારના મતથી વિરુદ્ધ મતને અમુક અંશે નભાવી લેવાની ક્રૉમ્વેલની પદ્ધતિએ જે માર્ગ ખુલ્લો કર્યો તેથી રાજ્યક્રાન્તિ વેળા વધારે પૂર્ણ સ્વાતંત્ર્ય મળ્યું, અને વિચારના અને ધર્મના સ્વાતંત્ર્ય ઉપર મૂકાતા અમલદારી અંકુશને ધીરે ધીરે દૂર કરનારા ફેરફારો થવા પામ્યા. વિરુદ્ધ મતને લેશ પણ નહિ

સાંખવાની જૂની સ્થિતિ હતી તેમાં કેટલો સુધારો થઈ ગયો એ બ્રેડાના જાહેરનામાથી સ્પષ્ટ જણાય છે. એ પ્રતિજ્ઞા પાળવામાં ન્હોતી આવી એ એક જૂદી વાત છે.

મુખ્ય તારીખો

એજ્હિલનું યુદ્ધ	૧૬૪૨
આયર્લૅંડમાં યુદ્ધવિરામ	૧૬૪૩
માર્સ્ટનમૂરનું યુદ્ધ	૧૬૪૪
નેઝ્બીનું યુદ્ધ; મૉન્ટ્રોઝની હાર; આર્ચબિશપ લૉડનો શિરચ્છેદ	૧૬૪૫
પ્રેસ્ટન અને વિગૅનની લડાઇઓ	૧૬૪૮
રાજાનો શિરચ્છેદ; પ્રજારાજ્ય; ક્રૉમ્વેલ આયર્લૅંડમાં; ડ્રૉહેડા અને વેક્સફર્ડ ઉપર હુમલા	૧૬૪૯
ડન્બારનું યુદ્ધ	૧૬૫૦
વૂર્સ્ટરનું યુદ્ધ	૧૬૫૧
હૉલંડ સાથે વિગ્રહ	...૧૬૫૧–૪
આયર્લૅંડમાં વિગ્રહનો અન્ત; ક્રૉમ્વેલ રાજ્ય-સંરક્ષક બન્યો	૧૬૫૩
ક્રૉમ્વેલે કરેલી આયર્લૅંડની જમીનની વ્યવસ્થા	...૧૬૫૩–૬
સ્પેન જોડે વિગ્રહ	...૧૬૫૫–૮
ઑલિવર ક્રૉમ્વેલનું મરણ; રિચર્ડ રાજ્યસંરક્ષક થયો	૧૬૫૮
બ્રેડાનું જાહેરનામું, રાજસત્તાની ફરી સ્થાપના ...	૧૬૬૦

પ્રકરણ ૭મું

સ્ટુઅર્ટ રાજવંશનું પાછું આવવું; ૨ જો ચાર્લ્સ અને ૨ જો જેમ્સ, રાજ્યક્રાન્તિ સુધી, ૧૬૬૦–૮૯

કૅવેલિયર પાર્લમેંટ—રાજાપ્રજાના વિગ્રહથી, લશ્કરી આપખુદી અમલથી, અને પ્યૂરિટન ધર્મઝનુનીઓના જુલ્મથી લોકો એટલા કંટાળી ગયા હતા કે ત્રીશ વર્ષના ૨ જા ચાર્લ્સના પુનરાગમનને લગભગ બધા વર્ગોએ વધાવી લીધું. પ્રજાસત્તાક રાજ્યને પસંદ કરનારો સ્વતંત્ર પક્ષ બડબડવા લાગ્યો, પણ રાજા, ઉમરાવો અને આમમંડળ એ ત્રણના બનેલા રાજ્યબંધારણ શિવાય અંગ્રેજો બીજું કાંઈ સમજતા નહિ તેથી એ બંધારણની નવેસર શરૂઆતને વધાવી લેનારા હર્ષમાં સ્વતંત્રપક્ષનો બડબડાટ ભાગ્યે જ સંભળાયો. પ્હેલી તકે ધોરણસર પાર્લમેંટ બોલાવવામાં આવી. એ સભામાં રાજપક્ષનું જોર એટલું બધું હતું કે એ કૅવેલિયર પાર્લમેંટ કહેવાવા લાગી, કારણ કે રાજા-પ્રજાના વિગ્રહ દરમ્યાન રાજાના પક્ષકારો સાધારણ રીતે કૅવેલિયર કહેવાતા. એ પાર્લમેંટ સાડાસત્તર વર્ષ ચાલી.



૨ જો ચાર્લ્સ

૨ જા ચાર્લ્સનું નાલાયક ચારિત્ર—ચાર્લ્સને આવકાર આપવામાં જે લાગણીભરી વફાદારી બતાવવામાં આવી હતી તેને એ લેશ પણ યોગ્ય ન્હોતો. એ એક હુશિયાર બદમાશ હતો, લંપટ, સ્વાર્થી, લોકને

ધિક્કારનારો, બેઈમાન અને સ્વચ્છંદી હતો. દેશની આબરૂ તરફ એ તદ્દન બેદરકાર હતો, પણ 'ફરીથી સફર કરવા ન જવું' એવો એનો દૃઢ નિશ્ચય હતો. ફરીથી દેશ છોડવાની ફરજ પડે એ બ્હીક એની વર્તણુક ઉપર અંકુશ રાખતી, અને આપખુદીભરેલી જુલ્મી રાજનીતિ તરફ એનું વલણ હોવા છતાં એવી રાજનીતિમાં એને હદબ્હાર જતો અટકાવતી. પાર્લમેંટ વિરુદ્ધ બને ત્યાં સૂધી રાજસત્તા જાળવવી અને રાજવારસો પોતાના ભાઈ માટે સાબૂત કરવો એ એના મુખ્ય હેતુ હતા. પરંતુ, દરેક પ્રકારની આડકતરી યુક્તિથી હેતુ પાર પાડવાના ચાલુ પ્રયત્નો દરમ્યાન એ પોતાના પિતાની થયેલી દશાથી મળતી ચેતવણી ભૂલતો નહિ. રાજમુગટ માટે પોતાના ભાઇના હક્કની હિમાયતી કરતો તે જેમ્સ પ્રત્યે સ્નેહને લીધે ન્હોતું—એને તો એ ધિક્કારતો—પણ કાયદેસર રાજ્યવારસો પોતાના કુટુંબમાં જ જાળવવાના નિશ્ચયને લીધે જ ભાઈનો પક્ષ ખેંચતો.

લૉર્ડ કલૅરેન્ડન—એના રાજ્યનાં પ્રથમનાં સાત વર્ષ સૂધી એને એના દેશવટા વખતના સાથી અને સલાહકાર ઍડ્વર્ડ હાઈડની વફાદાર સેવાનો લાભ મળ્યો, અને એને એણે અર્લ્ ઑફ્ કલૅરેન્ડન બનાવ્યો. ચાર્લ્સ—જો કદાપિ ધર્મ વિશે વિચાર કરતો તો—રોમન કૅથલિક ધર્મ પસંદ કરતો. ઘણા વર્ષો સૂધી એ છૂપી રીતે કૅથલિક પંથનો ધર્મ પાળતો. અને મરણ વખતે એણે એ વાત રીતસર કબૂલ કરી હતી. પરંતુ અંગ્રેજ લોકોએ મક્કમ નિશ્ચય કર્યો હતો કે પોતાનો આખી પ્રજામાં પળાતો સ્વતંત્ર ધર્મ જાળવી રાખવો અને એનું એક બાજુ રોમન કૅથલિકથી અને બીજી બાજુ પ્યુરિટનથી રક્ષણ કરવું. ચાર્લ્સની એવી ઇચ્છા હતી કે પ્રથમ પ્યુરિટનોને ધાર્મિક છૂટ આપીને પછી કૅથલિકોને પણ એ પ્રમાણે છૂટ આપવી અને એ આડકતરી રીતે રોમન કૅથલિક લોકો માટે ધર્મસ્વાતંત્ર્ય મેળવવું. પણ પાર્લમેંટ એવી કોઈપણ રાજનીતિ સ્વીકારવા તૈયાર ન્હોતી. પાર્લમેંટે કલૅરેન્ડનની દેખરેખ નીચે ચાર આકરા

કાયદાઓ ઘડયા અને પસાર કર્યા, જેમાં સમાનતાનો કાયદો (ઍક્ટ ઑફ્ યુનિફૉર્મિટી) પણ શામિલ હતો. એ કાયદાઓ એકઠા મળીને 'કલૅરેન્ડન કોડ' કહેવાતા. દરેક માણસને ઍંગ્લિકન ધર્મ સ્વીકારવાની ફરજ પાડવી એ એનો હેતુ હતો.

ઍંગ્લિકન ધર્મને લોકની મદદ; જુદા મતવાળાઓ— આ કાયદો પસાર થતાં ઘણાં ગામોના[1] ધર્મગુરુઓને એમના હોદ્દા પરથી બરતરફ કરવામાં આવ્યા અને બહુ દુખી કરવામાં આવ્યા. નવા કાયદાઓના તોડનારાઓથી તુરંગો ખીચોખીચ ભરાઈ ગઈ. આવા કાયદાઓ પસાર કરવા માટે કોઈપણ બ્હાનું બતાવી શકાય તો તે એક જ હતું, કે લાંબા કાળ સૂધી ભોગવેલી હાડમારીની અસર પ્રજા હજી પણ ભોગવતી હતી, અને પોપની સત્તાથી તેમજ પ્યૂરિટન મતથી બંનેથી ખૂબ ડરતી હતી. લોહીતરસી મેરીના રાજ્યમાં લોકો જીવતા બાળી મૂકાયેલા (આગળ પૃ. ૭૫), સેઇન્ટ બાર્થૉલોમ્યુની તિથિએ થયેલી કતલ (આગલ પૃ. ૮૫), દારૂગોળાનું કાવતરૂં (આગળ પૃ. ૧૦૪), અને પ્રથમ સ્પેન જે કાર્ય કરતું તે કરવા લાગેલા, મતફેર નહિં ખમી શકનારા, ફ્રેંચ રાજાનો વધતો જતો જુલ્મ—આ બધા બનાવો રોમન ધર્મસત્તાના પરિણામો તરીકે લોકના મનમાં તાજા હતા. રાજાનો ભાઈ જેમ્સ, ડ્યૂક ઑફ્ યૉર્ક, એટલે કે રાજમુગટનો વારસદાર, ચુસ્ત કૅથલિક હતો એ વાતથી લોકને બહુ ચિંતા થતી, અને એ જ્યારે રાજા થશે ત્યારે

---

૧. એક દેવળને લગતા જેટલા પ્રદેશ માટે ઍંગ્લિકન ચર્ચનો એક રેકટર કે વિકાર હોય તેટલો પ્રદેશ ઇંગ્લંડમાં 'પૅરિશ' કહેવાય છે. ઘણીવાર તો એક જ જમીનદારના જેટલા ભાડુતો હોય તેટલાનું જ એક પૅરિશ કરવામાં આવે છે. રાજ્યવહીવટનો કેટલોક બંદોબસ્ત—ગરીબોને લગતા કાયદા વગેરેનો વહીવટ—પૅરિશવાર કરવામાં આવે છે. બિશપ એટલે ધર્મગુરુની સત્તા નીચેનો ભાગ 'ડાયોસીઝ' કહેવાય છે અને એક ડાયોસીઝમાં સેંકડો 'પૅરિશો' હોય છે.


રાજસત્તા વાપરીને પોતાનો ધર્મપક્ષ પ્રબળ કરશે અને ઍંગ્લિકન ધર્મનો નાશ કરશે એવી બ્હીક રાખવાને પૂરતું કારણ હતું. પ્યૂરિટન પંથને પણ લોકો એક રીતનો, રોમથી જૂદા પ્રકારનો પણ એટલો જ અકારો, ત્રાસ સમજતા. એ પંથ નિર્દોષ રીતરિવાજોની અને મોજની આડે આવતો, અને ધર્મના ઢોંગીઓને ધર્મિષ્ઠપણાંનો દાવો કરવામાં ઉત્તેજન આપતો. સૅમ્યુઅલ બટ્‌લરનું 'હ્યુડિબ્રાસ' નામનું ખોટા વીરરસની હાંસી કરતું કાવ્ય રાજાના પુનરાગમન પછી ત્રણ વર્ષે પ્રગટ થયું હતું, તેમાં પ્યૂરિટન રીતભાતો તરફની લોકની અરુચિનો ચિતાર સારો કર્યો છે. આ રીતે લોકનો મ્હોટો ભાગ પોપસત્તા અને પ્યૂરિટન પંથ બંનેને ધિક્કારનારો હતો એટલે એણે પોતાના જ પ્રજામાન્ય ઍંગ્લિકન પંથને બને તેટલી મક્કમ મદદ આપવાનો નિશ્ચય કર્યો. સત્તરમી સદીમાં બધા પક્ષો એકમતે માનતા કે બધાને જોરજુલમે પોતાના પંથમાં લાવવા એજ એ પંથને મદદ કરવાનો ઉત્તમ ઉપાય છે. આ માન્યતા અત્યારે આપણને બેવકૂફ લાગે છે, પણ એ સમયે ડાહ્યામાં ડાહ્યા રાજદ્વારીઓ એનો સ્વીકાર કરતા. ૨ જા ચાર્લ્સે અને એની પછીના રાજાએ જોયું કે ઍંગ્લિકન પંથની તરફેણમાં અને હરીફ પંથોની વિરુદ્ધમાં લોકલાગણી એટલી જબ્બર હતી કે સામે થવું નકામું હતું. બંને રાજાઓને લાચારીથી એને વશ થવું પડ્યું. ચાર્લ્સ વખતસર નમી ગયો. જેમ્સ બહુ મોડો તાબે થયો.

બરતરફ થયેલા ધર્મગુરુઓએ ધીમે ધીમે પ્રાર્થના કરનારાઓનાં ટોળાં એકઠાં કર્યાં. એ ટોળાંઓને ૩ જા વિલિયમના રાજ્યમાં થોડી-ઘણી સ્વતંત્રતા મળી, અને જતે દહાડે એમાંથી જુદાજુદા પંથો બંધાયા—બૅપ્ટિસ્ટ, મેથૉડિસ્ટ, કોન્ગ્રેગેશનલિસ્ટ અને બીજા અસંખ્ય પંથો નીકળ્યા. એ બધા પંથોને એક જ નામે—ડિસ્સેન્ટર્સ કે નોન્કોન્ફૉર્મિસ્ટ (જુદા મતવાળા) અથવા ફ્રી ચર્ચ (સ્વતંત્ર પંથ) એ નામે—ઓળખવામાં આવે છે. આજસૂધી પણ રાજ્યકાર્યમાં, ખાસ કરીને કેળવણીને લગતી બાબતોમાં, આ પંથોની સત્તા જબરી જણાય છે.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીની નવી સનદ—પંથો વચ્ચેના કજીયાઓમાં અંગ્રેજોનું મન બહુ પરોવાયેલું રહેતું તે છતાં તેઓ બીજી બાબતોનો પણ વિચાર કરી શકતા. પૂર્વ સાથેનો વ્હેપાર વધતો જ ચાલ્યો અને ઘણા પુરુષો જાણ્યેઅજાણ્યે એ વ્હેપારદ્વારા હિંદની સલ્તનતનો પાયો નાખવામાં રોકાયા હતા. રાજપદે પોતે પાછો આવ્યો તેને બીજે જ વર્ષે ચાર્લ્સે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને નવી સનદ કરી આપી (૧૬૬૧), જેમાં એ કંપનીને શિક્કાઓ પાડવાની, વ્હેપારી સંસ્થાનોમાં ન્યાય ચૂકવવાની, અને કંપનીની નોકરીમાં નહિ એવા હક્ક વગરના ખાનગી વેપારીઓ ઉપર સખ્તાઈ કરવાની સત્તા આપી. ત્યારપછીના પટ્ટાઓમાં એ સત્તા બહાલ રાખવામાં આવી હતી. રાજાના પુનરાગમન પછી ઘણાં વર્ષો સૂધી કંપની આબાદાનીમાં હતી એવું ૧૦૦ પૌંડના સ્ટૉકની ૧૬૮૩ માં ૩૬૦ પૌંડ કિંમત હતી તે ઉપરથી જણાય છે. એ વર્ષ પછી કંપનીનો વહીવટ પડતીમાં આવતો ગયો, પણ છેવટ ૧૭૦૮ માં વ્યવસ્થામાં સુધારો કરવાથી પાછી આબાદાની વધવા લાગી.

પોર્ટુગીઝો તરફથી મુંબઇની ભેટ—૧૬૬૨ માં ચાર્લ્સે કૅથરિન ઑફ્ બ્રૅગૅન્ઝા નામની પોર્ટુગીઝ રાજકન્યા જોડે વિવાહ કર્યો એની પ્હેરામણી મળી એમાં મુંબઈ પણ શામેલ હતું. ડચ લોકો સામે ઇંગ્લંડની મદદ મળે એ હેતુથી મુંબઈ આપવામાં આવ્યું હતું. એ બંદરની કિંમતથી લોક એ વખતે એટલા અજાણ હતા કે થોડાંક વર્ષો પછી રાજાએ એ બેટ 'દર વર્ષે ૩૦ મી સપ્ટેમ્બરે ભાડું પૌંડ ૧૦ નું સોનાનાણું આપવું ' એ શરતે હમેશને માટે કંપનીને આપી દીધો. ઉત્તર આફ્રિકામાં મોરોક્કોમાં આવેલું તાંજીયર પણ પોર્ટુગીઝોએ એ જ વખતે આપ્યું હતું તે ૧૬૮૩ માં પડતું મૂકવામાં આવ્યું. મદ્રાસની જગ્યા ૧૬૩૯ માં ૧ લા ચાર્લ્સના રાજ્ય દરમ્યાન ખરીદવામાં આવી હતી.

ફ્રેંચ લોકની 'હિંદી કંપની'—ફ્રેંચ ઇસ્ટ ઇન્ડિયા કંપની, ૧૬૬૪ માં ૧૪ મા લુઈના નાણાંખાતાંના પ્રધાન કોલ્બેરે સ્થાપી;



મુંબઇની ખિળવણીના ત્રણ દેખાવ : ૭ મી સદી, ૧૮ મી સદી, ચાલુ સદી

એ કોલ્બેરને બાર્નિયે નામે મુસાફરે લાંબા લાંબા પત્રો લખ્યા હતા. નાણાંની તંગી વગેરે અનેક કારણોને લીધે ફ્રેંચ કંપની કદાપિ બહુ વધી નહિ. મદ્રાસ તરફના કિનારાપર ૧૬૭૪માં તેઓએ વસાવેલું પોંદીચેરી શહેર અઢારમી સદીમાં બે વાર અંગ્રેજોના હાથમાં આવ્યું પણ પાછું ફ્રેંચને સોંપવામાં આવ્યું અને હાલ ફ્રેંચના તાબામાં છે.

હૉલંડ જોડે લડાઇ; લંડનમાં મરકી અને આગ—વ્હેપાર બાબતની કેટલીક તકરારો અને ચાર્લ્સનો ડચ તરફનો અંગત તિરસ્કાર એ બે કારણોને લીધે ૧૬૬૪માં ઈંગ્લંડ અને હૉલંડ વચ્ચે વિગ્રહ શરુ થયો. ત્યારપછીને વર્ષે (૧૬૬૫માં) ઈંગ્લંડના ઘણાખરા ભાગમાં ભયંકર મરકી ફાટી નીકળી, લંડનમાં એ રોગનું જોસ બહુ આકરૂં હતું. તે પછીને વર્ષે પાંચ દિવસ સૂધી ચાલેલી મ્હોટી આગમાં લંડનનો ઘણો ભાગ બળી ગયો અને ભારે નુકસાની થઈ. પણ છેવટ એથી લાભ થયો. એ આગમાં જૂની નાદુરસ્ત ગલ્લીઓ સફા થઇ ગઈ, જેથી ફરી કોઈવાર મરકી આવી નથી. જે જગ્યાઓમાં ગંદી અને આરોગ્યનાશક સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં જ મરકી થાય છે એમાં શંકા નથી.

બ્રેડાની સુલેહ—૧૬૬૬માં ફ્રાન્સનો રાજા ડચ લોકો સાથે એક થયો એટલે ઇંગ્લંડને હૉલંડ અને ફ્રાન્સ બંને સાથે લડવાનું થયું. ચાર્લ્સની રાજયવ્યવસ્થા એટલી ખરાબ હતી કે ડચ કાફલો ટેમ્સના મુખ સુધી ઘુસી આવ્યો અને લંડનની નજદીકમાં જ ત્રણ લશ્કરી વ્હાણોને બાળી મૂકીને ચાલતો થયો. ક્રૉમ્વેલના વખતમાં આવું કદાપિ થઈ શકે નહિ. એ જ વર્ષમાં (૧૬૬૭માં) બ્રેડાના સુલેહનામા ઉપર સહી કરવામાં આવી, જેથી ઈંગ્લંડે બોર્નિયોની પૂર્વે રહેલા મસાલાના બેટો (સ્પાઇસ આઇલૅંડ્ઝ) ઉપરથી હક્ક ઉઠાવી લીધો અને હૉલંડે ઉત્તર અમેરિકામાં કેટલોક પ્રદેશ ઈંગ્લંડને સોંપ્યો. હાલ ન્યૂયૉર્ક છે તે જગ્યા પણ એ પ્રદેશમાં આવી જાય છે.

કલૅરેન્ડનની પડતી—એ અરસામાં આમમંડળ અને રાજા બંને જુદાં જુદાં કારણોએ કલૅરેન્ડન જોડે લડી પડ્યાં. કલૅરેન્ડન




લંડનની આગ

ઉપર ઉમરાવસભા સમક્ષ કામ ચલાવવાની હીલચાલ કરવામાં આવી, પણ એ પ્રધાન ફ્રાન્સ ન્હાસી ગયો અને પાછો ફર્યોજ નહિ.

કેબૅલ (Cabal) મંત્રીમંડળ; ડૉવરના છુપા કોલકરાર—ક્લૅરેન્ડનની પડતી પછી ચાર્લ્સે વહીવટની લગામ મ્હોટે ભાગે પોતાના જ હાથમાં રાખી, જેમાં એ કિલફર્ડ, આર્લિંગ્ટન, બકિંગૅમ, ઍશ્લી અને લૉડરડેલ એ પાંચ ઉમરાવોની કાંઈક મદદ લેતો. એ પાંચને કોઈવાર 'Cabal Ministry' (કેબૅલ પ્રધાનમંડળ) એવું ખોટું નામ આપવામાં આવેછે. એ જમાનામાં રીતસરનું પ્રધાનમંડળ હતુંજ નહિ. રાજાને ગમે તે માણસને વિશ્વાસુ પ્રધાન બનાવતો. ૧૬૬૮ માં ઇંગ્લંડ, ડચ પ્રજારાજ્ય, અને સ્વીડન એ ત્રણ રાજ્યો વચ્ચે મિત્રાચારીના કોલકરાર (ટ્રિપલ ઍલાયન્સ) થવાથી ફ્રાન્સ જોડેના વિગ્રહનો અંત આવ્યો. પણ બહારથી ફ્રાન્સની વિરુદ્ધ હોવાનો ઢોંગ કરતો ચાર્લ્સ દગો રમીને ફ્રેંચ રાજા ૧૪ મા લુઈ જોડે પત્રવ્યવહાર ચલાવ્યા કરતો હતો અને ફ્રાન્સની તીજોરીમાંથી નિયમિત આવક મેળવીને પાર્લમેંટની મંજૂરીથી નાણાં મેળવવાના બંધનથી સ્વતંત્ર બનવાના પ્રયાસ કરતો હતો. 'ડૉવરના કોલકરારો' નામે શરમભરેલી છુપી શરતો કરીને (૧૬૭૦) ચાર્લ્સ ફ્રેંચ રાજાનો નોકર બન્યો. ડચની વિરૂદ્ધ એને મદદ આપવાની કબૂલત આપીને ચાર્લ્સે એની પાસેથી દર વર્ષે ૨૩૦૦૦૦ પાઉંડનો પગાર સ્વીકાર્યો અને જ્યારે જ્યારે પ્રૉટેસ્ટન્ટ પ્રજાની સામે મદદની જરૂર પડે ત્યારે ત્યારે ફ્રેંચ લશ્કર ઇંગ્લંડમાં આવીને એને મદદ કરે એવું વચન મેળવ્યું. બીજી પણ કલમો એ કરારમાં સામિલ કરવામાં આવી હતી. એવા નામોશીભરેલા કોલકરાર બીજા કોઈપણ અંગ્રેજ રાજાએ કદાપિ કર્યા નથી. બીજે વર્ષે ખોટાં બ્હાનાં કાઢીને ચાર્લ્સે પાર્લમેંટ પાસેથી મ્હોટી નાણાંરકમ મેળવી. અલબત્ત લુઈ જોડેની છુપી શરતો છુપાવીને જ નાણું મેળવી શક્યો.

'કાયદાનો અમલ થતો અટકાવવાની સત્તા' તથા 'કસોટીનો કાયદો' (ટેસ્ટ ઍક્ટ)—હજી પણ ચાર્લ્સ પોતે કૅથલિક





વર્સાઈ. ૧૪ મા લુઇનો રાજવંશી મ્હેલ

છે એ જાહેર કરવાની હિંમત ન્હોતો કરતો. ૧૬૭૨ માં એણે માફીનું જાહેરનામું કાઢ્યું, જેમાં એણે નૉન્‌કૉન્ફૉર્મિસ્ટ અને રોમન કૅથલિક એ બંને પક્ષના બધા પંથોને ધર્મસ્વાતંત્ર્ય બક્ષ્યું. આ જાહેરનામાથી ઘણા કાયદાઓનું ઉલ્લંઘન થતું હતું, પણ રાજાએ એવો દાવો રજુ કર્યો કે પોતાને રાજપદની રૂએ 'કાયદાનો અમલ થતો અટકાવવાની સત્તા' હતી, એટલે જે કાયદા પોતાને પસંદ ન પડે તેને અમલમાં મૂકાતા પોતે અટકાવી શકે. અમુક કાયદાઓ પાળવાની જરૂર નથી એવી છૂટ રાજા આપી શકે તો પછી પાર્લમેંટ કાયદાઓ પસાર કરે એનો કાંઈ ઉપયોગ જ ન રહે એ ચોખ્ખી વાત છે. બીજે જ વર્ષે પાર્લમેંટના દબાણથી રાજાને જાહેરનામું પાછું ખેંચી લેવાની ફરજ પડી. એ જાહેરનામું પોતે યોગ્ય હતું પણ એ વખતે લોકમત હજી એટલે સુધી વધેલો ન્હોતો, અને વળી એમાં રાજસત્તાનો આપખુદીભર્યો ઉપયોગ થતો હતો. એ જાહેરનામાનો સ્વીકાર કરવો તો રહ્યો, એથી ઉલટું પાર્લમેંટે તો આકરો 'કસોટીનો કાયદો' (ટેસ્ટ ઍક્ટ) પસાર કરવાની હઠ પકડી, જે કાયદાથી કૅથલિક અમલદારોને રોમન કૅથલિક ધર્મના મુખ્ય સિદ્ધાંતો છોડવાની કસોટીમાંથી પસાર થવાની ફરજ પાડવામાં આવી, અને એ રીતે સાચા કૅથલિકને નોકરીમાંથી બાતલ કર્યા (૧૬૭૩).

હૉલંડ જોડે બીજો વિગ્રહ; શૅફ્ટ્સ્બરીની બરતરફી— એ દરમ્યાન ચાર્લ્સે અને—હવે અર્લ્ ઑફ્ શૅફ્ટ્સ્બરી બનેલા એના સલાહકાર—ઍશ્લિએ દેશને હૉલંડ જોડે બીજા વિગ્રહમાં સંડોવાવ્યો હતો, જેમાં ઇંગ્લંડનું નૌકાસૈન્ય નિષ્ફળ નીવડ્યું હતું. ૧૬૭૪ માં સુલેહ કરવામાં આવી. ડૉવરના કોલકરારથી અજાણી પ્રજા હૉલંડને મદદ કરવાને અને ફ્રાન્સની વિરુદ્ધ પડવાને ઇચ્છતી હતી. મેરી ઑફ્ મોડેના નામની એક ચુસ્ત કૅથલિક ઇટૅલિયન રાજકુંવરીને પરણીને ડ્યૂક ઑફ્ યૉર્ક પ્હેલા કરતાં પણ વધારે અપ્રિય બન્યો. ફ્રાન્સ જોડેની છુપી શરતોની વાત જાણી ગયેલો શૅફ્ટ્સ્બરી કસોટીના કાયદાની હિમાયત કરવા લાગ્યો એથી એને બરતરફ કરવામાં આવ્યો.

શૅફ્ટ્સ્બરીએ બાકીની જીંદગી કૅથલિક પક્ષ વિરુદ્ધ લોકની લાગણી ઉશ્કેરવામાં અને પ્રૉટેસ્ટન્ટ ડિસ્સેન્ટરો માટે ધર્મસ્વાતંત્ર્ય મેળવવાના પ્રયત્નોમાં ગાળી.

લૉર્ડ ડૅન્બી પ્રધાન; વિલિયમ અને મેરીનું લગ્ન— ૧૬૭૫ થી રાજાએ રાજ્યની વ્યવસ્થા અર્લ્ ઑફ્ ડૅન્બીના હાથમાં સોંપી. ડૅન્બીએ ઈંગ્લંડના પ્રજામાન્ય ધર્મની હિમાયત કરીને ક્લૅરેન્ડન જેવી જ રાજનીતિ અનુસરવાનો યત્ન કર્યો. ડૅન્બી ફ્રાન્સની સ્હામે થવા ઇચ્છતો હતો, પણ લૂઇનો પગાર ખાતો ચાર્લ્સ એ પ્રધાનને ફ્રાન્સના રાજા જોડે કજીયો કરવા દે તેમ ન્હોતું. ૧૬૭૮ માં લૂઈ રાજાએ ડચ જોડે સુલેહ કરી (નીમેગુનની સલાહ). આગલે જ વર્ષે વિલિયમ પ્રિન્સ ઑફ્ ઑરેંજ નામના હૉલંડના મુખ્ય પુરુષ અને ઉત્સાહી પ્રૉટેસ્ટન્ટનું જેમ્સ ડયૂક ઑફ્ યૉર્કની પુત્રી મેરી જોડે લગ્ન થયું હતું. એથી પોતાને ગાદી મેળવવી સ્હેલી થશે એ વિચારથી જ જેમ્સે આ લગનને મંજૂરી આપી હતી. છેવટ એથી જ એનો મુગટ ગયો.

પોપના પક્ષવાળાઓનું કાવતરૂં, ૧૬૭૮–૮૧— એ સમયે પોપ પક્ષનો રાજા આવશે એ ખ્યાલથી પ્રજાને ભય ઉપજતો હતો, અને ફ્રેંચ લશ્કરની મદદથી પોતાની સ્વતંત્રતાને કચડી નાખવામાં આવશે એવો ડર લાગતો હતો. જેઝ્વિટોના[1] વિદ્યાલયોમાં રહી આવેલા ટાઇટસ ઓટ્સ નામના એક દુષ્ટ પુરુષે આ

---

૧. ઑર્ડર ઑફ્ જેઝ્વિટ્સ કે સોસાયટી ઑફ્ જિસસની સ્થાપના ઇગ્નેશ્યસ લૉયૉલા નામના સ્પૅનિયાર્ડે કરી હતી. ૧૫૪૦ માં પોપે એને મંજૂરી આપી હતી. એ એક સારા બંધારણવાળું ધાર્મિક મંડળ છે, જેના સભાસદોને સંભાળથી તાલીમ આપવામાં આવે છે અને વગર વિચારે ફરમાન ઉઠાવવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે. એ મંડળને દબાવી દેવાના ઘણા પ્રયત્નો નિષ્ફળ થયા છે, અને હજી એ મંડળ જોરમાં છે. હિંદુસ્તાનમાં આવેલો સેન્ટ ફ્રાન્સિસ ઝેવિયર જેઝ્વિટ હતો.

લોકલાગણીનો લાભ લીધો અને ચાર્લ્સને મારીને જેમ્સ ડ્યૂક ઑફ્ યૉર્કને રાજા બનાવવા માટે પોપવાળાઓએ એક કાવતરૂ રચેલું છે એવી હકીકત રજૂ કરી. હાલની શોધખોળોથી સાબીત થયું છે કે ડ્યૂક ઑફ્ યૉર્કને રહેઠાણે, સેન્ટ જેમ્સના મહેલમાં, ૨૪ મી એપ્રિલ ૧૬૭૮ ને રોજ જેઝ્‌વિટોની એક સભા મળી હતી ખરી. ઓટ્સ આ સભાની હકીકત જાણતો હતો, પણ એ બીજે ક્યાંક મળી હતી એવી ખોટી જુબાની એણે આપી હતી. ઓટ્સની જુબાની સપ્ટેમ્બરમાં સર એડ્‌મંડ બેરી ગૉડ્‌ફ્રે નામના એક ઉત્સાહી ન્યાયાધીશે લીધી હતી. ઑક્ટોબરમાં જ્યારે જણાયું કે એ ન્યાયાધીશનું ખૂન થયું છે ત્યારે આખા ઇંગ્લંડે નિશ્ચયપૂર્વક માની લીધું કે એ દુષ્કર્મ જેઝ્‌વિટોનું જ છે; અને લોકો ખૂબ ઉશ્કેરાઈ ગયા. હકીકત જાણવામાં છે તે પ્રમાણે તો લોકનું અનુમાન સાચું ઠરે છે. સેન્ટ જેમ્સના મહેલમાં મળેલી જેઝ્‌વિટ સભાની વાત ગૉડ્‌ફ્રે પ્રગટ કરી દે એથી ડરતા જેઝ્‌વિટોએ જ રાણીના મહેલ સૉમર્સેટ હાઉસમાં સર ગૉડ્‌ફ્રેનું ખૂન કર્યું હતું એ વાત સાચી જણાય છે. જો આ વાત ત્યારે પ્રગટ થઈ હોત તો જેમ્સને[1] ગાદીએ આવવાનો લેશ પણ સંભવ રહેત નહિ. ડચેસ ઑફ્ યૉર્કના સેક્રેટરી કોલમૅનનો છુપી ભાષામાં લખેલો પત્રવ્યવહાર પકડાયો હતો તેથી બેશક સાબીત થયું હતું કે ઇંગ્લંડનો પ્રજાકીય ધર્મ ઉથલાવી નાખીને ફ્રેંચ નાણાંની મદદથી ઇંગ્લંડને કૅથલિક રાજ્ય બનાવવાનું રાજદ્રોહી તરકટ જરૂર થયું હતું. ડ્રાયડન કહે છે તેમ:—'પ્રપંચની વાતમાં થોડુંક સત્ય હતું ખરું, પણ એમાં ઘણું જુઠું પણ ભેળાયલું હતું.' ઓટ્સ અને બીજા બાતમીદારોએ જુઠી જુબાનીઓ ખૂબ આપી, જેને ન્યાયની અદાલતોએ સાચી માની, અને ઘણા નિરપરાધી પુરુષો ઉપર કામ ચાલ્યું અને તેઓનો શિરચ્છેદ થયો. આર્ચ્બિશપ ઑફ્ ડબ્લીન

---

૧. ડ્યૂક ઑફ્ યૉર્ક ખૂનમાં સામીલ હોય કે નહિ, પણ રાણી ઉપર શક આણવાને કારણ નથી—જો કે રાણીના જ મ્હેલમાં, જૂના સૉમર્સેટ હાઉસમાં, સર એડ્‌મંડ ગૉડ્‌ફ્રેને ગળે ફાંસો દેવામાં આવ્યો હતો.

જેવો મ્હોટો પુરુષ પણ ભોગ થયેલામાંનો એક હતો, ખરો કે ખોટો તે તો પ્રભુ જાણે. એનો શિરચ્છેદ છેક ૧૬૮૧ માં થયો. ૧૬૮૦ ની આખરમાં, જુરીએ સાચી માનેલી ખોટી જુબાની ઉપરથી, લૉર્ડ સ્ટ્રૅફર્ડને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો. એનો શિરચ્છેદ થયો ત્યારે ચુસ્ત પ્રૉટેસ્ટન્ટ રહેનારા લંડનના લોકોમાં ચીસો અને શાપની બૂમો વ્યાપી રહી.[1]

પ્હેલી ટૂંકી પાર્લમેંટ—પોપ પંથીઓનાં કાવતરાંથી લોક લાગણી ઉશ્કેરાયલી હતી એ સમયમાં (૧૬૭૮–૮૧ માં) બીજા મહત્ત્વના બનાવો બન્યા. ૧૬૭૯ ના પ્રારંભમાં 'કૅવેલિયર પાર્લમેંટ'ને બરખાસ્ત કરવામાં આવી. ત્યારપછી તરત નવી પાર્લમેંટ મળી તેણે લૉર્ડ ડૅન્બી ઉપર કેસ ચલાવવાની અને 'બાતલગીરીનો કાયદો' (એકસકલૂઝન બીલ) પસાર કરીને ડયૂક ઑફ્ યૉર્કને ગાદી વારસામાંથી બાતલ કરવાની હઠ પકડી. ચાર્લ્સે ગુસ્સે થઇને એ પાર્લમેંટને બરખાસ્ત કરી.

'હેબિયસ્ કૉરપસ્' કાયદો—એ પાર્લમેંટને એક જ ઉપયોગી કાયદો પસાર કરવાનો વખત મળ્યો. વકીલોમાં હેબિયસ કૉર્પસ્ ઍક્ટ (૧૬૭૯) તરીકે ઓળખાતો એ કાયદો ન્યાયાધીશોને અને તુરંગના ઉપરીઓને ફરજીયાત ફરમાન કરે છે કે તેઓએ લોકને ગેરકાયદેસર પરહેજ ન કરવા, અને એ રીતે "એના સમોવડિયાઓએ ઠરાવેલા ન્યાયમુજબના ચુકાદા વિના, અથવા તો દેશના કાયદાથી વિરુદ્ધ, પ્રજાના કોઈપણ માણસને તુરંગમાં નાખવો નહિં," એવા મૅગ્ના કાર્ટાના કાનૂનને માન આપવું. આ કાયદામાં કેદીને ખુલ્લી સભામાં રજુ કરવા વિશેના લૅટિન શબ્દો શરૂઆતમાં લખેલા છે તેના ઉપરથી એનું આવું નામ પડયું છે. સાધારણ સમયોમાં આ કાયદો

---

૧. "ઈશ્વર તમારું કલ્યાણ કરો, પૂજ્ય ગુરુજી, અમને તમારામાં વિશ્વાસ છે" એવી બૂમો લોકોએ પાડી એ મનાતી કથા, જે ગાર્ડિનરે પણ સ્વીકારેલી છે તે ખોટી છે. પોલૉકે 'The Popish Plot' (૧૯૦૩) માં ૩૭૦ મે પાને મજબૂત પૂરાવા આપ્યા છે.

સ્વતંત્રતાનો સારો રક્ષક નીવડ્યો છે, પણ કોઈ વખતે દેશમાં અવ્યવસ્થા વ્યાપે ત્યારે એનો અમલ થોડો વખત બંધ કરવામાં આવે છે.

બીજી ટૂંકી પાર્લમેંટ—બીજી પાર્લમેંટ ઑક્ટોબર ૧૬૮૦ માં મળી એ પણ એવી જ પ્રૉટેસ્ટન્ટ નીવડી. 'ગ્રીન રિબન ક્લબ' નામની એક મજબૂત છુપી સંસ્થાની મદદ વડે શૅફ્ટ્સ્બરીએ પોપ પંથી કાવતરાથી ફેલાયલા ડરનો પૂરેપૂરો ઉપયોગ કર્યો અને જેમ્સને બાતલ કરીને ગાદી ચાર્લ્સના ગેરકાયદેસર થયેલા પુત્રોમાંના વડા પુત્ર[1] ડ્યૂક ઑફ્ મન્મથને અપાવવાને સખ્ત મહેનત કરી. એ ડ્યૂકની માનાં ચાર્લ્સ જોડે કાયદેસર લગ્ન થયાં હતાં એવી જૂઠી વાતો ફેલાવવામાં આવી અને આતુરતાથી સાચી માનવામાં આવી. પાર્લમેંટની બેઠક ત્રણ મહિના ચાલી, જે દરમ્યાન ઉમરાવપક્ષે બાતલગીરીનો કાયદો નામંજૂર કર્યો. ત્યાર પછી તરત જ ચાર્લ્સે એ પાર્લમેંટ બરખાસ્ત કરી.

ઑક્સ્ફર્ડ મુકામે ત્રીજી ટૂંકી પાર્લમેંટ—રાજાએ જોયું કે પોપ પંથનાં કાવતરાંથી થયેલી ઉશ્કેરામણી ધીમેધીમે શાન્ત થતી હતી, અને એવું માની લીધું કે લોકલાગણી પોતાને અનુકૂળ થતી જતી હતી. એથી એણે ત્રીજી પાર્લમેંટ પ્રૉટેસ્ટન્ટ લંડનથી દૂર ઑક્સ્ફર્ડમાં મળે એવી ગોઠવણ કરી. પણ જ્યારે આમમંડળ ભરાયું ત્યારે માલુમ પડ્યું કે તેઓ પ્હેલાના જેટલા જ વિરુદ્ધમાં હતા. બંને પક્ષના આગેવાનો હથીઆરબંધ થઈને ઑક્સ્ફર્ડ આવ્યા અને મામલો એવો જણાયો કે હમણાં રાજાપ્રજાનો વિગ્રહ ફરીથી સળગી ઉઠશે. રાજાએ પાર્લમેંટને બરખાસ્ત કરવાનો હિંમતભર્યો નિશ્ચય કર્યો. પાર્લમેંટ એક જ અઠવાડીઉં બેઠી હતી. એણે આ યોજના બાહોશીથી પાર પાડી, અને લોક પોતાના પક્ષમાં હતા એ જોયું.

---

૧. હયાત પુત્રોમાં એ વડો મનાતો હતો. એથી મ્હોટો એક હતો, જેમ્સ સ્ટુઅર્ટ ; એ જેઝુવિટ પાદરી બન્યો અને લોકથી અજાણ્યો રહ્યો. એ ૧૬૬૮ માં રાજાની મુલાકાતે આવ્યો હતો (પોલૉક, પૃ. ૨૬).

વ્હિગ અને ટોરી—કાવાદાવાના આ સમયમાં વ્હિગ અને ટોરી એ મશહૂર નામો પ્રથમ વપરાવા લાગ્યાં. બંને નામો મજાકમાં પડેલાં હતાં. પશ્ચિમ સ્કૉટ્લૅંડના કોલકરારોમાં (કવેનેન્ટમાં) જોડાતા ગામડિયા લોકને તિરસ્કારમા 'વ્હિગામોર' કહેવામાં આવતું તેનું ટુકું રૂપ 'વ્હિગ' થયું. 'ટોરી'નો આયર્લૅંડમાં મૂળ અર્થ લૂટારો થતો. એ નામ નિન્દાને અર્થે રાજાના પક્ષને લાગૂ પાડવામાં આવ્યું હતું. શૅફ્ટ્સ્બરીના અનુયાયીઓ વ્હિગ કહેવાવા લાગ્યા.

ચાર્લ્સે એકલે હાથે ચલાવેલો રાજવહીવટ, ૧૬૮૧–૮૫—પોપ પંથનાં કાવતરાંથી ઉપજેલો ત્રાસ ખલાસ થયો એટલે લોકો સમજવા લાગ્યા કે જુઠા ધુતારાઓની વાત માનવામાં તેઓ અન્યાયને માર્ગે દોરાઈ ગયા હતા. હવે લોકનું વલણ ઉલટી દિશામાં થયું, જેને પરિણામે કેટલાક વ્હિગ માણસોને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યા અને કેટલાકનો તો નજીવે કારણે શિરચ્છેદ કરવામાં આવ્યો. શૅફ્ટ્સ્બરી દેશ છોડીને ન્હાસી ગયો અને હૉલંડમાં મરણ પામ્યો (જાન્યુઆરી ૧૬૮૩). ચાર્લ્સ ઘણોક યુક્તિવાળો અને નીતિઅનીતિની બાબતમાં બેદરકાર પુરુષ હતો. લોકમતમાં થયેલા ફેરફારનો પૂરેપૂરો લાભ લઈને એણે પોતાની અંગત સત્તા જમાવવાના ઉપાયો શરૂ કર્યા. મળેલા હક્કોનો લોકે દુરુપયોગ કર્યો છે એવું બ્હાનું બતાવીને લંડન અને બીજાં શહેરોનાં હક્કપત્રો ન્યાયાધીશો પાસે રદ કરાવ્યાં, અને નાણું ફ્રાન્સમાંથી મળ્યા કરતું હતું એટલે પોતાના રાજ્યના બાકીના ભાગમાં પાર્લમેંટ વગર જ ચલાવ્યું.


રાઈ હાઉસનું કાવતરું—કેટલાક હદબ્હાર જનારા વ્હિગ રાજદ્વારીઓએ રાજાને મારી નાખવાનો ઇરાદો કર્યો. એ મુરાદ બર લાવવા માટે તેઓ રાઈ હાઉસના કાવતરામાં શામિલ થયા (૧૬૮૩), પણ એ પકડાઈ ગયું. આ બનાવને પરિણામે કેટલાક વ્હિગ આગેવાનોને પકડવામાં આવ્યા. રાજદ્રોહના આરોપસર જેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો તેઓમાં લૉર્ડ રસલ અને ઍલ્ગર્નૉન સિડ્‌ની મુખ્ય હતા. તેઓએ કદાચ રાજદ્રોહ ન કર્યો હોય તો પણ

તેઓ લગભગ રાજદ્રોહી હતા, અને ગ્રીન રિબન મંડળના છુપા ભેદ જાણતા હતા.

૨ જા ચાર્લ્સનું મરણ—ફેબ્રુઆરી ૧૬૮૫ માં ચાર્લ્સને આંચકી થઈ આવી અને થોડા દિવસની માંદગી પછી એ મરણ પામ્યો. આ ટુંકા બિમારીના વખત દરમ્યાન એણે વિધિસર અને ખુલ્લી રીતે રોમન કૅથલિક ધર્મનો સ્વીકાર કર્યો. કેટલાક લેખકોનો મત એવો છે કે એ છુપી રીતે ૧૬૬૯થી કૅથલિક થયો હતો. એનું જીવન બહુ અનીતિમય અને નિંદવાજોગ હતું. સંખ્યાબંધ સ્ત્રિયો અને ગેરકાયદેસર થયેલાં છોકરાંઓ પાછળ એણે ખૂબ નાણું ગુમાવ્યું હતું. આજે હયાત છે તેમાંના ત્રણ અંગ્રેજ ડ્યૂકો એના વંશ જ છે.

૨ જા જેમ્સનું રાજ્યારોહણ; એની માન્યતાઓ—જેનાથી લોક ખૂબ ડરતા હતા તે ડ્યૂક ઑફ્ યૉર્કને બાવન વર્ષની ઉંમરે શાંતિથી ઇંગ્લંડના ૨ જા જેમ્સ અને સ્કૉટ્લૅંડના ૭ મા જેમ્સ તરીકે રાજા જાહેર કરવામાં અને સ્વીકારવામાં આવ્યો. એણે રાજા તરીકે સત્તાવાર રીતે જાહેર કર્યું કે પોતે 'ધર્મની અને રાજ્યની બાબતોમાં કાયદેસર સ્થાપિત થયેલી હાલની વ્યવસ્થાને જાળવી રાખવાનો પ્રયાસ કરશે.' માણસોને રાજાપ્રજા વચ્ચેનો વિગ્રહ સળગી ઉઠવાનો એટલો બધો ડર હતો કે તેઓ એના વચનમાં વિશ્વાસ મૂકવાને, અને ઇંગ્લંડના પ્રજામાન્ય ધર્મને જાળવી રાખવાનો રાજાનો ખરેખરો ઇરાદો હતો એવું માનવાને, બધા તૈયાર હતા. પણ જેમ્સને મન ધર્મ પ્હેલો હતો, ઇંગ્લંડ ત્યાર પછી. પોતાના ધર્મમાં એવો ઉત્સાહ ધરનારો માણસ જુદામતના ધર્મને સાચા દિલથી આશરો આપે એ અશક્ય હતું. વળી એ પૂરેપૂરો પાક્કો સ્ટુઅર્ટ હતો, રાજાના દૈવી અધિકારવાળા પિતાના મતમાં માનનારો હતો, અને પોતાના મિત્ર અને મહેરબાન ફ્રૅંચ રાજા ૧૪ મા લૂઈના આપખુદી અમલને ઉત્સાહથી વખાણનારો હતો. પોતાના ભાઈની માફક એ પણ ફ્રૅંચ રાજા ઉપર આધાર રાખનારો સેવક ચાલુ રહ્યો. આવા સંજોગોમાં એની અને લોકની વચ્ચે કંકાસ થાય એ નક્કી હતું.

પાર્લમેંટ મળી—પોતે ડ્યૂક ઑફ્ યૉર્ક હતો ત્યારે એણે પોતાની લાગણીઓ અંકુશમાં રાખી હતી, અને કૅથલિક મત પ્રમાણેની પૂજનક્રિયા ખાનગી દેવળમાં બંધ બારણે કરતો, પણ 'ઇશ્વરે એને રાજાની પદવી સુધી ચડાવ્યો ત્યાર પછી જો એ પોતાનો ધર્મ પ્રગટરીતે કબૂલ ન કરે તો ઇશ્વરનો આશીર્વાદ ન મેળવી શકે,' એ મત અનુસાર એણે બહુ જ ખુલ્લી રીતે ધર્મનો એકરાર કર્યો અને એ રીતે કાયદાને અને બ્હોળા લોકમતને તરછોડવાનું શરૂ કર્યું. એની આ વર્તણુક ડહાપણભરેલી ન્હોતી, તોપણ પ્રમાણિક અને હિંમત-ભરેલી હતી. નાણું મેળવવા માટે પાર્લમેંટને બોલાવવાની જરૂર હતી અને જેમ્સને સારે નસીબે એની પાર્લમેંટ શરૂઆતમાં રાજપક્ષને અનુકૂળ હતી—'કૅવૅલિયર પાર્લમેંટ' શરૂઆતમાં જેવી હતી તેવી જ એ હતી.



૨ જો જેમ્સ

આર્ગાઇલ અને મન્મથના બળવાઓ—રાજ્યના પ્હેલા જ વર્ષમાં જેમ્સને બે બળવાઓની સ્હામે થવું પડ્યું, એક સ્કૉટ્લૅંડમાં અર્લ ઑફ્ આર્ગાઇલની આગેવાની નીચેનો, અને બીજો ઇંગ્લંડની પશ્ચિમભાગમાં ડ્યૂક ઑફ્ મન્મથની સરદારી નીચેનો. બંને બળવાઓને સ્હેલાઇથી દાબી દેવામાં આવ્યા, અને આર્ગાઇલ અને મન્મથ બંનેનો શિરચ્છેદ કરવામાં આવ્યો. ડ્યૂકની સાથે ઉમરાવો અને અમીરો જોડાયા ન્હોતા. ડ્યૂકે સૉમર્સેટશરમાં સેજમૂર મુકામે રાજાના લશ્કર ઉપર રાતોરાત હુમલો કરીને પોતાના નસીબનો છેલ્લો દાવ અજમાવ્યો, પણ ઘણી ખૂનરેજી સાથે એને પાછો હઠાવવામાં આવ્યો. એના અનુયાયીઓને મુખ્ય ન્યાયાધીશ જેફ્રીઝે ભયંકર સખ્તાઇથી

શિક્ષા કરી. ૩૦૦ ઉપર માણસોનો શિરચ્છેદ કરવામાં આવ્યો અને ૮૦૦ ઉપરાંત માણસોને દેશનિકાલ કરવામાં આવ્યાં. એના આ મુકર્દમાને હજી "ખૂનખાર મુકર્દમા" (બ્લડી ઍસાઈઝીઝ) તરીકે યાદ કરવામાં આવેછે.

જાથુકનું લશ્કર—આ બળવાઓથી જેમ્સને પોતાના જાથુકના લશ્કરની સંખ્યા વધારીને ૨૦૦૦૦ જેટલી કરવાની તક મળી. એવડું લશ્કર દેશની સ્વતંત્રતાને જોખમમાં નાખવાને પૂરતું હતું. ન્હાનું જાથુકનું લશ્કર રાખવાની શરૂઆત ૨ જા ચાર્લ્સે કરી હતી અને લોકની સ્હામે રાજાની સત્તા વધારવાના હેતુથી એ લશ્કરની સંખ્યામાં ધીમેધીમે ઉમેરો કરવામાં આવતો હતો. જેમ્સે કાયદા વિરુદ્ધ કૅથલિક અમલદારો નીમવાનો નિશ્ચય રાખ્યો હતો. એ પગલાથી લોકને અત્યન્ત ભય ઉપજ્યો.

ધાર્મિક છૂટનું જાહેરનામું: નૅન્ટના જાહેરનામાંનું (એડિક્ટ ઑફ નૅન્ટ્નું) રદ થવું—બીજે વર્ષે (૧૬૮૬માં) જેમ્સે ધર્મની છૂટનું જાહેરનામું કાઢવાનો પોતાના ભાઈએ કરેલો અખતરો ફરીથી અજમાવ્યો. એને બિનસત્તાવાર ધર્મોની વિરુદ્ધના કાયદાઓનો અમલ થતો અટકાવવાની સત્તા (ડિસ્પેન્સીંગ પાવર) પોતાની હતી એવો મત ન્યાયાધીશો પાસેથી મેળવ્યો. એથી આગળ વધીને એણે ધર્મવ્યવસ્થા વિશેના પોતાના અભિપ્રાયોને અમલમાં મૂકવાના હેતુથી 'એક્લેઝિયૅસ્ટિકલ કમિશન' એટલે ધર્મગુરૂઓનું મંડળ સ્થાપ્યું. આ કાર્યો લોકને બહુજ અણગમતાં હતાં અને એથી રાજા ઍંગ્લિકન-ધર્મવાળાઓની મદદ ખોઈ બેઠો. ૧૪મા લૂઇની અગાઉના રાજા ૪થા હેન્રિએ 'નૅન્ટનું લખત' નામે ધર્મસ્વાતંત્ર્ય આપનારૂં જાહેરનામું કાઢ્યું હતું, તે જાહેરનામું લૂઇએ પાછું ખેંચી લીધું (૧૬૮૫), અને ક્રૂર જુલ્મ વર્તાવીને ૪,૦૦,૦૦૦ પ્રૉટેસ્ટન્ટોને ફ્રાન્સની બ્હાર કાઢી મૂક્યા. એ ફ્રેંચ પ્રૉટેસ્ટન્ટનાં સંકટો તરફ અંગ્રેજ પ્રજામાં દયાની લાગણી ઉત્પન્ન થઈહતી.

સાત ધર્મગુરુઓની કાયદેસર તપાસ—ઍંગ્લિકન ધર્મવાળાઓ સાથે કજીયો કરીને ચાર્લ્સ પ્રૉટેસ્ટન્ટ નૉન્કોન્ફાર્મિસ્ટો જોડે

મિત્રતા બાંધવાના પ્રયાસ કરવા લાગ્યો, અને એમાં વિલિયમ પેન નામના એક ક્વેકરની સલાહ પ્રમાણે ચાલતો. એપ્રિલ ૧૬૮૮માં એણે ધાર્મિક છૂટનું જાહેરનામું ફરીથી બહાર પાડ્યું, અને ધર્મગુરુઓએ દેવળોમાં એ વાંચી સંભળાવવું એવો હુકમ કર્યો. જ્યારે તેઓએ તેમ કરવાની ના પાડી અને રાજાને અરજી કરી ત્યારે એણે તેઓમાંના સાત ઉપર મુકર્દમો ચલાવ્યો. અદાલતમાં તેઓ ઉપર કામ ચલાવવામાં આવ્યું પણ તેઓ બિનગુનેહગાર ઠર્યા અને તેઓને છોડી મૂકવામાં આવ્યા. લોકલાગણી એટલી પ્રબળ જણાઈ કે રાજાએ નમતું આપ્યું અને લોકને બહુ અપ્રિય થયેલાં ઘણાં ફરમાનો પાછાં ખેંચી લીધાં.

રાજક્રાન્તિ, ૧૬૮૮–૮૯—પણ એ બધું એણે બહુ મોડેથી કર્યું. રાજ્યના આગેવાન પુરુષોમાંના સાતે નિશ્ચય કર્યો હતો કે જેમ્સના જમાઈ વિલિયમ, પ્રિન્સ ઑફ્ ઑરેંજને, ઈંગ્લંડ આવીને મામલો સુધારવાનું આમંત્રણ મોકલવું. એ અરસામાં જ જેમ્સને પુત્ર થયો એથી એને કાંઈ લાભ થયો નહિ, કારણકે છંછેડાયલી પ્રજાએ એવું માન્યું કે કાંઈ કપટ કરવામાં આવ્યું હતું અને એ છોકરો ખરો ન્હોતો. ત્યાર પછીની વારસદાર તો જેમ્સની વડી પુત્રી અને પ્રિન્સ ઑફ ઑરેંજની પત્ની મેરી જ હતી, અને મેરી એના પતિની માફક પ્રૉટેસ્ટન્ટ હતી. વિલિયમ ૧ લા ચાર્લ્સનો દૌહિત્ર હતો પણ સૌથી નજદીકના વારસ તરીકે ગાદીનો દાવો જાતે જ કરી શકે એવો એનો હક્ક ન્હોતો. વિલિયમ નવેંબર ૧૬૮૮ માં ઈંગ્લંડના પશ્ચિમ ભાગમાં આવી ઉતર્યો. જેમ્સે લશ્કર જમા કર્યું, પણ જોઈએ તેવી મદદ નહિ મળવાથી એને ન્હાસીને ફ્રાન્સ જવું પડ્યું, જ્યાંથી એ કદી પાછો ઈંગ્લંડ આવ્યો જ નહિ (૨૩મી ડિસેંબર). જાન્યુઆરી ૧૬૮૯ માં બિનસત્તાવાર લોકાસભા મળી અને એણે તખ્તને ખાલી પડેલું જાહેર કર્યું. ફેબ્રુઆરીમાં વિલિયમ અને મેરીએ જોડિયા રાજ્યકર્તાઓ તરીકે ઈંગ્લંડનો રાજ્યમુગટ સ્વીકાર્યો. આ રીતે શાન્તિથી કાંઈપણ ખળભળાટ કે ખૂનખારી વગર જ ગ્રેટ બ્રિટનમાં તો રાજક્રાન્તિ થઈ ગઈ. આયર્લેંડે નવો રાજા સ્વીકારવામાં વધારે તકલીફ આપી.

સાહિત્ય અને વિજ્ઞાન—આપણે જોયું તે પ્રમાણે, પાછા ફરીને ગાદી ઉપર આવેલા સ્ટુઅર્ટોની રાજનીતિનો અહેવાલ પસંદ પડે એવો કે આબરુભર્યો નથી, અને ભાગ્યે જ કોઈ રાજદ્વારી પુરુષ બહુ વખાણવા જોગ ગણાઈ શકે. બંને પક્ષના ઘણાખરા રાજદ્વારી પુરુષોએ, એક અથવા બીજે પ્રસંગે ફ્રાન્સનું નાણું સ્વિકાર્યું હતું. પણ સાહિત્યમાં અને વિજ્ઞાનમાં એ જમાનો ઘણા માનવંતાં નામો માટે મગરૂરી લઈ શકે. ૨ જા ચાર્લ્સના પ્રધાન લૉર્ડ કલૅરન્ડને ઘણો ઉપયોગી ઇતિહાસ લખ્યો હતો, અને બીજા પણ સારા ગદ્યના લેખકો થયા હતા. ક્રૉમ્વેલના 'વિદેશી ભાષાઓના મંત્રી' તરીકે આગળ જેનું નામ આવી ગયેલું છે તે **જૉન મિલ્ટને** ચાર્લ્સના પુનરાગમન પછી પોતાનું મ્હોટામાં મ્હોટું કાવ્ય **પૅરૅડાઈઝ લૉસ્ટ** તેમજ **પૅરૅડાઈઝ રિગેઈન્ડ** અને **સૅમ્સન ઍગનિસ્ટિસ** નામે બીજાં કાવ્યો રચ્યાં, જે બધાં પ્યૂરિટન ભાવનાથી ભરપૂર છે. એનાં અગાઉ લખાયેલાં ટુંકાં કાવ્યો, **કોમસ**, વગેરે, એલિઝાબેથન યુગમાં મૂકવાં ઠીક છે. **જૉન ડ્રાઇડનના** ઉત્તમ કાવ્યો ૨ જા ચાર્લ્સના રાજ્યમાં પ્રગટ થયાં. રાજકીય પ્રકરણો ઉપરનો કટાક્ષલેખ **ઍબ્સલૉમ** અને **ઍકિટોફૅલથી** ચઢિયાતો બીજો કદી લખાયો નથી. ધંધે કલઈગર અને **પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ** નામના લોકપ્રિય ખ્રિસ્તી રૂપકકાવ્યનો કર્તા ડિસ્સેન્ટર તરીકે, જુલ્મનો ભોગ થઈને, ઘણાં વર્ષો તુરંગમાં રહ્યો. તત્ત્વજ્ઞાનમાં ટૉમસ હૉબ્ઝના લેખોની અસર વિશાળ હતી. લૉર્ડ શૅફ્ટ્સ્બરીના ખાનગી મંત્રી જૉન લૉકનો પ્રખ્યાત **મનુષ્યની સમજશક્તિ વિશેનો નિબંધ** રાજક્રાન્તિ પછીને વર્ષે પ્રગટ થયો. વિજ્ઞાનમાં લૉર્ડ બેકને બતાવેલી રીતે પ્રયોગોની મદદ લેવાવી શરુ થઈ હતી, તેથી અખતરાઓ ઉપર આધાર રાખતા હાલના વિજ્ઞાનની શરૂઆત થઈ ચૂકી હતી. રસાયણશાસ્ત્રના શોખીન ૨ જા ચાર્લ્સના આશ્રય હેઠળ સ્થપાયેલી રૉયલ સોસાયટી મારફતે વિજ્ઞાનને ઉત્સાહભેર ખીલવવામાં આવતું હતું અને એના અભ્યાસમાં ઘણી મદદ મળતી હતી. ગુરૂત્વાકર્ષણું અને પ્રકાશના સિદ્ધાંતોની શોધ કરનાર મશહુર સર આઈઝૅક ન્યૂટન ૨ જા જેમ્સને પદભ્રષ્ટ કરનારી લોકસભામાં

હાજર હતો. એ ૧૬૯૭ માં ટંકશાળનો ઉપરી બન્યો. એનું મુખ્ય પુસ્તક, સાધારણ રીતે **પ્રિન્સીપિયા** કહેવાતું, અને ૧૬૮૭ માં પ્રગટ થયું હતું. એનું પુરું નામ (લૅટિનમાં) **વિજ્ઞાનના ગણિતનિયમો** એવું છે. શિલ્પશાસ્ત્રી તરીકે ક્રિસ્ટોફર રેન મશહૂર છે. એણે લંડનનું હાલનું સેંટ પૉલનું દેવળ બાંધ્યું અને બીજાં પણ અસંખ્ય દેવળો બાંધ્યાં.

મુખ્ય તારીખો

૨જા ચાર્લ્સનું રાજ્યારોહણ ; કૅવૅલિયર પાર્લમેંટનું મળવું	૧૬૬૦
ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો નવો પટો	૧૬૬૧
ચાર્લ્સનું કૅથરિન ઑફ બ્રૅગૅન્ઝા જોડે લગ્ન; પોર્ટુગીઝો તરફથી મુંબઈ અને ટૅન્જીયરની ભેટ ...	૧૬૬૨
ફ્રેંચ 'હિંદી કંપની'ની સ્થાપના	૧૬૬૪
હૉલૅંડ જોડે પ્હેલો વિગ્રહ	૧૬૬૪
પ્લેગ	૧૬૬૫
લંડનની આગ	૧૬૬૬
બ્રેડાની સુલેહ; ક્લૅરેન્ડનની પડતી	૧૬૬૭
ત્રણ રાજ્યોનો મિત્રસંબંધ (ટ્રિપલ ઍલાયન્સ) ...	૧૬૬૮
ડોવરના છૂપા કોલકરાર	૧૬૭૦
હૉલૅંડ જોડે બીજો વિગ્રહ	૧૬૭૨–૪
કસોટીનો કાયદો (ટેસ્ટ ઍક્ટ)	૧૬૭૩
નીમેગનની સુલેહ	૧૬૭૮
પોપપક્ષનું કાવતરું	૧૬૭૮–૮૧
હેબિયસ કૉર્પસ કાયદો	૧૬૭૯

ઑક્સફર્ડ ખાતેની ટૂંકી પાર્લમેંટ	૧૬૮૧
રાઈ હાઉસવાળું કાવતરું	૧૬૮૩
૨ જા જેમ્સનું રાજ્યારોહણ; આર્ગાઇલ અને મન્મથના બળવા; નૅન્ટના ફરમાનનું રદ કરાવું ...	૧૬૮૫
ન્યુટનનું 'પ્રિન્સીપિયા' પુસ્તક પ્રગટ થયું ...	૧૬૮૭
સાત ધર્મગુરુઓનો મુકર્દમો; ૨જા જેમ્સનું ન્હાસી જવું	૧૬૮૮
લોકસભાએ તખ્ત ખાલી પડેલું જાહેર કર્યું ...	૧૬૮૯

પ્રકરણ ૮ મું

૩ જો વિલિયમ અને ૨ જી મેરી; ઍન; ૧૬૮૯–૧૭૧૪

હક્કનામાનો ખરડો (બીલ ઑફ રાઇટ્સ)—જે લોકસભાએ ફેબ્રુઆરી ૧૬૮૯ માં વિલિયમ અને મેરીને ઈંગ્લંડનો રાજમુગટ પ્હેરાવ્યો તેણેજ નવા રાજકર્તાઓ સમક્ષ જેમ્સે કરેલાં જુલ્મી કૃત્યો વર્ણવીને અંગ્રેજ લોકના પુરાણા હક્કનો દાવો કર્યો અને હક્કનામું કબૂલ રાખવાની તેઓ પાસે માગણી કરી. પાછળથી એ જ વર્ષમાં એ જ લોકસભા નિયમસરની પાર્લમેંટ બની ત્યારે તેણે એ હક્કનામાને



૩ જો વિલિયમ ૨ જી મેરી

પાર્લમેંટના કાયદા તરીકે પસાર કર્યો. એમાં બીજી કેટલીક શરતો ઉપરાંત ગાદીના વારસદાર નક્કી કરવામાં આવ્યા અને એવા નિયમો નોંધવામાં આવ્યા કે પાર્લમેંટની પરવાનગી વગર રાજાએ કર ઉઘરાવવા નહિ કે જાથુકનું લશ્કર રાખવું નહિ; કાયદાઓનો અમલ થતો અટકાવવાની

સત્તા રાજાને નથી; પાર્લમેંટને છૂટથી ચૂંટવી, વારંવાર બોલાવવી, અને પોતાના મત પ્રમાણે બોલવાનું છુટાપણું સઉને આપવું, તથા ક્રૂર અને અસાધારણ શિક્ષાઓ કરવી નહિ. આ કાયદો પસાર થવાથી બધા માણસોને સ્પષ્ટ થયું કે હવેથી પાર્લમેંટની ઇચ્છા મુજબ જ ઇંગ્લંડનો રાજા રાજદંડ ધારણ કરશે, દૈવી અધિકારથી નહિ. અગાઉના જમાનાઓમાં વારંવાર માગેલી અને સત્તાનાલોભી રાજાઓએ વારંવાર કચડી નાખેલી લોકસ્વતંત્રતા હવે ખરેખર મળી હતી એવી આ કાયદાથી લોકને ખાતરી થઈ. આ કાયદાથી રાજા અને પાર્લમેંટ વચ્ચે સત્તા માટેનો ટંટો થતો હંમેશને માટે બંધ પડ્યો. પણ હજી થોડાં વર્ષો સૂધી ઉમરાવમંડળ આમમંડળ કરતાં વધારે પ્રબળ રહ્યું. છેક ઍનના રાજ્યમાં આમમંડળે પોતાનું ઉપરીપણું જણાવ્યું. એ બે મંડળો વચ્ચેનો કજીઓ તો આજ સૂધી ચાલૂજ રહ્યોછે.

ઇંગ્લંડમાં કાવતરાંઓ—રાણી મેરીને દેશનિકાલ થયેલા રાજાની પુત્રી તરીકેના પોતાના હકકનો લાભ લેવાની ઇચ્છા ન્હોતી એટલે એણે વહીવટ બધો પોતાના ધણીના હાથમાં જ રહેવા દીધો. જોકે વિલિયમને વ્હિગ અને ટોરી નામે એ વખતે પ્રસિદ્ધ થઈ ચૂકેલા રાજકીય પક્ષો વચ્ચેના કંકાસથી ઘણો ત્રાસ પડ્યો, અને રાજા જેમ્સને પાછો લાવવાના કાવાદાવાનો પણ ભય હતો, છતાં પણ ઇંગ્લંડને જાળવવા માટે એને કદી તરવાર ખેંચવાની જરૂર ન પડી. એની વિરુદ્ધ પ્રેસ્ટનનું ૧૬૯૦ માં અને સર જૉન ફેનિકનું ૧૬૯૬ માં એવાં બે કાવતરાંઓ પકડાઈ ગયાં અને એના યોજનારાઓને યોગ્ય શિક્ષા કરવામાં આવી. આગળ (પૃ. ૧૨૬ મે) જણાવેલા તહોમતદારીના કાયદાથી (બિલ ઑફ્ એટેઈન્ડરથી) થયેલા શિરચ્છેદોમાં આ છેલ્લો હતો.

સ્કૉટ્લૅંડમાં બળવો; ગ્લૅંકોની કતલ—પણ સ્કૉટ્લૅંડ અને આયર્લૅંડ બંને દેશોમાં રાજક્રાન્તિનાં ફળોને સલામત જાળવવા માટે સખ્ત લડાઈઓ કરવી પડી. જૉન ગ્રેહામ ઑફ્ ક્લેવરહાઉસ,

ઉર્ફે વાઇકાઉંટ ડંડી નામના એક ઉમરાવે સ્કૉટ્‌લૅંડમાં જેમ્સનો પક્ષ લીધો અને વિલીયમનાં લશ્કરને કિલ્લીક્રૅંકી નજીક હરાવ્યું (જૂન, ૧૬૮૯). પણ એ જીત નકામી હતી, કારણ કે ડંડી પોતે તો એ લડાઇમાં જ માર્યો ગયો અને એનું લશ્કર તે પછી તરત જ વિખેરાઈ ગયું. હાઇલૅન્ડરો (સ્કૉટ્‌લૅંડની ઉચ્ચ ભૂમિના વતનીઓ) સાધારણ રીતે સ્ટુઅર્ટના પક્ષમાં વળગી રહ્યા અને સ્ટુઅર્ટને પાછા આણવાના એમના પ્રયત્નો, વચ્ચે વચ્ચે બંધ થતા, છતાં છેક ૧૭૪૫ સૂધી ચાલુ રહ્યા. જે ટોળીઓ ૧૬૯૧ ના છેલ્લા દિવસે કે તે અગાઉ તાબે થાય તેઓને પૂરેપૂરી માફી આપવાનું વિલિયમની સરકારે જાહેર કર્યું. ઘણાખરા આવી ગયા, પણ ગ્લૅંકોની મૅકડોનલ્ડ નામની એક ન્હાની ટોળી લાંબો વખત અલગ રહી. તેઓના માસ્ટર ઑફ્ સ્ટેર નામના એક શત્રુએ વિલિયમ પાસેથી ‘એ ચોરોની ટુકડીને’ જડમૂળથી નાબુદ કરવાનો હુકમ મેળવ્યો, અને એ હુકમનો લાભ લઇને એ શાખા ઉપર શરમભરી રીતે છળકપટથી હલ્લો કર્યો અને આડત્રીશ જણને કાપી નાખ્યા. આ બનાવ ગ્લૅંકોની કતલ તરીકે લોકની યાદમાં રહ્યો છે.

આયર્લૅંડમાં વિગ્રહ; બૉઇનની લડાઈ—આયર્લૅંડે દર્શાવેલો વિરોધ વધારે ગંભીર મામલો થઈ પડયો. ૨ જો જેમ્સ ફ્રાન્સથી આયર્લૅંડ જઈ પ્હોચ્યો અને ઘડીમાં ઉત્તરનાં લંડનડેરી અને એનિઝકિલન (કે ઇનિઝકિલિંગ) એ શહેરો શિવાયના આખ મુલ્કનો ધણી થઈ શકયો. એપ્રિલથી ઑગસ્ટ ૧૬૮૯ સૂધી ૧૦૫ દિવસ ફત્તેહમંદ રીતે નભી રહેલો લંડનડેરીનો ટકાવ એ વિગ્રહનો એક પ્રખ્યાત બનાવ છે. આઇરીશ લોકની મુખ્ય ઇચ્છા ક્રૉમ્વેલે (અગાઉ પૃ. ૧૪૫ માં કહ્યા પ્રમાણે) જપ્ત કરેલી જમીન પાછી મેળવવાની હતી, જ્યારે જેમ્સ તો ફ્રેંચ મદદથી ઇંગ્લંડ જોડે લડવામાં આયર્લૅંડને સગવડવાળા મથક તરીકે ઉપયોગમાં લેવાનો વિચાર વધારે કરતો હતો. ડબ્લિનમાં ભરાયેલી એક પાર્લમેંટે ૨૩ સ્ત્રીઓ સુદ્ધાં લગભગ ૨૫૦૦ મુખ્ય પ્રૉટેસ્ટન્ટોને, એકેએકનું

નામ જણાવીને, ગુન્હેગાર ઠરાવ્યા, અને સૈકાઓ દરમ્યાનનું ઇંગ્લંડના રાજ્યકર્તાઓનું કરેલું બધું કામ સાફ કરી નાખવાના ઉપાયો કર્યા. પ્હેલીજ તકે વિલિયમ ખાડી ઓળંગીને આયર્લૅંડને ઈશાન કોણને કિનારે કૅરિકફર્ગસ મુકામે આવી ઉતર્યો.

દક્ષિણમાં ડબ્લિન તરફ કૂચ કરીને જતાં એણે બૉઈન નદીને સ્હામે કાંઠે લશ્કર ગોઠવીને ઉભેલા જેમ્સને દીઠો. વિલિયમે બળજોરીથી નદી ઓળંગવાનો માર્ગ મેળવ્યો અને જેમ્સને હાંકી કાઢયો. જેમ્સ નામોશીભરેલી રીતે ન્હાસીને ડબ્લિન ગયો જ્યાંથી છટકીને તે ફ્રાન્સ પ્હોચ્યો (જુલાઈ ૧૬૯૦).

શિક્ષાના કાયદાઓ—વિલિયમ ઈંગ્લંડ પાછો ફર્યો ત્યાર-પછી એના સેનાપતીઓએ વિગ્રહ ચાલૂ રાખ્યો. નૈર્ઋત્યકોણમાં આવેલું લિમરિક શહેર તાબે થયૂં ત્યારે એ વિગ્રહનો અંત આવ્યો (૩જી ઑક્ટોબર ૧૬૯૧). અંગ્રેજ સેનાપતીએ આઇરીશ લોકને લાભ કરે તેવી શરતો કરી. લશ્કરી સુલેહમાં, ફ્રાન્સ જવા ઇચ્છતા આઇરીશ લશ્કરના બધા અમલદારોને અને સિપાહીઓને ત્યાં જવાની સગવડ કરી આપવામાં આવી. એ ગોઠવણ પૂરેપૂરી પાર પાડવામાં આવી. સુલેહમાં બીજું એવું વચન આપવામાં આવ્યું હતું કે પાર્લમેંટની પરવાનગી મળે તો ૨ જા ચાર્લ્સના વખતમાં આઇરીશ લોકની જે સ્થિતિ હતી તે, કેટલીક ધાર્મિક છૂટ સુદ્ધાં, તેમને પાછી મેળવી આપવી. રાજા વિલિયમ પોતે તો પોતાના અમલદારોએ કરેલા કૉલકરાર બહાલ રાખવા ઇન્તેજાર હતો, પણ આઇરીશ અને ઇંગ્લીશ બંને પાર્લમેંટનું ધાર્મિક ઝનુન એમ કરવામાં આડે આવતું હતું. આઇરીશ પાર્લમેંટમાં જેમ્સે કૅથલિકોને ભર્યા હતા પણ હવે એમાં પ્રૉટેસ્ટન્ટો જ એકઠા થયા હતા જેઓ કૅથલિકપક્ષને ધિક્કારનારા હતા. અંગ્રેજ પાર્લમેંટની મનોવૃત્તિ પણ એ જ પ્રકારની હતી. પરિણામ એ આવ્યું કે પાર્લમેંટની બહાલી મળવાની શરતે જે વચનો લિમરિક મુકામે આપવામાં આવ્યાં હતાં તે રદ થયાં, અને રોમન કૅથલિક ધર્મ પાળનારા બધા આઇરીશ

લોકો ઉપર—એટલે કે પ્રજાના ઘણા મ્હોટા ભાગ ઉપર—ક્રૂર શિક્ષા કરનારા કાયદાઓ વડે કામ ચલાવવામાં આવ્યું, જેથી બધી સત્તા અને બને તેટલી બધી મિલ્કત પ્રૉટેસ્ટન્ટ લોકના હાથમાં ગઈ. આ બુરી પદ્ધતિમાં એક જ ગુણ એ હતો કે એથી સો વર્ષ સુધી આયર્લૅંડમાં બળવો થયો નહી. કૅથલિક પ્રજા ન્હાનકડા પ્રૉટેસ્ટન્ટ પક્ષથી દબાતી રહી, અને છેક ફ્રાન્સ દેશમાંની રાજકીય ઉથલપાથલ થઈ ત્યાં સુધી અંગ્રેજ સરકારને આયર્લૅંડ તરફથી જરાપણ બ્હીક રહી નહિં. ઇંગ્લંડના હિતમાં આ કાયદાઓ પસાર કરવામાં આવ્યા તેથી, બેલ્ફાસ્ટના અને ઉત્તર તરફના શણકાપડના વ્હેપાર શિવાય, બીજા બધા આયર્લૅંડના વ્હેપારને બહુ જબરૂં નુકસાન થયું.

દેશમાંહેની રાજનીતિ—વિલિયમના મનમાં જે સૌથી વધારે અગત્યની બાબત હતી તેનો, એટલે કે પરદેશ જોડેની રાજનીતિનો વિચાર કરવા પ્હેલાં ઇંગ્લંડમાંનાજ એના રાજ્ય દરમ્યાન થયેલા કેટલાક મહત્વના બનાવો જાણવા અનુકૂળ પડશે. જૂદા જૂદા રાજદ્વારી પક્ષો વચ્ચેના ટંટાઓ વર્ણવીશું નહિં. એ ગઇગુજરીને યાદ કરવાથી લાભ નથી.

ધર્મપંથોના કંકાસોમાં હજી અંગ્રેજોનું ધ્યાન ઘણું રોકાતું હતું, પણ તે છતાં એક મ્હોટો સુધારો થયો હતો. ૩ જા વિલિયમના સમય દરમ્યાન ઇંગ્લંડમાં કોઇપણ વિધર્મીને જીવતો બાળ્યો હોય એવી કલ્પના પણ કરી શકાય નહિં. એ એક જ વાતથી જણાય છે કે સ્વતંત્રતાના વિચારો કેટલા આગળ વધ્યા હતા. વિલિયમની રાજનીતિમાં જોકે ધાર્મિક કજીઆઓ તરફ તદ્દન બેદરકારી ન્હોતી બતાવવામાં આવી, તોપણ એનું મુખ્ય ધ્યાન સંસારી બાબતો તરફ જ હતું. ઇંગ્લંડમાં ધર્મગુરુઓવાળા ઍંગ્લિકન ચર્ચને આશ્રય આપવામાં અને એ જ વખતે સ્કૉટ્લૅંડમાં પ્રેસ્બિટેરિયન ચર્ચના અને એની ધર્મસભાઓના હક્ક જાળવવામાં વિલિયમને કાંઈ મુસીબત પડી નહિં. આવું વર્તન ૧ લો ચાર્લ્સ કે ૨ જો જેમ્સ કદિ રાખી શકે જ નહિં, તેઓ તો પોતપોતાના ધર્મમાં જ શ્રદ્ધા રાખનારા

હતા. વિલિયમે, ત્યારપછીના બધા રાજકર્તાઓની માફક, એક દુનિયાદારીના આદમી તરીકે ઇંગ્લંડનો રાજ્યવહીવટ ચલાવ્યો, ધર્મશાસ્ત્રના પંડિત તરીકે નહિ.

'કૅબિનેટ' એટલે 'પ્રધાનમંડળ'ની શરૂઆત—એકંદર એણે પાર્લમેંટ જોડે સારો સંબંધ નભાવ્યો. એને જોઈતું હતું તેટલું બધું મળ્યું નહિ, અને પોતાને ન ગમે તેવાં અપમાનો પણ સાંખી લેવાં પડ્યાં, પણ બાહોશીથી એણે એકપણ ગંભીર ઝગડો થવા દીધો નહિ. પ્રથમ તેણે વિહુગ અને ટોરી પ્રધાનોનાં મિશ્રમંડળ વડે વહીવટ ચલાવવાની મ્હેનત કરી, પણ ૧૬૯૪ની આખરમાં લૉર્ડ સંડરલૅંડની સલાહ માનીને ટોરીઓને કાઢી મૂકીને એ જગ્યાઓએ વિહુગને મૂકયા, અને એ રીતે જેમાં રાજકાજ વિશે સાધારણ રીતે બધા એકમત હોય એવા મંડળ મારફતે કામ લેવાનો રાજાને લાભ મળ્યો. ચાર વિહુગ પ્રધાનોની સલાહ એ વારંવાર લેતો તેમાં સૌથી મુખ્ય લૉર્ડ સૉમર્સ હતો. એ મંડળને એ વખતે હલકી ભાષામાં 'વિહુગ જંટો' કહેતા. હાલ આમસભામાં જે પક્ષને વધારે મત મળ્યાં હોય તે પક્ષની પ્રિવિ કાઉન્સિલમાંના પ્રધાનોની બનેલી એક કમિટીને કૅબિનેટ કહે છે, તે કૅબિનેટનું મૂળ એ 'વિહુગ જંટો'માં હતું. એ અરસામાં સત્તા રાજા અને ઉમરાવ-મંડળના હાથમાંથી જઈને આમમંડળના હાથમાં ઝડપથી આવવા લાગી હતી, પણ વિલિયમના મરણ સુધી એ ફેર ચોખ્ખો દેખાઈ આવતો ન્હોતો.

નાણાંવહીવટ; બૅંક ઑફ્ ઇંગ્લંડ—એ વખતની અંગ્રેજ સરકારની નાણાં બાબતની પદ્ધતિ તદ્દન પુરાણી અને અણઘડ હતી. લોક પાસેથી નાણાં ઉછીનાં લેવાની રીતસર કોઈ જાતની વ્યવસ્થા ન્હોતી. વખતે વખતે રોકડ નાણું ઉત્પન્ન થાય તેના ઉપર જ રાજાને આધાર રાખવો પડતો. લંડનના સોનીઓ પાસેથી કે બીજા ધનવાન આસામીઓ પાસેથી નાણું ઉછીનું રાજાએ લીધું હોય તો મુદ્દલ અને વ્યાજ બંને તાબડતોબ ભરી આપવાં પડતાં.

કોઈ કોઈ વાર રાજાથી એ બની શકતું નહિં, પણ ઉછીની લીધેલી રકમ પાછી આપ્યા વિના સરકાર માત્ર એ રકમનું વ્યાજ જ આપ્યા કરે એ વાત કોઈના ખ્યાલમાં ન્હોતી. આ અણઘડ પદ્ધતિ ૧૬૯૪ માં બંધ પડી. એ વર્ષમાં પેટરસન નામના એક સ્કૉટ્સમૅનની સૂચનાથી ઇંગ્લંડની બૅંક સ્થાપવામાં આવી. એ બૅંકની વ્યવસ્થા એવી હતી કે બૅંકમાં લોકોએ મૂકેલા નાણાંમાંથી અમુક રકમ બૅંક સરકારને ઉછીની આપે, અને જ્યાંસૂધી વ્યાજ નિયમિત રીતે મળ્યા કરે ત્યાંસૂધી મુદ્દલ પાછું માગે નહિં. આ રીતે અત્યારનાં "નૅશનલ ડેટ" એટલે 'પ્રજા પ્રત્યેનાં દેણાં'ની પદ્ધતિ ચાલુ થઈ, અને વિલિયમને ફ્રાન્સ જોડેના વિગ્રહ માટે નાણું પૂરું પડ્યું. જૂની પદ્ધતિ હિંદુસ્તાનમાં બીજો એક સૈકો ચાલુ રહી. ઉધાર નાણું લેવાની હાલની પદ્ધતિ એ વખતે ન્હોતી તેથી જ વૉરન હેસ્ટિંગ્ઝને રોકડ નાણું ઉત્પન્ન કરવાની જરૂર પડી અને એટલા માટે ચૈતાસિંહ અને અયોધ્યાની બેગમ જોડેના વ્હેવારમાં એને ઉતરવું પડ્યું, જેને માટે અત્યારે આટલો બધો ઠપકો આપવામાં આવે છે. આ વિષય એટલો બારીક અને ગુંચવાડાભરેલો છે કે અહિં વધારે ચર્ચા થઈ શકે નહિં, પણ વિદ્યાર્થીએ એટલું લક્ષમાં રાખવું કે ઇંગ્લંડમાં હાલની નાણાંવહીવટની પદ્ધતિની શરૂઆત ૩ જા વિલિયમના વખતમાં થઈ.

શિક્કાઓમાં સુધારો—સારા રાજકારભારનો મુખ્ય આધાર સાબીત નાણાંવહીવટ ઉપર રહે છે તેની રાજાને કેટલી સારી સમજણ હતી તે એણે ચલણી શિક્કાઓમાં સુધારો કરીને બતાવી આપ્યું. એ વખતે ચલણી નાણું બહુ ખરાબ હાલતમાં હતું. શિક્કાઓ ઘસાઈ ગયેલા અને કપાઈ ગયેલા હતા એટલે એની ખરી કિંમત બજારુ કિંમત કરતાં ઘણી ઓછી હતી. નવા ખરી કિંમતના શિક્કાઓ પાડવાના ખર્ચ માટે વિલિયમે ૧૬૯૫ માં ખાસ કર નાખીને ૧૨,૦૦,૦૦૦ પૌંડ મેળવ્યા, અને જુદા જુદા પ્રાંતોમાં પાંચ ટંકશાળ સ્થાપીને બે વર્ષમાં સુધારો પાર પાડ્યો.

સર આઈઝૅક ન્યુટનને (આગળ પૃ. ૧૭૫) ૧૬૯૭ માં ટંકશાળનો ઉપરી નીમવામાં આવ્યો.

જાથુકનું સૈન્ય; બળવાને લગતો કાયદો (મ્યુટિનિ ઍક્ટ)—રાજા વિલિયમના વખતમાં કેળવાયેલા જાથુકના સૈન્યની મદદ વગર રાજ ચલાવવું અશક્ય હતું. આપણે આગળ જોઈ ગયા છિએ તેમ આ જાતનું લશ્કર રાખવાની શરૂઆત ૨ જા ચાર્લ્સના વખતમાં થઈ, અને ૨ જા જેમ્સે એ લશ્કરમાં વધારો કર્યો. તેમાં એની પોતાની સત્તા વધારવાનો એનો હેતુ હતો. પરિણામે, તાલીમ મેળવેલું જાથુકનું લશ્કર રોકવાની ફરજ પડી તેથી પ્રજા બહુ ડરતી હતી. પણ એની જરૂર હતી એ વાતની તો પ્રજા પણ ના પાડી ન શકી. પાર્લમેંટને એક યુક્તિ સૂઝી આવી. 'બળવાને લગતો કાયદો' (મ્યુટિનિ ઍક્ટ)પસાર કરીને, લશ્કરી અદાલતો સ્થાપવાની સત્તા આપી, જોકે આવી અદાલતોની 'પ્રજા હુકકના કાયદા' (બિલ ઑફ્ રાઈટ્સ)થી મના કરવામાં આવી હતી, પણ એ સત્તાની હદ વધારેમાં વધારે છ માસની જ રાખવામાં આવી. પાછળથી આ હદ વધારીને એક વર્ષની કરવામાં આવી (૧૬૮૯). ત્યાર પછી હંમેશાં દરેક વર્ષે 'બળવાને લગતો કાયદો'—અથવા હાલનું નામ આપિયે તો લશ્કરી કાયદો (આર્મી ઍક્ટ)—પસાર કરીને લશ્કર ઉપરની સત્તા પાર્લમેંટે પોતાના જ હાથમાં જાળવી છે. જો એ કાયદો વરસે વરસે પસાર કરવામાં ન આવે તો લશ્કરની હયાતી જ ન રહે.

ધર્મછૂટનો કાયદો (ટૉલરેશન ઍક્ટ)—એ જ વર્ષે ધર્મમાં છૂટ આપવાનો કાયદો પસાર કરવામાં આવ્યો જેમાં પ્રૉટેસ્ટન્ટ ડિસેન્ટરોને, કેટલીક શરતે પોતપોતાની રીત પ્રમાણે પ્રાર્થના કરવાની છૂટ આપવામાં આવી. પણ રોમન કૅથલિકને કાંઈપણ છૂટ આપવામાં ન આવી, તેઓની જાહેર પ્રાર્થના ગેરકાયદેસર ગણાતી હતી.

વારસદારીનો કાયદો (ઍક્ટ ઑફ્ સેટલમેન્ટ)—રાણી મેરી ૧૬૯૪ માં શીતળા નીકળવાથી મરણ પામી. રાજાની

ઉપર એથી મ્હોટું દુઃખ આવી પડ્યું. રાણી એક ભલી સ્ત્રી હતી. રાજા કહેતો કે 'એની ભલાઈ મારા શિવાય બીજો કોઈ સમજી શકે નહિં.' એને છોકરાં ન્હોતાં. એની બ્હેન ઍન્ ડેન્માર્કના પ્રિન્સ જ્યૉર્જને પરણી હતી, તેને ઘણાં છોકરાં થયાં હતાં, પણ એક બાળક, ડ્યૂક ઑફ્ ગ્લૉસ્ટર, શિવાયનાં બધાં મરી ગયાં હતાં. આ ડ્યૂક પણ ૧૭૦૦ માં અગ્યાર વર્ષની ઉંમરે મરણ પામ્યો એટલે ઍન્ પછી ગાદીએ કોણ આવે એ નક્કી કરવાની જરૂર લાગી. એ પછીને વર્ષે ૨ જો જેમ્સ ફ્રાન્સમાં મરણ પામ્યો, અને પોતાના હક્કો અને દાવાઓ પોતાના પુત્રને સોંપતો ગયો. વિલિયમના અનુયાયીઓ એ પુત્રને પ્રિટેન્ડર એટલે ખોટો દાવો કરનાર કહેતા, પણ ફ્રાન્સના રાજાએ એને ઈંગ્લંડના ૩ જા જેમ્સ તરીકે સ્વીકાર્યો. રોમન કૅથલિક રાજકર્તા કબૂલ ન જ કરવો એવો પ્રજાનો મક્કમ નિશ્ચય હતો, છતાં એને પસંદગી તો રાજકુટુંબમાંથી જ કરવી હતી. એથી રોમન કૅથલિક હોવાને કારણે નજીકનાં બારેક સગાંઓને બાજૂ મૂકીને પાર્લમેંટે પ્રિન્સેસ ઍન્ પછી ગાદીએ આવવા માટે હૅનોવરની ઇલેક્ટ્રેસ સોફાયા અને એનાં ફરજંદોની પસંદગી કરી, કારણ કે તેઓ સૌથી નજીકના પ્રૉટેસ્ટન્ટ સગાંઓ હતાં. ૧ લા જેમ્સની દીકરી એલિઝાબેથ જોડે પરણેલા ઇલેક્ટર ઑફ્ પૅલૅટાઈનની એ દીકરી સોફાયા કાંઈ નહિ તો બ્હારથી તો પ્રૉટેસ્ટન્ટ હતી. અંગ્રેજ ગાદીનો વારસો એને આપનારો ૧૭૦૦ ની સાલનો આ કાયદો સાધારણ રીતે 'વારસા નિર્ણયનો કાયદો' (ઍક્ટ ઑફ્ સેટલમેંટ) કહેવાતો, પણ એને મથાળે આવું નામ આપ્યું છેઃ "રાજમુગટની સત્તાને વધારે હદમાં રાખવા માટેનો અને પ્રજાના હક્કોને અને સ્વતંત્રતાને વધારે મક્કમ કરવા માટેનો કાયદો". એ કાયદા પ્રમાણે દરેક રાજા ઈંગ્લંડના ચર્ચનો (ધર્મસંસ્થાનો) અનુયાયી હોવો જોઇયે, અને આપણા હાલના રાજા અને બાદશાહ પણ એ કાયદાની રૂએ જ પોતાની ઉચ્ચ પદવીએ બિરાજે છે. એ કાયદાની કેટલીક ઓછી ઉપયોગી કલમો પાછળથી ફેરવવામાં આવી હતી.

ન્યાયાધીશોની સ્વતંત્રતા—એ કાયદામાંનો એક અત્યંત ઉપયોગી કાનૂન એવો હતો કે ન્યાયાધીશો આમમંડળના સભ્ય ન હોવા જોઈએ. પાછળથી એક કાયદો ઘડવામાં આવ્યો જેથી આ કાનૂનને વધારે ટેકો મળ્યો. ટયૂડર અને સ્ટુઅર્ટ રાજાઓ તો એવું માનતા કે ન્યાયાધીશોએ રાજાના તાબેદાર સેવક રહેવું જોઈયે અને રાજાની ઇચ્છા પ્રમાણે ચુકાદાઓ આપવા જોઈયે. જ્યાંસૂધી ન્યાયાધીશો રાજાની ખુશી પ્રમાણે પદવી ઉપર નીમાતા ત્યાંસૂધી તેઓ સ્વતંત્ર રહી શકતા નહિં. વારસદારીના કાયદામાં એવું ફરમાન કરવામાં આવ્યું કે ન્યાયાધીશો સારી ચાલચલગત દરમ્યાન અમુક ચોક્કસ પગારે પદવી ભોગવી શકે, અને પાર્લમેંટના બંને વિભાગો તરફથી લખાણ થયા પ્હેલાં તેઓને બરતરફ કરી શકાય નહિં.[1] આ કાયદો હજી પણ અમલમાં છે, અને ઇંગ્લંડની વડી અદાલતોના ન્યાયાધીશોની આટલી ઉંચી આબરૂ મનાયછે તે પણ એનું જ પરિણામ છે. હિંદુસ્તાનની હાઈ કૉર્ટોના ન્યાયાધીશોની સ્વતંત્રતા વ્હેવારૂ રીતે જળવાઈ રહેછે તેનું કારણ એ કે તેઓની નીમણુક રાજા જાતે કરેછે, હિંદુસ્તાનની સરકાર નહિં. એ ન્યાયાધીશોને ઇંગ્લંડની સરકાર જોડે સીધો કોઈ સંબંધ ન હોવાથી, અને હિંદુસ્તાનમાં તેઓ પદવીમાં સ્થિર અને સલામત હોવાથી ખરી રીતે તેઓ પણ ઇંગ્લંડના ન્યાયાધીશો જેટલા જ સરકારથી સ્વતંત્ર છે.

હિંદુસ્તાનમાંના બનાવો—ઇસ્ટ ઇન્ડિયા કંપની હિંદુસ્તાનમાં ધીમે ધીમે આગળ વધતી જતી હતી. ૧૬૦૦ માં જૉબ ચાર્નોક નામના પુરુષે કલકત્તા સ્થાપ્યું અને થોડાં વર્ષો પછી ત્યાં બંધાયેલા કિલ્લાને રાજાના માનમાં ફૉર્ટ વિલિયમ નામ આપવામાં આવ્યું. પટો મેળવવા માટે અંગ્રેજ સરકારને વીશ લાખ નગદ સોના મ્હોર ઉછીની આપીને એક હરીફ કંપની ૧૬૯૮માં ઉભી થઈ, તેથી મૂળ ઇસ્ટ ઇન્ડિયા કંપની જબરી મુસીબતોમાં આવી પડી. વિલિયમના મરણ પછી

---

૧. આ સુધારો આયર્લંડને લાગૂ ન પડતો. ગ્રૅટનની પાર્લમેંટે એ દાખલ કર્યો.

તરતજ, અને સ્પૅનિશ વારસાના (સ્પૅનિશ સકસેશનના) વિગ્રહની જરાક જ અગાઉ, એપ્રિલ ૧૭૦૨માં બંને કંપનીઓનું નામનું જોડાણ કરીને આ મુસીબતોને કાંઈક અંશે દૂર કરવામાં આવી. પણ મુશ્કેલી ૧૭૦૮ સૂધી ચાલૂ રહી. એ વર્ષમાં ઈંગ્લંડના લૉર્ડ હાઈ ટ્રેઝરર લૉર્ડ ગૉડૉલ્ફિને બહુ વિચાર કરીને ઘડેલો એક ચુકાદો બહાર પાડ્યો જેથી બધી તકરારો દૂર થઈ અને બંને કંપનીઓનું ખરૂં જોડાણ થયું. એ ચુકાદાને પાર્લમેંટે બહાલ રાખ્યો. ૧૭૦૭ માં ઔરંગઝેબનું મરણ થયું અને ત્યાર પછી મોગલ શહેનશાહત તૂટવા લાગી.

છાપખાનું—છાપેલા ગ્રન્થો અને ચોપાનિયાંઓ પ્રગટ કરવાનો પરવાનો આપવાનો હક્ક જુના વખતમાં ધર્મગુરૂઓ પોતાના હાથમાં રાખતા. ૧ લા જેમ્સ અને ૧ લા ચાર્લ્સનાં રાજ્યોમાં સ્ટાર ચેમ્બર સખ્ત જાપ્તો રાખતી અને સરકારને અણગમતી બાબત છાપનારાઓને આકરી શિક્ષા કરતી. રાજાના પુનરાગમન પછી સનદનો કાયદો (લાઇસન્સિંગ ઍક્ટ) પસાર કરવામાં આવ્યો (૧૬૬૨), જેમાં ફક્ત લંડનમાં, યોર્કમાં અને ઑક્સફર્ડ અને કેમ્બ્રિજની યુનિવર્સિટીમાં જ છાપખાનાં ચલાવવાની છૂટ આપવામાં આવી. છપાયેલો દરેક ગ્રંથ સનદ આપનાર અધિકારી પાસે પસંદ કરાવવો પડતો. ૧૬૯૫ માં આમમંડળે એ કાયદો નવેસર પસાર કરવાની ના પાડી, અને અમલદારોના કાબુમાંથી પોતે છૂટા થયા એથી પ્રકટકર્તાઓ અને છાપનારાઓ આશ્ચર્ય પામ્યા. અલબત્ત બદનક્ષીના કાયદા પ્રમાણે તેઓ પર અત્યારે ચલાવી શકાયછે તેમ તે વખતે પણ કામ ચલાવી શકાતું—એ અંકુશ કાયમ રહ્યો. ૩ જા વિલિયમના અને ઍનના રાજ્યમાં બદનક્ષીના આરોપની શિક્ષા વખતે વખતે બહુ સખ્ત કરવામાં આવતી. દાખલા તરીકે રૉબિન્સન ક્રૂઝોના લેખક ડૅનિયલ ડિફોને સરકારની વિરુદ્ધમાં ચોપાનિયું છપાવા માટે ૧૭૦૨ માં દંડની તથા કેદની શિક્ષા કરવામાં આવી અને એને 'પીલરી' માં[૧] મૂકવામાં આવ્યો.

---

૧. પીલરી એ સ્તંભ ઉપર ઉભું કરેલું લાકડાનું પાટિયું હતું. એમાં ત્રણ કાણાંઓ રાખવામાં આવતાં જેમાં માથું અને બે હાથ

પરવાનાનો કાયદો રદ થવાથી ઘણાં વર્તમાનપત્રો ચાલૂ થયાં. પ્હેલું રોજીંદું વર્તમાનપત્ર ડેલી કૂરન્ટ ૧૭૦૨માં પ્રકટ થયું. પ્હેલુ અંગ્રેજી વર્તમાન-પત્ર વીકલી ન્યૂસ (અઠવાડીક સમાચાર) ૧૬૨૨માં નીકળ્યું હતું. સત્તરમી અને અઢારમી સદીઓમાં લોકમત કેળવવાનું કામ વર્તમાન-પત્રમાંના લેખોથી નહિ પણ છૂટક ચોપાનિયાંઓ વડે કરવામાં આવતું હતું.

વિલિયમની પરદેશખાતાની રાજનીતિ—હવે આપણે પરદેશ જોડેનો વ્યવહાર તપાશિયે. ઈંગ્લંડનો રાજા હોવા ઉપરાંત વિલિયમ હૉલંડનો સ્ટૅટહોલ્ડર એટલે ગવર્નર ચાલૂ રહ્યો તેથી યુરોપખંડની રાજકીય ચળવળ સાથે એ ગાઢા સંબંધમાં રહેતો, એ કારણે વિલિયમનું મન પરદેશના મામલાઓમાં ખાસ પરોવાયેલું રહેતું. ફ્રાન્સને યુરોપમાંનું મુખ્ય રાજ્ય બનાવનાર અને 'મહાન્ સમ્રાટ્' (લ ગ્રાં મૉનાર્ક) તરીકે ઓળખાતા, ફ્રાન્સના સત્તાલોભી રાજા ૧૪ મા લૂઈની સરદારી નીચે ફ્રાન્સની સત્તા વધતી જતી હતી તે અટકાવવી એ વિલિયમના જીવનનો મુખ્ય હેતુ હતો. ૨ જો ચાર્લ્સ અને ૨ જો જેમ્સ જીવ્યા ત્યાંસુધી, સ્ટુઅર્ટ રાજાઓની લાંચખોર ગુલામગીરીને લીધે, અંગ્રેજ પ્રજાની ઈચ્છા વિરુદ્ધ ઈંગ્લંડની લાગવગ ફ્રાન્સની તરફદારીમાં વપરાતી. ૩ જા વિલિયમના રાજ્યારોહણથી ઈંગ્લંડ અને હૉલંડ એ બે પ્રૉટેસ્ટન્ટ રાજ્યો જોડાયાં અને ૧૪ મા લૂઈના સત્તાલોભ ઉપર અંકુશ મૂકવાના કામમાં જોડાયાં.

૧૪ મો લૂઈ; પૅલૅટિનેટનો વિગ્રહ—૧૬૭૮ માં થયેલી નિમેગનની સુલેહથી સ્પૅનિશ નેધરલૅંડ્ઝના (હાલના બેલ્જીયમના)

અડચણ કરે તેવી રીતે ભરાવવામાં આવતાં અને કલાક સૂધી કે વધારે વખત તેમ રાખવામાં આવતાં. ગુન્હેગાર લોકમાં અળખામણો થયો હોય તો એની ઉપર કચરાનો ને પથરાનો વરસાદ વરસાવવામાં આવતો. ડિફો લોકપ્રિય હતો તેથી એને ફુલના હાર લોકે પ્હેરાવ્યા હતા. આ શિક્ષા ૧૮૩૭ પછી કોઈને થઈ નથી.

કિલ્લાઓ લૂઈના હાથમાં રહ્યા હતા, અને ૧૬૮૧ માં એણે ર્‌હાઇન નદીની નજદીકમાં આવેલું મજબૂત શહેર સ્ટ્રાસબર્ગ પોતાના રાજ્યમાં જોડી દીધું હતું તેથી ૧૬૮૪ માં લૂઈ પોતાની સત્તાને શિખરે પ્હોચ્યો હતો. પણ ૧૬૮૫ માં એણે નૅન્ટ્નું ફરમાન રદ કર્યું. અને ત્યારપછી પ્રૉટેસ્ટન્ટો ઉપર જુલ્મ વર્તાવ્યો તેથી ફ્રાન્સના ચુનંદા ૪,૦૦,૦૦૦ વતનીઓ એ દેશ છોડી ગયા તેની ખોટ જણાઈ, અને એમને આવકાર આપનારા ઇંગ્લંડ, આયર્લૅંડ અને બીજા પ્રૉટેસ્ટન્ટ સત્તા નીચેના દેશોને લાભ થયો. આ કારણે એ વર્ષથી—૧૬૮૫ ની સાલથી—ફ્રાન્સની પડતી શરૂ થઈ. એ વખતે લૂઈનું રાજ્યતંત્ર ચોખ્ખી આપખુદીથી ભરેલું હતું. રાજાની સત્તા ઉપરના બધા અંકુશો દૂર કરવામાં આવ્યા હતા. ર્‌હાઇનને કાંઠે આવેલા પૅલૅટિનેટ ઉપર ફ્રેંચ રાજાએ, ૧૬૮૮માં, કેરપીણ ક્રૂરતાથી કરેલા હુમલાને લીધે નવો વિગ્રહ શરુ થયો. વિલિયમ અને મેરીના રાજ્યારોહણ પછી તરત જ ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે વિગ્રહ જાહેર થયો હતો (મે ૧૬૮૯). આપણે જોઈ ગયા તેમ લૂઇએ આયર્લૅંડમાં જેમ્સને મદદ આપીને વિલિયમ પાસેથી ઇંગ્લંડનું તખ્ત ખૂંચવી લેવાનો બન્યો તેટલો પ્રયાસ કર્યો હતો, પણ બૉઇનની લડાઈથી (૧૬૯૦), અને લિમરિકના તાબે થઈ જવાથી (૧૬૯૧), એના પ્રયત્નો નિષ્ફળ થયા હતા. ૧૬૯૨ માં ઇંગ્લીશ અને ડચ રાજ્યોના સંયુક્ત કાફલાઓના સરદાર ઍડ્‌મિરલ રસલે નૉર્મંડીના કિનારા સ્હામે લા હોગની લડાઇમાં ફ્રેંચ કાફલાનો લગભગ નાશ કરીને ઇંગ્લંડને ચડાઇની બીકમાંથી તદ્દન મુક્ત કર્યું.

જમીન ઉપરની લડાઈમાં વિલિયમનું ભાગ્ય કમતી હતું. નેધર્લૅંડઝમાં કેટલીક લડાઇમાં એ હાર્યો, અને ફક્ત એક જ જીત મળી જેમાં એણે નામૂર નામે ઉપયોગી શહેર કબજે કર્યું—અને એ કામ યુદ્ધકળાનું મ્હોટું પરાક્રમ હતું.

રીઝ્‌વિકની સુલેહ—ફ્રાન્સ દેશ વિગ્રહથી એટલો થાકી ગયો હતો કે ૧૬૯૭ માં લૂઇને રીઝવિકની સુલેહના કોલકરારો કબૂલ રાખવા

પડ્યા, જેમાં એણે વિલિયમને ઇંગ્લંડના રાજા તરીકે સ્વીકાર્યો અને નિમેગનની સુલેહ પછી જીતેલાં સ્થાનો છોડી દીધાં. રાજા વિલિયમની રાજનીતિનો આ મ્હોટો વિજય હતો, અને આખા યુરોપને એથી ખૂબ નીરાંત થઇ કારણ કે થોડાંક વર્ષો સૂધી ફ્રાન્સના ડરમાંથી છુટકારો થયો.

સ્પેનની વારસદારી—પણ વિગ્રહમાંથી છુટકારો લાંબો વખત રહ્યો નહિં. સ્પેનનો રાજા માંદો હતો અને એના રાજ્યના વારસાનો ત્રણ પક્ષો દાવો કરતા હતા—૧૪ મો લૂઈ, જર્મૅનિક શહેનશાહ, અને પ્રિન્સ ઑફ્ બાવેરિયા. ભાગલા પાડવાનું ઠરાવનારાં બે કરારનામાંઓ (૧૬૯૮, ૧૭૦૦) વડે નિવેડો લાવવાનો અને યુરોપનાં જુદાં જુદાં રાજ્યો વચ્ચે સત્તાનું પ્રમાણ જાળવવાનો વિલિયમે પ્રયાસ કર્યો. પણ એ કરારો કદી અમલમાં મૂકાયા નહિં. ૧૭૦૦ માં સ્પેનનો રાજા મરી ગયો અને ૧૪ મા લૂઈના પૌત્ર ડયૂક ઑફ્ આંઝુના લાભમાં વીલ કરતો ગયો. એથી લુઈએ તરત જ યુરોપ, અમેરિકા, અને એશિયા અંદરના મહાન્ સ્પેનિશ રાજ્ય ઉપરનો પોતાના પૌત્રનો દાવો જાહેર કર્યો. આ દાવાથી લગભગ આખું યુરોપ ફ્રાન્સની સ્હામે થઈ ગયું.

મિત્રરાજ્યોનું મહાન્ જોડાણ (ગ્રાન્ડ ઍલાયન્સ); ૩ જા વિલિયમનું મરણ—સ્પેનનું ફ્રાન્સ સાથે જોડાણ થતું અટકાવવાને માટે અને બીજા હેતુઓ માટે ૧૭૦૧ માં ઇંગ્લંડ, હૉલંડ અથવા ડચ પ્રજારાજ્ય, અને હવે ઑસ્ટ્રિયા તરીકે ઓળખાવા લાગતી જર્મૅનિક શહેનશાહત વચ્ચે મહાન્ મિત્રતાના કોલકરારો કરવામાં આવ્યા. એજ વખતે ૨ જો જેમ્સ મરણ પામ્યો અને લૂઇએ એકદમ 'ખોટો દાવો કરનાર' નામે ઓળખાતા એના દીકરાને ઇંગ્લંડના ૩ જા જેમ્સ તરીકે જાહેર રીતે સ્વીકાર્યો. એ કાર્યથી અંગ્રેજ પ્રજાને ક્રોધ ચડ્યો. નવી પાર્લમેંટ ચૂંટવામાં આવી એમાં વ્હિગ લોકોની થોડીક બહુમતિ હતી. એ પાર્લમેંટે ફ્રાન્સ જોડે નવેસર લડાઈ કરવા માટે મ્હોટી નાણાંની રકમો ઝડપથી મંજૂર કરી. રાજા વિલિયમને લશ્કરોની સરદારી પોતે લેવાની હોંશ હતી, પણ લાંબા વખતથી એની તબીઅત

નબળી રહેતી હતી એથી **માર્ચ** માસમાં થયેલા એક અકસ્માતની અસરથી એ મરણ પામ્યો. એના જીવનનું મ્હોટું કાર્ય **ફ્રાન્સ**ની સત્તા ઉપર **અંકુશ** મૂકયો એ હતું. પોતાની મ્હેનતનું પૂરું પરિણામ જોવા એ રહ્યો નહિં. એ મ્હેનત ઉપર જ **માર્લબરો**ની ફતેહોનો આધાર હતો. એ ફતેહોનું વર્ણન હવે પછી આપીશું.

ઍનનું રાજ્યારોહણ; માર્લબરો—વારસદારીના કાયદા અનુસાર એકદમ **ઍન**ને ઇંગ્લંડની રાણી તરીકે સ્વીકારવામાં આવી. એ એક ભલી, સદ્‌ગુણી, પણ મંદ બુદ્ધિવાળી સ્ત્રી હતી અને ઇંગ્લંડની ધર્મસંસ્થાને (ચર્ચને) બહુ શ્રદ્ધાથી વળગી રહેનારી હતી. એનો ધણી ડેન્માર્કનો પ્રિન્સ જ્યૉર્જ એના કરતાં પણ વધારે કમઅક્કલ હતો અને કાંઈ હિસાબમાં જ ન્હોતો.[1] પોતાની સખી સારાહ, કાઉન્ટેસ ઑફ્ **માર્લબરો**, જે સલાહ આપે તે પ્રમાણે રાણી ચાલતી. એ **સારાહ**ના ધણી જૉન ચર્ચિલે રાજક્રાન્તિ કરવામાં બહુ મ્હેનત કરી હતી અને **માર્લબરો**ને અર્લ બનાવીને એની કદર કરવામાં આવી હતી. ફ્રેંચ અને **આઈરીશ** વિગ્રહોમાં એણે સારી સેવા બજાવી હતી, પરંતુ એણે દેશનિકાલ થયેલા રાજા જોડે પત્રવ્યવહાર ચલાવ્યો હતો અને ફ્રેંચ લોકોને ઇંગ્લંડની યોજનાઓની માહિતી પણ પૂરી પાડી હતી. એટલા માટે



ઍન

૧, ૨ જો ચાર્લ્સ એને માટે ટુંકામાં કહેતો: "મેં એને છાકટો પણ તપાસ્યો છે અને ગંભીર પણ તપાસી જોયો છે, પણ એમાં કાંઈ માલ નથી."

વિલિયમે એને બરતરફ કર્યો હતો પણ એ રાજા ચર્ચિલની સેનાપતિ તરીકેની કિંમત જાણતો હતો, તેણે ઍનને એવી ભલામણ કરી કે નવા વિગ્રહમાં અંગ્રેજ લશ્કરોની સરદારી કરવા માટે એ જ પુરુષ સૌથી યોગ્ય છે.[1] ૧૭૦૨ માં વિગ્રહ જાહેર થયો ત્યારે બાવન વર્ષના માર્લબરોને સંયુક્ત ડચ અને અંગ્રેજ સૈન્યોનો મુખ્ય સેનાપતિ નીમવામાં આવ્યો. એ વખતથી ૧૭૧૦ ની આખર સૂધી યુરોપમાં સૌથી વિશેષ સત્તા એના હાથમાં હતી. એ ૧૭૦૨ માં ડયૂક બન્યો હતો.

સ્પેનની વારસદારીનો વિગ્રહ (વૉર ઑફ ધ સ્પૅનિશ સકસેશન); બ્લેન્હીમ—૧૭૦૨ માં શરુ થયેલા અને ૧૭૧૩ સૂધી ચાલેલા મહાન્ વિગ્રહને ઇતિહાસકારો 'સ્પેનની વારસદારીના વિગ્રહ' તરીકે ઓળખે છે. ૧૭૦૨ અને ૧૭૦૩ રણસંગ્રામનો હેતુ હૉલંડના દક્ષિણ સરહદને ફ્રેંચ લોકોની સ્હામે સલામત બનાવવાનો હતો. ફ્રેંચ અને બાવેરિયન લોકો જર્મનીમાં થઈને શહેનશાહના પાયતખ્ત વિયેના ઉપર ધશી જવાની અને એ રીતે શહેનશાહને દબાવીને તેની પાસે સુલેહ કરાવવાની આશા રાખતા હતા. સૅવોયના પ્રિન્સ યુજેનની ઉલટભરી મદદ મેળવી શકેલો માર્લબરો ચેતી ગયો કે નેધરલૅંડઝમાં નહિ પણ પૂર્વદિશામાં ફ્રેંચ લોક ઉપર હલ્લો કરવામાં ડહાપણ હતું. તેથી એણે વુર્ટૅમ્બર્ગમાં થઇને હિંમતભરી કૂચ કરી અને ડૅન્યૂબ નદીને કિનારે આવેલા બાવેરિયામાંના બ્લેન્હીમ નામના ગામ નજીક ફ્રેંચ લોકની સ્હામે આવી પ્હોચ્યો, અને તેઓને ત્યાં મજબૂત રીતે ગોઠવાયેલા દીઠા.[2] કુશળ હીલચાલ

---

૧. વિલિયમે એવું કહ્યું કહેવાય છે કે, "ઈગ્લંડના કોઈ પણ માણસ કરતાં ડયૂક ઑફ્ માર્લબરોમાં સેનાપતિ તરીકે બુદ્ધિ વધારે છે, પણ એ નીચ માણસ છે, અને હું એને ધિક્કારું છું, કારણ કે હું રાજદ્રોહનો લાભ લઈ શકું તોપણ રાજદ્રોહીને સાંખી શકું નહિ."

૨. ફ્રેંચ અને જર્મન લેખકો આ લડાઇને નજીકના એક શહેર ઉપરથી હૉકસ્ટૅડની લડાઈ કહે છે.

કરીને અને બળથી લડીને મિત્રસૈન્યોએ ફ્રેંચ અને બાવેરિયનોને હરાવ્યા, અને જર્મનીને બચાવ્યું (૧૩ મી ઑગસ્ટ, ૧૭૦૪). ફ્રેંચ લોકે એક અથવા બીજી રીતે, લગભગ ૪૦,૦૦૦ માણસો, બધા તંબૂઓ અને માલમત્તા, અને તોપોનો અને ટુકડીઓના ઝુંડાઓનો મ્હોટો ભાગ, ગુમાવ્યાં. માર્લબરો અને પ્રિન્સ યુજીનના ૧૨,૦૦૦ માણસો માર્યા ગયા અથવા જખમી થયા. લૉર્ડ સ્ટૅન્હોપ કહે છે કે "એ લડાઇના સમાચારે ૧૪ મા લૂઇના જાહોજલાલીભર્યાં અને મગરૂર રાજઅમલથી યુરોપ ઉપર પથરાયેલી જાદુઈ અસરને તોડી નાખી. અગાઉનાં વર્ષોમાં વિલિયમે એને આગળ આવતો અટકાવયો હતો, અને એની ફત્તેહોના બદલામાં પોતે ફત્તેહો મેળવી હતી, તે ઉપરાંત વિશેષ ન્હોતું કર્યું. એની ફત્તેહોને હારમાં ફેરવી નાખનારો પ્રથમ પુરુષ ખરું જોતાં માર્લબરો જ હતો."

રામિલીની લડાઈ—બીજી મ્હોટી લડાઇ નેધર્લૅંડઝમાં, એટલે કે હાલના બેલ્જીયમમાં નામૂર અને લુવૅ વચ્ચે આવેલા રામિલી ગામ નજીક થઇ (૧૭૦૬). બંને પક્ષનાં લશ્કરો લગભગ સરખાં હતાં. ફ્રેંચ લશ્કરમાં લગભગ ૬૦,૦૦૦ માણસો હતાં અને સંયુક્ત મિત્રરાજ્યોના લશ્કરમાં ૬૨,૦૦૦ હતાં. લડાઇનું પરિણામ એ આવ્યું કે મિત્રરાજ્યોના કરતાં ઘણી વધારે નુકસાની વેઠીને ફ્રેંચ લોકો હાર્યા, અને લૂઈએ નામૂર અને મોં શિવાયનો આખો સ્પૅનિશ નેધર્લૅંડઝનો મુલ્ક ગુમાવ્યો.

ઊદનાર્દની લડાઈ—બ્રાસેલ્સની પશ્ચિમે, શેલ્ટ નદીને કીનારે આવેલા ઊદનાર્દને ફ્રેંચ લોકોએ ઘેરો ઘાલેલો હતો. માર્લબરોએ ફ્રેંચ લોકોને સખ્ત હાર ખવરાવીને એ ઘેરો ઉઠાવવાની ફરજ પાડી. આ યુદ્ધને પરિણામે લીલનો કિલ્લો મિત્રરાજ્યોએ સર કર્યો.

માલપ્લાકેની લડાઈ—માર્લબરોની ચોથી અને સૌથી વધારે ખૂનખાર ફત્તેહ ૧૭૦૯ માં હાલ ફ્રેંચ હદમાં આવેલા માલપ્લાકે નજીક મેળવવામાં આવી. એ લડાઈમાં માર્લબરો અને પ્રિન્સ યુજેન


આમ્સ્ટરડામ
હેગ
નિમેગેન
બ્રેડા
ઍન્ટવર્પ
ઘેન્ટ
લુવેન
બ્રસેલ્સ
લીજ
રામિલી
નામુર
માલ્પાકે
કૅલે
બૂલોં
આજિનકુર
ક્રેસી

નેદરલૅંડ્ઝ

લગભગ ૯૦,૦૦૦ માણસોનું લશ્કર લઈને ફ્રેંચ લોકના કાંઈક ન્હાના લશ્કર સામે લડ્યા. કતલ ભયંકર ચાલી હતી અને મિત્રરાજ્યોની નુકસાની શત્રુના કરતાં ઘણી ભારે હતી, પણ માર્લબરોએ મોંનો કબજો મેળવ્યો.

યુટ્રેક્ટની સુલેહ—યુરોપના બ્હોળા ભાગ ઉપર ફેલાયેલા અને લાંબો વખત ચાલેલા વિગ્રહમાં ફ્રાન્સનાં લશ્કર અને નાણાં તદ્દન ખૂટી ગયા. તે એટલે સૂધી કે કરારનામું થયું તેની અગાઉ વર્ષો પ્હેલાં લૂઇ સુલેહ કરીને શાંતિ મેળવવા આતુર હતો. છેવટ, લાંબી લાંબી મસલત થયા પછી હૉલંડમાં યુટ્રેક્ટ મુકામે કરારનામાંઓ ઉપર સહી કરવામાં આવી (૧૧ મી એપ્રિલ, **નવી પદ્ધતિ** પ્રમાણે[1], ૧૭૧૩), અને એ રીતે એક પક્ષ ફ્રાન્સ અને બીજો પક્ષ મિત્રરાજ્યો એ બે પક્ષો વચ્ચે સુલેહ થઇ.


માર્લબરો

આંઝુના ડયૂકને સ્પેનનો રાજા થતો અટકાવવાના ઇરાદાથી આ વિગ્રહ શરુ કરવામાં આવ્યો હતો, પણ વિગ્રહને અંતે ૫ મા ફિલિપના નામથી એને રાજા સ્વીકારવામાં આવ્યો. પણ એના મુલ્કોમાંથી કેટલાક ભાગો બીજાં રાજ્યોને આપવામાં આવ્યા, અને ભૂમધ્ય સમુદ્રના દ્વારઆગળનો જીબ્રૉલ્ટરનો અભેદ્ય કિલ્લો ઇંગ્લંડે રાખ્યો, તેમ જ માઇનૉર્કાનો બેટ પણ ઇંગ્લંડે રાખ્યો. ૧૭૦૪ માં ઓચિંતો હુમલો કરીને જીતેલું જીબ્રૉલ્ટર આજે પણ ઇંગ્લંડના કબજામાંનાં સૌથી ઉપયોગી સ્થળોમાંનું એક છે. માઇનૉર્કા તો ઘણા વખત પ્હેલાં છોડી દેવામાં આવ્યું હતું. પ્રિટેન્ડર (ખોટો દાવો કરનાર) જેમ્સે

---

૧. નવી પદ્ધતિ (ન્યૂ સ્ટાઇલ) માટે પૃ. ૨૧૮ જુઓ.

ફ્રાન્સ છોડી જવું એવી શરત એમાં કરવામાં આવી હતી. અમેરિકામાં નોવા સ્કૉશિયા અને ન્યૂફાઉન્ડલૅંડનાં કિંમતી સંસ્થાનો અને બીજા કેટલાક પ્રદેશો ઇંગ્લંડે ફ્રાન્સ પાસેથી મેળવ્યા. ફ્રેંચ નૌકાસૈન્ય



જીબ્રૉલ્ટર

લા હોગની લડાઇમાં ખતમ થઇ ગયું હતું, અને હૉલંડ, સ્પેન અને બીજી રાજ્યસત્તાઓનાં નૌકાસૈન્યો રદ થઈ ગયાં હતાં, એટલે અંગ્રેજો દરિયામાં સર્વોપરિ થઈ પડ્યા. ઇંગ્લંડના હાથમાં હિંદુસ્તાનનું રાજ્ય આવ્યું તેનું ખરું કારણ દરિયા ઉપરની સર્વોપરિ સત્તા હતું.

"યુટ્રેકટના કરારનામામાં કરાયેલી યુરોપની નવી વ્યવસ્થા પછી, હિંદ જોડેના ખરા હરીફ માત્ર એ જ રહ્યા હતા, ઇંગ્લંડ અને ફ્રાન્સ, કારણ કે બીજા બધા ઉમેદવારો કાં તો પાછળ રહી ગયા હતા અથવા તો અશક્ત થઈ ગયા હતા." (લાયલ)

હિંદના વેપાર માટેની હરીફાઈ ૧૭૪૫ માં શરુ થઈ.

દેશમાંહેનું રાજ્યપ્રકરણ—આ રીતે યુરોપમાંના વિગ્રહના આરંભ, વિકાસ, અને પરિણામની ટૂંકી વીગત આપી. હવે ઇંગ્લંડમાંના જ

બનાવો તપાસીશું. વ્હિગ અને ટોરીના કચકચાટ, અને હજી સ્ટુઅર્ટો પાછા આવે એ બનવાજોગ છે એવું માનનારા દૂરદર્શી રાજદ્વારીઓએ પ્રિટેન્ડર જેમ્સ જોડે ચલાવેલા પ્રપંચો—એ બધામાં આપણે રોકાવાની જરૂર નથી. ફ્રેંચ વિગ્રહને ચાલુ રાખવો એ વ્હિગ પક્ષની રાજનીતિ ગણાતી એટલે ટોરી વિરોધવાળાઓ એમાં વિઘ્ન નાખતા. ૧૭૦૮ માં વ્હિગ પક્ષ ફાવ્યો અને રાણીની મરજી વિરુદ્ધ બળજોરીથી એની પાસે પોતાના પક્ષનાં માણસોનું બનેલું પ્રધાનમંડળ કબૂલાવ્યું. સશેવરલ નામના એક ધર્મોપદેશક ઉપર, રાજસત્તાની સ્હામે થવું એ ગમે તેવા સંજોગોમાં ખોટું છે એ મતલબનો ઉપદેશ આપવા માટે, પાર્લમેંટમાં કામ ચલાવવાની મૂર્ખાઈ કરવામાં આવી તે લોકને પસંદ ન પડ્યું, અને એથી રાણીને ૧૭૧૦ માં પોતાના ટોરી મિત્રોનું બનેલું પ્રધાનમંડળ ગોઠવવાની તક મળી ગઈ. એ પ્રધાનમંડળમાં હાર્લી (લૉર્ડ ઑક્સ્ફર્ડ) અને સીન્ટ જીન (St. John) —બોલિંગબ્રોક—મુખ્ય માણસો હતા. બીજે જ વર્ષે (૧૭૧૧માં) ડચેસ ઑફ્ માર્લબરોની ઉદ્ધતાઈને પરિણામે રાણીને ડ્યૂક ઑફ્ માર્લબરો સાથે કજીયો કરવાની ફરજ પડી અને એને બધા હોદ્દાઓ પરથી બરતરફ કરવામાં આવ્યો.

નવા બનેલા ટોરી ઉમરાવો—એ વખતે આમસભા ટોરી હતી અને સુલેહ માટે આતુર હતી, પણ ઉમરાવસભા વ્હિગ હતી અને લડાઈ ચાલુ રાખવા આતુર હતી. વ્હિગ પક્ષમાં જોડાયલો માર્લબરો સુલેહ કરવાની વિરુદ્ધ હતો. ઉમરાવસભાના આ વિરોધનો ટોરી પક્ષના નવા બાર ઉમરાવો બનાવીને ઉપાય કરવામાં આવ્યો (૧૭૧૧). રાજસત્તાનો એવો ઉપયોગ આ અગાઉ પણ કોઈવાર થયો ન્હોતો તેમ તે પછી પણ કદાપિ થયો નથી. આ એક દાખલો પડયો તે છેક ૧૯૧૧ ની સાલમાં ઉપયોગી નીવડ્યો, કારણકે વ્હિગ પક્ષમાંથી જ ઉત્પન્ન થયલા હાલના લિબરલ પક્ષે મ્હોટા પ્રમાણમાં નવા ઉમરાવો બનાવવાની ધમકી એ સાલમાં આપી હતી. રાણી ઍનના આ કૃત્યથી જ યુટ્રેકટનું કરારનામું કરવાનું બની શક્યું હતું.

પ્રધાનના હોદ્દા ઉપર ધર્મગુરુ—બ્રિસ્ટલના બિશપ ડૉ. રૉબિન્સનની લૉર્ડ પ્રિવિસીલના હોદ્દા ઉપર ૧૭૧૧માં થયેલી નીમણૂક નોંધવા જેવી છે, કારણકે અંગ્રેજ ધર્મગુરુને રાજદ્વારી હોદ્દો મળવાનો એ છેલ્લો દાખલો છે. એ જમાનામાં પણ એની નીમણૂકથી બધાને આશ્ચર્ય ઉપજ્યું હતું. એ ધર્મગુરુએ યુટ્રેક્ટના કરારનામાંની કલમો નક્કી કરવામાં મદદ કરી હતી.

રાણીનું પાર્લમેંટમાં જવું—આ હાલના જમાનાનો કોઈપણ ઇંગ્લંડનો રાજ્યકર્તા પાર્લમેંટમાં જઈને ચર્ચા સાંભળવાનો સ્વપ્ને પણ ખ્યાલ કરે નહિ. રાણી ઍન ઘણીવાર ખાનગી રીતે—એટલે કે ધામધુમ વિના—ઉમરાવમંડળમાં ચર્ચાઓ સાંભળવા જતી. પ્હેલી વાર, ૧૭૦૪માં, એ ગઈ હતી તેનું વર્ણન નજરે જોનાર પુરુષે આમ આપ્યુંછે: 'પ્રથમ સિંહાસન ઉપર, અને પછી, ઠંડી હોવાથી, સગડી પાસે બાંકડા ઉપર' તે બેઠી હતી. ડૉ. સશેવરલના મુકદ્દમા વખતે પણ તે હાજર હતી.

સ્કૉટ્લૅંડ સાથે જોડાણ—વર્ષો સૂધીના વાદવિવાદ પછી ૧૭૦૭માં સ્કૉટ્લૅંડ સાથેનું જોડાણ પાર પાડવામાં આવ્યું એ ઍનના રાજ્યમાંના ઇંગ્લંડ માંહેના બનાવોમાં સૌથી અગત્યનો બનાવ છે. ૧૬૦૩માં રાજકર્તા એક થયો, પણ તેથી દેશ જોડાયા ન્હોતા. બંને દેશો તો અલગ રહ્યા હતા, અને વેરની લાગણી ચાલૂ રહી હતી. સ્કૉટ્લૅંડની પોતાની પાર્લમેંટ જૂદીજ હતી અને એ દેશ પોતાની સ્વતંત્રતાને ચીવટથી જાળવી રહ્યો હતો.[૧] છેવટ જોડાણ થયું તેનું માન ૩જા વિલિયમના વિશ્વાસુ મન્ત્રી લૉર્ડ સૉમર્સની પ્રતિભા અને ધીરજને ઘટે છે. એ સમયે સ્કૉટ્લૅંડ બહુ ગરીબ દેશ હોવાથી નાણાવહીવટના પ્રશ્નોનો નિકાલ મુશ્કેલી ભરેલો જણાતો હતો. લૉર્ડ સ્ટૅન્હોપ કહેછે કે, ઇંગ્લંડની કૂલ

---

૧. ક્રૉમ્વેલે કરેલું પાર્લમેંટનું અરધુંપરધું જોડાણ (આગળ પૃ. ૧૪૪) લાંબું ચાલ્યુ નહિ.

મ્હેસૂલ ૫૧,૯૧,૮૦૩ પાઉંડ હતી અને સ્કૅાટ્‌લૅંડની ફક્ત ૧,૬૦,૦૦૦ પાઉંડ હતી એવી ગણતરી થઇ હતી. આર્થિક સ્થિતિમાં આટલા બધા અંતરવાળા દેશોના હક્કો અને લેણદેણની વ્યવસ્થા કરવી એ કામ સ્હેલું ન્હોતું, પણ લૉર્ડ સૅામર્સની બાહોશીથી બધી મુસીબતોનો નિકાલ થઈ ગયો.

જોડાણની શરતો—પ્રેસ્બિટેરિયન ધર્મસંસ્થાને સ્કૅાટ્‌લૅંડની પ્રજામાન્ય અને રાજ્ય તરફથી સ્થપાયેલા ધર્મ તરીકે સ્વીકારવાથી જૂની ધાર્મિક મુશ્કેલી દૂર થઈ. ઇંગ્લંડ અને સ્કૅાટ્‌લૅંડ મળીને ગ્રેટ બ્રિટન નામે એક રાજ્ય બન્યું અને એનો રાષ્ટ્રિય વાવટો પણ એકજ નક્કી કરવામાં આવ્યો—જે 'યુનિયન જૅક' વાવટામાં ઈંગ્લંડના સૅંટ જ્યૉર્જનો ક્રૅાસ અને સ્કૅાટ્‌લૅંડના સૅંટ ઍન્ડ્ર્યૂનો ક્રૅાસ બતાવવામાં આવ્યા છે. સ્કૅાટ્‌લૅંડની પાર્લમેંટ બંધ પડી અને સ્કૅાટ્‌લૅંડના પ્રતિનિધિ તરીકે આમની સભામાં ૪૫ સભાસદો અને સ્કૅાટ્‌લૅંડના ઉમરાવવર્ગે પ્રતિનિધિ તરીકે ચૂંટેલા ૧૬ ઉમરાવો ગ્રેટ બ્રિટનની પાર્લમેંટમાં બેસવા લાગ્યા. બીજી કલમોમાં નાણાં સંબંધીની અને બીજી ન્હાની વીગતોની વ્યવસ્થા કરવામાં આવી હતી. રોમના કાયદાને આધારે ઘડેલી અને ઇંગ્લંડના અને આયર્લૅંડના કાયદાઓથી જૂદી જાતની સ્કૅાટ્‌લૅંડની ખાસ ન્યાયપદ્ધતિ હતી તે જ સ્કૅાટ્‌લૅંડમાં ચાલૂ રહી. એ વખતે અલબત્ત બંને દેશના ઘણા લોક જોડાણની વિરુદ્ધ હતા, પણ એ પગલાથી ઇંગ્લંડ અને સ્કૅાટ્‌લૅંડને બંનેને થયેલા લાભ એટલા તો સ્પષ્ટ છે કે જમાનાઓ વિત્યા પણ એક પણ અવાજ એની વિરુદ્ધ સંભળાયો નથી. પોતાની સંમતિ આપવાની દબદબાભરેલી ક્રિયા વખતે પ્રમુખપદે બિરાજેલી રાણીએ કહ્યું કે: "બંને મુલ્કની મારી પ્રજા પ્રત્યે હું ઇચ્છુંછું, અને આશા રાખું છું, કે આજથી તેઓ એકબીજા તરફ બને તેટલા માનથી અને હેતથી વર્તે, જેથી આખી દુનિયાને જણાય કે તેઓનાં હૃદયો એક પ્રજા બનવાને આતુર છે. આથી મને ઘણો આનંદ થશે." એ રાણીની ઇચ્છા સફળ થઈ છે.

ઍનનું મરણ—યુટ્રેક્ટનું કરારનામું થયું એ ઍનના રાજ્યનો છેલ્લો મોટો બનાવ હતો. જે વર્ષે કરારનામા ઉપર સહીઓ મૂકાઈ એ જ વર્ષે (૧૭૧૩ માં) એની તબીઅત લથડવા લાગી અને ઑગસ્ટ ૧૭૧૪ માં એ પચાસ વર્ષની વયે મરણ પામી. ઇંગ્લંડના સ્ટુઅર્ટ્ વંશના રાજ્યકર્તાઓમાં એ છેલ્લી હતી. લૉર્ડ બોલિંગબ્રોક રાણીનો મુખ્ય પ્રધાન બન્યો હતો. એની ઇચ્છા પ્રિટેન્ડરને પાછો લાવવાની હતી, પણ રાણીના અણધાર્યાં મૃત્યુથી એની યુક્તિઓ તૂટી પડી. મરતી વખતે રાણીએ વારસદારીના કાયદાના હિમાયતી એક વ્હિગ ઉમરાવને ખજાનચી નીમ્યો, અને એ રીતે ઇલેક્ટ્રેસ સોફાયા (આગળ પૃ. ૧૮૬)ના પુત્ર જ્યૉર્જ ઇલેક્ટર ઑફ્ હૅનોવરને ગ્રેટ બ્રિટનના ૧લા જ્યૉર્જ તરીકે તરત જ શાન્તિથી જાહેર કરવાની સગવડ કરી આપી.

રાણી ઍનના સદ્‌ગુણો—રાણી ઍન જોકે ચતુર ન્હોતી પણ એનામાં મક્કમ ઇચ્છાશક્તિ હતી જેનો તે પ્રસંગ પડયે ઉપયોગ દૃઢતાથી કરતી. જે ખરું હોય તે જ કરવાની એની સાચા દિલની ઇચ્છા હતી, અને અંગત દોષોથી એ તદ્દન મુક્ત હતી. ૨ જા ચાર્લ્સની નિર્લજ્જ અનીતિનો અને ૨ જા જેમ્સની અને ૩ જા વિલિયમની વધારે ઢંકાઈ રહેલી ગેરવર્તણુકનો અનુભવ થયા પછી ઍનના રાજદરબારમાં પવિત્ર જીવનથી થયેલો ફેરફાર નીતિમાન લોકને આવકારલાયક થઈ પડયો. પોતાની રાજકર્તા તરીકેની ફરજો પ્રત્યે એનો ભાવ કેવો માનભર્યો અને પ્રશંસાપાત્ર હતો એ, લૉર્ડ સ્ટૅન્હોપે જ પ્હેલવ્હેલા પ્રગટ કરેલા, એની સલાહ માગવા માટે રાણીએ લખેલા એક ખાનગી પત્રમાં સહેલી રીતે દેખાઈ આવે છે.

રાણીએ લખ્યું છે: "મને સત્ય જ જણાવજો. ઈશ્વરને યાદ રાખીને મને તમારો મત ખુલ્લો જણાવજો, કારણ કે મારે કોઈ વાતમાં કસુર નથી કરવી. જો કોઈવાર મારી કસુર થાય, તો મારા કમનસીબને લીધે થશે, જાણીજોઈને અપરાધ કદી નહિ જ કરું; અને હું જીવીશ ત્યાંલગી મારા દેશને અને

મારા મિત્રોને સુખી કરવાનો પ્રયાસ ચોક્કસ કરીશ; અને જે મહાન જવાબદારી મારા શિર ઉપર નાખવાની ઈશ્વરે કૃપા કરી છે તેને માટે મારી પાછળ આવનારાઓ ભલે વધારે યોગ્ય હોય, પરંતુ એ કામગીરી મેં જેટલી ઇમાનથી બજાવી છે તેથી વધારે ઇમાનથી તેઓ કદી નહિ બજાવી શકે એમ ખાતરીથી કહી શકું છું.

હું, તમારી દીન સેવક

ઍ. રા. ”

રાણી એલિઝાબેથે વધારે ભવ્ય શૈલીમાં દર્શાવેલી આવી જ લાગણીઓ સરખાવવા જેવી છે (આગળ પૃ. ૯૧). ઘણી બાબતમાં રાણી વિકટોરિયા રાણી ઍનને બહુ મળતી આવતી હતી.

સાહિત્ય—રાણી ઍનનો સમય અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં પ્રખ્યાત છે, અને એ વખતનાં લખાણોમાંથી જૂના જમાનાઓના લોકને જેટલો આનંદ મળતો તેટલો જો કે આ જમાનાની રુચિના લોકને નથી મળતો, તોપણ એ વખતે લખાયલા ઘણા ગ્રન્થોમાં ઉંચા ગુણો રહેલા છે એ તો કબૂલ કરવું પડશે જ. ‘સ્પેક્ટેટર’માંના ઍડિસનના નિબંધોને ઘણાખરા લોકો આજે પણ આનંદભર વાંચે છે, અને સ્વિફ્ટની શૈલીમાં જોમ અને સ્પષ્ટતા જોઈ શકે છે. એનો વિચિત્ર ગ્રન્થ ગલીવર્સ ટ્રાવેલ્સ રાજકીય કટાક્ષલેખ તરીકે લખાયલો છે. છતાં, કદાપિ એ કથાનું રહસ્ય નહિ સમજ્યા હોય એવા હજારો લોકોને પણ એ ગ્રન્થ એક કલ્પિત કૃતિ તરીકે આનંદ આપે છે. એ જમાનામાં રાજકીય પત્રિકાઓની અસર અને સત્તા બહુ જબરી હતી. તેથી ટોરીપક્ષવાળાઓ સ્વિફ્ટના ઉગ્ર કટાક્ષલેખો મારફત કામ લેતા તો વ્હિગ લોકો ઍડિસનની છટાદાર કલમની મદદ એટલા જ ઉત્સાહથી લેતા. કવિ પોપે પોતાનાં ઉત્તમ લખાણોમાંનાં કેટલાંક ઍનના મૃત્યુ પ્હેલાં રચેલાં હતાં. એ કવિની સફાઇદાર પદ્યરચના એ જાતની કૃતિયોમાં ઉત્તમ છે. રાણી ઍનના સમયની અને અઢારમી સદીના મ્હોટા ભાગની કવિતા એટલી બધી ગદ્ય જેવી છે કે આજના વાંચનારાઓને ભાગ્યે જ ગમે; કારણ કે

કવિતામાં જેટલી લાગણી પોપ અને એના અસંખ્ય નકલ કરનારાઓ સાધારણ રીતે બતાવી શકે છે એથી વધારે લાગણીની આશા આપણા જમાનામાં રખાય છે. અઢારમી સદીના 'કવિઓ'માંના ભાગ્યે જ કોઈકને હવે આનંદભેર વાંચી શકાય.

મુખ્ય તારીખો

૩ જા વિલિયમનું રાજ્યારોહણ; બળવાને લગતો કાયદો; ધર્મછૂટનો કાયદો; કિલીક્રૅન્કીની લડાઈ; લંડનડેરીનો ઘેરો; પ્રજાહકનો કાયદો ...	૧૬૮૯
બોય્નની લડાઈ; કલકત્તાની સ્થાપના	૧૬૯૦
લિમરિકનું તાબે થવું; આઈરીશ વિગ્રહનો અંત ...	૧૬૯૧
લા હોગની લડાઈ	૧૬૯૨
ઇંગ્લંડની બૅંકની સ્થાપના; રાણી મેરીનું મરણ ...	૧૬૯૪
છાપાઓનું સ્વાતંત્ર્ય	૧૬૯૫
રીઝ્‌વિકની સુલેહ	૧૬૯૭
હરીફ ઇસ્ટ ઇન્ડિયા કંપની	૧૬૯૮
વારસાદારીનો કાયદો; ૨ જા જેમ્સનું મરણ; મહાન મિત્રાચારીના કરારો	૧૭૦૧
ઍનનું રાજ્યારોહણ; ઇસ્ટ ઇંડિયા કંપનીઓનું રીતસરનું જોડાણ; સ્પૅનિશ વારસદારીના વિગ્રહની શરૂઆત	૧૭૦૨
બ્લેનહીમનું યુદ્ધ	૧૭૦૪
રામિલીની લડાઈ	૧૭૦૬
સ્કૉટ્લૅંડ સાથે જોડાણ	૧૭૦૭
ઊદનાર્દનું યુદ્ધ; ઇસ્ટ ઇંડિયા કંપનીઓનું છેવટનું જોડાણ	૧૭૦૮
માલપ્લાકેનું યુદ્ધ	૧૭૦૯
નવા ટોરી ઉમરાવો	૧૭૧૧
યુટ્રેક્ટની સુલેહ	૧૭૧૨
ઍનનું મરણ ... ... ઑગસ્ટ	૧૭૧૪

પ્રકરણ ૯ મું

હૅનોવરનો વંશ; ૧ લો જ્યૉર્જ અને ૨ જો જ્યૉર્જ, ૧૭૧૪–૬૦

૧ લા જ્યૉર્જનું રાજ્યારોહણ—નવો રાજા પચાશ વર્ષની પુખ્ત વયનો જર્મન રાજવંશી પુરુષ હતો. એ પૂર્વે કદીપણ



૧ લો જ્યૉર્જ

ઇંગ્લંડમાં આવ્યો ન્હોતો અને અંગ્રેજીનો એક શબ્દ પણ બોલી જાણતો ન્હોતો. તેણે નહિ જેવી જ કેળવણી લીધી હતી અને કોઇને એને માટે અંગત સ્નેહ કે માનની લાગણી ઉપજે એવી એની લાયકાત ન્હોતી. ખાનગી પ્રધાનમંડળે (પ્રિવિ કાઉન્સીલે) એને ખાસ

કરીને પોપની સત્તાને દૂરની દૂર રાખવા માટે સ્વીકાર્યો હતો. રાણીના મરણની ઘડીએ વ્હિગ ઉમરાવોએ એને એટલી બધી તાકીદે બોલાવી લીધો કે બોલિંગબ્રોકને ધાર્યું કરવાની તક પણ ન મળી. એટલી તાકીદ ન કરી હોત તો લગભગ આખા સ્કૉટ્લૅંડ, આયર્લૅંડ અને મ્હોટે ભાગે ઇંગ્લંડની સંમતિથી ૩ જા જેમ્સ તરીકે ગાદીએ બેસવાને પ્રિટેંડરને બોલાવવામાં આવ્યો હોત. નૈર્ઋત્ય દિશાનાં પરગણાંઓ મક્કમ રીતે જેમ્સના પક્ષનાં હતાં (એટલે કે જૅકોબાઇટ હતાં—સ્ટુઅર્ટ પક્ષવાળાઓ એ નામે ઓળખાતા).[1] પણ એકવાર જ્યૉર્જને રાજા તરીકે જાહેર કરાઈ ચૂક્યો એટલે પછી એને કાઢી મૂકવાને માંહોમાંહેની લડાઈ કરવા કોઈ તૈયાર ન્હોતું. પરિણામે જ્યૉર્જના અને એના વંશજોના હાથમાં ગાદી રહી.

વ્હિગ પ્રધાનમંડળ—બધા ટોરીને પોતે જૅકોબાઇટ માનતો હોવાથી જ્યૉર્જ ટોરી પક્ષના આદમીઓ જોડે સંબંધ રાખવા ઇચ્છતો ન્હોતો. તેથી તેણે પોતાના પ્રધાનો વ્હિગ પક્ષમાંથી જ પસંદ કર્યા. લૉર્ડ બોલિંગબ્રોક અને ડ્યૂક ઑફ્ ઑર્મંડ બંને ફ્રાન્સ ન્હાસી ગયા અને એને તહોમતદારીના કાયદાની (બિલ ઑફ્ એટેઇન્ડરની) રૂએ શિક્ષાપાત્ર ઠરાવવામાં આવ્યા. લૉર્ડ ઑક્સફર્ડ (હાર્લી)ને ટાવરમાં પૂરવામાં આવ્યો. લૉર્ડ ટાઉન્શેંડ મુખ્ય પ્રધાન બન્યો.

રાજાના આપઅખત્યારી અમલનો અંત—ઍનના સમય સૂધી એવો રિવાજ ચાલતો આવેલો હતો કે પ્રધાનોની બેઠકમાં રાજા પ્રમુખ થાય અને તેઓની સલાહ લે. રાજા જ્યૉર્જ અંગ્રેજી બોલી કે સમજી શકતો ન્હોતો તેથી એ પ્રધાનની બેઠકમાં હાજરી આપતો બંધ પડયો, અને એના પછીના કોઈ રાજાએ કદીપણ જૂના રિવાજને ફરીથી ચાલૂ કર્યો નથી. આ ફેરફાર ધ્યાનમાં રાખવા જેવો છે, કારણ કે એને લીધે રાજકર્તાના અંગત વહીવટનો

---

૧. 'જેમ્સ'નું લૅટિન રૂપ 'જૅકોબસ' છે. જૅકોબ અને અરબી 'યાકૂબ' એ એકજ નામનાં બે રૂપો છે.

અંત આવ્યો અને હાલની રાજ્યપદ્ધતિની શરુઆત થઈ. ૧ લા જ્યૉર્જના સમયથી પ્રધાનો પોતાને ફાવે તે વખતે અને સ્થળે એકઠા મળતા, રાજાના ફરમાનથી નહિ. પ્રધાનમંડળ (એટલે કે મુખ્ય પ્રધાનો, હાલ લગભગ વીશનું મંડળ જે હવે કૅબિનેટ કહેવાય છે તે) સાધારણ રીતે એવા માણસોનું બનતું કે જેઓ એક જ પક્ષના હોય અને રાજનીતિના મુખ્ય પ્રશ્નો વિશે બધા એકમત હોય. એનો આધાર રાજાની મહેરબાની ઉપર નહિ પણ આમની સભામાં અમુક પક્ષની બહુમતિ ઉપર હતો. પ્રધાનોના આચરણમાં થવા માંડેલો આ ફેર પૂરી રીતે થતાં ઘણાં વર્ષો લાગ્યાં. ૩ જા જ્યોર્જે પોતાની મેળે અને આમમંડળમાંના 'રાજાના મિત્રો' ના બનેલા એક પક્ષની મદદ વડે પસંદ કરેલા પ્રધાનો મારફત, આપઅખત્યારીવાળો વહીવટ ચલાવવાનો પ્રયત્ન કર્યો હતો એનાં પરિણામો એટલાં હાનિકારક થયાં કે બીજા કોઈ રાજ્યકર્તાએ એ અખતરો ફરીથી અજમાવવાની દરકાર કરી નથી. ૩ જો જ્યૉર્જ પણ પ્રધાનમંડળની બેઠકોમાં પ્રમુખ થવા હાજર રહેતો નહિ.

૧૭૧૫ નો જૅકોબાઈટ બળવો—૧૭૧૫ ની પાનખર ઋતુમાં સ્કૉટ્લૅંડમાં અર્લ ઑફ્ માર નામે ઉમરાવે અને ઈંગ્લંડના ઉત્તર ભાગના કેટલાક ગૃહસ્થોએ જેમ્સ ઍડ્વર્ડની તરફદારીમાં હથિયાર ધારણ કર્યાં. જેમ્સ ઍડ્વર્ડને એના મિત્રો ૩ જો જેમ્સ કહેતા અને શત્રુઓ વડો 'પ્રિટેન્ડર' (ખોટો દાવો કરનાર) કહેતા. આ બળવાની યોજના એવી ખરાબ હતી અને વ્યવસ્થા એવી નબળી હતી કે રીતસરની લડાઈ વિના સ્હેલાઈથી એને દાબી દેવામાં આવ્યો. બે સ્કૉટીશ ઉમરાવો સુદ્ધાં કૂલ લગભગ ચાલીસ માણસોને મોતની શિક્ષા કરવામાં આવી. સ્કૉટ્લૅંડમાં દરિયામાર્ગે આવી પ્હોચેલો પ્રિટેંડર ફ્રાન્સ ન્હાસી ગયો.

સાતવર્ષી કાયદો (સેપ્ટેનિયલ ઍક્ટ)—લાંબી પાર્લમેંટે એની પ્રથમ બેઠકમાં (ફેબ્રુઆરી ૧૬૪૧માં) એવો કાયદો પસાર કર્યો હતો કે રાજા ન બોલાવે તોપણ પાર્લમેંટ કમમાં કમ ત્રણ વર્ષે એકવાર મળવી જોઇયે. ૧ લા ચાર્લ્સે ઘણાં વર્ષો સુધી પાર્લમેંટ વગર જ

રાજ્ય ચલાવ્યું હતું તેમ કોઈ રાજા ન કરી શકે એ હેતુથી એ કાયદો ઘડવામાં આવ્યો હતો. સ્ટુઅર્ટોના પાછા આવવા પછી એ કાયદાને રાજાના વાજબી હક્કની વિરુદ્ધનો ગણીને રદ કરવામાં આવ્યો હતો, પણ પાર્લમેંટોની બેઠક વિનાનો ત્રણ વર્ષથી વધારે લાંબો વખતનો ખાંચો ન જવો જોઈએ એવી શરત જારી રાખવામાં આવી હતી. ૧૬૯૪ માં એવો એક કાયદો ઘડીને પસાર કરવામાં આવ્યો હતો કે કોઈ પાર્લમેંટે પ્હેલી મ્હોટી ચૂંટણી પછી ત્રણ વર્ષથી વધારે મુદ્દત બેઠક ચાલૂ રાખવી નહિં. એકવાર ચૂંટાયેલી પાર્લમેંટ, ૧ લા ચાર્લ્સની 'લાંબી પાર્લમેંટ' અને ૨ જા ચાર્લ્સની 'કૅવલિયર પાર્લમેંટ'ની માફક, અચોક્કસ મુદ્દત સુધી ચાલૂ ન રહે એ હેતુથી આ કાયદો ઘડવામાં આવ્યો હતો. ૧૬૪૧ અને ૧૬૯૪ના કાયદાઓ હેતુમાં અને અસરમાં આટલા બધા જૂદા હતા તે છતાં બંનેને ત્રિવર્ષી કાયદા (ટ્રિયેનિયલ ઍક્ટ) તરીકે ઓળખવામાં આવેછે.

૧ લા જ્યૉર્જની વ્હિગ સરકારનું ૧૭૧૬માં એવું મત હતું કે નવા વંશની સ્થિતિ સલામતીભરેલી થયા પ્હેલાં લોકમતે થયેલી ચૂંટણી જોખમભરી નીવડશે. એથી એ વર્ષમાં સાતવર્ષી કાયદો (સેપ્ટેનિયલ ઍક્ટ) પસાર કરવામાં આવ્યો, જેમાં એવું ફરમાવ્યું હતું કે એ વખતે ચાલૂ હતી તે અને તેની પછીની હરેક પાર્લમેંટ સાત વર્ષ સૂધી ચાલુ રહે, પણ એથી વધારે મુદ્દત નહિં.[1] એ કાયદો ૧૯૧૧ સૂધી અમલમાં રહ્યો, અને એ વર્ષમાં પાર્લમેંટની મુદ્દત કમી કરીને પાંચ વર્ષની ઠરાવવામાં આવી.

દક્ષિણ સમુદ્રવાળો પરપોટો (સાઉથ સી બબલ)—દક્ષિણ સમુદ્રોમાં વ્હેપાર કરવા માટે ૧૭૧૧ માં સાઉથ સી કંપની સ્થાપવામાં આવી. એ કંપનીનો હેતુ ખાસ કરીને સ્પૅનિશ સંસ્થાનો જોડે વ્હેપાર

---

૧. ત્રણ વર્ષ માટે ચૂંટાયેલી પાર્લમેંટ સાત વર્ષો સૂધી પોતાની બેઠક લંબાવે એની સામે જબરો વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ઘણી અગત્ય હોવાથી જ આવું પગલું વ્યાજબી ગણવામાં આવ્યું.

કરવાનો હતો, કારણકે એ સંસ્થાનોમાં પુષ્કળ ધન ભર્યું હતું એવું મનાતું હતું. ફ્રેંચ મિસિસિપી કંપનીનો દાખલો જોઈને આ કંપનીને પણ એવી લાલચ લાગી કે વ્હેપાર ખૂબ વધારવો અને અંગ્રેજ સરકારનું પ્રજાપ્રત્યેનું દેવું સરકારવતી ચૂકવી દેવાનું માથે લેવું, જે દેવું એ વખતે ત્રણ કરોડ સાઠ લાખ પાઉંડથી વધારે હતું.[૧] આ યોજનાનો પ્રજાને એવો તો મોહ લાગ્યો કે બધા વર્ગના લોક કંપનીના શેરના સટ્ટા કરવા લાગ્યા અને શેરની કિંમત મૂળ કરતાં નવગણી કે દશગણી થઈ ગઈ. ધૂતારાઓએ જાતજાતના વિચિત્ર કામો માટે સંખ્યાબંધ કંપનીઓ કાઢી, અને એકદમ પૈસાદાર થઈ જવાના પ્રયત્નમાં લોક ઘેલા થઈ ગયા. અમેરિકા જોડેના વિગ્રહ દરમ્યાન હિંદુસ્તાનના રૂનો ઉઠાવ એકાએક વધી પડયો ત્યારે ૧૮૬૧–૬૫ ની સાલોમાં મુંબઈમાં પણ આવું જ બન્યું હતું. ૧૭૨૦ ના આ સાહસિક અને અપ્રમાણિક સટ્ટાઓમાં ૧ લા જ્યૉર્જના કેટલાક પ્રધાનોએ પણ ભાગ લીધો અને બીજા હજારો સટ્ટો કરનારાઓની માફક તેઓ પણ આફતમાં ફસાયા. સપ્ટેંબર મહિનામાં આ કંપનીના શેરનો ભાવ એકાએક ઘટી જઈને ૧૦૦૦ માંથી ૧૭૫ થઈ ગયો ત્યારે સરકારને વચ્ચે આવવાની ફરજ પડી અને કંપનીના કરજના સીત્તેર લાખ પાઉંડ લોકને ચૂકવી આપવા પડયા. આ બનાવને ઘણીવાર 'સાઉથ સી બબલ' એટલે 'દક્ષિણ સમુદ્રવાળો પરપોટો' કહેવામાં આવેછે, કારણ કે

---

૧. પ્રજા પાસેથી સરકારે લીધેલા પૈસામાંથી અમુક ભાગ સરકારી બૉંડ વેચીને વ્યાજે લીધેલો હોયછે તે 'ફંડેડ ડેટ' કહેવાયછે. એ દેવું અમુક ચોક્કસ વખતે પાછું આપવા સરકાર બંધાતી નથી. આ જાતનું દેવું ૧૯૧૦માં લગભગ એકસઠ કરોડ પચાસ લાખ પાઉંડ હતું. દર વર્ષે અમુક કરોડ પાઉંડ પાછા આપવામાં આવેછે, અને એ માટે અલગ રખાતી રકમને 'સિંકિંગ ફંડ' કહેછે. હાલના કરજનો મ્હોટો ભાગ, લગભગ ચોથો ભાગ, દક્ષિણ આફ્રિકાની લડાઈને લીધે થયેલોછે. ૧૭૨૦માં સાડા ત્રણ કરોડ તો જબરો બોજો ગણાતો. ત્યારપછીનું ઘણુંખરું કરજ લાંબી ચાલેલી ફ્રેંચ લડાઈમાં કરવામાં આવ્યું હતું.

આખી યોજનાનું પોગળ સોઈ ભોકેલા પરપોટાની માફક ફુટી ગયું હતું.

સર રૉબર્ટ વૉલપોલ—કેટલાંક વર્ષો થયાં સર રૉબર્ટ વૉલપોલ નામે એક રાજદ્વારી પુરુષ જાહેરમાં આવતો હતો તેણે સાઉથ સીની આફતમાં ફસેલા લોકને બને તેટલા બચાવી લેવાને જરૂરીયાત ઉપાયો કર્યા. એના વખતમાં નાણાંની બાબતો સમજનારો રાજદ્વારી એ એક જ હતો, અને ઈંગ્લંડના નાણાંખાતાના પ્રધાનોની લાંબી હારમાં એ પ્હેલો ગણાય છે. ૧૭૨૧ માં સત્તા

સર રૉબર્ટ વૉલપોલ

એના હાથમાં આવી ત્યારથી ૧૭૪૨ સૂધી એટલે એકવીસ વર્ષ સૂધી એણેજ દેશનું રાજ્ય ચલાવ્યું એમ કહી શકાય.

'ડ્રૂપિયરના પત્રો'—આપણે (આગળ, પૃ. ૧૮૧મે) જોઈ ગયા તેમ **આયર્લૅંડ** ક્રૂર કાયદાઓ તળે દબાયેલું હતું. પ્રજાનો મ્હોટો ભાગ રોમન કૅથલિક હતો તેના હાથમાંથી સત્તા છીનવી લેવામાં આવી હતી અને ઈંગ્લંડના વ્હિગ પ્રધાનમંડળને ટેકો આપનારા પ્રૉટેસ્ટન્ટ લોકો થોડાક હતા તેઓના હાથમાં જ બધી સત્તા હતી. એ જમાનાના ઇતિહાસોમાં આયર્લૅંડ વિશે કોઈએ કાંઈ લખ્યું નથી. આયર્લૅંડને અરધી પેનીના અને ફાર્ધિંગના તાંબાના શિક્કાઓ પૂરા પાડવાનો કૉંટ્રૅક્ટ વૂડ નામના એક અંગ્રેજને આપવામાં આવ્યો હતો એની યાદગીરી રહી ગઈ છે, કારણ કે **ડીન સ્વિફ્ટ** નામના એક માણસે આ ગોઠવણને આયર્લૅંડનું અપમાન કરનારી ગણીને ધિક્કારી કાઢવા માટે 'ડ્રૂપિયરના પત્રો' (૧૭૨૪) લખ્યાં હતાં અને એથી ભારે ખળભળાટ ઉપજાવ્યો હતો. એ શિક્કાઓને નકામા ગણીને નિંદવામાં આવ્યા હતા પણ ખરું જોતાં એ તદ્દન સારા હતા, જોકે કાંઈક ન્હાના હતા ખરા. સ્વિફ્ટને તો એથી ખરી હકીકતની પૂરી દરકાર કર્યા વગર પોતાની લેખક તરીકેની કુશળતા બતાવી આપવાની તક મળી.

લૉર્ડ ચૅન્સેલર મૅકલ્સફીલ્ડ ઉપર પાર્લમેંટમાં ચાલેલું કામ—બીજો એક દેશની અંદરનો જ બનાવ નોંધવા જેવો છે. **લૉર્ડ ચૅન્સેલર, અર્લ ઑફ મૅકલ્સફીલ્ડ**, ઉપર લાંચ લેવાનો અને ચૅન્સરીના પૈસાનો ગેરવ્યાજબી ઉપયોગ કરવાનો આરોપ મૂકીને ઉમરાવસભા સમક્ષ કામ ચલાવવામાં આવ્યું. એજ જગ્યાએ અગાઉ આવી ગયેલા લૉર્ડ બેકનની માફક આ માણસ પણ બરાબર બચાવ કરી શક્યો નહિ. એને ૩૦,૦૦૦ પાઉંડનો દંડ આપવાની સજા કરવામાં આવી, પણ રાજાની મહેરબાનીથી વધારે શિક્ષા કરવામાં ન આવી અને દંડનો પણ થોડાક ભાગ પાછો આપવામાં આવ્યો. એ પછી આવી રીતનું કામ **વૉરન્ હેસ્ટિંગ્ઝ** ઉપર ચાલ્યું હતું (૧૭૮૮–૯૪). એની પછી આવી રીતનું કામ ચલાવવાનો પ્રસંગ એક જ બન્યો છે. ૧૮૦૬ માં લૉર્ડ

મેલ્વિલ ઉપર કામ ચલાવીને એને છોડી મૂકવામાં આવ્યો હતો. પાર્લમેંટમાં ઉમરાવસભા સમક્ષ આવી રીતે કોઈની ઉપર કામ ચલાવવામાં આવે એવું ભવિષ્યમાં બનવાનો સંભવ નથી.

પરદેશના બનાવો—રાજા જ્યૉર્જ ઈંગ્લંડનો રાજા હતો તેમ જ જર્મનીના એક પ્રાન્તનો પણ રાજ્યકર્તા હતો તેથી યુરોપનાં રાજ્યોના ઝગડાઓમાંથી અલગ રહેવું ઈંગ્લંડની સરકાર માટે બહુ મુશ્કેલ હતું. ૧૭૧૫ માં **ફ્રાન્સનો ૧૪ મો લૂઈ** મરણ પામ્યો ત્યારે એનો વારસ એનો પ્રપૌત્ર (પુત્રનો પૌત્ર) નાનું બાળક હતો. એને **૧૫ મા** લૂઈ તરીકે રાજા જાહેર કરવામાં આવ્યો. બાળક રાજાની વતી એનો કાકો ડ્યૂક ઑફ્ **ઑર્લિયાં** રાજ્ય ચલાવતો હતો. એણે **સ્ટૂઅર્ટ**નો પક્ષ પડતો મૂકીને **હૉલંડ** અને **ઑસ્ટ્રિયા**ની મદદ મેળવી અને ઈંગ્લંડ જોડે મિત્રાચારી બાંધી. **સ્પેને** યુટ્રેક્ટની સુલેહની શરતો તોડવાનો પ્રયત્ન કર્યો, પણ **સ્પેન**નો એક કાફલો સિસિલીને કિનારે લડાઈમાં નાશ પામ્યો (૧૭૧૮), અને બીજો **સ્કૉટ્લૅંડ**માં થયેલા જૅકોબાઈટ બળવાને મદદ કરવા ગયેલો હતો તે પણ નાશ પામ્યો (૧૭૧૯), એથી **સ્પેન**નો પ્રયત્ન નિષ્ફળ ગયો. ડ્યૂક ઑફ્ **ઑર્લિયાં**ના મરણ પછી ઇંગ્લંડ જોડે મિત્રાચારી રાખવાની એની રાજનીતિને **કાર્ડિનલ ફ્લરી**એ ચાલૂ રાખી.

વિરોધપક્ષ (ઑપોઝિશન)—સર રૉબર્ટ વૉલપોલ હમેશાં સુલેહ જાળવવાને અને લડાઈથી અળગ રહેવાને બનતી મ્હેનત કરતો, જેથી એના વિરોધીઓ વારંવાર પોકાર ઉઠાવતા. હયાત પ્રધાનમંડળની સત્તા ખૂંચવી લઈને એની જગ્યાએ આવવા પ્રયત્ન કરતો એક વિરોધપક્ષ હંમેશાં હોય જ એ રિવાજ **૧ લા જ્યૉર્જ**ના રાજ્યથી શરુ થયો. પાછળથી **અર્લ ઑફ્ બાથ** બનેલો **વિલિયમ પલ્ટની** કાંઇ કારણસર **વૉલપોલ**થી નારાજ રહેતો તે પ્હેલો 'વિરોધપક્ષનો આગેવાન' ગણાય છે. જેમ ૧૯૧૧ માં **મિ૦ ઍસ્કિવથ**ની સરકારની સ્હામે **મિ૦ બોનર લૉ** વિરોધપક્ષનો આગેવાન હતો તેમ એ સમયમાં **પલ્ટની** સરકારની સ્હામે હતો.

૧ લો જ્યૉર્જ હૅનોવર ગયો હતો ત્યાં અચાનક મરણ પામ્યો (જૂન ૧૭૨૭).

૨ જા જ્યૉર્જનું રાજ્યારોહણ; વૉલપોલની રાજનીતિ— એ કુટુંબમાં એવો રિવાજ જ પડી ગયો હતો કે દીકરાને બાપ જોડે બને નહિં, એ પ્રમાણે પાટવી રાજકુમારને પણ ૧ લા જ્યૉર્જ જોડે બનતું ન્હોતું. પિતાના મરણ પછી એ ૨ જા જ્યૉર્જ તરીકે ગાદીએ આવ્યો. એ અંગ્રેજી બોલી શકતો અને સમજતો એટલી એને સગવડ હતી. પ્હેલાં એણે વૉલપોલને દૂર કરવાની કોશેશ કરી પણ એના વિના પોતાને ચાલવાનું નથી એવું માલુમ પડ્યું. પરિણામે વૉલપોલ રાણી કૅરોલાઈન ઑફ્ ઍન્ઝ્પૅકના ટેકા વડે, સત્તા પોતાના હાથમાં રાખી શકયો અને



૨ જો જ્યૉર્જ

યુરોપખંડના રાજ્યોના કજીયાઓમાંથી ઇંગ્લંડને અલગ રાખવાના કામમાં ખાસ મ્હેનત કરવા લાગ્યો. એને 'સત્તા એટલી બધી વ્હાલી હતી કે એ હરીફને સાંખી શકતો નહિ.' એથી એણે એ વખતના હુશિયાર રાજદ્વારીઓને—પુલ્ટની, કાર્ટેરેટ, ચેસ્ટરફીલ્ડ, વગેરેને—દરજ્જાઓ ઉપરથી ખસેડ્યા. એની દેખરેખ હેઠળ ઇંગ્લંડનો વ્હેપાર વધ્યો અને દેશની સંપત્તિ ઝડપથી વધી. લિવરપૂલ, મૅન્ચેસ્ટર વગેરે ઉત્તર તરફનાં શહેરો તેઓની હાલની મહોટાઈની આશા આપવા લાગ્યાં. એ સમયમાં આગેવાન વ્હિગ ઉમરાવોના હાથમાં

બેહદ સત્તા હતી; ઘણીવાર ફાવે તે માણસોને તેઓ આમસભાના સભાસદ તરીકે ચૂંટાવી શકતા. આવી રીતે બનેલી આમસભા ઉપર પોતાની સત્તા જાળવી રાખવા માટે ફાયદાકારક હોદ્દાઓ ઉપર નીમણુક કરવાથી અને સીધી રીતે રોકડ લાંચ આપવાથી વૉલપોલ જરાપણ અચકાતો નહિં. એના અપ્રમાણિક પણ શાન્તિવાળા રાજ્ય-વહીવટમાં લડાઈ બંધ રહી, નવા રાજવંશને સ્થિર થવાનો વખત મળ્યો, અને દેશને ધનાઢ્ય થવાનો પૂરો વખત મળ્યો.

જકાતના ખરડાની (ઍકસાઇઝ બિલની) નિષ્ફળતા— એ સમયના બીજા કોઇપણ રાજદ્વારી પુરુષ કરતાં વૉલપોલને નાણાને લગતા પ્રશ્નોની વધારે સમજ હતી એ આગળ કહેવામાં આવ્યું છે. ૧૭૩૩ માં એણે કર લેવાની પદ્ધતિ સુધારવાનો પ્રયત્ન કર્યો. બંદર ઉપર માલનો આયાતવેરો લેવામાં આવતો તેને બદલે માલ દેશમાં દાખલ થઈ ગયા પછી અથવા તો કારખાનાંઓમાં તૈયાર થયા પછી એની ઉપર જકાત લેવી એવી એની સૂચના હતી. એની આ દરખાસ્ત યોગ્ય હતી, છતાં એની સામે એટલો બધો વિરોધ જાગ્યો કે એને એ દરખાસ્ત પાછી ખેંચી લેવી પડી. કાયદાનાં કામોમાં લૅટિનને બદલે અંગ્રેજી વાપરવું એ ન્હાનો સુધારો ૧૭૩૧ માં કરવામાં આવ્યો હતો.

વૉલપોલનું રાજીનામું; વિગ્રહના યુગની શરુઆત— ૧૭૩૭ માં રાણીના મરણથી વૉલપોલને એની કિંમતી મદદ મળતી તે દૂર થઈ, અને બે વર્ષ પછી પોતાની ઇચ્છાની અને અંતઃકરણની વિરુદ્ધ એને સ્પેન જોડે વ્હેપારી તકરારોને લીધે થયેલા ગેરવ્યાજબી વિગ્રહમાં ઘસડાવું પડ્યું. એ વિગ્રહમાં ફતેહ ન મળી. વૉલપોલની સત્તા ધીમે ધીમે ઘટવા લાગી અને છેવટ લાંબા વખત સૂધી જે પ્રધાનપદને એ વળગી રહ્યો હતો તેનું રાજીનામું આપીને એને અર્લ ઑફ્ ઑક્સ્ફર્ડ તરીકે ઉમરાવનો દરજ્જો સ્વીકારવો પડયો. આ રીતે ૨ જા જ્યૉર્જના રાજ્યનો પ્હેલો હપતો, એટલે કે શાંતિયુગ પૂરો થયો. ત્યારપછી, થોડાક ટુંકા ગાળાઓ બાદ કરતાં બાકીનો

બધો વખત, ઇંગ્લંડ ચાલૂ લડાઈઓમાં રોકાયેલું રહ્યું—સાધારણ રીતે ફ્રાન્સ જોડે, અને વખતે બીજાં રાજ્યો જોડે પણ. છેક ૧૮૧૫ માં નેપોલિયનના વિગ્રહનો અન્ત આવ્યો ત્યારે આ વિગ્રહ-યુગ ખલાસ થયો. આ હારબંધ વિગ્રહોના સમય દરમ્યાન હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્ય સ્થપાયું.

ઑસ્ટ્રિયાની વારસદારીનો વિગ્રહ (વૉર ઑફ્ ધી ઑસ્ટ્રિયન સકસેશન); ડેટિંજન અને ફૉન્ટેનોય—ઑસ્ટ્રિયાનો શહેનશાહ ઉર્ફે જર્મૅનિક શહેનશાહ મરણ પામ્યો ત્યારે એનો પુરુષ વારસ નહતો તેથી ચોતરફ વિગ્રહ વ્યાપી રહ્યો. જેવાં ફરમાનને પ્રાચીન સમયમાં ‘પ્રૅગ્મૅટિક સૅંકશન’ (સત્તાવાર મંજૂર) અથવા ‘રિસ્ક્રિપ્ટ’ (શાહી ફરમાન) કહેતા, તે સાધનનો ઉપયોગ કરીને—એટલે કે પ્રૅગ્મૅટિક સૅંકશનથી—મરનાર શહેનશાહે એવું વસિયતનામું કર્યું હતું કે પોતાની પછી રાજ્યગાદીએ પોતાની પુત્રી આર્ચડચેસ મરાયા થરીસા આવે. પણ આ વ્યવસ્થા બીજાં રાજ્યોને અનુકૂળ ન આવી એથી વિગ્રહ ઉત્પન્ન થયો. પ્રશિયાના રાજા મહાન્ ફ્રેડરિકે સાઇલિશિયા પ્રાન્તનો મ્હોટો ભાગ કબજે કર્યો, એટલે ફ્રાન્સ અને ઇંગ્લંડ બંનેને લડાઈમાં સ્હામસ્હામું ઉતરવું પડ્યું. જો કે આ બે દેશ વચ્ચે રીતસર લડાઈ તો છેક ૧૭૪૪ માં જાહેર થઈ, તો પણ ખુદ રાજા જ્યૉર્જની સરદારી નીચે અંગ્રેજ લશ્કરે ફ્રેંચ લોકોને બાવેરિયામાં ડેટિંજન મુકામે હરાવવામાં જુન ૧૭૪૩ માં મદદ કરી હતી. ઈંગ્લંડનો રાજા પોતે રણક્ષેત્રમાં લશ્કરની સરદારી લે એવો પ્રસંગ આ છેલ્લો જ હતો. બેલ્જિયમમાં ફૉન્ટેનૉય મુકામે લડાયેલી બીજી સખ્ત લડાઇમાં (૧૭૪૫ માં) ફ્રાન્સે ઈંગ્લંડને અને એનાં મળતિયાં રાજ્યોને હરાવ્યાં. આયર્લૅંડમાંથી દેશનિકાલ થયેલા જૅકોબાઇટ લોકોની બનેલી આઇરીશ ટુકડીની બહાદુરીને લીધે ફ્રાન્સને આ ફત્તેહ મળી હતી.

૧૭૪૫ નો જૅકોબાઇટ બળવો; કલોડન—એ જ વર્ષમાં (૧૭૪૫ માં) સ્ટુઅર્ટવંશના પક્ષમાં છેલ્લો બળવો થાયો. ‘ન્હાનો

દાવાદાર ' (યંગ પ્રિટેન્ડર) એ નામે ઓળખાતો ૨જા જેમ્સનો પૌત્ર પ્રિન્સ ચાર્લ્સ ઍડ્વર્ડ સ્કૉટ્લૅંડમાં આવી ઊતર્યો. ડુંગરવાસી કુટુંબોમાંથી એણે તાબડતોબ મ્હોટું લશ્કર એકઠું કર્યું. એડિનબરો સર કરીને એ શહેરની નજીક પ્રેસ્ટનપૅન્સ મુકામે એક ન્હાના અંગ્રેજ લશ્કરને હરાવીને એણે મધ્ય ઇંગ્લંડ તરફ કૂચ કરી. પિતામહની ગાદી જીતીને પિતાને તે સોંપવાની ઘણી સારી તક એને મળેલી જણાતી હતી. પણ ઇંગ્લીશ લોક તરફથી મદદ એટલી થોડી મળી કે લંડન સર કરવાનો પ્રયત્ન કરવાની પણ એણે હિંમત ધરી નહિ. બ્હીકણુ સલાહકારોએ એને ડર્બીથી જ પાછા ફરવાની, અને એ રીતે જે કાંઈ અનુકૂલ સંજોગો હતા તે જવા દેવાની, સલાહ આપી. એડિનબરો અને ગ્લાસગો વચ્ચે આવેલા ફાલ્કર્ક શહેર નજીક એને ન્હાની જીત મળી; પણ એથી એને કાંઈ લાભ થયો નહિ. સ્કૉટ્લૅંડની ઉત્તરમાં ઇનિવર્નેસ નજીક કુલોડન મુકામે એણે રાજાના બીજા પુત્ર ડ્યૂક ઑફ્ કુમર્લૅંડને હાથે છેવટની સજ્જડ હાર ખાધી (૧૭૪૬). રાજાની આ ફત્તેહથી સ્ટુઅર્ટવંશનો ગાદી ઉપરનો દાવો હંમેશને માટે બંધ પડયો અને હૅનોવરવંશ ગાદી ઉપર મક્કમ થયો. પ્રિન્સ ચાર્લ્સ પાંચ મહિના છૂપે વેશે ભટકયો, જે દરમ્યાન એણે ઘણા સાહસિક પ્રસંગો વેઠયા. છેવટ એ ન્હાસીને ફ્રાન્સ ગયો. જીંદગીના પાછળના ભાગમાં એ જબરો દારૂડિયો બન્યો, અને એક બેઆબરૂ ઘરડા માણસની સ્થિતિમાં રોમ શહેરમાં ૧૭૮૮માં મરણ પામ્યો. આ "ન્હાના દાવાદાર" નો ભાઈ હેન્રી પોપનો પ્રતિનિધિ (કાર્ડિનલ) બન્યો હતો; એને એના મિત્રો ૯ મો હેન્રી કહેતા. એ હેન્રી ૧૮૦૭માં મરણ પામ્યો ત્યારપછી સ્ટુઅર્ટવંશનો કોઈ પણ મરદ બાકી રહ્યો નહિ. ૧ લા ચાર્લ્સની સૌથી ન્હાની પુત્રી હાંરીયેટાના ઘણા વંશજો છે તે જ હાલ સ્ટુઅર્ટવંશના પ્રતિનિધિ તરીકે બાકી રહ્યા છે. ઇટલિનો રાજા પણ તેઓમાંનો એક છે.

આ વિગ્રહને લગતા હિંદુસ્તાનમાંના બનાવો—ઑસ્ટ્રિયાની વારસદારીનો વિગ્રહ હિંદુસ્તાનમાંના ફ્રેંચ અને અંગ્રેજ મથકો સુધી

જઈ પ્હોચ્યો. ત્યાં થયેલી લડાઈનાં કેટલાંક ઉપયોગી પરિણામો આવ્યાં. કર્ણાટકમાં અને મદ્રાસને કિનારે, એટલે કે કોરોમંડલ (ચોળમંડલ) કિનારે, જે લડાઈઓ થઈ તે હિંદુસ્તાનના ઇતિહાસને લગતી બીનાઓ છે, ઇંગ્લંડના ઇતિહાસનો એ વિષય નથી. આ સ્થળે માત્ર મુખ્ય બનાવો જણાવીશું. ફ્રાન્સ અને ઇંગ્લંડ બંને દેશના કાફલાઓ હિંદુસ્તાનની આજુબાજુના સમુદ્રોમાં જઇ પ્હોચ્યા હતા. દ લા બુરદોનેની આગેવાની હેઠળ રહેલા ફ્રેંચ કાફલાના હલ્લા સામે નહિ ટકી શકવાથી મદ્રાસ શત્રુને તાબે થઈ ગયું (૧૦મી સપ્ટેંબર ૧૭૪૬). એ વખતે જે કરાર કર્યા તે પોંડિચેરીના ગવર્નર, અંગ્રેજના કટ્ટા દુશ્મન, દુપ્લેએ નામંજૂર કર્યા. ઇસ્ટ ઇંડિયા કંપનીના કબજામાં હવે એક જ મથક રહ્યું—ફૉર્ટ સેંટ ડેવિડ, જે કિલ્લો ટકી રહેવા પામ્યો હતો. યુરોપમાં સુલેહ કરવામાં આવી ત્યારે મદ્રાસ કંપનીને પાછું આપવામાં આવ્યું (૨૧મી ઑગસ્ટ ૧૭૪૯).

એઈ-લા-શાપેલની સુલેહ—ચોમેર ફેલાયેલો આ વિગ્રહ એઈ-લા-શાપેલની સુલેહથી બંધ પડ્યો (૧૭૪૮).[1] ન્હાના દાવાદારને ફ્રાન્સમાંથી હાંકી કાઢવામાં આવ્યો, અને ૨ જા જ્યૉર્જને ઇંગ્લંડના રાજા તરીકે ફ્રાન્સે સ્વીકાર્યો. પ્રશિયાના રાજાને સાઈલીશિયા રાખવાની પરવાનગી મળી. દુનિયાના ઘણા ભાગોમાં વિગ્રહ દરમ્યાન જીતવામાં આવેલા અસલ મૂળ ધણીને પાછા આપવામાં આવ્યા. મદ્રાસ પણ એ રીતે જ મળ્યું. આ સુલેહથી ઑસ્ટ્રિયા અને ઇંગ્લંડ વચ્ચેનું જોડાણ તૂટી ગયું.

હિંદુસ્તાનમાં બિનઅખત્યાર વિગ્રહ; ક્લાઇવે કરેલો આર્કોટનો બચાવ—મદ્રાસ ઇસ્ટ ઇંડિયા કંપનીને પાછું આપવામાં આવ્યું એટલે સૂધી એઈ-લા-શાપેલની સુલેહ હિંદુસ્તાનમાં પાળવામાં આવી હતી; પણ દક્ષિણમાં ફ્રેંચ અને ઇંગ્લીશ વચ્ચે લડાઈ ચાલૂ રહી હતી; કારણ કે ફ્રેંચ લોકો કર્ણાટકના નવાબ તરીકે ચાંદા સાહેબનો

---

૧ ર્‌હીનીશ પ્રશિયામાં આખેન નામે શહેર છે તેને ફ્રેંચ લોકો એઈ-લા-શાપેલ કહેછે; શાર્લમાનને ત્યાં દાટવામાં આવેલો છે.



રૉબર્ટ ક્લાઇવ

અને નિઝામ તરીકે મુઝફ્ફરજંગનો પક્ષ ખેંચતા હતા પણ અંગ્રેજ- લોકો ચાંદા સાહેબના હરીફ મહમદ અલીની અને મુઝફ્ફરજંગના હરીફ નઝીરજંગની તરફદારી કરતા હતા. આ અનિયમિત અને અંગ્રેજ સરકારની મુખત્યારી વિનાની લડાઇઓ દરમ્યાન રૉબર્ટ ક્લાઇવે સેનાપતિ તરીકેની પોતાની હુશિયારી સિદ્ધ કરી બતાવી અને આર્કોટનો બહાદૂરીભર્યો બચાવ કરીને અમર કીર્તિ મેળવી (૧૭૫૧). અંગ્રેજ સરકારે ફરિયાદ કરી કે ફ્રાન્સના અને ઇંગ્લંડના રાજાઓ વચ્ચે સુલેહ હોવા છતાં હિંદુસ્તાનમાં આવી લડાઈ ચાલૂ રહે એ ગેરવ્યાજબી છે. એથી ફ્રેંચ સરકારે દુપ્લેને પાછો બોલાવી લીધો. એ બિચારો દુપ્લે પાયમાલ થઈ ગયો અને ગરીબીમાં મરણ પામ્યો ત્યાંસૂધી એની કોઈએ દરકાર પણ કરી નહિં. એકંદર પરિણામ એ આવ્યું કે કર્ણાટકમાં અથવા મદ્રાસના કિનારા ઉપર અંગ્રેજની સત્તા જામી અને નિઝામના મુલ્કોમાં ફ્રેંચની સત્તા ચાલૂ રહી. સુલેહ લાંબો વખત ટકી નહિં.

જૂની અને નવી પદ્ધતિ—એઇ-લા-શાપેલની સુલેહ પછી થયેલી રાજદ્વારી ઉથલપાથલનો અને લડાઈઓનો વૃત્તાન્ત શરુ કરતાં પ્હેલાં કેટલાક શાંતિમય બનાવો તપાસવા જેવા છે.

સૂર્યની આસપાસ પૃથ્વીની પ્રદક્ષિણાને અને ઋતુઓને બરાબર અનુસરતું પંચાંગી વર્ષ ગોઠવવામાં બધી પ્રજાઓને, હિંદુઓને પણ, ઘણી મુસીબત નડ્યા કરી છે. પૃથ્વીને સૂર્યની એક પ્રદક્ષિણા પૂરી કરવા માટે જોઇતો વખત લગભગ ૩૬૫¼ દિવસો જેટલો ગણાય છે, પણ ખરું જોતાં એથી કાંઇક ઓછો છે. વધારાના એક ચતુર્થાંશ દિવસની તો કામચલાઉ ગોઠવણ દર ચાર વર્ષોએ વર્ષની ગણતરીમાં એક દિવસ ઉમેરીને કરી શકાય છે, પણ ૩૬૫¼ દિવસોની અને સાચા પ્રદક્ષિણાકાળની વચ્ચે રહેતા ઝીણા તફાવતથી આવતી ભૂલ બીજી રીતે સુધારવી પડે છે. જો એ સુધારવામાં ન આવે તો જમાનાઓ વીતતાં એ ન્હાનકડી ભૂલનું પરિણામ મ્હોટું આવે. સોળમાં સૈકામાં એક પોપે જરૂરજોગો સુધારો કર્યો હતો તે કૅથલિક

રાજ્યોએ ધીમેધીમે સ્વીકાર્યો હતો. પણ ઘણાંખરાં પ્રૉટેસ્ટન્ટ રાજ્યો પંચાંગ સુધારવાની વાતમાં પણ પોપનું કહ્યું કરતાં અચકાતાં હતાં. અઢારમા સૈકાની મધ્યમાં ઇંગ્લીશ વર્ષમાં રહેલી કસુર વધીને અગ્યાર દિવસની થઈ હતી, જેથી વ્યવહારમાં બહુ અગવડ પડતી હતી. એથી પાર્લમેંટે ૧૭૫૧ માં એક કાયદો ઘડીને ફરમાવ્યું કે ૧૭૫૨ ની સાલમાં સપ્ટેંબરની ૨ જી તારીખ પછીના દિવસને સપ્ટેંબરની ૧૪ મી તારીખ ગણવી. આ રીતે ગણતરીમાંથી ૧૧ દિવસો કાપી નાખવામાં આવ્યા. અભણ લોકો આથી ખૂબ ગુસ્સે થઈને કહેવા લાગ્યા કે સરકારે અમારી જીંદગી એટલી ટુંકી કરી નાખી. આ સુધારેલી ગણતરીને નવી પદ્ધતિ (ન્યૂ સ્ટાઇલ) કહેવામાં આવે છે. જૂની ગણતરી પ્રમાણે જે તારીખ આવે તે જૂની પદ્ધતિ (ઓલ્ડ સ્ટાઇલ) મુજબની તારીખ કહેવાય. એ જ વખતે પાર્લમેંટે હુકમ કાઢ્યો કે નવું વરસ અત્યારસુધી ૨૫ મી માર્ચથી શરુ થતું ગણાતું તેને બદલે ૧ લી જાન્યુઆરીથી શરુ થતું માનવું. ૧૭૫૧ ની સાલ માર્ચની ૨૫ મીએ શરુ થઇ હતી તેમાંથી આ રીતે લગભગ ત્રણ મહિના કપાઇ ગયા, કારણ કે ૧ લી જાન્યુઆરીથી તો ૧૭૫૨ ની સાલ શરુ થઇ. ઇતિહાસકારોને આ બધી બાબતો ખૂબ ધ્યાનમાં રાખવી પડે છે, કારણ કે જો તેઓ એમાં બેદરકાર રહે તો તેઓએ આપેલી સાલમાં વખતે એક વર્ષની ભૂલ આવે.[1] ગ્રિક ધર્મસંસ્થાને અનુસરનારી રશિયન અને બીજી પ્રજાઓ હજી જૂની રીતને અનુસરે છે, તેથી તેઓની ગણતરીમાં હવે ૧૨ દિવસથી પણ વધારે ભૂલ આવે છે.

ધાર્મિક પુનર્જીવન; વેસ્લી અને મેથડિસ્ટો (નિયમ પ્રમાણે ચાલનારાઓ)—૨ જા જ્યૉર્જના વખતમાં ઇંગ્લંડની ધર્મસંસ્થામાં રહેલા લોકનો તેમ જ એથી જૂદા પડેલા (ડિસેન્ટર)

---

૧. દાખલા તરીકે જૂની રીત મુજબ ૨૪ મી માર્ચ ૧૭૫૧ તે નવી રીત મુજબ ૧૭૫૨ ની સાલ ગણાય. આવી તારીખોને કોઇક વાર ૨૪ માર્ચ ૧૭૫૧/૧૭૫૨ એમ લખવામાં આવે છે.

લોકનો ધાર્મિક ઉત્સાહ તદ્દન મંદ પડી ગયો હતો. ઘણાખરા ધર્મગુરુઓ બેદરકાર બની ગયા હતા અને લોકોને સાધારણ રીતે ધર્મમાં જરાપણ રસ ન્હોતો પડતો. ધાર્મિક જીવનની ખોટથી અને દેશમાં વ્યાપી રહેલ અજ્ઞાનથી અને અનીતિથી નારાજ થયેલા કેટલાક **ઓક્સફર્ડના** માણસોની એક ન્હાના મંડળે **વેસ્લી** નામના બે ભાઇઓની અને **જ્યૉર્જ વ્હિટફીલ્ડની** આગેવાની નીચે નવો ધર્મસુધારો કરવાનું મ્હોટું કાર્ય માથે લીધું. લાગણીભરેલો ઉપદેશ આપીને અને પવિત્ર જીવનનો દાખલો બેસાડીને એ લોકોએ ઘણું સારું કામ બજાવ્યું. પ્રજાના અંતઃકરણને જાગ્રત્ કરનારા અને ઇશ્વરી બાબતો તરફ લોકનું મન દોરનારા તેઓના બોધનાં પરિણામો આજસૂધી જોવામાં આવે છે. જૂના સંપ્રદાયોને રજૂ કરવાની નવી પદ્ધતિને અનુસરનારા લોકોના ધીમે ધીમે જૂદા પંથો બન્યા અને રીતસર રચાયેલી ધર્મસંસ્થાઓ બંધાઈ. એ પંથોના **વેસ્લિયન, મેથોડિસ્ટ,** અને એવાં બીજાં નામો પડયાં. એ પંથોના અનુસરનારાઓની સંખ્યા હાલ યુરોપમાં, અમેરિકામાં, અને દુનીયાના બીજા ભાગોમાં, કરોડ જેટલી થઇ છે. હિંદુસ્તાનમાંની ઘણી ધર્મ ફેલાવનારી સંસ્થાઓ (મિશનો) વેસ્લિયન અને મેથોડિસ્ટ પંથની તરફથી ચલાવવામાં આવે છે. વેસ્લિયન ચળવળના ફેલાવાનો અને પરિણામોનો સારો અહેવાલ **ગ્રીનના 'અંગ્રેજ લોકના ટુંકા ઇતિહાસ'** (શૉર્ટ હિસ્ટરી ઑફ્ ધ ઇંગ્લીશ **પી**પલ) માં આપેલો છે.

પેલ્હૅમ પ્રધાનમંડળ—એઈ-લા-શાપેલની સુલેહ પછી કેટલાંક વર્ષો સૂધી ઈંગ્લંડનો રાજ્યવહીવટ મુખ્યત્વે કરીને હેન્ત્રી પેલ્હામ અને એના ભાઈ ડયૂક ઑફ્ ન્યૂકૅસલ એ બે સત્તાધારી વ્હિગ અમલદારોના હાથમાં રહ્યો. હેન્ત્રી પેલ્હૅમ વૉલપોલની માફક નાણાવહીવટમાં કુશળ હતો. એણે પ્રજાના લેણા ઉપરનું વ્યાજ ૪ ટકાને બદલે ઘટાડીને ૩ ટકા કર્યું, અને એ રીતે દેશને દર સાલ પાંચ લાખ પાઉંડ બચાવી આપ્યા. એ ૧૭૫૪ માં મરણ પામ્યો

ત્યારે એનો નબળો, આવડત વિનાનો ભાઈ ડયૂક ઑફ્ ન્યૂકૅસલ એની જગ્યાએ આવ્યો.

અમેરિકામાં ફ્રેંચ અને ઇંગ્લીશ લોકો વચ્ચે લડાઈ— અમેરિકામાં જઈ વસેલા ઇંગ્લીશ લોકો એ વખતે તેર જૂદાં જૂદાં સંસ્થાનો રચીને પોતાનો રાજ્યવહીવટ ચલાવતા હતા. તેઓએ આ અરસામાં ફ્રેંચ લોકો જોડે લડાઈ શરુ કરી. લડાઈનું કારણ એ હતું કે એલેગની પર્વતો ઓળંગીને ઓહાઇયો અને મિસિસિપી નદીઓથી ફળદ્રૂપ બનેલાં પશ્ચિમ તરફનાં મેદાનોમાં જઈ વસવાની અંગ્રેજોની ઇચ્છા હતી, અને ફ્રેંચ લોકો તેઓને એ તરફ આગળ વધતાં અટકાવતા હતા. જેમ હિંદુસ્તાનમાં બન્યું હતું તેમ જ અમેરિકામાં સંસ્થાનીઓએ પોતે જ લડાઈ શરુ કરી હતી. ફ્રાન્સની અને ઇંગ્લંડની સરકારો વચ્ચે તો એ વખતે સુલેહ હતી.

સાતવરસી વિગ્રહની શરુઆત—ઉત્તર અમેરીકાના અજાણ્યા કિલ્લાઓ વિશેનો એ સ્થાનિક ઝગડો ઝડપથી જંગી વિગ્રહનો એક ભાગ બની ગયો. એ વિગ્રહમાં એક તરફ ફ્રાન્સ અને એની સાથે જોડાયેલાં રશિયા, સ્વીડન અને ઘણાંખરાં જર્મન રાજ્યસંસ્થાનો હતાં, અને સામા પક્ષમાં ઇંગ્લંડ અને એનું મિત્ર બનેલું પ્રશિયા એ બે રાજ્યો હતાં. સાઇલીશિયા પ્રાન્તને પચાવી પાડનાર પ્રશિયા સાંમે એમ્પ્રેસ મરાયા થેરીસાનો ગુસ્સો, અને ફ્રાન્સના અને રશિયાના રાજ્યકર્તાઓનો પ્રશિયાના રાજા મહાન ફ્રેડરિક તરફનો દ્વેષ, એ યુરોપમાં સળગી ઉઠેલા વિગ્રહનાં કારણો હતાં. ઇંગ્લંડ એ વખતે લડાઈ માટે બરાબર તૈયાર ન્હોતું અને એનો કારોબાર કમતાકાત પ્રધાનના હાથમાં હતો તે છતાં પ્રશિયાને મદદ આપવી એ એને પોતાની ફરજ જણાઈ. ૧૭૫૬ ની વસંત ઋતુમાં ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઈ રીતસર જાહેર કરવામાં આવી. આ રીતે શરુ થયેલા યુદ્ધને ઇતિહાસકારો સાતવરસી વિગ્રહ કહે છે. એશિયામાં અને અમેરીકામાં બ્રિટિશ સલ્તનતનો ફેલાવો

કરવામાં એ વિગ્રહનાં પરિણામો બહુ અગત્યનાં નીવડયાં હતાં. મૅકૉલેનું કહેવું વ્યાજબી છે કે એ ઇંગ્લંડે લડેલા વિગ્રહોમાંનો સૌથી વધારે કીર્તિવંત વિગ્રહ હતો; પણ એની શરુઆત ખરાબ થઈ હતી.

માઇનોર્કા ગુમાવ્યું—ભૂમધ્ય સમુદ્રમાંનો **માઇનોર્કા** ટાપુ યુટ્રેક્ટની સુલેહની રૂએ **સ્પેને** ઇંગ્લંડને આપ્યો હતો. અત્યારે જેમ **માલ્ટા** કિંમતી ગણાય છે તે જ રીતે, ઉત્તમ બારાં તરીકે અને **ભૂમધ્યસમુદ્ર**માંના કાફલાના મુખ્ય મથક તરીકે, **માઇનોર્કા** એ વખતમાં બહુ ઉપયોગી હતું. પણ એમાં લશ્કરી રક્ષણ નબળું હતું અને એનો ઘેરો છોડાવવા માટે મોકલવામાં આવેલો નૌકાસેનાપતિ **બિંગ** લડ્યા વગર જ પાછો ફર્યો, એથી એ ટાપુ ફ્રેંચના હાથમાં ગયો. નૌકાસેનાપતિ **ઍડ્મિરલ બિંગ** ઉપર લશ્કરી અદાલતમાં કામ ચલાવવામાં આવ્યું અને જોઇએ તેટલો પરાક્રમી ન હોવા માટે એને ગોળીથી વીંધીને મારી નાખવામાં આવ્યો.

કલકત્તા ગુમાવ્યું—જે મહિનામાં (જૂન ૧૭૫૬ માં) **માઇનોર્કા** પડ્યું તે જ મહિનામાં **બંગાળા**ના સૂબેદાર અથવા નવાબ **સિરાજ-ઉદ્-દૌલા**એ કલકત્તા સર કર્યું, તેથી **હિંદુસ્તાન**માં પણ ઇંગ્લિશ લોકો ઉપર આફત આવી પડી. કલકત્તાના ગવર્નરની ગેરવર્તણુકની અને અંધારી કોટડી (બ્લૅક હોલ)ના ત્રાસની વાત **હિંદુસ્તાન**ના ઇતિહાસનો વિષય છે એટલે અહિંયાં વર્ણવવાની જરૂર નથી. **અમેરિકા**માં ફ્રેંચ લોકોએ કેટલીક ન્હાની જીતો મેળવી. આ રીતે એકંદર વિગ્રહની શરુઆત ઇંગ્લીશને માટે ખરાબ થઈ હતી. એ વખતે જોકે લોકમત જાહેર કરવાનાં હાલના જેવાં સાધનો ન્હોતાં તોપણ ૧૭૫૬ ના નવેંબરમાં સરકાર વિરુદ્ધની લોકલાગણી એટલી મજબૂત અને ખુલ્લી રીતે પ્રગટ થઈ હતી કે ડયૂક ઑફ્ ન્યૂકૅસલને એથી પ્રધાનપદનું રાજીનામું આપવાની અને વધારે કુશળ માણુસ માટે જગ્યા કરવાની ફરજ પડી. એ કુશળ માણુસની દેખરેખ નીચે એક પછી એક ફત્તેહ ઉપર ફત્તેહ વડે **બ્રિટિશ**ની કીર્તિ ફરીથી

પ્રકાશિત બની અને દરિયાપારની હાલની બ્રિટિશ સલ્તનતના પાયા મક્કમ રીતે નંખાયા.

વડો વિલિયમ પિટ—દેશને બચાવવા એ વખતે આગળ આવેલો એ કુશળ પુરુષ તે મદ્રાસના અગાઉના એક ગવર્નરનો પૌત્ર વિલિયમ પિટ હતો. તે ઓલ્ડ સૅરમ નામના ચૂંટણીની સ્વતંત્રતાની બાબતમાં નકામા થયેલાં પરગણાં (રૉટન બરો)ના પ્રતિનિધિ તરીકે પાર્લમેંટમાં દાખલ થયો હતો. અને સર રૉબર્ટ વૉલપોલના કટ્ટા વિરોધી તરીકે જાહેરમાં આવ્યો હતો. નવેંબર ૧૭૫૬ માં ડયૂક ઑફ્ ન્યૂકૅસલે રાજી-નામું આપ્યું ત્યારે પિટ સેક્રેટરી ઑફ્ સ્ટેટ (રાજ્ય-મંત્રી) બન્યો. ડયૂક ઑફ્ ડેવનશર એનો ઉપરી નામનો જ હતો. પણ રાજાને



પિટ, અર્લ ઑફ્ ચૅથમ

પિટની જોહુકમી ભરેલી રીતો પસંદ ન્હોતી આવતી એથી એણે એને પદવી ઉપરથી દૂર કર્યો. પણ બીજે જ વર્ષે, અગ્યાર અઠવાડિયાંઓ સૂધી ઇંગ્લંડ પ્રધાનમંડળ વગરનું રહ્યું ત્યારપછી, લંડનના અને બીજાં મ્હોટાં શહેરોના લોકના મતને માન આપવાની જ્યૉર્જને ફરજ પડી. એ લોક પિટને મક્કમ રીતે ટેકો આપનારા હતા. જ્યૉર્જે એવી ગોઠવણ કરી કે ન્યૂકૅસલ સરકારની મહેરબાનીમાં રહે પણ આમસભામાં આગેવાન પિટ બને અને વિગ્રહનો અને પરદેશના રાજકાજનો વહિવટ પણ પિટ કરે.

કલકત્તા પાછું જીતાયું; પ્લૅસી—જો કે પ્રથમ તો પિટનો ઉત્સાહ અને દઢતા પણ ફ્રાન્સમાં અને જર્મનીમાં ફત્તેહ મેળવવામાં નિષ્ફળ ગયાં, તોપણ એ નિષ્ફળતાનો બદલો એશિયામાં મળેલી ફત્તેહથી વળી ગયો. કલકત્તા ખોયું ત્યારપછી એક જ વર્ષમાં ક્લાઇવે અને ઍડ્મિરલ વૉટ્સને તે પાછું મેળવ્યું, અને પ્લાસીની લડાઈમાં મળેલી જીતથી અંગ્રેજ લોકો બંગાળાના હાકેમ બન્યા (૨૩ જૂન ૧૭૫૭). એ જ વર્ષમાં પ્રશિયાના મહાન્ ફ્રેડરિકે ઑસ્ટ્રિયનો ઉપર બે ફત્તેહ મેળવી (રૉસબૅક અને લ્યૂથેન), અને એ રીતે પોતાનું પોતે જાળવી શકે છે એમ બતાવી આપ્યું. એને પિટે મોકલેલા પુષ્કળ પૈસાની મદદ મળતી અને દૂરના પિત્રાઈ પ્રિન્સ ફર્ડિનૅન્ડ ઑફ્ બ્રન્ઝવિકની કાબેલ સેનાપતિ તરીકેની ઉત્તમ સેવાનો એને લાભ મળતો હતો.

અમેરિકામાં લડાઈ; લાગોસ અખાતની દરિયાઇ ફતેહ—અમેરિકામાંનાં સંસ્થાનોની જરૂરો વીસરવામાં આવી ન્હોતી. ઍડ્મિરલ બોસ્કૅવેને ૧૭૫૮ માં કેપ બ્રિટન ટાપુની રાજધાની લૂઇબર્ગ સર કરી, અને બીજે જ વર્ષે પોર્ટુગીઝ કિનારે લાગોસ અખાતમાં ફ્રેંચ કાફલાને હરાવ્યો. આ રીતે એણે ફ્રેંચ લોકની દરિયાઇ સત્તા નબળી પાડી. એ સત્તાને જોરે જ ફ્રેંચ લોકો કૅનૅડા જાળવી શકતા હતા. ડુકેનના કિલ્લા આગળ સંસ્થાનવાસીઓ વચ્ચે લડાઈ ચાલી રહી હતી તેમાં અંગ્રેજ સંસ્થાની લશ્કરે જીત મેળવીને ડુકેનનો કિલ્લો હાથ કર્યો, જેથી દૂરના દક્ષિણ ફ્રેંચ સંસ્થાન લુઇઝીયાનાથી[1] કૅનૅડા અલગ થઈ ગયો. આ કિલ્લાનું નામ બદલવામાં આવ્યું અને ફત્તેહ મળે તેવી વ્યવસ્થા કરવામાં કુશળ હતો તે પ્રધાનના માનમાં એનું નામ પિટ્સબર્ગ પાડવામાં આવ્યું.

કિવબરોન અખાતમાં દરિયાઇ ફતેહ—૧૭૫૯ ની સાલ

---

૧. ૧૮૦૩માં નેપોલિયને ૨૪,૦૦,૦૦૦ પાઉંડ (૬ કરોડ ફ્રૅંક) લઈને લુઈઝીયાના યુનાઇટેડ સ્ટેટ્સને વેચાતું આપ્યું. લૂઇબર્ગ હાલ મચ્છીમારોનું ગામડું છે.



'ફત્તેહની સાલ' કહેવાઈ છે. ઍડ્મિરલ બૉસ્કૅવેને લાગોસ અખાતમાં દરિયાઈ જીત મેળવી તે આપણે જોઈ ગયા. ત્યારપછી તરત જ ઍડ્મિરલ હૉકે બ્રિટનીના કિનારા ઉપર કિવબરોન અખાતમાં બીજા ફ્રૅંચ કાફલાને એવી જ સખત હાર ખવરાવી. આ બે લડાઈઓમાં ફ્રૅંચ નૌકાસૈન્ય લગભગ નાશ પામ્યું હતું અને એ બે લડાઈઓથી જ હિંદુસ્તાનમાંનાં અને અમેરિકામાંનાં ફ્રૅંચ સંસ્થાનોનું ભાગ્ય નક્કી થઇ ચૂક્યું હતું, કારણ કે દરિયાઈ સાધનમાં નબળી પડેલી પ્રજાથી એનું રક્ષણ ન થઈ શક્યું.

મિંડનનું યુદ્ધ—એજ ભાગ્યશાળી વર્ષમાં રાજા ફ્રેડરિકના સેનાપતિ પ્રિન્સ ફર્ડિનૅન્ડે સાત અંગ્રેજ લશ્કરી ટુકડીની મદદ વડે ફ્રૅંચ લોકોને વેસ્ટફૅાલિયામાં મિંડન મુકામે હરાવ્યા. ઘોડેસ્વાર લશ્કરના સરદાર લૉર્ડ જ્યૉર્જ સૅક્‌વિલે સ્પષ્ટ મળેલા હુકમો માનીને ન્હાસતા શત્રુની પૂઠ પકડી હોત તો શત્રુની હાર ઘણી સખ્ત થાત. પણ કાંઈક કારણસર, ઘણેભાગે મિજાજમાં, સૅક્‌વિલે પોતાની ફરજ બજાવી નહિ અને એથી ફતેહનાં અરધાં ફળો ગુમાવી દીધાં.

કૅનૅડાની જીત—લૂઈબર્ગ, કિવબરોન અખાત અને મિંડન એ સ્થળોની યાદગીરી ભલે ગમે તેટલી ઝાંખી પડી જાય; પણ પિટની માણસ પારખવાની સારી શક્તિને લીધે ઉંચી પદવીએ વધેલા તરુણ સેનાપતિ વુલ્ફે કિવબેકમાં અબ્રાહામનો ડુંગરી પ્રદેશ કેવી બહાદુરીથી લડીને મેળવ્યો હતો એ તો અંગ્રેજ નિશાળીઓ પણ સાધારણ રીતે જાણે છે—જોકે અંગ્રેજ નિશાળીઓ મૅકૉલે ધારતો તેથી વધારે અજ્ઞાન હોય છે. કિવબેકને અંગ્રેજ પ્રાન્ત બનાવનારી એ લડાઇમાં વુલ્ફ્ અને એનો બહાદુર ફ્રૅંચ શત્રુ માર્કિવસ્ દ્ મૉંટ્કામ બંને સેનાપતિયો મરણ પામ્યા (૧૭૫૯). બીજે વર્ષે કૅનૅડાને પૂરેપૂરો જીતી લેવામાં આવ્યો. આ જીત કેવી મ્હોટી હતી તેનો જીતનારાઓને તો ખ્યાલ પણ ન્હોતો. સ્વતંત્ર સંસ્થાનોનાં જોડાણથી જોરાવર બનેલો કૅનૅડાનો મુલક જે બ્રિટિશ તાજ જોડે માત્ર વફાદારીની ગાંઠથી બંધાયેલો છે તે હાલ એક

મહાસાગરથી બીજા મહાસાગર સૂધી ફેલાઈ રહ્યો છે અને ટુંક વખતમાં અમેરિકાનાં યુનાઇટેડ્ સ્ટેટ્સનો બરોબરિયો હરીફ બનવાની આગાહી આપી રહ્યો છે.

હિંદુસ્તાનમાં ફ્રેંચની છેવટની હાર—હિંદુસ્તાનમાં બંગાળામાં ક્લાઈવ જેટલો ફત્તેહમંદ બન્યો હતો તેટલો જ મદ્રાસ કિનારે સર આયર કૂટ ફતેહમંદ બન્યો હતો. જાન્યુઆરી ૧૭૬૦ માં એણે ઉત્તર આર્કોટ જીલ્લામાં વાંદિવાશ મુકામે ફ્રેંચ સેનાપતિ લાલીને જબરી હાર ખવરાવી, અને શત્રુને હાંકી કાઢ્યા. તેઓ બિચારા પોંડીચેરીમાં ભરાઈ રહ્યા. મે ૧૭૬૦ માં પોંડીચેરીને દરિયા તરફથી અને જમીન ઉપરથી, બંને બાજૂથી, ઘેરી લેવામાં આવ્યું. ઘેરાયલું લશ્કર નવ મહિનાઓ સૂધી ભૂખમરાનું સંકટ વેઠીને છેવટ અછૂટકે, વાંદિવાશની લડાઇ પછી બરાબર એક વર્ષે, તાબે થયું. આ બનાવોથી ફ્રેંચ પ્રજાની દક્ષિણ હિંદુસ્તાનમાં હિંદ સલ્તનત સ્થાપવાની આશા હંમેશને માટે નાશ પામી (૧૭૬૧). એજ વર્ષમાં પાણિપતના રણક્ષેત્રમાં મરાઠા સૈન્યનો નાશ થયો તેથી વધતી જતી અંગ્રેજ સત્તા એના સૌથી જબરા શત્રુના ડરથી થોડો વખત છૂટી. ત્રણ વર્ષ પછી બકસરની લડાઇમાં બ્રિટિશ-લોકોએ બંગાળા તેમજ બિહાર ઉપર મજબૂત કાબૂ મેળવ્યો (૧૭૬૪).

૨ જા જ્યૉર્જનું મરણ—એ દરમ્યાન ૨ જો જ્યૉર્જ ઑકટોબર ૧૭૬૦ માં સીત્તોતેર વર્ષની વયે મરણ પામ્યો હતો અને ઇંગ્લંડનો તાજ એના પૌત્રને મળ્યો હતો, જે ૩ જા જ્યૉર્જનું નામ ધારણ કરીને રાજા બન્યો હતો. ૨ જા જ્યૉર્જનો વડો પુત્ર પાટવીકુંવર ફ્રેડરિક જે એક નાલાયક આદમી હતો તે પોતાના પિતાથી થોડાંક વર્ષો અગાઉ મરણ પામ્યો હતો.

મુખ્ય તારીખો

૧ લા જ્યૉર્જનું રાજ્યારોહણ	૧૭૧૪
મોટા પ્રિટેંડરનો જૅકોબાઈટ બળવો; ૧૪માં લૂઈનું મરણ	૧૭૧૫

સાતવર્ષી કાયદો	૧૭૧૬
સાઉથ સી બબલ	૧૭૨૦
સર રૉબર્ટ વૉલપોલ મુખ્ય પ્રધાન	૧૭૨૧
૨ જા જ્યૉર્જનું રાજ્યારોહણ	૧૭૨૭
જકાતનો ખરડો	૧૭૩૩
રાણીનું મરણ	૧૭૩૭
સ્પેન જોડે વિગ્રહ	૧૭૩૯
ઑસ્ટ્રિયાની વારસદારીના વિગ્રહની શરૂઆત	૧૭૪૦
વૉલપોલનું રાજીનામું	૧૭૪૨
ડેટિંજનની લડાઈ	૧૭૪૩
ફૉંટેનોયની લડાઈ; ન્હાના દાવાદાર (યંગ પ્રિટેંડર)નો જૅકોબાઇટ બળવો	૧૭૪૫
કલોડનની લડાઈ; મદ્રાસનું શત્રુને તાબે થવું	૧૭૪૬
એઈ-લા-શાપેલ અથવા આખનની સુલેહ	૧૭૪૮
હિંદુસ્તાનમાં બિનઅખત્યાર વિગ્રહ; ક્લાઇવે કરેલો આર્કૉટનો બચાવ	૧૭૫૧
નવી પદ્ધતિની (ન્યૂ સ્ટાઇલનો) શરૂઆત	૧૭૫૨
સાતવરસી વિગ્રહની શરુઆત; માઇનૉર્કા અને કલકત્તા ખોયાં	૧૭૫૬
પિટ અને ન્યૂકૅસલનું પ્રધાનપણું; પ્લાસીનું યુદ્ધ ...	૧૭૫૭
લૂઇબર્ગ સર કર્યું	૧૭૫૮
મિંડનની લડાઈ; લાગોસ અખાત અને કિવબેરોન અખાતની દરિયાઇ જીત; વુલ્ફે કરેલી કિવબેકની જીત	૧૭૫૯
વાંદિવાશનું યુદ્ધ	૧૭૬૦
૨ જા જ્યૉર્જનું મરણ ... ... ઑકટોબર	૧૭૬૦

પ્રકરણ ૧૦ મું

૩ જા જ્યૉર્જનું રાજ્ય, ફ્રેંચ રાજ્યવિપ્લવ (રેવોલ્યૂશન) સુધી; ૧૭૬૦–૮૯

૩ જા જ્યૉર્જનું રાજ્યારોહણ—નવો રાજા ગાદીએ બેઠો એનો અર્થ માત્ર એટલો જ ન્હોતો કે એક જ્યૉર્જની જગ્યાએ બીજો જ્યૉર્જ આવ્યો. એ બનાવ ઘણો ઉપયોગી હતો, અને એનાં પરિણામો બહુ અગત્યનાં આવ્યાં. ૩ જો જ્યૉર્જ બાવીશ વર્ષની વયનો તરુણ પુરુષ હતો. એ જન્મથી જ સાચો અંગ્રેજ હતો. અંગ્રેજ રીતભાતમાં કેળવાયલો હતો અને અંગ્રેજના જેવા જ ખ્યાલોથી ભરપૂર હતો. ઈંગ્લંડ જ એની જન્મભૂમિ હતું તેથી અને હૅનોવરવંશનો એ ત્રીજો રાજ્યકર્તા હતો તેથી એ એવી સ્થિતિમાં હતો કે પોતાની પ્રજા તરફથી વફાદારીનો દાવો કરી શકે અને વફાદારી મેળવી શકે. એના વડીલો માત્ર હૅનોવરના જર્મન ઇલેક્ટરો હતા તેથી તેઓ એવી વફાદારી મેળવી શક્યા ન્હોતા. કુલોડનની લડાઈમાં સ્ટુઅર્ટ-વંશની આશાઓ કાયમને માટે નાબુદ થઈ હતી, એટલે હવે વંશપરંપરાએ રાજગાદીના હક્કદાર બનેલા અને ઇશ્વરની ઇચ્છાથી અને પ્રજાની સંમતિથી તખ્ત ઉપર મક્કમ થઈને બેઠેલા આ જુવાન રાજાની મદદમાં ઊભા રહેવાને વ્હિગ અને ટોરી, કૅથલિક અને પ્રૉટેસ્ટન્ટ, બધા અંગ્રેજ લોકો એકસરખા ખુશી અને તૈયાર હતા. ટોરીવર્ગ જૅકોબાઇટપક્ષની તરફદારી કરતો હતો, પણ એ તરફદારી કાંઇપણ હરકત કરી શકે એવી ન્હોતી, અને રાજ્યદ્વારી બાબતોમાં એની કાંઈ અસર રહી ન્હોતી. ગમે તેવા જૅકોબાઈટ વલણવાળો ટોરી હોય તે પણ આ જુવાન રાજા તરફ વફાદાર થઈ જતો કારણ કે એ રાજા ઍંગલિકન ધર્મસંસ્થામાં અંતઃકરણપૂર્વક જોડાયલો હતો અને વ્હિગ-પક્ષને ખાસ ચહાતો નહિં. ૩ જા જ્યૉર્જનું અંગત ચારિત્ર એબ વગરનું હતું. અગાઉના રાજ્યકર્તાઓમાં જે વર્તણુકના દોષ હતા તેથી



૩ જો જ્યોર્જ

એ મુક્ત હતો. પોતાના નીતિમય જીવનથી એણે બધા વર્ગ ઉપર સારો દાખલો બેસાડ્યો.

૩ જા જ્યૉર્જની રાજ્યનીતિ—રાજા તરીકે પોતાની સત્તા અમલમાં મૂકવી અને ડ્યુક ઑફ્ ન્યૂકૅસલને અનુસરનારા મ્હોટા વ્હિગ જમીનદારોના બંધનમાંથી છૂટા થવું એવો મક્કમ ઇરાદો રાખીને ૩ જા જ્યૉર્જે રાજ્ય શરૂ કર્યું. પાર્લમેંટ વગર જ રાજ્ય ચલાવી શકાય એમ માની બેસે એવો તે મૂર્ખ ન્હોતો, એટલે એણે સ્ટુઅર્ટ રાજાઓનો દાખલો અનુસરવાનો યત્ન ન કર્યો પણ ૮ મા હેન્રીની અને એલિઝાબેથની રાજ્યનીતિનો ઉપયોગ કર્યો, એટલે કે પાર્લમેંટની મરજીથી વિરૂદ્ધ જઈને નહિં પણ એની મારફત પોતાની સત્તાને અમલમાં મૂકવાનો વિચાર કર્યો. પાર્લમેંટમાં, અને ખાસ કરીને આમસભામાં 'રાજાના મિત્રોને' વધારે સંખ્યામાં દાખલ કરાવવામાં એણે પોતાની શક્તિનો ઉપયોગ કર્યો, અને પ્રધાનો રાજાના જ નોકર છે, મરજીમાં આવે ત્યારે રાજા એને બરતરફ કરી શકે, એ સિદ્ધાન્ત સ્થાપવા માટે મ્હેનતભરી લડત ચલાવી. કેટલાંક વર્ષો સુધી ઘણે દરજ્જે એ એમાં ફાવ્યો, અને જો એ હતો એથી વધારે કાબેલ હોત તો કદાચ રાજસત્તાને નવી જીંદગી બક્ષી શકત. પણ આપબળે રાજ્ય ચલાવવાને એ લાયક ગણાય એટલી બુદ્ધિ એનામાં ન્હોતી.

વડો પિટ કીર્તિને શિખરે—"ફતેહની સાલ" વડે પિટે જે સ્થાન મેળવ્યું હતું એનું મૅકૉલેએ સારૂં વર્ણન આપ્યું છે:— "બીજા જ્યૉર્જના રાજ્યને અંતે પિટ જે સ્થાન ભોગવતો હતો તેવું ઇંગ્લંડના ઇતિહાસમાં બીજા કોઈ પણ પ્રજાસેવકે નથી ભોગવ્યું. એણે રાજાનો વિશ્વાસ મેળવ્યો હતો; આમસભામાં એ સર્વોપરિ સત્તા ચલાવતો; લોક એને પૂજતા; આખું યુરોપ એને વાહવાહ કરતું. એના વખતમાં એ અગ્રેસર અંગ્રેજ હતો; અને ઇંગ્લંડને એણે દુનિયાનું અગ્રેસર રાજ્ય બનાવ્યું હતું. ઘણીવાર લોકો એને મહાન્ આમવર્ગી (ધ ગ્રેટ કૉમનર) કહેતા. એ મહાન્ આમવર્ગી ધારે તો મુકુટધારી અને 'ગાર્ટર' પ્હેરનારા ઉમરાવો તરફ પણ

તિરસ્કારથી જુવે એવો મહાન્ હતો.[1] પ્રજા આનંદથી અને અભિમાનથી મસ્ત બની હતી. પાર્લમેંટ પેલ્હામની કારકીર્દી દરમ્યાન હતી તેવી શાન્ત હતી.........વ્હિગ અને ટોરી, ઍંગ્લિકન ધર્મસંસ્થાને માનનારાઓ અને પ્યૂરિટનો, બધા પક્ષો રાજ્યબંધારણને એકસરખી માનવૃત્તિથી વખાણતા, અને પ્રધાનની બુદ્ધિની, એના ગુણોની અને એની સેવાઓની એકસરખા ઉત્સાહથી તારીફ કરતા."

પિટનું રાજીનામું—એ મહાન્ પ્રધાન ગમે તેવો સત્તાધારી હતો પણ જુવાન રાજાની કરડી નજર એની પડતી લાવવાને પૂરતી હતી. અગાઉ પ્રિન્સ ફ્રેડરિકના કુટુંબમાં નોકરીમાં રહેલા અર્લ ઑફ્ બ્યૂટ નામના એક સ્કૉચ ઉમરાવને પોતાનો વિશ્વાસુ પ્રધાન બનાવવાનું જ્યૉર્જે પસંદ કર્યું. અને રાજાની મહેરબાનીના કરતાં લોકની મદદ ઉપર વધારે આધાર રાખનારા પ્રધાનની સત્તામાંથી છૂટા થવાની એને ઇચ્છા થઈ. ૩ જા જ્યૉર્જના રાજ્યારોહણ પછી એક વર્ષની અંદર રાજીનામું આપીને રાજાના માનીતા માણસ માટે માર્ગ ખુલ્લો કરવાની પિટને ફરજ પડી. ફ્રાન્સ અને સ્પેનના રાજાઓએ ઇંગ્લંડની વિરુદ્ધ એક છૂપો કુટુંબી કરાર (ફૅમિલી કૉમ્પૅક્ટ) કર્યો હતો એ વાત પિટ જાણતો હતો, તેથી એની એવી ઇચ્છા હતી કે એકદમ સ્પેન સ્હામે લડાઈ જાહેર કરવી અને ઇંગ્લંડના શત્રુઓ આખર નમ્ર બની જાય ત્યાંસૂધી લડાઈ ચાલુ રાખવી. એથી ઉલટું જ્યૉર્જને શાન્તિ જોઈતી હતી તથા પોતાના કરતાં ઘણા વધારે સમર્થ પ્રધાનની સત્તામાંથી છુટકારો જોઈતો હતો. ઘડીભર તો રાજા પોતાની મુરાદમાં ફાવ્યો.

સાતવર્ષી વિગ્રહનો અંત; પૅરિસની સુલેહ—

---

૧. ઉમરાવ ન હોય તે આમવર્ગી (કૉમનર). 'મુકુટ' (કૉરોનેટ) દરબાર પ્રસંગે ઉમરાવો પ્હેરતા. 'ગાર્ટર' એ ૧૪ મા સૈકામાં ૩ જા ઍડ્વર્ડે સ્થાપેલા 'મોસ્ટ નોબલ ઑર્ડર ઑફ્ ધ ગાર્ટર'નું ચિહ્ન હતું. 'નાઈટ ઑફ્ ધ ગાર્ટર' એ પદવી બીજી કરતાં વધારે માનભરેલી ગણાય છે.

૭૬૨ ની સાલ પૂરી થયા પ્હેલાં સુલેહની કલમો ઘડાઈ ચૂકી હતી, ને પછીના વર્ષની શરૂઆતમાં (૧૭૬૩ માં) પૅરિસની સુલેહ ઉપર કીઓ કરવામાં આવી. એટલે સાતવર્ષી વિગ્રહ બંધ પડયો. ન્સે કૅનૅડા અને બીજાં ઉત્તર અમેરિકાનાં સ્થાનો તેમ જ કેટલાક સ્ટ ઇંડિયન ટાપુઓ અને આફ્રિકાના પશ્ચિમ કિનારા ઉપરનું એક સ્થાન એટલું ઇંગ્લંડને આપ્યું. પોંડીચેરી અને બીજી હિંદુ-તાનમાંથી જે વ્હેપારી કોઠીઓ ફ્રાન્સને પાછી આપવામાં આવી માં લશ્કરી થાણું નહિ રાખવાનું ફ્રાન્સે કબૂલ કર્યું. સ્પેને ઉત્તર અમેરિકામાં ફ્લૉરિડા ઇંગ્લંડને આપ્યું અને બદલામાં લડાઇની આખરમાં ઇંગ્લીશ કાફલાએ જીતી લીધેલા ક્યૂબા અને મનિલા મના ફિલિપ્પાઈન્સમાંના ટાપુઓ પાછા લીધા. બીજી પણ કેટલીક ાછી ઉપયોગી શરતો હતી. ઇંગ્લંડે હલકાઇભરેલું વર્તન એ તાવ્યું કે પ્રશિયાના રાજાને પોતાનુ પોતે ફોડી લેવા રખડતો મૂક્યો.

લૉર્ડ બ્યૂટનું રાજીનામું—આ સુલેહથી ઇંગ્લંડને મ્હોટા લાભ ય એમ હતું છતાં પણ લોકમાં એ અત્યંત અપ્રિય બની, રણ કે પ્રજા ખાતરીથી માનતી હતી કે પિટ આથી વધારે સારી રતો મેળવી શક્યો હોત. પોતા ઉપર કરવામાં આવતા સખ્ત મલાઓથી હારીને લૉર્ડ બ્યૂટે એપ્રિલ ૧૭૬૩ માં પોતાના હોદ્દાનું જીનામું આપ્યું.

ગ્રેન્વિલનું પ્રધાનમંડળ—પ્રધાનમંડળ ઘડવા માટે રાજાને ખુશીથી વ્હિગ આગેવાનો પાસે જવું પડ્યું. એણે પિટના સાળા યૉર્જ ગ્રેનવિલને મુખ્ય પ્રધાન નીમ્યો. ગ્રેન્વિલ બહુ સાંકડા મનનો તો અને વિરોધીઓને સખ્ત અને ગેરવાજબી ઉપાયો વડે ાવવાનો યત્ન કરે એવો હતો. ખરું કહિયે તો સ્વભાવમાં એ લા ચાર્લ્સના પ્રધાન સ્ટ્રૅફર્ડ જેવો હશે એમ લાગે છે, જોકે ાવડતમાં એનાથી બહુ ઉતરતો હતો. ગ્રેન્વિલનો રાજ્યવહીવટ ાસ બે બાબત માટે યાદ રાખવામાં આવે છે. એક, આમમંડળના ભાસદ્ જૉન વિલ્ક્સ ઉપર એના લેખો માટે ચાલેલું કામ અને

બીજું, અમેરિકાનાં સંસ્થાનો પાસેથી, એમના જ રક્ષણમાં વપરાતા લશ્કરના નિભાવને માટે, દર વર્ષે ૧,૦૦,૦૦૦ પાઉંડ ઉઘરાવવાના હેતુથી યોજવામાં આવેલો **સ્ટૅમ્પ ઍક્ટ** (દસ્તાવેજની ફીનો કાયદો).

જૉન વિલ્ક્સ—નૉર્થ બ્રિટન નામના વર્તમાનપત્રના અંક ૪૫ માના લેખકોને, મુદ્રકોને અને પ્રકાશકોને પકડવા માટે કાઢેલા બધાને માટેના એક જ સામાન્ય વૉરંટ વડે વિલ્ક્સને પકડવામાં આવ્યો. એના ઉપર મૂકાયેલો બદનક્ષીનો આરોપ પુરવાર કરવામાં આવ્યો, એને આમસભામાંથી હાંકી કાઢવામાં આવ્યો, અને એને ફ્રાન્સ ન્હાસી જવાની ફરજ પાડવામાં આવી. પણ છેવટે અદાલતોએ એવો ચુકાદો આપ્યો કે પકડવા ઇચ્છેલા અમુક ચોક્કસ માણસનું નામ સ્પષ્ટ રીતે ન બતાવે એવા ‘ સામાન્ય વૉરંટ ’ ગેરકાયદેસર ગણાય. આ રીતે વિલ્ક્સ ઉપર ચાલેલા કામથી અંગ્રેજના સ્વાતંત્ર્યના હક્કમાં લાભ થયો. પછીનાં વર્ષોમાં રીતસર ચુંટાઈને આવેલા એ વિલ્ક્સને આમસભામાં દાખલ ન થવા દેવાનો અને એ સભામાં થતી ચર્ચાઓને પ્રગટ ન થવા દેવાનો પ્રયત્ન આમસભાએ કર્યો. આખર વિલ્ક્સ બધી બાબતોમાં જીત્યો. લોકની જાહેર સભાઓનો એને આશ્રય હતો, અને જાહેર સભાઓનો ઉપયોગ અને એની કિંમત પ્રજાને શીખવનારો પ્હેલો જ પુરુષ હોવાનું માન એને ઘટે છે. જો કે એનું જીવન અનીતિમય હતું અને એનું ચારિત્ર કલંકિત હતું તોપણ એકંદર એણે દેશની સારી સેવા કરી. જ્યૉર્જ ગ્રેન્વિલ અને એની પછીના પ્રધાનોએ વિલ્ક્સ ઉપર જુલ્મ કર્યો એમાં રાજાની પૂરેપૂરી સંમતિ હતી અને એથી ૩ જો જ્યૉર્જ લોકમાં અપ્રિય બન્યો.

‘ ૧૭૬૪ નો દસ્તાવેજ ફીનો કાયદો (સ્ટૅમ્પ ઍક્ટ)— ૧૭૬૪ના દસ્તાવેજ ફીના કાયદા (સ્ટૅમ્પ ઍક્ટ) મારફત બ્રિટિશ આમસભાએ સંસ્થાનો ઉપર કર નાખવાનો પોતાનો હક્ક હોવાનો દાવો કર્યો. જો કે સરકારે પોતાના આ કાર્ય માટે મજબૂત કારણો બતાવ્યાં હતાં તે છતાં, જે પાર્લમેંટમાં સંસ્થાનોના પ્રતિનિધિયો ન બેસતા હોય તે પાર્લમેંટ સંસ્થાનો ઉપર કર ન જ નાખી શકે એવી સંસ્થાન-

વાસીઓની દલીલ પણ વ્યાજબી ગણી શકાય. આ તકરારમાંથી જે ટંટો શરુ થયો એનું પરિણામ એ આવ્યું કે **અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેટોનું** સ્વતંત્ર પ્રજા તરીકે બંધારણ થયું. રાજા અને ગ્રેન્વિલ પોતાના કાયદાઓ સંસ્થાનવાસીઓ પાસે બળજોરીથી કબૂલ કરાવવા લશ્કરનો ઉપયોગ કરવા તૈયાર હતા. પોતાથી કદી અમલમાં મૂકી શકાય એવા કેટલાક હક્કોનો તેઓ દાવો કરતા હતા અને એ માટે ઘણું દબાણ કરતા હતા.

રૉકિંગહૅમ પ્રધાનમંડળ—ગ્રેન્વિલ અને એનો મદદનીશ ડયૂક ઑફ્ બેડફર્ડ બંને રાજાને એટલા બધા અણગમતા થઈ પડ્યા કે રાજાએ તેઓને હોદ્દાપરથી દૂર કરીને **માર્ક્વિસ ઑફ્ રૉકિંગહૅમને** રાજ્યનો આગેવાન નીમ્યો. પિટે એ હોદ્દો સ્વીકારવાની ના પાડી પણ **સ્ટૅમ્પ ઍક્ટ** રદ કરવામાં, રાજાની ઇચ્છાની વિરુદ્ધ, રૉકિંગ-હૅમને મદદ કરી. થોડા વખત ઉપર જ **પાર્લમેંટનો** સભાસદ્ બનેલો પ્રખ્યાત **આઇરીશ** વક્તા **એડ્મંડ બર્ક સ્ટૅમ્પ ઍક્ટ** રદ કરવાની તરફેણમાં હતો.

પિટ અર્લ ઑફ્ ચૅથમ બને છે—છેવટ ૧૭૬૬ ના જુલાઇમાં રાજાએ પિટને મુખ્ય પ્રધાન થવાને સમજાવ્યો, અને એને **અર્લ ઑફ્ ચૅથમ** એવો ઇલ્કાબ આપીને ઉમરાવ બનાવ્યો. **મહાન્ આમવર્ગીએ** ઉમરાવ થવાનું કબૂલ કર્યું એથી પ્રજા ઘણી નારાજ થઈ. ઘરડા પ્રધાનની માનસિક શક્તિ એકદમ નબળી થઇ ગઈ. પ્રધાનપદેથી એણે જોકે તરત રાજીનામું ન આપ્યું તોપણ રાજ્યની લગામ ઉતરતા દરજ્જાના માણસોના હાથમાં ગઈ.

રાજાની રાજ્યનીતિ—ચૅથમે ૧૭૬૮ માં રાજીનામું આપ્યું અને તબિયત સુધારી, પણ ફરીથી પ્રધાનપદ સ્વીકાર્યું નહિ. **આમ-સભાની** અને રાજાની સ્હામેના ઝગડામાં એણે વિલ્ક્સનો બચાવ કર્યો (આગળ પૃ ૨૩૩) અને ૧૭૭૮ માં ઉમરાવસભામાં પોતાનું છેલ્લું ભાષણ કરવાના થાકથી લથડીને મરણ પામ્યો. ચૅથમ કામગીરીથી ફારગ થયો ત્યારપછી ૩ જા **જ્યૉર્જે** પોતાની જ પસંદગીના અને

પોતાનું કહ્યું કરનારા પ્રધાનો મારફતે જ દેશનું રાજ્યતંત્ર ચલાવવાનું જારી રાખ્યું. રાજ્યવહીવટની બાબતમાં અને સંસ્થાનો તરફની વર્તણુકમાં રાજાના જ સિદ્ધાંતો સ્વીકારનાર લૉર્ડ નૉર્થને રાજાએ ૧૭૭૦ માં પ્હેલો ટ્રેઝરીનો ઉપરી (લૉર્ડ ઑફ ધ ટ્રેઝરી) અને મુખ્ય પ્રધાન નીમ્યો.

લૉર્ડ નૉર્થ મુખ્ય પ્રધાન—અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો (યુનાઇટિડ સ્ટેટ્સ) માતૃભૂમિ ઈંગ્લંડથી છેવટે છૂટાં થયાં એ બનાવથી યાદગાર બનેલા લૉર્ડ નૉર્થના કારોબારનું વીગતવાર વર્ણન આપવું



લૉર્ડ નૉર્થ

પડશે. સરકારની ભૂલો તો રાજાનીજ આપમતીલી હઠનાં પરિણામો હતાં, પણ આટલો લાંબો વખત પ્રધાનપદે રહેલા લૉર્ડ નૉર્થનો પણ ગુન્હેગારીમાં હિસ્સો ગણાવો જ જોઇએ. સંસ્થાનવાસીઓ

ઉપર કરના કાયદાઓ નાખવાના પ્રયાસમાં રાજાને અને પ્રધાનને પ્રથમ તો પ્રજાની સામાન્ય લાગણીનો ટેકો મળ્યો, કારણ કે સંસ્થાનવાસીઓ, વાજબી રીતે, બંડખોર અને દેશદ્રોહી ગણાતા હતા. કેટલાંક વર્ષો સૂધી અપ્રિય રહેલો રાજા હવે લોકપ્રિય બન્યો. અત્યાર સૂધી જે રાજ્યનીતિને એ હઠથી જાળવી રહ્યો હતો તેને છેવટ સૂધી વળગી રહેવામાં એને ઉત્તેજન મળ્યું.


બોસ્ટન અને ચાના વ્હાણો—ઈંગ્લંડે નાખેલા કરો સ્હામેનો સંસ્થાનવાસીઓનો વિરોધ જારી રહ્યો. અને **લૉર્ડ નૉર્થે** ચા ઉપરની નજીવી જકાત શિવાયના બીજા બધા કર રદ કર્યા તે છતાં પણ એ વિરોધ બંધ પડયો નહિં. એ ટંટામાં પ્હેલવ્હેલું લોહી ૧૭૭૦ માં **બોસ્ટન** મુકામે રેડાયું, જ્યારે એક ન્હાનો બળવો દાબી દેવાને બોલાવેલા સિપાહીઓએ ગોળીબાર કર્યો અને પાંચ આદમીઓને મારી નાખ્યા. ૧૭૭૩ માં ઇસ્ટ ઇંડિયા કંપનીએ ચાના મ્હોટા જથ્થાઓ ભરીને વ્હાણો મોકલ્યાં. બ્રિટિશ કર તરફનો તિરસ્કાર બતાવી આપવા બોસ્ટનના લોકોએ વ્હાણો ઉપર ચડી જઇને ચા દરિયામાં ફેંકી દીધી. બીજાં પણ કેટલાંક તોફાનો થયાં.

તેર સંસ્થાનોની પ્રતિનિધિ સભા—આ બનાવોના સમાચારથી રાજાને અને પાર્લમેંટને એટલો બધો ક્રોધ ચડયો કે બંડખોર સંસ્થાનવાસીઓને સજા કરવા માટે કેટલાક કાયદાઓ પસાર કરવામાં આવ્યા અને જનરલ ગેઝની સરદારી હેઠળ સિપાહીઓ મોકલવામાં આવ્યા. એ વખતે કૅનૅડા બાદ કરતાં બ્રિટિશ સંસ્થાનો તેર હતાં.[1] દક્ષિણમાંના જ્યૉર્જિયા શિવાયનાં બધાં સંસ્થાનોએ ફિલૅડેલ્ફિયામાં ભરાયેલી કૅાન્ટિનેન્ટલ કૅાંગ્રેસ નામની

૧. તેર સંસ્થાનો નીચે મુજબ હતાં: દેશનિકાલ થયેલા પ્યુરિટનોથી વસેલાં ચાર 'ન્યૂ ઇંગ્લંડ' સંસ્થાનો—મસાચુસેટ્સ, ન્યૂ હૅમ્પશર, કનેકિટકટ અને ર્‌હોડ ટાપુ; અને નવ બીજાં—ન્યૂ યૉર્ક, પેન્સિલવૅનિયા, ન્યૂ જર્સી, ડિલાવેર, મેરીલૅંડ, વરજીનિયા, નૉર્થ કૅરોલિના, સાઉથ કૅરોલિના, અને જ્યૉર્જિયા.


સભામાં પ્રતિનિધિયો મોકલ્યા (૧૭૭૪), જેમાં ઠરાવ કરવામાં આવ્યો કે સંસ્થાનોની માગણીઓ મંજૂર કરવામાં આવે નહિં ત્યાં સુધી ગ્રેટ બ્રિટન જોડેનો વ્હેપાર બંધ રાખવો. સંસ્થાનવાસીઓ સ્વયંસેવકની (વૉલંટિયર્સની) ટુકડીઓ જમા કરવા લાગ્યા.

શરુઆતની લડાઈ; જ્યૉર્જ વૉશિંગ્ટન—ખરી લડાઈ બોસ્ટન નજીક લેકિંસગટન મુકામે થયેલી ઝપાઝપીથી ૧૭૭૫ માં શરુ થઈ. અને ત્યાર પછી તરતમાં જ એ જ પ્રદેશમાં વધારે ગંભીર લડાઈ થઈ, જે બંકરટેકરી (બંકર્સ હીલ)ની લડાઈ કહેવાય છે. એ માસમાં જ્યૉર્જિયા સુદ્ધાં બધાં સંસ્થાનોના પ્રતિનિધિયોની બીજી સભા મળી. એણે પોતાનું "સંયુક્તસંસ્થાનોની મહાસભા" એવું નામ રાખ્યું. સુલેહના કાનૂનો ઘડવાના પ્રયાસ નિષ્ફળ ગયા. જ્યૉર્જ વૉશિંગ્ટન નામના ઉંચા ચારિત્રના ગૃહસ્થે સંસ્થાનોનાં બળવાખોર લશ્કરોની સરદારી લીધી. મ્હોટે ભાગે એના જ પ્રયત્નોને લીધે બળવો છેવટ ફતેહમંદ બન્યો.



જ્યૉર્જ વૉશિંગ્ટન

સ્વતંત્રતાનું જાહેરનામું—એ બળવો થોડીએક ટુકડીઓથી જ સ્હેલાઈથી દબાવી શકાશે એમ ધારીને અંગ્રેજ સરકારે પૂરતાં માણસો પણ મોકલ્યાં ન્હોતાં. એ દેશમાં એક સ્થળથી બીજા વચ્ચે રહેલાં મ્હોટાં અંતરોનો અને અનેક પ્રકારની સામટી મુસીબતોનો લૉર્ડ નૉર્થને ખ્યાલ ન્હોતો. હમણાં જ થોડાં વર્ષો પૂર્વે બોર લોકો



કૅનૅડા અને પૂર્વ તરફના સંયુક્ત સંસ્થાનો

જોડેના દક્ષિણ આફ્રિકાના વિગ્રહમાં જેવી ભૂલો કરવામાં આવી હતી તેવી જ ભૂલો આ અમેરિકાની લડાઈમાં કરવામાં આવી હતી. ઍટ-લૅન્ટિકને પેલેપાર મ્હોટું લશ્કર મોકલવું પડશે એવું જ્યારે જણાયું ત્યારે લૉર્ડ નૉર્થની સરકારને ઇંગ્લંડમાં માણસો ન મળી શક્યાં, એટલે ન્હાનકડા જર્મન રાજ્યકર્તાઓ પાસેથી લશ્કરી ટુકડીઓ ભાડે લેવી પડી. કુદરતી રીતે આ વર્તણુકથી સંસ્થાનવાસીઓ ગુસ્સે થયા અને તેઓએ ઉશ્કેરાઇને રાજા જ્યૉર્જ તરફની વફાદારી નાકબૂલ કરી. ૪ થી જુલાઈ ૧૭૭૬ ને રોજ મહાસભાએ સ્વતંત્રતાનું જાહેર-નામું બ્હાર પાડ્યું. યુનાઇટેડ્ સ્ટેટ્સની પ્રજા તરીકે હયાતી તે દિવસથી શરૂ થઇ ગણાય. હજી પણ યુનાઇટેડ્ સ્ટેટ્સમાં ૪ થી જુલાઇ-નો દિવસ તહેવાર અને ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે અને સ્વતંત્રતાનો દિવસ કહેવામાં આવે છે.

સંસ્થાનવાસીઓની નબળી સ્થિતી—પણ સંસ્થાનવાસીઓ પોતાને સ્વતંત્ર જાહેર કરે એ એક વાત હતી અને પોતાની એ સ્વતંત્રતાને સાબીત કરી બતાવવી એ જૂદી જ વાત હતી. લડાઈ ચાલૂ રહી અને ઉલટ સુલટ પરિણામો આવ્યા કર્યાં. કોઈ વાર એક પક્ષ જીતતો તો કોઇવાર બીજો. સંસ્થાનોની વસ્તી ગ્રેટ બ્રિટનની વસ્તીના ચોથા ભાગની હતી એટલે જો સંસ્થાનવાસીઓને પોતાથી એકલે હાથે લડાઈ લડી કાઢવાની ફરજ પડી હોત તો તેઓને જીત મળવી મુશ્કેલ થાત, કે કદાચ અશક્ય જ બનત. વખતે વખતે વૉશિંગ્ટનનાં લશ્કરોને બૂટની, અને ખરૂં કહિયે તો દરેક ચીજની, એટલી સખ્ત તંગી પડતી કે તેઓ લડત પડતી મૂકવાની અણીપર આવતા.

ફ્રાન્સે અને સ્પેને આપેલી મદદ—ફ્રેંચ લોકની મદદ મળ-વાથી સંસ્થાનવાસીઓની આશા સજીવન થઈ. એ મદદ પ્રથમ છૂપી રીતે પૈસાના અને સ્વયંસેવકોના રૂપમાં પ્હોચાડવામાં આવી હતી, પણ પછીથી, ૧૭૭૮ માં, ખુલ્લી મિત્રાચારી બાંધીને આપવામાં આવી. એક વર્ષ અગાઉ જૉન બરગૉયન નામે એક અંગ્રેજ સેના-

પતિને સારાટોગા નજીક ઘેરી લેવામાં આવ્યો હતો અને તાબે થવાની ફરજ પાડવામાં આવી હતી. ૧૭૭૯ માં સ્પેન પણ ફ્રાન્સ સાથે જોડાયું, જેથી ઇંગ્લંડ ઉપર બહુ ભારે બોજો આવી પડયો. ખરેખર એ વર્ષ ગ્રેટ બ્રિટન માટે બહુ ખરાબ નીવડયું હતું; ગ્રેટ બ્રિટને એ ઘડીએ દરિયા ઉપરની સરદારી ગુમાવી હતી, કારણ કે ફ્રેંચ કાફલો ઘણો સુધારવામાં આવ્યો હતો અને ઇંગ્લીશ કાફલાથી એ વખતે ચડિયાતો બન્યો હતો. ઉન્હાળામાં ફ્રાન્સ અને સ્પેનનાં એકત્ર થયેલા કાફલાઓ ગર્વથી ઈંગ્લિશ સામુદ્રધુનીમાં ધશી આવ્યા અને ત્યાં એને રોકનાર કોઇ ન્હોતું. પણ અમેરિકામાં હજી લડાઈ ચાલૂ હતી એ કાંઇક અંગ્રેજના લાભમાં હતી. તટસ્થ રાજ્યોનાં વ્હાણોને રોકીને એમાં શત્રુઓ માટે માલ જતો ન હોય એની ખાતરી કરવાના હક્કનો દાવો અંગ્રેજ કાફલાએ કર્યો હતો. તેની વિરૂદ્ધમાં રશિયા અને બીજી રાજ્યસત્તાઓએ સંપીને હથીયારબંધ તટસ્થમંડળ (આર્મ્ડ ન્યુટ્રૅલિટી) નામે એક મંડળ ૧૭૮૦ માં સ્થાપ્યું. એથી રાજા જ્યૉર્જની મુશ્કેલીઓમાં વધારો થયો.

લૉર્ડ કૉર્નવૉલિસનું શત્રુને તાબે થવું; લડાઈનો અંત— છેવટ ૧૭૮૧ માં અમેરિકામાંની લડાઇનો અંત આવ્યો. ફ્રેંચ અને અમેરિકન લશ્કરોએ, ફ્રેંચ કાફલાની મદદ વડે, લૉર્ડ કૉર્નવૉલિસને વર્જિનિયાને કિનારે યૉર્કટાઉનમાં ઘેરી લીધો અને એ ઘેરાને પરિણામે એને શત્રુને તાબે થવાની ફરજ પડી. હિંદુસ્તાનમાંના અને આયર્લૅંડમાંના બનાવો વાંચતાં આ કૉર્નવૉલિસ વિશે વધારે હકીકત આપણે વાંચીશું. રાજા હજી લડાઇ ચાલૂ રાખવાને અને વધારે નહિ તો છેવટ દક્ષિણનાં સંસ્થાનો જાળવી રાખવાને બહુ ઇંતેજાર હતો, પણ મુસીબતો બહુ મ્હોટી હતી. ભૂમધ્ય સમુદ્રમાંનો માઇનૉર્કા ટાપુ વળી પાછો સ્પૅનિયાર્ડોએ જીતી લીધો અને વેસ્ટ ઇન્ડિયન ટાપુઓમાંના કેટલાક ફ્રેંચ કાફલાએ સર કર્યા. બાજી હાથમાંથી ગઈ છે એમ સમજીને લૉર્ડ નૉર્થે માર્ચ ૧૭૮૨ માં રાજીનામું આપ્યું.



લૉર્ડ કૉર્નવૉલિસ

રૉકિંગહૅમ અને શેલ્બર્નનાં પ્રધાનમંડળો—પોતાનો નોકર જ થઇને રહે એવા પ્રધાન મારફત રાજ્યવહીવટ પોતાના જ હાથમાં રાખવાના પ્રયત્નમાં જ્યૉર્જ નાસીપાસ નીવડ્યો એટલે ફરીથી એને જે મ્હોટા વ્હિગ ઉમરાવોને પોતે ધિક્કારતો તેઓને જ નવું પ્રધાનમંડળ રચવા માટે બોલાવવા પડ્યા. પ્રથમ રૉકિંગહૅમની અને પછી લૉર્ડ શેલ્બર્નની આગેવાની નીચે પ્રધાનમંડળો રચાયાં, અને એ બંને મુખ્ય પ્રધાનોને સુલેહ કરવાની છૂટ આપવામાં આવી. ઍડ્મિરલ રૉડ્નીએ (૧૭૮૦, ૧૭૮૨ માં) મેળવેલી કીર્તિમંત દરિયાઈ ફત્તેહોને પરિણામે અને એકત્ર થયેલા ફ્રેંચ અને સ્પૅનિશ કાફલાઓ જીબ્રૉલ્ટર લેવાના પ્રયાસોમાં નિષ્ફળ નીવડ્યા તેથી આ પ્રધાનોને સુલેહના કાનૂનો સ્હામા પક્ષ પાસે કબૂલાવવા સ્હેલા થયા.

જીબ્રૉલ્ટરનો ઘેરો—ઇતિહાસમાં વર્ણવાયેલા ઘેરાઓમાં સૌથી વધારે મશહૂર બનેલો એ જીબ્રૉલ્ટરનો ઘેરો જુલાઈ ૧૭૭૯ માં શરુ કરવામાં આવ્યો હતો અને તે ૬ ઠી ફેબ્રુઆરી ૧૭૮૩ સૂધી, એટલે લગભગ ચાર વર્ષ, ચાલ્યો. એ મુદત દરમ્યાન કિલ્લામાંના લગભગ ૭૦૦૦ માણસોના લશ્કરી થાણાએ જનરલ ઇલિયટ (લૉર્ડ હીથફીલ્ડ) ની સરદારી નીચે પોતાથી બહુ મોટા લશ્કરના હલ્લાઓ પાછા હઠાવ્યા અને ૧૬ મરાયા અને ૬૮ જખ્મી થયા એટલીજ નુકસાની વેઠી. ત્યારપછી જેના ઉપર કદી પણ હલ્લો નથી કરવામાં આવ્યો એવો એ કિલ્લો અંગ્રેજ પ્હેરગીરની માફક ભૂમધ્યસમુદ્રની ચોકી કરે છે.

વેર્સાઇની સુલેહ—વેર્સાઇની સુલેહ (અથવા પૅરિસની સુલેહ) ઉપર ૧૭૮૩ માં સહીઓ કરવામાં આવી.[1] એમાં યુનાઇટેડ્ સ્ટેટ્સ-ની સ્વતંત્રતા સ્વીકારવામાં આવી, ભૂમધ્યસમુદ્રમાં માઇનૉર્કા અને અમેરિકામાં ફ્લૉરિડા સ્પેનના કબજામાં રહેવા દેવામાં આવ્યા, અને વેસ્ટ ઇન્ડિયન ટાપુઓની અને દુનિયાના બીજા ભાગોમાંનાં

---

૧ વેર્સાઇ શહેર અને મહેલ પૅરિસથી નૈર્ઋત્યકોણમાં ૧૧ માઇલ દૂર છે.

સ્થળોની પરચુરણ અદલાબદલી થઈ અને જીતેલા મુલક પાછા સોંપવામાં આવ્યા.

હિંદુસ્તાન અને આયર્લૅંડ—સ્વતંત્રતાના વિગ્રહનો સળંગ અહેવાલ આપવાની ખાતર આપણે હિંદુસ્તાનમાં અને આયર્લૅંડમાં બનેલા અગત્યના બનાવોને પડતા મૂકયા છે. હવે આપણે પ્રથમ હિંદુસ્તાનનો ઇતિહાસ તપાસીશું. અમેરિકા ગુમાવ્યો પણ વૉરન હેસ્ટિંગ્ઝની તીવ્ર બુદ્ધિએ હિંદુસ્તાનમાં લાભ મેળવીને એ ખોટનો બદલો વાળી આપ્યો હતો. વેસ્ટમિન્સ્ટર હૉલમાં એ બૂમ પાડી ઉઠયો હતો કે, " મેં તમને બધું મેળવી આપ્યું ; એના બદલામાં તમે મને જપ્તી, નામોશી અને જીંદગીભરની પાર્લમેંટમાં મારી ગુન્હેગાર તરીકે તપાસ, એ આપ્યું છે." લૉર્ડ નૉર્થે રાજીનામું આપ્યું ત્યારે હેસ્ટિંગ્ઝના કામનો સૌથી મુસ્કેલ ભાગ પૂરો થયો હતો; જોકે ત્યારપછી બીજાં ત્રણ વર્ષ એ હિંદુસ્તાનમાં રહ્યો હતો.

વૉરન હેસ્ટિંગ્ઝ બંગાળાનો ગવર્નર—હિંદુસ્તાનમાંના બનાવો સમજી શકાય એ માટે આપણે પાછા જઈને ઘણાં વર્ષો અગાઉથી શરુ કરવું પડશે. ૧૭૬૭માં નાદુરસ્ત તબિયતને કારણે કલાઇવને પોતે શરૂ કરેલું કામ અધૂરું મૂકીને હિંદુસ્તાન છોડી જવું પડયું. બંગાળા માટે રાજ્યવહીવટની યોગ્ય વ્યવસ્થા કરવાનો વખત એને ન્હોતો મળ્યો તેથી એની રવાનગી પછી દેશ જબરા ગેરવહીવટથી અને ૧૭૭૦માં પડેલા ભયંકર દુકાળથી દુખી બન્યો હતો. ઈસ્ટ ઇંડિયા કંપનીના વ્યવસ્થાપકો સારો બંદોબસ્ત કરવા માટે એક મક્કમ પુરુષની ખોળમાં હતા તેવામાં તેમને મદ્રાસમાં વૉરન હેસ્ટિંગ્ઝ મળી આવ્યો. એ ૧૭૭૨ મા બંગાળાનો ગવર્નર બન્યો.

બંદોબસ્તનો કાયદો (રેગ્યુલેટિંગ ઍકટ)—હિંદુસ્તાનમાં કંપનીના તાબામાં વિશાળ પ્રદેશ આવ્યો હતો એટલે હવે હિંદુસ્તાનના કારોબારનો નિયમસર બંદોબસ્ત કરવા માટે ઇંગ્લેંડના પ્રધાનોએ ઇલાજો કરવા પડશે એવું લૉર્ડ નૉર્થને જણાયું. એ મતલબથી પાર્લમેંટે એક ધારો ઘડયો, તે ૧૭૭૩નો બંદોબસ્તનો કાયદો

(રેગ્યુલેટિંગ ઍક્ટ) કહેવાય છે. એ કાયદાથી એક કારોબારી મંત્રીમંડળ, અને એ મંડળની મદદથી અમલ ચલાવતા ગવર્નર-જનરલ, તથા કલકત્તાની વડી અદાલત, એ ત્રણની સ્થાપના થઇ. હેસ્ટિંગ્ઝ પ્હેલો ગવર્નર-જનરલ થયો. એના સલાહકારમંડળે અને વડી અદાલતે એના તરફ બતાવેલા વિરોધની, હિંદી રાજ્યકર્તાઓ પ્રત્યેની એની વર્તણુકની, અને એણે કરેલા દેશ માંહેના સુધારાઓની બીના હિંદુસ્તાનના કોઇપણ ઇતિહાસમાં વાંચી લેવી. અહિં તો એનું જેટલું કાર્ય ફ્રેંચ વિગ્રહ જોડે અને ઇંગ્લંડના રાજકીય મામલા જોડે સંબંધ ધરાવતું હોય તેટલાનો જ અહેવાલ આપી શકાશે.

હેસ્ટિંગ્ઝે કરેલા રક્ષણના ઉપાયો—હંમેશાં લાંબી દૃષ્ટિથી જોનાર હેસ્ટિંગ્ઝ સમજી ગયો કે યુરોપ જોડેનો વ્યવહાર તાકીદથી ચલાવવા માટે **મી**સરદેશમાં (ઇજીપ્ટમાં) થઇને જમીનમાર્ગે લઇ જનારા આવજાના સાધનો બહુ ઉપયોગી થઇ પડશે, અને એને છૂટ મળી હોત તો એણે એ રસ્તે થઇને નિયમિત રીતે ટપાલ આવે જાય એવી ગોઠવણ કરી હોત. ૧૭૭૮ માં કેરોમાં થઇને ટપાલ આવે એવી એણે કરેલી કામચલાઉ વ્યવસ્થા ચાલતી હતી તેથી એને જુલાઇમાં વ્હેલાવ્હેલા સમાચાર મળ્યા કે ફ્રાન્સ જોડે લડાઇ થઇ છે. આગલા વર્ષના ઑક્ટોબર મહિનામાં સારાટોગા મુકામે જનરલ બરગૅાયન શત્રુને તાબે થયો હતો એ એની જાણમાં હતું, અને એથી ગ્રેટ બ્રિટન ઉપર અને હિંદુસ્તાનમાંના બ્રિટિશ મુલ્ક ઉપર જબરી આફતો આવી પડવાની એ એ જાણતો હતો. એ વખતે એ મુંબઇ સરકારની મૂર્ખાઇથી આવી પડેલા પ્હેલા મરાઠા વિગ્રહમાં રોકાયલો હતો. સર ફિલિપ ફ્રાન્સિસે ડરી જઇને એવી સલાહ આગ્રહપૂર્વક આપી કે મુંબઇ બાજૂથી લશ્કરને પાછું બોલાવી લેવું, પણ હેસ્ટિંગ્ઝ સમજતો હતો કે આગળ ધસારો કરવામાં જ સલામતી છે, પાછા હઠવામાં નથી, તેથી તેણે નાસીપાસી દર્શાવનારી એ સલાહ નામંજૂર કરી. તાકીદથી અને હિંમતથી એ ભયની સ્હામે થયો. એણે બંગાળાનું લશ્કર વધાર્યું, કલકત્તાના



वॉरन हेस्टिंग्ज

દરિયાઇ રક્ષણનો બંદોબસ્ત કર્યો, રાજા ચૈતસિંહ પાસેથી પૈસા કઢાવ્યા, ફ્રેંચ સંસ્થાનો કબજે કર્યાં, અને કેટલાક હિંદી રાજ્યકર્તાઓ જોડે મિત્રાચારીનો સંબંધ બાંધવાની ગોઠવણ કરી.

હૈદર અલીની હાર અને એનું મરણ; માંગલોરની સુલેહ—જુલાઇ ૧૭૮૦ માં મ્હૈસૂરનો હૈદર અલી લગભગ ૯૦,૦૦૦ માણસોનું લશ્કર લઇને એકાએક કર્ણાટક ઉપર ચડી આવ્યો અને મદ્રાસના કિલ્લાની સ્હામો આવી ઊભો. એ પ્રદેશમાં બાજી હાથથી ગયેલી જણાઈ, અને હેસ્ટિંગ્ઝ ન હોત તો આવી બન્યું જ હોત. ઘરડા સર આયર કૂટની બહાદુરીભરેલી મદદથી બાર મહિનાની અંદર પૉર્ટો નોવો નજીક હૈદર અલીની પૂરેપૂરી હાર થતાં ગવર્નર-જનરલની મ્હેનત સફળ થઈ (૧ લી જુલાઈ ૧૭૮૧). હૈદર અલી ડિસેંબર ૧૭૮૨ માં મરણ પામ્યો. એના પુત્ર ટીપુએ ચાલૂ રાખેલો એ વિગ્રહ જાન્યુઆરી ૧૭૮૪ માં માંગલોરની સુલેહથી બંધ પડયો. બંને પક્ષોએ પોતપોતે જીતેલો મુલક પાછો આપવાનું કબૂલ કર્યું. આ વ્યવસ્થા જો કે મદ્રાસ સરકારની ભૂલને લીધે નામોશીભરેલી હતી, તોપણ હેસ્ટિંગ્ઝના હાથમાંની સત્તા જોતાં જેટલી બની શકે તેટલી સારી હતી.

પ્હેલી મરાઠા લડાઈનો અંત; સાલબાઈની સુલેહ—૧૭૮૨ માં સાલબાઇની સુલેહથી મરાઠા લડાઇનો અંત આવ્યો. એ સુલેહથી અંગ્રેજ અને મરાઠા વચ્ચે વીશ વર્ષ સુધી સંપ રહ્યો અને મુંબઇને જેની બહુ ઇચ્છા હતી તે ઘારાપુરી (ઍલિફન્ટા) અને સાષ્ટીના ટાપુઓ મળ્યા. આ રીતે ૧૭૮૨ ની સાલ ઘણા અગત્યના બનાવો માટે યાદગાર છે—લૉર્ડ નૉર્થનું રાજીનામું, જીબ્રૉલ્ટર ઉપરના મુખ્ય હલ્લાની નિષ્ફળતા, રૉડ્નીએ મેળવેલી દરિયાઈ જીત, હૈદર અલીનું મરણ, અને સાલબાઇની સુલેહ. આપણે તરતમાં જ જોઈશું કે એ જ વર્ષ આયર્લૅંડમાં પણ એટલું જ યાદગાર હતું.

ઍડ્મિરલ દ સુફ્રે—૧૫ મા લૂઈ પછી ૧૭૭૪ માં ફ્રાન્સની ગાદીએ એનો પૌત્ર ૧૬ મો લૂઈ આવ્યો હતો. એના રાજ્ય દરમ્યાન ફ્રેંચ કાફલાની સત્તામાં જબરો ઉમેરો થયો હતો એ આગળ કહેવાઇ

ચૂકયું છે. ઍડ્મિરલ દ સુફ્રૅની સરદારી નીચે હિંદુસ્તાનની નજીકના સમુદ્રોમાં લડાઈ માટે હાજર રહેલો ફ્રેંચ કાફલો એવો તો જોરાવર હતો કે ૧૭૮૩ ની સુલેહથી એની હીલચાલ બંધ પડી ત્યાંસૂધી એ મ્હોટી ચિંતાનું કારણ બન્યો હતો.

હેસ્ટિંગ્ઝની રાજ્યનીતિનું એકંદર પરિણામ—હિંદુસ્તાનમાંની લડાઈઓનું અને હેસ્ટિંગ્ઝની ડહાપણભરી રાજ્યનીતિનું એકંદર પરિણામ એ આવ્યું કે જ્યારે સુલેહ કરવામાં આવી ત્યારે અંગ્રેજની સત્તા ૧૭૭૮ માં લડાઇની શરૂઆત વખતે હતી તેના કરતાં ઘણી વધારે મજબૂત બની.

મૅલેસન કહે છે કે: 'સાલબાઇની અને મેંગલોરની સુલેહો બ્રિટિશ હિંદુસ્તાનના ઇતિહાસમાં નવું પ્રકરણ શરૂ થયાની નિશાનીઓ છે. ત્યારપછી આખા હિંદુસ્તાન દેશના રાજ્યકાર્યમાં અંગ્રેજો સર્વોપરિ સત્તા ભોગવવા લાગ્યા. અનેક મુસીબતો અને નડતરો છતાં હેસ્ટિંગ્ઝે પરરાજ્ય જોડે જે રાજ્યનીતિ ચાલૂ રાખી હતી તેથી એની પછીના કાર્યકર્તાઓનું કામ સ્હેલું થયું હતું, અને પાછળથી વધારે સાધનોનો અને મ્હોટી સત્તાનો લાભ મળતાં લૉર્ડ વેલેસ્લી અને લૉર્ડ હાર્ડિંગ જે કામ કરી શકયા તે પણ હેસ્ટિંગ્ઝે સૂચવેલી પદ્ધતિ પ્રમાણે થયું હતું.'

આ પરિણામ જે ફક્ત વૉરન હેસ્ટિંગ્ઝની તીવ્ર બુદ્ધિને જ આભારી હતું અને જેનો પિટે આટલો ખરાબ બદલો આપ્યો હતો તે કાંઇ રાજ્યો ખાલસા કરવાથી ન્હોતું આવ્યું. હેસ્ટિંગ્ઝ મુલ્ક ખાલસા કરવાની વિરૂદ્ધ હતો અને એણે ગાઝીપુર અને કાશીના જીલ્લાઓ અને મુંબઈની નજીકના થોડાક ન્હાના પ્રદેશો ઉપરાંત કાંઇ પણ મુલ્ક સલ્તનતમાં ઉમેર્યો ન્હોતો.

આયર્લૅંડનો રાજ્યવહીવટ—હવે આપણે આયર્લૅંડ તરફ જઈયે. ૧૭૭૮ થી ૧૭૮૩ સૂધીનાં કટોકટીના વર્ષો દરમ્યાન ઇંગ્લંડની ઉપર જે સખ્ત બોજો પડયો તેની આયર્લૅંડ ઉપર ઘણી અસર થઈ. સ્થિતિ સમજાય એટલા માટે અગાઉનો ઇતિહાસ કહેવો જોઇશે.

૨ જા હેન્રીના સમયથી ૮ મા હેન્રીના રાજ્ય સૂધી **આયર્લૅંડ**માંના અંગ્રેજ સંસ્થાનનો કારોબાર રાજાનો એક પ્રતિનિધિ ચલાવતો, જેને **લૉર્ડ ઑફ્ આયર્લૅંડ** કે **લૉર્ડ ડેપ્યુટી** કહેતા.[1] ૮ મા હેન્રીએ **આયર્લૅંડ**ના રાજાનો ઇલકાબ ધારણ કર્યો. ત્યારપછી ઈંગ્લંડનો રાજા કે ઈંગ્લંડની રાણી એ ઈંગ્લંડના રાજપદની રૂએ જ **આયર્લૅંડ**નો રાજા કે રાણી ગણાય છે, અને ઈંગ્લંડના રાજ્યકર્તાઓમાં તરેહવાર ફેરફાર થતા તે **આયર્લૅંડ**માં પણ કબૂલ કરાતા આવ્યા છે. એને માટે **આઇરીશ પાર્લમેંટ**માં ખાસ કાયદા પસાર કરવામાં આવ્યા નથી.

આઇરિશ પાર્લમેંટ; પૉઇનીંગનો કાયદો—૩ જા ઍડવર્ડના પચાસમાં વર્ષ સૂધી (૧૩૭૭ સૂધી) જ્યારે જ્યારે ઇંગ્લીશ **પાર્લમેંટ** મળે ત્યારે ત્યારે એમાં ભાગ લેવા **આયર્લૅંડ**થી ઉમરાવો, ધર્મગુરુઓ અને શહેરીઓ બોલાવવામાં આવતા. અગવડને અને ખરચને કારણે આ રિવાજ બંધ કરવામાં આવ્યો, પણ પાછો **ઑલિવર ક્રૉમ્વેલે** ૧૬૫૪ અને ૧૬૫૭ માં તાજો કર્યો. રાજા **ચાર્લ્સ**ના પુનરાગમન પછી **આઇરીશ** પ્રતિનિધિઓને ઈંગ્લંડ બોલાવવાનું પાછું બંધ થયું. ૩ જા ઍડ્વર્ડના રાજ્ય પછી કોઇક સાલથી શરૂ કરીને સ્થાનિક **આઇરીશ પાર્લમેંટ** વખતે વખતે મળતી, જે સાધારણ રીતે **લૉર્ડ ડેપ્યુટી**ની સત્તા નીચે રહેતી, એટલે **લૉર્ડ ડેપ્યુટી** એની પાસે જ પોતાનું ધાર્યું કામ કરાવી શકતો. **લૅંકેસ્ટર** અને **યૉર્ક** વંશોના રાજાઓનાં રાજ્યો દરમ્યાન એ વારંવાર મળતી.[2] ૭ મા હેન્રીએ **લૉર્ડ ડેપ્યુટી** અને ડબ્લિન **પાર્લમેંટ** બંને ઉપર કાબુ રહી શકે તે માટે એક કાયદો પસાર કરાવ્યો જે એ વખતના **લૉર્ડ ડેપ્યુટી**ના નામ ઉપરથી **પૉઇનીંગનો કાયદો** કહેવાય છે (૧૪૯૫). એ કાયદામાં એવું ફરમાવવામાં આવ્યું કે **આયર્લૅંડ**માં

---

૧. ૨ જા હેન્રીના અમલમાં જાન્ આયર્લૅંડનો 'લૉર્ડ' હતો. ત્યારપછી રાજા પોતે એ ટાપુનો લૉર્ડ કહેવાતો અને એનો પ્રતિનિધિ 'લૉર્ડ ડેપ્યુટી' કહેવાતો.

૨. લખત ગૂમ થયાં છે તેથી આઇરીશ પાર્લમેંટનો શરુઆતનો ઇતિહાસ અજાણ્યો રહ્યો છે.

જે જે કાયદાઓ પસાર કરાવવાના હોય તે બધા ઉપર તેને ખરેખર આઈરીશ પાર્લમેંટે રજૂ કર્યા છે એના પુરાવા ખાતર એ રાજ્યની મ્હોટી મુદ્રા (સીલ) છાપવી, અને એ કાયદાઓને રાજા તરફથી મંજૂરી આપવાની સત્તા લૉર્ડ ડેપ્યુટીને મળી છે એ સાબિત કરવા માટે ઇંગ્લંડના રાજાની મ્હોટી મુદ્રાછાપ (સીલ) મારીને એને પાછા મોકલવા. એ પૉઈનીંગનો કાયદો આયર્લૅંડના 'આમવર્ગની વિનંતીથી' પસાર કરવામાં આવ્યો હતો, અને એ જમાનામાં અને તે પછી ઘણાં વર્ષો સુધી એને લૉર્ડ ડેપ્યુટીની સત્તાના ગેરઉપયોગ સ્હામે રક્ષણ કરનારો ગણાતો હતો. એ કાયદો આયર્લૅંડની પ્રજાકીય સ્વતંત્રતા ઉપર બંધન મૂકનારો છે એવી લાગણી બહુ પાછળથી ઉપજી હતી. ૭ મા હેન્રીએ બીજું એવું ફરમાન કર્યું હતું કે બધા ઇંગ્લીશ કાયદાઓ આયર્લૅંડમાં પણ સત્તાવાર ગણવા. અલબત્ત એ ટાપુના જે ન્હાના ભાગમાં અંગ્રેજ લોકો જઈ વસ્યા હતા તેટલા ભાગમાં જ એ જમાનાના ઇંગ્લીશ કાયદાઓનો અમલ થઈ શકે.

સજાના કાયદાઓ—ક્રૉમ્વેલે કરેલી જમીનદારી વ્યવસ્થા પછી અને રાજક્રાંતિ પછી માત્ર પ્રૉટેસ્ટન્ટો જ આઈરીશ પાર્લમેંટના સભાસદો થઈ શકતા કે (૧૭૨૭ પછી) ચૂંટણીમાં મત આપી શકતા. ૧૬૪૧નો બળવો એ પાર્લમેંટને યાદ હતો (આગળ પૃ ૧૩૯); અને ૧૬૮૯માં ૨ જા જેમ્સની પાર્લમેંટે ઍક્ટ ઑફ એટેઇન્ડર ઘડયો હતો એને પણ એ પાર્લમેંટ ભૂલી ગઈ ન્હોતી. તેથી એ પ્રૉટેસ્ટન્ટ સ્થાનિક પાર્લમેંટે ક્રૂર "સજાના કાયદાઓ" ઉપરાઉપરી પસાર કરીને કૅથલિકની મ્હોટી સંખ્યા સ્હામે પોતાના (પ્રૉટેસ્ટન્ટના) ન્હાની સંખ્યાનું રક્ષણ કરવાનો પ્રયાસ કર્યો હતો. પણ આપણે યાદ રાખવું જોઈએ કે એ જમાનામાં ઇંગ્લંડનો અને સ્કૉટ્લૅંડનો કાયદો પણ રોમન કૅથલિક ધર્મમાં માનનારા લોકો ઉપર ઘણી સખ્તાઈ કરનારો અને અંકુશ મૂકનારો હતો, કારણ કે એ ધર્મ રાજદ્રોહી ગણાતો હતો. એટલું ખરું

કે ઇંગ્લંડનો અને સ્કૉટ્લૅંડનો કાયદો આયર્લૅંડના કાયદાઓથી ઓછો સખ્ત હતો. બધા આઇરીશ કાયદાઓને અલબત્ત ઇંગ્લંડના પ્રધાનો તરફથી મંજૂરી મળેલી હતી.


સ્વયંસેવકો (વૉલન્ટીયર્સ); ગ્રૅટનની પાર્લમેંટ— ૧૭૭૮ થી શરુ થતાં આફતનાં વર્ષો દરમ્યાન ઇંગ્લંડની સરકાર પાસે આયર્લૅંડના રક્ષણ માટે મોકલવાને પૂરતાં માણસો ન્હોતાં. એથી પ્રૉટેસ્ટન્ટોએ સ્વયંસેવકોનું એક લશ્કર તૈયાર કર્યું, જેની સંખ્યા ૧૭૮૧ ની આખરમાં ૮૦,૦૦૦ ની હતી. હેન્રી ગ્રૅટન નામે એક બૅરિસ્ટર અને છટાદાર વક્તા આઇરીશ પાર્લમેંટનો સભાસદ હતો. એણે પૉઇનીંગનો કાયદો રદ કરવા માટે, અને આઇરીશ વ્હેપાર ઉપર અંકુશ મૂકનારા જુલ્મી ઇંગ્લીશ કાયદાને ફેરવવાની છૂટ મેળવવા માટે, જબરી ચળવળ ચલાવી. એ ચળવળને હથીયારબંધ સ્વયંસેવકોની મદદ હતી, તેથી આઇરીશ પાર્લમેંટને લગભગ પૂર્ણ સ્વતંત્રતા આપનારો એક ઇંગ્લીશ કાયદો પસાર કરવાની પિટને ફરજ પડી. એ અનુસાર ચૂંટાયેલી પાર્લમેંટ ૧૭૮૨ થી ૧૮૦૦ સુધી મળી, તે ગ્રૅટનની પાર્લમેંટ કહેવાય છે. જો કે એમાં એકલા પ્રૉટેસ્ટન્ટોજ હતા છતાં પણ એણે ઘણી બાબતોમાં સજાના કાયદાઓને નરમ બનાવ્યા.

લૉર્ડ ડેપ્યુટીની, હાલનું નામ આપિયે તો લૉર્ડ-લેફ્ટેનંટની, કારોબારી સત્તા હંમેશાં આઇરીશ પાર્લમેંટથી સ્વતંત્ર રહી હતી, અને ઇંગ્લંડના પ્રધાનોના હુકમો મુજબ અમલમાં મૂકાતી. જે અઢાર વર્ષ ગ્રૅટનની પાર્લમેંટ ચાલી તે દરમ્યાન પણ એ સત્તા અગાઉની માફક જ રહી.

સંયુક્ત પ્રધાનમંડળ (કોઍલીશન મિનિસ્ટ્રી); ફૉક્સનો હિંદી ખરડો—જેણે વેર્સાઇનાં તહનામાંઓ ઘડ્યાં હતાં તે લૉર્ડ શેલ્બર્નનું પ્રધાનમંડળ લાંબો વખત ટક્યું નહિ, અને એની પછી સંયુક્ત પ્રધાનમંડળ આવ્યું, જેમાં લૉર્ડ નૉર્થ અને એનો જૂનો વિરોધી ચાર્લ્સ ફૉક્સ જોડિયા પ્રધાનો હતા, અને ડ્યૂક ઑફ

પૉર્ટલૅંડ નામનો ઉપરી હતો. એ પ્રધાનમંડળ લોકમાં બહુ અપ્રિય હતું, અને ફૉક્સે અને બર્કે મળીને હિંદુસ્તાનનો વહીવટ સુધારવા માટે ઘડેલો હિંદી ખરડો (ઇંડિયા બિલ) પસાર કરાવવામાં નિષ્ફળ નીવડવાથી એ પ્રધાનમંડળ પડી ભાંગ્યું.

ન્હાના વિલિયમ પિટનું પ્રધાનમંડળ—વડો વિલિયમ પિટ, અર્લ ઑફ્ ચૅધમ, ઘણાં વર્ષોની માંદગી ભોગવીને ૧૭૭૮ માં મરણ પામ્યો. એના જ નામનો એનો બીજો પુત્ર બચપણથી જ અસાધારણ શક્તિવાળો માલુમ પડ્યો હતો. તે એકવીશ વર્ષની વયે પાર્લમેંટમાં દાખલ થયો હતો અને એકદમ નામાંકિત બન્યો હતો. ૧૭૮૩ ની આખરમાં સંયુક્ત પ્રધાનમંડળ તૂટી પડયું ત્યારે રાજાએ એ વખતે ફક્ત ચોવીશ વર્ષની વયના ન્હાના પિટને મુખ્ય પ્રધાન થવાનું અને પ્રધાનમંડળ ગોઠવવાનું આમંત્રણ આપ્યું. આમસભા એની



વિલિયમ પિટ

વિરુદ્ધ હતી તે છતાં એણે એ કામ સ્વીકારી લીધું. ૧૭૮૪ માં એણે પાર્લમેંટ બરખાસ્ત કરી. ચૂંટણીમાં એને ઘણા વધારે મતો મળ્યા અને એ બહુમતિ એણે જાળવી રાખી એથી એણે સત્તર વર્ષ સુધી સત્તા ભોગવી. એમાં એને આખી પ્રજાની પૂરી સંમતિ હતી, પણ રાજાના સાંકડા મનને લીધે, ઇંગ્લંડ અને સ્કૉટ્લૅંડ બંને દેશમાં પ્રૉટેસ્ટંટોમાં વ્યાપી રહેલાં ધાર્મિક ઝનૂનને

લીધે, અને લડાઇનાં કામકાજની વ્યવસ્થા કરવાની એની પોતાની અશક્તિને લીધે, વખતે વખતે એને વિઘ્નો નડતાં હતાં. સ્વભાવથી જ એ શાંતિના સમયમાં પ્રજા ઉપર અમલ ચલાવવા સર્જાયેલો હતો, અને લડાઈઓની યોજના કરવા માટે લાયક હતો નહિં. જો એણે વૉરન હેસ્ટિંગ્ઝ ઉપર ગેરવ્યાજબી કામ ચલાવવાની મંજૂરી ન આપી હોત તો એની કારકીર્દીનાં શરુઆતનાં વર્ષો પૂરેપૂરાં વખાણવાલાયક ગણાત.

પિટનો ૧૭૮૪ નો હિંદી કાયદો—રાજાની અંગત મહેરબાનીને આશરે નહિં રહેનારો પણ પ્રજાની મદદ ઉપર ભરોસો રાખનારો એ મુખ્ય પ્રધાન ૧૭૮૪ નો હિંદી કાયદો પસાર કરાવી શક્યો. એ કાયદાથી સ્થપાયેલું હિંદુસ્તાનનું રાજ્યબંધારણ બહુ ફેરફાર વગર ૧૮૫૮ સૂધી ટક્યું, અને એ વર્ષમાં રાજ્યકર્તાની વતી માનવંતી ઇસ્ટ ઇંડિયા કુંપની જે મુલ્કોનો વહીવટ કરતી હતી, તે બધા મુલ્કોનો રાજ્યવહીવટ રાણી વિક્ટોરિયાએ પોતાના હાથમાં લઇ લીધો. પિટની યોજનાથી હિંદુસ્તાનનો રાજકીય બંદોબસ્ત, એક પ્રમુખ, ઉપપ્રમુખ અને કુંપનીની વ્યવસ્થાપક સભાના વડા સભ્યો એટલાના બનેલા એક ખાનગી કારોબારીમંડળને સોંપવામાં આવ્યો. એ મંડળે પ્રધાનમંડળમાંના એક પ્રધાનની દેખરેખ અને આજ્ઞા નીચે રહીને કામ કરવાનું હતું, જે પ્રધાન સાધારણ રીતે બોર્ડ ઑફ કન્ટ્રોલનો પ્રમુખ કહેવાતો. વ્હેપારી બાબતોની વ્યવસ્થા અને નોકરવર્ગનું ઉપરીપણું કુંપનીના વ્યવસ્થાપકોની સભાના અને માલીકોના હાથમાં રહેવા દેવામાં આવ્યાં.[1]

વૉરન હેસ્ટિંગ્ઝનું પાછા ફરવું અને એના ઉપર ચાલેલું કામ—૧૭૮૫ માં વૉરન હેસ્ટિંગ્ઝે હિંદુસ્તાન છોડયું અને પોતાની

---

૧. ગવર્નર-જનરલની નીમણુક રાજા કરતો, પણ એને પાછો બોલાવી લેવાની સત્તા કંપનીના કારોબાર કરનારાઓના હાથમાં પણ હતી. લૉર્ડ ઍલનબરોની બાબતમાં તેઓએ એ સત્તાનો ઉપયોગ કર્યો હતો.

જગ્યાએ કોઈ કાયમનો માણસ નીમાય ત્યાંસૂધી એનો હોદ્દો મિ. (સર જૉન) **મૅકફર્સન**ને સોંપ્યો. હેસ્ટિંગ્ઝ ઈંગ્લંડમાં પ્હોચ્યો (જૂન ૧૭૮૫) ત્યારે એને સારો આવકાર આપવામાં આવ્યો. પણ તરત જ એને માલુમ પડ્યું કે એના જૂના દુશ્મન **સર ફિલિપ ફ્રાન્સિસે ઍડ્મંડ બર્કની** જબરી મદદ વડે એના ઉપર હુમલો કરવાની તૈયારી કરી રાખી હતી. પિટ પ્રથમ હેસ્ટિંગ્ઝને મદદ આપવા ખુશ જણાતો હતો, પણ પાછળથી **કાશી**ના રાજા **ચેતસિંહ** સંબંધી આરોપ માટે હેસ્ટિંગ્ઝ ઉપર કામ ચલાવવાની તરફમાં મત આપ્યો, એથી આખી **આમસભા**ને અચંબો થયો. પિટના આ કામનું કારણ કદી પૂરેપૂરુ સમજાવવામાં આવ્યું નથી, પણ ડંડાસની સલાહને લીધે હશે એમ જણાય છે; પણ એ કૃત્યથી બર્કને અને એના મિત્રોને માજી ગવર્નર-જનરલ ઉપર કામ ચલાવવાની—ખરું વર્ણન આપિયે તો જુલ્મ ચલાવવાની—તક મળી. **આમસભાએ** મૂકેલા આરોપને લગતી ઉમરાવમંડળ સમક્ષ ચાલેલી તપાસ ૧૩ મી ફેબ્રુઆરી ૧૭૮૮ માં શરુ થઈ અને ૧૬ મી જૂન ૧૭૯૪ સૂધી ચાલી, અને છેવટ તપાસેલા બધા આરોપોમાં હેસ્ટિંગ્ઝને બિનગુન્હેગાર જાહેર કરવામાં આવ્યો. બારીક વીગતો આપવાની જરૂરત નથી. એટલું જ કહેવું બસ થશે કે એને બિનગુન્હેગાર ઠરાવનારો ચુકાદો વ્યાજબી હતો એવું હવે બધા લોકો માને છે.

હિંદુસ્તાન અને પાર્લમેંટ—ફૉકસના અને પિટના હિંદવહીવટને લગતા ખરડાઓ ઉપર વાદવિવાદ ચાલતા હતા તે દરમ્યાન, વિરોધી પક્ષોને એ ખરડાઓના ગુણદોષની બાબતમાં ખરો રસ ન્હોતો પડતો, તે છતાં હિંદુસ્તાનના પ્રશ્નો જ ઈંગ્લંડના રાજદ્વારીઓના કજીયાઓનાં બ્હાનાં બનતા હતા. હિંદુસ્તાનના લોકનાં સંકટોની બાબતમાં **અંતઃકરણ**ની લાગણી વડે ઉત્સાહપૂર્વક ચર્ચા કરનારો **ગ્રેટ બ્રિટન**નો કોઇપણ રાજદ્વારી હોય તો તે **ઍડ્મંડ બર્ક** એકલો જ હતો. જ્યારે પિટની સત્તા દૃઢ બની ત્યારે **પાર્લમેંટ**ની રાજકીય ખટપટો ઉપર હિંદુસ્તાનના સવાલોની અસર

થતી બંધ પડી, અને ૧૭૮૪ પછી હિંદી પ્રશ્નોની બ્રિટિશ પ્રધાનોના તકદીર ઉપર જાણવાજેવી અસર બિલકૂલ નથી થઈ.

લૉર્ડ કૉર્નવૉલિસ ગવર્નર-જનરલ—યૉર્કટાઉનમાં કૉર્નવૉલિસની કમનસીબ નિષ્ફળતા થઈ હતી (આગળ પૃ. ૨૪૦) તે છતાં એને હિંદુસ્તાનમાંના બ્રિટિશ મુલ્કોનો ગવર્નર-જનરલ પસંદ કરવામાં આવ્યો, અને ઇંગ્લંડની સરકારનો સારે નસીબે એનામાં પૂર્ણ વિશ્વાસ હતો, તેથી સલાહકારમંડળની ઉપરવાળો થવાની સત્તા એને એકદમ મળી, જે સત્તા ન હોવાને લીધે હેસ્ટિંગ્ઝને બહુ આપદા પડી હતી. પાર્લમેંટે એવો અભિપ્રાય જાહેર કર્યો હતો કે ‘જીતીને કે બીજી રીતે મુલ્ક મેળવવાની યુક્તિયો રચવી એ બ્રિટિશ પ્રજાની ઇચ્છા, કીર્તિ અને રાજનીતિને અનુકૂળ નહતું’. અને કૉર્નવૉલિસે એ અભિપ્રાય મુજબ જ વર્તવાનો નિશ્ચય કર્યો હતો. પણ તકદીર એનાથી વધારે બળવાન નીવડ્યું. ૧૭૯૩ માં એ સ્વદેશ પાછો આવ્યો તે પ્હેલાં એણે મ્હૈસૂરના સુલ્તાન ટીપુ જોડે લડાઈ કરી હતી અને એનો અરધો મુલ્ક ખાલસા કર્યો હતો. એની એ સેવાના બદલામાં એને માર્કિવસની પદવી આપવામાં આવી. જ્યાં જ્યાં એણે નોકરી કરી ત્યાં ત્યાં એ કૉર્નવૉલિસ એનો એ જ હતો—ઉત્તમ ચારિત્રવાલો, સમજુ, વિવેકબુદ્ધિવાળો, નિઃસ્વાર્થી, અને પોતાના દેશને વફાદાર, આબરૂદાર સદ્‌ગૃહસ્થ હતો. એણે હિંદુસ્તાનમાં ઘણા સુધારાઓ કર્યા અને કલંક વિનાની નામના મેળવી ગયો.

ગ્રેટ બ્રિટનની અંદરના ફેરફારો—હવે પછીના પ્રકરણમાં ગ્રેટ બ્રિટન અને આયર્લૅંડના બનાવો ઉપર થયેલી ફ્રેંચ રાજ્યવિપ્લવની અસરનો અહેવાલ આપીશું, અને રાજ્યવિપ્લવને લગતા લાંબા વિગ્રહના બનાવો વર્ણવીશું. પણ તે પ્હેલાં ઘડીભર થોભીને અઢારમા સૈકામાં ઈંગ્લંડની સ્થિતિમાં થયેલા કેટલાક ફેરફારો વિશે વિચાર કરીશું.

ફેરફારોનું ટુંક વર્ણન—૧૭૦૦ અને ૧૮૦૦ ની વચ્ચેના સમયમાં ઈંગ્લંડ અને વેલ્સની વસ્તી લગભગ બમણી થઇ. એટલે લગભગ

૫૦ લાખ હતી તે ૯૦ લાખ કે એક કરોડ જેટલી થઇ. માણસોની સંખ્યાની ગણતરી પ્હેલવ્હેલી કાંઇક અપૂર્ણ રીતે ૧૮૦૧ માં થઇ જ્યારે આંકડાઓનો કૂલ સરવાળો ૯૦ લાખથી કાંઇક કમતી જણાયો, પણ ઘણે ભાગે ખરી સંખ્યા એથી ઘણી મ્હોટી હતી. અઢારમાં સૈકામાં વસ્તીનો આ જબરો વધારો ખેતીના ફેલાવાથી થવા પામ્યો. ટર્નિપ વગેરે નવા પાકો દાખલ કરવામાં આવ્યા હતા; જમીન ખેડવાની રીતો સુધારવામાં આવી હતી; જૂદીજૂદી જાતો પસંદ કરીને અને સંભાળપૂર્વક ઉછેરીને ઢોરની ઓલાદ વધારે સારી કરવામાં આવી હતી; કોલસાની ખાણો ખોળવામાં આવી હતી અને કોલસાનો ઉપયોગ વ્હોળો થતો હતો; કારખાનાંમાંઓની બનાવટો વધારવામાં આવી હતી અને સંચાઓ સુધારવામાં આવ્યા હતા; અને એ બધાં સાથે વ્હેપારનો વિકાસ ઝડપથી થયો હતો; આ બધાં વસ્તી વધવાના કારણો હતાં.

પ્રજાકીય કરજનો વધારો—૧ લો જ્યૉર્જ ગાદીએ બેઠો (૧૭૧૪) ત્યારે પ્રજાકીય કરજ લગભગ ૩ કરોડ ૬૦ લાખ પાઉંડ હતું તે વધીને ૧૭૮૪ માં ૨૪ કરોડ ૩૦ લાખ થયું હતું, એટલે કે આગળ વર્ણવેલી લડાઇઓને લીધે સિત્તેર વર્ષમાં ૨૦ કરોડ ૭૦ લાખ પૌંડનો કરજમાં વધારો થયો હતો. દેશની ધનસંપત્તિમાં જબરો વધારો ન થયો હોય તો આ કરજનો બોજો, જેનું વ્યાજ નિયમિત રીતે આપવું પડતું, તે ઉપાડી શકાય નહિ. વડો પિટ (લૉર્ડ ચૅથમ) પોતાની રાજ્યનીતિના ખરચાળપણાનો બહુ વિચાર કરતો નહિ અને પૈસો છૂટથી વાપરતો, પણ એમાં પ્રજાની સંમતિ હતી કારણ કે એ ખરચ પોતે ઉપાડી શકશે એમ પ્રજાને લાગતું હતું. એના મરણ પછી ખરચ વધતું જ ચાલ્યું, જેથી ૧૮૧૫ માં નેપોલિયન જોડેની લડાઇઓને અંતે એ કરજનો આંકડો ૮૬ કરોડ અને ૧૦ લાખ પાઉંડ જેટલો જબરો થઇ ગયો. ત્યારપછી, આગળ જણાવ્યું છે તેમ (પૃ: ૨૦૮) એ આંકડો બહુ ઘટી ગયો છે.

વધેલી ધનસંપત્તિ; કારખાનાની બનાવટો—દરેક સ્થળે

લડાયેલી લડાઇઓનાં બેહદ ખરચો ઉપાડી લેવાની તાકાત આટલા ન્હાનકડાં દેશમાં જે અનેક સુધારાઓને લીધે આવી તે બધાનું વીગતવાર વર્ણન આપવાની આપણી પાસે જગ્યા નથી. અનેક મુદ્દાઓમાંથી થોડાકની જ આપણે નોંધ લઈશું. છેક ૨ જા ચાર્લ્સના રાજ્યમાં પણ લંડનમાંના સેંટ પૉલના નવા દેવળના કઠેડાઓ માટે લોખંડ અગ્નિકોણમાં આવેલા સસેક્સ પરગણામાંથી લાવવામાં આવ્યું હતું, જ્યાં, હિંદુસ્તાનમાં આજસૂધી ચાલે છે તેવી, જૂના જમાનાની રીતથી લાકડાં બાળીને કરેલા કોયલા વડે થોડા થોડા જથ્થામાં લોઢું ગાળીને મટોડામાંથી છૂટું પાડવામાં આવતું. સસેક્સનાં જંગલો વપરાઇ ખૂટયાં એટલે એ પ્રદેશમાં લોઢું કાઢવાનો ઉદ્યોગ બંધ પડ્યો. ઊંડી ખાણોમાંથી ખોદી કાઢેલો કોલસો, જો કે થોડો ઘણો તો રોમન જમાનાથી વપરાતો હતો તોપણ, કારખાનાંઓમાં બ્હોળા વપરાશમાં અઢારમી સદીના મધ્યભાગથી અગાઉ ન્હોતો લેવાયો. એ સદીમાં ઉત્તર ઇંગ્લંડની કોલસાની ખાણોનો ઉદ્યોગ મ્હોટા પ્રમાણમાં શરુ થયો. આ જમાનાના બધા હુન્નરઉદ્યોગ માટે બ્હોળા જથ્થામાં કોલસો બહુ ઉપયોગી છે. ઉત્તરના કોલસાનાં મથકોની આજુબાજુ લોખડનાં કારખાનાંઓ અને કાંતવા વણવાની મીલો એકદમ ઉભાં થયાં. પરિણામ એ આવ્યું કે સત્તા અને સંપત્તિ દક્ષિણમાંથી જઈને ઉત્તર જતાં રહ્યાં. વાયવ્યદિશામાં લૅંકેશરની આબોહવા રૂ કાંતવાના ઉદ્યોગને ખાસ અનુકૂળ માલુમ પડી. કાંતવાનાં અને વણવાનાં યન્ત્રોમાં ઘણા સુધારાઓ દાખલ થયા. વૉટના વરાળથી ચાલતાં એન્જીનની શોધ થઈ ત્યારથી વરાળને બળે ચાલતાં હાલનાં કારખાનાઓની શરુઆત થઈ. તે પ્હેલાંના વરાળથી ચાલતાં એન્જીનોના નમૂનાઓ રમકડાંથી કાંઇ વધારે સારા ન્હોતા.

વ્હેપાર; મધ્યમ વર્ગો—હિંદુસ્તાન જોડેના અને દુનિયાના બીજા ભાગો જોડેના વ્હેપારના ઝડપથી થયેલા વિસ્તારને પરિણામે ઘણા લોકો, પરદેશથી ખેંચાઈ આવતી બ્હોળી ધનસંપત્તિ એકઠી

કરી શક્યા. આ રીતે ઉદ્યોગ કરનારા અને ધંધાદારી લોકોનો બનેલો એક મ્હોટો અને ધનવાન 'મધ્યમ વર્ગ' ઉત્પન્ન થયો, જે દેશના કારોબારમાં ભાગ લેવાનો હક્ક માગવા લાગ્યો. પણ ઉમરાવોના અને ધર્મગુરુઓના હાથમાં જ બધી સત્તા આપનારૂ જુના સમયથી ચાલતું આવેલું બંધારણ સુધારાની આડે આવતું હતું. ૧૮૩૨ માં સુધારાનો કાયદો (રિફૉર્મ ઍક્ટ) થયો ત્યાંસુધી વ્હેપારીઓને અને મધ્યમ વર્ગોને સાધારણ રીતે તેઓના હકો બિલકૂલ મળ્યા ન્હોતા. ગરીબ લોકોની જરૂરતોનો તો ત્યારપછી પણ ઘણાં વર્ષો સૂધી જરાપણ વિચાર ન્હોતો કરવામાં આવતો.

સાહિત્ય; જૉનસન અને ગિબન—અઢારમા સૈકાના અંગ્રેજી સાહિત્યનો ઇતિહાસ એ વિષયના ગ્રન્થોમાંથી જ વાંચવો જોઇએ. પણ એ જમાનાના બે અગ્રેસર લેખકોના નામો આપીશું—સૅમ્યુઅલ જૉનસન જે ૧૭૮૩ માં, વેર્સાઈનાં તહનામાંઓની સાલમાં, મરણ પામ્યો; અને ઍડ્વર્ડ ગિબન જે ૧૭૯૪ માં મરણ પામ્યો. જેમ્સ બોસ્વેલે રચેલા જીવનચરિત્રથી અમર બનેલો જૉનસન એની જીંદગીનાં પાછલાં વર્ષોમાં સાહિત્યપ્રેમી પુરુષોમાં રાજા જેવો હતો. **મનુષ્યની ઇચ્છાઓનો નિષ્ફળ ગર્વ** (વૅનિટી ઑફ્ હ્યુમન વિશિઝ) અને **કવિયોનાં જીવનચારિત્રો** (લાઇવ્ઝ ઑફ્ ધ પોએટ્સ) એ જૉનસનના ગ્રન્થો ભલે લોકમાં વંચાતા બંધ પડે, પણ ત્રીશથી વધારે વર્ષો સૂધી ત્રાસદાયક ગરીબાઈ સ્હામેની એની બહાદૂર લડતની કથા અને એના ઉમદા ચારિત્રનું ચિત્ર અમર રહેશે.

ગિબને રચેલો રોમન સલ્તનતની પડતી અને નાશનો ઇતિહાસ (ધ હિસ્ટરી ઑફ્ ધ ડિકલાઈન ઍન્ડ ફૉલ ઑફ્ ધ રોમન એમ્પાયર) ઉત્તમ ઇતિહાસ ગ્રન્થ છે. એવો ઇતિહાસ કોઈપણ ભાષામાં આજ સૂધી લખાયો નથી. એ ગ્રન્થની બારીક વીગતો સુધારી શકાશે પણ એથી ચડિયાતો બીજો ગ્રન્થ નહિંજ લખી શકાય.

મુખ્ય તારીખો

૩ જા જ્યૉર્જનું રાજ્યારોહણ	૧૭૬૦
પોંડિચેરી સર થયું; પિટનું રાજીનામું	૧૭૬૧
પૅરિસની સુલેહ અને સાતવરસી વિગ્રહનો અન્ત : લૉર્ડ બ્યૂટનું રાજીનામું ; ગ્રેન્વિલ મુખ્ય પ્રધાન	૧૭૬૩
પ્હેલો અમેરિકન દસ્તાવેજી ફીનો કાયદો (સ્ટૅમ્પ ઍક્ટ); બકસરની લડાઈ	૧૭૬૪
રૉકિંગહૅમ મુખ્ય પ્રધાન	૧૭૬૫
સ્ટૅમ્પ ઍક્ટો રદ થયા ; ચૅથમ મુખ્ય પ્રધાન...	૧૭૬૬
લૉર્ડ નૉર્થ મુખ્ય પ્રધાન ; બંગાળાનો દુકાળ ...	૧૭૭૦
વૉરન હેસ્ટિંગ્ઝ બંગાળાનો ગવર્નર	૧૭૭૨
બંદોબસ્તી કાયદો ; વૉરન હેસ્ટિંગ્ઝ પ્હેલો ગવર્નર જનરલ	૧૭૭૩
બોસ્ટન નજીક બંકરટેકરીની લડાઈ	૧૭૭૫
યુનાઇટેડ્ સ્ટેટ્સનું સ્વતંત્રતાનું જાહેરનામું ...	૧૭૭૬
ફ્રાન્સ જોડેનો વિગ્રહ; લૉર્ડ ચૅથમનું મરણ ...	૧૭૭૮
જીબ્રૉલ્ટરના ઘેરાની શરૂઆત ; ઇંગ્લીશ સામુદ્રધુનીમાં ફ્રેંચ અને સ્પૅનિશ કાફલાઓ	૧૭૭૯
હૈદરઅલીની કર્ણાટક ઉપર ચડાઈ	૧૭૮૦
પૉર્ટોનોવો મુકામે હૈદરઅલીની હાર ; યૉર્કટાઉનમાં કૉર્નવૉલિસનું શત્રુને તાબે થવું	૧૭૮૧

લૉર્ડ નોર્થનું રાજીનામું; જીબ્રૉલ્ટર ઉપરના મુખ્ય હલ્લાની નિષ્ફળતા; રૉડ્નીની દરિયાઈ ફત્તેહ; હૈદરઅલીનું મરણ; મરાઠાઓ જોડે સાલબાઈની સુલેહ; આયર્લૅંડમાં ગ્રૅટનની પાર્લમેંટ ...	૧૭૮૨
વેર્સાઈ (પૅરિસ)ની સુલેહ; સંયુક્ત પ્રધાનમંડળ	૧૭૮૩
ન્હાનો વિલિયમ પિટ મુખ્ય પ્રધાન ... ડિસેંબર	૧૭૮૩
પિટનો હિંદી કાયદો	૧૭૮૪
લૉર્ડ કૉર્નવૉલિસ હિંદુસ્તાનનો ગવર્નર-જનરલ ...	૧૭૮૬
વૉરન હેસ્ટિંગ્ઝ ઉપર ચાલેલું કામ ...	૧૭૮૮-૯૪

પ્રકરણ ૧૧ મું

૩ જા જ્યૉર્જનું રાજ્ય; ફ્રેંચ રાજ્યવિપ્લવની (રેવોલ્યુશનની) લડાઈઓ, ૧૭૮૯–૧૮૧૫

ઇંગ્લંડનું મુશ્કેલ કામ—૧૭૮૦ માં ફ્રાન્સ, સ્પેન, તથા અમેરિકન સંસ્થાનો, મરાઠાઓ, અને હૈદર અલી એ બધા સ્હામે એક જ વખતે લડવું પડ્યું હતું ત્યારે ઇંગ્લંડ બહુ સખ્ત ભીડમાં સપડાયું હતું. પણ ફ્રેંચ રાજ્યવિપ્લવને લીધે ચોમેર ફેલાયેલાં ઝનુનની સ્હામે લડવામાં ઇંગ્લંડની તાકાતની અને સહનશક્તિની એથી પણ વધારે આકરી કસોટી થવાની હતી. ખરી લડાઈ બાવીશ વર્ષ ચાલી, ફેબ્રુઆરી ૧૭૯૩ થી જૂન ૧૮૧૫ સૂધી. જે જુસ્સાભરી લાગણીઓ વિપ્લવરૂપે પ્રકટ થઇ હતી તે ૧૭૮૯ માં એવા જોસથી એકાએક સુરંગની માફક ફાટી ઉઠી કે આખી દુનિયા ચમકી ગઈ.

ફ્રેંચ રાજ્યવિપ્લવનાં કારણો—એ વર્ષમાં ફ્રાન્સનો રાજા ૧૬ મો લૂઇ હતો, જે એના પિતામહ ૧૫ માં લૂઇના મરણ પછી, પંદર વર્ષ પૂર્વે, ગાદીએ આવ્યો હતો. દેશની સ્થિતિ લાચારીથી અને નાસીપાસીથી ભરપૂર હતી. ૧૪ મા લૂઇએ બધી જાતની સ્વતંત્રતાને કચડી નાખી હતી (આગળ, પૃ. ૧૭૧). કાંઇપણ કર નહિં ભરનારા અને કાંઇપણ ફરજ નહિં બજાવનારા લાડ ભોગવતા ઉમરાવોએ અને પાદરીઓએ સાધારણ વર્ગના લોકને કચડી નાખ્યા હતા. ચાલૂ લડાઈઓ, પાયમાલી કરનારા કરો, અને મૂર્ખતાભરેલા જુલ્મ, એ કારણોથી ચોમેર એકસરખી કંગાલિયત વ્યાપી રહી હતી, ઊંડો અસંતોષ ફેલાયો હતો, અને દેશે દેવાળું ફૂંક્યું હતું. પૈસો મેળવવા માટે બીજો ઉપાય નહિં સૂજવાથી રાજાએ **ત્રણ વર્ગોની સામાન્ય રાજ્યસભાને** (સ્ટેટસ-જનરલને) બોલાવવાની હિંમત કરી. એ સભા ઉમરાવો, પાદરીઓ, અને આમવર્ગ એ ત્રણ વર્ગ અથવા

પાયરીઓની બનેલી હતી, અને છેલ્લાં એકસો અને પંચોતેર વર્ષ દરમ્યાન એકવાર પણ બોલાવવામાં આવી ન્હોતી. રાજાને એવી આશા હતી કે એ સભા રાજ્યની ખાલી તીજોરીને ભરવાના ઇલાજો ઘડશે. પણ જ્યારે એ સભા મળી ત્યારે હંમેશાં ધિક્કારાયેલા આમવર્ગે એકદમ બતાવી આપ્યું કે રાજાને પૈસો પૂરો પાડવા શિવાયનું બીજું કામ તેઓને કરવાનું હતું. તેઓએ મક્કમ નિશ્ચય બાંધ્યો હતો કે સુધારો કરવો, અને સૌથી પ્રથમ તો ઉમરાવોએ અને પાદરીઓએ અત્યારસૂધી ભોગવેલા ગેરવ્યાજબી હક્કોને એકદમ રદ કરવા.

વિપ્લવની શરૂઆત—રાજા તો એક મૂઢ લાચાર આદમી હતો. જૂલાઇમાં પૅરિસના લોકોએ બાસ્તીલ નામના



બાસ્તીલ


રાજ્યનાં ભયંકર કેદખાનાં ઉપર હલ્લો કર્યો અને એને સર કર્યું. વિપ્લવની શરૂઆત થઈ ચૂકી. તરત જ ફ્રાન્સના એક

છેડાથી બીજા છેડા સૂધી દુખી પ્રજા તેઓને પીડનારાની સ્હામે થઈ અને જૂની રાજ્યવ્યવસ્થા હમેશને માટે નાબૂદ થઈ. ત્રિવર્ગી રાજ્યસભા (સ્ટેટ્સ-જનરલ) બદલાઇને રાષ્ટ્રિય મહાસભા (નૅશનલ ઍસૅમ્બ્લી) બની. એપ્રિલ ૧૭૯૨ માં રાષ્ટ્રિય સભાએ ઑસ્ટ્રિયા અને પ્રશિયા જોડે લડાઈ જાહેર કરી, કારણ કે એ રાજ્યોએ ફ્રેંચ મામલામાં માથું મારવાની ધમકી બતાવી હતી. સપ્ટેંબરમાં ફ્રેંચ રાજપદને રદ થયેલું જાહેર કરવામાં આવ્યું અને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવામાં આવ્યું. પૅરિસના વતનીઓએ એ જ મહિનામાં કરેલી રાજપક્ષના કેદીઓની ભયંકર કતલોથી આખું યુરોપ કમકમી ગયું, અને વિપ્લવની શરૂઆતમાં સંમતિની નજરથી જોનારા અંગ્રેજોનો અભિપ્રાય બદલાઇ ગયો. અંગ્રેજ લોકોએ પોતે પોતાની સ્વતંત્રતા માટે આટલી મ્હોટી લડતો ચલાવી હતી, તેથી કૂદરતી રીતે તેઓનું વલણ ફ્રેંચ લોકોના પ્રયાસોને આવકાર આપવા તરફ હતું, અને એવું વલણ હોવાનું વધારાનું કારણ તો એ હતું કે જે વિચારોથી એ વિપ્લવ ઉપજ્યો હતો તે વિચારો જૉન લૉક અને બીજા અંગ્રેજ લેખકોના લખાણમાંથી લેવાયેલા હતા. સ્વતંત્ર થવા માગતી પ્રજાને દુ:ખથી તરફડતી જોઇને ઉદાર જુવાન અંગ્રેજોનાં દિલ કેટલાં પીગળ્યાં હતાં એ વર્ડ્ઝવર્થનાં શરુઆતનાં લખાણોમાં જણાઈ આવે છે. વિપ્લવમાં થયેલા ક્રૂર કૃત્યોથી ઉપજેલી કમકમાટીને ઍડમંડ બર્કે છટાદાર વાણીમાં પ્રકટ કરી છે.

લડાઈ—૧૭૯૩ ના જાન્યુઆરીમાં પ્રજાસત્તાક રાજ્યના સત્તાધારીઓએ ૧૬ માં લૂઈનો શિરચ્છેદ કર્યો, અને ઇંગ્લંડ તરફ બેપરવાઈ બતાવીને ડચ નેધર્લૅન્ડ્ઝ ઉપર ચડાઈ કરવાની તૈયારી કરી. એટલું જ નહિ પણ ઇંગ્લંડ અને હૉલંડ બંને જોડે લડાઈ જાહેર કરી. શાંતિને ચાહનારા અને લડાઈને ધિક્કારનારા પિટને લાંબી લડાઈ શરુ કરવાની ફરજ પડી; લડાઇ બાવીશ વર્ષ ચાલી અને દેશ લગભગ ખુવાર થઈ ગયો.

ફ્રાન્સમાં ત્રાસદાયક ખૂનરેજીનો અમલ (રેઇન ઑફ

૯૨૨)—ફ્રેંચ વિપ્લવકર્તાઓએ પૅરિસમાં એક 'સલામતીનું મંડળ' સ્થાપ્યું જેણે વિરોધીઓને ખૂનથી દાબી દેવા માંડ્યા. તાકીદથી માથું ઉડાવી દેવા માટે થોડા વખત ઉપરજ શોધી કાઢવામાં આવેલું ગિલોટીન નામનું યંત્ર ઉપયોગમાં લેવામાં આવ્યું. ફ્રાન્સની રાણી—ઑસ્ટ્રિયાની રાજકુમારી--મેરી આંત્વાનેતનો ઑકટોબર ૧૭૯૩ માં



ગિલોટીન

નિર્દયતાથી શિરચ્છેદ કરવામાં આવ્યો, અને એની પછી હજારો માણસો ખૂનનો ભોગ બન્યાં. પ્રાન્તોમાં રાજાના પક્ષમાં બળવાઓ થયા તેને નિર્દય રીતે કચડી નાખવામાં આવ્યા. ઑસ્ટ્રિયનોને અને પ્રશિયનોને પાછા હાંકી કાઢવામાં આવ્યા. ભૂમધ્યસમુદ્ર ઉપરના તૂલોઁ નામના બંદરમાં લોકોએ અંગ્રેજ કાફલાને દાખલ થવા દીધો હતો, પણ એને નેપોલિયન બોનાપાર્ટે પાછું જીતી લીધું. નેપોલિયન

જુવાન લશ્કરી અમલદાર હતો અને થોડા વખત સુધી બ્રિટિશ રાજ્ય શિવાયના આખા યુરોપનો રાજ્યકર્તા થવા સર્જાયેલો હતો.[1] ગિલોટીનનું ખૂની કામ જુલાઈ ૧૭૯૪ સુધી ચાલૂ રહ્યું, જ્યારે આખર વિપ્લવના આગેવાનોમાંના સૌથી વધારે ઝનૂની પુરુષ રોબ્સ્પીએરનું માથું એના જ ગોઠિયાઓના ફરમાનથી કાપી નાખવામાં આવ્યું, અને ત્રાસદાયક ખૂનરેજીનું રાજ્ય (રેઇન આફ્ ટેરર) સમાપ્ત થયું.

વ્યવસ્થાપક મંડળ (ડાયરેક્ટરી)—૧૭૯૫ માં ફ્રાન્સનો વહીવટ પાંચ સભાસદોના બનેલા એક વ્યવસ્થાપક મંડળની (ડાયરેક-ટરીની) સત્તા નીચે મૂકાયો. એ મંડળ ચાર વર્ષ સૂધી ચાલ્યું. પ્રશિયાએ અને સ્પેને પ્રજાસત્તાક રાજ્ય જોડે સુલેહ કરી. એ વખતે ઘણા અંગ્રેજો પણ એ જ રીતે સુલેહ કરવાનો ઇરાદો બતાવવા લાગ્યા અને પિટે પોતે ૧૭૯૬ માં અને ૧૭૯૭ માં ડાયરેક્ટરી જોડે સુલેહની મસલત ચલાવી, જે રાજા જ્યૉર્જે નાપસંદ કરી અને ડાયરેક્ટરીએ તિરસ્કારપૂર્વ નાકબૂલ કરી. ત્યારથી પિટે લડાઈ આખરસૂધી લડવાનો પૂરો નિશ્ચય કર્યો, પણ એને એવો ખોટો ખ્યાલ હતો કે એ લડાઈ લાંબો વખત ચાલશે નહિં. પોતે કરેલી લશ્કરી યોજનાઓમાં એણે ગંભીર ભૂલો કરી પણ લડાઈ બહાદુરીથી ચાલૂ રાખી.

રોકડ નાણું આપવાનું બંધ થયું—૧૭૯૬ અને ૧૭૯૭ દરમ્યાન બોનાપાર્ટે ઇટલિ દેશ જીત્યો. સેવૉયના રાજાને પણ જુવાન

---

૧. નેપોલિયન બોનાપાર્ટ જન્મથી ફ્રેંચમન ન્હોતો. એ ઈટાલિયન હતો, અને કૉર્સિકાના ટાપુમાં એજૅક્સિયો ગામમાં ૧૫ મી ઑગસ્ટ ૧૭૬૯ માં જન્મ્યો હતો. કૉર્સિકાને એ જ વર્ષમાં ફ્રાન્સે ખાલસા કર્યું. એથી એ ફ્રાન્સની પ્રજા બન્યો, ફ્રાન્સના લશ્કરમાં દાખલ થયો અને પ્રજાસત્તાક પક્ષમાં જોડાયો. ઈટાલિમાં એણે જે ફત્તેહો મેળવી એથી એ નવાઈ લાગે એવી ન્હાની ઉંમરમાં ફ્રાન્સમાં સૌથી મહાન્ પુરુષ બન્યો.

નેપોલિયન જોડે સુલેહ કરવાની જરૂર પડી.[1] ઑસ્ટ્રિયા તરફથી કાંઈક મદદ મળતી હતી તે બાદ કરતાં લડાઈ ચાલૂ રાખવાનું કામ એકલા ઈંગ્લંડને માથે રહ્યું. સોનાની અછત એટલી બધી થઇ ગઇ કે ૧૭૯૭ માં પાર્લમેંટે ઈંગ્લંડની બૅંકને (આગળ પૃ. ૧૮૩) એવી સત્તા આપી કે કોઇને રોકડ નાણું ચુકવવું નહિં, એટલે કે નોટના બદલામાં સોનાનાણું આપવાની ના કહેવી. જ્યારે આપવાનું બની શકશે ત્યારે સોનું આપશે એવા સરકારના વચન ઉપર ભરોસે રાખીને લોકોએ ચોવીશ વર્ષ સૂધી સંતોષ રાખીને નાણાં તરીકે કાગળની નોટો વાપરી. એ નોટના બદલામાં સોનાનાણું તેઓને મળી શકતું ન્હોતું.[2]

અંગ્રેજોની કેપ સેંટ વિન્સેંટની દરિયાઇ ફત્તેહ—૧૭૯૧ માં ફ્રેંચ પ્રજાસત્તાક રાજ્યે હૉલૅંડ, સ્પેન, અને ઈટલિ ઉપર પોતાનો અમલ બેસાડ્યો હતો. ઈંગ્લંડ જ એક જોખમભરેલો દુશ્મન બાકી હતો. ફ્રેંચ લોકો આશા રાખતા હતા કે અંગ્રેજ કાફલાને હરાવીને આયર્લૅંડમાં લશ્કરને ઉતારીશું, કારણ કે આયર્લૅંડમાં અસંતોષ ખૂબ વ્યાપી રહ્યો હતો. પોર્ટુગલને કિનારે સેંટ વિન્સેંટની ભૂશિર નજીક ઍડમિરલ જર્વિસે (લૉર્ડ સેંટ વિન્સેંટે) સ્પેનના કાફલા ઉપર મોટી જીત મેળવી તેથી ગ્રેટ બ્રિટન અને આયર્લૅંડ ચડાઇના ભયમાંથી બચી ગયાં. એ લડાઇમાં નેલ્સને કિંમતી સેવા બજાવી હતી.

કૅમ્પરડાઉનની દરિયાઈ ફત્તેહ—એ જ વર્ષમાં ઍડમિરલ ડંકને ફ્રેંચ કાફલાને હૉલૅંડના કિનારા ઉપર આવેલા કૅમ્પરડાઉનની નજીક હરાવ્યો, અને એ રીતે અંગ્રેજનું સમુદ્ર ઉપરનું સર્વોપરિપદ

---

૧. સેવૉયનો રાજ્યકર્તા સાર્ડિનિયાનો રાજા કહેવાતો, કારણ કે એ ટાપુ એને ઑસ્ટ્રિયાએ ૧૭૨૦ માં સિસિલીના બદલામાં આપ્યો હતો.

૨. હિંદુસ્તાનમાંની ચલણી નોટો ઈંગ્લંડના બૅંકની નોટોને મળતી છે, અને એને વટાવીને ચાંદીનાણું કે સોનાનાણું પણ લઈ શકાય.

પુરવાર કર્યું. પણ બીજી તરફ ઇંગ્લંડનું એક જ મિત્રરાજ્ય ઑસ્ટ્રિયા તે ફ્રેંચ પ્રજાસત્તાક રાજ્યની સ્હામે થતું બંધ પડ્યું. જેમ દરિયા ઉપર ઇંગ્લંડ ફતેહમંદ હતું તેમ જમીન ઉપર ફ્રાન્સ ફતેહમંદ હતું. પિટની બુદ્ધિ લશ્કરી વહીવટમાં નકામી નીવડી. એની વ્યવસ્થા જરાપણ ફત્તેહમંદ ન બની. દેશને દરિયાઈ કાફલાએ બચાવ્યો.

નેપોલિયનની હિંદ જીતવાની યુક્તિઓ; નાઇલની લડાઇ—પોતાની સરદારી નીચે ફ્રેંચ લશ્કરોએ યુરોપમાં ફત્તેહો મેળવી હતી તેથી અભિમાન પામતાં જનરલ નેપોલિયન બોનાપાર્ટને હિંદની જે સલ્તનત ડુપ્લેએ અને લાલીએ ગુમાવેલી હતી તે પાછી મેળવવાનાં સ્વપ્નાં આવવા લાગ્યાં. પોતાની એ યુક્તિઓ પાર પાડવામાં મ્હૈસૂરનો સુલ્તાન ટીપુ મદદગાર થશે એવી એને આશા હતી. 'અંગ્રેજોને પૂર્વમાંના એમના બધા મુલ્કમાંથી હાંકી કાઢવા' એવો પોતાનો ઈરાદો એણે જાહેર કર્યો. આ ગાંડા ખ્યાલથી લલચાઈને એ મજબૂત કાફલો અને લશ્કર લઈને ઇજીપ્ટ તરફ દરિયારસ્તે નીકળ્યો, અને માર્ગમાં મૅાલ્ટા સર કરતો ગયો. એ કાફલાથી ન્હાનો અંગ્રેજ કાફલો લઈને ફ્રેંચ લોકની પાછળ પડેલા ઍડ્મિરલ નેલ્સને પૂર્વ દેશો જીતવાની બોનાપાર્ટની યુક્તિને ફના કરી નાખી. નેલ્સને ફ્રેંચ વહાણોને નાઇલના મુખમાં અલેકઝાન્ડ્રિયાની નજીકના અબુકીર અખાતમાં દીઠાં; અને એના ઉપર એવી કુશળતાથી હુમલો કર્યો કે આખો ફ્રેંચ કાફલો નાબૂદ થઈ ગયો. ફક્ત ચાર વ્હાણ ન્હાસી છૂટ્યાં. આ યુદ્ધ સાધારણ રીતે નાઇલનું યુદ્ધ કહેવાય છે.

લૉર્ડ વેલસ્લિએ કરેલી મ્હૈસૂરની જીત—એ પછીને વર્ષે એક ટુંકી લડાઈથી મ્હૈસૂરમાં લૉર્ડ કૉર્નવૉલિસે શરૂ કરેલું કામ પૂરૂં થયું. એ લડાઈમાં હિંદના ગવર્નર-જનરલ લૉર્ડ વેલસ્લિના હુકમ પ્રમાણે ચાલતા જનરલ હૅરિસની સરદારી નીચે બ્રિટિશ અને હિંદી લશ્કરો લડ્યાં હતાં. ૩ જી ફેબ્રુઆરીએ જનરલ હૅરિસે લશ્કરની સરદારી લીધી. ૪ થી એપ્રિલે રાજધાની શ્રીરંગપટ્ટનના કિલ્લામાં પડેલા ગાબડાની અંદર ટીપુ મરેલો પડ્યો

હતો. હૈદર અલીએ સ્થાપેલા રાજ્યનું નામનિશાન ન રહ્યું. ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર સુધી જેટલો જોઇતો હતો તેટલો મુલક લઈ લીધો, અને બાકીના પ્રદેશને નિઝામની અને હૈદર અલીએ હાંકી કાઢેલા મ્હૈસૂરના જૂના હિંદુ રાજાઓના વંશના જુવાન રાજકુમારની વચ્ચે વ્હેંચી આપવામાં આવ્યો. નેલ્સન અને વેલસ્લિ એ બંનેએ મળીને નેપોલિયનની યુક્તિઓને સફળતાથી તોડી પાડી હતી તે માટે તેઓની મ્હોટી કદર કરવામાં આવી. આમ-સભાએ આભારની લાગણી દર્શાવતા ઠરાવમાં જાહેર કર્યું કે ગવર્નર-જનરલે 'હિંદમાંની બ્રિટિશ શહેનશાહતમાં શાંતિ, આબાદી તથા સલામતી કાયમને માટે સ્થાપી હતી.' આ શબ્દો ખાસ ધ્યાનમાં રાખવા જેવા છે કારણ કે એમાં 'હિંદમાંની બ્રિટિશ શહેન-શાહત'ની હયાતીનો સત્તાવાર સ્વીકાર પ્હેલી જ વાર કરવામાં આવ્યો હતો.

પૂર્વના અને પશ્ચિમના બનાવો વચ્ચેનો સંબંધ--હવે આપણે પૂર્વને છોડીને પાછા છેક પશ્ચિમને છેડે જઈશું અને આ વખત આયર્લૅંડમાં બનેલા બનાવોની નોંધ લઈશું. નેપોલિયનની સરદારી નીચે ફ્રાન્સને આખી દુનિયા જીતવાનો લોભ લાગ્યો હતો એથી હિંદમાં લૉર્ડ વેલસ્લિની, ઇજીપ્ટમાં નેલ્સનની, અને આયર્લૅંડમાં લૉર્ડ કૉર્નવૉલિસની લડાઇઓ ગાઢા સંબંધથી એકબીજી જોડે ગૂંથાઈ ગઈ હતી; કારણ કે એ બધી લડતોનો ફ્રેંચ ઉમેદોની સ્હામે થવું એવો એક જ હેતુ હતો. બ્રિટિશ સરકારે ફક્ત ફ્રાન્સના લશ્કરની અને કાફલાની જ સ્હામે નહિં, પણ યુરોપની સઘળી પ્રાચીન સંસ્થાઓને ભયમાં લાવી મૂકનારા અને આખી દુનિયામાં અશાંતિ ઉપજાવનારા જે વિચારો ફ્રેંચ રાજ્યવિપ્લવે ફેલાવ્યા હતા તેની સ્હામે પણ લડત માંડી હતી.

આયર્લૅંડમાં રાજદ્રોહ અને એમાં ફ્રેંચ લોકોની મદદ—બ્રૅટનની પાર્લમેંટે આયર્લૅંડમાં સ્વયંસેવકોના એક લશ્કરની મદદથી સ્વતંત્રતા મેળવી હતી. એ લશ્કર મૂળ ફ્રેંચ ચડાઈના

ભયના ઉપાય તરીકે યોજવામાં આવ્યું હતું. પણ વખત જતાં એ લશ્કર પાર્લમેંટની સત્તાનો હરીફ બન્યું. એને લશ્કરી બળ અજમાવવાની ધમકી આપીને આયર્લૅંડના રાજ્યતંત્ર ઉપર અસર કરી. આ રીતે સ્વયંસેવકો મૂળ હેતુથી જુદી જ ખટપટમાં પડી ગયા. ૧૬મી એપ્રિલ ૧૭૮૨ને દિને કાયદાની બાબતમાં આયર્લૅંડની સ્વતંત્રતા જાહેર કરવામાં આવી ત્યારે ગ્રૅટન હથિયારબંધ સ્વયંસેવકોની હારમાં થઈને ડબ્લિનની પાર્લમેંટમાં ગયો, અને પોતાની દરખાસ્ત રજૂ કરીને જાહેર કર્યું કે 'આયર્લૅંડ હવે એક રાષ્ટ્ર (=પ્રજા) બન્યું છે." એ લશ્કર જવાબદારી સમજનારા આગેવાનોની સલાહથી આપોઆપ શાંતિથી બંધ પડીને વીખેરાઈ ગયું. પણ કેટલાક સ્વયંસેવકો એકઠા મળીને "સંયુક્ત આઈરીશમેન" નામનું એક મંડળ સ્થાપ્યું. એ મંડળે ફ્રાન્સના પ્રજાતંત્રના નવા વિચારો સ્વીકારવાનું વલણ બતાવ્યું, અને રાજદ્રોહી ઇરાદાથી ફ્રાન્સ પાસેથી મદદ માગી પણ ખરી. આયર્લૅંડના ઉત્તર ભાગમાં રહેનારા પ્રૅસ્બિટેરિયન પ્રૉટેસ્ટન્ટોમાંના ઘણા આવી બેવફા કપટબાજીયોમાં જોડાયા, અને ઇંગ્લંડ જોડેનો સંબંધ તોડી નાખવા તૈયાર થયા. ફ્રેંચ સરકારે આયર્લૅંડ ઉપર ચડાઈ કરવાના ખરા દિલથી પ્રયત્નો કર્યા, પણ અનેક કારણોને લીધે એ પ્રયત્નો નિષ્ફળ થયા.

૧૭૯૮નો બળવો—સ્વરાજના ખ્યાલોના ફેલાવાથી અને રીબાયેલા કૅથલિકના અસંતોષથી આયર્લૅંડમાં એક બળવો ઉઠયો, જે ખાસ ગંભીર લડાઈ લડ્યા વગર જ બેસાડી દેવામાં આવ્યો. પણ એ પૂરો દબાયો તે પ્હેલાં તો બંને પક્ષમાં ભયંકર ક્રૂર કૃત્યો કરાઈ ચૂકાયાં હતાં.

જોડાણ માટે પિટનો નિશ્ચય—જ્યારે ગ્રૅટનની પાર્લમેંટને સ્વતંત્ર બનાવવામાં આવી ત્યારે એ પાર્લમેંટની સત્તા સ્થાનિક પ્રશ્નોમાં જ ચાલી શકે એવો અંકુશ એની સત્તા ઉપર ન મૂકવામાં આવ્યો એ ભૂલ થઈ હતી. કદાચ એ ભૂલ એ વખતે અછૂટકે કરવી પડી હોય એ પણ સંભવિત છે. પણ એ ભૂલને પરિણામે હંમેશાં

એવો ભય રહેતો કે આખા સામ્રાજ્યને લગતા પ્રશ્નોમાં વખતે વેસ્ટમિન્સ્ટરની અને ડબ્લીનની પાર્લમેંટો એકબીજાથી વિરુદ્ધ પક્ષ લઈ લે. એક વખત તો એવું બન્યું પણ ખરૂં. ૧૭૮૯ માં રાજા બિમાર પડયો ત્યારે આઈરીશ પાર્લમેંટે પાટવી રાજકુમારને સંપૂર્ણ સત્તા સોંપીને રાજપ્રતિનિધિ બનાવવાનો ઠરાવ કર્યો, જ્યારે બ્રિટિશ પાર્લમેંટનો ઇરાદો એની સત્તા અમુક હદમાં રાખવાનો હતો. આ સ્થિતિમાં રહેલું જોખમ સમજીને અને ફ્રેંચની ચડાઇની અને ૧૭૯૮ ના બળવાની વાતનો વિચાર કરીને પિટે, ૧૭૦૭ માં જેમ સ્કૉટ અને ઈંગ્લિશ પાર્લમેંટોને એકત્ર કરવામાં આવી હતી તેમ, આઇરીશ અને બ્રિટિશ એ બે પાર્લમેંટોને જોડી દેવાનો નિશ્ચય કર્યો. એ અનુસાર લૉર્ડ કૉર્નવૉલિસને લૉર્ડ-લેફ્ટેનંટ તરીકે આયર્લૅંડ મોકલવામાં આવ્યો અને એને આ જોડાણ માટે ડબ્લિનની પાર્લમેંટની સંમતિ મેળવવાના અને કાર્ય પાર પાડવાના હુકમ આપવામાં આવ્યા.

આયર્લૅંડની લોકલાગણીમાં ફેરફાર—પ્રથમ તો આયર્લૅંડમાં બધા પક્ષોએ આ જોડાણ સ્હામે કટ્ટો વિરોધ બતાવ્યો, પણ ૧૭૯૯ ની સાલ દરમ્યાન જ્યારે ઈંગ્લંડે સૂચવેલી શરતો બહાર પડી ત્યારે ઘણા વિરોધીઓ સાચા દિલથી મુખ્ય પ્રધાનની સૂચનાને ટેકો આપનારા બન્યા. દાખલા તરીકે, વેકસ્ફર્ડના મતદારોએ પોતે ચૂંટેલા પ્રતિનિધિ મિ૦ નેવિલને, પ્રથમ એ માણસ પાર્લમેંટના જોડાણની વિરુદ્ધ હતો છતાં, એ જોડાણના પક્ષમાં મત આપવાની ફરજ પાડી. અને ગૅલ્વેના જાગીરદાર મતદારો જેઓની સંખ્યા લગભગ ૨૦૦૦ હતી તેઓએ, જાન્યુઆરીમાં પોતે પસાર કરેલો જોડાણની વિરુદ્ધનો ઠરાવ રદ કરીને, ઑગસ્ટમાં જોડાણની નીતિ સ્વીકારવાની પ્રતિજ્ઞા લીધી. ફેબ્રુઆરી ૧૭૯૯ થી પાર્લમેંટમાં હંમેશાં સરકારના પક્ષના મતો વધારે થવા લાગ્યા અને તે ધીમે ધીમે વધતા જ ગયા. અને ૧૮૦૦ માં જોડાણના કાયદાને રાજાની મંજૂરી મળી ત્યારે આયર્લૅંડ-ના લોકોએ એ સમાચાર શાંતિથી અને ઉશ્કેરાયા વગર સાંભળ્યા.

જોડાણને કૅથલિક લોકોએ આપેલો ટેકો—આયર્લૅંડના

વાયલા કૅથલિક લોકોએ--ઉમરાવોએ, પાદરીઓએ અને
મવર્ગે--જોડાણને હર્ષથી સ્વીકાર્યું એ તો ચોક્કસ વાત છે. તેઓ
ાજતા હતા કે પિટ જાતે તેઓનાં સંકટો દુર કરવાની તરફેણમાં
ા, અને એમ માનતા હતા કે ડબ્લિનની પ્રૉટેસ્ટન્ટ સભા પાસેથી
ોનાં સંકટના નિવારણની આશા રાખી શકાય તેના કરતાં
ામ્રાજ્યની પાર્લમેંટ પાસેથી વધારે આશા રાખી શકાય એમ હતું.
ાનસીએ રાજાની, અને સાધારણ રીતે આખા ઈંગ્લંડની અને
ાટ્લૅંડની, ધર્માન્ધતાને લીધે તેઓની એ આશા ૧૮૨૯ સુધી
ળ ન થઈ. આ લાંબા વિલંબથી જોડાણની સારી અસર થવામાં
ણી નડતર થઈ.

લાંચરૂશ્વતનો આરોપ—ઘણાખરા લોકો મક્કમ રીતે
ે છે, અને ઘણાખરા ઇતિહાસકારો હિંમતથી લખે છે, કે જોડાણનો
દો આઇરીશ પાર્લમેંટ પાસે લાંચરૂશ્વત વડે પસાર કરાવવામાં
વ્યો હતો, જો કે સ્હામા પક્ષના થોડા લેખકોમાંના એકનું એવું
કહેવું છે, કે એ કાયદો પસાર કરવાનું કામ "લાંચના કલંકથી
ન મુક્ત છે," તે પણ વળી સત્યની હદની બ્હાર છે. તોપણ
વિષયમાં લોકની માન્યતાઓ અને વાતો ખરેખર કાગનો વાઘ
નારી છે. આઇરીશ પાર્લમેંટના એકપણ સભાસદને મત આપવા
લ પૈસો આપવામાં ન્હોતો આવ્યો. ઉલટું વિરુદ્ધ પક્ષના વધારે
ડું તો એક સભાસદને (મિ૦ વ્હેલીને) તો વિરુદ્ધ મત આપવા
ટે ૪૦૦૦ પાઉંડ આપવામાં આવ્યા હતા એ સાબીત થયું છે.
ાસદોને અંગત લાભ કરનારી બીજી આડકતરી લાલચ આપવામાં
વી હતી એમાં શક નથી, પણ આયર્લૅંડની પાર્લમેંટનું સભાસદ-
ળ જ એવું હતું કે કાંઈક લાગવગ ચલાવ્યા વગર છુટકો જ ન્હોતો.
કાયદો પસાર થયા પછી જે સંખ્યાબંધ ઉમરાવગીરીઓની વ્હેંચણી
વામાં આવી હતી તે ઉમરાવગીરી આપવાનાં વચનો આપીને
લાક સભાસદોના મત મેળવવામાં આવ્યા હોય એ ઘણું સંભવિત છે.
ર્લમેંટની બ્હાર પણ, આઇરીશ પ્રજાનો મ્હોટો ભાગ રોમન કૅથલિક

હતો તે અન્તઃકરણપૂર્વક જોડાણને ટેકો આપતો હતો, એવું રોમન ધર્મસંસ્થામાં રહેલા બધા કેળવાયેલા વર્ગે ઉચ્ચારેલા અભિપ્રાય ઉપરથી જણાય છે. ઇંગ્લંડના અને સ્કૉટ્‌લંડના કૅથલિક લોકને જે હક્ક ન્હોતો તે, ચૂંટણી વખતે મત આપવાનો હક્ક, આયર્લૅંડના કૅથલિક લોકને ૧૭૯૩ ની સાલથી મળ્યો હતો એ યાદ રાખવાનું છે, અને આગળ જણાવ્યું છે તેમ કૅથલિક મતદારો, શહેરોમાં પણ, પોતાની તરફથી પાર્લમેંટમાં બેસતા સભાસદો ઉપર જોડાણની તરફમાં મત આપવા માટે અસરકારક દબાણ કરી શકતા.

વિવાદના વિષયો—જોડાણને લગતા હરએક પ્રશ્ન ઉપર જુદાજુદા પક્ષો વચ્ચે જબરી તકરાર હજી ચાલૂ છે; જેથી એ વિષય ઉપર એવું ભાગ્યે જ કાંઇ પણ કહી શકાય કે જેમાં મતભેદ ઉપજે નહિ. ૧૯૧૧ સુધી સ્થિતિ એવી હતી કે એક જોરાવર પક્ષ પિટના એ પગલાથી એટલો નાખુશ હતો કે એ કાયદો તાકીદે રદ કરાવવાની મ્હેનત કરતો હતો, જ્યારે બીજો એટલો જ જોરાવર પક્ષ એ કાયદાનો ઘણા ઉત્સાહથી બચાવ કરતો હતો. એટલા માટે, કેવી રીતે જોડાણનું કામ પાર પાડવામાં આવ્યું અથવા તો આયર્લૅંડ ઉપર એની શી અસર થઈ એ પ્રશ્નોની ચર્ચા અહિં કરવી ઇચ્છવાજોગ નથી. પણ વિદ્યાર્થીને ચેતવણી આપવી જોઈયે કે ઇતિહાસોને સાવધાનપણે વાંચવા. ૧ લી જાન્યુઆરી ૧૮૦૧ માં એ કાયદો અમલમાં મૂકવામાં આવ્યો ત્યારથી ગ્રેટ બ્રિટન અને આયર્લૅંડને સરકારી લખાણોમાં સંયુક્ત રાજ્ય (યુનાઇટેડ્ કિંગ્ડમ) કહેવામાં આવે છે.

જોડાણની શરતો—આયર્લૅંડને સામ્રાજ્યની પાર્લમેંટમાં સારી સંખ્યામાં પ્રતિનિધિઓ મોકલવાનો હક્ક મળ્યો: ૪ પાદરીઓ, ૨૮ ચૂંટેલા ઉમરાવો, અને ૧૦૦ આમસભાના સભાસદો. પાછળથી થયેલા ફેરફારોમાં ચાર પાદરીઓનો ઉમરાવસભામાં બેસવાનો હક્ક લઈ લેવામાં આવ્યો અને આમસભામાંના આઇરીશ પ્રતિનિધિઓની સંખ્યા વધારીને ૧૦૩ ની કરવામાં આવી. એ દેશની વસ્તી ઘટી

જવાથી આમસભામાંના આઈરીશ પ્રતિનિધિઓની સંખ્યા કમતી કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી (૧૯૧૧). બે રાજ્યો વચ્ચે નાણાસંબંધી વ્યવસ્થામાં બેમાં વધારે ગરીબ દેશ (આયર્લૅંડ) તરફ ઉદારતા બતાવવાનો ઇરાદો રાખવામાં આવ્યો હતો. આ બાબતમાં કરેલી ગોઠવણોના વ્યવહારૂ અમલની બાબતમાં જબરો વાદવિવાદ ચાલે છે.

બોનાપાર્ટ પ્હેલો મુખ્ય રાજ્યવ્યવસ્થાપક (કૉન્સલ) બને છે—પાછા ફ્રાન્સ જોડેની લડાઈ તરફ જઈયે. જર્મનીમાં અને ઇટલીમાં ફ્રેંચની હાર થયાના સમાચાર મળતાં બોનાપાર્ટ ઇજીપ્ત-માંના લશ્કરને પડતું મૂકીને ત્યાંથી તાબડતોબ ફ્રાન્સ આવ્યો. ડાયરેક્ટરોની (આગળ પૃ. ૨૬૪) વિરુદ્ધ ચળવળ ચલાવીને ૧૮૦૦ માં પ્રથમ કૉન્સલના ઇલ્કાબથી દશ વર્ષ સૂધી ફ્રાન્સના રાજ્યકર્તા તરીકે પોતાની નિમણુક કરાવવામાં ફત્તેહમંદ થયો. એ નિમણુક ૧૮૦૨ માં જીંદગી સુધીની કરવામાં આવી. એણે રશિયા જોડે મિત્રાચારી બાંધી અને ઇટલીમાં અને ઑસ્ટ્રિયામાં જબરી ફત્તેહો મેળવી, જેથી ઑસ્ટ્રિયાને સુલેહના કોલકરારો કબૂલ રાખવાની ફરજ પડી. માત્ર પોર્ટુગલના ન્હાના રાજ્યની મદદ વડે એકલા ઇંગ્લંડ ઉપર લડાઈ ચાલૂ રાખવાની ફરજ આવી પડી, અને એ કામ એણે ઘણી મુશ્કેલીથી બજાવ્યું. કરનો બોજો ઘણો મ્હોટો થઈ પડયો; ઘણી જાતની બીજી જકાતો ઉપરાંત ૧૦ ટકાનો આમદાની કર (ઇન્કમ ટૅક્સ) નાખવામાં આવ્યો.

પિટનું રાજીનામું—આપણે જોઈ ગયા તેમ પિટની ઇચ્છા આઈરીશ કૅથલિકોનાં સંકટો દૂર કરવાની હતી. પણ રાજા એ રાજ્યનીતિથી તદ્દન વિરુદ્ધ હતો, અને એમાં એને ઇંગ્લંડના અને સ્કૉટ્લૅંડના લોકોની લાગણીનો ટેકો હતો. એ લોકો તો કૅથલિકોના હક્કના સવાલને ધિક્કારપાત્ર બનેલા ફ્રેંચ રાજ્યવિપ્લવ જોડે અને ભયનું કારણ બનેલા બોનાપાર્ટ જોડે સંબંધ ધરાવનારો માનતા હતા. આયર્લૅંડના કૅથલિકને જે આશાઓ આપી હતી તે પૂરી કરવામાં

નિષ્ફળ થવાથી પિટે, એ જ કારણે, ૧૮૦૧ ના ફેબ્રુઆરીમાં પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું.

ઍડિંગ્ટન મુખ્ય પ્રધાન; મૉલ્ટા; ઇજીપ્ટ—પિટના રાજીનામાથી ખાલી પડેલી જગ્યા પૂરવી એ સ્હેલું ન્હોતું. મિ૦ ઍડિંગ્ટન (લૉર્ડ સિડ્મથ) આમસભાના પ્રમુખ તરીકે સારો માલુમ પડયો હતો. એને મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યો, પણ એ કામ માટે તે નાલાયક હતો. કારોબાર જોકે નબળો હતો છતાં લડાઇનાં પરિણામો ઇંગ્લંડને અનુકૂળ આવતાં ગયાં. અગાઉ (પૃ. ૨૪૨) ગુમાવેલા માઇનૉર્કા કરતાં કાફલાના મથક તરીકે વધારે સારો ભૂમધ્યસમુદ્રમાંનો મૉલ્ટા ટાપુ ૧૮૦૦ માં લેવામાં આવ્યો. એ આજે પણ ઇંગ્લંડને બહુ ઉપયોગી છે કારણ કે હિંદુસ્તાન જનારા સીધા માર્ગનું એ રક્ષણ કરે છે. હિંદુસ્તાનમાંથી ગવર્નર-જનરલ માર્ક્વિસ વેલસ્લીએ મોકલેલા લશ્કરની મદદથી ફ્રેંચ લશ્કરને ઇજીપ્ટમાંથી હાંકી કાઢવામાં આવ્યું (૧૮૦૧). હિંદુસ્તાનમાંથી મોકલેલા એ લશ્કરમાં યુરોપિયન સોલ્જરો તેમ જ હિંદી સિપાહીઓ બંને હતા. પરદેશની લડાઇમાં યુરોપિયન સત્તાની સ્હામે લડવાને હિંદુસ્તાનનું લશ્કર મોકલવાનો એ પ્હેલો જ દાખલો હોવાથી નોંધવા લાયક છે.

કોપનહેગનની લડાઈ—બ્રિટિશ કાફલો પરદેશી વ્હાણોની ઝડતી લેવાના હકનો દાવો કરતો હતો (આગળ પૃ. ૨૪૦) તેની સ્હામે થવાને યુરોપના ઉત્તર ભાગનાં રાજ્યોએ, એટલે કે રશિયા, સ્વીડન, અને ડેન્માર્કે એક મંડળ સ્થાપ્યું હતું. એ મંડળ તોડવા માટે નેલ્સને કોપનહેગનની લડાઇમાં ડેન્માર્કના કાફલા ઉપર હુમલો કરીને ફત્તેહ મેળવી (૧૮૦૧). એ જ વખતે રશિયામાં નવો ઝાર ગાદિયે બેઠો અને ફ્રેંચને બદલે ઇંગ્લંડનો મિત્ર બન્યો. આ રીતે મ્હોટી મુસીબતથી બોનાપાર્ટે જે ઉત્તરનાં રાજ્યોનું મંડળ રચ્યું હતું તે તૂટી પડયું.

આમિયેંની ટૂંક મુદતી સુલેહ—આટલી બધી ફત્તેહો મળ્યા



લૉર્ડ નેલ્સન

છતાં ઈંગ્લંડ લડાઇથી કંટાળ્યું હતું અને સુલેહ કરવા આતુર હતું. સુલેહની શરતોનો ખરડો ઑક્ટોબર ૧૮૦૧ માં સ્વીકારવામાં આવ્યો એટલે ૨૮ મી માર્ચ ૧૮૦૨ ને રોજ ફ્રાન્સની ઉત્તરમાં આવેલા આમિયેં મુકામે સુલેહના મુકરર થયેલા કરારનામા ઉપર સહીઓ કરવામાં આવી.[1] અંગ્રેજોએ અમુક શરતોએ મૉલ્ટા છોડી દેવાની કબૂલત આપી હતી, પણ એ બાબતમાં અને બીજી બાબતોમાં તકરારો ઉભી થઈ એટલે પાછી મે ૧૮૦૩ માં લડાઈ શરૂ થઈ જે બીજાં કંટાળાભરેલાં બાર વર્ષો ચાલવાની હતી.

હિંદુસ્તાનમાં ફ્રેંચ લોકો—આમિયેંની સુલેહ પ્રમાણે હિંદુસ્તાનમાં પણ જીતાયેલાં ફ્રેંચ મથકો પાછાં સોંપવાં જોઇયે, પણ સારે નસીબે માર્ક્વિસ ઑફ વેલસ્લીએ એમ કરવામાં ઢીલ કરી હતી જેથી એ પાછાં જીતી લેવાની મ્હેનત બચી હતી. એ વખતે પેરોં નામે એક ફ્રેંચ સેનાપતિની સરદારી નીચે ઉત્તર હિંદમાં સિંધિયાની નોકરીમાં એક મજબૂત લશ્કર હતું, અને ફ્રેંચ સત્તાનો કદાચ ફરીથી ઉદય થાય એ સ્હામે સાવચેતી રાખવાની ગવર્નર-જનરલની ફરજ હતી. દક્ષિણમાં જેમ ટિપુ ઉપર જનરલ હૅરિસે મેળવેલી ફત્તેહે ફ્રેંચની આશાઓ નાબૂદ કરી હતી તેમ ઉત્તરમાં લૉર્ડ લેકે ૧૮૦૩ માં મરાઠાઓ અને તેઓના પરદેશી સેનાપતિયો ઉપર મેળવેલી ફત્તેહોએ ફ્રેંચની આશાઓ હંમેશ માટે નાબૂદ કરી.

નેપોલિયન શહેનશાહ—મે ૧૮૦૪ માં જનરલ બોનાપાર્ટે પ્હેલા કૉન્સલનો ઇલ્કાબ બદલીને ફ્રાન્સના શહેનશાહનો ઇલ્કાબ ધારણ કર્યો, એટલે હવે પછી એ શહેનશાહ નેપોલિયન કહેવાશે.

---


૧. ૧૭૯૬ માં ડચ પાસેથી જીતેલા સિલોનમાં અંગ્રેજની રાજ્યસત્તા રહે એવું એ કરારનામામાં મંજુર રાખવામાં આવ્યું. વ્યાજબી રીતે એ ટાપુને હિંદ સાથે જોડી દેવો જોઇયે, પણ એનો વહીવટ હિંદ સલ્તનતના એક ભાગ તરીકે નહિ પણ સંસ્થાનોના પ્રધાનની હકુમત નીચેના શહેનશાહી સંસ્થાન (ક્રાઉન કૉલોની) તરીકે ચલાવવામાં આવે છે.



નેપોલિયન બોનાપાર્ટ

એ વખતે એ લગભગ આખા યુરોપખંડનો ખરૂ જોતાં ધણી જ હતો. એકલું ઇંગ્લંડ એની સ્હામે ટકી રહ્યું હતું. એથી નેપોલિયનના દિલની મ્હોટામાં મ્હોટી અભિલાષા એ હતી કે જેના કાફલાઓ પોતાના સત્તાલોભને કાબુમાં રાખનારા અને જમીન ઉપર મેળવેલી ફત્તેહોનાં ફળો ખૂંચવી લેનારા થઈ પડ્યા હતા તે અભિમાની ટાપુ-રાજ્યવાળા શત્રુને હરાવવો. ફ્રેંચ કાફલા ઉપરાંત સ્પૅનિશ કાફલો પણ એના હુકમ નીચે હતો, તેથી એ ઇંગ્લંડ ઉપર ચડાઈ કરીને ફત્તેહ મેળવવાની ઉમેદ રાખતો હતો, અને એ હેતુ બર લાવવા માટે બૂલોં મુકામે મ્હોટું લશ્કર જમા કરતો હતો.

ટ્રફાલ્ગરની લડાઈ—ઇંગ્લંડને બચાવનાર એનો સૌથી મહાન નૌકાસેનાપતિ નેલ્સન હતો જેની દરિયાઈ લડાઈ માટેની બુદ્ધિ નેપોલિયનની જમીન ઉપરની લડાઈ માટેની બુદ્ધિની માફક સર્વોત્તમ હતી. સ્પેનના કિનારા સ્હામે ટ્રફાલ્ગરના અખાતમાં સત્તાવીશ મનવાર અને ચાર ન્હાના વ્હાણો લઈને નેલ્સન ફ્રાન્સ અને સ્પેનના એકંદર તેત્રીશ મનવાર અને સાત ન્હાનાં વ્હાણોના કાફલાની સ્હામે થયો. 'હરએક આદમી પોતાની ફરજ બજાવશે એવી ઇંગ્લંડ આશા રાખે છે' એ એના પ્રખ્યાત સંદેશાનો જવાબ ઉમદા કાર્યથી વાળવામાં આવ્યો. શત્રુઓના કાફલાઓનો ઘાણ કાઢવામાં આવ્યો અને નેપોલિયનની ઇંગ્લંડ ઉપર ચડાઈ કરવાની યોજનાઓ તૂટી પડી (૨૧ મી ઑકટોબર ૧૮૦૫). એ વિગ્રહ દરમ્યાન ફરી કદીપણ અંગ્રેજની દરિયા ઉપરની હાકેમી નાકબૂલ કરવામાં આવી નહિં. તોફાનની મદદ વગર, નૌકા સેનાપતિની અસાધારણ અક્કલથી, અમલદારોની ચતુરાઈથી, એના ખલાસીઓના પરાક્રમથી, જીતાયેલી એ કીર્તિમંત જીતને માટે ઇંગ્લંડ નેલ્સનનું કેટલું આભારી છે એ કોઈ અંગ્રેજ કદીપણ વીસરશે નહિં. પણ ફત્તેહની કિંમત બહુ આકરી આપવી પડી. 'વિકટરી' ('ફત્તેહ') નામના વ્હાણના તૂટક ઉપર ઉભો હતો ત્યારે ગોળી વાગવાથી નેલ્સન મરણ પામ્યો. ઇંગ્લંડ બચવા પામ્યું હતું એ સમાચાર સાંભળવા સૂધી જ એ જીવ્યો હતો.



'વિકટરી' વ્હાણ

પિટનું બીજીવાર મુખ્ય પ્રધાનપણું અને મરણ— કૅથલિક લોકોનાં કષ્ટો દૂર કરવાનું રાજા ઉપર ફરીથી દબાણ ન કરવાનું વચન આપીને મે ૧૮૦૪ માં પિટ પાછો મુખ્ય પ્રધાન થયો હતો. કૅથલિક લોકની માગણીઓ સ્હામે ઇંગ્લંડમાં અને સ્કાટ્લૅંડમાં સખ્ત વિરોધ હતો તેથી આવું પગલું લેવાની એને ફરજ પડી હશે એમ જણાય છે. એના મદદનીશ પ્રધાનોએ એને બહુ મદદ ન કરી. મોરેવિયામાં ઑસ્ટરલિટ્ઝ મુકામે રશિયા અને ઑસ્ટ્રિયાનાં એકત્ર થયેલાં લશ્કરોને નેપોલિયને અત્યંત સખ્ત હાર ખવરાવી (૧૮૦૫), એથી ટ્રફાલ્ગરની જીતનો બદલો વળી ગયો; અને યુરોપખંડમાં નેપોલિયનની સ્હામે થવાનું થોડો વખત તો તદ્દન માંડી વાળવામાં આવ્યું. એમ કહેવાય છે કે આ જબરી આફતના સમાચારથી જ પિટનું મરણ થયું. ૪૭ વર્ષની વયે, પોતાના અત્યંત વ્હાલા દેશની સેવામાં થાકી ગયલો, એ જાન્યુઆરી ૧૮૦૬ માં મરણ પામ્યો. વેસ્ટમિન્સ્ટર ઍબિમાં એ એના પિતાની બાજામાં સૂતો છે. પિટનો પાર્લમેંટમાંનો હરીફ ચાર્લ્સ ફૉક્સ એ જ વર્ષમાં થોડા વખત પછી મરણ પામ્યો અને એ જ પવિત્રભૂમિમાં આરામ લે છે.

નેપોલિયન યુરોપનો હાકેમ બને છે; સ્પેનનો વિરોધ— ઑસ્ટરલિટ્ઝની લડાઈ પછી લગભગ છ વર્ષ નેપોલિયન યુનાઈટેડ કિંગ્ડમ (સંયુક્ત રાજ્ય) શિવાયના આખા યુરોપનો હાકેમ રહ્યો, અને પોતાની મરજી મુજબ રાજાઓ બનાવતો અને ઉઠાડતો. એણે પોતાના ભાઈઓને નેપલ્સ, હૉલૅંડ અને સ્પેનના રાજાઓ નીમ્યા, અને અજીત જણાવા લાગ્યો. પોર્ટુગલને ખાલસા કરવાના અને સ્પેનને દબાવી દેવાના એના પ્રયાસથી એની પડતીની શરૂઆત થઈ. ફ્રેંચ આપખુદ રાજાને તાબે ન રહેવાનો નિશ્ચય કરીને પોર્ટુગીઝ અને સ્પૅનિશ લોકોએ આખી પ્રજાને એકત્ર કરીને, ઇટલિનાં અને જર્મનીનાં ભાડુતી લશ્કરોના વિરોધથી જુદી જ રીતનો, જબરો વિરોધ શરુ કર્યો. બ્રિટિશ લશ્કરોની મદદથી અને નેપોલિયનની બરોબરી કરે એવા વેલિંગ્ટનની સલાહને પરિણામે જ એ વિરોધને ટેકો મળ્યો અને

છેવટની વૉટરલૂની ફત્તેહ મેળવવાનું બની શકયું. સ્પૅનિશ વિગ્રહ સ્પેનના અને પોર્ટુગલના રાજ્યોના બનેલા દ્વીપકલ્પમાં લડાયો હતો, એથી એ દ્વીપકલ્પનો વિગ્રહ (પેનિન્સ્યુલર વૉર) કહેવાય છે, અને એ નામે એ સદાને માટે યાદ રહેશે.

હિંદમાં માર્કિવસ વેલસ્લી—યુરોપમાં નેપોલિયનની સ્હામે ચલાવવામાં આવેલી આખરની જંગી લડતની શરૂઆત અને એનો અંત વર્ણવિયે તે પ્હેલાં બીજા કેટલાક બનાવો જાણવા પડશે. આ વખત પછીનો ઇંગ્લંડનો ઇતિહાસ તે ઘણે મ્હોટે અંશે આખી દુનિયાનો ઇતિહાસ છે. વિદ્યાર્થીએ બહુ દૂર દૂરના અનેક દેશોમાંના બનાવોનો ક્રમ સમજવાની મ્હેનત લેવી પડશે. હિંદુસ્તાનમાં માર્કિવસ વેલસ્લીએ, પાછળથી ડયૂક ઑફ્ વેલિંગ્ટન થયેલા પોતાના ભાઈ સર આર્થર વેલસ્લીની અને બીજા કાબેલ સેનાપતિઓની મદદ વડે, પેશ્વાની સ્વતંત્ર સત્તાનો અંત આણીને વસઈનું કરારનામું કર્યું હતું (૧૮૦૨); અને જેમાં ઘણી લડાઈઓ લડાઈ હતી એવા બીજા મરાઠા વિગ્રહમાં સિંધિયાની અને હોલ્કરની સત્તાને નબળી પાડી હતી. સર આર્થર વેલસ્લીએ દક્ષિણમાં ઔરંગાબાદ નજીક અસાઈ મુકામે ૧૮૦૩ માં પોતાના લશ્કરથી કમમાંકમ દશગણી મ્હોટી સિંધિયાની ફોજ ઉપર મેળવેલી જીત સૌથી વધારે જાણવાજોગ હતી. એ બનાવોએ હિંદુસ્તાનમાંની સર્વોપરિ સત્તા તરીકેનું બ્રિટિશનું સ્થાન નક્કી કર્યું.

લૉર્ડ વેલસ્લીને પાછો બોલાવી લેવામાં આવે છે—પણ લૉર્ડ વેલસ્લીની ફત્તેહોનું ખર્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વ્યવસ્થાપકોને તેમ જ ઇંગ્લંડની સરકારને અણગમતું થઈ પડયું તેથી તેઓએ એકમત થઇને એને પાછો બોલાવી લીધો (૧૮૦૫), અને લૉર્ડ કૉર્નવૉલિસને ઓછી ખરચાળ સુલેહની રાજ્યનીતિ અખત્યાર કરવાના હુકમો આપીને મોકલ્યો. લૉર્ડ કૉર્નવૉલિસ એ વખતે સડસઠ વર્ષની ઉંમરે પ્હોંચ્યો હતો અને એને સોંપેલું કામ ન કરી શકે એવો ઘરડો થયો હતો, જે વાત એ પોતે બરાબર સમજતો હતો.

થોડા જ મહિનાઓમાં એ મરણ પામ્યો. એની પછી પ્રથમ સર જ્યૉર્જ બાર્લો અને પછી લૉર્ડ મિંટોને[1] (૧૮૦૭) મોકલવામાં આવ્યા હતા અને બંનેને અગાઉ જેવીજ સૂચનાઓ આપવામાં આવી હતી.

લૉર્ડ મિંટોએ જીતેલા પ્રદેશો—ઇંગ્લંડની સરકારે આપેલા હુકમો પાળી શકાયા નહિ. લૉર્ડ મિંટોને જણાયું કે લડાઈ કર્યા વગર ચાલે તેમ ન્હોતું. પૂર્વમાં એને ફ્રેંચ લાગવગની સ્હામે થવું પડ્યું, અને એ ખાતર ઈરાનમાં અને અફ્ઘાનિસ્તાનમાં પ્રતિનિધિમંડળો મોકલવાની જરૂર પડી. સતલજ નદીને સીખ મુલ્કની હદ ઠરાવવાનું કામ કરવું પડ્યું; એ વખતે ચાંચિયાઓનું મથક બનેલો મૉરિશિયસ ટાપુ અને એની નીચેનો મુલ્ક સર કરવાની અને જાવા બેટ જીતવાની એને ફરજ પડી. સુલેહની રાજ્યનીતિ અખત્યાર કરવા આવેલો ગવર્નર-જનરલ બળજોરીનાં આટલાં કામો કરે તે ઘણાં કહેવાય. મૉરિશિયસ ટાપુ સર કર્યો (૧૮૧૦) તેથી બ્રિટન અને હિંદ વચ્ચેના વ્હેપારને ઘણી રાહત મળી. એ ટાપુના ચાંચિયાઓના હલ્લાઓથી પંદર વર્ષમાં ત્રીશ લાખ પાઉંડની નુકસાની થઇ હતી. મૉરિશિયસ હજી બ્રિટિશ મુલ્ક છે, પણ ઉત્તમ યોજનાવાળી અને સારી સરદારી નીચેની ચડાઈ કરીને ૧૮૧૧ માં જીતેલો જાવા ટાપુ મ્હોટી સુલેહને વખતે ડચને પાછો આપવામાં આવ્યો. ૧૮૧૧ માં હૉલૅંડ ફ્રેંચના હાથમાં હતું તેથી એ ટાપુ ઉપર ચડાઈ કરવામાં આવી હતી.

કેપ ઑફ ગુડહોપની અને બ્રિટિશ ગિયાનાની જીત—કેપ ઑફ્ ગુડહોપનાં ડચ સંસ્થાનોને કાયમને માટે ૧૮૦૬ માં સર કરવામાં આવ્યાં એથી મૉરિશિયસની જીત કરતાં પણ વધારે મ્હોટો ફાયદો થયો. એથી યુરોપ અને હિંદ વચ્ચેના લાંબા માર્ગની અધવચ આવેલું અમૂલ્ય મથક ઇંગ્લંડના હાથમાં આવ્યું. એ વખતે

---

૧. એ નામનો બીજો વાઇસરૉય હમણાં આવી ગયો તે એના પોત્રનો પુત્ર થાય.

બધાં વ્હાણો એ કેપની પ્રદક્ષિણા કરીને જ આવતાં. **મૉલ્ટા** અને **એડન**થી રક્ષણ પામેલો **ભૂમધ્ય** અને **લાલ સમુદ્ર**માંનો ટુંકો માર્ગ કરી આપનારી **સ્વેઝ**ની ન્હેર ૧૮૬૯ની સાલની આખર સૂધી ખોલવામાં આવી ન્હોતી. ત્યારપછી આજ સૂધીમાં **કેપ કોલો**ની વધી જઇને ઘણાં સંસ્થાનોનો બનેલો દક્ષિણ **આફ્રિકા**નો સંસ્થાનસંઘ નામનો વિશાળ મુલ્ક બન્યો છે. દક્ષિણ **અમેરિકા**ની ઉત્તરે આવેલો **બ્રિટિશ ગિયાના** ૧૮૦૪ માં ડચ પાસેથી જીતવામાં આવ્યો, અને પરચુરણ વેસ્ટ ઇંડિયન ટાપુઓ જૂદે જૂદે વખતે જીતવામાં આવ્યા. એ જમાનામાં સાકર એ દેશના વ્હેપારની મુખ્ય ચીજ હતી.


ગુલામોનો વ્હેપાર અને ગુલામી—અઢારમા સૈકાના પૂર્વાર્ધમાં **આફ્રિકા**ના હબશીઓનો ગુલામ તરીકે નિર્દય વ્હેપાર કરવાનો રિવાજ કોઇને ખોટો લાગતો ન્હોતો. પણ પછીના જમાનામાં એ બાબત માણસના દિલમાં ખૂંચવા લાગી. ઇંગ્લંડમાં **કલાર્કસન**, **વિલ્બરફોર્સ** અને બીજા ગૃહસ્થોએ **પિટ**ની ઉત્સાહ ભરેલી સંમતિથી ગુલામોનો વ્હેપાર નાબૂદ કરવાના ઇલાજો લીધા. તેઓના પ્રયાસોનું ફળ એ આવ્યું કે ૧૮૦૭ માં એક કાયદો પસાર કરવામાં આવ્યો કે **૧ લી જાન્યુઆરી ૧૮૦૮ થી** એ વ્હેપાર ગેરકાયદેસર ગણાશે. ત્યાર પછીના કાયદાઓએ સખ્તમાં સખ્ત સજાઓ ફરમાવીને એ કાયદાને અમલમાં મૂક્યો. ગુલામોનો વ્હેપાર બંધ પડયો પણ ગુલામો રાખવાનો રિવાજ સંસ્થાનોમાં ૧૮૩૩ સૂધી અને **હિંદ**માં એ પછી બીજાં દશ વર્ષો સૂધી ચાલૂ રહ્યો અને ત્યારપછી બંધ પડયો.

પ્રશિયન લશ્કરનો નાશ—યુરોપખંડ ઉપર **નેપોલિયન** પૂરી સત્તા ચલાવતો હતો. પ્રશિયન લશ્કરનો **યેના** અને **ઓરસ્ટૅડ** મુકામે નાશ કરવામાં આવ્યો હતો, રશિયનોને હરાવવામાં આવ્યા હતા અને **ઝાર**ને પોતાના જીતનાર જોડે **ટિલ્સિટ** મુકામે સુલેહના કરારો કરવા પડ્યા હતા (૧૮૦૭). **મિ. ફૉર્ટેસ્ક્યૂ કહે છે કે, "ફ્રેંચ વિપ્લવ અને ફ્રેંચ શહેનશાહત જોડેના આખા વિગ્રહ દરમ્યાન એ**

ઘડીએ વિદેશી શત્રુઓએ ઇંગ્લંડને મ્હોટામાં મ્હોટી આફતમાં આણી મૂક્યું હતું." બર્લિનના અને મિલૅનના ફરમાનો વડે નેપોલિયને બ્રિટનના દરિયાઈ વ્હેપારને પાયમાલ કરવાનો પ્રયત્ન કર્યો પણ એથી ઇંગ્લંડ કરતાં ફ્રાન્સને વધારે હાની થઈ, કારણ કે ફ્રાન્સનેજ બ્રિટન જોડેના વ્હેપાર વગર ચાલે તેમ ન્હોતું.

દ્વીપકલ્પનો વિગ્રહ (પેનિન્સ્યૂલર વૉર)—હવે આપણે દ્વીપકલ્પનો વિગ્રહ વર્ણવીશું, જેમાં હિંદથી પાછા ફરેલા વેલિંગ્ટને નેપોલિયનના બહુ વધી પડેલા મુલ્કનો નાશ કરવાનું શરુ કર્યું હતું. છેક ચૌદમી સદીથી જે ઇંગ્લંડનું મિત્ર હતું તે પૉર્ટુગલને શહેનશાહ નેપોલિયને ખાલસા કર્યું એ જ આ વિગ્રહનું તાત્કાલિક કારણ હતું. જુલાઈ ૧૮૦૮ માં ઇંગ્લંડ અને સ્પેન વચ્ચેના મિત્રાચારીના કરારનામા ઉપર સહીઓ થઇ અને સર આર્થર વેલસ્લી (વેલિંગ્ટન) અને સર જૉન મૂરની સરદારી હેઠળ લશ્કરો પૉર્ટુગલ મોકલવામાં આવ્યાં. એ વર્ષમાં વીમિયેરા મુકામે ફ્રેંચ લોકો હાર્યા. અને સિન્ટ્રા મુકામે થયેલા કોલકરાર મુજબ થોડો વખત પૉર્ટુગલ છોડીને ચાલ્યા ગયા. એ કોલકરારોમાં હારેલા ફ્રેંચ લશ્કર તરફ બિનજરૂરી ઉદારતા બતાવવામાં આવી હતી એવી સખ્ત ટીકાઓ ઇંગ્લંડમાં થવા લાગી. વેલસ્લી એ કરારો માટે જવાબદાર ન્હોતો તે છતાં લોકના બૂમાટને લીધે એને થોડો વખત બોલાવી લેવામાં આવ્યો. પણ બીજે જ વર્ષે (૧૮૦૯ માં) એને પાછો મોકલવામાં આવ્યો. આ મહાન વિગ્રહનો હવે પછીનો ઇતિહાસ મ્હોટે ભાગે એ જ સેનાપતિયે બહુ મ્હેનતથી લડીને મેળવેલી ફત્તેહોનો વૃત્તાન્ત જ છે.

નેપોલિયન અને વેલિંગ્ટન—૧૮૦૮ ની આખરમાં શહેનશાહ નેપોલિયને જાતે સ્પેનમાં લશ્કરની સરદારી લીધી, અને રાજધાનીનું શહેર માડ્રિડ સર કરીને પોતાના ભાઈ જોસફને બીજી વાર રાજા કરીને સ્થાપ્યો. જોકે નેપોલિયન અને વેલિંગ્ટન સ્પેનમાં કોઇવાર મળ્યા ન્હોતા તોપણ આખી લડત દરમ્યાન ખરા વિરોધીઓ એ જ હતા. (સર આર્થર વેલસ્લીને પાછળથી મળેલો ઇલ્કાબ સગવડ



વેલિંગ્ટન

ભરેલો હોવાથી એ જ વાપરીશું). નેપોલિયન જાતે એ દ્વીપકલ્પમાં લાંબો વખત રોકાઈ શકયો નહિ; એટલે વિગ્રહનો વહીવટ સુલ્ટ, આસેના અને બીજા સેનાપતિયોના હાથમાં સોંપવો પડયો. એ સેનાપતિઓ શહેનશાહની સૂચના મુજબ કામ કરતા. જો એ જાતે સરદારી ઉઠાવવી ચાલૂ રાખી શકયો હોત તો કદાચ પરિણામ જૂદું જ આવ્યું હોત.

વેલિંગ્ટને ફત્તેહો મેળવી તે ઘણા કંકાસભરેલા વિરોધ, ઇંગ્લંડથી મળતી અધૂરી મદદ, અને સ્પૅનિશ અને પૉર્ટુગીઝ મિત્રસૈન્યોની વખતસર મદદ પ્હોચાડવામાં નિષ્ફળતા, એ બધી મુસીબતો છતાં મેળવી હતી. પણ એ કદીપણ ડગ્યો ન્હોતો કે નાહિંમત બન્યો ન્હોતો. છેવટ જ્યારે એનો હેતુ પાર પડયો અને ફ્રેંચ લોકોને પિરિનીઝને પેલે પાર હાંકી કાઢવામાં આવ્યા, ત્યાંસુધી એ બધાં વિઘ્નોમાં અને સંકટોમાં અડગ અને શાન્ત રહ્યો. લડાઇઓની અને ઘેરાઓની બારીક વીગતોમાં ઉતર્યા વગર વિગ્રહનો વૃત્તાન્ત સમજવો અશકય છે, પણ એ વીગતો આવા પ્રાથમિક ઇતિહાસ માટે અયોગ્ય છે. અજાણ્યાં નામોવાળી લડાઇઓની લાંબી ટીપથી વિદ્યાર્થીના જ્ઞાનમાં જરા પણ વધારો થનાર નથી.

વિગ્રહના આખરના તબક્કા—ટાલાવેરા, સાલામાંકકા અને બીજી અનેક પ્રખ્યાત લડાઇઓ, જેમાં ફ્રેંચ લશ્કરનું બળ ધીમેધીમે ઘસાઇ ગયું તે સઘળી, પડતી મૂકીને એટલું જ કહેવું બસ થશે કે જૂન ૧૮૧૩ માં નેપોલિયનના ભાઇ જોસફે સ્પેનની ઉત્તરમાં વિટ્ટોરિયા મુકામે સજ્જડ હાર ખાધી અને એણે બધો સામાન અને દારુગોળો ગુમાવ્યો. એ લડાઇએ અને એ પછી એક પછી એક થયેલી બીજી ન્હાની લડાઇઓએ વેલિંગ્ટનને પિરિનીઝ ઓળંગીને જવાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો અને એ સરદાર ૧૮૧૩ ની આખરમાં ફ્રાન્સમાં દાખલ થયો. આ વિગ્રહની છેલ્લી લડાઈ ફ્રાન્સની દક્ષિણમાં તૂલૂઝ મુકામે એપ્રિલ ૧૮૧૪ માં લડવામાં આવી. એ લડાઇમાં બહાદુર લડવૈયાની જીંદગીઓનો નકામો ભોગ આપવામાં આવ્યો, કારણ કે

એ લડાઈ પ્હેલાં તો નેપોલિયને રાજપદ તજ્યું હતું. પણ એ સમાચાર તૂલૂઝ મુકામે વખતસર પ્હોંચ્યા ન્હોતા.

નેપોલિયનની પડતીનાં કારણો—જોકે દ્વીપકલ્પના વિગ્રહનો નેપોલિયનની પડતી જોડે ઘણો સંબંધ હતો તોપણ એ એકલું જ કારણ ન્હોતું. ગર્વથી ફૂલેલા અને પોતાને અજય્ય માનનારા એ શહેનશાહે, ફ્રેંચ, જર્મન અને ઇટાલિયન સૈનિકોની બનેલી ૬,૦૦,૦૦૦ માણસોની ફોજ વડે રશિયા ઉપર ચડાઈ કરવાનો ૧૮૧૨ માં નિશ્ચય કર્યો. એ દેશની અંદર—છેક અંદર—જૂની રાજધાની મૉસ્કો સૂધી એ ગયો અને ફત્તેહમંદ થતો જણાયો. પણ ત્યાં એણે વધારે ઢીલ કરી. શત્રુઓએ શહેરને આગ લગાડી દીધી, અને ટકાવ ન થઈ શકે એવા સ્થળમાં પોતાને આવી પડેલો જોઇને નેપોલિયન અછૂટકે પાછો ફર્યો. એનાં માણસો લશ્કરી નિયમ જાળવવામાં એવા બેદરકાર બની ગયા હતા કે એ કૂચ વેળા તેઓ વ્યવસ્થામાં રહ્યા નહિં. પરિણામે એ પ્રદેશના શિયાળાની ઠંડીમાં કરાયેલી લાંબી મજલમાં એ 'મહાન્ લશ્કર' ('ગ્રાન્ડ આર્મી') નાશ પામ્યું, અને એનો એક કંગાલ ન્હાનો ભાગ જ બચી શકયો. નેપોલિયનના આ હિંમતભર્યા સાહસની નિષ્ફળતાથી યુરોપની રાજ્યસત્તાઓને સહુના એ પીડનારની સ્હામે થવાનું ઉત્તેજન મળ્યું. સૅકસનીમાં લીપ્‌ઝીગ મુકામે લડાયેલી 'રાષ્ટ્રોની લડાઈ'માં મિત્રરાષ્ટ્રોનાં ૩,૦૦,૦૦૦ આદમીની સંખ્યાનાં લશ્કરો ૧,૮૦,૦૦૦ નાં ફ્રેંચ લશ્કર સ્હામે ત્રણ દિવસ સૂધી લડ્યાં (૧૬–૧૮ ઑકટોબર ૧૮૧૩), અને એ યુદ્ધમાં નેપોલિયનનું તકદીર નક્કી થયું. પૂરેપૂરી ફત્તેહ મેળવીને મિત્રરાજ્યોએ પૂર્વ દિશામાંથી ફ્રાન્સ ઉપર ચડાઈ કરી અને પૅરિસમાં પ્રવેશ કર્યો. એ દરમ્યાન, આપણે જોઈ ગયા તેમ, વેલિંગ્ટન પિરિનીઝ ઓળંગીને દક્ષિણમાં આવી પ્હોચ્યો હતો.

નેપોલિયનનો રાજ્યત્યાગ અને એનું મરણ—વધારે વખત શત્રુની સ્હામે ટકી ન શકવાથી નેપોલિયને રાજપદ તજ્યું અને એને ભૂમધ્યસમુદ્રમાં એલ્બા નામના ન્હાના ટાપુમાં મોકલવામાં

આવ્યો. ફ્રેંચ વિપ્લવ દરમ્યાન જેનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો તે ૧૬ માં લૂઇના ભાઈ ૧૮ માં લૂઇને મિત્રરાજ્યોએ ફ્રાન્સના તખ્ત ઉપર બેસાડયો.[1] નવા રાજાનો અમલ લોકમાં એટલો બધો અપ્રિય થઈ પડયો કે નેપોલિયને ગાદી પાછી મેળવવાની તક આવેલી માની. ફેબ્રુઆરી ૧૮૧૫ માં એલ્બામાંથી ન્હાસી છૂટીને એ ફ્રાન્સમાં આવી ઉતર્યો. એના જૂના સૈનિકોએ એને આતુરતાથી આવકાર આપ્યો અને તેઓ 'સો દિવસનો વિગ્રહ' એ નામે ઓળખાતી લડાઈમાં એની સેવામાં લડવાને ટોળે મળ્યા. યુરોપની રાજ્યસત્તાઓએ નેપોલિયનને બ્હારવટિયો ઠરાવ્યો અને એવું જાહેર કર્યું કે, "એ આખી દુનિયાનો સર્વસામાન્ય શત્રુ અને પીડનારો છે અને તેથી લોક ન્યાય કરીને ફરમાવે તે શિક્ષાને પાત્ર" છે. આ 'સર્વ સામાન્ય શત્રુ'ને ચગદી નાખવા માટે પૂરતાં માણસો અને નાણાં એકઠાં કરવાના અથાગ પ્રયત્નો કરવામાં આવ્યાં. ઈંગ્લંડે એક કરોડને દશ લાખ પાઉંડનો અને જેટલાં જમા કરી શકાય તેટલાં માણસોનો ફાળો આપ્યો, અને બીજાં રાજ્યોએ પણ એટલો જ ઉત્સાહ બતાવ્યો. બેલ્જીયમમાં બ્રસેલ્સ નજીક વૉટરલૂના મેદાનમાં ઈંગ્લંડ અને પ્રશિયાનાં એકત્ર થયેલાં લશ્કરો નેપોલિયનને મળ્યાં (૨૧ જૂન ૧૮૧૫). પ્રશિયનોએ આડકતરી રીતે કિંમતી મદદ આપી, પણ ફ્રેંચ લોકના ખરા હુમલાની સ્હામે વેલિંગ્ટન જ થયો. ચોરસ આકૃતિમાં ગોઠવાયેલા બ્રિટિશ પાયદળ લશ્કરની જીવલેણ ગોળીબારની

---

૧. એને ૧૮ મો લૂઈ નામ આપવાનું કારણ એ હતું કે ૧૬ મા લૂઇનો બાળક પુત્ર ૧૭ મો લૂઈ કહેવાતો હતો. એ છોકરાને એની મા જોડે, વિપ્લવ દરમ્યાન, કેદ કરવામાં આવ્યો હતો. ત્યારપછી એ ગૂમ થયો અને એનું શું થયું એ કદીપણ ચોકકસ જણાયું નથી. ઘણા લોકો એમ માને છે કે એ ન્હાસી છૂટયો હતો અને પાછળથી પ્રશિયામાં સ્પૅન્ડૉ શહેરમાં ઘડીઆળી બન્યો હતો, અને કાર્લ વિલ્હેમ નૉન્ડૉર્ફ નામે ઓળખાતો હતો. પણ ખરું સત્ય શોધખોળ વડે પણ માલુમ પડે એમ નથી.

અને સંગીન બંદૂકોની સ્હામે નેપોલિયનની ચુનંદી ટુકડીઓ બહાદુરીથી ધસીધસીને આખો દિવસ અથડાતી હતી, પણ આખા દિવસમાં તેઓ એને ભેદી શકયા નહિ. કૂચ કરવામાં વિઘ્ન નડવાથી બ્લ્યૂકરની સરદારી નીચેના પ્રશિયનો સ્હાંજ પડતાં મોડેથી આવી પ્હોચ્યા અને તેઓએ આવીને ફ્રેંચ લશ્કરને નસાડી કાઢવાનું કામ પૂરું કર્યું. બીજે દિવસે નેપોલિયને ફરીથી તખ્તનો ત્યાગ કર્યો. ત્રણ અઠવાડિયાંઓ પછી એ અંગ્રેજોને શરણે આવ્યો. એને ઍટ્લાંટિકના મધ્યભાગમાં આવેલા સેંટ હેલેનાના એકાંત ટાપુમાં મોકલવામાં આવ્યો, જ્યાં ૧૮૨૧ માં બાવન વર્ષની ઉંમરે એની જીંદગીનો શોકમય અંત આવ્યો. 'મનુષ્યની ઇચ્છાઓના પોકળપણા'નો એ ઇતિહાસમાં સૌથી સ્પષ્ટ દાખલો હતો.

અમેરિકાનાં યુનાઇટેડ્ સ્ટેટ્સ જોડેનો વિગ્રહ—આ મહાન્ વિગ્રહનાં આખરનાં વર્ષો દરમ્યાન ઇંગ્લંડ યુનાઇટેડ્ સ્ટેટ્સ જોડે એક ન્હાના ઝગડામાં સંડોવાયું. એ કંકાસનું મૂળ એ હતું કે નેપોલિયને બ્રિટિશ વ્હેપારને અટકાવવાના હેતુથી બાર્લિનનું ફરમાન (બાર્લિન ડિક્રી) કાઢ્યું હતું (આગળ પૃ. ૨૮૩) અને એ ફરમાનના જવાબમાં ઇંગ્લંડે ફ્રાન્સ, હૉલંડ, જર્મનીના કેટલાક પ્રદેશો અને ઇટલી જોડે વ્હેપારની બંધી કરનારા પ્રધાનમંડળના હુકમો (ઑર્ડર્સ ઇન કાઉન્સિલ) ૧૮૦૭માં અને ૧૮૦૮ માં બ્હાર પડયા હતા. એ આપખુદીભરેલા હુકમથી અને બ્રિટિશ કાફલાએ કરેલા તટસ્થ રાજ્યનાં વ્હાણોની ઝડતી લેવાના હક્કના દાવાથી અમેરિકનો ઉશ્કેરાઇ પડ્યા. જૂન ૧૮૧૨ માં લડાઇ શરુ થઇ. શરુઆતમાં તો અમેરિકનો કૅનૅડામાં દરોડા પાડતા જે બધામાં તેઓ નિષ્ફળ થયા, અને બંને પક્ષનાં છૂટાછવાયાં વ્હાણો વચ્ચે ઝપાઝપી થતી જેમાં સાધારણ રીતે અમેરિકનો જીતતા. એથી વિશેષ કંઇપણ એ લડાઇની શરુઆતમાં ન્હોતું બન્યું. જ્યારે વેલિંગ્ટનની ફત્તેહો થયા પછી દ્વીપકલ્પની લડાઇમાંથી અનુભવી કસાયેલા લડવૈયાઓ ફારક થયા ત્યારે બ્રિટિશે અમેરિકામાં વધારે જોસભેર કામ

ચલાવ્યું. એક લશ્કર ચડાઈ કરીને ગયું અને યુનાઈટેડ્ સ્ટેટ્સની રાજધાની વૉશિંગ્ટન સર કરીને કેટલાંક પ્રજાના ઉપયોગનાં મકાનો બાળી મૂક્યાં (૧૮૧૪), જે કામ વખાણુવાજોગ ન ગણાય. કેટલાક બીજા યુદ્ધના પ્રસંગો પછી બેલ્જિયમમાં ઘેન્ટ મુકામે સુલેહના કરારો ઉપર સહી કરવામાં આવી (ડિસેમ્બર ૧૮૧૪) અને એ કરારો ૧૮૧૫ માં પાકી રીતે મંજૂર કરવામાં આવ્યા. આ વિગ્રહ ઇંગ્લંડમાં અને અમેરિકામાં સાધારણ રીતે "૧૮૧૨ નો વિગ્રહ" કહેવાય છે.

હિંદમાંના બનાવો—૧૮૧૩ માં ઇસ્ટ ઇંડિયા કંપનીનો પટો વીશ વર્ષ માટે તાજો કરવામાં આવ્યો, જેમાં મ્હોટો ફેરફાર એ કરવામાં આવ્યો કે હિંદનો વ્હેપાર બધા દેશને માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. ચીનના સમુદ્રમાં કંપનીએ ફકત પોતે જ વ્હેપાર કરવાના હકકો ૧૮૩૩ સૂધી જાળવી રાખ્યા હતા, પણ એ સાલમાં કંપનીના ઈજારાનો એ છેલ્લો ભાગ રદ કરવામાં આવ્યો. હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યનો વધારો અટકાવવાના ઇંગ્લંડની સરકારના પ્રયત્નોની ધારી અસર ન થઈ. ૧૮૧૩ માં જ્યારે લૉર્ડ હેસ્ટિંગ્ઝે ગવર્નર-જનરલ તરીકેનો અખત્યાર લૉર્ડ મિંટોના હાથમાંથી લીધો ત્યારે એને જણાયું કે કદાચ લડાઈથી નિર્ણય કરવો પડે એવા સાત જૂદા જૂદા ટંટાઓ એણે પોતે પતાવવા પડે તેમ હતું. આ ટંટાઓમાં સૌથી પ્રથમ નેપાલના રાજ્ય જોડેના ટંટાની પતાવત થઈ. એ ઝગડો ૧૮૧૪ થી ૧૮૧૬ સૂધી ચાલ્યો અને પરિણામમાં હિમાલયની નીચાણની પર્વતહારોમાંનો કિંમતી પ્રદેશ બ્રિટિશના હાથમાં આવ્યો.

પ્રધાનોમાં ફેરફારો—૧૮૦૬ માં પિટ મરણ પામ્યો ત્યારે એના પિત્રાઈ લૉર્ડ વિલિયમ ગ્રેનવિલે[1] પ્રધાનમંડળ રચ્યું, જેમાં

---

૧. સ્ટૅમ્પ ઍક્ટવાળા જ્યૉર્જ ગ્રેનવિલનો ત્રીજો દીકરો. એ પ્રધાનમંડળને મિ. ફૉર્ટેસ્ક્યૂ 'ભૂલોથી ભરપૂર પ્રધાનમંડળ' (મિનિસ્ટ્રી ઑફ્ ઑલ્ ધ બ્લંડર્સ) કહે છે. એણે વિગ્રહમાં ગોટાળો કરી નાખ્યો હતો.

ફૉક્સ જીવ્યો એટલા થોડા મહિના શામિલ હતો. એ મંડળ 'બુદ્ધિશાળી પુરુષોનું પ્રધાનમંડળ' (મિનિસ્ટ્રી ઑફ્ ઑલ્ ધ ટૅલન્ટસ) કહેવાતું. બીજા વર્ષની—૧૮૦૭ની—શરુઆતમાં રાજાએ રાજસત્તાનો સખ્ત ઉપયોગ કરીને એ પ્રધાનોને હોદ્દા ઉપરથી દૂર કર્યા, અને એ કામમાં દેશે એને ટેકો આપ્યો. ડ્યૂક ઑફ્ પૉર્ટ્લૅંડની નામની જ આગેવાની હેઠળનું બીજું પ્રધાનમંડળ રચવામાં આવ્યું. ખરા સત્તાધારીઓ તો **લૉર્ડ કૅસલ્‌રે** (લંડનડેરી) જેણે **આયર્લૅંડ**નું જોડાણ કરવા માટે બહુ મ્હેનત કરી હતી તે, અને **જ્યૉર્જ કૅનિંગ** નામનો એક બુદ્ધિશાળી જુવાન **બૅરિસ્ટર**, પિટનો શિષ્ય, એ હતા. ૧૮૦૯ માં ડ્યૂક ઑફ્ પૉર્ટ્લૅંડ મરણ પામ્યો ત્યારે પ્રધાન તરીકે એની જગ્યાએ **મિ. સ્પેન્સર પર્સીવલ** આવ્યો, જેણે ૧૮૧૨ સૂધી વિગ્રહ ઉત્સાહથી ચલાવ્યો. પણ એ વર્ષમાં એક દિવાનાએ એનું ખૂન કર્યું. એની પછી **લૉર્ડ લિવરપૂલ** આવ્યો જે લગભગ પંદર વર્ષ, ફેબ્રુઆરી ૧૮૨૭ સૂધી, મુખ્ય પ્રધાન રહ્યો. એ પુરુષ, રાજાની માફક અમુક અભિપ્રાયો મક્કમ રીતે બાંધી બેઠેલો હતો, અને રાજ્યની અંદર કોઇપણ સુધારો કરવાની તદ્દન વિરુધ હતો. ફ્રેંચ રાજ્યવિપ્લવના બનાવો ઘણાખરા **અંગ્રેજ** લોકને કમકમાટી ઉપજાવનારા લાગ્યા હતા તેથી ઘણા અગત્યના સુધારાઓની તદ્દન વ્યાજબી યોજનાઓને પણ તેઓ પૅરિસના લોકનાં ટોળાંઓનાં તોફાની કામ જોડે અને **નેપોલિયન**ના જુલ્મ જોડે સંબંધ ધરાવનારી માનવા લાગ્યા હતા. એથી જ **લૉર્ડ લિવરપૂલ** જેવો જૂના વિચારનો રાજદ્વારી સત્તા જાળવી શક્યો હતો. **લૉર્ડ લિવરપૂલ** વ્યવહારકુશળ હતો. એની લાંબી પ્રધાનગીરીના આખરના ભાગમાં લોકોની લાગણી બદલાઈ ગઈ, અને સુધારાની માંગણીઓ થવા લાગી. આ પછીના પ્રકરણમાં જોઈશું તેમ ઘણી મુસીબત પછી સુધારો થવા પામ્યો.

રાજા ૩ જો જ્યૉર્જ—આપણે જોઈ ગયા તેમ ૧૭૮૯ માં રાજાને ટુંકી મુદતનું દિવાનાપણું આવ્યું હતું (આગળ પૃ. ૨૬૯), જે રાજ્યવ્યવસ્થાપક મંડળની ગોઠવણ કર્યા પ્હેલાં મટી ગયું હતું.

૧૮૦૧ માં પિટના રાજીનામાથી રાજાના મગજને એકદમ ધક્કો પ્હોચતાં બીજીવાર દિવાનાપણું જણાયું, અને દશ વર્ષ પછી રાજાનો એ રોગ લાંબી મુદતનો અને કાયમનો થયો. રાજપ્રતિનિધિ તરીકે નીમાયેલો પાટવી કુંવર છેક પોતે રાજા બન્યો તે ઘડી સુધી એ હોદ્દા ઉપર રહ્યો. ખરૂં જોતાં ૩ જા જ્યૉર્જનું રાજ્ય ૧૮૧૧ માં સમાપ્ત થયું. રાજા બહુ હુશીયાર ન્હોતો એ ખરું, પણ કેટલાક લેખો જણાવે છે તેવો મૂર્ખ પણ ન્હોતો. એને ગાયનનો શોખ હતો. એ વખતના ઉત્તમ અંગ્રેજ ચિત્રકારોને એ ઉત્તજન આપતો. એણે પોતાના પુસ્તકાલયમાં ઘણાં ઉત્તમ પુસ્તકો એકઠાં કર્યાં હતાં, જે હાલ બ્રિટિશ મ્યુઝિયમમાં છે. એ એક સાચો અંગ્રેજ હતો, સ્વદેશના હિતમાં તત્પર હતો; અને કદાચ એણે યોજેલા ઈલાજોમાં એણે ભૂલ કરી હશે તોપણ અમેરિકન સંસ્થાનોને ઇંગ્લંડથી છૂટાં પડતાં અટકાવવાની બનતી મ્હેનત કરવામાં એણે પોતાની ફરજ જ બજાવી હતી. વધારે નહિં તો છેવટ દક્ષિણમાં હતાં તેટલાં સંસ્થાનોને જાળવી રાખવામાં એ લગભગ ફાવ્યો હતો. એમાં પૂરેપૂરી ફતેહ મેળવવાનું એના ભાગ્યમાં હોત તો એની હઠ વિષે લોક કાંઈ બોલત નહિં. 'બુદ્ધિશાળી પુરુષોના પ્રધાનમંડળ'ને ૧૮૦૭ માં બરતરફ કરવામાં એણે જે મક્કમપણું બતાવ્યું તે વખાણવાજોગ હતું; અને ત્યારપછીની સામાન્ય ચૂંટણીમાં સાબીત થયું કે એનું એ આપખુદીવાળું કાર્ય પ્રજાને ગમ્યું હતું. ઇંગ્લંડના ઇતિહાસને લગતા હાલના અભિપ્રાયો ફેલાવવામાં પ્રખ્યાત વ્હિગ લેખકોએ બહુ શ્રમ ઉઠાવ્યો છે, તેઓને એ રાજાની ફૉકસ વગેરે વ્હિગ રાજદ્વારીઓ તરફની નારાજી ગમી નથી, અને તેથી એ રાજાની કીર્તિને તેઓએ ઉતારી પાડી છે. એણે ગંભીર ભૂલો કરી હતી, અને પોતાના મક્કમ રીતે બંધાઈ ગયેલા ખ્યાલોથી ઉલટા અભિપ્રાયો તરફ હંમેશાં અણગમો બતાવ્યો હતો, એટલું તો કબૂલ કરવું પડશે.

વિયેનાની સભા (કૉંગ્રેસ)—લીપઝીગની લડાઈ પછી જેવી નેપોલિયનની પડતી આવી કે તરત જ યુરોપમાં એણે બનાવેલાં

નવાં રાજ્યો અને સંસ્થાનો પણ પડી ભાંગ્યાં. પરિણામે સત્તાધારી રાજ્યોના પ્રતિનિધિઓની કૉંગ્રેસ (રાષ્ટ્રોની સભા) વિયેનામાં મળી અને ૧૮૧૪ થી ૧૮૧૫ સૂધી, વૉટર્લૂની લડાઇ પ્હેલાં થોડાક દિવસ અગાઉના સમય સૂધી, ચાલી. એ સભાના પ્રતિનિધિઓનું કામ એકમત થઇને વધારે સ્થિર અને કાયમની વયવસ્થા કરવાનું હતું. સો દિવસની લડાઈ માટે નેપોલિયન પાછો આવ્યો એથી કૉંગ્રેસના ઠરાવ ઉપર કાંઇપણ અસર થઈ નહિં. એ ઠરાવો એટલા બધા છે કે અહિં વીગતથી વર્ણવી શકાય નહિં. ફક્ત યુનાઇટેડ કિંગ્ડમ (સંયુક્ત રાજ્ય)ને અને બ્રિટિશ સામ્રાજ્યને ખાસ લાગૂ પડનારી કેટલીક કલમો જણાવીશું.

હૅનોવરને વધારાનો મુલ્ક મળ્યો અને એને એક 'રાજ્ય'ની સ્થિતિમાં આણી મૂકવામાં આવ્યું. ૧૮૩૭ સૂધી ઇંગ્લંડનો રાજા હૅનોવરનો પણ રાજા ગણાતો. મૉલ્ટા, કેપ કૉલોની, અને મૉરિશિયસ ગ્રેટ બ્રિટનના હાથમાં રહેવા દેવામાં આવ્યા પણ જાવા ટાપુ ડચ પ્રજાને પાછો સોંપવામાં આવ્યો[1] અને પૉંડિચેરી તેમ જ બીજાં ન્હાનાં ફ્રેંચ થાણાંઓ ફ્રાન્સના રાજાને પાછાં આપવામાં આવ્યાં એ કૉંગ્રેસમાં મુલ્કની જે વ્હેંચણી કરવામાં આવી તેમાં કૉંગ્રેસના સભ્યોએ વ્હેંચાયેલા મુલ્કની પ્રજાની ઇચ્છાઓનો જરાપણ વિચાર ન્હોતો કર્યો. યુરોપખંડની અંદરની એ વખતે કરેલી વ્યવસ્થા પાછળથી બનેલા બનાવોને લીધે ઘણીખરી બદલાઈ ગઈ, પણ મૉલ્ટા, મૉરિશિયસ અને કેપ તો હજી પણ ગ્રેટ બ્રિટનના હાથમાં છે. ઇંગ્લંડે ગુલામનો વ્હેપાર ૧૮૦૭ માં ગેરકાયદેસર ઠરાવ્યો હતો (આગળ પૃ. ૨૮૨); ગુલામના વ્હેપારને વખોડી કાઢવાના ઠરાવની દરખાસ્ત લૉર્ડ કૅસલરેએ વિયેનાની કૉંગ્રેસમાં મૂકી; અને એ અગત્યનો ઠરાવ કૉંગ્રેસે પસાર કર્યો.

---

૧. હૉલંડે કેપ ઑફ ગુડ હોપ ઉપરનો અને સિલોન ઉપરનો પોતાનો કૂલ હક્ક ઉઠાવી લીધો એના બદલામાં ગ્રેટ બ્રિટને એને ૬૦ લાખ પાઉંડ આપ્યા.

મુખ્ય તારીખો

ફ્રેંચ સ્ટેટ્સ-જનરલનું મળવું; બાસ્તીલ ઉપર હલ્લો	૧૭૮૯
૧૬ મા લૂઇનો શિરચ્છેદ; ફ્રાન્સે ઇંગ્લંડ અને હૉલંડ સ્હામે લડાઈ જાહેર કરી	૧૭૯૩
ફ્રાન્સમાં ડાયરેકટરી (વ્યવસ્થાપક મંડળ) ...	૧૭૯૫
કેપ સેંટ વિન્સેંટ અને કૅમ્પરડાઉન મુકામે બ્રિટનની દરિયાઈ ફતેહ	૧૭૯૭
આયર્લૅંડમાં બળવો; નાઈલની લડાઈ	૧૭૯૮
મ્હૈસૂરની જીત	૧૭૯૯
આયર્લૅંડના જોડાણનો કાયદો પસાર થયો; નેપોલિયન બોનાપાર્ટ પ્રથમ કૉન્સલ થયો ...	૧૮૦૦
પિટનું રાજીનામું; ઇજીપ્ટમાંથી ફ્રેંચને હાંકી કાઢવામાં આવ્યા; કોપનહેગનની લડાઈ ...	૧૮૦૧
આમિયેંની સુલેહ; વસઇના કોલકરાર	૧૮૦૨
ફ્રેંચ વિગ્રહની નવેસર શરુઆત; હિંદમાં અસઇની લડાઈ	૧૮૦૩
નેપોલિયન શ્હેનશાહ બન્યો; પિટ મુખ્ય પ્રધાનપદ ફરીથી સ્વીકારે છે	૧૮૦૪
ટ્રફાલ્ગરની અને ઑસ્ટરલિટ્ઝની લડાઇઓ ...	૧૮૦૫
પિટનું મરણ; ફૉકસનું મરણ; કેપ ઑફ્ ગુડ હોપ જીતાયું	૧૮૦૬
ગુલામનો વ્હેપાર ગેરકાયદેસર ઠર્યો	૧૮૦૭

દ્વીપકલ્પના વિગ્રહની (પેનિન્સ્યૂલર વૉરની) શરૂઆત વિમિયેરાની લડાઈ; કન્વેન્શન ઑફ્ સિન્ટ્રા ૧૮૦૮

દ્વીપકલ્પના વિગ્રહમાંની લડાઇઓ અને ઘેરાઓ ૧૮૦૮–૧૮૧૩

મૉરિશિયસ ટાપુ જીતાયો ૧૮૧૦

જાવા ટાપુ જીતાયો ૧૮૧૧

અમેરિકા જોડે વિગ્રહ ૧૮૧૨–૧૮૧૪

વિટ્ટોરિયાની લડાઈ; લીપઝીગની લડાઈ; હિંદ જોડેનો વ્હેપાર બધા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો ૧૮૧૩

તૂલૂઝની લડાઈ; દ્વીપકલ્પના વિગ્રહનો અંત ... ૧૮૧૪

વિયેનાની સભા (કૉંગ્રેસ) ૧૮૧૪–૧૫

વૉટર્લૂની લડાઈ ... ... ૨૧ મી જૂન ૧૮૧૫

પ્રકરણ ૧૨ મું

૩ જા જ્યૉર્જના રાજ્યનાં આખરનાં વર્ષો; ૪ થા જ્યૉર્જનું અને ૪ થા વિલિયમનું રાજ્ય; ૧૮૧૫-૩૭

પૅરિસના કોલકરાર—વિયેનાની કૉંગ્રેસે કરેલી વ્યવસ્થાને ૨૦ મી નવેંબર ૧૮૧૫ ને રોજ થયેલા પૅરિસના કોલકરારથી પાકી મંજારી મળી. એ અનુસાર રાજવિપ્લવના વખતથી—એટલે કે ૧૭૯૦ ની સાલથી ફ્રાન્સે જીતી લીધેલો બધો મુલક એની પાસેથી લઈ લેવામાં આવ્યો, અને ફ્રાન્સ ઉપર લડાઇનો ભારે દંડ નાખવામાં આવ્યો.

કેટલાક અપવાદો બાદ કરતાં બાકીને સ્થળે થયેલી સુલેહ—ગ્રેટ બ્રિટનનું સંયુક્ત રાજ્ય હવે લાંબી મુદતની સુલેહ શાંતિ ભોગવવા લાગ્યું, જે સુલેહશાંતિ ૧૮૫૪ સૂધી રહી. હિંદમાં અને દુનિયા ઉપરના બીજા દૂર પ્રદેશોમાં વિગ્રહ થયા હતા, પણ એ વિગ્રહોથી ઇંગ્લંડમાં પ્રજાને બહુ નડતર થઈ ન્હોતી. માટે આ પ્રકરણમાં પરદેશની લડાઈઓના અને જીતોના વર્ણન કરતાં દેશની અંદરના જ બનાવોનું અને સુધારાઓનું વર્ણન વધારે આવશે.

ઇંગ્લંડમાં સંકટ—ફ્રેંચ જોડે લાંબો વખત વિગ્રહ ચાલ્યો તેથી જમીનદારો અને મ્હોટા ખેડુતો જમીનના પેદાશની મ્હોટી કીમત મળવાથી પૈસાદાર બન્યા હતા અને કૉંટ્રૅક્ટરોએ, વ્હેપારીઓએ અને કારખાનાવાળાઓએ બહુ પૈસો મેળવ્યો હતો, પણ ગરીબ મજૂરવર્ગ બહુ સંકટમાં આવી પડ્યો હતો. લોકની સંખ્યામાં ઝડપથી વધારો થતાં મજૂરીનો દર નીચો રહ્યો હતો, સંચાઓ દાખલ થવાથી જૂના ન્હાના ઉદ્યોગો બંધ પડ્યા હતા અને ઘણા માણસો બેકાર થઈ ગયા હતા, અને મોંઘવારીને લીધે કમતી આવકવાળા માણસો ભૂખમરો વેઠતા હતા. બાવીશ વર્ષ ચાલેલી જે લડાઈ

એકાએક બંધ પડતાં જબરી અવ્યવસ્થા થઈ પડી અને નોકરીથી છૂટેલાં ખલાસીઓનાં અને સિપાહીઓનાં ટોળેટોળાં બેરોજગાર હાલતમાં રઝળતાં હતાં. એલિઝાબેથે કરેલા પાર્લમેંટના કાયદાને આધારે ઘડાયેલા ગરીબ લોકને લગતા કાયદાઓમાં રહેલી કેટલીક ખામીઓએ, અને ઇન્સાફ આપવામાં બતાવાયેલી બેપરવાઇએ ગરીબ લોકને બેહદ નુકસાન કર્યું હતું; અને કંગાલ લોકના નિભાવ માટે નંખાતા સ્થાનિક કરમાં ન સહી શકાય તેટલો વધારો કરવામાં આવ્યો હતો. ૧૮૧૬ માં પાક ઘણો કમતી થતાં આફતમાં ઉમેરો થયો હતો. આ રીતે ચોતરફનો વિચાર કરતાં સુલેહમાં પણ લડાઇનાં દુઃખ જેવાં જ દુઃખ દેખાતાં હતાં.

અસંતોષ અને એને દાબવાના ઉપાયો—એ સમયે ગરીબનાં દુઃખોથી કુદરતી રીતે અસંતોષ ફેલાયો અને અસંતોષ બતાવનારાં તોફાનો થવા લાગ્યાં. ૧૮૨૦ માં કેટલાક સાહસિક પુરુષોએ તો આખા પ્રધાનમંડળનું ખૂન કરવાનું કાવતરૂં કર્યું પણ હતું. ફ્રેંચ રાજ્યવિપ્લવમાં થયેલાં કામોથી ભડકી ગયેલી ઇંગ્લંડની સરકાર વૉટર્લૂ પછી કેટલાંક વર્ષો સૂધી ફેરફાર કરતાં ડરતી જ રહી, અને દુઃખનાં કારણો દૂર કરીને લોકનાં સંકટોનો ઉપાય કરવાને બહુ રાજી હતી નહિ. લોકની ચળવળોને જોરજબરીથી દાબી દેવાની પદ્ધતિમાં જ નું અમલદાર વર્ગ માનતા હતા. ૧૮૧૭ અને ૧૮૧૮ માં થોડોક વખત હેબિયસ કૉર્પસ કાયદાનો અમલ થતો અટકાવવામાં આવ્યો હતો અને ફિતૂરી જણાતી સભાઓની મનાઈ કરવામાં આવી હતી અને એવી સભા ભરવા માટે સખ્ત સજા ફરમાવવામાં આવી હતી. વિચારવંત માણસો આ બાબતનું મૂળ તપાસવામાં અને એને જડમૂળથી સુધારવાના તથા ફિતૂરો અને કાવતરાંઓ રૂપે પ્રગટ થતું દુઃખ ઘટાડવાના, ઇલાજો શોધવામાં મશગૂલ રહેવા લાગ્યા. આ ઉપરથી સુધારાના હિમાયતીઓ 'રૅડિકલ્સ' (Radicals: જડમૂળથી સુધારનારા) કહેવાવા લાગ્યા. હજી પણ આગળ પડતા લિબરલ (ઉદાર) પક્ષને એ નામ આપવામાં આવે છે. ૧૮૧૮ માં દેશની

હાલતમાં થોડોક સુધારો થયો, પણ બીજે જ વર્ષે મુસીબત તાજી થઈ અને જાહેર સભાઓ સખ્તીથી બંધ કરવામાં આવી.

૩ જા જ્યૉર્જનું મરણ; ૪ થા જ્યૉર્જનું રાજ્યારોહણ— દિવાનો અને આંધળો થયેલો બુઢ્ઢો રાજા જ્યૉર્જ ૮૧ વર્ષની ઉમર પૂરી કરીને ૧૮૨૦ માં મરણ પામ્યો. એ વખત સુધીમાં એટલી ઉમરે કોઇપણ ઇંગ્લંડનો રાજા પ્હોંચ્યો ન્હોતો. એનું રાજ્ય સાઠ વર્ષ રહ્યું ગણાય છે, પણ ખરું જોતાં ૧૮૧૧ માં એ તદ્દન દિવાનો



૪ થો જ્યૉર્જ

થયો ત્યારે જ એ ખતમ થયું હતું. એ વર્ષથી રાજપ્રતિનિધિ (રીજંટ) તરીકે એનો પુત્ર રાજ કરતો હતો, તે હવે ૪ થો જ્યૉર્જ

નામ ધરીને ગાદીએ બેઠો. રાજપ્રતિનિધિ મટીને એ રાજા બન્યો એથી ફરક કાંઈ પડયો નહિં. એ દુરાચારી માણસ હતો અને માનને લાયક જરાપણ ન્હોતો. રાણીને તલાક આપવા નીકળેલા રાજાની, એની રાણી જોડેના ટંટાઓથી, ઘણી નાલેશી થઈ હતી. ૧૮૨૧ માં રાણીના મરણથી એ શરમભરેલી તકરારનો અંત આવ્યો.

પિંડારી વિગ્રહ અને ત્રીજો મરાઠા વિગ્રહ—૪થા જ્યૉર્જના રાજ્યમાં 'કૅથલિકોનો છુટકારો' (કૅથલિક ઇમૅન્સિપેશન) સૌથી વધારે અગત્યનો બનાવ હતો તે વર્ણવતાં પ્હેલાં આપણે કેટલાક પરદેશખાતાના બનાવો નોંધવા જોઈશે, જેવા કે, **હિંદમાં માર્ક્વિસ ઑફ્ હેસ્ટિંગ્ઝનો** ઝળહળતો કારભાર જે **ઑકટોબર** ૧૮૧૩ થી **જાન્યુઆરી** ૧૮૨૩ **સુધી**, નવ વર્ષ, ચાલ્યો હતો, તથા પહેલો **બ્રાહ્મી** વિગ્રહ, અને **ગ્રીક** સ્વાતંત્ર્યનો વિગ્રહ. **નેપાલ** જોડેનો વિગ્રહ (૧૮૧૪-૧૬) આગળ વર્ણવાઈ ચૂકયો છે (પૃ. ૨૮૯). **લૉર્ડ હેસ્ટિંગ્ઝે** ૧,૨૦,૦૦૦ માણસોના લશ્કર વડે સરસ યુક્તિથી રણસંગ્રામ ચલાવીને **પિંડારી** લુટારાઓનાં ટોળાંઓને ૧૮૧૭ માં દબાવી દીધાં એ એનું **સૌથી** વધારે નામીચું કામ હતું. **પિંડારી** વિગ્રહ **ત્રીજા મરાઠા** વિગ્રહમાં ભળી ગયો. એ **મરાઠા** વિગ્રહમાં **મરાઠા** સત્તાના ચૂરેચૂરા થઈ ગયા અને હાલ **મધ્ય પ્રાન્તો** તરીકે ઓળખાતો મુલક ખાલસા કરવામાં આવ્યો. **માર્ક્વિસ ઑફ્ હેસ્ટિંગ્ઝને** લડાઈ ઉપરાંત સુલેહના કામકાજો તરફ ધ્યાન આપવાની પણ ફુરસદ મળી હતી. પાઠશાળાઓ અને મહાવિદ્યાલયો સ્થાપવામાં આવ્યાં, નાણાખાતાંની ફતેહમંદ વ્યવસ્થા કરવામાં આવી, અને કલકત્તામાં અને બીજાં સ્થળોએ ઉપયોગી પ્રજાહિતનાં કામો પાર પાડવામાં આવ્યાં.

બ્રહ્મદેશ (બરમાહ)ની પહેલી લડાઇ—**લૉર્ડ હેસ્ટિંગ્ઝ** પછી **લૉર્ડ ઍમ્હર્સ્ટ** આવ્યો. એને પોતાની નારાજી છતાં **બ્રહ્મદેશ** જોડે લડાઈ કરવી પડી, જે **બ્રહ્મદેશની પહેલી** લડાઇ કહેવાય છે. બડાઇખોર **બ્રહ્મદેશીઓને** હરાવવામાં આવ્યા અને **યાંદાબોના** કરાર મુજબ તેઓએ **આસામ**, **આરાકાન** અને **તેનાસરીમ પ્રદેશો**

બ્રિટિશને આપ્યા. આ નવા મળેલા પ્રદેશોને હિંદ સામ્રાજ્યમાં ઉમેરવામાં આવ્યા (૧૮૨૬).

સ્વતંત્રતા માટે ગ્રીક લોકની લડાઈ--તુર્ક લોકોના બદઅમલથી બહુ દુઃખ પામેલા ગ્રીસના લોકોએ યુરોપની બીજી પ્રજાની માફક ફ્રેંચ રાજ્યવિપ્લવવાળાઓનો ઉપદેશ અખત્યાર કર્યો અને પોતાની સ્વતંત્રતા પાછી મેળવવાના ઉપાયો નક્કી કરવા લાગ્યા. રશિયાની સરકારે પોતાની મતલબ ખાતર તેઓને મદદ આપી તેથી ઉત્તેજન પામીને ગ્રીક લોકોએ ૧૮૨૧ માં બળવો કર્યો. કેટલાક વર્ષ સુધી લડાઈ ચાલૂ રહી. છેવટ તુર્કીના સુલ્તાને પોતાના ખંડિયા રાજા ઇજીપ્ટના (મિસરના) બાદશાહ પાસેથી મજબૂત કાફલાની મદદ મેળવી. ગ્રીક લોકોની લડત તૂટી પડવાની ઘડી આવી પ્હોચી જણાતી હતી. એ ક્ષણે ગ્રીસને બચાવવા માટે રશિયા, ફ્રાન્સ અને ઇંગ્લંડ વચમાં પડયાં.

રીવાજ મુજબનો લડાઈનો પેગામ મોકલ્યા વગર જ એ યુરોપીયન રાજ્યોના કાફલાઓએ તુર્કી અને મિસરી કાફલાઓ જોડે નાવારીનોના અખાતમાં ૧૮૨૭ ના ઑકટોબરની ૨૦ મી તારીખે લડાઈ કરી અને એનો નાશ કર્યો. બે વર્ષ પછી ગ્રીસનું ન્હાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવામાં આવ્યું જે હજી હયાત છે.

રાજકીય ધર્મસંસ્થાઓ—આ ઇતિહાસના અહેવાલમાં વારંવાર આપણા જોવામાં આવ્યું છે કે એ જમાનામાં યુરોપનું દરેક રાજ્ય ખ્રિસ્તી ધર્મની ગમે તે એક શાખાને રાષ્ટ્રિય ધર્મ તરીકે સ્વીકારવાની, અને એ ધર્મને અનુસરનારા લોકની બનેલી ધર્મસંસ્થાને મદદ અને રક્ષણ આપવાની, તથા એ રાષ્ટ્રિય ધર્મસંસ્થાથી અલગ રહેવાની છૂટ લેનારા માણસોને રાજ્યના શત્રુ ગણવાની, પોતાની ફરજ સમજતું. હરકોઈ માણસનો ધર્મ એની પોતાની મુન્સફીની બાબત છે, બીજા કોઈને એમાં લાગતુંવળગતું નથી એ માન્યતા હિંદુ લોકમાં બહુ જુની છે; પણ યુરોપમાં એ માન્યતા મક્કમ થતાં થતાં વર્ષો વહી ગયાં, અને ઘણા જમાના સુધી કોઈને એનો ખ્યાલ પણ ન્હોતો.

બ્હારની સમાનતા જાળવવા માટે સખ્તાઈ—લગભગ રાજા અને પાર્લમેંટ વચ્ચેના વિગ્રહ ધી ગ્રેટ બ્રિટનમાં અને આયર્લૅંડમાં ધાર્મિક મતભેદ સજાપાત્ર ગણાતો. એવી સજાને હવે આપણે જુલ્મ કહિએ છિયે. પણ એ સમય પછી એ ત્રણે દેશની સરકારો માણસના ધર્મવિચારોમાં માથું મારતી બંધ પડી; પણ જાહેરમાં રાષ્ટ્રિય ધર્મસંસ્થા જોડે બધા માણસોએ સમાનતા જાળવવી એવી સખ્તાઈ તો ત્યારપછી પણ ચાલૂ રહી. લાંબા વખત સૂધી પ્રૉટેસ્ટન્ટ ડિસેંટરોએ અને રોમન કૅથલિકો બંનેએ એકસરખો, કે લગભગ એકસરખો, ત્રાસ વેઠયો, પણ ૩ જા વિલિયમના ધર્મસ્વાતંત્ર્યના કાયદાએ (ઍક્ટ ઑફ્ ટૉલરેશને, ૧૬૮૯) પ્રૉટેસ્ટંટ પંથની આકરામાં આકરી મુસીબતો દૂર કરી.

રોમન કૅથલિક લોકો તરફ સખ્ત વર્તણુક—પરંતુ રોમન કૅથલિકો તો રાજ્યના શત્રુ છે અથવા રાજ્યના શત્રુ બને એવા છે એમ માનવામાં આવતું. ટ્યૂડર સમયમાં પોપ ઇંગ્લંડના રાજાને પદભ્રષ્ટ કરવાનો ડર દેખાડતા ત્યારથી એ લાગણી ઉત્પન્ન થઈ હતી, અને ૧૭૧૫ ના અને ૧૭૪૫ ના જૅકોબાઇટ બળવાઓમાં કૅથલિક લોકોએ મદદ કરી તેથી એની યાદથી એ લાગણી તાજીને તાજી રહી હતી. ત્રણે રાજ્યમાં કૅથલિક અથવા રોમન કૅથલિક ધર્મ પાળનારાઓને પાર્લમેંટમાં ચૂંટાવાની, અદાલતમાં વકીલાત કરવાની, અને બીજા માટે કાયદેસર ગણાય એવાં બીજાં ઘણાં કામો કરવાની, મનાઇ હતી. આયર્લૅંડમાં અઢારમા સૈકાના સજાના કાયદાઓને લીધે તેઓની હાલત ઘણી દુઃખી હતી, કારણ કે વસ્તીનો મ્હોટો ભાગ કૅથલિક હતો, અને થોડે દરજ્જે બીજું કારણ એ કે આઇરીશ કાયદાઓની ખાસ સખ્તાઇને લીધે, તેઓની સ્થિતિ ઘણી ખરાબ હતી. ૧૭૯૩ માં આઇરીશ પાર્લમેંટે સજાના કાયદાના અત્યંત પજવણી ભરેલા ભાગો રદ કર્યાં અને ડબ્લિનની યુનિવર્સિટીની પદવીઓ રોમન કૅથલિક લોક માટે ખુલ્લી મૂકી. એ જ અરસામાં એવો જ કાયદો સ્કૉટ્લૅંડમાં પસાર થયો. ઇંગ્લંડમાં કૅથલિક લોક તરફ અગાઉ જેવી જ વર્તણુક ચાલુ રહી.

કૅથલિકોનો છુટકારો—આપણે જોઈ ગયા તેમ ન્હાનો પિટ કૅથલિકો વિરુદ્ધના જંગલી કાયદાઓને આખા સંયુક્ત રાજ્યમાંથી રદ કરવાને ઇંતેજાર હતો, પણ રાજા ૩ જા જ્યૉર્જના અને ઇંગ્લીશ લોકના બ્હોળા જથ્થાના ધાર્મીક ઝનુનને લીધે પોતાની ધારણાઓને એ બર લાવી શકયો ન્હોતો. એ કારણે એણે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હતું (૧૮૦૧), અને ત્યારપછી ઘણાં વર્ષો સુધી 'કૅથલિક લોકનો છુટકારો' કરવાની દરખાસ્તો કોઈએ મન દઈને સાંભળી નહિં. લાંબા વખતથી જેની જરૂર જણાતી હતી તે સુધારો કરવાની શરૂઆત આયર્લૅંડમાંથી થઈ, જ્યાં ડૅનિયલ ઓ'કૉનલ નામના અદ્‌ભુત છટાદાર વક્તાની આગેવાની નીચે (૧૮૨૩ માં) એક જોરાવર કૅથલિક મંડળ સ્થાપવામાં આવ્યું હતું. છેવટ, અત્યાર સુધી કૅથલિક હક્કોની વિરુદ્ધ રહેલા, સર રૉબર્ટ પીલ અને ડ્યૂક ઑફ્ વેલિંગ્ટન વધારે વાર વિરુદ્ધમાં ટકી શકયા નહિં. તેથી તેઓએ ૪ થા જ્યૉર્જની નાખુશી છતાં ૧૮૨૯ નો 'કૅથલિકના છુટકારા'નો કાયદો પસાર કર્યો અને એ રીતે મુખ્ય ઝગડાનો અંત આણ્યો. પણ એને લગતા કેટલાક ન્હાના સુધારાઓ પાછળથી કરવાના બાકી રહ્યા હતા.

૧૮૨૯ ના કાયદાની કલમો--૧૮૨૯ ના કાયદાથી રોમન કૅથલિકોને પાર્લમેંટની બંને સભામાં ચૂંટાવાની, શહેરી કારોબારી મંડળમાં (મ્યુનિસિપલ કૉરપોરેશનમાં) કોઇપણ હોદ્દા ઉપર નીમાવાની, ન્યાયાધીશો થવાની અને ટુંકામાં કહિયે તો કોઇપણ પદવી મેળવવાની, છૂટ આપવામાં આવી. ફક્ત રાજાની ગેરહાજરીમાં રાજ્યપ્રતિનિધિની (રીજંટની), ઇંગ્લંડ કે આયર્લૅંડના લૉર્ડ ચૅન્સેલરની, અને આયર્લૅંડના લૉર્ડ-લેફ્ટેનન્ટની, એટલી જ જગ્યાઓથી તેઓને બાતલ રાખવામાં આવ્યા. ત્યારપછી થયેલા એક કાયદાથી તેઓને આયર્લૅંડના લૉર્ડ ચૅન્સેલર થવાની છૂટ મળી. હિંદનો ગવર્નર-જનરલ અને વાઇસરૉય (૧૮૮૦-૪) માર્કિવસ ઑફ્ રિપન રોમન કૅથલિક હતો, અને એ પદવીએ આવનાર એ એક જ કૅથલિક હતો. ૧૮૨૯ પ્હેલાંના કાયદા પ્રમાણે

એને એ જગ્યા ન મળી શકી હોત. ગાદીની વારસદારીનો કાયદો (૧૭૦૧) હજી પણ અમલમાં છે તે મુજબ રાજા પ્રૉટેસ્ટંટ જ હોવો જોઈએ અને ઇંગ્લંડની રાષ્ટ્રિય ધર્મસંસ્થાનો હોવો જોઈયે. ઇંગ્લંડના રાજાને એક પ્રકારના જે સોગંદ લેવા પડતા તેમાંની કેટલીક શરતો રોમન કૅથલિક પ્રજાને અણગમતી હતી. બ્રિટિશ રાજ્યના કેટલાક પ્રાંતોમાં કૅથલિકો હાલ સંખ્યાબંધ છે, તેથી એ સોગંદ લેવાની ફરજમાંથી ૧૯૧૦ ના એક કાયદા વડે રાજાને છૂટો કરવામાં આવ્યો છે. રાજગાદીમાંથી અને ત્રણ મ્હોટા હોદ્દામાંથી કૅથલિકોને બાતલ કરવામાં આવ્યા છે એ વાત બહુ છંછેડનારી નથી જણાતી અને આકરા સંકટરૂપ નથી મનાતી. એ કાયદો બદલવાની કોશીશ કરવામાં આવે તો પ્રૉટેસ્ટંટ લોકોની લાગણી ઉશ્કેરાય અને એ ફેરફાર કરવા જતાં ઘણી મુસીબત ઉભી થાય.

પ્રધાનમંડળમાં ફેરબદલીઓ—૧૮૨૭ માં જ્યારે **લૉર્ડ લિવરપૂલે** પંદર વર્ષની કારકીર્દી પછી રાજીનામું આપ્યું ત્યારે **મિ. કૅનિંગ** (આગળ પૃ. ૨૯૦) એની જગ્યાએ આવ્યો જે થોડા મહિનાઓ પછી મરણ પામ્યો. એની ટૂંકી કારકીર્દીનો મુખ્ય બનાવ **ફ્રાન્સ** અને **રશિયા** જોડેના કોલકરાર હતો, જેને અનુસરીને **નાવારીનોની** લડાઈ કરવામાં આવી હતી (આગળ પૃ. ૨૯૯). કૅનિંગની જગ્યા **વાઇકાઉંટ ગોડરિચે** લીધી. એ ગોડરિચ પાછળથી **અર્લ ઑફ્ રિપન** થયો હતો અને ૧૮૮૦ થી ૧૮૮૪ સૂધી હિંદના **વાઇસરૉય** થયેલા **માર્કિવસ ઑફ્ રિપનનો** પિતા હતો. એનામાં એ ઊંચી પદવીને યોગ્ય આવડત ન્હોતી તેથી જાન્યુઆરી ૧૮૨૮ માં[1] એને રાજીનામું આપવું પડ્યું. ત્યારપછી રાજા ૪થા જ્યૉર્જે ડ્યૂક ઑફ્ વેલિંગ્ટનને બોલાવીને પ્રધાનમંડળ બનાવવા કહ્યું. ડ્યૂક મુખ્ય પ્રધાન થયો અને રૂના એક તવંગર

---

૧. મિ. ડેઝ્રાલીએ એને 'એક થોડા વખતનો અને ગભરાયેલા ભૂત જેવો પુરુષ' કહ્યો છે.

કારખાનાંવાળાનો પુત્ર સર રૉબર્ટ પીલ સ્વદેશખાતાનો મંત્રી અને આમસભાનો પ્રમુખ બન્યો.

૪થા વિલિયમનું રાજ્યારોહણ—૧૮૩૦ ના ઉન્હાળામાં ૪થો જ્યૉર્જ મરણ પામ્યો. એ સ્વાર્થી અને લંપટ હતો. એના મરણથી કોઈને ખેદ થયો નહિ. એને એકે કાયદેસર થયેલું ફરજંદ ન્હોતું, તેથી એની પછી એનો ન્હાનો ભાઈ ૪થો વિલિયમ ગાદીએ આવ્યો. એ વિચિત્ર સ્વભાવનો માણસ હતો અને



૪ થો વિલિયમ

દરિયાઈ કાફલામાં નોકરી કરીને સારો અનુભવ પામેલો હતો. એમ કહેવાય છે કે "ખાનગી જીવનમાં એ સારો ભલો ખલાસી ગણાત." નવો રાજા એના વડા ભાઈ કરતાં વધારે આબરુદાર અને વધારે લોકપ્રિય હતો પણ રાજ્યકાર્યમાં એ કાંઈ વધારે અગત્યનો ન્હોતો.

પાર્લમેંટના સુધારાનો પ્રશ્ન—કૅથલિકોના છુટકારાના સવાલનો નિકાલ થઈ ગયો એટલે પાર્લમેંટના સુધારાનો સવાલ આગળ આવ્યો. પિટે એ બાબતમાં કાંઈક કરવાની કોશીશ કરી હતી; પણ જે વખતમાં અંગ્રેજ લોક ફ્રેંચ રાજ્યવિપ્લવનાં પરિણામોથી એટલા બધા હેબતાઈ ગયા હતા કે રાજતંત્રને સુધારવાની સામાન્ય યોજનાઓનો પણ શાંતિથી વિચાર કરી શકે નહિં. તે વખતમાં પિટ નાઈલાજ બન્યો. પણ એ હેબત ૧૮૩૦ માં મટી ગઈ હતી અને બદલેલા જમાનાને અનુસાર ફેરફારો કરવાની જરૂર પ્રજાને સમજાવા લાગી હતી. ૪ થો જ્યૉર્જ મરી ગયો એ વર્ષમાં ફ્રેંચ લોકોએ ૧૮ મા લૂઈની પછી ગાદીએ આવેલા એના ભાઈ ૧૦ મા ચાર્લ્સને ગાદીએથી ઉઠાડી મૂકયો. આ રીતે બુરબોં વંશ ખતમ થયો. રાજા તરીકે એના જ દૂરના પિત્રાઈ લૂઈ ફિલિપને પસંદ કરવામાં આવ્યો. એણે બુરબોંની આપઅખત્યારી રીતો છોડીને અંગ્રેજ રાજાની માફક રાજ્ય કરવાની કબૂલત આપી. ઇંગ્લંડમાં મ્હોટા જમીનદારોની સત્તા ઘટાડીને મધ્યમ વર્ગોની—ધંધાદાર અને વ્હેપારી લોકોની—સત્તા વધારવા ઇચ્છતા અંગ્રેજ સુધારકોને આ નવી ફ્રેંચ રાજક્રાન્તિથી ઉત્તેજન મળ્યું, કારણ કે લૂઈ ફિલિપ મધ્યમ વર્ગની મદદ ઉપર ભરોસો રાખતો હતો અને તેઓની સહાયતાથી જ રાજપદવી પામ્યો હતો, તેથી પુરવાર થતું હતું કે જૂના રાજકુટુંબોની સત્તાને ઉથલાવી નાખવાની તાકાત નવા જમાનામાં છે ખરી.

પ્રતિનિધિવાદ—પાર્લમેંટનું સ્વરૂપ જ એવું છે કે એ સભામાં આખા દેશના અભિપ્રાયો અને ઉમેદો પ્રતિનિધિ મારફત રજૂ થવા જોઈયે. હાલ તરત ઉમરાવસભાનો વિચાર નહિ કરિયે, માત્ર આમસભાનો વિચાર કરીશું. આમસભાના સભાસદોને જૂદા જૂદા મતદાર વર્ગો ચૂંટી મોકલે છે. દાખલા તરીકે ઑક્સફર્ડના મતદારોને પોતાના તરફથી પાર્લમેંટમાં પ્રતિનિધિ મોકલવાનો હોય, તો તેઓ ઉપર લાંચરૂશ્વતનું કે બીજું અયોગ્ય દબાણ ન થઈ શકે, અને તેઓ પોતાને જે ઉત્તમ લાગે તે માણસને પ્રતિનિધિ તરીકે છૂટથી

મોકલી શકે. એવી રીતે ચૂંટાયેલો એ પ્રતિનિધિ આમસભામાં આખા ઑક્સફર્ડ શહેર તરફથી બોલે, અને લોકહિતને લક્ષમાં રાખીને પોતાને ફાવે તેમ મત આપી શકે, એવો રીવાજ છે. વ્યાજબી પ્રતિનિધિતત્ત્વ (Representation) આવે એટલા માટે એ શહેરના યોગ્ય લાયકાતવાળા બધા પુરુષોને ચૂંટણીમાં મત દેવાનો હક્ક હોવો જોઈએ, જેથી ચૂંટાયેલા સભાસદને મળેલા સૌથી વધારે મતોને આખા શહેરની એકંદર મરજી દર્શાવતા ગણી શકાય. એ પ્રમાણે બધા મુખ્ય પક્ષો અને વર્ગો આમસભામાં પ્રતિનિધિ મારફત હાજર હોવા જોઈયે.

ગેરવહીવટ—૧૮૩૦ માં ખરી સ્થિતિ ઉપર જણાવ્યા મુજબ ન્હોતી. મ્હોટી વસ્તીવાળાં શહેરો અને પરગણાંઓ ઘણીવાર પ્રતિનિધિ વગરનાં જ રહેતાં, જ્યારે જૂજ વસ્તીવાળાં અથવા તદ્દન વસ્તી વગરનાં નાશ પામેલાં ગામડાંઓ તરફથી બબ્બે પ્રતિનિધિઓ જતા. ટ્યૂડર અને સ્ટુઅર્ટ રાજાઓએ ઘણાં ન્હાનકડાં શહેરોને અને ગામડાંઓને પટ્ટો લખી આપીને પાર્લમેંટમાં પ્રતિનિધિ મોકલવાનો હક્ક આપ્યો હતો, કે જેથી સભામાં એ પ્રતિનિધિઓના મત મેળવીને રાજા ફાવે તે કરી શકે. એ સ્થળોએ અને બીજાં ઘણાં સ્થળોમાં ચૂંટણી સ્વતંત્ર ન્હોતી. નામની ચૂંટણીઓ થતી તે દેખાવના ઢોંગ હતા, સભાસદ તો કોઈ જબરા જમીનદારના હુકમ પ્રમાણે, કે મત ખરીદ કરીને, ચૂંટાઈ જતો. આ ગેરબંદોબસ્તનું પરિણામ એ આવતું કે ૧૮૩૦ માં આમસભા એક જ વર્ગના—જમીનદારોના—પ્રતિનિધિરૂપ થઈ રહેતી. બીજા પક્ષો પોતાની વાત પાર્લમેંટમાં રજૂ કરી શકતા નહિ.

સુધારા તરફ વિરોધ—ગંભીર અવ્યવસ્થા ફેલાઈ રહી હતી એ વાતનો ઇન્કાર થઈ શકે તેમ ન્હોતું, છતાં ડ્યૂક ઑફ્ વેલિંગ્ટન જેવા ઉત્તમ બાહોશ માણસો ખરા દિલથી એમ માનતા કે ઈશ્વરે બધી વાતની એવી સારી વ્યવસ્થા કરી છે કે ચાલુ પદ્ધતિ જ સંપૂર્ણ છે અને કોઈપણ પ્રકારના સુધારા વડે વધારે સારી

પાર્લમેંટ ઉપજાવી શકાય નહિ. ઉમરાવસભા આવા પુરુષોથી ભરપૂર હતી. તેઓ સુધારાને સેતાની ખ્યાલ માનતા. પણ પાર્લમેંટની બ્હારના હજારો લોકો સુધારો કરવાને ઇન્તેજાર હતા. તેઓની ખાતરી હતી કે જુની રીતની આમસભા બહુ જરૂરી જણાતા નવા કાયદાઓ ઘડી શકે તેમ નથી. આમસભા પ્રજાના બધા વિભાગોનું સાચું પ્રતિનિધિમંડળ બને એવા ફેરફારો કરવાનો તેઓએ મક્કમ નિશ્ચય બાંધ્યો હતો.



લૉર્ડ જૉન રસલ

સુધારાનો ખરડો—૧૮૩૦માં ડ્યૂક ઑફ વેલિંગ્ટને રાજીનામું આપ્યું, અને લૉર્ડ ગ્રે મુખ્ય પ્રધાન થયો. એના મુખ્ય મદદનીશો લૉર્ડ જૉન રસલ, લૉર્ડ મેલ્બર્ન અને લૉર્ડ ઑલ્થૉર્પ હતા. એ જમાનામાં ઘણાખરા પ્રધાનો કાં તો ઉમરાવો અથવા તો ઉમરાવોના સગાઓ હતા.

લૉર્ડ રસલે સૌથી ખરાબ ખામીઓને દૂર કરવા માટે એક ખરડો રજૂ કર્યો. છેવટ જે રૂપમાં એ ખરડો કાયદા તરીકે

પસાર થયો તેની રૂએ એકંદર છપ્પન 'રૉટન બરો,' એટલે મતદાર વગરનાં ભાંગી પડેલાં પરગણાંઓ, રદ કરવામાં આવ્યાં. બીજાં ત્રીશ ન્હાના શહેરોના પ્રતિનિધિની સંખ્યા કમી કરવામાં આવી, અને અત્યારસૂધી પ્રતિનિધિ વિનાનાં રહેલાં મૅન્ચેસ્ટર અને બર્મિંગહૅમ જેવાં ઉપયોગી સ્થળોને પ્રતિનિધિ ચૂંટવાનો હક્ક આપવામાં આવ્યો, એથી સંયુક્તરાજ્યના મતદારોની સંખ્યા વધે તેવા નિયમો ઘડવામાં આવ્યા. પણ જ્યારે એ ખરડો પ્રથમ પાર્લમેંટમાં મૂકવામાં આવ્યો ત્યારે વિરોધ એટલો મક્કમ થયો કે એ ખરડો પાછો ખેંચી લેવામાં આવ્યો અને પાર્લમેંટ બરખાસ્ત કરવામાં આવી. પછી આખા દેશમાં મ્હોટો ખળભળાટ વ્યાપી રહ્યો, અને નવેસર ચૂંટાયેલી આમસભામાં એ ખરડો સ્હેલાઇથી પસાર થઈ ગયો. પણ ઑક્ટોબર ૧૮૩૧ માં ઉમરાવસભાએ એને નામંજૂર કરવાની હિંમત કરી. એ કામથી લોકો ગુસ્સે થયા અને કેટલેક ઠેકાણે ભયંકર ફિતુરો થયાં, જેથી લોકના એ પક્ષો વચ્ચે લડાઈ થવાની વાતો થવા લાગી. એ જ ખરડો ત્રીજીવાર રજૂ કરવામાં આવ્યો. ઉમરાવોએ એને બદલવાની કોશિશ કરી, પણ ઉમરાવમંડળમાં સરકારપક્ષની બહુમતિ થાય એટલામાટે જરૂર પડે તો પચાશ નવા ઉમરાવો બનાવવાનું લૉર્ડ ગ્રેએ રાજા પાસેથી વચન લીધું. છેવટ ડ્યૂક ઑફ્ વેલિંગ્ટને ઉમરાવોને સમજાવ્યા કે હવે હઠ છોડો, એટલે જૂન ૧૮૩૨ માં એ ખરડો પસાર થયો. એ વખતે થયેલા સુધારાઓમાં પાછળથી ઘડાયેલા કાયદાઓએ ઘણો વધારો કર્યો છે, પણ તે છતાં હજી ફરિયાદ કરવામાં આવે છે કે આમસભા પ્રજાનું સાચું પ્રતિનિધિમંડળ નથી, અને ફરિયાદમાં વજુદ જણાય છે. આમસભાના બંધારણમાં અને એના સભાસદો ચૂંટવાની પદ્ધતિમાં વધારે ફેરફાર ટૂંક સમયમાં થવાની વક્કી છે.

પરચુરણ સુધારાઓ—પાર્લમેંટની ચૂંટણી માટેના કાયદા ઉપરાંત સુધારાવધારાના બીજા ઇલાજો માટે પણ ૪થા વિલિયમનું ટૂંકું રાજ્ય જાણીતું છે. આયર્લૅંડમાં પ્રૉટેસ્ટન્ટ ધર્મગુરુઓને પગાર

આપવા માટે જમીનની પેદાશનો દશમો ભાગ (ટાઇધ) ઉઘરાવવાના રિવાજમાં ઘણી બદીઓ હતી. એ કર ઉઘરાવવાના પ્રયાસો કરતાં ઘણાં સખ્ત તોફાનો થયાં ત્યારપછી છેવટ એ બદીઓમાંની થોડી ઘણી દૂર કરવામાં આવી. ત્યાં વળી કેળવણીની ધોરણસર વ્યવસ્થા કરવાની શરુઆત કરવામાં આવી, પણ હજી એ બાબતમાં ઘણો સુધારો કરવો બાકી છે. ઇંગ્લંડનાં કારખાનાંઓમાં છોકરાંઓ પાસે શક્તિ ઉપરાંત કામ કરાવવાનો ઘાતકી રિવાજ હતો એની ઉપર અંકુશ મૂકવામાં આવ્યો. આ રીતે, કારખાનાંના કામદારોમાંના નબળા વર્ગોનું શેઠિયાઓના નિર્દય લોભીપણાથી રક્ષણ કરવાના અનેક કાયદાઓ ઘડાયા છે તેની પ્હેલવ્હેલી શરુઆત કરવામાં આવી. ગરીબોનાં સંકટ દૂર કરવાની બેદરકાર અવિચારી પદ્ધતિ ચાલૂ હતી તે અટકાવવામાં આવી, અને વધારે વ્યાજબી ઇલાજો યોજવામાં આવ્યા જેમાં આશ્રય લેનાર માણસોને ઉદ્યોગગૃહ (વર્કહાઉસ)માં રહેવાનું ફરજ્યાત કરવામાં આવ્યું. ૧૮૩૪ માં સ્થાપેલી પદ્ધતિ હજી ચાલૂ છે, પણ લાંબા અનુભવથી એમાં ખામીઓ જણાતાં હાલના સંજોગોને લાયક બને તેવા ફેરફારો કરવાનો વિચાર ચાલે છે. આ બાબત ઘણી મુસીબતથી ભરેલી છે, કારણ કે લાયક તથા લાચાર ગરીબોને ઉદાર આશ્રય આપવો અને તે સાથે આળસુ અને નાલાયક માણસોને પ્રજાનાં નાણાંવડે આશ્રય લેતા અટકાવવા એ સ્હેલી વાત નથી.

ગુલામગિરી રદ્દ કરવામાં આવે છે—૧૮૦૭ માં બ્રિટનમાં ગુલામોના વ્હેપારની બંધી કરવામાં આવી હતી, અને ત્યારપછી ૧૮૧૫ માં વિયેનાની કૉંગ્રેસે એ ધંધાને નિંદવાજોગ જાહેર કર્યો હતો (આગળ પૃ. ૨૯૨). આ પગલાંઓને પરિણામે બ્રિટિશ સામ્રાજ્યમાં ગુલામગીરી તદ્દન બંધ કરવામાં આવે એ કુદરતી હતું. સુધારાના ખરડાને પસાર કરાવનાર લૉર્ડ ગ્રે વર્ષો સૂધી ચાલેલી ચર્ચા પછી એક કાયદો પસાર કરાવી શક્યો (૧૮૩૩) કે બ્રિટિશ સંસ્થાનોમાં ગુલામગીરી "તદ્દન બંધ કરવી અને ગુલામના ધણીઓને-

વાડીવાળા માલેકોને—એના બદલામાં બે કરોડ પાઉંડ આપવા. ગુલામોનો ખરેખરો છેવટનો છુટકારો ૧૮૩૮ માં થયો.

હિંદમાં ગુલામગીરી—હિંદના ઘણાખરા ભાગોમાં ઘણા પુરાણા કાળથી જૂદેજૂદે રૂપે ગુલામગીરીનો રિવાજ ચાલ્યો આવતો હતો. લૉર્ડ એલનબરોની સરકારે ૧૮૪૩ નો હિંદનો ૫ મો કાયદો પસાર કર્યો ત્યારથી બ્રિટિશ હિંદમાંની કોઇપણ અદાલતને ગુલામગીરીની હયાતીને કાયદેસર ગણવાની છુટ રહી નથી. કાયદાની નજરમાં બ્રિટિશ હિંદમાંનો હરએક આદમી સ્વતંત્ર છે, વ્હેવારમાં એની હાલત ગમે તે હોય. હિંદમાં ગુલામ-ધણીઓને કાંઇપણ વળતર આપવામાં આવ્યું નથી, અને ગુલામોને સ્વતંત્રતા બક્ષવાનું રીતસર ફરમાન પણ કાઢવામાં આવ્યું નથી. એ કાયદામાં ફક્ત એટલું જાહેર કરવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં કાયદો કોઇપણ માણસને ગુલામ ગણશે નહિં. છેક ૧૭૭૨ માં સૉમરસેટના મુકદ્દમામાં લૉર્ડ ચીફ જસ્ટિસ મૅન્સ્ફીલ્ડે ચુકાદો આપ્યો હતો કે કોઇપણ ગુલામ બ્રિટિશ ટાપુઓની જમીન ઉપર પગ મૂકે કે તરત જ એ સ્વતંત્ર બને છે. ૧૮૪૩ ની સાલથી બ્રિટિશ હિંદમાં પણ એ જ કાયદો ચાલે છે.

હિંદમાં લૉર્ડ વિલિયમ બેન્ટિંક—લૉર્ડ ઍમ્હર્સ્ટ (આગળ પૃ. ૨૯૮) પછી હિંદના ગવર્નર-જનરલ તરીકે લૉર્ડ વિલિયમ બેન્ટિંક આવ્યો હતો. અખંડ સુલેહશાંતિવાળાં સાત વર્ષોમાં (૧૮૨૮-૧૮૩૫) એ પોતાનું લગભગ બધું લક્ષ દેશની અંદરના સુધારા કરવામાં રોકી શકયો હતો. એણે કરેલા ધારાઓમાં સૌથી પ્રખ્યાત ધારો ૧૮૨૯ માં પસાર કરવામાં આવ્યો હતો કે "સતીનો રિવાજ, એટલે કે હિંદુ મરનારની વિધવાને જીવતી બાળવાનો કે દાટવાનો રિવાજ ગેરકાયદેસર છે અને ફોજદારી અદાલતોમાં એને માટે શિક્ષા થઈ શકશે." હથિયારબંધ ઠગારાઓ લૂંટની ખાતર માણસોને ગળે ફાંસો દઈને મારી નાખતા એ ધંધાને—લગભગ પૂરેપૂરો દબાવી દેવામાં પણ બેન્ટિંકની સરકાર ફતેહમંદ બની. એ વખતે મૅકૉલે કાઉન્સિલનો (સલાહકાર મંડળનો) પ્હેલોજ કાયદા-

ખાતાનો સભાસદ બન્યો હતો એની સાથે મળીને લૉર્ડ બેન્ટિંકે 'અગત્યનો ઠરાવ' કર્યો કે અંગ્રેજીને હિંદની દરબારી ભાષા અને સાહિત્યભાષા બનાવવી. રાજવહીવટને લગતા બીજા ઘણા સુધારાઓ લૉર્ડ બેન્ટિંકના નામ સાથે જોડાયેલા છે. 'પોતાના હાથમાં સોંપવામાં આવેલી પ્રજાને બુદ્ધિમાં અને નીતિમાં વધારવી એ એના ચાલુ અભ્યાસનો વિષય હતો.'


રાતા સમુદ્રને રસ્તે યુરોપ જોડેનો વ્હેવાર ચાલૂ કરવાની પરવાનગી વૉરન હેસ્ટિંગ્ઝને ન્હોતી આપવામાં આવી (આગળ પૃ. ૨૪૪). એ વ્હેવાર સુધારવા માટે બેન્ટિંકે બહુ મ્હેનત કરી. વળી એણે ૧૮૨૪ માં ડચ પાસેથી મળેલા સિંગાપોર શહેરને સમુદ્રધૂનીનાં સંસ્થાનોની (સ્ટ્રેટ્સ સેટલમેંટ્સની) રાજધાની બનાવ્યું એમાં પણ એણે સામ્રાજ્યને મ્હોટો લાભ કરી આપ્યો; કારણ કે એ ગોઠવણને લીધે જ સિંગાપોર હાલ છે તેવું શહેનશાહી કાફલાનું ઉપયોગી મથક અને બંદર બની શક્યું છે.

પ્રધાનમંડળમાં ફેરફારો—આયર્લૅંડનાં દેવળોનાં નાણાંની બાબતમાં અને બીજી બાબતમાં તકરારો થતાં લૉર્ડ ગ્રેએ ૧૮૩૪ માં રાજીનામું આપ્યું. એની જગ્યાએ લૉર્ડ મેલ્બર્ન આવ્યો, પણ થોડાક જ મહિના પછી એ પ્રધાનને રાજા વિલિયમે બરતરફ કર્યો. આ બનાવ ધ્યાનમાં રાખવા જેવો છે કારણ કે ફક્ત રાજાની જ મરજીથી પ્રધાનમંડળ બદલવાનો એ છેલ્લો જ દાખલો બન્યો[૧].

---

૧. મેલ્બર્નના એક પત્રને રાજાએ રાજીનામાનો પત્ર માન્યો હતો; એમાં લખ્યું હતું કે: 'વાઇકાઉંટ મેલ્બર્ન અંતઃકરણપૂર્વક વિનંતિ કરે છે કે આપની સેવા વધારે બજાવી શકાય અને દેશનું હિત વધારે જળવાય એવાં કાંઈપણ પગલાં લેવામાં કે કાંઇપણ સલાહ મેળવવામાં આપ મારે માટેની આપની કાંઇપણ લાગણીથી અટકશો નહિ.' પણ મેલ્બર્નનો ઇરાદો રાજીનામું આપવાનો ન્હોતો એ ચોખ્ખું છે.

રાણી વિક્ટોરિયા હંમેશાં આમસભાએ જણાવેલી ઇચ્છા પ્રમાણે જ પોતાનો મુખ્ય પ્રધાન પસંદ કરતી. લૉર્ડ મેલ્બર્નને બરતરફ કર્યાં પછી રાજાએ સર રૉબર્ટ પીલને બોલાવ્યો, પણ એ પ્રધાન આમની સભામાં વધારે મતો મેળવી શકયો નહિ તેથી લૉર્ડ મેલ્બર્નને પાછો બોલાવવો પડયો. એ પછીના રાજ્યની શરુઆતમાં એ જ પ્રધાન રહ્યો.



લૉર્ડ મેલ્બર્ન

૪ થા વિલિયમનું મરણ—જૂન ૧૮૩૭ માં રાજા વિલિયમ ૬૮ વર્ષની વયે મરણ પામ્યો. એના ભાઇ ૪ થા જ્યૉર્જની માફક એને પણ કાયદેસર ફરજંદ ન્હોતું તેથી ગાદી એની ભત્રીજી, ૧૮ વર્ષની છોકરી, પ્રિન્સેસ વિક્ટોરિયાને મળી. રાજાનો ભાઈ ડયૂક ઑફ્ કેન્ટ ૧૮૨૦ માં મરણ પામ્યો હતો એની એ પુત્રી હતી. આ પછીનાં બે પ્રકરણોમાં એના લગભગ ચોંસઠ વર્ષના રાજ્યનો—ઈંગ્લંડના ઇતિહાસમાં સૌથી લાંબા રાજ્યનો—અહેવાલ આપવામાં આવશે. પણ વિક્ટોરિયાના યુગનું વર્ણન શરુ કરવા પ્હેલાં, વિક્ટોરિયાના વખતના ઇંગ્લંડ દેશને એના પિતામહના વખતના ઇંગ્લંડ કરતાં આટલો બધો જુદો કેમ બન્યો તે તપાસીશું.

રાજ્યવિપ્લવો અને સાહિત્ય—મહાન વિચારો મહાન ગ્રન્થોને જન્મ આપે છે, અને ધર્મમાં, રાજ્યપ્રકરણમાં અને

સામાજીક જીવનમાં મ્હોટા ફેરફારો ઉત્પન્ન કરવામાં મહાન પુસ્તકો મ્હોટો ભાગ ભજવે છે. ફ્રેંચ રાજ્યવિપ્લવ થયો તે કેવળ ફ્રાન્સની અવ્યવસ્થા (આગળ પૃ. ૨૬૦)નું જ પરિણામ ન્હોતું; વૉલ્તેરે અને બીજા ફ્રેંચ લેખકોએ વાવેલા ફળદ્રુપ વિચાર—પણ એનું કારણ હતા. એ વિચારોના બીજ જૉન લૉકનાં અને એના જમાનાના બીજા લેખકોનાં પુસ્તકોમાં[1] મળી આવે છે. રાજ્યવિપ્લવ વગેરે મ્હોટા ફેરફારો એક વખત શરૂ થાય એટલે ઊંચા વિચારો ઉપજાવે છે, અને એ વિચારો સાહિત્ય, કલા અને બીજા માર્ગો મારફત પ્રગટ થયા વગર રહેતા નથી. દાખલા તરીકે, શેકસપિયરના જમાનામાં જે બહુ ઉત્તમ સાહિત્ય પેદા થયું હતું તેનો એ જમાનાની વ્હોળી ધાર્મિક, રાજકીય અને સામાજીક ચળવળો જોડે નજીકનો સંબંધ હતો.

ઓગણીસમી સદીની માનસિક પ્રવૃત્તિ— ઓગણીસમી સદીની શરુઆતમાં એવું જ બન્યું હતું. માણસનાં મન નવું ચેતન પામીને ચંચળ બન્યાં હતાં, અને તેઓના વિચારતરંગો દરેક વિભાગમાં પ્રગટ થવા લાગ્યા હતા—વિજ્ઞાનમાં, લલિતકલામાં, સાહિત્યમાં, સામાજીક સુધારામાં, રાજકીય સુધારામાં અને યુદ્ધકલામાં. બાસ્તિલના હુમલાથી જે લાગણી ઉભરાઈ તેની ફક્ત ધર્મ ઉપર જ ઊંડી અસર ન થઈ. ફ્રેંચ રાજ્યવિપ્લવના કર્તાહર્તાઓએ તમામ ધાર્મિક બાબતો ઉપર જુસ્સાભર્યો હલ્લો કર્યો હતો તેનું જોમ એકદમ ખૂટી ગયું, અને જ્યારે નેપોલિયન આપઅખત્યાર બન્યો ત્યારે તેણે ધર્મસંસ્થાને રક્ષણ આપ્યું. ફ્રેંચ વિપ્લવની લડાઈઓ થયા પ્હેલાં ઇંગ્લંડમાં વેસ્લી ભાઈઓએ અને એમના મળતિયાઓએ ધાર્મિક જીવનમાં નવું ચેતન પુર્યું હતું, ત્યારપછી એક જુદી દિશામાં પ્રગટેલું ચેતન ઑક્સફર્ડની ચળવળ તરીકે ઓળખાતું હતું, તે તો સુલેહ થયા

---

૧. લૉકના ગ્રન્થો, મનુષ્યની સમજશક્તિ વિશેનો નિબંધ (ઍસે કન્સર્નીંગ હ્યૂમન અંડરસ્ટૅન્ડિંગ, ૧૬૯૦), વિગેરે આખા યુરોપમાં ચોમેર જાણીતા બન્યા હતા. પ્હેલા ગ્રન્થની, ભાષાંતરો ઉપરાંત, ચાળીશ આવૃત્તિયો થઈ ગઈ છે.

પછી ઘણે વર્ષે શરુ થયું. ઓગણીસમી સદીનાં પ્હેલાં ચાળીશ વર્ષો દરમ્યાન ધાર્મિક ઊંડી લાગણીઓ ભાગ્યે જ જાગૃત થઈ હતી.


યુદ્ધકલા—એ સમયના મુખ્ય સામાજીક અને રાજકીય સુધારાઓનું ટુંકમાં વર્ણન અપાઇ ગયું છે. યુદ્ધકલાનો વિષય આ પુસ્તકમાં ચર્ચવા લાયક નથી. અહિં એટલું જ કહી શકાય કે નેપોલિયન, વેલિંગ્ટન અને નેલ્સન એ સઘળાએ યુદ્ધકલામાં કાંઈ કાંઇ નવી અને ઉપયોગી બાબતોનો વધારો કર્યો હતો. નૌકાશાસ્ત્રના અને યુદ્ધશાસ્ત્રના વિદ્યાર્થીને નેપોલિયના વિગ્રહોથી અજાણ રહેવું એ બની શકે નહિં.

લલિતકલા ; ટર્નર—લલિતકલામાં ટર્નરના નામને લીધે એ જમાનો પ્રખ્યાત બન્યો છે. રસ્કિનના **અર્વાચિન ચિત્રકારો** (મૉડર્ન પેઈન્ટર્સ) નામના વિશાળ ગ્રન્થનો મુખ્ય વિષય ટર્નર હતો. કેટલાક લોક ટર્નરને કુદરતી દેખાવ ચીતરનારાઓમાં આખી દુનિયામાં સૌથી શ્રેષ્ઠ માને છે, અને આટલું તો ચોક્કસ છે કે એના જલમિશ્રીત રંગ (વૉટર કલર)ના ચિત્રો સર્વોત્તમ છે. એણે ધાતુ ઉપર નકશી અને કોતરકામ કરનારાઓની એક નવી વખાણવાલાયક સંસ્થા સ્થાપી હતી. પણ છબી પાડવાની કળાએ (ફોટોગ્રાફીએ) એ મોહક કળાને દબાવી દીધી તેથી ગ્રેટ બ્રિટનમાં હાલ એ કળા લગભગ નહિં જેવી છે.

સાહિત્ય—ઓગણીસમાં સૈકાની શરુઆતનું ઇંગ્લિશ સાહિત્ય એ દેશના કોઇપણ વખતના સાહિત્ય જોડે સરખામણી કરી શકે એવું છે. પોપ નામના કવિની રૂઢિથી હવે કવિતા નિરાળી બની હતી અને કવિતામાં સચ્ચાઈ અને કુદરત આવ્યાં હતાં. વર્ડ્ઝવર્થ, કોલરિજ, સર વૉલ્ટર સ્કૉટ, કીટ્સ, બાયરન અને શેલિ, એ કવિયોએ નવીન વિચાર, ભાષા અને રચનાવાળી કવિતાઓ ઉપજાવી હતી. એ કવિતાનો ઘણો ભાગ અંગ્રેજી ભાષા વંચાશે કે બોલાશે ત્યાંસૂધી કાયમ રહેશે. ઉપર કહેલા કવિઓમાં સૌથી વધારે અસર કરનારો કવિ વર્ડ્ઝવર્થ છે.

ઊતરતા દરજ્જાના કવિઓનાં કે બીજા લેખકોનાં નામો આપવા જેટલી પણ આ પુસ્તકમાં જગ્યા નથી. સ્કૉટે રચેલી વેવર્લી કથાઓની (વેવર્લી નૉવેલ્સની) માળા સઘળી ૧૮૧૪ થી ૧૮૩૧ સુધીના ટૂંકા ગાળામાં રચાઇ હતી એટલું જ કહીશું.

વિજ્ઞાનની શોધખોળ—હાલના વિજ્ઞાનની શરૂઆત ઓગણીસમી સદીમાં થઈ એમ કહેવામાં ખોટું નથી. એ પહેલાંના બધા વિજ્ઞાનના ગ્રન્થો આપણી દુનિયાથી જૂદી જ કોઈ દુનિયાના હોય એવા જણાય છે. દાખલા તરીકે ૧૮૧૫ માં ઇંગ્લંડ, વેલ્સ, અને સ્કૉટ્લૅંડનો પહેલો જ ભૂસ્તરશાસ્ત્રીય[૧] નકશો પ્રગટ કરનાર **વિલિયમ સ્મિથ** હતો. પહેલી બ્રિટિશ સ્ટીમબોટ (વરાળથી ચાલતું વહાણુ)



પહેલવહેલી આગગાડી

ક્લાઈડ નદી ઉપર ૧૮૧૨ માં ચાલ્યું અને મુસાફરો માટે આગગાડી પ્રથમ ૧૮૨૫ માં ચાલૂ કરવામાં આવી. વીજળીથી તાર મારફત સંદેશા

૧. ભૂસ્તરવિદ્યા (જીઑલૉજી) એટલે પૃથ્વીની ઉત્પત્તિ અને રચના સમજાવનારું શાસ્ત્ર.

મોકલવાનું ૧૮૩૫ થી શરુ થયું ગણાય, કારણ કે સંદેશા મોકલવાની એ પદ્ધતિ અમેરિકામાં મૉર્સ નામના માણસે એ વર્ષમાં શોધી હતી. આગગાડી, આગબોટ અને તાર વિના દુનિયા કેવી લાગે એનો આપણે ખ્યાલ કરિયે તો સમજી શકીશું કે રાણી વિકટોરિયાના વખતનું ઇંગ્લંડ ૩ જા જ્યૉર્જના સમયના ઇંગ્લંડ કરતાં કેટલું જૂદી જાતનું હતું. બીજી સેંકડો દિશાઓમાં શોધખોળ કરવાની શક્તિ કામ કરી રહી હતી, જેથી અગાઉના બધા જમાનાઓમાં જે સુધારાઓ થયા હતા તેથી વધારે સુધારાઓ એકલી ઓગણીસમી સદીમાં થયા. આ સુધારાઓથી મનુષ્યજાતિ કેટલે દરજ્જે ખરેખરી વધારે સુખી થઈ છે એ બાબતમાં પશ્ચિમના દેશોથી પૂર્વના દેશો જૂદો જ મત ધરાવે છે.

મુખ્ય તારીખો

પૅરિસની સુલેહ ... ... નવે.	૧૮૧૫
ઇંગ્લંડમાં સંકટ	૧૮૧૬
પિંડારી લડાઇ અને ૩ જી મરાઠા લડાઇ	૧૮૧૭, ૧૮૧૮
૪ થા જ્યૉર્જનું રાજ્યારોહણ	૧૮૨૦
મુસાફરો માટેની પ્હેલી આગગાડી	૧૮૨૫
પ્હેલી બ્રહ્મદેશની લડાઈ	૧૮૨૬
લૉર્ડ લિવરપૂલનું રાજીનામું; મિ. કૅનિંગની અને લૉર્ડ ગુડરિચની ટુંકી પ્રધાનગીરીઓ; નાવારીનોની લડાઈ	૧૮૨૭
ડ્યૂક ઑફ્ વેલિંગ્ટન મુખ્ય પ્રધાન	૧૮૨૮
લૉર્ડ વિલિયમ બેન્ટિંક હિંદનો ગવર્નર જનરલ	૧૮૨૮–૩૫
કૅથલિક લોકના છુટકારાનો કાયદો	૧૮૨૯

૪ થા વિલિયમનું રાજ્યારોહણ	જૂન ૧૮૩૦
ડ્યૂક ઑફ્ વેલિંગ્ટનનું રાજીનામું; લૉર્ડ ગ્રે મુખ્ય પ્રધાન	નવે. ૧૮૩૦
સુધારાનો કાયદો (રિફૉર્મ ઍક્ટ)	૧૮૩૨
સંસ્થાનોમાં ગુલામગીરીની બંધી	૧૮૩૩
નવો ગરીબ લોક માટેનો કાયદો (પૂઅર લૉ); લૉર્ડ મેલ્બર્નની પ્હેલી ટૂંકી પ્રધાનગીરી; સર રૉબર્ટ પીલ મુખ્ય પ્રધાન	૧૮૩૪
લૉર્ડ મેલ્બર્નની બીજી પ્રધાનગીરી	૧૮૩૫
૪ થા વિલિયમનું મરણ	જૂન ૧૮૩૭


પ્રકરણ ૧૩ મું

રાણી વિક્ટોરિયાનું રાજ્ય, ૧૮૩૭ થી ક્રાઇમિયાની લડાઇની શરૂઆત એટલે ૧૮૫૪ સૂધી

હૅનોવરથી ઇંગ્લંડનું અલગ થવું—ઇંગ્લંડની ગાદી ઉપર સ્રી રાજ્ય કરનાર આવી, પણ હૅનોવરના કાયદા પ્રમાણે એ દેશની ગાદી એને મળી નહિ તેથી હૅનોવર જોડેનો અગવડ ભરેલો સંબંધ સારે નસીબે તૂટયો. રાજા વિલિયમના એ વખતે જીવતા ભાઈઓમાંનો સૌથી વડો ભાઈ અર્નેસ્ટ ડયૂક ઑફ્ કંબર્લૅંડ હૅનોવરનો રાજા થયો. વખત જતાં એની પછી એનો પુત્ર હૅનોવરની ગાદીએ બેઠો અને એના રાજ્યમાં, ૧૮૬૬ માં, પ્રશિયાએ હૅનોવર તથા ઑસ્ટ્રિયાને હાર ખવરાવી. હૅનોવરનું રાજ્ય પ્રશિયા સાથે જોડાઈ ગયું એ આ હારની શિક્ષા હતી.

રાણી વિક્ટોરિયાનું રાજ્યારોહણ—પોતે ઇંગ્લંડની રાણી થઈ છે એ વાત પ્રિન્સેસ વિક્ટોરિયાએ કેવી રીતે જાણી એની નવાઈભરેલી વીગત એનીજ નોંધપોથીની સાદી ભાષામાં આપવી ઉત્તમ છે:—

"મંગળવાર, ૨૦મી જૂન, ૧૮૩૭.—૬ વાગ્યે મને માએ જગાડી અને કહ્યું કે આર્ચબિશપ ઑફ્ કૅન્ટરબરી અને લૉર્ડ્ કૉનિંગ્હૅમ આવ્યા છે, અને તને મળવા ઇચ્છે છે. હું પથારીમાંથી ઉઠી અને મારી બેઠકમાં ગઈ (મેં એ વખતે ઝભ્ભો પ્હેર્યો હતો), એકલી જ ગઈ અને તેમને મળી. લૉર્ડ્ કૉનિંગ્હૅમે (એ વખતના લૉર્ડ્ ચેમ્બર્લેઈને) મને જણાવ્યું કે બિચારા તમારા કાકા, રાજા, આજે પરોઢીયામાં ૨ કલાક ૧૨ મિનિટે ગુજરી ગયા છે, અને એથી હવે તમે રાણી થયાં છો. લૉર્ડ્ કૉનિંગ્હૅમે ઘુંટણે પડીને મારા હાથને ચૂમી કરી. બિચારા રાજાના મરણના સત્તાવાર સમાચાર મને કહ્યા......પછી મારા ઓરડામાં જઈને મેં કપડાં પ્હેર્યાં.



મહારાણી વિક્ટોરિયા

મને આ પદવીએ મૂકવાનું ઈશ્વરને ગમ્યું છે તો હવે હું મારા દેશ પ્રત્યે મારી ફરજ બજાવવાને બનતી મ્હેનત કરીશ. હું બહુ ન્હાની છું, અને બધી બાબતમાં તો નહિં પણ ઘણી બાબતમાં કદાચ અનુભવ વિનાની છું, પણ મારી ખાતરી છે કે ભલી લાગણી અને વ્યાજબી અને ખરું હોય તે જ કરવાની ઇચ્છા મારાં કરતાં વધારે કોઈકને જ હશે.'

ત્રેસઠ ઉપર વર્ષના રાજ્ય પછી જ્યારે રાણી વિક્ટોરિયા મરણ પામી ત્યારે આખી દુનિયા શાહેદી પૂરવા તૈયાર હતી કે અઢાર વર્ષની જુવાન વયમાં કરેલો ઠરાવ એણે પાળ્યો હતો અને પોતાની ફરજ બજાવવાની એણે મ્હેનત કરી હતી. બીજા લોકની માફક એણે ભૂલ કરી હતી, પણ એ રાણીની 'જે વ્યાજબી અને ખરું હોય તે જ કરવાની ઇચ્છા' વિશે કોઇને કદીપણ શંકા ઉપજી નથી.

રાણીની મુસીબતો—રાણીને, એણે જાતે લખ્યું હતું તેમ, 'બહુ સાદી રીતે ઉછેરવામાં આવી હતી,' અને રાજાના મુકામથી જાણી બુઝીને દૂર રાખવામાં આવી હતી, કારણ કે એના કાકાઓના વખતમાં રાજાના ઘરમાં ઘણી ગેરવ્યાજબી રીતભાત ચાલતી. પરિણામે એણે દુનિયા બહુ જોઈ ન્હોતી, અને પુસ્તકોનો અભ્યાસ પૂરતો કર્યો હતો તે છતાં એને ઘણું શીખવાનું બાકી હતું. ૪ થા જ્યૉર્જની અને ૪ થા વિલિયમની વર્તણુકમાંની ખામીઓને લીધે લોક ઓછા વફાદાર થયા હતા, અને રાજા તરફ બતાવવું જોઇએ તેથી કમતી માન બતાવતા હતા. લૉર્ડ મેલ્બર્નનું પ્રધાનમંડળ પણ પ્રજા તરફથી માન મેળવી શકે એવું કાબેલ ન્હોતું. મુખ્ય પ્રધાન રાજકીય બાબતમાં કોઇપણ પ્રકારના મક્કમ ઠરાવ વગરનો હતો એ સહુ જાણતા હતા. એની બેપરવા રીત જોઇને લોક માનતા કે એ રાજ્યવહીવટની ગંભીર જોખમદારી તરફ બેદરકાર હતો. એથી એ લોકમાં અપ્રિય થયો હતો. એ વખતે ધંધાદારી વર્ગમાં વ્યાપી રહેલા સંકટને માટે લોક એને જવાબદાર માનતા. ૧૮૩૨ ના સુધારાના કાયદાથી લાભ ન થવાથી એ વર્ગ બહુ કંટાળ્યો હતો. સરકારે કેળવણીમાં, બાળમજૂરોનું



પ્રિન્સ આલ્બર્ટ

રક્ષણ કરવામાં, પેનીનો (એક આનાનો) ટપાલ દર ચાલૂ કરવામાં (૧૮૪૦), અને બીજી જરૂરી બાબતોમાં કેટલાક લાભકારક સુધારાઓ કર્યા હતા. પણ સરકાર એ બધું નામરજીથી દબાણને વશ થઇને કરતી જણાતી હતી. આ પ્રમાણે લોકનો વિશ્વાસ ખોઇ બેઠેલા પ્રધાનની સલાહને આશરે પડેલી રાણી બહુ મુશ્કેલ સ્થિતિમાં આવી પડી હતી.

રાણીનું લગ્ન—સ્વાભાવિક રીતે રાણીને મદદની જરૂર હતી તેથી તેણે રાજકાજની બાબતમાં લૉર્ડ મેલ્બોર્નમાં વિશ્વાસ મૂકયો. એ અમલદાર મુખ્યપ્રધાન ઉપરાંત રાણીના શિક્ષક અને ખાનગી સલાહકારનું કામ પણ કરવા લાગ્યો. કેટલાક કમનસીબ બનાવોને લીધે પ્રધાનની અપ્રિયતાથી રાણીને ખમવું પડ્યું. એનાં લગ્ન થયાં તે પછી કેટલાંક વર્ષો સુધી એ પ્રજાનો પૂરો પ્રેમ મેળવી શકી નહિ. પતિ તરીકે જર્મનીમાં રહેતા પોતાના સગા પ્રિન્સ આલ્બર્ટ ઑફ્ સૅકસ-કોબર્ગને પસંદ કરીને એની જોડે રાણી ૧૮૪૦ માં પરણી. એ વિવાહ બહુ સુખકારક નીવડયો. પ્રિન્સ આલ્બર્ટ અથવા પાછળથી કહેવાતો તેમ પ્રિન્સ કૉન્સોર્ટ (તખ્તનશીન રાણીનો પતિ) ટૂંક સમયમાં રાણીનો ડાહ્યો, અને વ્યાજબી રીતે વિશ્વાસુ, સલાહકાર બન્યો. એ ઘણા ઉમદા ચારિત્રવાળો માણુસ હતો અને રાજ્યકાર્યમાં બહુ આગળ પડતો ભાગ ન લેવાની સાવચેતી રાખતો. પણ કમનસીબે એ પરદેશી હતો તેથી એના ગુણને લાયક લોકપ્રિયતા મેળવી શકયો નહિ. આખી રાજ્યમુદત દરમ્યાન, પ્હેલેથી છેલ્લે સુધી, રાજ-દરબારમાં પૂરેપૂરા નીતિના નિયમો પળાવવામાં આવતા હતા, અને એ બાબતમાં ૪ થા જ્યૉર્જના અને ૪ થા વિલિયમના ઘરવહીવટથી આનો તફાવત તરત જણાઈ આવતો હતો. મ્હોટા કુટુંબની માતા તરીકે રાણીએ કુટુંબી જીંદગી સારી રીતે કેમ ગાળવી એનો દાખલો પ્રજાને આપ્યો હતો તેથી ઘડપણમાં એ ' લોકની માતા ' કહેવાવા લાગી; જેમ માતા પોતાનાં ફરજંદોનાં સુખોથી સુખી અને દુઃખોથી દુઃખી થાય તેમ રાણી લોકના હર્ષ-શોકથી થતી.

હુક્કનામાની ચળવળ (ચાર્ટિઝમ)—રાણી વિક્ટોરિયાના રાજ્યનાં શરુઆતનાં વર્ષો દેશમાંહેની તેમજ પરદેશની મુસીબતોથી ભર્યાં હતા. મજૂરવર્ગનાં સંકટોને પરિણામે એક ચળવળ ઊભી થઈ જે ‘ હકકનામાની ચળવળ ’ (ચાર્ટિઝમ) એ નામે ઓળખાય છે, કારણ કે એના આગેવાનો છ બાબતના હકક માગતા હતા જેને તેઓ લોકનું હક્કનામું (ચાર્ટર) કહેતા હતા. તેઓ **પાર્લમેંટના સભાસદોની** ચૂંટણીમાં દરેક પુખ્ત આદમીને મત આપવાનો હકક માગતા હતા. એ માગણી હજી જોકે પૂરેપૂરી નથી આપવામાં આવી તોપણ પછીથી થયેલા સુધારાના કાયદાઓમાં મ્હોટે ભાગે કબૂલવામાં આવી છે. બીજી અરજ વાર્ષિક **પાર્લમેંટની** એટલે કે દર વર્ષ સામાન્ય ચૂંટણી કરીને નવી **આમસભા** ચૂંટવાની હતી. આ રીતના રિવાજથી બહુ ખરાબ પરિણામ આવે, અને હવે કોઈ એવી માગણી કરતું નથી. સપ્તવર્ષી કાયદાની રૂએ (૧૭૧૬) કોઇ **પાર્લમેંટ** સાત વર્ષથી વધારે વખત ચાલૂ રહી શકતી નહિં (આગળ પૃ. ૨૦૬). **પાર્લમેંટ** વિષેના કાયદાએ (૧૯૧૧) એ મુદત કમી કરીને પાંચ વર્ષની કરી છે, જેનો અમલ કરતાં ચાર વર્ષે કમમાં કમ એક વાર સામાન્ય ચૂંટણી કરવી પડે, જે પૂરતી છે. સામાન્ય ચૂંટણીઓ બહુ ખરચાળ છે અને દેશને બહુ ખળભળાવી નાખે છે. ત્રીજી માગણી, **પાર્લમેંટને** લગતી ચૂંટણીઓમાં લોકને પોતાના મત છૂપી ચિટ્ઠીઓ વડે આપવા દેવા એ, ૧૮૭૨ માં મંજૂર રાખવામાં આવી હતી. આ રિવાજનું પરિણામ એ છે કે મતદાર કોને પોતે મત આપે છે એ ખાનગી રાખી શકે અને બીજાના દબાણથી કે લાગવગથી મુક્ત રહેવું હોય તો રહી શકે. ચિટ્ઠીનો રિવાજ દાખલ કર્યા પછી ચૂંટણી અગાઉ કરતાં વધારે શાંત બની છે. ચોથી માગણી એ હતી કે **પાર્લમેંટનો સભાસદ** મ્હોટી મિલ્કતનો માલીક હોવો જોઈએ એ ધારો રદ કરવો, જેથી ગરીબ લોક પણ સભાસદ તરીકે આવી શકે. આ માગણી મૂંગે મ્હોડે મંજૂર કરવામાં આવી છે. પાંચમી દરખાસ્ત એ હતી કે **પાર્લમેંટના સભાસદોને પગાર આપવો.** એ માટે **૧૯૧૧ માં કાયદો કરવામાં આવ્યો છે અને પાર્લમેંટના હરએક સભાસદને હાલ વાર્ષિક**

૪૦૦ પાઉંડ મળે છે. બધા પક્ષના ઘણાં વિચારવંત પુરુષો એમ માને છે કે આ ફેરફાર હાનિકારક નીવડશે. છઠ્ઠી માગણી એવી હતી કે દેશના સરખા ચૂંટણી-વિભાગો કરવા જેથી એકેકો પાર્લમેંટનો સભાસદ બરાબર અમુક હજાર માણસોનો પ્રતિનિધિ થાય; એ માગણી પૂરેપૂરી મંજૂર થવાની વકકી નથી. અલબત્ત પાર્લમેંટમાં સુધારો કરનારા હાલના બધા ઇલાજોથી ચૂંટણી-વિભાગો પ્હેલાં જેવા અણસરખા નથી રહ્યા[1].

રાજ્યતંત્રમાં ફેરફાર કરવાથી લોક વધારે સારા અને સુખી બનશે એમ માનવાની ભૂલ બધા કરે છે તેમ હક્કનામાવાળાએ પણ કરી. ખરું જોતાં છએ છ માગણી સિત્તેર વર્ષ પ્હેલાં મંજૂર રાખવામાં આવી હોત તો દેશની સ્થિતિ સુધરવાને બદલે કદાચ બગડી હોત. હક્કનામાની ચળવળથી ઘણાં વિઘ્નો ઉપજ્યાં અને ૧૮૪૮ સૂધી રહ્યાં.

અનાજને લગતા કાયદાઓ (કૉર્ન લૉઝ)—ગરીબોનું સંકટ કાંઈક અંશે પરદેશથી આવતા અનાજ ઉપરના ભારે કરને લીધે થયેલી અનાજની મોંઘવારીનું પરિણામ હતું. મ્હોટી મ્હોટી કીમતો મેળવીને જમીનદારો અને ખેડુતો તવંગર બન્યા હતા પણ કીમત આપનારા બીજા લોક વધારે ગરીબ થતા જતા હતા. 'અનાજને લગતા કાયદા' તરીકે ઓળખાતા એ કાયદાઓ કેટલેક પ્રકારે લાભકારક હતા, પણ એકંદર ગેરફાયદાઓ વધારે હતા અને ભારે કરો રદ કરવામાં આવ્યા એ વ્યાજબી હતું. કેટલાક હાલના રાજદ્વારીઓ એમ માને છે કે અનાજ ઉપર થોડો કર તો નાખવો જોઈએ; અને પોતાના મતના આધારમાં તેઓ સારાં કારણો બતાવે છે, પણ અનાજને લગતા જૂના કાયદાઓના વખતની ગરીબ-લોકની આફતની યાદ હજી એટલી તાજી છે કે જે કરથી

---

૧. હાલમાં (૧૯૧૧ માં) બે વિભાગો છેક નાના મોટા છે; એસેક્સના વિભાગમાં ૫૨૯૮૪ મતદારો છે અને કિલકેની (આયર્લૅંડ) પરગણામાં ફક્ત ૧૭૪૨ મતદારો છે. તે છતાં બંને વિભાગો એકેક પ્રતિનિધિ ચૂંટે છે.

રોટલો મોંઘો થવાની વકકી હોય એવા કોઇપણ કર સ્હામે મજબૂત વિરોધ ફેલાઈ રહે છે. અનાજના કાયદાની સ્હામે થનારી એક સંસ્થા ૧૮૩૮ માં સ્થપાઈ હતી જેણે છેવટ **સર રૉબર્ટ પીલ**ના અભિપ્રાય બદલાવ્યા અને એ કાયદાઓ ૧૮૪૬ માં રદ કરાવ્યા. **મિ. જૉન બ્રાઇટ** અને **મિ.** રિચર્ડ કૉબ્ડન નામના ઉત્તમ વક્તાઓ એ ચળવળના આગેવાન હતા. **લૉર્ડ** મેલ્બોર્ને દેશના નાણુંખાતાના કામમાં ગેરવહીવટ ચલાવ્યો અને આવક કરતાં ખર્ચ ચાલૂ વધવા માંડ્યું એથી રાણી વિકટોરિયાના રાજ્યનાં પ્હેલાં ચાર વર્ષ દરમ્યાન અસંતોષમાં વધારો થયો હતો.

કૅનૅડામાં બળવો—પરદેશનો મામલો દેશના મામલાથી કાંઇ વધારે સારો ન્હોતો. કૅનૅડામાં ક્વિબેક અથવા લોઅર કૅનૅડાના ફ્રેંચ વતનીઓની અને અપર કૅનૅડામાં સ્થપાયેલાં બ્રિટિશ સંસ્થાનોની વચ્ચે થતી તકરારોમાંથી એક ન્હાનો બળવો ઊઠયો; પણ એને તાબડતોબ દબાવી દેવામાં આવ્યો. એ બાબતનો બંદોબસ્ત કરવા માટે મોકલવામાં આવેલા લૉર્ડ ડર્હામે એક ઉપયોગી અહેવાલ લખ્યો જેને આધારે હાલનું કૅનૅડાનું રાજ્યબંધારણ રચવામાં આવ્યું છે. પણ એણે એવી જબરદસ્તીથી કામ લેવા માંડ્યું કે પ્રધાનમંડળે એને પાછો બોલાવી લીધો. એવું કહેવામાં આવ્યું છે કે 'લૉર્ડ ડર્હામે એક દેશને સુધાર્યો પણ પોતાની કારકીર્દી બગાડી.' લૉર્ડ ડર્હામને સોંપાયેલા કામથી કૅનૅડા બચ્યું. પણ એ કામમાં લૉર્ડ ડર્હામ ખુવાર થયો. એ ૧૮૪૦ માં ન્હાની વયે મરણ પામ્યો.


ચીન જોડે લડાઈ — **ચીન** જોડેની લડાઇને (૧૮૪૦–૨) યાદ કરતાં સંતોષ ઉપજતો નથી. **ચીના**ઇ સમુદ્રોમાં વ્હેપાર કરવાની બધા આવનારાઓને ૧૮૩૩ માં છૂટ આપવામાં આવી ત્યારપછી અફીણના વ્હેપારથી લલચાઇને ઘણા ખાનગી વ્હેપારીઓ આવવા લાગ્યા. અફીણનો વ્હેપાર વધારવામાં ઇસ્ટ ઇંડિયા કંપનીનો મુખ્ય હાથ હતો. કંપનીની સત્તા રદ કરવામાં આવી ત્યારપછી ઇંગ્લંડની સરકારે કૅપ્ટન (ઍડ્મિરલ સર ચાર્લ્સ) ઇલિયટને વ્હેપારખાતાના

ઉપરી અધિકારી તરીકે કૅપ્ટન મોકલ્યો. ચીનની સરકારે અફીણની આયાત સ્હામે મક્કમ વાંધો ઉઠાવ્યો. કૅપ્ટન ઇલિયટે એ અટકાવવાની કબૂલત આપી અને ઘણી મ્હોટી કીમતની ૨૦,૦૦૦ પેટીઓ બાળી નાખવા દીધી. પણ આટલી તાબેદારીથી ચીનાઈ અમલદારોને સંતોષ ન થયો; કારણ કે તેઓ પરદેશી વ્હેપારીઓને ધિક્કારતા અને યુરોપિયનોના બળથી અજાણ હતા. તેઓએ એવી માગણીઓ કરી જે ઇંગ્લંડ સાંખી શક્યું નહિ, અને ૧૮૪૦ માં લડાઈ જાહેર કરવામાં આવી. યુરોપિયનનાં હથિયારો સામે ચીનાઓ ટકી શક્યા નહિ; ચીનાઈ લશ્કરને સ્હેલાઇથી હરાવવામાં આવ્યું. પરિણામમાં ચીને હૉંગકૉંગનો ટાપુ ઇંગ્લંડને આપ્યો, કેટલાંક બંદરો વ્હેપાર માટે ખુલ્લાં મૂકયાં જેમાં અફીણના વ્હેપારની પણ છૂટ મળી, અને લગભગ ૬૦ લાખ પાઉંડનો દંડ ભરવાનું કબૂલ કર્યું (૧૮૪૨). લડાઇનું ખરું વ્હેવારૂ પરિણામ ચીનાઈ સરકારને પોતાની ઇચ્છાની વિરુદ્ધ અફીણ લેવાની ફરજ પાડવાનું હતું તેથી એ કામમાં અખત્યાર કરેલી રાજનીતિ હંમેશાં ટીકાપાત્ર બની રહી છે અને એનો બચાવ કરવો મુશ્કેલ છે. હાલ (૧૯૧૧ માં) હિંદમાંથી ચીનમાં અફીણ મોકલાતું ધીમેધીમે બંધ કરવા માટે મિત્રાચારીભરેલી ગોઠવણ થવા લાગી છે. ચીનની સરકાર એ કેફી પદાર્થની વપરાશને દબાવી દેવા માટે ખરેખર ઇન્તેજાર જણાય છે, અને ઇંગ્લંડની અને હિંદની સરકારો ચીનાઓને જોરજુલ્મથી અફીણ લેવડાવવું ચાલૂ રાખવામાં દોષ માને છે. રાજનીતિના આ ફેરફારને પરિણામે હિંદને નાણાંનો જબરો ગેરફાયદો થશે, અફીણના છોડનું વાવેતર ઓછું થશે, અને કદાચ આખર અફીણખાતું રદ કરવું પડશે. પાછળથી થયેલાં કરારનામાંઓથી હૉંગકૉંગમાં આજુબાજુનો કેટલોક પ્રદેશ ઉમેરવામાં આવ્યો છે, અને એ ટાપુ બહુ ઉપયોગી નીવડયો છે. મુખ્ય શહેર હૉંગકૉંગ, ખરું નામ આપિયે તો વિક્ટોરિયા, પૂર્વ દેશોમાંનાં સૌથી માતબર બંદરોમાંનું એક છે, એનું મજબૂત કિલ્લાથી રક્ષણ કરવામાં આવેલું છે, અને એમાં ૧,૬૬,૦૦૦ થી વધારે માણસની વસ્તી છે.

સીરિયાની લડાઈ—મિસરના પાશાએ ટર્કી પાસેથી **સીરિયા** જીતી લીધું હતું તે એના હાથમાં ન રહેવા દેવું એવો એ વખતના પરદેશખાતાના પ્રધાન **લૉર્ડ પામર્સ્ટનનો** નિશ્ચય હતો તેથી બીજી એક ન્હાની લડાઈ ઊભી થઈ. પાશાને **ફ્રાન્સની** મદદ હતી એમ માનવામાં આવતું હતું. ઈંગ્લિશ, **ઑસ્ટ્રિયન** અને ટર્કીશ વહાણોના એક કાફલાએ **એકર** શહેર ઉપર તોપનો મારો ચલાવ્યો અને પાશાને જતા રહેવું પડ્યું (૧૮૪૧). થોડો વખત એવું જણાયું કે એ મામલામાંથી **ફ્રાન્સ** અને **ઈંગ્લંડ** વચ્ચે વિગ્રહ થશે.

પ્હેલી અફઘાન લડાઈ—હિંદમાં ૧૮૩૬ માં ગવર્નર-જનરલ તરીકે ગયલા **લૉર્ડ ઑકલૅંડને અફઘાનિસ્તાનના અમીર દોસ્તમહમ્મદ** અને રશિયનો વચ્ચે ચાલતી ખટપટોથી ડર લાગ્યો. તેથી તેણે **દોસ્તમહમ્મદને** હાંકી કાઢવાનો અને **બ્રિટિશ** મુલકમાં રહેતા **શાહશુજા** નામના ગાદીના દાવાદારને એની જગ્યાએ બેસાડવાનો નિશ્ચય કર્યો. એ યોજના પાર પાડવામાં આવી. **ગઝની** અને **કંદહાર** જીતવામાં આવ્યાં, **કાબૂલ** સર કરવામાં આવ્યું, અને **શાહશુજાને** તખ્ત ઉપર બેસાડવામાં આવ્યો (૧૮૩૯). પણ **અફઘાનોએ** એને કબૂલ રાખ્યો નહિ. તેઓએ બળવો કર્યો, **બ્રિટિશ** પ્રતિનિધિ **સર વિલિયમ મૅકનૉટનનું** ખૂન કર્યું, અને **અંગ્રેજ** લોકને **કાબૂલમાંથી** હાંકી કાઢ્યા. કમનસીબે નાલાયક સેનાપતિની સરદારી નીચે રહેલા લશ્કરી થાણાનો સમૂળગો નાશ કરવામાં આવ્યો (૧૮૪૨), ફક્ત ૧૨૦ કેદીઓ બચ્યા, અને માત્ર એક જ અમલદાર, ડૉક્ટર **બ્રાઇડન**, બચવા પામ્યો અને **જનરલ સેલની** આગેવાની હેઠળ ટકાવ કરી રહેલા **જલાલાબાદના** કિલ્લામાં જઈ પ્હોચ્યો. **અંગ્રેજોનાં** લશ્કર ઉપર એથી વધારે આકરી આફત કદી નથી આવી. આજે બધા એકમત થઈને માને છે કે **લૉર્ડ ઑકલૅંડની** રાજનીતિ ખોટી હતી, અને પ્રતિનિધિએ અને થાણાના લશ્કરના સેનાપતિઓએ ગંભીર ભૂલો કરી હતી જેનો દંડ તેઓએ જીવ ખોઈને ભર્યો.

સર રૉબર્ટ પીલ મુખ્ય પ્રધાન—અફ્ઘાનિસ્તાનમાં આખરની ખુવારી થઈ તે પ્હેલાં આમની સભામાં એક જ વધુ મતે પસાર થયેલા એક ઠરાવને લીધે લૉર્ડ મેલ્બોર્નની સરકારનો ઘટતો અંત આવ્યો હતો (જુન ૧૮૪૧). પછી સામાન્ય ચૂંટણી થઈ, અને



સર રૉબર્ટ પીલ

આમની સભામાં મ્હોટી બહુમતિનો ટેકો મળતાં ટોરી કે કૉન્ઝર્વેટિવ પક્ષનો આગેવાન સર રૉબર્ટ પીલ મુખ્ય પ્રધાન થયો.

ચીન અને કાબૂલ જોડે સુલેહ--ચીન જોડે સુલેહ કરવામાં આવી. લૉર્ડ ઑકલૅંડને પાછો બોલાવીને એની જગ્યાએ લૉર્ડ એલનબરોને મૂકવામાં આવ્યો. કાબૂલની આફતનું વેર લેવામાં આવ્યું અને અફ્ઘાનિસ્તાનમાંથી લશ્કરી ટુકડીઓને બોલાવી લેવામાં આવી.

સિંધ ઉપર જીત; મહારાજપુર—અફ્ઘાન વિગ્રહ દરમ્યાન બ્રિટિશ સામે ગેરવર્તણૂંક ચલાવવા માટે લૉર્ડ એલનબરોએ અને

સર ચાર્લ્સ નેપિયરે ૧૮૪૩ માં સિંધના અમીરો જોડે કજીયો ઉભો કર્યો. હૈદ્રાબાદની નજીક મિયાણી મુકામે, અને બીજી લડાઈઓમાં, અમીરોનાં લશ્કર હાર્યાં, એટલે સિંધ દેશને ખાલસા કરીને મુંબઈ ઇલાકામાં ભેળવી દેવામાં આવ્યો. એ લડાઈ વ્યાજબી હતી એવો બચાવ કરવો અશક્ય છે. ગ્વાલિયર રાજ્યની સિંધિયા સરકાર તરફ પણ લૉર્ડ એલનબરોએ બળજોરી ચલાવી, પણ એમ કરવાનું કારણ કદાચ વાજબી હતું. મહારાજપુરની અને પનીઆરની લડાઈઓને પરિણામે (ડિસેંબર ૧૮૪૩ માં) એવું નક્કી થયું કે ગ્વાલિયર રાજ્યે બ્રિટિશ સત્તાને સર્વોપરિ સત્તા તરીકે સ્વિકારવી. ગવર્નર-જનરલ એ પરિણામથી સંતોષ જાળવી રહ્યો અને એ મુલ્ક ખાલસા કરવાથી અટક્યો. ગ્વાલિયરનો રાજ્યકર્તા ત્યારપછી હંમેશાં વફાદાર રહ્યો છે—જો કે એ સંસ્થાનના કેટલાક સિપાહીઓ ૧૮૫૭ ના બળવામાં જોડાયા હતા. લૉર્ડ એલનબરોને કંપનીની વ્યવસ્થાપક સભાએ (કૉર્ટ ઑફ્ ડાયરેક્ટર્સે) ૧૮૪૪ માં પાછો બોલાવી લીધો અને એની જગ્યાએ વધારે સારો આદમી—સર હેન્રી (લૉર્ડ) હાર્ડિંગ, થોડાં વર્ષો અગાઉ થઇ ગયેલા વાઇસરૉય હાર્ડિંગનો પિતા—મૂકવામાં આવ્યો. જો કે રાણીએ લૉર્ડ એલનબરોને પાછો બોલાવવાનું પગલું નાપસંદ કર્યું હતું તોપણ ઇતિહાસમાં છેવટનો ચુકાદો એ પગલાંની તરફેણમાં પડશે એમ લાગે છે.

પ્હેલી સીખ લડાઇ—અગાઉના ઘણાખરા ગવર્નર-જનરલોની માફક સર હેન્રી હાર્ડિંગ પણ સુલેહ જાળવવાની ઉમેદ રાખીને આવ્યો હતો છતાં લડાઈમાં સપડાયો હતો. સીખ વિગ્રહોની અને બ્રહ્મદેશના બીજા વિગ્રહની નોંધ અહિંયાં લેવી ઠીક પડશે. સીખલોકનો મુખ્ય પુરુષ મહારાજા રણજીતસિંહ આખી જીંદગી બ્રિટિશ જોડેની મિત્રાચારીને વફાદાર રહ્યો. જ્યારે એ ૧૮૩૯ માં મરણ પામ્યો ત્યારે એની જગ્યાએ આવવાને લાયક પંજાબમાં કોઇ પુરુષ ન્હોતો તેથી લશ્કર બેકાબુ બન્યું. ડિસેંબર ૧૮૪૫ માં ૬૦,૦૦૦ માણસની મજબૂત ફોજને સતલજ નદીને પાર મોકલીને,

એટલે કે ૧૮૦૯માં લૉર્ડ મિંટોએ ઠરાવેલી સરહદ ઓળંગીને, સીખ આગેવાનોએ લડાઈ જાહેર કરી. ગવર્નર-જનરલને લડ્યા શિવાય બીજો ઉપાયજ ન્હોતો. બે માસની અંદર (ડિસેંબર ૧૮૪૫ થી ફેબ્રુઆરી ૧૮૪૬ સુધીમાં) ચાર ભારે રસાકસીવાળી લડાઈઓ થઈ—મૂડકી, ફેરુકશહર, અલિવાલ, અને સોબ્રાઓન મુકામોએ—જે બધીમાં બ્રિટિશ લશ્કર ફતેહમંદ નીવડ્યું. સર હેન્રી હાર્ડિંગને અને એના મુખ્ય સેનાપતિ સર હ્યૂ ગફને ખરી લાયકાતથી મેળવેલી ઉમરાવગીરી આપવામાં આવી. પંજાબના વહીવટ માટે કામચલાઉ ગોઠવણો કરવામાં આવી કારણ કે ગવર્નર-જનરલ એ ઘડીએ એ મુલકને ખાલસા કરવા તૈયાર ન્હોતો.

બીજી સીખ લડાઈ—એ કામચલાઉ ગોઠવણ થોડા વખતમાંજ ભાંગી પડી. મુલતાનમાં શરુ થયેલો એક બળવો તરત જ આખા દેશમાં ફેલાઈ ગયો અને લૉર્ડ હાર્ડિંગની પછી આવેલા પ્રખ્યાત ગવર્નર-જનરલ લૉર્ડ ડૅલહાઉઝીને જોરાવર સીખ સત્તા જોડે જીવસટોસટની લડતમાં ઉતરવું પડ્યું. ચિલિયનવાલા મુકામે થયેલી ખૂનખાર લડાઈનું ચોક્કસ પરિણામ આવ્યું નહિં, પણ ૧૮૪૯માં ગુજરાત શહેર નજીક લૉર્ડ ગફે જે ફતેહ મેળવી તે પછી વિગ્રહનો અંત આવ્યો અને પંજાબ ખાલસા કરવામાં આવ્યું. આઠજ વર્ષ પછી એ ભૂમિના બહાદૂર પુત્રોએ બળવાખોર દિલ્હી શહેરના કિલ્લા ઉપર બ્રિટિશનો જીતનો વાવટો ચઢાવવામાં મદદ આપી.

બ્રહ્મદેશ જોડે બીજી લડાઈ—લૉર્ડ ઍમહર્સ્ટના પ્હેલા બ્રહ્મદેશના વિગ્રહને પરિણામે આસામ, આરાકાન અને તેનાસરીમ પ્રાંતો હિંદ સામ્રાજ્યમાં ઉમેરાયા હતા. બ્રહ્મદેશીઓની ઉદ્ધતાઈને લીધે બીજો બ્રહ્મદેશનો વિગ્રહ થયો. એ વિગ્રહ લૉર્ડ ડૅલહાઉઝીએ વખાણવાલાયક વ્યવસ્થાથી ચલાવ્યો, અને એને અંતે પેગુ પ્રાન્ત ખાલસા કરવામાં આવ્યો (૧૮૫૨).

ઇંગ્લંડમાંના બનાવો; સર રૉબર્ટ પીલનો નાણા-વહીવટ—નાણાંની બાબતોને અને અર્થશાસ્ત્રને સમજનારો

સર રૉબર્ટ પીલ ધીમે ધીમે પોતાના જૂના મતો ફેરવતો હતો, અને સમજવા લાગ્યો હતો કે અનાજની જ નહિ પણ બીજી ચીજોની પણ આયાત ઉપર લેવાતા બેશુમાર વેરાથી દેશ બરબાદ થયો હતો. એના ૧૮૪૨ ના અંદાજપત્રમાં (બજેટમાં) આયાતવેરાઓ રદ કરવામાં આવ્યા અને આમદાની ઉપર થોડોક કર નાખવામાં આવ્યો. નેપોલિયન જોડેના વિગ્રહો દરમ્યાન આમદાની વેરો—કોઈ વખત ૧૦ ટકા જેટલો મ્હોટો—ખાસ લડાઈ વેરા તરીકે ઉઘરાવવામાં આવતો હતો. ૧૮૧૫ માં સુલેહ નક્કી થઈ ત્યારે એ કર બંધ કરવામાં આવ્યો હતો, અને હવે સુલેહના વખતમાં સાધારણ મહેસુલ તરીકે સર રૉબર્ટ પીલે તાજો કર્યો. એ પછીનાં ત્રણ વર્ષનાં અંદાજપત્રો પણ એજ ધોરણે ઘડવામાં આવ્યાં હતાં. એ પ્રધાનના આ દંલાજોએ દેશની નાણાસ્થિતિને મકકમ બનાવી અને એને પોતાને ૧૮૪૪ નો શરાફી કાયદો (બૅંક ઍક્ટ) પસાર કરાવવાની સગવડ કરી આપી. એ કાયદાએ રાજ્યની અને ઇંગ્લંડની બૅંકની વચ્ચેના સંબંધ માટે નિયમો ઘડ્યા અને કાગળની ચલણી નોટો કે બૅંકની ચિઠ્ઠીઓ કાઢવામાં ચોકકસ હદ મુકરર કરી.

આયર્લૅંડનો મામલો; જોડાણ રદ કરવાની ચળવળ— પીલના વિચારો ફેરવનારી અને અનાજના કાયદાઓ રદ કરાવનારી મૂળ પ્રેરણા આયર્લૅંડમાંથી આવી હતી. હવે આપણે આયર્લૅંડના બનાવો જોઈશું. જોડાણ રદ કરવાની એટલે કે અલગ, સ્વતંત્ર આઇરીશ પાર્લમેંટ સ્થાપવાની ચળવળ ૧૮૪૧ માં ફરીથી ચાલૂ કરવામાં આવી હતી. ૧૮૨૯ નો કૅથલિકના દુઃખનિવારણનો કાયદો (કૅથલિક રિલીફ ઍક્ટ) પસાર કરાવવામાં મુખ્ય હિસ્સો લેનાર ડૅનિયલ ઑ'કૉનલ નામનો છટાદાર વક્તા અને બૅરિસ્ટર આ ચળવળનો આગેવાન હતો. એણે હવે જોડાણ રદ કરવાનો પ્રશ્ન હાથ ધર્યો અને આખા આયર્લૅંડમાં અનેક સ્થળે મ્હોટી જાહેરસભાઓ બોલાવવા માંડી. છટાથી બોલવાની પોતાની અદ્ભુત કુદરતી બક્ષીશ વડે સભાઓને એ ચાહે તેમ

કાબૂમાં રાખી શકતો. ઇંગ્લંડ જોડેનો સંબંધ તદ્દન તોડી નાખવાનો કે ગુન્હાઓને ઉત્તેજન આપવાનો એનો ઇરાદો ન્હોતો, પણ ચાલૂ ચળવળથી લોકની લાગણી ઉશ્કેરાયેલી રહેતી હોવાથી ઘણા ગંભીર ગુન્હાઓ થયા હતા ખરા. **મિ.** જસ્ટિન **મૅક્કાર્થી** કહે છે તેમ 'રાજકીય હેતુને ખાતર **ઑ'કૉનલે** કેલ્ટ અને **સૅક્સન** પ્રજાઓ વચ્ચેની લગભગ નાબૂદ થયેલી વેરની લાગણી જાણીવિચારીને તાજી કરી અને વધારી.' એ કૃત્યથી એણે ઇંગ્લંડની દીલસોજી ગુમાવી અને પોતાના દેશને નુકસાન કર્યું જેની અસર આજ સૂધી જણાય છે. એની સભાઓને લીધે લોકશાંતિ જોખમમાં આવી પડી તેથી ૧૮૪૩ માં ડબ્લિન નજીક બોલાવવા ધારેલી જંગી સભાની મના કરવાની સરકારને જરૂર લાગી. **ઑ'કૉનલ** એ હુકમને તાબે થયો. બીજે વર્ષે એને રાજદ્રોહી તરીકે ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો, પણ અપીલમાં ઉમરાવસભાએ એને છોડી મૂકયો. પણ એની સત્તા નાશ પામી અને હાલતો જોડાણ રદ કરવાની ચળવળ બંધ પડી. છતાં **આયર્લૅંડ**માં ખળભળાટ ત્યારપછી પણ ચાલૂ રહ્યો.

આયર્લૅંડમાં દુકાળ—સર વૉલ્ટર રૅલેએ **આયર્લૅંડ**માં બટાટાનું વાવેતર દાખલ કર્યું હતું (અગાઉ પૃ. ૧૧૧) એ લાભકારક મનાતું હતું પણ શ્રાપરૂપ નીવડયું. અઢારમા સૈકામાં એ દેશની પ્રજાએ ખોરાકી તરીકે એકલા બટાટા ઉપર આધાર રાખ્યો,[૧] કારણ કે એ સ્હેલાઇથી ઉગાડી શકાય છે. હજારો કુટુંબોએ એ વખતમાં બીજી કાંઇપણ ચીજ જવલ્લે જ ચાખી હશે. વસ્તી એટલી તો વધી ગઇ હતી કે જમીનમાં એનું ભરણપોષણ કરવા પૂરતો કસ ન્હોતો. ૧૮૪૫ માં વસ્તી લગભગ ત્યાશી લાખની હતી, એટલે કે હાલ છે તેથી લગભગ બમણી હતી. ૧૮૪૫ માં બટાટાનો પાક ઉતર્યો નહિં

---

૧. ૧૮૪૫ માં જે કારણે દુકાળ થયો એજ કારણે ૧૭૩૦–૪૦ માં ભયંકર દુકાળ પડયો હતો. એમાં પ્રજાનો પાંચમો ભાગ માર્યો ગયો એમ કહેવાય છે.


તેથી ભયંકર દુકાળ પડયો, જે થોડોઘણો ૧૮૪૭ સૂધી ચાલ્યો. ગ્રેટ બ્રિટનના અને આયર્લૅંડના લોકોએ ઉદારતા બતાવીને ધર્માદાખાતાં વડે બને તેટલી મદદ કરી. સરકારે લોકને કમાણીનું સાધન કરી આપવા માટે કારખાનાંઓ ચાલૂ કર્યાં અને રાંધેલા અનાજનું દાન કરવા માંડયું. પણ દુકાળ વખતના વહીવટનો અનુભવ ન હોવાથી સંકટ નિવારણનું કામ અપૂર્ણ હતું. લોકના સંકટનો પાર ન્હોતો. દુકાળ ખતમ થવાનો વખત આવ્યો તે દરમ્યાન ભૂખમરો, રોગ, અને પરદેશ તરફ ન્હાસભાગ એ કારણોને લીધે વસ્તીમાં કમમાં કમ વીશ લાખનો ઘટાડો થયો હતો. ૧૮૪૬ માં **પીલે** અનાજના કરના કાયદાઓ રદ કર્યા તેનું મુખ્ય તાજું કારણ એક જ હતું--**આયર્લૅંડનો** દુકાળ. એણે પોતાને મત ફેરવવો પડયો એ એણે ખુલ્લા દિલથી કબૂલ કર્યું અને એ પ્રમાણે અમલ કરવાની હિંમત બતાવી. **મિ.** ડિઝ્રાલીએ એના ઉપર સખ્ત હુમલો કર્યો.—એ ડિઝ્રાલીએ રાજવહીવટમાં આગળ પડતો ભાગ આ પ્હેલી જ વાર લીધો. પાછળથી ડિઝ્રાલી **અર્લ ઑફ્ બી**કન્સફીલ્ડ થયો. એણે હુમલો કર્યો ત્યારપછી તરત જ **આયર્લૅંડ**માં વ્યવસ્થા જાળવવાની બાબતના એક ખરડાની ચર્ચા ચાલતી હતી, એમાં બીજા પક્ષો એકત્ર થવાથી પ્રધાનમંડળ હાર્યું અને **પીલે** રાજીનામું આપ્યું (જૂન ૧૮૪૬). ચાર વર્ષ પછી એ ઘોડેથી પડી જઈને મરણ પામ્યો. દરેક રીતના પ્રમાણિકપણાની બાબતમાં અને દેશના નિઃસ્વાર્થ પ્રેમની બાબતમાં એની કીર્તિ જેટલી ઝળકતી છે તેટલી બીજા કોઈપણ ઇંગ્લિશ રાજદ્વારીની નથી.

લૉર્ડ જૉન રસલ અને પામર્સ્ટન: ૩ જો નેપોલિયન—સુધારો કરવામાં માનનારા વ્હિગ અથવા લિબરલ પક્ષનો આગેવાન **લૉર્ડ જૉન રસલ** મુખ્ય પ્રધાન થયો અને **લૉર્ડ પામર્સ્ટન** પરદેશખાતાનો મંત્રી થયો. ૧૮૪૮ ની સાલને 'અધૂરી રહેલી રાજ્યક્રાન્તિઓની સાલ' કહેવામાં આવે છે. ફ્રાન્સના લોકોએ રાજા લૂઈ ફિલિપને દૂર કર્યો; એ રાજ્યક્રાન્તિ સફળ દેખાતી હતી પણ ખરું જોતાં 'અધૂરી'જ હતી. ત્રણ વર્ષમાં એનો અંત

આવ્યો. મહાન્ નેપોલિયનના ભત્રીજા લૂઈ નેપોલિયને ૧૮૫૧ માં સત્તા ઝડપી લીધી અને ૧૮૫૨ માં ૩ જા નેપોલિયન[૧] નામથી એને ફ્રેંચ લોકોનો શહેનશાહ જાહેર કરવામાં આવ્યો. એ રીતે રાજ્યક્રાન્તિને પરિણામે એક રાજા જતાં બીજો આવ્યો. હુંગરીમાં અને બીજા દેશોમાં રાજ્યક્રાન્તિના પ્રયાસો નિષ્ફળ નીવડ્યા. લૂઈ નેપોલિયને રાજ્ય ઝડપી લીધું હતું એથી પોતે ખુશી થયો હતો એવું લૉર્ડ પામર્સ્ટને રાણીને કે મુખ્ય પ્રધાનને પણ પૂછ્યા વગર જાહેર કર્યું. એના એ અવિચારી કૃત્યને લીધે એને બરતરફ કરવામાં આવ્યો (ડિસેંબર ૧૮૫૧). પરદેશખાતાનો વહીવટ એના હાથમાં હતો ત્યારે લૉર્ડ પામર્સ્ટને મક્કમ રીતે ઇંગ્લંડનું નામ અને કીર્તિ જાળવી રાખ્યાં હતાં; પણ એને બીજા લોકનાં કામોમાં માથું મારવાની અને બીજાં રાજ્યો તરફ અવિચારી ભાષા વાપરવાની ટેવ હતી.

ઍબર્ડીનનું સંયુક્ત પ્રધાનમંડળ; સુલેહનાં સ્વપ્નાં— ૧૮૫૨ ની શરૂઆતમાં આમસભામાં હાર પામવાથી લૉર્ડ જૉન રસલે રાજીનામું આપ્યું. ત્યારપછી થોડો વખત લૉર્ડ ડર્બી મુખ્ય પ્રધાન રહ્યો, અને એની પછી લૉર્ડ ઍબર્ડીન મુખ્ય પ્રધાન થયો અને પામર્સ્ટન સ્વદેશખાતાનો મંત્રી બન્યો. લૉર્ડ જૉન રસલે પરદેશખાતાનો વહીવટ હાથમાં લીધો, અને મિ. ગ્લૅડ્સ્ટન ચૅન્સેલર ઑફ્ ધ એક્સચેકર થયો. આ પ્રધાનમંડળમાં દેશના લગભગ બધા ઉત્તમ રાજદ્વારી એકઠા થયા હતા, છતાં એનો વહીવટ તદ્દન નિષ્ફળ નીવડ્યો. ઇંગ્લંડમાં જમાનો એવો હતો કે લડાઈ શું એ કોઈ સમજતું ન્હોતું. ૧૮૫૧ માં પ્રિન્સ આલ્બર્ટે હાઇડ પાર્કમાં દેશપરદેશની ચીજોનું પ્રદર્શન ભર્યું હતું; અને, પ્રદર્શનમાં આવેલા નમૂનાની ચીજો ખરીદવી અને વેચવી એ શિવાય પ્રજાઓને બીજું

૧. મહાન શહેનશાહ નેપોલિયનનો પુત્ર ઑસ્ટ્રિયામાં ડ્યૂક ઑફ રાઇકસ્ટૅડ હતો, અને ૧૮૩૨ માં મરણ પામ્યો હતો. એને બોનાપાર્ટ પક્ષના લોક ૨ જો નેપોલિયન કહેતા. અલબત્ત એણે કદી પણ રાજ્ય કર્યું ન્હોતું.



૧૮૫૧નું પ્રદર્શન

કાંઈ કરવાનું નથી, લડાઈઓ હંમેશની બંધ પડી છે, એવી એવી કલ્પનામાં મશગૂલ થયેલા લોકને આખી દુનિયાની સુલેહનાં સ્વપ્નાં આવતાં હતાં. આપણા જમાનામાં (૧૯૧૧ માં) પણ લોકે આખી દુનિયાનાં રાજ્યોની પંચ નીમવાની તજવીજ કરી છે, અને એ જાતનાં સ્વપ્નાં જોયાં છે, પણ ટૂંક સમયમાં જ જાગતીજીવતી જીંદગીના કઠણ સંજોગોમાં એ સ્વપ્નાંનાં ચૂરેચુરા થઈ જશે એનો તેઓને ખ્યાલ ન્હોતો. એ જ રીતે ઍબર્ડીન પ્રધાનમંડળના હુશિયાર રાજકારોબારીઓનાં સ્વપ્નાં ભાંગી પડયાં અને પોતે કયાં છે અને શું કરે છે એ સમજે તે પ્હેલાં તો તેઓ લડાઈઓમાં સંડોવાઈ ગયા.

ક્રીમિયાના વિગ્રહનો આરંભ—જેરુસલેમની પવિત્ર જગ્યાઓની બાબતમાં ઇટલિની અને ગ્રીસની ધર્મસંસ્થાઓ વચ્ચે નજીવો કજીયો થયો અને એ ચીનગારીથી દારુ સળગી ઊઠયો. વખત જતાં ટર્કીએ રશિયા સ્હામે લડાઈ જાહેર કરી, અને કાળા સમુદ્રને દક્ષિણ કિનારે સિનોપ મુકામે થયેલી લડાઈમાં ટર્કીનો કાફલો નાશ પામ્યો (૧૮૫૩). ત્રણ મહિના પછી ફ્રાન્સ અને ઇંગ્લંડ ટર્કી સાથે જોડાયાં અને ક્રીમિયાનો વિગ્રહ શરુ થઈ ચૂકયો, જેથી લૉર્ડ ઍબર્ડીન તો અચંબામાં ગરકાવ થઈ ગયો અને લૉર્ડ પામર્સ્ટનને સંતોષ થયો.

રશિયાની દક્ષિણે, કાળા સમુદ્રમાંના દ્વીપકલ્પ ક્રીમિયામાં આવેલા સેબાસ્ટોપલ નામના રશિયન કિલ્લા ઉપર હલ્લો કરવાનો મિત્રસૈન્યોએ નિશ્ચય કર્યો. તેઓ સપ્ટેંબર ૧૮૫૪ માં દરિયામાર્ગે જઈ ઉતર્યાં અને તરત જ આલ્મા નદીની લડાઈમાં ફતેહમંદ બન્યા. જો એ ફતેહ પછી તાબડતોબ જોશભેર લડત ચલાવવામાં આવી હોત તો વિગ્રહનો અંત ઝડપથી આવત; પણ એમ કરવામાં આવ્યું નહિં, અને આળસભરેલી સુલેહમાં અને ધનપ્રાપ્તિમાં ઇંગ્લંડે જે ચાળીશ વર્ષો મોજ માણી હતી તેનો હવે ભારે દંડ ભરવો પડયો. ક્રીમિયાના વિગ્રહથી શરુ થતા નવા યુગનું વર્ણન જુદાં પ્રકરણમાં આપવું પડશે. પણ એ યુગના બનાવો એટલા સંખ્યાબંધ છે અને

એવા તાજા છે કે એ બધાની વીગતવાર બીના આપી શકાય નહિ. એનો ટૂંકો અહેવાલ ઝડપથી આપવો પડશે.

મુખ્ય તારીખો


રાણી વિક્ટોરિયાનું રાજ્યારોહણ; હૅનૉવરથી જુદા થવું	૧૮૩૭
કૅનૅડાનો બળવો	૧૮૩૯
ચીન અને અફ્ઘાનિસ્તાન જોડેના વિગ્રહો	૧૮૩૯–૪૨
રાણીનું લગ્ન	૧૮૪૦
સર રૉબર્ટ પીલ મુખ્ય પ્રધાન	૧૮૪૧
અફ્ઘાનિસ્તાનના લશ્કરી થાણાનો નાશ ...	૧૮૪૨
મિયાણીની લડાઈ અને સિંધની જીત; મહારાજપુરની લડાઈ	૧૮૪૩
સોબ્રાઓનની લડાઈથી પ્રથમ સીખ વિગ્રહનો અંત; લૉર્ડ એલનબરોને પાછો બોલાવ્યો; સર હેન્રી હાર્ડિંગ ગવર્નર-જનરલ થયો ...	૧૮૪૪
આયર્લૅંડમાં દુકાળ	૧૮૪૫–૪૭
અનાજના કરના કાયદાઓ રદ થયા; લૉર્ડ જૉન રસલ મુખ્ય પ્રધાન	૧૮૪૬
ગુજરાતની લડાઈ (બીજો સીખ વિગ્રહ); પંજાબ ખાલસા	૧૮૪૯
બીજો બ્રહ્મદેશી વિગ્રહ; ડર્બીની ટુંકી પ્રધાનગીરી; લૉર્ડ ઍબર્ડીન મુખ્ય પ્રધાન; ૩ જો નેપોલિયન ફ્રેંચ લોકનો શહેનશાહ	૧૮૫૨
ક્રીમિયાના વિગ્રહનો આરંભ; આલ્માની લડાઈ ...	૧૮૫૪

પ્રકરણ ૧૪ મું

રાણી વિકટોરિયાનું રાજ્ય: (ચાલુ), ૧૮૫૪ થી ૧૯૦૧

સેબાસ્ટોપલનો ઘેરો—સેબાસ્ટોપલનો ઘેરો સપ્ટેંબર ૧૮૫૫ સુધી ચાલ્યો; એ માસમાં રશિયનોને એ શહેર છોડી જવું પડ્યું એટલે તેઓએ જતાં જતાં એને આગ લગાડી દીધી. એ દરમ્યાન મિત્રસૈન્યોએ બૅલૅકલાવા અને ઇન્કરમૅન મુકામોએ ભારે લડાઈઓમાં ફતેહ મેળવી હતી. અંગ્રેજ ઘોડેસ્વાર લશ્કરની લગભગ ૬૦૦ સવારોની લાઇટ બ્રિગેડે (થોડાં હથિયારો ધરનારી ટુકડીએ) આખી રશિયન ફોજ સ્હામે કરેલા હલ્લાથી બૅલૅકલાવાની લડાઈ મશહૂર બની છે. એ સવારોમાંથી માત્ર ત્રીજો ભાગ જ જીવતા પાછા ફર્યા. ઇંકરમૅનની લડાઇ ભારે ધુમ્મસમાં લડવામાં આવી હતી. એને 'સિપાહીઓનું યુદ્ધ' કહે છે, કારણ કે એમાં સેનાપતિઓનો હાથ ન્હોતો.

પૅરિસની સુલેહ (૧૮૫૬); લૉર્ડ પામર્સ્ટન મુખ્ય પ્રધાન—એ ઘેરા દરમ્યાન મિત્રરાજ્યોનાં લશ્કરોની સરદારી નાલાયક માણસોના હાથમાં હતી; અને ઇંગ્લંડથી માલમત્તા લશ્કરને પ્હોંચાડવાની બાબતમાં અમલદારો નિષ્ફળ નીવડવાથી અંગ્રેજ લશ્કરને બેહદ ત્રાસ વેઠવો પડ્યો. સુલેહશાંતિમાં ગાળેલાં ચાળીશ વર્ષ દરમ્યાન યુદ્ધકલા ભૂલાઈ ગઈ હતી. અને લડાઈના મેદાનમાં લશ્કરની ભરતી કેવી રીતે કાયમ રાખવી એ ઇંગ્લંડમાં કોઈને આવડતું ન્હોતું. પ્રજાને જે ક્રોધ ઉપજ્યો હતો તે આમસભામાં પ્રગટ થયો. આમસભાએ પ્રધાનોની વિરુદ્ધ મત આપીને ઍબર્ડીન પ્રધાનમંડળને પદવીપરથી દૂર કર્યું (૧૮૫૫). પછી લૉર્ડ પામર્સ્ટન મુખ્ય પ્રધાન થયો અને વ્યવસ્થામાં સુધારો થયો. ૧૮૫૬ માં બીજી પૅરિસની સુલેહ કરવામાં આવી એટલે લડાઈ બંધ પડી. કાળા સમુદ્રમાં મનવારો અથવા લશ્કરી વ્હાણો રાખવાની રશિયાને મના કરવામાં આવી અને એ રીતે એની ઉપર કાબૂ મૂકવામાં આવ્યો.



ક્રિમિયાનો વિગ્રહ.

આ મનાઈ હુકમ એ રાજ્યે ૧૮૭૦ સુધી માન્યો. પછી એ તોડવાનું એનામાં જોર આવ્યું. બીજા કેટલાક કરાર કરવામાં આવ્યા. ઇંગ્લંડ, ફ્રાન્સ અને ઑસ્ટ્રિયા રાજ્યોએ એક અલગ સુલેહ કરીને ટર્કીની સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો કોલ કર્યો. ઇંગ્લંડનો તો એ વિગ્રહ લડવામાં હેતુ રશિયાને કૉન્સ્ટૅન્ટિનોપલથી દૂર રાખવાનો હતો, જે પાર પડ્યો હતો.

ચીન જોડે બીજી લડાઈ—ચીનના અમલદારોએ બ્રિટિશ વાવટો ધરનારા 'ઍરો' નામના એક ન્હાના વ્હાણને પકડ્યું એથી ચીન જોડે એક ન્હાનો વિગ્રહ શરુ થયો. ચીનાઓ કહેતા હતા કે એ વ્હાણ ખરેખર બ્રિટિશ વ્હાણ ન્હોતું. ચીનમાંના બ્રિટિશ અમલદારોએ લીધેલાં અવિચારી પગલાંઓ તરફ પાર્લમેંટે તિરસ્કાર જાહેર કર્યો, પણ લૉર્ડ પામર્સ્ટને એ માટે પસંદગી બતાવી અને પાર્લમેંટને વીખેરી નાખીને પ્રજાના સ્વદેશાભિમાનની મદદ લીધી. ત્યારપછી થયેલી સામાન્ય ચૂંટણીમાં એના પક્ષમાં ઘણા મતો આપવામાં આવ્યા. ૧૮૫૭ માં કૅન્ટૉન શહેર સર કરવામાં આવ્યું અને ચીનના બાદશાહે પોતાના દરબારમાં ઇંગ્લંડના અને બીજાં રાજ્યોના એલચીઓને રહેવા દેવાનું કબૂલ કર્યું. પણ ૧૮૫૯ માં સુલેહના કોલકરારોની પાકી મંજૂરી મેળવવા માટે એલચીઓ ચીનની રાજધાની પેકિંગમાં જવા તૈયાર થયા ત્યારે તેઓના ઉપર ચીનાઓએ ગોળીબાર કર્યા. છેવટ ચીનાઓ હાર્યા અને યુરોપનાં લશ્કરોએ પેકિંગ સર કર્યું. એ વખતથી (૧૮૬૦ થી) યુરોપનાં રાજ્યો તરફથી એલચીઓને આવવા દેવાનું અને પોતાના એલચીઓને લંડનમાં અને બીજી રાજધાનીઓમાં રાખવાનું ચીન દેશે મૂંગે મ્હોડે કબૂલ રાખ્યું છે.

ઇરાન જોડે લડાઈ—એ વખતે "હિંદની ચાવી" ગણાતા હેરત શહેરને ઇરાનીઓએ હાથ કર્યું તેથી ૧૮૫૬ માં બીજો ન્હાનો વિગ્રહ થયો. સર જેમ્સ આઉટ્રામની સરદારી નીચે ગયેલી ફોજે ઇરાનીઓને હરાવ્યા અને તેમને હેરત છોડી જવાની ફરજ પાડી.

હિંદમાં બળવો—એ દરમ્યાન, જે વખતે હિંદમાંનો બ્રિટિશ રસાલો બહુ જ નબળો હતો અને ક્રીમિયાના, ચીનના અને ઇરાનના વિગ્રહને લીધે ઈંગ્લંડ નબળું પડેલું ગણાતું હતું તે વખતે, મે ૧૮૫૭ માં હિંદમાં બળવો સળગી ઊઠવાથી ઘણી ગંભીર આપત્તિ ઊભી થઈ હતી. સુભાગ્યે ગવર્નર-જનરલ લૉર્ડ કૅનિંગ ચીન તરફ રવાના થયેલી કેટલીક લશ્કરી ટુકડીઓને અટકાવી શક્યો અને ઇરાનની ચડાઇમાં ગયેલી ફોજને પાછી બોલાવી શક્યો. એ લશ્કરો આવી પ્હોચવાથી બળવાખોરોને બોધ મળ્યો કે ધારતા હતા તેના કરતાં ઇંગ્લંડ વધારે મજબૂત છે. એ બળવાનો વૃત્તાન્ત—બ્રિટિશ અને થોડાક નિમકહલાલ હિંદી સિપાહીઓના એક ન્હાના રસાલાએ કરેલો લખનોની રેસિડેન્સીનો બહાદૂરીભર્યો બચાવ; કાનપૂરના કરપીણ બનાવો; દીલ્હીને સર કરવું; બળવાખોરોમાંની ઉત્તમ "મરદ" સરખી ઝાંશીની રાણીએ કરેલી લડત; અને રૂવાં ઊભાં કરે એવા એ વખતના બીજા બધા બનાવો—અહિંયાં વર્ણવી શકાય નહિં. સપ્ટેંબર ૧૮૫૭ માં દીલ્હી સર કર્યું એ ઘડીથી આ લડાઈની બાજી બદલાઈ ગઈ; મોગલવંશનો ખરાબ અંત આવ્યો; અને મધ્ય હિંદમાંના બળવાના આગેવાન તાંતિયા ટોપીને એપ્રિલ ૧૮૫૯ માં ફાંશી દેવામાં આવી ત્યારે એ તોફાનોનો અંત આવ્યો ગણાય. લડાઈ તો મ્હોટે ભાગે ૧૮૫૮ માં બંધ પડી હતી.

હિંદનું શહેનશાહના અમલ નીચે આવવું—એ બળવાના પરિણામે ઇસ્ટ ઈંડિયા કંપનીનો અમલ બંધ પડયો. હિંદના રાજ્યવહીવટને પ્રજાકીય અને શહેનશાહી જવાબદારી તરીકે સ્વીકારી લેવાનો સમય આવી પ્હોંચ્યો છે એવું પ્રજાને લાગ્યું. એ મુજબ હિંદના વધારે સારા રાજ્યવહીવટ માટેનો એક કાયદો પસાર કરવામાં આવ્યો. જે મુલ્કોનો વહીવટ રાણીની વતી ઇસ્ટ ઈંડિયા કંપનીએ 'પ્રતિનિધિ તરીકે અત્યાર સૂધી ચલાવ્યો હતો' તે મુલ્કોનું રાજ્યતંત્ર એ કાયદાની રૂએ ૧લી સપ્ટેંબર ૧૮૫૮ થી રાણીને સોંપવામાં આવ્યું. આ ફેરફારને રાણી વિક્ટોરિયાએ ઉમદા શબ્દોમાં

લખેલા એક ઢંઢેરા મારફતે જાહેર કર્યો અને એ ઢંઢેરો નવેંબર ૧૮૫૮ માં અલ્લાહાબાદ મુકામે ભરવામાં આવેલા મહાન્ દરબારમાં લૉર્ડ કૅનિંગે વાંચી સંભળાવ્યો. એના છેવટના શબ્દો નીચે પ્રમાણે છે.—

'પરમેશ્વરના આશીર્વાદથી જ્યારે હિંદની અંદર પાછી સુલેહ-શાંતિ ફેલાશે ત્યારે હિંદના શાંતિમય ઉદ્યોગને ઉત્તેજન આપવું, જાહેર ઉપયોગનાં અને સુધારાનાં કામો વધારવાં, અને એ દેશમાં રહેનારી અમારી બધી પ્રજાઓના હિતની ખાતર રાજ્યવહીવટ ચલાવવો એવી અમારી સાચા દિલની ઇચ્છા છે. એ પ્રજાની આબાદાની એ જ અમારૂં બળ, તેઓનો સુખસંતોષ એ જ અમારી સલામતી, અને તેઓની આભારની લાગણી એ જ અમારો ઉત્તમ બદલો અમે ગણીશું. અમારી પ્રજાના ભલાની ખાતર અમારી આ ઇચ્છાઓ બર લાવવાની તાકાત સર્વશક્તિમાન્ પરમેશ્વર અમને અને અમારી નીચેના સત્તાધારીઓને બક્ષે એવી અમારી પ્રાર્થના છે.'

એક પછી એક થઈ ગયેલા રાજ્યકર્તાઓએ, હિંદખાતાના પ્રધાનોએ, વાઇસરૉયોએ અને તેઓના અમલદારોએ, એકપણ અપવાદ વગર, રાણીની એ ઉમેદ પાર પાડવાના પ્રયત્નો કર્યા છે. કદાચ તેઓ બધા આબાદાની વધારવાને, સંતોષ ફેલાવવાને, કે આભારની લાગણી મેળવવાને, શક્તિમાન નહિ થયા હોય, પણ તેઓએ અચૂક હિંદનું કલ્યાણ કરવાના પ્રયત્ન કર્યા છે. કંઈક અંશે નિષ્ફળતા થયેલી જાણીને જે ટીકા કરનારા લોકો નાખુશ થઈ જાય છે તેઓને વ્યાજબી રીતે પૂછી શકાય કે આ ભારે કામગીરી આથી વધારે, કે આટલી જ, સારી રીતે કેમ અથવા કોણથી બજાવી શકાઈ હોત એ જરા બતાવો. ૩૧।। કરોડ લોકનો રાજ્ય-વહીવટ ચલાવવાની વિશાળ જોખમદારીમાં બધી બાબતમાં સંપૂર્ણ ફતેહ મેળવવી એ આદમીની તાકાતની બ્હાર છે. તેમાં વળી હિંદમાં તો એ કરોડોની વસ્તી જાતમાં, ધર્મમાં, ભાષામાં, રીતરિવાજોમાં અને રૂઢિમાં રાજ્યકર્તાઓથી અને એક બીજાઓથી આટલી બધી જૂદી પડે છે તેથી મુસીબત ઘણી વધારે જણાય છે. પણ બ્રિટિશ

સરકાર તો વ્યાજબી રીતે એવો દાવો કરી શકે એમ છે કે આવા સંજોગોમાં મેળવી શકાય તેટલી ફતેહ મેળવી છે અને ઉંચા આદર્શો સૂધી પ્હોંચવા માટે બનતા પ્રયત્ન કર્યા છે. શહેનશાહ ૫ મા જ્યૉર્જે જાતે રાણીની જોડે હિંદની પ્રજાની મુલાકાત લઇને, તેઓની વફાદારી ભરેલું નમન સ્વીકારીને, અને શહેનશાહી મહેરબાનીથી તેમની કદર કરીને, એ લોકનાં કલ્યાણ માટે પોતે ઉંડી કાળજી રાખે છે એ વાતનો પુરાવો આખી દુનિયાને આપ્યો છે.

તાજપોશીની દમામભરેલી ક્રિયા થયા પછી રાજા જ્યૉર્જે લોકની સાચી વફાદારી માટે આભાર માનતાં જે વચનો કહ્યાં હતાં તે હિંદને ખાસ લાગૂ પાડી શકાય:—

“ મારા પ્રત્યે અને રાણી પ્રત્યે આ ઉદાર અને ખુલ્લી દિલસોજી તમે બતાવી છે એ જ, અમારા બળનું ખરું મૂળ છે એમ હું માનું છું. અને એ મતથી મને નવી આશા સાથે આગળ વધવાનું ઉત્તેજન મળે છે. મારી અને મારી પ્રજાની સ્હામે ગમે તેવડી મ્હોટી મુસીબતો રહેલી હોય તોપણ આપણે દૃઢતાથી, શાંતિથી, અને જાહેર સેવાની ભાવનાથી એ મુશ્કેલીઓની સ્હામે થવામાં એકબીજા સાથે જોડાઇશું અને ખાતરી રાખીશું કે ઇશ્વરકૃપાથી છેવટનું પરિણામ બધાને લાભકારક નીવડશે. ”

હિંદના રાજાઓ અને લોકો શહેનશાહ પ્રત્યે એ જ પ્રકારની વૃત્તિ ધારણ કરે તો હિંદને ઘણો લાભ થાય.

હિંદનો પ્હેલો વાઇસરૉય—રાજ્યકર્તા અને હિંદસરકાર વચ્ચેનો સંબંધ બદલાયો તેની નિશાની તરીકે ગવર્નર-જનરલને ‘વાઇસરૉય’નો ઇલ્કાબ એનાયત કરવામાં આવ્યો. પ્હેલા વાઇસરૉય લૉર્ડ કૅનિંગે સ્વદેશની સેવામાં જીવન આપ્યું. ચાલૂ મ્હેનત અને કચડી નાખે તેવી જોખમદારી ૭ વર્ષ સૂધી ઉઠાવવાથી નબળો થયેલો વાઇસરૉય, લૉર્ડ ડેલહાઉસીની માફક, સ્વદેશ જઇને તરત જ મરણ પામ્યો.

પ્રધાનોમાં ફેરફાર—લૉર્ડ પામર્સ્ટનની સત્તા સ્થિર બની જણાતી હતી, પણ ફેબ્રુઆરી ૧૮૫૮ માં એની એકાએક પડતી થઈ. ખૂનનાં કાવતરાંને લગતા કાયદામાં ફેરફાર સૂચવનારો ખરડો રજૂ કરવાનો એ પ્રસંગ હતો. ઑર્સિની નામના ઇટાલિયને ફ્રેંચ શહેનશાહનું ખૂન કરવાની કોશીશ કરી હતી અને એને લગતું કાવતરું ઇંગ્લંડમાં રચ્યું હતું તેથી એ ખરડાની જરૂર જણાઈ હતી. મુખ્ય પ્રધાન ફ્રેંચ શહેનશાહની ખુશામદ કરતો હતો અને ઇંગ્લંડના હિત કરતાં એની ઇચ્છાની વધારે દરકાર રાખતો હતો એવો ખ્યાલ લોકમાં ફેલાઈ ગયો. આમસભાએ પામર્સ્ટનની વિરુદ્ધ મત આપીને એ લાગણી પ્રદર્શિત કરી તેથી પામર્સ્ટને રાજીનામું આપ્યું. એની જગ્યાએ કૉન્ઝર્વેટિવ પક્ષનો લૉર્ડ ડર્બી આવ્યો અને મિ. ડિઝ્રાલી વડો ખજાનચી (ચૅન્સેલર ઑફ ધ એક્સ્ચેકર) થયો. નવું પ્રધાનમંડળ લાંબો વખત ટકી શકયું નહિં અને સામાન્ય ચૂંટણી થયા પછી એણે લિબરલ પ્રધાનમંડળ માટે માર્ગ ખુલ્લો મૂકયો. વળી પાછો લૉર્ડ પામર્સ્ટન મુખ્ય પ્રધાન થયો (૧૮૫૯), અને છ વર્ષ પછી એ મરણ પામ્યો ત્યાંસૂધી સત્તા એના હાથમાં રહી.

સ્વયંસેવકો (વૉલંટીઅર્સ)—એ વખતે એવી માન્યતા ફેલાઇ રહી હતી કે ફ્રેંચ શહેનશાહ ઇંગ્લંડ ઉપર ચડાઇ કરવાનો ઇરાદો રાખે છે. ખરી કે ખોટી એ માન્યતાને લીધે મ્હોટું સ્વયંસેવક લશ્કર એકઠું કરવામાં આવ્યું; ૧૮૫૯ ની સાલમાં લગભગ ૧,૭૦,૦૦૦ માણસો એમાં જોડાયાં. છેલ્લાં થોડાં વર્ષો દરમ્યાન એ લશ્કરને મુલ્કી લશ્કર (ટેરિટોરિયલ આર્મી) બનાવવામાં આવ્યું છે, અને એનું મુખ્ય કામ સંયુકત રાજ્યનું (યુનાઇટેડ કિંગ્ડમનું) રક્ષણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે, પરદેશમાં લડવાનું નહિં.

ફ્રાન્સ અને ઑસ્ટ્રિયા વચ્ચે વિગ્રહ—એ જ વર્ષમાં (૧૮૫૯ માં) ફ્રેંચ લોકોએ ઇટલિને ઑસ્ટ્રિયાની સત્તામાંથી છોડાવવા માટે ઑસ્ટ્રિયા જોડે વિગ્રહ માંડયો, અને કેટલીએક લડાઇઓમાં જીત મેળવી. પણ પ્રશિયાની વધતી જતી સત્તાથી ડરી જઈને

ફ્રેંચ શહેનશાહ એટલેથી જ અટક્યો અને લૉમ્બાર્ડી અથવા ઉત્તર ઇટલિને મુક્ત કરીને સંતોષ માની રહ્યો. એ પ્રદેશ સાર્ડિનિયાના રાજાને સોંપવામાં આવ્યો અને સૅવૉય અને નાઇસ ફ્રાન્સને આપી દેવાની એ રાજાને ફરજ પાડવામાં આવી.

અમેરિકાનો આન્તર વિગ્રહ (સિવિલ વૉર)--યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧૮૬૧ માં આન્તર વિગ્રહ અથવા અલગ થનારાઓનો વિગ્રહ (વૉર ઑફ્ સેસેશન) શરૂ થયો જે ઇતિહાસમાં નોંધાયેલા સૌથી દારુણ વિગ્રહોમાંનો એક છે. ઉત્તરનાં સંસ્થાનોમાં ગુલામગિરી રદ કરવાની ચળવળ ચાલતી હતી અને જ્યાં ગુલામો ઘણા હતા, એવાં કૅરોલિના વગેરે દક્ષિણનાં સંસ્થાનો એ ચળવળની સ્હામે થયાં અને ઉત્તરનાં સંસ્થાનો જોડેના સ્વરાજ્યસંઘમાંથી (ફેડરલ યુનીયનમાંથી)[1] અલગ પડવાનું, એટલે કે યુનાઇટેડ સ્ટેટ્સના ભાગલા પાડીને બે જુદી પ્રજાઓ બનાવવાનું, છેવટનું પગલું લઈ બેઠાં. શરૂઆતમાં દક્ષિણ સંસ્થાનો ફતેહમંદ થયાં પણ પાછળથી સખ્ત લડત ચાલ્યા પછી ઉત્તરની વધારે મ્હોટી વસ્તી અને સંપત્તિ ફાવવાથી તેઓ છેવટ હારી ગયાં. સંઘપક્ષના ઉત્તર સંસ્થાનોની સંપૂર્ણ ફતેહ થવાથી મે ૧૮૬૫ માં વિગ્રહનો અંત આવ્યો. સંસ્થાનોનું જોડાણ કાયમ રહ્યું અને ગુલામગિરી રદ કરવામાં આવી.

---

૧. પોતપોતાનો વહીવટ કરી લેનારાં કેટલાંક સંસ્થાનો અમુક સામાન્ય ઉદ્દેશો ખાતર રાજીખુશીથી એક સંઘરાજ્યની નીચે જોડાઈ રહે અને એ ઉદ્દેશોની બાબતમાં એ રાજ્યને સર્વોપરિ સત્તા ગણે એવાં જોડાણને સ્વરાજ્યસંઘ (ફેડરલ યુનિયન) કહે છે. અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો ઉપરાંત કૅનૅડાનો મુલ્ક, ઑસ્ટ્રેલિયાનું પ્રજારાજ્ય, અને સ્વિટ્ઝર્લૅંડ, એવા જોડાણના દાખલાઓ છે. ઉત્તરવાસીઓ સંઘવાદી (ફેડરલ્સ) કહેવાતા કારણ કે તેઓ સ્વરાજ્ય સંઘના સિદ્ધાન્તમાં માનનારા હતા અને કોઈ એક સંસ્થાનનો અલગ રહેવાનો હક્ક નાકબૂલ કરતા. ભિન્નપણું બતાવવા ખાતર દક્ષિણવાસીઓએ 'કૉન્ફેડરેટ્સ' નામ ધારણ કર્યું હતું.

પ્રિન્સ કૉન્સૉર્ટનું મરણ—એ વિગ્રહના પ્રથમ વર્ષમાં પ્રિન્સ કૉન્સૉર્ટનું ટૂંકી માંદગી પછી ૪૨ વર્ષની વયે અણધાર્યું મરણ થયું તેથી રાણીને અને દેશને જબરી ખોટ પડી. એની વિરુદ્ધના જે ખ્યાલો અને વ્હેમોને લીધે અગાઉ એ લોકમાં અપ્રિય થયો હતો તે એની જીંદગી દરમ્યાન જ દૂર થયા હતા, અને જયારે એ મરણ પામ્યો ત્યારે આખી પ્રજાએ રાણી તરફ દિલસોજી બતાવી. એ મુખ્યત્વે કલા અને વિજ્ઞાનની બુદ્ધિશાળી કદર કરવામાં અને એને ઉત્તેજન આપવામાં રોકાયેલો રહેતો. રાણીને એના ધણી તરફથી અચૂક મદદ મળતી તેથી એણે મરણ પર્યંત એનો શોક કર્યો.

'કૉન્ફેડરેટ' પ્રતિનિધિની ધરપકડ—અમેરિકન વિગ્રહનાં કેટલાક ઇંગ્લંડને લગતા બનાવોનાં અગત્યનાં પરિણામો આવ્યાં હતાં. દક્ષિણ કે 'કૉન્ફેડરેટ' સંસ્થાનોના બે પ્રતિનિધિઓને બ્રિટિશ વ્હાણ ઉપરથી જ ઉત્તરસંસ્થાનોના એક કૅપ્ટને બળજોરીથી પકડ્યા તેથી યુનાઇટેડ કિંગ્ડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ વચ્ચે વિગ્રહ લગભગ શરુ થઈ ચૂકયો. પણ અમેરિકનોની ભૂલ એટલી ચોખ્ખી હતી કે તેઓએ નછૂટકે માફી માગી અને કેદીઓને પાછા સોંપ્યા.

'આલાબામા'—ઇંગ્લંડની અંદરથી તો ગુલામોનો વ્હેપાર અને ગુલામગિરી બંને ઘણા વખત અગાઉ રદ કરવામાં આવ્યાં હતાં. તેથી એમ ધારી શકાય કે અંગ્રેજોની લાગણી ઉત્તર સંસ્થાનોની તરફ હોવી જોઇયે, દક્ષિણ સંસ્થાનો પ્રત્યે નહિ, પણ ખરી વાત એવી હતી કે ઇંગ્લિશ પ્રજાનો પક્ષપાત ઉત્તર તરફ ન્હોતો પણ દક્ષિણ તરફ હતો અને પ્રધાનોની લાગણી પણ એ મુજબની હતી. એમ થવાનાં કારણોની ચર્ચા કરવાને અહિં અવકાશ નથી. કૉન્ફેડરેટ પક્ષને માટે લિવરપૂલમાં 'આલાબામા' નામે એક ખાનગી વ્હાણ બાંધવામાં આવ્યું હતું તેને દરિયામાં રવાના થતું અટકાવવામાં લૉર્ડ પામર્સ્ટનની સરકાર નિષ્ફળ બની. એને રોકવાના પ્રયત્નમાં ઢીલ થવાથી એ વ્હાણ નીકળી ચૂકયું અને ફિડરલ પક્ષનાં વ્હેપારી વ્હાણોને એણે ખૂબ નુકસાન કર્યું. છેવટ એક અમેરિકન મનવારે એને ફ્રાન્સના

કિનારાની સ્હામે ડૂબાવી દીધું. વર્ષો પછી એ બાબતની ફરિયાદ લવાદી પંચની સભા પાસે કરવામાં આવી અને એ લવાદી અદાલતે ઇંગ્લંડ પાસેથી યુનાઇટેડ્ સ્ટેટ્સને નુકસાનીના બદલાની બહુ મ્હોટી રકમ અપાવી (૧૮૭૨).

લૅંકેશરમાં રૂની અછત—એ વિગ્રહનું બીજું ગંભીર પરિણામ એ આવ્યું કે લૅંકેશરમાં રૂની અછત થઈ. મૅન્ચેસ્ટરના અને ઇંગ્લંડની ઉત્તરે આવેલાં બીજાં કારખાનાંવાળાં શહેરોના મીલમાલીકોને રૂની આયાત માટે દક્ષિણનાં અથવા કૉન્ફેડરેટ સંસ્થાનો ઉપર આધાર રાખવાની ટેવ પડી હતી. વિગ્રહને લીધે ત્યાંથી રૂ આવતુ લગભગ તદ્દન બંધ પડવાથી મીલ ચાલૂ રહી શકી નહિં, જેથી મીલમાં કામ કરીને પેટભરનારાં હજારો કુટુંબો દુઃખ અને ભૂખમરામાં સપડાયાં. ૧૮૬૨ માં અને ૧૮૬૩ માં સંકટ ઘણું આકરૂં હતું પણ ૧૮૬૩ માં ઇજીપ્ટથી અને હિંદુસ્તાનથી મીલ ચાલૂ થઈ શકે એટલો રૂનો જથ્થો આવી પ્હોચ્યો એથી કષ્ટ ધીમેધીમે ઓછું થયું. ખાનગી સખાવતો વડે લોકોએ ગરીબને બચાવવાની બનતી મ્હેનત કરી હતી અને સરકારે પણ મદદ કરી હતી.

લૅંકેશરને જે કારણે ખોટ આવી એ જ કારણે ઇજીપ્ટને અને હિંદુસ્તાનને લાભ થયો. મુંબઇમાં લોકો ઘણું ધન કમાયા, અને જોકે ઘણા વ્હેપારીઓ આપણે અગાઉ કહી ગયા છિયે તેમ (આગળ પૃ. ૨૦૮) રૂના સટ્ટામાં ખુવાર થયા તોપણ એકંદર એ શહેર તાલેવાન બન્યું. એ શહેરને શણગારનારાં ઘણાં મકાનો એ જમાનામાં બંધાયેલાં છે. ૧૮૬૧ થી ૧૮૬૫ સૂધીનાં ચાર વર્ષ દરમ્યાન મુંબઇના વ્હેપારીઓ તેઓના હમેશના ચાલૂ નફા ઉપરાંત આઠ કરોડ નગદ પાઉંડ કમાયા.

લૉર્ડ પામર્સ્ટનનું મરણ અને ચારિત્ર—લગભગ છેલ્લી ઘડી સૂધી કામ કરીને ૧૮૬૫ ની શરદ ઋતુમાં લૉર્ડ પામર્સ્ટન એક્યાશી વર્ષની ઉંમરે મરણ પામ્યો. આ ન્હાનકડા પુસ્તકમાં એની

કારકીર્દીની જે થોડી હકીકત આપી શકાઈ છે તેથી એની અથાક કાર્યશક્તિનો ઘણો અધુરો ખ્યાલ આવશે. જો કે એનાં કેટલાંક કાર્યોમાં એનો દોષ કાઢવામાં આવે એ વ્યાજબી છે પણ અંગ્રેજોએ એના દોષોની માફી આપી હતી, કારણકે એ પોતાના દેશને ચાહતો, બધાની સ્હામે એનું ગૌરવ ટકાવી રાખતો, અન્યાય અને જુલ્મને ધિક્કારતો, અને પ્રજાને પીડે એવા રાજ્યવહીવટની સ્હામે થવાને આતુર રહેતો. એને પરિણામે જ " એણે પિટ પછી થયેલા કોઇપણ પ્રધાનનાં કરતાં વધારે પ્રજાવિશ્વાસ મેળવ્યો હતો, અને એ વિશ્વાસ માટે એ લાયક બન્યો હતો." એને પરદેશની રાજ્યનીતિમાં ખાસ રસ પડતો અને દેશમાંહેના સુધારા માટે બહુ દરકાર ન્હોતી. એના જમાનામાં એ સુધારક પક્ષનો (લિબરલ) ગણાતો, પણ આ જમાનામાં એ જૂની વ્યવસ્થાને વળગી રહેનારો એટલે સંરક્ષકપક્ષનો (કૉન્ઝર્વેટિવ) ગણાય.

બીજા વિગ્રહો—ભોળા માણસોએ ૧૮૫૧ ના દેશપરદેશના પ્રદર્શનને સર્વવ્યાપી સુલેહશાંતિના યુગની શરુઆતનું ચિહ્ન માન્યું હતું. ઉપર વર્ણવેલા વિગ્રહો પૂરેપૂરું સાબીત કરી આપે છે કે મનુષ્યની ઉમેદો અને અભિલાષાઓ એવી તો પ્રબળ હોય છે કે તે શાંતિથી વ્હેપાર ખેડવાની ઇચ્છાથી દબાઈ શકતી નથી. બીજા ઘણા વિગ્રહો હજી થવાના બાકી હતા. ૧૮૬૩ માં પ્રશિયાએ ડેન્માર્ક ઉપર ગેરવ્યાજબી હુમલો કર્યો અને શ્લેઝ્વિગ–હોલ્સ્ટાઇન પ્રાન્તો પચાવી પાડ્યા. એ જ વર્ષમાં પોલૅંડમાંના એક બળવાને દાબી દેવામાં રશિયાએ દયાહીન જુલ્મ વરતાવ્યો. દરેક પ્રસંગે નબળા પક્ષની તરફથી વચ્ચે પડવાનો લૉર્ડ પામર્સ્ટને પ્રયત્ન કર્યો પણ જેમાં ઇંગ્લંડને સીધી રીતે કાંઈ લાગતુંવળગતું ન્હોતું એવા મુદ્દાઓની ખાતર ઇંગ્લંડને વિગ્રહમાં ઊતારવા એ ખુશી ન્હોતો. પરિણામે એની દલીલોથી કાંઈ લાભ થયો નહિં.

૧૮૬૬ માં પ્રશિયાએ, સમર્થ પણ નીતીની દરકાર નહિં રાખનારા પ્રધાન બિસ્માર્કની સલાહ મુજબ, ઑસ્ટ્રિયા ઉપર

અને જર્મનિનાં દક્ષિણ સંસ્થાનો ઉપર હુમલો કર્યો. પ્રશિયાને પૂરેપૂરી ફતેહ મળી અને જર્મનિમાં અને મધ્ય યુરોપમાં પ્રશિયા સર્વોપરિ થયું. હૅનોવરનું રાજ્ય અને બીજા ન્હાના તાલુકાઓ પ્રશિયા સાથે જોડી દેવામાં આવ્યાં. એ વિગ્રહે 'સત્તાનું સમતોલપણું' (બૅલન્સ ઑફ્ પાવર) તદ્દન ફેરવી નાખ્યું અને થોડાં વર્ષો પછી સ્થપાયેલા નવા જોરાવર જર્મન સામ્રાજ્યનો પાયો નાખ્યો. એ સામ્રાજ્ય આખી દુનિયાની શાંતિનો ભંગ કરશે એવો ડર વારંવાર લાગ્યા કરતો.

લૉર્ડ જૉન રસલ મુખ્ય પ્રધાન—૧૮૬૫ માં લૉર્ડ પામર્સ્ટન મરણ પામતાં લૉર્ડ જૉન રસલ મુખ્ય પ્રધાન થયો અને મિ. ગ્લૅડ્સ્ટન આમસભાનો પ્રમુખ થયો. એની વિરુદ્ધના, એટલે કૅાન્ઝર્વેટિવ પક્ષનો આગેવાન મિ. ડિઝ્રાલી હતો. જેઓને અઠવાડિયે અઠવાડિયે પગાર મળતો હોય એવા કામદાર વર્ગોને મત આપવાનો હક્ક આપવાની બાબતનો પાર્લમેંટના સુધારાનો પ્રશ્ન હવે મુખ્ય વિષય બન્યો. ૧૮૩૨ ના સુધારાના કાયદાથી જે વર્ગોને રાજ્યકાજમાં ભાગ લેવાનો અધિકાર ન્હોતો મળ્યો તેઓને પોતાની સત્તાનું ભાન થવા લાગ્યું હતું અને તેઓ જોરાવર કામદારોના મંડળો (ટ્રેડ્ઝ યુનિયન) સ્થાપવા લાગ્યા હતા. લૉર્ડ જૉન રસલે ઘડેલો ખરડો આમસભાએ પસાર ન કર્યો એથી એ પ્રધાન રાજીનામું આપીને ખાનગી જીવન ગુજારવા લાગ્યો.

મિ. ડિઝ્રાલીનો ૧૮૬૭ નો સુધારાનો કાયદો—ત્યારપછી રાણીએ લૉર્ડ ડર્બીને બોલાવીને સંરક્ષકપક્ષનું (કૅાન્ઝર્વેટિવ) પ્રધાનમંડળ રચવાનું કહ્યું, જે કામ એણે મુશ્કેલીથી પાર પાડ્યું. કામદાર વર્ગોનો ચૂંટણીમાં મત દેવાનો હક્ક મંજુર કરાવવાની એક જુસ્સાભરી ચળવળની સ્હામે ઉભા રહેવું પડશે એવું પ્રધાનોને જણાયું, અને જો રાજ્યસત્તા જાળવી રાખવી હોય તો છેક મૂળમાંથી સુધારો કરનારો ઉપાય સૂચવવો પડશે એમ તેઓને લાગ્યું. એ વખતે મિ. ડિઝ્રાલી વડો ખજાનચી (ચૅન્સેલર ઑફ્

ધ એકસ્ચેકર)[1] અને આમસભાનો પ્રમુખ હતો. એણે કાળજીથી અગમચેતીભરેલી અને અંકુશ મૂકનારાં સાધનોથી ભરપૂર ચતુર યોજનાઓ ઘડીને છટકી જવાનો પ્રયત્ન કર્યો. પણ આખર એને એવી બધી યુક્તિયો છોડી દેવી પડી અને પોતાના પક્ષના માણસોને એવો એક ખરડો પસાર કરવાને સમજાવવાની ફરજ પડી કે જેથી શહેરમાં બધા કર ભરનારાઓને તેમજ દસ પાઉંડ ભાડું આપતા ભાડુતોને, અને મુફસલમાં વાર્ષિક પાંચ પાઉંડની આવક આપતી મિલકતના ધણીઓને તેમ બાર પાઉંડ ભાડું આપનારા ભાડુતોને



ડિઝ્રાલી

મત આપવાનો હક્ક મળ્યો (૧૮૬૭).[2] કેટલાક ન્હાના ફેરફારો પણ એ જ વખતે કરવામાં આવ્યા.

---


૧. 'ચૅન્સેલર ઑફ્ ધ એકસ્ચેકર' હાલ નાણાખાતાનો પ્રધાન (ફાઇનૅન્સ મિનિસ્ટર) કહેવાય છે. નવા વર્ષની આવકજાવકનો આશરો કાઢીને વાર્ષિક અંદાજપત્ર (બજેટ) ઘડવું અને જરૂરી લાગતા કર સૂચવવા એ એનું કામ છે. એ હોદ્દાના ઇલકાબનો ઇતિહાસ લાંબો છે અને છેક તેરમી સદીથી શરુ થાય છે. પ્રધાનોમાંનો એક આમસભાનો આગેવાન (લીડર) બનવો જોઈએ અને એનાં કામકાજ માટે જવાબદાર રહેવો જોઇએ એવો હમેશનો રિવાજ છે.

૨. ઉપર જણાવેલી રકમો ઇંગ્લંડમાં બહુ ન્હાની માનવામાં આવે છે. હિંદુસ્તાનમાં ૧૫૦ રૂપિયા એટલે ૧૦ પાઉંડ મ્હોટી રકમ ગણાય છે.

આ રીતે જે સંરક્ષક પ્રધાનમંડળ ઊંડા ફેરફારોની સ્હામે થવાને આવેલું મનાતું હતું તે જ પ્રધાનમંડળ, કોઈપણ સુધારક પ્રધાનમંડળ જે સુધારા સૂચવી શકયું હતું તેથી પણ વધારે મ્હોટો પાર્લમેંટનો સુધારો કરવાનું સાધન બન્યું. આ કાયદાથી શહેરમાં અઠવાડિક પગારથી કામ કરતા તમામ કામદાર વર્ગોને મતનો હક્ક મળ્યો; એટલે કે બ્રિટિશ રાજ્યતંત્રમાં આ કાયદો ૧૮૩૨ ના આવા કાયદાથી પણ વધારે ફેરફાર કરનારો નીવડયો, કારણ કે ૧૮૩૨ ના કાયદાએ તો રાજ્યસત્તા મ્હોટા જમીનદારો પાસેથી લઈને તવંગર 'મધ્યમ વર્ગો'ના હાથમાં આપી હતી. ૧૮૬૭ના કાયદાને એ જમાનામાં 'અંધારામાં મારેલો કુદકો' કહેતા એ વ્યાજબી હતું, કારણ કે જેને સત્તા આપવામાં આવી હતી તે વર્ગો એ નવી સત્તાનો કેવો ઉપયોગ કરશે એ કોઈ જાણતું ન્હોતું. એ 'અંધારામાં મારેલા કૂદકા'ની અસરનો ખ્યાલ લોકને હવે આવવા લાગ્યો છે. મુફસલના મજુરોને મતનો હક્ક ૧૮૮૪ માં આપવામાં આવ્યો.

કૅનૅડાનો મુલ્ક—એજ વર્ષમાં (૧૮૬૭ માં) ઉત્તર અમેરિકાનાં સંસ્થાનોને જોડીને એક સંઘ (કૉન્ફેડરેશન) બનાવનારો એક કાયદો પસાર કરવામાં આવ્યો. એકલું ન્યૂફાઉંડલૅંડ એ સંઘમાં જોડાયું નહિ અને અગાઉ મુજબ અલગ રહ્યું. થોડાં વર્ષો પછી એ સંઘનો વિસ્તાર વધારવામાં આવતાં, અમેરિકાખંડને એક છેડેથી બીજા છેડા સૂધી એટલે ઍટ્લૅંટિકથી પૅસિફિક સૂધી ૩૫૦૦ માઈલના વિસ્તારમાં રહેલો વિશાળ 'કૅનૅડાનો મુલ્ક' (ડુમિનિયન ઑફ્ કૅનૅડા) બન્યો. ઘણા વખત અગાઉ (આગળ પૃ. ૩૨૪) લૉર્ડ ડર્હૅમે જે અહેવાલ લખ્યો હતો એને અનુસરીને આ પગલું લેવામાં આવ્યું હતું.

ફેનિયન લોકોનાં તરકટો—આયર્લૅંડની સ્વતંત્રતા મેળવવા માટે આઇરિશ અમેરિકનોએ રચેલા ફેનિયન તરકટથી ૧૮૬૬ અને ૧૮૬૭માં ઘણી ઉપાધિ થઇ હતી. યુનાઇટેડ સ્ટેટ્સના મુલકમાંથી કૅનૅડા ઉપર એક મૂર્ખાઇભરેલો ન્હાનો હુમલો કરવામાં



પાર્લમેંટની સભા

આવ્યો. પણ અમેરિકન સરકારે પોતાની ફરજ બજાવી અને અગત્યનું કાંઇપણ બન્યું નહિ. આયર્લૅંડમાં બળવાના પ્રયત્નોને સિપાહીઓએ દબાવી દીધા. એ જ અરસામાં કાવતરાખોરોએ ઇંગ્લંડમાં કેટલાક ગંભીર ગુનાહ કર્યા હતા, અને એને પરિણામે ગ્લૅડ્સ્ટનને આયર્લૅંડની બાબતમાં નવી રાજ્યનીતિ ઘડવાની જરૂર પડી હતી એમ માનવામાં આવે છે.

ઍબિસીનિયાનો વિગ્રહ—લાલસમુદ્રના આફ્રિકા તરફના કિનારા ઉપરના ઍબિસીનિયા નામના વિચિત્ર ખ્રિસ્તી દેશ જોડે ૧૮૬૮ માં એક ન્હાનકડો વિગ્રહ કરવામાં આવ્યો. ત્યાંના રાજા થિયોડોરે કેટલાક અંગ્રેજોને અને બીજા યુરોપિયનોને કેદમાં રાખ્યા હતા, જેમાં રાણીના પ્રતિનિધિઓમાંનો એક કૅપ્ટન કૅમેરોન પણ હતો. આ કેદીઓને છોડવાની એ રાજા ના પાડતો હતો. તેઓને છોડાવવા માટે એક ચડાઈ સર રૉબર્ટ નેપિયરની સરદારી નીચે મોકલવામાં આવી. એણે મુંબઈથી રવાના થઈને પોતાને મળેલા હુકમો બહુ હોશિયારીથી બજાવ્યા. એ દેશની રાજધાની મગ્ડાલાનો કિલ્લો સર કરવામાં આવ્યો ત્યારે રાજા થિયોડોર મરેલો જોવામાં આવ્યો. એણે આપઘાત કર્યો હતો. સરદાર નેપિયરને ફતેહના બદલામાં લૉર્ડ નેપિયર ઑફ્ મગ્ડાલાનો ઇલ્કાબ એનાયત કરવામાં આવ્યો, અને છોડાવેલા કેદીઓને સલામતીથી લઈ જવામાં આવ્યા.

મિ. ગ્લૅડ્સ્ટન; આયર્લૅંડની ધર્મસંસ્થા—આયર્લૅંડના એપિસ્કોપલ પ્રૉટેસ્ટન્ટ ચર્ચનો રાજ્ય જોડેનો સંબંધ તોડવા માટેના ઠરાવો મિ. ગ્લૅડ્સ્ટને આમસભામાં રજૂ કર્યા હતા. એ ઉપર આમસભામાં મત લેવાતાં સરકારની હાર થઇ તેથી પાર્લમેંટને બરખાસ્ત કરવામાં આવી. નવી ચૂંટણીમાં સુધારક પક્ષને મ્હોટી બહુમતિ મળતાં મિ. ગ્લૅડ્સ્ટન મુખ્ય પ્રધાન થયો. એણે આયર્લૅંડની ધર્મસંસ્થા, જમીનને લગતા કાયદાઓ અને વિદ્યાપીઠમાં અપાતી કેળવણી એ ત્રણ પ્રશ્નો હાથમાં લેવાનો ઇરાદો જાહેર કર્યો અને એ ત્રણ બાબતનો નિવેડો કરવાથી આયર્લૅંડમાં

વ્યાપી રહેલા અસંતોષનું મૂળ દૂર થશે એવી આશા જણાવી. જુલાઈ ૧૮૬૯માં એણે પોતે રજૂ કરેલો આઇરિશ ચર્ચનો ખરડો પસાર કરાવ્યો, જેથી પ્રોટેસ્ટંટ એપિસ્કોપલ ચર્ચ રાજ્યથી છૂટું થયું, અને એ ધર્મસંસ્થાને મળતી બક્ષીશ કમી કરીને એના ભંડોળમાંથી નેવું લાખ પાઉંડો બીજા જાહેર ઉપયોગમાં ખરચ્યા. એ સમયથી આયર્લૅંડમાંનો એકપણ ધર્મપંથ રાજ્યસ્થાપિત ધર્મ ગણાતો નથી—એપિસ્કોપલ પંથ પણ બીજા પંથોની માફક પોતાનો વહીવટ પોતે ચલાવે છે, અને બહુ સારો ચલાવે છે. ઈંગ્લંડમાં એપિસ્કોપલ ચર્ચ હજી રાજ્યનો 'સંસ્થાપિત' એટલે સત્તાવાર પંથ ગણાય છે, અને વારસદારીના કાયદા (ઍક્ટ ઑફ્ સેટલમેંટ) મુજબ રાજકર્તા એ પંથનો હોવોજ જોઇયે. સ્કૉટ્લૅંડમાં એ જ પ્રમાણે પ્રેસ્બિટેરિયન ધર્મ સત્તાવાર રીતે 'સ્થપાયેલો' છે, પણ રાજ્યકર્તા એ ધર્મને અનુસરતો નથી કારણકે એ બે ધર્મ સામટા પાળી શકે નહિં. આ સ્થિતિ જરા વિચિત્ર છે.

આઇરિશ જમીનદારીનો કાયદો—મિ. ગ્લૅડ્સ્ટનનો આઇરિશ જમીનદારીનો કાયદો બીજે જ વર્ષે, ૧૮૭૦માં, પસાર કરવામાં આવ્યો. કોઇપણ જમીનદાર પોતાના રહીઆતને (ભાડુતને) જગ્યા ખાલી કરવાની ફરજ પાડે તે પ્હેલાં એ ભાડુતે કરેલા સુધારાઓની કીમત જમીનદારે ભરી આપવી જોઈએ, એ ન ભરી આપે ત્યાંસૂધી જગ્યા ખાલી કરાવી શકાય નહિં, એવો વ્યાજબી નિયમ એ કાયદામાં કરવામાં આવ્યો. બીજા ઘણા ફેરફાર એ કાયદાથી કરવામાં આવ્યા હતા જે થોડી જગ્યામાં સમજાવી શકાય એવા નથી. ત્યારપછી થયેલા બીજા ધારાઓથી એ કાયદામાં વારંવાર સુધારા કરવામાં આવ્યા છે, અને જમીનદારો પાસેથી માલીકીના હક્કો ખરીદી લેવામાં આઇરિશ ભાડુતોને મદદ કરવા માટે મ્હોટી રકમો સંયુક્ત રાજ્યે (યુનાઇટેડ કિંગ્ડમે) ઉધાર આપી છે. પણ આઇરિશ જમીનદારીના, અનેક સદીઓના વ્હેવારથી ગૂંચવાઇ ગયેલા, પ્રશ્નનો નિવેડો હજી થયો નથી.

મિ. ગ્લૅડ્સ્ટનનો સ્વભાવ—એ પછીનાં ચાર વર્ષો

દેશમાં અને પરદેશમાં બનેલા અગત્યના બનાવોથી ભરપૂર હતાં. મિ. ગ્લૅડ્સ્ટનને કામ કરવું ગમતું, અને એ વખતે સાઠ વર્ષની ઉંમરે પ્હોચેલો હોવા છતાં એ પ્રધાન એનાથી અર્ધી ઉંમરના બીજા માણસો ઉપાડી શકે તેથી વધારે કામનો બોજો ઉપાડી શકતો. પોતાને પરમેશ્વરે બધી બાબતમાં એકદમ સુધારો કરી નાખવાને મોકલેલો છે એવું એ માનતો, અને એકસામટું ઘણું કામ પતાવી દેવાના પ્રયત્નો કરીને એણે પાર્લમેંટની અને પ્રજાની ધીરજ ખૂટાડી. એની લાગણી ઉશ્કેરાઈ હોય એવા પ્રસંગો શિવાય પરદેશના


ગ્લૅડ્સ્ટન

મામલાઓની એ બિલકૂલ દરકાર કરતો નહિ, અને દેશની આબરૂ જાળવવાની પામર્સ્ટને જેટલી કાળજી રાખી હતી તેથી થોડી કાળજી એણે બતાવી હતી એ વાતમાં બે મત હોઈ શકે નહિ. શહેનશાહી સલ્તનત તરીકે ઈંગ્લંડના દરજ્જાની બાબતમાં ઊંડું ધ્યાન આપવાની શક્તિ એનામાં ન્હોતી એમ લાગતું. એને જબરો અંગત શોખ ધાર્મિક વિષયોનો હતો, અને ઈંગ્લંડની ધર્મસંસ્થા તરફનો એનો ભક્તિભાવ તીવ્ર લાગણીવાળો બન્યો હતો. એની પ્રધાનગિરી દરમ્યાન નેપોલિયનના વિગ્રહો પછીનું મ્હોટામાં મ્હોટું યુરોપની શાંતિને ખલેલ પ્હોચાડનારું વિઘ્ન ઉત્પન્ન થયું હતું; પણ એથી એના ઉપર નહિ જેવી જ અસર થઈ હતી. એ તો દેશમાંહેના સુધારાઓની પોતે કરેલી ટીપમાં જ મશગૂલ રહ્યો હતો અને નવરાશના વખતમાં ધર્મશાસ્ત્રના પ્રશ્નો વિચારવા બેસતો. એને

છટાદાર બોલવાની અદ્‌ભુત ઈશ્વરી બક્ષીશ મળી હતી, અને આમસભાને કે જંગી જાહેર સભાને એ એકસરખી રીતે પોતાના કાબૂમાં લઈ શકતો.

ફ્રાંકો-જર્મન વિગ્રહ—ફ્રાન્સની અને પ્રશિયાની આગેવાની નીચેના જર્મનિ વચ્ચે ઘણો જબ્બર જંગ જૂન ૧૮૭૦માં શરુ થયો અને ૧૮૭૧ની શરુઆતમાં પૂરો થયો. સપ્ટેંબર ૧૮૭૦માં બેલ્જિયમની સરહદ નજીક સેડન મુકામે શહેનશાહ ૩ જો નેપોલિયન ૮૨,૦૦૦ માણસ જોડે શત્રુને તાબે થયો. એ જ માસમાં પૅરિસનો ઘેરો શરુ થયો અને જાન્યુઆરી ૧૮૭૧માં પૂરો થયો. એકંદર પરિણામો એ આવ્યાં કે ફ્રાન્સે બેશક જબરી હાર ખાધી; નેપોલિયન વંશનો અમલ ખતમ થયો; ફ્રાન્સ ઉપર મ્હોટો દંડ નાખવામાં આવ્યો; આલ્સેસ અને લૉરેનના પ્રાન્તો જર્મનિમાં જોડી દેવામાં આવ્યા; અને પ્રશિયાના રાજાને શહેનશાહ બનાવીને નવું જર્મન સામ્રાજ્ય સ્થાપવામાં આવ્યું. ફ્રેંચ સત્તાના સદંતર નાશથી ઇંગ્લંડને ખેદ થયો, પણ અંગ્રેજ પ્રજાએ વિગ્રહમાં શામિલ થવાની પોતાની ફરજ માની નહિં. ફ્રેંચ લોકોએ પ્રજાસત્તાક રાજ્યતંત્ર સ્થાપ્યું, જે થોડાક ફેરફારો પામીને હજી ચાલૂ રહેલું છે. હિમતભર્યો સ્વાર્થભોગ આપીને તેઓએ એકદમ દંડ ભરી દીધો, અને લશ્કરની અને કાફલાની વ્યવસ્થા સુધારી. લડાઈ પછીનાં ચાળીશ વર્ષ દરમ્યાન ફ્રાન્સે વ્હેપારમાં અને કલાઓમાં પોતાની નામના પાછી મેળવી. ૧૯૧૪માં યુરોપની કસોટીની ઘડી આવી ત્યારે જર્મનિ સાથ લડવાને ફ્રાન્સ તૈયાર હતું.

૧૮૭૦નો કેળવણીનો કાયદો—યુરોપમાં વિગ્રહ મચી રહ્યો હતો ત્યારે ગ્લૅડ્સ્ટન દેશની અંદર સુધારા કરવામાં રોકાયેલો હતો. ૧૮૭૦માં આઇરિશ જમીનદારીના કાયદા ઉપરાંત એની સરકારે કેળવણીનો કાયદો પસાર કર્યો, જેમાં ઇંગ્લંડ અને વેલ્સમાં પ્રાથમિક કેળવણી પ્હેલી જ વાર ફરજીયાત કરવામાં આવી. એ વખતથી કેળવણી વિષેની તકરારો, ખાસ કરીને ધાર્મિક શિક્ષણની બાબતમાં,

પ્રજાનું અને પાર્લમેંટનું ધ્યાન રોકી રહી છે, અને હજી સૂધી પતી નથી.

વિદ્યાપીઠોમાં ધાર્મિક કસોટીઓનું રદ થવું—૧૮૭૧ માં એક કાયદો પસાર કરીને ઑક્સફર્ડના અને કેમ્બ્રિજના વિદ્યાપીઠમાં ધાર્મિક કસોટીઓ બંધ કરવામાં આવી. જે વિદ્યાર્થીઓ ઇંગ્લંડની રાજ્યસ્થાપિત ધર્મસંસ્થાના ન હોય તેઓને એ બે પુરાણાં વિદ્યાપીઠોની બક્ષીશોમાંથી ધર્મને કારણે અત્યારસૂધી બાતલ કરવામાં આવતા, એ વાત હિંદી વિદ્યાર્થીના માનવામાં પણ નહિ આવે. પણ ખરી હકીકત એવી જ હતી. એ બાતલગિરીનાં કારણો જૂના જમાનાથી ચાલતાં આવેલાં હતાં. એ વિદ્યાલયો મૂળ ધાર્મિક સંસ્થાઓ હતી અને ઘણે દરજ્જે મઠ જેવી હતી. આયર્લૅંડમાં ડબ્લિનની ટ્રિનિટી કૉલેજે રોમન કૅથલિક વિદ્યાર્થીઓને પદવીઓ મેળવવાની છૂટ ૧૭૯૩ માં આપી હતી. બધી ધાર્મિક કસોટીઓ છેવટ ૧૮૧૭ માં રદ કરવામાં આવી.

લશ્કરી સુધારાઓ—લશ્કરની વ્યવસ્થા પણ સુધારવામાં આવી. તથા લશ્કરી અમલદારોને ચડતી પાયરીઓ પૈસા આપીને ખરીદ કરવાની છૂટ હતી, અને સાધારણ રીતે એમ કરવાની ફરજ પાડવામાં આવતી, એ હાનિકારક રિવાજ રદ કરવામાં આવ્યો. પણ મિ. ગ્લૅડ્સ્ટને આ બીજો સુધારો પાર્લમેંટના કાયદા વડે કરવાને બદલે બાદશાહી ફરમાન (રૉયલ વૉરંટ) મારફત કર્યો એથી પ્રજાને વ્યાજબી રીતે ખોટું લાગ્યું.

મતની ચિઠ્ઠીનો કાયદો (બૅલટ ઍક્ટ)—બીજે વર્ષે (૧૮૭૨ માં) પાર્લમેંટની ચૂંટણી માટે મતપત્ર વડે છૂપી રીતે મત આપવાનો કાયદો પસાર કરવામાં આવ્યો (આગળ પૃ. ૩૨૨). ખુલ્લી રીતે મત આપવાની જૂની ગેરવહીવટવાળી રીત પાછી ચાલૂ કરવાનું કોઈને પસંદ નથી.

હિંદના બનાવો—હિંદમાં લૉર્ડ (સર જૉન) લૉરેન્સના અમલનો, ૧૮૬૪ થી ૧૮૬૯ સૂધીનો સમય, બળવાની અસરમાંથી

મુક્ત, શાંતિમય વખત હતો. લૉર્ડ લૉરેન્સ સરહદને પેલેપાર સાહસો ખેડવાની તદ્દન વિરુદ્ધ હતો. એની પછીના સમર્થ અને લોકપ્રિય ગવર્નર-જનરલ લૉર્ડ મેયોનું ૧૮૭૨ માં આંદામાન ટાપુઓમાં એક બંધીવાને નિર્દય ખૂન કર્યું હતું.

મિ. ગ્લૅડ્સ્ટનના પ્રધાનમંડળની હાર—નવા નવા કાયદાઓ પસાર કરવાની અને સર્વ પ્રકારના સુધારાઓ કરવાની ગ્લૅડ્સ્ટનની અથાક કાર્યશક્તિથી છેવટ લોક કંટાળો પામવા લાગ્યા, અને બીજા પણ કેટલાક બનાવોએ એની સરકારને અપ્રિય બનાવી. ધર્મસંસ્થાને લગતા અને જમીનદારીને લગતા કાયદા પસાર કરીને એણે કરવા ધારેલા આઇરિશ સુધારા પાર પાડ્યા હતા. હવે એણે આઇરિશ વિદ્યાપીઠોમાં અપાતી કેળવણીને લગતા એક ખરડામાં પોતે સૂચવેલો એક ત્રીજો સુધારો કરવાની દરખાસ્ત મૂકી. એ ખરડો નાલાયક હતો અને એને નામંજૂર કરવામાં આવ્યો એ વ્યાજબી હતું (૧૮૭૩). થોડા મહિનાઓનો વિલંબ કરીને ગ્લૅડ્સ્ટને ૧૮૭૪ ની શરૂઆતમાં અચાનક પાર્લમેંટ બરખાસ્ત કરી. ચૂંટણીઓ સુધારક પક્ષની વિરુદ્ધમાં ગઈ, અને મિ. ડિઝ્રાલીની આગેવાની હેઠળના સંરક્ષક પક્ષના હાથમાં સત્તા આવી, જે સત્તા ૧૯૦૬ સુધીની મુદ્દતના બેતૃતીયાંશ સમય સુધી જાળવી રાખવાનું એ પક્ષના ભાગ્યમાં લખેલું હતું.

સ્વેઝની નહેરના શેરોની ખરીદી—ડિઝ્રાલીના અમલના શરૂઆતનાં વર્ષોમાં કરવામાં આવેલા દેશની અંદરના સુધારાઓનું અને ધર્મસંસ્થાની બાબતમાં પાર્લમેંટમાં થયેલા વાદ-વિવાદોનું વર્ણન આપવા આપણે થોભીશું નહિ. સ્વેઝની નહેરના કામમાં બેદિવે કાઢેલા શેરોમાંથી ચાળીશ લાખ પાઉંડની કીમતના શેરોની હિંમતભરી ખરીદી ૧૮૭૫ ની આખરમાં કરવામાં આવી તેથી આખી દુનિયા હેરત પામી. એ કાર્યથી સંયુક્ત રાજ્યને ઇજીપ્ટના વહીવટમાં પોતાનું હિત જાળવવાનો હક્ક મળ્યો અને એને પરિણામે કાંઈક અંશે વચ્ચે આવવાનો પણ અધિકાર મળ્યો. ધંધાની દૃષ્ટિએ

પણ એમાં રોકેલાં નાણાંનો નફો સારો મળ્યો છે, પણ મુખ્ય પ્રધાનની નજર એ લાભ ઉપર ન્હોતી.

'કયસરે હિંદ' (એમ્પ્રેસ ઑફ્ ઇંડિયા) નો ઇલ્કાબ— ૧લી જાન્યુઆરી ૧૮૭૭થી રાણીએ 'એમ્પ્રેસ ઑફ્ ઇંડિયા' એટલે હિંદની સુલ્તાના એવો ઇલ્કાબ ધારણ કર્યો એ ઇંગ્લંડના લોકને પસંદ પડ્યું નહિ, પણ એથી હિંદમાં કેવી સારી અસર થશે એ સમજવા જેટલી કલ્પનાશક્તિ તેઓમાં ન્હોતી. પણ મિ. ડિઝ્રાલી પોતાના એ કામનું પરિણામ શું આવશે તે બરાબર સમજતો હતો. આ નવો ઇલ્કાબ હિંદીઓની મનોવૃત્તિને પસંદ પડ્યો એમાં સંદેહ નથી. 'એમ્પ્રેસ ઑફ્ ઇંડિયા' ઇલ્કાબનો તરજુમો કેવી રીતે કરવો એ બાબતમાં બહુ વાદવિવાદ થયા. 'કયસરે હિંદ' એટલે હિંદનો કૈસર એ નામ સ્વીકારવામાં આવ્યું તેથી લોકને સંતોષ થયો જણાય છે. પાટવી રાજકુમારે, એટલે પાછળથી રાજા ૭મા ઍડ્વર્ડ બનેલા યુવરાજે, ૧૮૭૫ના શિયાળામાં હિંદમાં ફતેહમંદ મુસાફરી કરી.

રશિયા અને તુર્કી વચ્ચે વિગ્રહ—આ અરસામાં પરદેશના મામલાઓ સંયુક્ત રાજ્યની અંદરના રાજકીય પ્રશ્નો જોડે બહુ ગુંચવાઈ ગયા. તુર્કીના સુલ્તાનનાં લશ્કરોએ બલ્ગેરિયામાં થયેલો બળવો દાબવામાં કરપીણ કૃત્યો કર્યાં હતાં. મિ. ડિઝ્રાલીએ (હવે 'અર્લ ઑફ્ બીકન્સ્ફીલ્ડ' બનેલા એ પ્રધાને) રશિયાની સ્હામે તુર્કીનું જોર જાળવી રાખવામાં ડહાપણ માન્યું, તેથી બલ્ગેરિયામાં ગુજારેલા અત્યાચાર સાબિત થયા ત્યારે પણ તે તરફ એણે લક્ષ જ ન આપ્યું. એથી ઉલટું મી. ગ્લૅડ્સ્ટને ક્રોધ અને દયાની લાગણીઓ જુસ્સાભેર જાહેર કરી. તુર્કીનું શું થાય એની એને દરકાર ન્હોતી, તુર્ક લોકોને આ ક્રૂરતાની સજા થવી જ જોઈએ અને એ અત્યાચારના ભોગ થયેલા લોકને ઉગારવા જ જોઈએ એવું એનું માનવું હતું. એણે એ બાબતમાં જોસભેર ચળવળ ચાલૂ કરી અને સરકાર ઉપર સખ્ત હુમલાઓ કર્યા. એપ્રિલ ૧૮૭૭માં રશિયાએ તુર્કી સ્હામે વિગ્રહ જાહેર કર્યો. જેમ ક્રીમિયન વિગ્રહ દરમ્યાન કર્યું હતું તેમ આ વખત

પણ સુલ્તાનને ઇંગ્લંડે મદદ આપવી એવી એક જોરાવર પક્ષની મરજી હતી. રશિયનોને ઇસ્તંબૂલથી (કૉન્સ્ટાન્ટિનોપલથી) દૂર રાખવા જ જોઈએ એવો લૉર્ડ બીકન્સ્ફીલ્ડનો દૃઢ નિશ્ચય હતો, તેથી એણે તો લડાઈમાં લગભગ ઝંપલાવ્યું અને હિંદી સિપાહીઓને માલ્ટા સુધી બોલાવ્યા પણ ખરા. હિંદી સિપાહીઓ પશ્ચિમમાં ઇજીપ્તથી આગળ પ્હેલાં કદી આવ્યા ન્હોતા (અગાઉ પૃ. ૨૭૩) એટલે તેઓના યુરોપમાં પ્રવેશની સ્હામે મજબૂત વાંધાઓ ઉઠાવવામાં આવ્યા. બહુ સખ્ત લડાઈ ચાલ્યા પછી તુર્કિને હરાવીને રશિયાનું લશ્કર ઇસ્તંબૂલની નજીક આવી પ્હોચ્યું હતું; એ ક્ષણે ઇંગ્લંડ વચ્ચે આવ્યું અને એણે બર્લિનની રાજ્યપરિષદ્ (કૉંગ્રેસ) ભરવાની ગોઠવણ કરી. એ પરિષદ્‌માં રશિયાએ કરેલી માગણીઓમાં ફેરફાર કરવામાં આવ્યો (૧૮૭૮). બલ્ગેરિયા, જે અત્યારે તો એક રાજ્ય છે, તે એ વખતે એક જુદું સંસ્થાન બન્યું. ગ્રીસની ઉત્તરે બાલ્કનમાં આવેલા દેશોની રાજકીય સ્થિતિમાં બીજા ઘણા ફેરફાર કરવામાં આવ્યા. લૉર્ડ બીકન્સ્ફીલ્ડે એ પરિષદ્‌માં ઇંગ્લંડના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી, અને ત્યાંથી પાછા ફરીને એવો દાવો કર્યો હતો કે હું 'આબરૂ સાથે સુલેહ' લઈ આવ્યો છું.

બીજો અફઘાન વિગ્રહ—એ વખતે મુખ્ય પ્રધાનને ગ્લૅડ્સ્ટનના હુમલાઓને પાછા પાડવામાં ફતેહ મળી હતી અને સ્વદેશમાં ઘણી લોકપ્રિયતા અને પરદેશોમાં સત્તા મળી હતી. પણ એનો અમલ વધારે વખત ટકી શકયો નહિં. બીજા અફઘાન વિગ્રહની મંજૂરી આપવામાં એણે જબરી ભૂલ કરી એમાં કાંઇ શક નથી. અફઘાનિસ્તાનનો અમિર શેરઅલી તુર્કસ્તાનમાંના રશિયન અમલદારો જોડે પ્રપંચી મસલત ચલાવતો હતો તેથી હિંદના ગવર્નર-જનરલ લૉર્ડ લિટને ગુસ્સો જાહેર કર્યો અને અમિર ઉપર દબાણ કર્યું કે એક બ્રિટિશ સ્થાનિક અમલદાર (રેસિડંટ) અફઘાનિસ્તાનમાં રાખવા દો. અમીરે એ માગણી કબૂલ ન રાખી તેથી વિગ્રહ જાહેર કરવામાં આવ્યો. શેરઅલીને પદભ્રષ્ટ કરીને એના તખ્ત ઉપર યાકૂબખાનને બેસાડવામાં આવ્યો અને સર લૂઈ કૅવૅગ્નરીને સ્થાનિક અમલદાર

(રેસિડંટ) તરીકે કાબૂલ મોકલવામાં આવ્યો. ૧૮૪૨ માં બન્યા હતા તે બનાવો ફરી બન્યા. કૅવૅગ્નરીનું ખૂન કરવામાં આવ્યું અને આખું અફ્ઘાનિસ્તાન લડાઈ કરવા ઉભું થયું. કંદહાર મુકામે રાખેલાં લશ્કરોના સેનાપતિ જનરલ બરોઝે આયુબખાનને હાથે મૈવંદ મુકામે સખ્ત હાર ખાધી. એ હારનું સર ફ્રેડરિક (લૉર્ડ) રૉબર્ટ્સે વેર વાળ્યું. એણે કાબૂલથી નીકળીને લશ્કરી મથકથી અથવા કોઈપણ જાતની મદદથી તદ્દન અલગ પડી ગયેલા કંદહાર સૂધીની મજલ તાબડતોબ ત્રેવિશ દિવસમાં કરવાનું અદ્ભુત કામ કર્યું (૧૮૮૦). સર લૂઈ કૅવૅગ્નરિના ખૂનની પછીના બનાવોને ઘણી વાર ત્રીજો અફ્ઘાન વિગ્રહ કહેવામાં આવે છે, પણ ખરું જોતાં એ બધા બનાવો એક જ વિગ્રહના ગણાવા જોઈએ.

ઝૂલુ વિગ્રહ—બહાદૂર ઝૂલુ સરદાર કેટેવાયોની આગેવાની નીચે રહેલી દક્ષિણ આફ્રિકાની ઝનુની ઝૂલુ પ્રજા જોડેનો વિગ્રહ એવી જ આફતથી ભરપૂર હતો અને અફ્ઘાન વિગ્રહથી પણ વધારે અપ્રિય બન્યો હતો. હિંદની દિવાની નોકરીમાં (ઇંડિયન સિવિલ સર્વિસમાંના) એક અમલદાર સર બાર્ટલ ફ્રિયર નામે હતો જે રૂની અછતના વખતમાં (આગળ પૃ. ૩૪૬) મુંબઈનો ગવર્નર હતો તેને દક્ષિણ આફ્રિકાનો હાઈ કમિશનર નીમવામાં આવ્યો હતો અને એને એવી સૂચના આપવામાં આવી હતી કે એ મુલકમાંનાં જૂદાં જૂદાં સંસ્થાનોનું એક સંયુક્તમંડળ રચવું. એ કામ માટે વખત હજી અનુકૂળ ન્હોતો તેથી એનો પ્રયત્ન નિષ્ફળ થયો. દક્ષિણ આફ્રિકાનું સંયુકતમંડળ છેક ૧૯૧૦ માં સ્થાપી શકાયું, કારણ કે એ વખતે દક્ષિણ આફ્રિકાના અથવા બોઅર લોક જોડેના વિગ્રહને પરિણામે સંજોગો તદ્દન બદલાઈ ગયા હતા. સર બાર્ટલ ફ્રિયર એવા નિર્ણય ઉપર આવ્યો કે ઝૂલુ સરદાર કેટેવાયોની ઉત્તમ બંદોબસ્તવાળી લશ્કરી સત્તા અંગ્રેજો માટે જોખમભરેલી હતી અને એને દબાવી દેવી એ અગત્યનું હતું. સર બાર્ટલનો એ મત ખરો હતો કે ખોટો એ વિશે ઘણો મ્હોટો મતભેદ છે. પણ એને પોતાને એ બાબતમાં કાંઈ શંકા ન્હોતી તેથી એણે ઝૂલુ દેશ ઉપર ચઢાઈ કરી. ૧૬૦૦ યુરોપિયનો અને ૨૫૦૦ દેશી સિપાઈઓની

બનેલી લૉર્ડ ચેમ્સ્ફર્ડની સરદારી નીચેની ટુકડી છાવણી નાખીને પડી હતી. એ છાવણી ઉપર જાન્યુઆરી ૧૮૭૯ માં ૧૦,૦૦૦ ઝૂલુઓએ હુમલો કર્યો અને લગભગ આખી ટુકડીનો નાશ કરી નાખ્યો. વખત જતાં આ આફતનો બદલો લેવામાં આવ્યો અને ઝૂલુ દેશ જીતી લેવામાં આવ્યો. પણ આ કમનસીબ બનાવથી સરકાર લોકમાં અપ્રિય બની ગઈ. પદભ્રષ્ટ ફ્રૅન્ચ શહેનશાહ ૩ જા નેપોલિયનનો જુવાન કુંવર સ્વયંસેવક સિપાહી તરીકે બ્રિટિશ લશ્કરમાં જોડાયો હતો, તે આ લડાઈમાં મરણ પામ્યો. એના મરણથી પ્રજાને ઘણો શોક થયો.

મિ. ગ્લૅડ્સ્ટન ફરીથી મુખ્ય પ્રધાન—આ કમનસીબ વિગ્રહોથી લૉર્ડ બીકન્સફીલ્ડની સરકાર અપ્રિય તો બની હતી; અને વધારામાં, ઇંગ્લંડમાં વ્હેપાર પડી ભાંગ્યો અને આયર્લૅંડમાં અછત અને મોંઘવારી થઈ; તેથી લૉર્ડ બીકન્સફીલ્ડની રાજ્યસત્તાનો પાયો ડગુમગુ થઈ ગયો. ૧૮૮૦ ના માર્ચમાં સામાન્ય ચૂંટણી થઈ ત્યારે સંરક્ષક પક્ષની સજ્જડ હાર થઈ અને આમસભામાં અસાધારણ બહુમતિ મેળવીને મિ. ગ્લૅડસ્ટન પાછો મુખ્ય પ્રધાન બન્યો.

હિંદમાં લૉર્ડ રિપન—લૉર્ડ રિપનને હિંદનો ગવર્નર-જનરલ નીમવામાં આવ્યો અને એને કંદહારમાંથી નીકળી જવાની અને અફઘાનીસ્તાનની પંચાતમાં ન પડવાની સલાહ આપવામાં આવી. અબ્દુર રહેમાનને અમીર કબૂલ રાખવામાં આવ્યો. લૉર્ડ રિપને હિંદીઓ પ્રત્યે દિલસોજીભરેલું વર્તન ધારણ કર્યું. એણે લૉર્ડ લિટનવાળો છાપખાનાનો કાયદો (પ્રેસ ઍક્ટ) રદ કર્યો, મ્હૈસૂરની ગાદી મૂળના હિંદુ રાજવંશને પાછી સોંપી, અને બીજાં કેટલાંક સારાં કામો કર્યાં; તેથી લૉર્ડ રિપનને હિંદમાં એના વખાણનારાઓ આભારની લાગણીથી યાદ કરે છે. એના એ કામોમાંનાં કેટલાંકની સ્હામે મજબૂત વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. લૉર્ડ રિપનની રાજનીતિના ફાયદા વિશે બધાને એકમત થતા ઘણો લાંબો વખત લાગશે. એ ચાર વર્ષ હોદ્દા ઉપર રહ્યો (૧૮૮૦–૮૪).

માજુબા ટેકરી અને બોઅર લોકો—આફ્રિકામાં ટ્રાન્સવાલમાં બોઅર નામે પ્રજા હતી જે મ્હોટે ભાગે ડચ્ચ ઓલાદની હતી. બોઅર લોકો પોતાની સ્વતંત્રતા જાળવી રાખવા ઇચ્છતા હતા તેથી તેઓની જોડે દક્ષિણ આફ્રિકાનાં બ્રિટિશ સંસ્થાનોએ વિગ્રહ માંડયો. બ્રિટિશ લશ્કરે માજુબા ટેકરી નજીક હાર ખાધી અને એમનો બહાદૂર સેનાપતિ સર જ્યૉર્જ કૉલી માર્યો ગયો. લૉર્ડ પામર્સ્ટનની રાજનીતિથી તદ્દન જૂદીજ પદ્ધતિએ કામ કરનારા મિ. ગ્લૅડસ્ટને નરમ બની જઈને હાર કબૂલ કરી અને ૧૮૮૪ની શરુઆતમાં કોલકરાર (કન્વેન્શન) ઉપર સહી કરીને બોઅર લોકોને જે જોઇતું હતું તે આપ્યું. ૧૮૯૯ માં દક્ષિણ આફ્રિકન વિગ્રહ થયો તે મ્હોટે ભાગે આ પગલાનું પરિણામ હશે એમ માનવામાં આવે છે.

આયર્લૅંડમાં ખળભળાટ; પ્હેલો સ્વરાજ્યનો ખરડો (હોમરૂલ બિલ)—પરંતુ ૧૮૮૦ થી ૧૮૮૬ સૂધીનો મિ. ગ્લૅડ્સ્ટનનો વહીવટ એની આયર્લૅંડ અને ઇજીપ્ટ તરફની વર્તણુક માટે અને એ બંને બાબતમાં આવેલાં અસંતોષકારક પરિણામ માટે ખાસ યાદગાર છે.[1] એ બનાવો એટલા તાજેતરના છે અને ચાલૂ રાજ્યકાર્યના તકરારી પ્રશ્નો જોડે એવો નજીકનો સંબંધ ધરી રહ્યા છે કે એની લંબાણથી ચર્ચા કરવી વ્યાજબી નથી. જોડાણને રદ કરવા માટેની ડૅનિયલ ઓ'કૉનલની જૂની ચળવળને (આગળ પૃ. ૩૩૦) ચાર્લ્સ સ્ટુઅર્ટ પાર્નેલની આગેવાની હેઠળ રહેલા એક પક્ષે બીજા રૂપમાં નવેસર ચાલૂ કરી હતી. અનેક અત્યાચારો અને ગંભીર ગુન્હાઓ આયર્લૅંડમાં બન્યા; મુખ્ય મંત્રી (ચીફ સેક્રેટરી) મિ. ફૉર્સ્ટરે સખ્ત 'જબરદસ્તીના કાયદાઓ' (કોઅર્શન ઍક્ટ્સ) પસાર કરીને આ તોફાનને દબાવવાનો પ્રયત્ન કર્યો. એની જગ્યાએ આવેલા લૉર્ડ ફ્રેડરિક કૅવૅન્ડિશનું અને ઉપમંત્રી (અંડર-સેક્રેટરી) મિ. બર્કનું મે ૧૮૮૨ માં લૉર્ડ-લેફ્ટેનન્ટના મકાનની

---

૧. જૂન ૧૮૮૫ થી જાન્યુઆરી ૧૮૮૬ સૂધીની ટૂંક મુદ્દતનો લૉર્ડ સૉલ્ઝબરીનો રાજ્યવહીવટ પડતો મૂકીશું તો ચાલશે.

મ્હામે જ છરી વડે એક ગુપ્તમંડળના સભાસદોએ ખૂન કર્યું. ૧૮૮૫માં બજેટની એક બાબદમાં સરકારની હાર થવાથી મિ. ગ્લૅડ્સ્ટનનું પ્રધાનમંડળ ગયું, અને લૉર્ડ સૅાલ્ઝબરીએ થોડા મહિના સુધીની કામચલાઉ સરકાર સ્થાપી. પણ ૧૮૮૬ ની શરુઆતમાં મિ. ગ્લૅડ્સ્ટન પાછો અમલમાં આવ્યો. એણે તરત જ આયર્લૅંડના રાજ્યવહીવટમાં સુધારો સૂચવનારો ખરડો રજૂ કર્યો, જેને પ્હેલો સ્વરાજ્ય ખરડો (હોમરૂલ બીલ) કહે છે. મિ. ચેમ્બરલેઇન, લૉર્ડ હાર્ટિંગ્ટન અને બીજા સુધારક પક્ષના મુખ્ય પુરુષો સાચા દિલથી એ ખરડાને ટેકો આપી શકે એમ ન્હોતા તેથી તેઓએ ગ્લૅડ્સ્ટનને મદદ ન કરી. પરિણામે બીજી સામાન્ય ચૂંટણી થઈ, જેમાં સંરક્ષક પક્ષને મ્હોટી બહુમતિ મળી. હોમરૂલ બિલ પડતું મૂકવામાં આવ્યું. ૧૮૯૩ ના ખરડાની પણ એવી જ દશા થઈ. પણ ૧૯૨૦ માં મિ. લૉઇડ જર્યૉર્જના સંયુક્ત પ્રધાનમંડળે એક કાયદો પસાર કરાવીને આયર્લૅંડને બે પાર્લમૅંટ ભરવાની છૂટ આપી—એક અલ્સ્ટરની અને બીજી બાકીના પ્રદેશોની.

મીસર (ઇજીપ્ટ)—ઇજીપ્તના માજી ખેદિવ પાશા ઇસ્માઇલે ભારે કરજ કર્યું હતું તેથી એ દેશમાં ખેદિવનું રાજ્ય નામનું જ હતું અને ખરી રીતે વહીવટ "બેવડી હકુમત"ના એટલે કે ફ્રાન્સના અને ઇંગ્લંડના પ્રતિનિધિઓના હાથમાં હતો. ખેદિવનો લડાઈ ખાતાનો પ્રધાન અરબી પાશા આ પ્રકારની સ્થિતિથી નારાજ થયો તેથી એણે "મીસર ફક્ત મીસરીઓને માટે જ જોઇયે" એવી યુરોપિયનોની વિરુદ્ધની ચળવળ ચાલૂ કરી. એણે (અલેક્ઝૅન્ડ્રિયા) શહેરને કિલ્લો બંધાવ્યો; અને મામલો ભયંકર બન્યો. જૂન ૧૮૮૨ માં એ શહેરમાં તોફાન થયું અને ઘણી ખૂનરેજી થઈ. ફ્રાન્સ પોતાની સગવડ વિચારીને આ ખટપટમાંથી નીકળી ગયું તેથી સુલેહશાંતિ સ્થાપવાનું કામ એકલા ઇંગ્લંડને માથે આવ્યું. પછી બ્રિટિશ કાફલાએ અલેક્ઝાન્ડ્રિયા ઉપર તોપનો મારો ચલાવીને એ શહેર સર કર્યું. સર ગાર્નેટ (લૉર્ડ) વૂલ્ઝલીએ અરબી પાશાને તેલ–એલ–કેબીરની લડાઇમાં હરાવ્યો. અરબી પાશાને સિલોનમાં દેશવટે મોકલવામાં આવ્યો.

પરિણામ એ આવ્યું કે ઇજીપ્ટમાં શાંતિ જાળવવા માટે લશ્કરી થાણું રાખવામાં આવ્યું. મિ. ગ્લૅડ્સ્ટનનો ઇરાદો એ લશ્કરને પાછું બોલાવી લેવાનો હતો, પણ એ પગલું ભરવાની એની હિંમત ચાલી નહિ. સ્વેઝની નહેરનો ઉપયોગ મુખ્યત્વે કરીને બ્રિટિશ વહાણો કરે છે તેથી એ નહેરની સલામતીની ખાતર ઇજીપ્ટના વહીવટ ઉપર નજર રાખ્યા શિવાય ઇંગ્લંડનો છૂટકો નથી. ત્યારપછી હમેશ ઇજીપ્ટ બ્રિટિશની હકુમત નીચેનું રક્ષિતરાજ્ય (પ્રોટેક્ટેડ સ્ટેટ) રહ્યું છે. પણ બ્રિટિશ સરકાર અને નેકનામદાર ખેદિવ વચ્ચેનો સંબંધ એટલો બધો અચોક્કસ રહ્યો છે કે વારંવાર મુસીબત ઉપજ્યા કરે છે, જેથી વધારે ચોક્કસ કાયદેસર વ્યવસ્થાની ઘણી જબરી જરૂર છે. બ્રિટિશ દેખરેખ નીચે ઘણા અગત્યના સુધારાઓ કરવામાં આવ્યા છે, અને મ્હોટાં જાહેર કામો પાર પાડવામાં આવ્યાં છે.

સુદાન—ઇજીપ્ટમાં અરબી પાશાવાળા મામલાનો નિવેડો મિ. ગ્લૅડ્સ્ટનની સરકારને થોડો ઘણો સંતોષ થાય એવી રીતે કરવામાં આવ્યો હતો; જોકે એને પરિણામે લૅંકૅસ્ટરના ચૅન્સેલર મિ. બ્રાઇટે રાજીનામું આપ્યું કારણ કે અરબી પાશાને જબરદસ્તીથી દાબી દેવામાં આવ્યો એ એને પસંદ ન્હોતું.[1] ઇજીપ્ટની દક્ષિણે આવેલા સુદાન પ્રાંતના મામલામાં ઘણી ખુવારી થઈ. માહદી નામના ઝનુની સરદારે બધી કોમોને તાબે કરીને એ પ્રાંતમાંથી ઇજીપ્ટની સત્તાને નાબૂદ કરી હતી અને એની સ્હામે સુદાનનો કબજો જાળવી રાખવાને ખેદિવ લાંબા વખતથી

૧. રાજા લૅંકૅસ્ટરનો ડ્યૂક પણ છે, અને એ 'ડચી'ની આવક એને મળે છે. એ પરગણાની સંભાળ રાખવાનું કામ ચૅન્સેલરનું ગણાય છે, પણ ખરી રીતે એ કામ એના હાથ નીચેના નોકરો કરે છે, જેથી ચૅન્સેલર પ્રધાનમંડળમાં મદદ કરવાને છુટો રહી શકે છે. ચૅન્સેલર પ્રધાનમંડળનો સભાસદ હોય છે. મિ. બ્રાઇટનું સ્થાન આવું હતું—પોતે "બધા કામનો નોકર" છે એમ એ કહેતો.

મ્હેનત કરતો હતો. જનરલ ચાર્લ્સ ગૉર્ડન નામના એક ઉમદા ચારિત્રવાળા અને ઊંચી નામના પામેલા અમલદારે સુદાનની રાજધાની ખાર્તૂમનો કબ્જો ટકાવી રાખવાનું બહાદૂરીથી માથે લીધું હતું. પણ શત્રુઓના હુમલા સ્હામે એ બહુ ટકાવ કરી શક્યો નહિં. એને બચાવવા માટે લૉર્ડ વૂલ્ઝ્લીની બાહોશ સરદારી હેઠળ મોકલવામાં આવેલું લશ્કર જરાક મોડું પડયું તેથી એને બચાવી શકયું નહિં. આ વિલંબમાં દોષ મિ૦ ગ્લૅડ્સ્ટનનો હતો, અને આનાકાની તથા બેદરકારી બતાવવા માટે એને ઠપકો મળ્યો એ યોગ્ય હતો (જાન્યુઆરી ૧૮૮૫). આ બાબતમાં પોતાની ફરજ બજાવવામાં ગફલત બતાવી એ એની બીજે વર્ષે થયેલી પડતીનું એક મુખ્ય કારણ હતું.

લૉર્ડ સૉલ્ઝબરીનું પ્રધાનમંડળ; પાર્નેલની તપાસ માટે નીમાયેલી મંડળી—બીકન્સ્ફીલ્ડ ૧૮૮૧ માં મરણ પામ્યો હતો તેથી ૧૮૮૬ માં થયેલા કૉન્ઝર્વેટિવ પ્રધાનમંડળનો આગેવાન લૉર્ડ સૉલ્ઝબરી બન્યો, જે એલિઝાબેથના પ્રધાન લૉર્ડ બર્લેના વંશનો હતો. મિ૦ પાર્નેલ ઉપર લૉર્ડ ફ્રેડરિક કૅવેન્ડિશના અને મિ. બર્કના ખૂનની સંમતિ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો અને એની તપાસ માટે એક ખાસ મંડળ નીમવામાં આવ્યું. સરકાર તરફના ફરિયાદી અમલદાર તરફથી એની વિરુદ્ધ રજૂ કરવામાં આવેલું મુખ્ય લખત નકલી માલૂમ પડયું. આ રીતે પાર્નેલ ઉપરનું તહોમત પુરવાર કરવામાં સૉલ્ઝબરીની સરકાર નિષ્ફળ થઈ તેથી એની આબરૂને નુકશાન પ્હોંચ્યું. આયર્લૅંડનો મામલો ચિંતા ઉપજાવનારો જ રહ્યો.

રાણીનો પચાસ વર્ષના રાજ્યનો ઉત્સવ (જ્યુબિલી)— ૧૮૮૭ માં રાણી પચાસ વર્ષ રાજ્ય કરી ચૂકી હતી એ વાતની ખુશાલીમાં આખા દેશમાં ઘણા હર્ષથી ઉત્સવ કરવામાં આવ્યો. દશ વર્ષ પછી વધારે દમામથી બીજો ઉત્સવ કરવામાં આવ્યો. પ્હેલો ઉત્સવ 'રાણીનો પચાસવર્ષી ઉત્સવ' (ક્વીન્સ જ્યુબિલી)

કહેવાય છે અને બીજો ‘હીરક મહોત્સવ’ (ડાયમંડ જ્યુબિલી) કહેવાય છે.[1]

લૉર્ડ ડફરિન; ત્રીજો બ્રહ્મી વિગ્રહ—લૉર્ડ રિપનની પછી ૧૮૮૪થી ૧૮૮૮ સૂધી લૉર્ડ ડફરિન હિંદનો ગવર્નર-જનરલ હતો. એ પરદેશના અને સરહદના રાજદ્વારી મામલાઓમાં ખાસ રસ લેતો. બ્રહ્મદેશી લોકોએ બ્રિટિશ પ્રજા ઉપર ચલાવેલા અત્યાચારને લીધે ત્રિજો બ્રહ્મી વિગ્રહ થયો એમાં ડફરિને ફતેહ મેળવી; અને બ્રહ્મદેશના બાકી રહેલા ભાગને ૧લી જાન્યુઆરી ૧૮૮૬થી ખાલસા કર્યો. બ્રહ્મદેશના આ જોડાણથી બ્રિટિશ હિંદનો મુલક ચીન સામ્રાજ્યની, સિયામના રાજ્યની અને ઇન્ડો-ચાઇનાના ફ્રેંચ મુલકની બહુ અડોઅડ જઈ પ્હોચ્યો. આ સ્થિતિ એવી છે કે એથી ગમે તે વખતે હિંદના તેમજ ગ્રેટ બ્રિટનના પરદેશખાતા ઉપર ભારે કામનો બોજો આવી પડે.

લંડન કાઉન્ટી કાઉન્સિલ—લૉર્ડ સૉલ્ઝબરીની સરકારે ૧૮૮૮માં લંડન કાઉન્ટી કાઉન્સિલ સ્થાપવાનો કાયદો પસાર કરાવ્યો. એ કાઉન્સિલ લોકોએ ચૂંટેલું મંડળ છે અને લંડન અને વેસ્ટમિંસ્ટર તથા આજૂબાજૂનાં પરાંઓના સ્થાનિક કામકાજનો સાધારણ વહીવટ ચલાવવાનું કામ એ મંડળને સોંપવામાં આવ્યું છે. દર વર્ષે કરોડ કે એથી વધારે પાઉંડોના, એટલે પંદર કરોડ રૂપિયાથી પણ વધારે, ખર્ચનો વહીવટ એ કાઉન્સિલ કરે છે. મુખ્ય પ્રધાનને ઈંગ્લંડની અંદરના વહીવટ કરતાં પરદેશી રાજ્યનીતિમાં વધારે રસ પડતો, અને એ એક ચતુર રાજદ્વારી ગણાતો. રાજદ્વારી પુરુષ તરીકે યુરોપમાં એનો વગવસીલો મ્હોટો હતો.

---

૧. હિબ્રૂ લોક દર પચાશમા વર્ષને ‘જ્યુબિલી વર્ષ’ કહેતા; એ વર્ષમાં ગુલામોને છોડી મૂકવામાં આવતા અને વંશપરંપરાની મિલ્કત પાછી સોંપવામાં આવતી. રોમન કૅથલિક પંથમાં આ શબ્દ જૂદા જ અર્થમાં વપરાતો હતો. હાલ પચીશ કે પચાસ વર્ષનો ઉત્સવ ‘જ્યુબિલી’ કહેવામાં આવે છે. સાઠ વર્ષના ઉત્સવ માટે વપરાતો ‘ડાયમંડ જ્યુબિલી’ શબ્દ કલ્પિત છે.

બીજું હોમ રૂલ બિલ; મિ. ગ્લૅડ્સ્ટન—બીજાં પ્રધાનમંડળોનો માફક **લૉર્ડ સૉલ્ઝબરીના** પ્રધાનમંડળે પણ ધીમેધીમે લોકપ્રિયતા ગુમાવી અને સામાન્ય ચૂંટણી થતાં **મિ. ગ્લૅડ્સ્ટન** ૧૮૯૨માં ત્યાશી વર્ષની વયે પાછો મુખ્ય પ્રધાન બન્યો. ૧૮૯૪ માં એ રાજ્યકાર્યમાંથી મુક્ત થયો અને ૧૮૯૮ માં મરણ પામ્યો. એની કારકીર્દીના આ છેલ્લા હફતા દરમ્યાન એણે **આયર્લૅંડના હોમ રૂલનું** બીજું બિલ રજૂ કર્યું. એ **આમસભામાંથી** પસાર થયું પણ ઉમરાવસભામાં નામંજૂર થયું. આ પ્રસંગે તો ઉમરાવસભાએ પ્રજાની લાગણીનો સાચો અંદાજ કર્યો હતો (૧૮૯૩). રાજ્યકાર્યમાં ગ્લૅડ્સ્ટનના વિરોધી **મિ. બાલ્ફરે** કહ્યું છે તેમ **મિ.** ગ્લૅડસ્ટનને 'અસાધારણ મોટા ગુણોની કુદરતી બક્ષીશ' મળી હતી. **પાર્લમેંટમાં** એનાથી સારો કોઇ વકતા ન્હોતો, અને આખરની વૃદ્ધાવસ્થામાં પણ એ હેરત પમાડે એટલું સખ્ત કામ કરી શકતો. નાણા વહીવટમાં એ પ્રવિણ હતો અને જૂદી જૂદી જાતની વિદ્યામાં કુશળ વિદ્વાન્ પુરુષ હતો. એના મરણ પછી એના જેવો વિદ્વાન્ અને નામાંકિત રાજદ્વારી પુરુષ સંયુક્ત રાજ્યમાં બીજો થયો નથી.

લૉર્ડ રોઝબરી મુખ્ય પ્રધાન—૧૮૯૪ માં **મિ.** ગ્લૅડ્સ્ટન ફારેગ થયો ત્યારે **લૉર્ડ રોઝબરી** મુખ્ય પ્રધાન બન્યો. પોતાના જ પક્ષની અંદરના વિરોધને લીધે એ કદી બહુ કાર્ય કરી શકયો નહિ. ૧૮૯૫ માં એક ન્હાની બાબતમાં હારી જઇને એને હોદ્દો છોડવો પડયો.

લૉર્ડ સૉલ્ઝબરી ફરીથી મુખ્ય પ્રધાન—જ્યારે સામાન્ય ચૂંટણી થઈ ત્યારે સંરક્ષક પક્ષની અથવા જોડાણપક્ષવાળાઓની (યુનિયન્સ્ટિોની) મ્હોટી બહુમતિ થઈ અને **લૉર્ડ સૉલ્ઝબરી** ફરીથી મુખ્ય પ્રધાન બન્યો. **મિ.** ગ્લૅડ્સ્ટનની **આયર્લૅંડને હોમ રૂલ** આપવાની રાજ્યનીતિમાં નહિ માનનારા **મિ. ચેમ્બરલેઇન** અને બીજા સુધારકો **બ્રિટિશ** અને **આઇરિશ પાર્લમેંટનું** જોડાણ કરવાના મતના હતા તેથી તેઓ 'જોડાણમતના સુધારકો' (લિબરલ

યુનિયનિસ્ટ) કહેવાતા. એ પુરુષો **સૉલ્ઝબરીના** પક્ષમાં મદદગાર બન્યા તેથી એનું પ્રધાનમંડળ મજબૂત બન્યું. ૧૯૦૨ સૂધી મુખ્ય પ્રધાનનો હોદ્દો ભોગવીને **લૉર્ડ સૉલ્ઝબરી** બિમારીને કારણે રાજીનામું આપીને છૂટો થયો; એની પછી એનો ભત્રીજો **મિ. આર્થર બાલ્ફર** મુખ્ય પ્રધાન બન્યો. બીજે જ વર્ષે **લૉર્ડ સૉલ્ઝબરી** મરણ પામ્યો.

સૉલ્ઝબરીની કારકીર્દી દરમ્યાન જાપાને **ચીનને** હરાવ્યું હતું, અને યુનાઇટેડ **સ્ટેટ્સે સ્પેનના** કાફલાનો નાશ કરીને ફિલિપ્પાઇન ટાપુઓ સર કર્યાં હતા અને થોડોક વખત ક્યૂબા ઉપર કબજો ભોગવ્યો હતો. આગળ કહેવામાં આવ્યું હતું તેમ રાણીનો ૧૮૯૭ માં ‘ હીરક મહોત્સવ ’ (ડાયમંડ જ્યુબિલીનો ઉત્સવ) બહુ ભપકાથી ઉજવવામાં આવ્યો હતો. **લૉર્ડ કર્ઝનની** ઉત્સાહભરી અને બહુ ટીકાપાત્ર બનેલો હિંદની સુબાગિરી ૧૮૯૮ થી (વચ્ચે થોડોક વખત બાદ કરીને) ૧૯૦૫ સૂધી ચાલી હતી.

દક્ષિણ આફ્રિકાનો વિગ્રહ—દક્ષિણ આફ્રિકાના બ્રિટિશ સંસ્થાનીઓ અને ટ્રાન્સ્વાલના અને ઑરેંજ રિવર સ્ટેટના ડચ બોઅર લોકો વચ્ચે લાંબા વખતથી ચાલતા આવેલા વેરમાંથી ઑક્ટોબર ૧૮૯૯ માં ખુલ્લો વિગ્રહ ઉપજ્યો. એ લડતમાં શરુઆતના થોડા મહિનાઓ સૂધી બ્રિટિશ લોકોની ઘણીવાર હાર થઈ, પણ જ્યારે **લૉર્ડ રૉબર્ટ્સને** મુખ્ય સેનાપતિ નીમવામાં આવ્યો ત્યારે એણે બધી ભૂલો સુધારી અને વખત જતાં બ્રિટિશ લશ્કરો બધે સ્થળે ફતેહમંદ થયાં. મે ૧૯૦૨ માં વેરીનિગિંગ મુકામે સુલેહના કરારો ઉપર સહી કરવામાં આવી એટલે વિગ્રહ ખતમ થયો. એ પછી, આગળ કહેવાઈ ચૂક્યું છે તેમ, દક્ષિણ આફ્રિકાનાં બધાં સંસ્થાનો જોડાઈ ગયાં અને દક્ષિણ આફ્રિકાનું સંયુક્તરાજ્ય (યુનિયન) બન્યું. એ સંસ્થાનો એક જ રાજ્ય તરીકે જોડાઇ ગયાં છે, કૅનૅડાના મુલ્કની માફક કે ઑસ્ટ્રૅલિયાના પ્રજારાજ્યની માફક સ્વરાજ્ય ભોગવતાં સંસ્થાનોના સંઘ તરીકે નથી જોડાયાં. ૧૯૦૯ માં દક્ષિણ આફ્રિકાનો કાયદો (સાઉથ આફ્રિકા ઍક્ટ) પસાર થયો અને

૩૧ મી મે ૧૯૧૦ થી એનો અમલ થયો.

રાણી વિક્ટોરિયાનું મરણ અને ચારિત્ર—મ્હોટી ઉંમરે પ્હોચેલી અને લોકમાં માન પામેલી રાણી વિક્ટોરિયા ૨૨ મી જાન્યુઆરી ૧૯૦૧ માં મરણ પામી, અને એનો પુત્ર રાજા ૭ મો ઍડ્વર્ડ એની જગ્યાએ રાજા થયો.

'રાણી વિક્ટોરિયા એક નવીન પ્રકારની રાજ્યકર્તી હતી' એમ કહેવામાં આવ્યું છે તે ખરૂં છે. દુનિયાના ઇતિહાસમાં બીજા કોઈ રાજ્યકર્તાએ એના જેવું સ્થાન ભોગવ્યું નથી. પ્રજાસત્તાક રાજ્યના બંધારણ મુજબના રાજ્યકર્તાએ કેવી પદ્ધતિથી રાજ્ય કરવું જોઈએ એ પ્રશ્નનો રાણી વિક્ટોરિયાએ એવો મક્કમ નિર્ણય કર્યો છે કે એની પછીના રાજ્યકર્તાઓને પોતાને લેવાનો માર્ગ ચોખ્ખો જણાઈ આવ્યો છે અને રાણીને પગલે ચાલવાથી વધારે કે કમતી બીજું કાંઈ કરવાની તેમને અગત્ય નથી રહી. એ કામ અસાધારણ બુદ્ધિશક્તિનું પરિણામ નથી; પોતાના ચારિત્રનાં બળથી જ રાણીએ એ પરિણામ સાધ્યું છે. એને રાજપદની મ્હોટાઇમાં મક્કમ વિશ્વાસ હતો અને બ્રિટિશ સલ્તનતની અગ્રેસર તરીકેના પોતાના ઉંચા દરજ્જાનો સ્પષ્ટ ખ્યાલ હતો; અને એની સાથે, એનામાં રાજ્યકર્તા તરીકેની પોતાની પ્રજા પ્રત્યેની ફરજ ખરા દિલથી સ્વીકારવાનો અને પ્રજાના હર્ષશોકમાં સાચી દિલસોજીથી ભાગ લેવાનો ગુણ હતો. એના હિંદ રાજ્ય તરફ એ ઉંડી કાળજીથી ધ્યાન આપતી, અને પૂર્વના રાજાઓ રાજીખુશીથી એના પ્રત્યે વફાદારી બતાવતા તેથી એને ઘણો આનંદ થતો. પોતાના પુત્રની માફક અને પૌત્રની માફક હિંદના લોકને પોતાનો ચ્હેરો બતાવવાની તક એને ન્હોતી મળી, તે છતાં એ મહાન રાણીનું નામ અને એની છબી આખા હિંદુસ્તાનમાં જાણીતાં હતાં; અને દૂર દૂર પશ્ચિમમાં તખ્ત ઉપર બિરાજતી એ રાણી બહાદુર મર્દોની અને સદ્‌ગુણી સ્ત્રીઓની વફાદારી ભરેલી રાજભક્તિને લાયક એક ધર્માવતાર છે એવું એ દેશના ઉચ્ચ અને નીચ તમામ લોકનું માનવું હતું.

દરિયાપારનું સામ્રાજ્ય—વિક્ટોરિયાનાં યુગમાં (જેમાં રાણીના મરણ પછીનાં થોડાં વર્ષોનો સમાવેશ થાય છે એવા એ યુગમાં) દરિયાપારના સામ્રાજ્યમાં અત્યંત વધારો થયો. ગમે તેટલું વિશાળ હોવા છતાં આખા સામ્રાજ્યનો જે એક અંશ જ ગણાય એવાં હિંદના રાજ્યમાં પંજાબ અને બ્રહ્મદેશ ઉમેરવામાં આવ્યા હતા; બીજા ન્હાના ઉમેરાઓ જણાવવાની જરૂર નથી. જેઓમાંનાં મુખ્ય હાલ 'શહેનશાહના દરિયાપારના મુલ્ક' એ નામે ઓળખાય છે તે સંસ્થાનોનો વિકાસ અતિશય જબરા પ્રમાણમાં થયો હતો. અઢારમા સૈકામાં ફ્રૈંચ લોકો પાસેથી કૅનૅડાનાં જે ન્હાનાં સંસ્થાનો જીતી લેવામાં આવ્યાં હતાં તેઓ હવે જોડાઈ જતાં અમેરિકા ખંડને એક છેડેથી બીજે છેડે ફેલાયેલો ૩૫૦૦ માઈલના વિસ્તારનો એક વિશાળ મુલ્ક બન્યો છે, જે દીન પર દીન ધનમાં, વસ્તીમાં અને સત્તામાં વધતો જાય છે. દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજોનાં અને ડચ લોકનાં નબળાં સંસ્થાનો વારંવાર એક બીજા જોડે અથવા જોરાવર અસલ વતની કોમો સાથે વિગ્રહ કરતાં તેઓના જોડાણથી હવે દક્ષિણ આફ્રિકાનું સંયુક્તરાજ્ય બન્યું છે, જે એક જ રાજ્ય બની ગયું છે, અને એવડું મ્હોટું છે કે એ એકલું જ એક સામ્રાજ્ય ગણાઈ શકે. એ જ પ્રમાણે ઑસ્ટ્રૅલિયાના કિનારા ઉપરનાં નજીવાં સ્થાનોને બદલે હવે ઑસ્ટ્રૅલિયન પ્રજારાજ્ય ઉત્પન્ન થયું છે, જે એ આખા દ્વીપ ઉપર ફેલાયેલું છે અને પોતાના જ કાફલાવાળી અને પોતાના જ લશ્કરવાળી એક જોરાવર પ્રજા બનવાની તૈયારીમાં છે. આ ટૂંક હકીકતથી સમજાશે કે રાણીના રાજ્યારોહણ પછી દરિયાપારના સામ્રાજ્યમાં કેટલો મ્હોટો ફેરફાર થઈ ગયો હતો. સામ્રાજ્યમાં થયેલા ઉમેરાઓનું વીગતવાર વર્ણન આપિએ તો એક ગ્રન્થ જેટલો વિસ્તાર થાય.

વિજ્ઞાન--એ જ મુદત દરમ્યાન વિજ્ઞાનનો--એટલે કે કુદરતના બારીક અને શાસ્ત્રીય જ્ઞાનનો વિકાસ આશ્ચર્ય ઉપજાવે એટલો થયો છે. ટેલિફોન, તારની મદદ વગર સંદેશા પ્હોંચાડનાર વાયરલેસ ટેલિગ્રાફી, મોટર ગાડીઓ, વીજળીના દીવા, ઊડવાનાં યંત્રો અને બીજી હજારો

શોધખોળો, જેમાંની એકેકી જ અદ્દ્ભુત ગણાય તેવી, એટલી બધી સાધારણ થઈ પડી છે કે આ જમાનાના આદમીને હવે એથી નવાઇ પણ નથી ઉપજતી. આ બધી, અથવા લગભગ બધી, નવી શોધખોળો રાણીના લાંબા રાજ્ય દરમ્યાન થયેલી છે. હેરત પમાડે એવી વિજ્ઞાનની શોધખોળોનો હાલના જમાનામાં અંત જ આવે એમ નથી.

સાહિત્ય—વિક્ટોરિયાનાં યુગ દરમ્યાન મનુષ્યોની બુદ્ધિની જે અનેક પ્રકારની પ્રવૃત્તિયો હતી તે જેમ બીજી બાબતોમાં પ્રગટ થતી તેમ કુદરતી રીતે ઇંગ્લિશ સાહિત્યમાં પણ પ્રગટ થઈ. એ પ્રવૃત્તિયોથી મળેલી પ્રેરણાએ ઘણા ગ્રન્થો ઉપજાવ્યા જેને ભવિષ્યની પ્રજા કદી ભૂલી જવાની નથી. કવિઓમાં ટેનિસન અને રૉબર્ટ બ્રાઉનિંગનાં નામો મુખ્ય છે, અને ગદ્યલેખકો તો એટલા બધા છે કે તેઓના નામની ટીપ આપવી નકામી થાય. વિક્ટોરિયાના યુગના સાહિત્યના એક ખાસ ભાગની ટૂંકી નોંધ લઇશું:— જેમ એલિઝાબેથના યુગમાં નાટકકર્તાઓ થયા હતા તેમ વિક્ટોરિયાના યુગમાં ડિકન્સ, થૅકરે, જ્યૉર્જ ઇલિયટ અને એથી ઉતરતી નામનાવાળા બીજા ઘણા નવલકથાકારો ઉત્પન્ન થયા. જ્યૉર્જ ઇલિયટ ખરી રીતે એક સ્ત્રી હતી; રાણીના રાજ્યમાં સ્ત્રીઓની સ્થિતિમાં જે ફેરફાર થયો હતો તેના ઘણા પુરાવાઓ છે, અને એક સ્ત્રી નવલકથાકાર થઈ હતી એ પણ એ જ ફેરફારનો એક પુરાવો છે. એ ફેરફાર, બીજા ઘણા ફેરફારોની માફક, હજી આગળ વધતો જાય છે. ભવિષ્ય ભાખવાનો અમારો ઇરાદો નથી, તેથી હાલના શહેનશાહે દર્શાવેલો મત સ્વીકારીને જ સંતોષ માનીશું અને એમના જ શબ્દોમાં કહીશું કે, "ઈશ્વરની કૃપાથી છેવટનું પરિણામ બધાને લાભકારક નીવડશે."

મુખ્ય તારીખો

બૅલાકલાવાની અને ઇન્કરમૅનની લડાઈઓ ...	૧૮૫૪
સેબાસ્ટોપલનું તાબે થવું; લૉર્ડ પામર્સ્ટન મુખ્ય પ્રધાન	૧૮૫૫

ક્રીમિયન વિગ્રહનો અંત; પૅરિસની સુલેહ; ઇરાનનો વિગ્રહ	૧૮૫૬
હિંદનો બળવો	૧૮૫૭–૫૯
ચીનાઈ વિગ્રહ	૧૮૫૭–૬૦
રાણીનો હિંદને ઢંઢેરો; ડર્બીનું ટૂંકું પ્રધાનમંડળ...	૧૮૫૮
લૉર્ડ પામર્સ્ટન ફરીથી મુખ્ય પ્રધાન; સ્વયંસેવકો; ફ્રાન્સ અને ઑસ્ટ્રિયા વચ્ચે વિગ્રહ	૧૮૫૯
પ્રિન્સ કૉન્સોર્ટનું મરણ	૧૮૬૧
અમેરિકાનો આન્તર વિગ્રહ (સિવિલ વૉર)	૧૮૬૧–૬૫
લૉર્ડ જૉન રસલ મુખ્ય પ્રધાન	૧૮૬૫
પ્રશિયા અને ઑસ્ટ્રિયા વચ્ચે વિગ્રહ	૧૮૬૬
મિ. ડિઝ્રાલીનો સુધારાનો કાયદો; કૅનૅડાનો સંસ્થાનસંઘ; ફેનિયન તરકટો	૧૮૬૭
ઍબિસિનિયાનો વિગ્રહ; મિ. ગ્લૅડ્સ્ટન મુખ્ય પ્રધાન	૧૮૬૮
આયર્લૅંડની ધર્મસંસ્થાનો કાયદો (આઇરિશ ચર્ચ ઍક્ટ)	૧૮૬૯
આયર્લૅંડનો જમીનદારીનો કાયદો (આઇરિશ લૅન્ડ ઍક્ટ); કેળવણીનો કાયદો (એજ્યુકેશન ઍક્ટ)	૧૮૭૦
ફ્રાન્સ અને જર્મનિ વચ્ચે વિગ્રહ... ...	૧૮૭૦–૭૧
મતપત્રનો કાયદો (બૅલટ ઍક્ટ)	૧૮૭૨
મિ. ડિઝ્રાલી મુખ્ય પ્રધાન	૧૮૭૪
'કયસરે હિંદ' ઇલ્કાબ જાહેર કરવામાં આવ્યો. ૧ લી જાન્યુઆરી	૧૮૭૭
રશિયા અને તુર્કી વચ્ચે વિગ્રહ	૧૮૭૭
બર્લિનની કૉંગ્રેસ	૧૮૭૮
ઝૂલુ વિગ્રહ	૧૮૭૯
બીજો અફ્ઘાન વિગ્રહ	૧૮૭૯–૮૦
મિ. ગ્લૅડ્સ્ટન બીજી વાર મુખ્ય પ્રધાન; લૉર્ડ રિપન હિંદનો ગવર્નર-જનરલ	૧૮૮૦

પ્રકરણ ૧૫ મું

૭ મો ઍડ્વર્ડ અને ૫ મો જ્યૉર્જ

૭ મો ઍડ્વર્ડ—નવો શહેનશાહ, રાણી વિક્ટોરિયાનો પ્હેલો પુત્ર, ૯ મી નવેંબર ૧૮૪૧ ને રોજ જન્મ્યો હતો. એને એના કેળવાયેલા અને સંસ્કારી પિતા પ્રિન્સ કૉન્સોર્ટે અને કેટલાક શિક્ષકોએ બહુ કાળજીપૂર્વક કેળવણી આપી હતી. એણે એડિનબરો, ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ શહેરોમાં અભ્યાસ કર્યો હતો અને દેશપરદેશમાં ઘણી મુસાફરી કરી હતી. ૧૮૬૦માં કૅનૅડાની અને ૧૮૭૫ માં હિંદની મુલાકાત એણે લીધી હતી. ફ્રાન્સમાં, ખાસ કરીને પૅરિસમાં, સહુ કોઈ એને પિછાણતું; એને પરદેશનાં રાજ્યપ્રકરણોનું અને યુરોપમાં કારોબાર ચલાવનારા માણસોનું ઉત્તમ જ્ઞાન હતું. એથી એ રાજા થયો ત્યારપછી પરદેશ જોડેની રાજ્યનીતિમાં એની બાહોશીની કીંમતી અસર થઈ. ફ્રાન્સની અને રશિયાની જોડે મિત્રતાનો કોલ (આંતાંત) કરનાર મુખ્ય પુરુષ ૭ મો ઍડ્વર્ડ જ હતો, અને એ કોલે જ ૧૯૧૪–૧૮ ના વિગ્રહમાં યુરોપને અને બ્રિટિશ સામ્રાજ્યને બચાવ્યાં.



૭મો ઍડવર્ડ

નવા રાજ્યનું પ્રથમ કામ બોઅર વિગ્રહને સમાપ્ત કરવાનું હતું, જે કામ માર્કિવસ ઑફ્ સૉલ્ઝબરીએ ફતેહથી પાર પાડ્યું. એ વિગ્રહ પૂરો થયો ત્યારે (મે ૧૯૦૨માં) સૉલ્ઝબરીએ પ્રધાનપદનું રાજીનામું આપ્યું. એની પછીનો મુખ્ય પ્રધાન મિ. આર્થર બાલ્ફર એક

અગ્રેસર વિદ્વાન અને રાજ્યદ્વારી પુરુષ હતો, અને એની દેખરેખ નીચે એ વખતના કેટલાક મુશ્કેલ પ્રશ્નોનો ફતેહમંદ નિકાલ થયો.

જાપાન જોડે કોલકરાર—પ્હેલો પ્રશ્ન બ્રિટિશ સામ્રાજ્યના જાપાન જોડેના સંબંધનો હતો. જાપાનીઓ બહુ ઝડપથી આગળ વધનારા લોક છે, અને એ વખતે તેઓ વ્હેપારમાં અને રાજ્યપ્રકરણોમાં પોતાની સત્તા પોતાના ટાપુઓમાંથી એશિયાખંડ ઉપર, ખાસ કરીને મન્ચુરિયા નામે ચિનાઈ પ્રાન્ત ઉપર, ફેલાવતા હતા. તેઓનો હેતુ ખાસ પોતાનીજ સત્તા દાખલ કરવાનો ન્હોતો પણ રશિયાની સત્તાને દાખલ થતી અટકાવવાનો હતો, કારણ કે રશિયાએ મધ્ય એશિયાનો મ્હોટો ભાગ જીતી લીધો હતો અને પૉર્ટ આર્થર નામના બંદરને લડાઈના કાફલાનું મથક બનાવ્યું હતું.


જાપાન એક જોરાવર રાજ્ય થતું જાય છે એ સમજનાર ગ્રેટ બ્રિટન પ્હેલું હતું. માર્ક્વિસ ઑફ્ સૉલ્ઝબરીની નીચેના રાજ્યખાતાના પ્રધાન લૉર્ડ લૅન્ઝ્ડાઉને ૩૦ મી જાન્યુઆરી ૧૯૦૨ ને રોજ જાપાન જોડે મિત્રસંબંધના કોલકરાર કર્યા હતા. જ્યારે ૧૯૦૪ માં જાપાન અને રશિયા વચ્ચે મન્ચુરિયાના પ્રશ્નને લીધે વિગ્રહ શરુ થયો ત્યારે બ્રિટિશ મિત્રસંબંધે બીજાં રાજ્યોને એ ઝગડામાં શામિલ થતાં અટકાવ્યાં; કારણ કે જો બીજી કોઈ રાજ્યસત્તા રશિયા સાથે જોડાઈ હોત તો ગ્રેટ બ્રિટને એ મિત્રસંબંધની રૂએ જાપાનને મદદ કરી હોત. જાપાનીઓએ મુકદન મુકામે જમીન ઉપરની લડાઈઓમાં જીત મેળવી, ત્સુશીમાની મ્હોટી દરિયાઇ લડાઇમાં પણ ફતેહ મેળવી અને પૉર્ટ આર્થર કબજે કર્યું; પણ ત્યાર પછી રશિયનોએ ગુમાવેલો મુલ્ક પાછો મેળવ્યો એટલે એક પણ પક્ષની હારજીત વિના વિગ્રહ ચાલૂ રહ્યો. છેવટ યુનાઇટેડ્ સ્ટેટ્સના પ્રમુખ થિયોડોર રૂઝવેલ્ટની દરમ્યાનગિરીથી પૉર્ટ્સમથ મુકામે (મેઇન સંસ્થાનમાં) ૨૯ મી ઑગસ્ટ ૧૯૦૫ ને દિવસે સુલેહના કોલકરારો કરવામાં આવ્યા. રશિયાએ મન્ચુરિયા ખાલી કર્યું અને પૉર્ટ આર્થર જાપાનને આપ્યું. ઇંગ્લંડ-જાપાનનો મિત્રસંબંધ વખતોવખત તાજો કરવામાં આવ્યો અને ૧૯૧૪ના

વિગ્રહમાં પણ નભી રહ્યો, જે વિગ્રહ દરમ્યાન જાપાને જર્મન કાફલા સ્હામે પોતાનાં વહાણો વડે મદદ કરી અને ચીનમાં ત્સિંગ-તાઉ નામના જર્મન કિલ્લાને કબજે કરવામાં મુખ્ય ભાગ લીધો.

મિત્રતાનો કોલ (આંતાંત)—ઇંગ્લંડ અને જાપાન વચ્ચેના મિત્રસંબંધને લીધે પૂર્વમાં શાંતિ જળવાઈ રહી. એજ રીતે ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે ૧૯૦૪ માં થયેલો કોલ યુરોપમાં સુલેહ જાળવી રાખવામાં મદદગાર નિવડવાનો હતો. ૧૮૭૦ માં જર્મનીએ ફ્રાન્સ જોડે વિગ્રહ કર્યો અને આલ્સેસ અને લૉરેનના ફ્રેંચ પ્રાંતો પોતાના રાજ્યમાં જોડી દીધા ત્યારથી જ યુરોપને બીજા વિગ્રહનો ડર લાગ્યા કરતો હતો. જે શાંતી વ્યાપી રહી હતી તે 'હથિયારબંધ શાંતિ' હતી, એટલે કે શાંતિના એ વખત દરમ્યાન પણ પ્રત્યેક પ્રજા લડાઈને માટે સજ્જ થઈ રહી હતી. ૧૮૭૯ માં ઑસ્ટ્રિયા અને જર્મની વચ્ચે પરસ્પર સંપ કરવામાં આવ્યો હતો, અને ૧૮૮૨માં ઇટલિ તેઓ સાથે જોડાયું ત્યારે મશહૂર 'ત્રિપુટીનો સંપ' (ટ્રિપલ ઍલાયન્સ) થયો. ફ્રાન્સ કોઈક દહાડો હુમલાનો ભોગ બનીને માર્યું જશે એવું જણાતું હતું. આ ભયનો ઉપાય કરવા માટે ૧૮૯૬ માં ફ્રાન્સ અને રશિયા વચ્ચે સંપ કરવામાં આવ્યો. રાજા ૭ મો ઍડવર્ડ અને મુખ્ય પ્રધાન મિ. બાલ્ફર એવા મતના હતા કે ફ્રાન્સને અને રશિયાને બીજા મિત્રોની મદદ મળ્યા વગર રહેવાની નથી એવી જો જર્મન લોકોને ખાતરી થાય તો સુલેહ જળવાઈ રહે. આ બાબત ચોખ્ખી કરવાના ઇરાદાથી એપ્રિલ ૧૯૦૪ માં ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે મિત્રતાનો કોલ (આંતાંત) કરવામાં આવ્યો. ફ્રાન્સ અને ગ્રેટ બ્રિટન વચ્ચેની ન્યૂફાઉંડલૅંડમાંના મચ્છી પકડવાના ઉદ્યોગને લગતી, અને ગ્રેટ બ્રિટનના ઇજીપ્ટમાંના હકોને લગતી તકરારોનો નિવેડો કરવામાં આવ્યો; અને જો કે લશ્કરી સંપસુલેહ ન્હોતી કરવામાં આવી છતાં તેઓએ મિત્ર બની રહેવાનો કોલ કર્યો. એવો મિત્રતાનો કોલ ઑગસ્ટ ૧૯૦૭ માં ઇંગ્લંડ અને રશિયા વચ્ચે કરવામાં આવ્યો. આ રીતે ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ અને રશિઆ વચ્ચે 'ત્રિપુટિનો મિત્રતાનો કોલ' (ટ્રિપલ આંતાંત) થયો. આ કામ

મ્હોટે ભાગે ૭ મા ઍડ્વર્ડે કર્યું હતું; પોતાની મુસાફરી દરમ્યાન એ રશિયાના ઝારને અને ફ્રાન્સના પ્રૅસિડૅંટ લૂબેને મળ્યો હતો. આ ટ્રિપલ આંતાંતને લીધે યુરોપમાં ૧૯૧૪ સૂધી શાંતિ ટકી રહી, પણ એ વર્ષમાં જર્મનીએ પોતાનું સર્વસ્વ ગુમાવવાને જોખમે પણ એ શાંતિ ઉપર દારુણ હુમલો કરવાનું પસંદ કર્યું.

સામ્રાજ્યનો ઇતિહાસ—૧૯૦૬ ની સામાન્ય ચૂંટણીમાં મિ. બાલ્ફરની કન્ઝરવેટીવ સરકાર હારી અને લિબરલ અમલ આવ્યો; સર હેન્રી કૅમ્પ્બેલ-બૅનરમન મુખ્ય પ્રધાન બન્યો. નવી સરકારે ઘણા ઉપયોગી કાયદાઓ પાર્લમેંટમાં રજૂ કર્યા. બોઅર વિગ્રહને અંતે ટ્રાન્સવાલને અને ઑરેંજ રિવર સંસ્થાનને બ્રિટિશ સામ્રાજ્યમાં જોડી દેવામાં આવ્યાં હતાં, પણ હવે પસાર થયેલા એક કાયદાથી એને સંસ્થાનિક સ્વરાજ્ય બક્ષવામાં આવ્યું. હિંદ ખાતાના પ્રધાન લૉર્ડ મોરલીએ રજૂ કરેલ એક કાયદાવડે હિંદની ધારાસભાઓને (ગવર્નર-જનરલની અને મુંબઈની, મદ્રાસની, બંગાળાની, સંયુક્ત પ્રાન્તોની, પંજાબની અને બ્રહ્મદેશની ધારાસભાને) વિસ્તારવામાં આવી, અને તેઓના કાર્યમાં વધારો કરવામાં આવ્યો (હિંદી ધારાસભાનો કાયદો, ૧૯૦૯). એજ અરસામાં હિંદ અને ચીન વચ્ચેનો અફીણનો વ્હેપાર બંધ કરવામાં આવ્યો. ૧૯૦૯ માં બ્રિટિશ



લૉર્ડ મોરલી

પાર્લમેંટે દક્ષિણ આફ્રિકાના જોડાણનો કાયદો પસાર કરીને એ આખા પ્રદેશને (ટ્રાન્સવાલ અને ઑરેંજ રિવર સુદ્ધાં) એક સ્વરાજ્યવાળો મુલ્ક બનાવ્યો.

ઇંગ્લંડની અંદરના ધારાઓ—દેશની અંદરના જ કારોબારને લગતા બ્રિટિશ કાયદાઓમાં ઘણો સુધારો કરવામાં આવ્યો. સિત્તેર વર્ષથી વધારે વયના માણસોને અઠવાડિયે પાંચ શિલિંગની જીવાઇઓ આપવામાં આવી. કામદારોની જીંદગીનો વીમો રાજ્ય તરફથી ઉતરાવવાની (નૅશનલ ઇન્સ્યુરન્સની) પદ્ધતિ સ્થાપવામાં આવી; એ વીમાનું ખર્ચ કામદારો, તેઓના શેઠ, અને રાજ્ય, ભાગે પડતું આપેછે. ૧૯૧૧ ના પાર્લમેંટના કાયદાથી આમસભા અને ઉમરાવસભા વચ્ચેના સંબંધમાં અગત્યનો ફેરફાર કરવામાં આવ્યો. ૧૯૦૯ ની સાલના બજેટને ઉમરાવસભાએ નામંજુર કર્યું હતું, કારણકે એમાં જમીન ઉપર ભારે કર નાખવામાં આવ્યો હતો. રાજ્યના કરોનો મ્હોટો ભાગ અમે આપિયે છિયે માટે નાણાંસંબંધી બધી બાબતોમાં છેવટનો નિર્ણય અમારા હાથમાં રહે, ઉમરાવોના હાથમાં ન રહે, એવો આમવર્ગનો દાવો હતો. એ મુજબ પાર્લમેંટમાં એવી મતલબનો એક ખરડો રજૂ કરવામાં આવ્યો કે નાણાંને લગતા કોઇપણ ખરડાને (મની બિલને) રદબાતલ કરવાની સત્તા ઉમરાવોના હાથમાં ન રહે; અને બીજા કોઈપણ ખરડાની 'મોકુફ રાખનારી નામંજૂરી' કરવાનો (સસ્પેન્ઝિવ વીટોનો) જ હકક ઉમરાવોના હાથમાં રહે—એટલે કે તેઓ એકનો એક ખરડો ત્રણવાર નામંજૂર કરી શકે, ત્યારપછી "ઉમરાવોની સભાએ ત્રીજીવાર નામંજૂર કરેલો એ ખરડો......... રાજાની આગળ રજૂ કરવામાં આવે અને એની ઉપર રાજાની સંમતિની સહી થતાં એ પાર્લમેંટનો કાયદો બને." એ જ પાર્લમેંટ ઍક્ટથી પાર્લમેંટની બેઠકોની મુદત, સાત વર્ષમાંથી ઘટાડીને, પાંચ વર્ષની કરવામાં આવી; એ મુદતને અંતે સામાન્ય ચૂંટણી કરવી પડે.

પાર્લમેંટની બે સભાઓ—પાર્લમેંટ ઍક્ટથી ઉમરાવસભાની સત્તા ઉપર અંકુશ મૂકવામાં આવ્યો તે છતાં, અત્યારસૂધી લોકપ્રિય

ન બનેલી એ સભા હવે લોકમાં વધારે આદર પામવા લાગી અને એનો પ્રભાવ વધારે પડવા લાગ્યો. આવું પરિણામ આવવાનું કારણ એ હતું કે ઉમરાવસભાએ મિજાજ કરીને કામકાજમાં ખલલ નાખવાને બદલે પાર્લમેંટ ઍકટથી ઉત્પન્ન થયેલી નવી સ્થિતિને વફાદારીથી સ્વીકારી લીધી અને એનો બને તેટલો સદુપયોગ કર્યો. તેઓની આ રીત લોકને પસંદ પડી, કારણકે જેઓ છેવટસૂધી લડે અને પછી હારી જાય તોપણ હારથી બેદિલ ન બની જાય એવા માણસોને બ્રિટિશ લોકો વખાણે છે. ઉમરાવસભામાં થતી ચર્ચાઓ હંમેશાં સમજુ, વ્હેવારૂ, ગંભીર, અને માહિતીભરેલી હોય છે; મહાન વિગ્રહ દરમ્યાન ઉમરાવસભાએ રાજ્યમાંની એક ડાહી, દેશભકત અને ઠરેલ વિચારવાળી સત્તા તરીકે પોતાની આબરૂ પૂરેપૂરી જાળવી રાખી. એથી ઉલટું, આમસભાએ મહાન વિગ્રહ દરમ્યાન કેટલેક દરજ્જે સત્તા ગુમાવી હતી; પણ ત્યારપછી ૧૯૨૦ માં સરકારના જબરા ખર્ચની સ્હામે થયેલી લડતમાં આમસભાએ પોતાની સત્તા પાછી મેળવી. ૧૯૧૮ માં જૂદા જૂદા ચૂંટણી વિભાગોમાં મતદારોની સંખ્યા બહુ વધારવામાં આવી હતી, જેથી સ્ત્રીઓ પણ મત આપી શકે છે અને આમસભામાં પ્રતિનિધિ તરીકે બેસી શકે છે.

૫ મો જ્યૉર્જ—પાર્લમેંટને લગતા કાયદાના ખરડાની બાબતમાં જે લાંબો રાજ્યદ્વારી ખળભળાટ ચાલ્યો તે દરમ્યાન પ્રજાના આગેવાન પુરુષો બદલાઈ ગયા હતા. સુધારક પક્ષનો મુખ્ય પ્રધાન સર હેન્રી કૅમ્પ્બેલ-બૅનરમન ૧૯૦૮ માં મરી ગયો હતો; એની જગ્યાએ મિ. ઍસ્ક્વિથ આવ્યો હતો, જે ૧૯૧૬ સૂધી મુખ્ય પ્રધાન રહ્યો. રાજા ૭ મો ઍડ્વર્ડ ૧૯૧૦ ના મે માસમાં ગુજરી ગયો, અને એની પછી એનો એકનો એક હયાત પુત્ર ૫ મો જ્યૉર્જ તખ્તનશીન થયો. નવા રાજા બહુ સાદી રહેણી કરણીવાળા અને શાંત રૂઆબદાર તથા ગંભીર દેખાવના પુરુષ છે; બ્રિટિશ રાજ્યબંધારણના સિદ્ધાન્તોનું એમને બહુ સારું જ્ઞાન છે, અને તેઓ પોતાનું જીવન લોકસેવામાં ગાળે છે.

જર્મનિના કાફલાનો પ્રશ્ન—૫ મા જ્યૉર્જના રાજ્ય દરમ્યાન ગ્રેટ બ્રિટન અને જર્મનિ વચ્ચે બેદિલી વધતી ચાલી. જર્મનિના



શહેનશાહ જ્યૉર્જ અને શહેનશાહબાનું મેરી

કાફલામાં ઝડપથી વધારો કરવામાં આવતો હતો. એને બ્રિટિશ સામ્રાજ્યના વિચારશીલ પુરુષો ભયનું કારણ માનતા હતા. જર્મનિ પાસે પોતાના રક્ષણ માટે પૂરતું સૈન્ય તો હતું જ, જે સૈન્ય આખી દુનિયામાં સૌથી બળવાન ગણાતું હતું. ઝડપથી વધતા જતા જર્મન કાફલાનો દેશના રક્ષણને માટે ખપ જણાતો ન હોતો અને કોઇ તદ્દન દરિયાઈ સત્તાવાળા રાજ્યની સ્હામે, એટલે કે બ્રિટિશ સામ્રાજ્યની સ્હામે, એનો ઉપયોગ થવાનો હોય એવું લાગતું હતું. જેમ જેમ જર્મનિનું નૌકાસૈન્ય વધતું ગયું તેમ તેમ, સામ્રાજ્યના હિતની



પ્રિન્સ ઑફ્ વેલ્સ

ખાતર, બ્રિટિશ સરકારને પણ વધારેને વધારે ઝડપથી વહાણો બાંધવાની ફરજ પડી. જર્મનિને એનું નૌકાસૈન્ય અમુક હદમાં રાખવાની ઘણી દરખાસ્તો કરવામાં આવી, અને ગ્રેટ બ્રિટને પોતે પોતાનું નૌકાસૈન્ય પણ એટલાજ પ્રમાણમાં કમતી કરવાની કબુલાત આપી; પણ કોઇપણ પ્રકારનો કરાર થઈ શકયો નહિં.

૧૯૧૧ નો ગંભીર આમલો—૧૯૧૧ માં યુરોપમાં લડાઇ લગભગ શરુ જ થઈ ચૂકી હતી. મૉરોકકોના રાજ્યમાં ફ્રાન્સની રાજ્યદ્વારી લાગવગ ચાલતી હતી, અને ફ્રાન્સ જોડે ૮ મી ફેબ્રુઆરી ૧૯૦૯ ને રોજ કરેલા કરારમાં જર્મનીએ એ વાત કબૂલ રાખી હતી. પણ ૧૯૧૧ માં જર્મન શહેનશાહ ૨ જા વિલ્હેમે, દેખીતી રીતે એ કરારથી પસ્તાઇને, મૉરોકકોના ઍટ્લૅન્ટિક મહાસાગર તરફના કિનારા ઉપરના આગાદીર બંદરે એક મનવાર મોકલી.

આવી રીતે પોતાની સત્તા દેખાડી આપવામાં જર્મનિનો ઇરાદો ફ્રાન્સને લડાઇમાં ઉતારવાનો હતો. આ આડકતરી રીતનું લડાઇનું કહેણ હતું. પણ બ્રિટિશ ચૅન્સેલર ઑફ્ ધી એકસ્ચેકર મિ. લૉઇડ જ્યૉર્જે લંડન શહેરના ગિલ્ડહૉલમાં (એટલે ટાઉનહૉલમાં અથવા જાહેર સભામંદિરમાં) ૨૧ મી જુલાઈ ૧૯૧૧ ને દિવસે એક અસરકારક ભાષણ કરીને ફ્રાન્સનો બચાવ કર્યો. આ ભાષણનો જર્મન સરકારે, વ્યાજબી રીતે, એવો અર્થ કર્યો કે જો ફ્રાન્સ ઉપર એકાએક હુમલો કરવામાં આવશે તો ગ્રેટ બ્રિટન ફ્રાન્સને મદદ કરશે.


મહાન વિગ્રહનો પ્રારંભ—એથી એ ક્ષણે તો જર્મન સરકારે પોતાની યોજનાઓનો વધારે અમલ કર્યો નહીં. પોતે વધારે જોરાવર થાય ત્યાં સૂધી એણે રાહ જોઈ. લશ્કરમાં વધારો કરવા માટે જર્મન સરકારે ૧૯૧૩ માં જર્મનિની પ્રજાની પૂંજીમાંથી અસાધારણ મ્હોટો કર ઉઘરાવ્યો. ફ્રાન્સે નવો લશ્કરી નોકરીનો કાયદો ઘડીને જર્મનિના એ પગલાનો ઉત્તર વાળ્યો. થોડા સમય પછી ઑસ્ટ્રિયાએ લંડનમાં પ્રજા પાસેથી નાણાંની મ્હોટી રકમ ઉછીની લીધી. આ રીતે મહાન વિગ્રહ માટે બધી તૈયારીઓ કરી રાખવામાં આવી હતી; એવામાં ઑસ્ટ્રિયાના આર્ચ્ડ્યુક ફ્રાન્ઝ ફર્ડિનૅન્ડનું અને એની પત્નીનું બૉસ્નિયામાં સારાજેવો મુકામે ૨૮ મી જૂન ૧૯૧૪ ને રોજ કરપીણ ખૂન કરવામાં આવ્યું તેથી મામલો એકદમ ગંભીર બની ગયો.

જે ચળવળને પરીણામે આ ખૂન થયું તેમાં સર્વિયન સરકારની તરફદારી હતી એવો આરોપ મૂકીને ઑસ્ટ્રિયાએ ૧૯૧૪ ના જુલાઈની ૨૮ મીએ સર્વિયાની સામે લડાઈ જાહેર કરી. સર્વિયાના રક્ષણ માટે રશિયાએ લશ્કર તૈયાર કર્યું; એ જોઇને જર્મનિએ રશિયાના ઝારને કહેણ મોકલ્યું કે અમારી માગણી કબુલ રાખો નહિં તો લડાઇ કરવા તૈયાર થાઓ; અને એજ વખતે જર્મનિયે રશિયાના મળતિયા ફ્રાન્સની સ્હામે પણ ૩ જી ઑગસ્ટે લડાઇ જાહેર કરી.

બેલ્જિયમ ઉપર ચઢાઈ—એજ દીવસે ફ્રાન્સના ઇશાનકોણમાં દાખલ થવાનો ટૂંકો માર્ગ મેળવવા માટે અને ફ્રેંચરાજ્યના પૂર્વ

સરહદ ઉપરના મજબુત કિલ્લાઓથી બચવા માટે જર્મનિયે તટસ્થ રહેલા બેલ્જિયમ દેશ ઉપર ચઢાઇ કરી અને એ રીતે ફ્રાન્સ ઉપર એકાએક હુમલો કરવાનો દગાખોર ઇલાજ અજમાવ્યો. ૧૯ મી એપ્રિલ ૧૮૩૯ ને રોજ થયેલા મશહુર કરારનામામાં જે રાજ્યોએ (ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, ઑસ્ટ્રિયા, પ્રશિયા, અને રશિયાએ) બેલ્જિયમની તટસ્થતાનું રક્ષણુ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી તેમાં જર્મન રાજ્યનું મુખ્ય સંસ્થાન પ્રશિયા પણુ શામિલ હતું. જર્મનિએ બેલ્જિયમ ઉપર ચઢાઇ કરી એ સમાચાર સાંભળીને બ્રિટિશ સરકારે એકદમ ૪થી ઑગસ્ટની રાતના ૧૧ વાગ્યાથી, જર્મનિની સ્હામે લડાઈ જાહેર કરી.

યુદ્ધમાં ઉતરેલા દેશો—જે સમયમાં આ મહાન વિગ્રહ થયો એ સમયે દુનિયાની બધી પ્રજાઓએ ઇતિહાસના બીજા કોઇપણુ જમાનાના કરતાં વધારે સાધન સામગ્રી અને વિજ્ઞાનની માહિતી મેળવેલી હતી. પરિણામે લડાઇનું કામ આગળ કદી નહી ચાલેલું એવા મ્હોટા પ્રમાણુમાં ચાલ્યું, અને અગાઉ કદી કલ્પનામાં પણુ ન આવ્યાં હોય એવાં સંહારક યન્ત્રો વાપરવામાં આવ્યાં. વિ હ ચાલૂ રાખવામાં બતાવવામાં આવેલી સખ્ત મ્હેનત અને કાર્યશક્તિ આશ્ચર્યકારક હતી; અને



લૉર્ડ કિચનર

મુસીબતો, કષ્ટો અને જોખમો, તેમજ એનું સહન કરવામાં બતાવેલું પરાક્રમ, એ બધું અગાઉના અનુભવથી અનેકગણું વધારે હતું. એક પછી એક દુનિયાની બધી પ્રજાઓ આ ગંજાવર વિગ્રહમાં જોડાઈ. ટર્કી ૧૯૧૪ માં જર્મનિ અને ઑસ્ટ્રિયાના પક્ષમાં ભળ્યું, ઇટલિ[૧] ૧૯૧૫ માં 'કોલ કરનાર રાજ્યો' (આંતાંત પાવર્સ) સાથે એટલે કે ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, અને રશિયા તથા પોર્ટુગલ સાથે જોડાયું. યુનાઇટેડ્ સ્ટેટ્સે ૧૯૧૭ની શરુઆતમાં કોલ કરનાર રાજ્યોનો પક્ષ લીધો. આ ઉપરાંત બધાં બાલ્કન રાજ્યો લડાઈમાં સંડોવાયાં હતાં; અને પૂર્વમાં, જાપાન પ્રથમથીજ બ્રિટિશના પક્ષમાં હતું અને લડાઈ ચાલતી હતી ત્યારે ચીને અને સિયામે પણ જર્મનિની વિરુદ્ધ લડાઈ જાહેર કરી. દક્ષિણ અમેરિકામાંથી બ્રાઝિલે નૌકાસૈન્ય મદદમાં મોકલ્યું.

બ્રિટિશ મુલ્કો—લડાઈ શરુ થઈ કે તરત જ બ્રિટિશ સામ્રાજ્યના બધા ભાગ—હિંદ, દક્ષિણ આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, કૅનૅડા, ન્યૂઝીલૅંડ, ન્યૂફાઉન્ડલૅંડ, અને બીજાં બધાં બ્રિટિશ સંસ્થાનો ઉત્સાહથી માતૃદેશની મદદમાં આવી ઉભા તેથી જર્મનિને ઘણી નિરાશા ઉપજી. બ્રિટિશ સામ્રાજ્યના એકસંપની જબરી માનસિક અસર થઈ તે ઉપરાંત હિંદનાં, ઑસ્ટ્રેલિયાનાં, અને કૅનૅડાનાં લશ્કરોની અસર પણ ઘણી મ્હોટી થઈ.

મોં—વિગ્રહ માટે જર્મનીએ કરી રાખેલી સંપૂર્ણ તૈયારી જોઈને અને પોતાની નેમો પાર પાડવામાં એણે બતાવેલી નિર્દયતા જોઈને લગભગ આખી દુનિયાની ખાતરી થઈ કે એની મુરાદ સર્વોપરિ સત્તા બનવાની હતી. થોડો વખત એ ભયંકર હુમલાની સ્હામે ઉભાં રહેવામાં બેલ્જિયમ અને ફ્રાન્સ એકલાં હતાં; પરંતુ ૮૦,૦૦૦

૧. ઇટલિ ટ્રિપલ ઍલાયન્સથી જર્મની અને ઑસ્ટ્રિયાને માત્ર સ્વરક્ષણના (ડિફેન્ઝિવ) વિગ્રહમાં મદદ કરવા બંધાયું હતું. ૧૯૧૪ માં જર્મનો પોતે જ હુમલો લઈ જનારા હતા તેથી ઇટલિએ એની સાથે જોડાવાની ના કહી. વખત જતાં મે ૧૯૧૫ માં એ સંધિની મુદત પૂરી થઈ ત્યારે ઇટલિ આંતાંત રાજ્યો સાથે જોડાયું.

માણસોના ન્હાના પણ પૂરેપૂરા કેળવાયલાં બ્રિટિશ લશ્કરને તાકીદે (જનરલ ફ્રેંચની સરદારી હેઠળ) ફ્રાન્સ મોકલવામાં આવ્યું. ફ્રેંચ પ્રજાને મળેલી આ મદદની માનસિક અસર બહુ જબરી થઈ. જર્મન લશ્કરનો જમણો વિભાગ બેલ્જિયમમાં થઈને ધસતો હતો પણ લીજ મુકામે બેલ્જિયમે કરેલા વીરતાભર્યા બચાવથી થોડો વખત રોકાઈ રહેલો હતો; એ વિભાગની સ્હામે થવાને જનરલ ફ્રેંચ પોતાના લશ્કરને ફ્લૅંડર્સમાં લઈ ગયો. બ્રિટિશ લશ્કર મોંની નજીકમાં જર્મનોની સ્હામે થયું (ઑગસ્ટ ૨૩મી), પણ દક્ષિણ તરફ શાર્લેરૉયની આસપાસ ફ્રેંચ લોકોની હાર થઈ તેથી બ્રિટિશ લશ્કર પોતાની જગ્યાએએ ટકી શક્યું નહિં. અદ્ભુત ચતુરાઈ અને દૃઢતા વાપરીને બ્રિટિશ લશ્કર પાછું હઠ્યું અને પાછળ ધસતા જર્મનો સાથે લડતું લડતું છેક માર્ન નદી સૂધી જઈ પ્હોચ્યું; ઇતિહાસમાં નોંધાયેલાં મ્હોટાં પરાક્રમોમાંનું આ એક પરાક્રમ ગણાય છે.

માર્ન—જેની શાંત વિવેકબુદ્ધિ ઉપર આખા દુનિયાના નસીબનો આધાર હતો એવા **માર્શલ જૉફ્ર**ની સરદારી નીચે ફ્રેંચ લશ્કરો પણ એ જ રીતે પૅરિસ તરફ પાછાં હઠ્યાં; અને ખરી કટોકટીની ઘડીએ જનરલ ગાલિયેની પૅરિસમાંથી એક મજબૂત મદદગાર લશ્કર મોકલી શક્યો. માર્ન નદી નજીક આવીને ફ્રેંચ અને બ્રિટિશ લશ્કરોએ ફરી જઈને એકદમ શત્રુની સ્હામે ધસારો કર્યો અને જર્મનોને જબરી હાર ખવડાવી, અને જે રસ્તે આવ્યા હતા તેજ રસ્તે તેઓને પાછા હાંકી કાઢ્યા (૬ઠી સપ્ટેંબર).

વર્ડું અને સૉમ—માર્નની લડાઈએ પશ્ચિમ યુરોપને તરતોતરત જર્મનોના હાથમાં જતો બચાવ્યો. પણ એથી કાંઈ વિગ્રહનો અંત આવ્યો નહિં, કારણ કે પાછળ હઠતાં જર્મન લશ્કરો ઍઈન નદીને કાંઠે બાંધવા માંડેલા મોરચા સૂધી જઈને અટક્યાં. હવે એવી સ્થિતિ આવી કે બંને પક્ષનાં લશ્કરોને આગળ વધવા શિવાય ત્યાંને ત્યાં સ્થિર રહેવું પડ્યું. બંને પક્ષનાં લશ્કરોએ જમીનમાં ખાઈઓ ખોદી અને ધીમે ધીમે છેક બ્રિટિશ ચૅનલથી માંડીને

સ્વિટ્ઝરલૅંડની હદ સુધી ખાઇઓની હાર બનાવી દીધી અને મજબૂત મોરચાઓ બાંધી દીધા. હિંદી લશ્કરનો એક વિભાગ જનરલ વિલકૉકસની સરદારી નીચે ૧૯૧૪ના શિયાળામાં પશ્ચિમ મોખરે આવી પ્હોચ્યો. ત્યારપછી ત્રણ વર્ષ સૂધી, એક તરફથી જર્મનોએ અને બીજી તરફથી ફ્રેંચ અને બ્રિટિશ લશ્કરોએ, શત્રુની હારને તોડવાની અનુકૂળ જગ્યાઓ ખોળવાની મ્હેનતમાં આ મોરચાઓ ઉપર હુમલા ચાલૂ રાખ્યા; જેમાં બંને પક્ષોનાં ઘણાં માણસોનો સંહાર થયો. ૧૯૧૬ ના ફેબ્રુઆરીથી જૂન સૂધી જર્મનોએ વર્દું સર કરવાનો પ્રયત્ન કર્યો, અને બ્રિટિશ અને ફ્રેંચ લશ્કરોએ એ જ વર્ષમાં જૂનથી નવેંબર સૂધી સૉમ નદી નજીક બહાદુરીભરેલી લડાઈઓ કરી, એ બે પ્રયત્નો જબરામાં જબરા હતા. પશ્ચિમનો મોખરો એમનો એમ કાયમ રહ્યો.

ગૅલિપોલી—પૂર્વમાં જર્મનિના અને એના મળતિયાઓના લશ્કરને ભંદવાના મ્હોટા પ્રયત્નો કરવામાં આવ્યા. ૧૯૧૫ ના ઑગસ્ટમાં એક જબરૂં લશ્કર ગૅલિપોલી મોકલવામાં આવ્યું જેણે લડતાં લડતાં કૉન્સ્ટૅન્ટિનોપલ સૂધી જઈ પ્હોચવાની મ્હેનતમાં લાંબો વખત બહાદૂરીભરેલો સંગ્રામ ચાલૂ રાખ્યો. એ વર્ષની આખરમાં ગૅલિપોલીવાળા લશ્કરને પાછું બોલાવી લેવું પડયું.

રશિયામાં રાજ્યવિપ્લવ—એ દરમ્યાન રશિયન લશ્કરો હુંગરીમાં ધસી ગયાં હતાં; પણ ડયૂનાજેક નદી નજીક ઑસ્ટ્રિયા-જર્મનીનાં સંયુક્ત લશ્કરોએ રશિયનોને હરાવીને અને તેઓની મ્હોટી ખુવારી કરીને તેઓને પાછા હાંકી કાઢયા હતા. છેવટ શિયાળો આવતાં સંગ્રામની મોસમ ખતમ થઈ. ૧૯૧૫ ના ઉનાળામાં થયેલી ભયંકર ખુવારીમાંથી ઝારની સરકાર પાછી કદી સારી હાલતમાં આવી શકી નહિ; ૧૯૧૭ માં એ સરકારને ઉથલાવી નાખીને બોલ્શેવિક મંડળે અમલ હાથમાં લીધો અને લોહીથી કલંકિત થયેલા અને નામોશી-ભરેલા એ અમલ નીચે આવેલા રશિયાએ જર્મનો જોડે સુલેહના કરારો કર્યાં અને વિગ્રહમાંથી પોતાનો હાથ ખેંચી લાધો.

મેસોપોટૅમિયા—છેવટ તુર્કીના મેસોપોટૅમિયાની અંદરના પ્રાન્તોમાં શત્રુઓના લશ્કરી મોખરાને તોડવામાં આવ્યો. એક હિંદી લશ્કર બસરા સર કરીને લડતું લડતું ૧૯૧૫ માં લગભગ બગદાદ સુધી જઈ પ્હોચ્યું અને ટેસિફૉન મુકામે એણે એક લડાઈમાં ફતેહ મેળવી (૨૨મી નવેંબર ૧૯૧૫). ત્યારપછી ખોરાકીની તંગીને લીધે એને પાછા હઠીને કુત–અલ–અમારામાં જવું પડયું; ત્યાં શત્રુઓએ એને ઘેરી લીધું; અને ભૂખમરાને લીધે છેવટ એ લશ્કર શત્રુઓને શરણે ગયું.

બગદાદ—પણ તુર્કીને આનો બદલો તરત જ આપવો પડયો અને એક બહાદૂર સંગ્રામ કરીને જનરલ સ્ટૅન્લી મૉડે ૧૧મી માર્ચ ૧૯૧૭ને રોજ બગદાદ સર કર્યું. જય મેળવનારો એ વીરનર તાવમાં મરણ પામ્યો, પણ તે પ્હેલાં પોતાની લશ્કરી ફતેહ વડે અને ચારિત્રબળથી એણે ઘણાખરા આરબોને તુર્કીના અમલની સ્હામે થવાને સમજાવીને તૈયાર કર્યા હતા.

જેરુસલેમ—મેસોપોટૅમિયામાંના બીજા સંગ્રામો વેગમાં ધીમા હતા પણ પરિણામમાં ચોકકસ હતા; અરબસ્તાનમાં હેજાઝના સુલતાને તુર્કી સ્હામે બળવો કર્યો તેથી, અને છેવટ ફિલ્ડ-માર્શલ ઍલનબીએ કરેલા યાદગાર યુદ્ધથી, આ સંગ્રામોને સારી મદદ મળી. ઍલનબીએ ઇજીપ્ટથી નીકળીને સીનાઈ મારફત પૅલેસ્ટાઇનમાં ધસારો કર્યો, કેટલીએક લડાઈઓમાં તુર્કી લશ્કરોને હરાવ્યાં, અને જેરુસલેમ તથા અલેપ્પો કબજે કર્યાં. અલેપ્પો સર થવાથી તુર્કી અને મેસોપોટૅમિયા વચ્ચેનો માર્ગ બંધ થયો તેથી તુર્ક લશ્કરો તાબે થયાં, તુર્કી વિગ્રહમાંથી બાતલ થયું (૩૦મી ઑક્ટોબર ૧૯૧૮). મેસોપોટૅમિયા અને પૅલેસ્ટાઇનમાં થયેલા સંગ્રામો બ્રિટિશની તરફથી હિંદી સિપાહીઓએ જ ચલાવ્યા હતા, કારણ કે ફ્રાન્સમાંના પશ્ચિમ મોખરામાંથી બ્રિટિશ ટુકડીઓ ઘણી થોડી ફારક થઈ શકી હતી.

૨૧મી માર્ચ ૧૯૧૮—જ્યારે પૂર્વનો મોખરો તૂટવા લાગ્યો હતો, અને જ્યારે બ્રિટિશ નૌકાસૈન્ય મક્કમપણે જર્મનોને એવી

ખાતરી કરી આપવા લાગ્યું હતું કે તેઓ ખરેખર ચોતરફથી ઘેરાઈ ગયેલા છે, ત્યારે જર્મનિની સર્વોપરિ યુદ્ધસભાએ (જનરલ સ્ટાફે) પશ્ચિમમાં શત્રુની હારો તોડીને માર્ગ કરવાનો છેવટનો જંગી પ્રયત્ન કર્યો.

સેનાપતિ લૂડેન્ડૉર્ફે યોજેલો એ મહાન્ પ્રયાસ ૨૧મી માર્ચ ૧૯૧૮ ને દિવસ શરુ થયો; અને થોડાં અઠવાડિયાં તો એમજ લાગ્યું કે જર્મનો વિગ્રહમાં જીત્યા છે. સંયુક્ત મિત્ર–લશ્કરોની મોખરાની હાર તોડવામાં આવી અને ઉપરાઉપરી હુમલો કરતાં જર્મન લશ્કરો એક બાજૂએ પૅરિસથી ફક્ત દશ માઇલ જ દૂર રહ્યાં હતાં. બ્રિટિશ અને ફ્રેંચ સરકારોની દઢતાનાં અને બ્રિટિશ અને ફ્રેંચ લશ્કરોના પરાક્રમનાં જેટલાં વખાણ કરિયે તેટલાં ઓછાં છે. બ્રિટિશ અને ફ્રેંચ પ્રધાનો મિ. લૉઇડ જ્યૉર્જ અને મૉ. કલેમેંસોની તાકીદભરેલી માગણી મુજબ પશ્ચિમને મોખરે તેમજ સાલૉનિકા તરફને મોખરે રહેલાં મિત્રરાજ્યોનાં બધાં લશ્કરોની સરદારી એકલા ફ્રેંચ મહાસેનાપતિ ફૉશને સોંપવામાં આવી. ૧૯૧૫ની આખરમાં ફ્રાન્સમાંનાં બ્રિટિશ લશ્કરોના સેનાપતિ તરીકે લૉર્ડ ફ્રેંચની જગ્યાએ આવેલા ફિલ્ડ–માર્શલ સર ડગ્લાસ હેગે આ નવી ગોઠવણને ખરા દિલથી ટેકો આપ્યો. એ દરમ્યાન ૧૯૧૭માં મિત્રરાજ્યો તરફથી વિગ્રહમાં જોડાયેલાં, અને પ્રેસિડેંટ વિલ્સનની ઉત્સાહભરી દેખરેખ નીચે રહેલાં, અમેરિકાનાં યુનાઇટેડ સ્ટેટ્સ તરફથી અમેરિકન લશ્કરો મ્હોટા જથ્થામાં ફ્રાન્સમાં આવવા લાગ્યાં હતાં.

માર્નનું બીજું યુદ્ધ—૨૬મી જુલાઈએ માર્શલ ફૉશે શત્રુઓને ફટકો માર્યો, અને એની અસર તાત્કાલિક થઈ. ફ્રેંચ–બ્રિટિશ લશ્કરોએ અને અમેરિકનોએ આગળ વધતા જર્મનો ઉપર એકદમ ધસારો કર્યો અને બીજી વાર માર્ન નદી નજીક થયેલી લડાઇઓમાં તેઓને હરાવીને તેઓના અસલના સ્થાન સૂધી હાંકી કાઢ્યા. ત્યારપછી ઉનાળો આવતાં ફતેહમંદ સંગ્રામ ચાલ્યો. દિવસે દિવસે શત્રુઓના મ્હોટા જથ્થાઓ પકડાવા લાગ્યા. જર્મનોએ

બચાવ માટે ગોઠવેલી મશહૂર "હિંડનબર્ગ લાઈન" બ્રિટિશોએ તોડી, અને અમેરિકન લશ્કરે વૉઝ્‌ગીઝની હારો તોડીને માર્ગ ખુલ્લો કર્યો.

વિગ્રહનો અંત—જર્મન લશ્કરો હાર્યાં છતાં લડતાં હતાં, અને ડગમગી ગયેલાં હતાં પણ તદ્દન તૂટ્યાં ન્હોતાં. એવામાં જર્મનિમાં રાજ્યવિપ્લવ સળગ્યો, અને તેઓનો કયૂસર ૨ જો વિલ્હેલ્મ હૉલૅંડમાં ન્હાસી ગયો, તેથી જર્મનો વધારે વખત લડી શક્યા નહિ. થોડાંક અઠવાડિયાં અગાઉ ઇટલીનાં લશ્કરોએ ઉત્તર ઇટલિમાં ઑસ્ટ્રિયન લશ્કરોને હરાવ્યાં હતાં અને ઑસ્ટ્રિયાને વિગ્રહમાંથી નીકળી જવાની ફરજ પાડી હતી. એ વખતે વિયેનામાં બળવો સળગી ઊઠ્યો અને ઑસ્ટ્રિયાના શહેનશાહ ચાર્લ્સને સ્વિટ્‌ઝર્લૅંડમાં ન્હાસી જવું પડ્યું એ દરમ્યાન બલ્ગેરિયન લશ્કરોને મૅસિડોનિયામાં મિત્રસૈન્યોએ જેર કર્યાં હતાં. બે વર્ષથી સાલોનિકા તરફનો મોખરો મિત્રસૈન્યોના કબજામાં હતો તેથી બલ્ગેરિયાએ હથિયાર છોડ્યાં હતાં. જર્મનો સૌથી છેલ્લા લડતા બંધ થયા. ૧૧ મી નવેંબર ૧૯૧૮ ને દિવસે તેઓએ યુદ્ધવિરામના કરારનામા ઉપર સહી કરી અને પશ્ચિમને મોખરે ચાર વર્ષમાં કદી નહિં અટકેલો તોપનો મારો એ દિવસે સવારે ૧૧ વાગ્યે બંધ પડ્યો.

નૌકાસૈન્ય—બ્રિટિશ નૌકાસૈન્યે શત્રુ ઉપર ચાલૂ દબાણ ન કર્યું હોત તો, મિત્રરાજ્યોની લશ્કરી ફતેહો થઈ હતી તે છતાં, આ મહાવિગ્રહ ૧૯૧૮ માં આટલી તાકીદથી અને સંપૂર્ણતાથી ખતમ થયો ન હોત; જર્મનોએ ઇંગ્લંડને ભૂખે મારવાની મ્હોટી મ્હોટી યુક્તિઓ કરી હતી તે સઘળીને બ્રિટિશ નૌકાસૈન્યે અદ્‌ભુત ચતુરાઈથી ઉત્સાહથી અને નવાનવા ઉપાય કરવાની બાહોશીથી પાછી પાડી. ઍડ્‌મિરલ જેલિકોએ અને ઍડ્‌મિરલ બિટીએ ૧૯૧૬ ના મેની ૩૧ મી તારીખે જટ્‌લૅંડના કિનારા નજીક જર્મનોના મહાન્ કાફલા (ગ્રાંડ ફ્લીટ) જોડે જે યુદ્ધ કર્યું તે પછી જર્મનોએ પોતાના સપાટીપર ચાલતાં વ્હાણોને દરિયામાંથી પાછાં બોલાવી લીધાં અને

પાણીની સપાટીની નીચે ચાલનારાં વ્હાણોનો જ ઉપયોગ શરુ કર્યો. પાણીમાં છુપાઈને ચાલતાં એ વ્હાણોવડે જર્મનો ઇંગ્લંડ તરફ જનારાં બધાં વ્હાણોને દેખે કે તરત ડુબાવી દેતા. પરંતુ જેમ જર્મન વિમાનોમાંથી ખીચોખીચ ભરેલા ઇંગ્લિશ શહેરો ઉપર કરવામાં આવતા હુમલાની બહુ થોડી અસર થઈ તેમ જ છુપાં વ્હાણો વડે અંગ્રેજનાં વ્હાણોને ભાંગવાની અને મુસાફરોનો સંહાર કરવાની આ ભયંકર રીતની પણ અંગ્રેજોના જુસ્સા ઉપર કાંઇપણ અસર ન થઈ. ધીમેધીમે બ્રિટિશ નોકાસૈન્યે દરિયાની અંદરની આ લડત ઉપર કાબુ મેળવ્યો અને રાજ્યના વિમાન સૈન્યે આકાશમાર્ગમાં પોતાની સત્તા જમાવી.

પૅરિસની પરિષદ્—સુલેહની પરિષદ્ પૅરિસમાં મળી; અને લડાઈથી ઉપજેલા ગૂંચવાડાભરેલા સવાલોનો નીવેડો લાવવા ૧૯૧૯ના જાન્યુઆરીથી જુલાઇ સૂધી એ પરિષદે ચાલૂ મ્હેનત કરી. ૧૮૭૦માં ફ્રાન્સ પાસેથી જીતી લીધેલા આલ્સેસ અને લૉરેન પ્રાન્તો ફ્રાન્સને પાછા આપી દેવાની જર્મનીને ફરજ પાડવામાં આવી. અઢારમા સૈકામાં જેનો નાશ કરવામાં આવ્યો હતો તે પોલૅંડ દેશમાં પાછું પૉલિશ પ્રજાનું રાજ્ય સ્થાપવામાં આવ્યું; અને અગાઉના ઑસ્ટ્રિયાના સામ્રાજ્યમાં દબાઈ રહેલા લોકોને છુટા અને સ્વતંત્ર બનાવવામાં આવ્યા. જર્મનીએ બધાં સંસ્થાનો ગુમાવ્યાં અને બેલ્જિયમ તથા ફ્રાન્સમાં કરેલી ખુવારીનો બદલો વાળી આપવાનું કબૂલ કર્યું. ૧૯૧૯ના જૂનની ૨૮ મી તારીખે થયેલી વર્સાઇની સુલેહમાં જર્મની સાથ કરવામાં આવેલી શરતો નોંધવામાં આવી અને રાજ્યમંડળ (લીગ ઑફ્ નેશન્સ) સ્થાપવામાં આવ્યું. એ મંડળની ફરજ એ છે કે બધાં રાજ્યોને એક બીજાં તરફથી ન્યાય મળે એની તપાસ રાખવી અને ૧૯૧૪માં બેલ્જિયમ અને ફ્રાન્સ ઉપર ઉન્મત્ત અને હેવાનિયતભરેલો હુમલો કરીને જર્મનિએ જે અદભૂત ત્રાસ વરસાવ્યો તેવું ફરીથી થતું અટકાવવું.

સામ્રાજ્યમાં સ્વરાજ્ય—૧૯૨૦થી એક નવો યુગ શરુ

થયો, જેમાં ઘણા કઠણ અને મહત્ત્વના પ્રશ્નોનો નિવેડો કરવાનો હતો. દુનિયાની પ્રત્યેક પ્રજાને પોતે બીજી પ્રજાથી અલગ એક પ્રજા છે એવું ભાન થયું હતું તેથી પોતાનો વહીવટ પોતે જ કરવાનો દાવો કરવા લાગી હતી. આવા પ્રશ્નોનું બ્રિટિશ સામ્રાજ્યમાં સૌથી વધારે દબાણ જણાવા લાગ્યું. ધીમેધીમે એ સામ્રાજ્ય જુદા જુદા લોકોનું એક મહાન્ પ્રજારાજ્ય બનતું જતું હતું. કૅનૅડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅંડ, દક્ષિણ આફ્રિકા, ન્યૂફાઉંડલૅંડ વગેરે મુલ્કો તો સામ્રાજ્યની અંદર રહીને સ્વરાજ્ય ભોગવતા જ હતા. એ મુલ્કો જેવો દરજ્જો પૂરેપૂરો મેળવવા માટેની કેળવણી હિંદીઓ લઈ શકે તે માટે ૧૯૨૦ માં હિંદને પણ અમુક અંશે સ્વરાજ્ય આપવામાં આવ્યું; અને ૧૯૨૧ ની શરુઆતમાં ડ્યૂક ઑફ્ કૉનૉટ (રાણી વિકટોરિયાનો છેલ્લો હયાત પુત્ર), જેણે અગાઉ હિંદી લશ્કરમાં નોકરી કરી હતી તે, હિંદની મુલાકાતે આવ્યો અને એણે નવું બંધારણ વિધિપૂર્વક અમલમાં મૂક્યું. દુનિયા શાંતિમય અને સુખી થાય તે માટે સ્વતંત્રતા અને બળ એ બે ગુણો આવશ્યક છે; અને, પોતાનો વહીવટ ચલાવવાની છૂટ તથા તે ઉપરાંત રક્ષણ માટે આખા સામ્રાજ્યના બળની મદદ મળે તો જ સામ્રાજ્યના લોકો સ્વતંત્ર રહી શકે.

મુખ્ય તારીખો

બોર વિગ્રહની સમાપ્તિ	મે ૧૯૦૨
ઇંગ્લંડ–જાપાનનો મિત્રસંબન્ધ	૧૯૦૨
ઇંગ્લંડ–ફ્રાન્સનો એકસંપી કોલકરાર	૧૯૦૪
રશિયા–જાપાનનો વિગ્રહ	૧૯૦૪–૫
દક્ષિણ આફ્રિકાના સંઘનો કાયદો	૧૯૦૯
પાર્લમેંટને લગતો કાયદો	૧૯૧૧
સારાજેવો ખાતે થયેલાં ખૂન ...	૨૮ મી જૂન ૧૯૧૪
બેલ્જિયમ ઉપર આક્રમણ	૩ જી ઑગસ્ટ ૧૯૧૪
બ્રિટન, જર્મનિ સ્હામે વિગ્રહ જાહેર કરે છે.	૪ થી ઑગસ્ટ ૧૯૧૪

માર્ન નદીનું પ્હેલું યુદ્ધ	સપ્ટે. ૧૯૧૪
ગૅલિપોલીમાં સંગ્રામ...	ઑગ.—ડિસેં. ૧૯૧૫
જટ્લૅંડનું યુદ્ધ	મે ૧૯૧૬
સૉમ નદીની લડાઇઓ	જૂન—નવેં. ૧૯૧૬
અમેરિકા મિત્રરાજ્યો સાથે જોડાય છે	૧૯૧૭
બગદાદ સર કરવામાં આવ્યું	૧૯૧૭
રશિયામાં રાજ્યવિપ્લવ	૧૯૧૭
પશ્ચિમનો મોખરો તોડીને જર્મનો આગળ ધસે છે	માર્ચ ૧૯૧૮
માર્ન નદીની બીજી લડાઈ	જુલાઈ ૧૯૧૮
જેરુસલેમ સર થયું	૧૯૧૮
યુદ્ધવિરામ	૧૧ મી નવેં. ૧૯૧૮
વેર્સાઇની સુલેહ	૨૮ મી જૂન ૧૯૧૯
હિંદના રાજ્યબંધારણનો કાયદો	૧૯૨૦
ડ્યૂક ઑફ્ કૉનૉટની મુલાકાત	૧૯૨૧